
# બ્રહ્મોપદેશ


(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપરનાં ૧૯૭૫-૭૬ના અક્ષરશઃ સળંગ પ્રવચનો)

## ભાગ ૫













પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૫)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૭૫ના નિશ્ચય પરમાવશ્યક અધિકાર ગાથા-૧૪૭ થી ૧૫૮, શ્લોક-૨૫૨ થી ૨૭૧, જીવ અધિકાર ગાથા-૧ થી ૧૨, શ્લોક-૧ થી ૧૭ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત ૨૦૮૦

વીર સંવત ૨૫૫૦

ઈ. સન ૨૦૨૪

**પ્રકાશન તિથિ**

અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૫મો જન્મજયંતિ મહોત્સવ, સોનગઢ, તા. ૯-૫-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્દ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**




## બ્રહ્મોપદેશ ભાગ-૫ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૭૫, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૨૫ | ૧૫–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૭, શ્લોક–૨૫૨ થી ૨૫૪ | ૦૦૧ |
| ૧૨૬ | ૧૬–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૮, શ્લોક–૨૫૫ થી ૨૫૭ | ૦૧૩ |
| ૧૨૭ | ૧૭–૧૨–૧૯૭૫ | ગાથા–૧૪૯, શ્લોક–૨૫૮ | ૦૨૪ |
| ૧૨૮ | ૧૮–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૦ | ૦૩૭ |
| ૧૨૯ | ૧૯–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૧, શ્લોક–૨૫૯–૨૬૦ | ૦૪૯ |
| ૧૩૦ | ૨૦–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૨, શ્લોક–૨૬૧–૨૬૨ | ૦૬૦ |
| ૧૩૧ | ૨૧–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૩, શ્લોક–૨૬૨ | ૦૭૨ |
| ૧૩૨ | ૨૨–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૩, શ્લોક–૨૬૩ | ૦૮૪ |
| ૧૩૩ | ૨૩–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૪, શ્લોક–૨૬૪ | ૦૯૭ |
| ૧૩૪ | ૨૪–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૫ | ૧૦૯ |
| ૧૩૫ | ૨૫–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૫–૧૫૬, શ્લોક–૨૬૫–૨૬૬ | ૧૨૨ |
| ૧૩૬ | ૨૭–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૬, ૧૫૭, શ્લોક–૨૬૭ | ૧૩૧ |
| ૧૩૭ | ૨૮–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૭, શ્લોક–૨૬૮ | ૧૪૫ |
| ૧૩૮ | ૨૯–૧૨–૧૯૭૫ | ગાથા–૧૫૮, શ્લોક–૨૬૯ | ૧૫૮ |
| ૧૩૯ | ૩૦–૧૨–૧૯૭૫ | શ્લોક–૨૭૦–૨૭૧–૧ | ૧૭૦ |
| ૧૪૦ | ૩૧–૧૨–૧૯૭૫ | ગાથા–૧, શ્લોક–૧ થી ૭ | ૧૮૨ |
| ૧૪૧ | ૦૨–૦૧–૧૯૭૬ | ગાથા–૧–૨, શ્લોક–૮–૯ | ૧૯૫ |
| ૧૪૨ | ૦૩–૦૧–૧૯૭૬ | ગાથા–૩ | ૨૦૬ |
| ૧૪૩ | ૦૪–૦૧–૧૯૭૬ | ગાથા–૩ | ૨૧૮ |
| ૧૪૪ | ૦૫–૦૧–૧૯૭૬ | ગાથા–૩ | ૨૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૫ | ૦૬-૦૧-૧૯૭૬ | ગાથા-૪, શ્લોક-૧૦-૧૧ | ૨૪૧ |
| ૧૪૬ | ૦૭-૦૧-૧૯૭૬ | ગાથા-૫-૬, શ્લોક-૧૨ | ૨૫૩ |
| ૧૪૭ | ૦૮-૦૧-૧૯૭૬ | ગાથા-૬ | ૨૬૫ |
| ૧૪૮ | ૧૦-૦૧-૧૯૭૬ | ગાથા-૬-૭, શ્લોક-૧૩ | ૨૭૭ |
| ૧૪૯ | ૧૧-૦૧-૧૯૭૬ | ગાથા-૭, શ્લોક-૧૪ | ૨૯૦ |
| ૧૫૦ | ૧૨-૦૧-૧૯૭૬ | ગાથા-૮ | ૩૦૨ |
| ૧૫૧ | ૧૩-૦૧-૧૯૭૬ | ગાથા-૯, શ્લોક-૧૫ | ૩૧૪ |
| ૧૫૨ | ૧૪-૦૧-૧૯૭૬ | ગાથા-૯-૧૦, શ્લોક-૧૬ | ૩૨૫ |
| ૧૫૩ | ૧૫-૦૧-૧૯૭૬ | ગાથા-૧૦, શ્લોક-૧૭ | ૩૩૯ |
| ૧૫૪ | ૧૬-૦૧-૧૯૭૬ | ગાથા-૧૧-૧૨ | ૩૫૩ |
| ૧૫૫ | ૧૮-૦૧-૧૯૭૬ | ગાથા-૧૧-૧૨ | ૩૬૪ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# બ્રહ્મોપદેશ

(ભાગ–૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**માગશર સુદ-૧૨, સોમવાર, તા. ૧૫-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૪૭, કળશ-૨૫૨ થી ૨૫૪, પ્રવચન નં. ૧૨૫**

આ નિયમસાર. નિશ્ચય આવશ્યક કાર્ય. એનો અધિકાર છે. ૨૫૨.

(मालिनी)

जयति सहजतेजोराशिनिर्मग्नलोकः
स्वरसविसरपूरक्षालितांहः समंतात्।
सहजसमरसेनापूर्णपुण्यः पुराणः
स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः।।२५२।।

આ આત્માની વાત કરે છે. ત્રિકાળી આત્મા જેમાં લીન થવું છે તે આવશ્યક કાર્ય છે. તે કેવું છે ઈ તત્ત્વ ત્રિકાળી? **'જેણે નિજરસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે,...'** એ આનંદરસ છે એમાં પાપ છે જ નહિ એમ કહે છે. **'જેણે નિજરસના વિસ્તાર...'** આનંદના વિસ્તારથી એના **'પૂર વડે પાપને...'** એટલે પુણ્ય અને પાપ એમાં છે નહિ. એણે **'પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં...'** એમ કહેવામાં આવ છે. વસ્તુ એવી છે કે જેના સર્વ પાપ ધોઈ નાખ્યા એવી વસ્તુ છે.

**શ્રોતા :-** વસ્તુમાં પાપ હતા કે દિ'? વસ્તુમાં પાપ હતા જ નહિ પછી ધોવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતા નહિ, પણ એ ઈ ચીજ એવી છે એમ કહેવું છે. એને આશ્રયે પાપ ધોવાય, પણ એ આશ્રય છે ચીજ કેવી? એના સર્વ પાપ ધોઈ નાખ્યા એવી ચીજ નિર્મળાનંદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને આશ્રયે સર્વ પુણ્ય-પાપ ધોઈ નખાય છે, નાશ થઈ જાય છે, એ ચીજ પુણ્ય-પાપના પાપરહિત જ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિજરસ ત્રિકાળી આનંદરસ એનો જે વિસ્તાર, એનું પૂર. આનંદનું પૂર આત્મા છે. આહા..હા..! એ '**વડે...**' સંસારના ભાવને '**સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે,...** ' એટલે છે નહિ. અને એનો આશ્રય લેતા સર્વ પુણ્ય અને પાપ નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? '**જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે,...** ' કેવો છે ભગવાન આત્મા? સ્વભાવિક વીતરાગરસથી '**પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે,...** ' આહા..હા..! સ્વભાવિક સમતારસના વીતરાગ ભાવથી એ આત્મા ભરેલો પવિત્ર છે. સમજાણું કાંઈ? કે જેના આશ્રયે વીતરાગતા પ્રગટ થાય અને રાગનો નાશ થાય એવી એ ચીજ અનાદિ છે. આહા..હા..!

'**જે પુરાણ (સનાતન) છે,...**' અનાદિની છે ઈ તો. આત્મતત્ત્વ વીતરાગ સ્વભાવથી ભરેલું પવિત્ર અને પુણ્ય અને પાપના અભાવસ્વભાવરૂપ એ વસ્તુ અનાદિની છે. સનાતન આત્મા છે. આહા..હા..! '**જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે. (અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે)...**' બિરાજમાન છે. મનનું વશપણું જ એમાં ત્રિકાળ છે. આહા..હા..! જેમાં મનને તાબે થાય એવો એ સ્વભાવ જ નથી. ત્રિકાળ આનંદકંદ પ્રભુ સ્વવશથી બિરાજમાન છે. આહા..હા..! એવા આત્માને વશ થઈને જે ક્રિયા થાય તેને આવશ્યક કાર્ય અને ધર્મકાર્ય કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** બહુ .. સમજાય એવું નથી એ આવશ્યક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાય એવું નથી એ કોણે કહ્યું? ઝીણું છે. સમજાય એવું છે અને પ્રાપ્ત થાય એવું છે, જે રીતે છે એ રીતે સમજે તો. આહા..હા..!

'**(અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને...**' એટલે મનને વશ કરી એટલે મનમાં છે જ નહિ, એ સ્વરૂપ ત્રિકાળ વશ જ છે. સ્વાધિન સ્વતંત્ર પોતાથી વશ છે. આહા..હા..!

**શ્રોતા :-** .. પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ. વસ્તુ-વસ્તુ. આહા..હા..! સનાતન જે સમ્યગ્દર્શનનો વિષય એ સનાતન પોતે પોતાને વશ છે. આહા..હા..! '**અને જે શુદ્ધ સિદ્ધ છે...**' શુદ્ધ સિદ્ધ સમાન છે ઈ. આત્મા શુદ્ધ સિદ્ધ સમાન છે. '**(અર્થાત્ જે શુદ્ધ સિદ્ધ ભગવાન સમાન છે)—એવો...**' આહા..હા..! '**સહજ તેજરાશિમાં મગ્ન...**' સ્વભાવિક જ્ઞાનાદિના '**તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે.**' આવું જીવતત્ત્વ સદાય જયવંત વર્તે છે. આહા..હા..! દૃષ્ટિમાં,

જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું કે આવું તત્ત્વ તો સદાય જયવંત વર્તે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઈ આત્મા વસ્તુ જે ધ્રુવ છે એ કેવી છે એના તો ગાણા પુરા કહી શકાતા નથી, કહે છે. આહા..હા..! એક સમયમાં ચૈતન્યના તેજના પૂરનું નૂર એકલું તેજ. વીતરાગ મૂર્તિ, આનંદરસ, સમતારસ, શાંતરસ એવી ચીજ સનાતન અનાદિની એ ચીજ છે. કહો, સમજાણું કાંઈ? એનો આશ્રય લેતા અવશ્ય કાર્ય જે ધર્મનું તે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

કીધુંને એવો જીવ મગ્ન. '**તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે.**' એ પર્યાય કહે છે. પર્યાયે આવો દ્રવ્ય જે જોયો ઈ પર્યાય કહે છે કે આ જીવન જીવવાળો જયવંત વર્તે છે. ત્રિકાળ સનાતન ભગવાન પૂર્ણાનંદથી ભરેલો. આહા..હા..! એવી વાત છે, ભાઈ! '**જીવ જયવંત...**' વર્તે છે. જેણે વર્તમાન સમ્યગ્દર્શનના વિષયમાં જેણે બનાવ્યો સમ્યગ્દર્શનનો વિષય ચીજને. તો કહે છે કે આવી મગન સમતારસરૂપ એકલો વીતરાગસ્વભાવભાવરૂપ '**તેજરાશિમાં મગ્ન...**' ચૈતન્યના તેજમાં મગ્ન એમ છે. જયવંત વર્તે છે.

**શ્રોતા :-** જયવંત તો પર્યાય થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જયવંત વર્તે છે એ જાણે છે એ પર્યાય. જયવંત વર્તે છે ઓલી ચીજ. સમજાણું કાંઈ? આહા..હા..! જયવંત છે આ. એમ જ્ઞાનમાં, શ્રદ્ધામાં જણાણું કે ઓહો..હો..! આ ચીજ તો એવી ને એવી સદા અનાદિ સનાતન આનંદકંદથી બિરાજમાન છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે, ભાઈ! એવા આત્માને આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્ર જે અવશ્ય કરવાલાયક છે એ એને આશ્રયે થાય છે. બહુ ઊંડી વાતું છે. ઊંડે-ઊંડે જાવું એમ કહે છે. આવી ગયું છેને પહેલા? કળશમાં આવી ગયું છે પહેલા. ઊંડે-ઊંડે. પર્યાયને ઊંડે-ઊંડે અંદર ધ્રુવમાં લઈ જા. આહા..હા..! પર્યાયને ધ્રુવમાં લઈ જા અંદર. જે બાહ્ય નથી પણ અંતરમાં છે. એ પર્યાય એમ કહે છે આ તત્ત્વ તો જયવંત રહે છે. જયવંત સનાતન વર્તે છે. સમજાણું કાંઈ? જયવંત વર્તે છે એ ભાનવાળો એમ કહે છે. આવી ચીજ છે. કહો, સુમનભાઈ! બહારમાં ગોતાગોત કરે છે અહીં ધર્મ અને અહીંથી થાય અને અહીંથી થાય. જાત્રા કરવાથી થાય, શેત્રુંજય જઈએ, સમ્મેદશિખર જઈએ, ગિરનાર જઈએ, અહીં જઈએ.

**શ્રોતા :-** અહીં સોનગઢ સુધી આવે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં આવે તો અહીં ક્યાં છે? અંદરમાં છે. આહા..હા..! અંદરમાં ભગવાન બિરાજે છે. એ જયવંત વર્તે છે એવું ભાન કરવું એમ કહે છે. ઓહો..હો..! આ તો સનાતન નિત્ય વસ્તુ પડી છે. જયવંત વર્તે છે. એમ સમ્યગ્દર્શનમાં જે ચીજ જણાણી એ સમ્યગ્દર્શન એમ કહે છે કે જયવંત છે આ. આહા..હા..! હવે આમાં શુભ-અશુભભાવનું તો કાંઈ ગજુ નથી આમાં, એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા. માણસને એકાંત લાગે. પણ સમ્યક્ એકાંત જ આ છે. તે ત્રિકાળી વીતરાગરસનું તત્ત્વ એકલા

સમતા સ્વભાવથી ભરેલો, એકલા જ્ઞાનથી ભરેલો, એકલા આનંદથી ભરેલો, એકલા વીર્ય પુરુષાર્થથી ભરેલો, એકલા અનંતગુણના તેજથી પુરો. એની દૃષ્ટિ કરવી, એમાં લીન થાવું એ આવશ્યક. અવશ્ય. સ્વવશનું, સ્વાધીનનું, સ્વતંત્રતાનું એ કાર્ય છે. આહા..હા..! એ ૨૫૨ થયો. ૨૫૩.

(अनुटुभ्)

सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्।।२५३।।**

આહા..હા..! '**શ્લોકાર્થ :- સર્વજ્ઞ-વીતરાગમાં...**' તેથી કહ્યુંને કુંદકુંદાચાર્યે કે સર્વજ્ઞ વીતરાગ વિજ્ઞાનઘનમાં મગ્ન. પાંચમી ગાથા. સર્વજ્ઞ વીતરાગ વિજ્ઞાનઘનમાં મગ્ન. અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં બધા. આહા..હા..! સાધુ વિજ્ઞાનઘનમાં મગ્ન હોય. સમજાણું કાંઈ? સર્વજ્ઞની સાથે મેળવ્યા છે પોતાના ગુરુપરંપરા સુધી. સર્વજ્ઞ ભગવાન વિજ્ઞાનઘન એમાં મગ્ન. વિજ્ઞાનઘન એ વસ્તુ, એમાં મગ્ન એ પર્યાય. અમારા ગુરુપર્યંત બધા વિજ્ઞાનઘનમાં મગ્ન હતા. આહા..હા..! એમણે અમને આત્માનો ઉપદેશ આપ્યો. આહા..હા..! એ અહીં કહે છે.

'**સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં...**' જે અંતર વીતરાગભાવથી આત્મામાં લીન થયો છે. '**સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ...**' કોઈ કાળે અને ક્યાંય ભાવે '**ભેદ નથી;...**' બધા સરખા. કેવળી અને સ્વવશયોગી, એમ કહે છે. આહા..હા..! જુઓ આ મુનિદશા. અહીં તો પાંચ મહાવ્રતના ઠેકાણા ન મળે અને મુનિપણું માને, મનાવે. બાપુ! માર્ગ બહુ ઝીણો. સમજાણું કાંઈ? કપડાવાળા મુનિપણું મનાવે એ તો મિથ્યાદૃષ્ટિ નિગોદગામી. આવી વાત ઝીણી બહુ. પણ અહીંયાં નગ્નપણું કરીને એકલા પંચ મહાવ્રતના પરિણામ કરીને માને મુનિપણું એ પણ મિથ્યાદૃષ્ટિ આહા..હા..! સંસારી પ્રાણી છે. આ વીતરાગમાં સરખા છે, કહે છે.

'**સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશયોગીમાં...**' આત્માને વશ થઈ ગયા છે, રાગને વશપણું જેણે છોડી દીધું છે, આનંદના નાથને જે તાબે થઈ ગયા છે, જેમાં વિજ્ઞાનઘનમાં લીનતા વર્તે છે. એવા સાધુમાં અને સર્વજ્ઞ વીતરાગમાં '**ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...**' આહા..હા..! '**છતાં અરેરે!**' મુનિરાજ જરી '**આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.**' એ પર્યાય નહિ. એથી તો પૂર્ણાનંદમાં રમે છે એ પૂર્ણાનંદની સાથે જ ગયો છે એ. મોક્ષતત્ત્વ કહ્યું છેને પ્રવચનસારમાં? જે શ્રમણ સ્વરૂપમાં લીન છે, વીતરાગભાવે લીન છે એ મોક્ષતત્ત્વ છે. મોક્ષનો માર્ગ છે, પણ એ મોક્ષતત્ત્વ જ છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..! ભાષા કેવી જોયું? '**जडा वयम्**' અરેરે..! આપણે આવા સ્વવશયોગીને અને સર્વ વીતરાગમાં ભેદ પાડીએ છીએ એ જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, એક મુનિદશા તો જુઓ. એ આત્માને સ્વવશ થઈ ગયો છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચોથે, પાંચમે એ જુદી વાત. આ તો સાતમામાં અંદર વીતરાગમાં લીન છે, એવો ચૈતન્ય મહાપ્રભુના સાગરમાં જે તાબે થઈ ગયેલો છે, એને અને સર્વજ્ઞ વીતરાગમાં ફેર માનીએ તે જડ છે કહે છે. કાંઈક ફેર છે એમ આવ્યું હતું પહેલું. કિંચિત્. કિંચિત્ આવ્યું હતું પહેલું. જરી ન્યૂન છે. એવું આવ્યું છે. ભગવાનમાં અને મુનિઓમાં જરીક ન્યૂન છે. ૨૪૩ પાનું? હવેનું. હવે પછી. ૨૪૩ છે. '**સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે. (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).**' થોડી ઊણપ છે. એ અહીં ઊણપ કાઢી નાખી. આહા..હા..! પૂર્ણ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ જેનું એમાં જે આમ લીન થઈ ગયા છે વિકારભાવરહિત, અવિકારી પરિણતિથી લીન થઈ ગયા છે, એમાં અને સર્વજ્ઞ વીતરાગમાં ભેદ માને એ જડ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! મુનિ બાહ્યમાં નગ્નદશા, અંતરમાં નગ્ન વિકલ્પરહિત દશા. આહા..હા..! અનાકુળ આનંદની લહેરમાં જે પડ્યા હોય. મુનિ એટલે શું? બાપુ! એ તો કહે પરમેશ્વર છે. પંચપરમેષ્ઠીમાં ભળ્યા એ તો. એટલે પરમેષ્ઠી, પરમેશ્વર અને મુનિમાં કાંઈ ફેર માને તે જડ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એકલી વીતરાગતા જેને વર્તે છે અંદર એમ કહે છે.

જરીક સંજ્વલનનો અબુદ્ધિપૂર્વકનો રાગ સાતમે છે, છતાં એ નહિ. એ તો વસ્તુ વીતરાગપણે જ અંદર રમે છે. સર્વજ્ઞ વીતરાગ જેમ વીતરાગપણે રમે છે એમ અહીં વીતરાગપણે રમે છે. ફેર ન જોવો. આહા..હા..! આ તે મુનિપણું કેવું? પરમેશ્વર પદમાં ભળ્યો. જેણે પરમેશ્વર એવું સ્વરૂપ જેવું પોતાનું એમાં લીન થયો. પરમેશ્વર એવું જીવનું વીતરાગસ્વરૂપ એમાં જે લીન થયો. અહીં મહાવ્રત ને વિકલ્પને એ સાધુપણું છે એ છે નહિ. સ્વરૂપ આનંદના વીતરાગી મૂર્તિમાં જે લીન થયો છે. વીતરાગ ચૈતન્યપ્રતિમા. આહા..હા..! વીતરાગ ચૈતન્યપ્રતિમા એવો ભગવાન આત્મા એમાં જે લીન છે. આહા..હા..! આવશ્યક છેને? સ્વવશ વર્તે છે. એમાં અને ભગવાનમાં ફેર કાંઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા એવી છે જુઓ, ૨૪૩ થઈ. અહીં. એ ૨૪૩માં છે. અહીં ૨૫૪.

(अनुष्टुभ्)

एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः।
स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः।।२५४।।

'**શ્લોકાર્થ :- આ જન્મમાં સ્વવશ મહામુનિ...**' અતીન્દ્રિય આનંદના તેજમાં જે લીન છે, એ વીતરાગી સ્વભાવમાં આ જન્મમાં લીન છે, (તે) '**એક જ સદા ધન્ય છે...**' ઈ એક જ આ જગતમાં ધન્ય છે. જેણે જન્મને સફળ કર્યો. જન્મીને જન્મનો અભાવ જેણે પ્રગટ કર્યો. તો આ બધા પૈસા મળે અને ધૂળ મળે એને માટે જન્મ સફળ છે. એમ નહિ? લાખ રૂપિયા મહિને પેદા કરે. પાંચ-પાંચ કરોડ, દસ કરોડ, અબજ ભેગા કરે. અહીં તો આત્માના આનંદની લક્ષ્મીમાં જે સદા લીન છે. આહા..હા..! સ્વવશ છે. સ્વ એવું ચૈતન્યઘન

ભગવાનને જે વશ છે અંદર. આહા..હા..! એ '**મહામુનિ એક જ સદા ધન્ય છે...**' એ જ મુનિએ જન્મ સફળ કર્યો છે અને જેનો અવતાર હવે છે નહિ.

'**કે જે અનન્યબુદ્ધિવાળો રહેતો થકો...**' અનન્યબુદ્ધિ '**(-નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો)...**' એકલો જ્ઞાયક અને આનંદમાં લીન થયો થકો, રાગને વશ નહિ પડતો થકો. આહા..હા..! ચાહે તો શુભરાગ હોય. આવશ્યકક્રિયાનો એમ કહેવા માગે છે. વ્યવહાર આવશ્યકક્રિયા. એને જે વશ નથી. આહા..હા..! પોતાના સ્વવશ સ્વભાવમાં રમે છે. '**સર્વ કર્મોથી બહાર રહે છે.**' એટલે? જેટલી ક્રિયાકાંડના વિકલ્પ કર્મ છે એનાથી બહાર રહે છે, ભિન્ન રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પંચમ આરાના સાધુ. પંચમ આરામાં આવું થાતું હશે? ઈ કહે પંચમ આરામાં આવું હોય. પંચમ આરાના સાધુ આવા હોય. આહા..હા..!

એ પૂર્ણાનંદમાંથી નીકળીને રાગમાં આવતો નથી. બાહ્ય બધા વિકલ્પના કાર્યથી બહાર પડી ગયો છે, નીકળી ગયો છે. આહા..હા..! સર્વ વિકલ્પના કાર્યથી બહાર રહે છે. નિર્વિકલ્પમાં રહે છે, એમ કહે છે. આવી વાત એવું લાગે માણસને કે આવું સાધુપણું? સમજાણું કાંઈ? જૈનદર્શનમાં આવાને સાધુ કહે છે. વીતરાગ પરમાત્મા એને સંત કહે છે. આહા..હા..! જેણે લીધો ભવનો અંત અને પહોંચાડ્યો પ્રભુને પોતાના પૂર્ણ સ્વરૂપમાં જેણે, એ સંત છે. આકરું લાગે માણસને. આ બિચારા આવી ક્રિયા કરે, ઉના પાણી પીવે, લોચ કરે.

**શ્રોતા :-** ભગવાનને બિચારા કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે આવું કરે છતાં તમે એને સાધુ ન માનો? એમ કહે છે. આહા..હા..! જેણે પૂર્ણાનંદના સ્વભાવને સાધ્યો છે અને રાગનું સાધન જેને છૂટી ગયું છે અંદરથી એને અહીંયાં જૈનદર્શનમાં સાધુ કહેવામાં આવે છે. આહા..હા..! એ ૨૫૪ થયો.

'**(-નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો)...**' નિજાત્મા આત્માનો આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, શાંતસ્વભાવ, વીતરાગભાવ એને તાબે થયો થકો રાગને ભાવને તાબે થતો નથી. એ વ્યવહાર ક્રિયાકાંડને તાબે થતો નથી એમ કહે છે. આહા..હા..! એ શાસ્ત્રમાં વ્યવહારક્રિયાનું વર્ણન છે એને તાબે થતો નથી અને નિજાત્માને તાબે રહે છે. આહા..હા..! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. આહા..હા..! જેના આનંદના તેજ આગળ રાગની ક્રિયા જ્યાં નાશ થઈ જાય છે. પૂર્ણાનંદના સ્વભાવના બળ આગળ વ્યવહારક્રિયાકાંડનો વિકલ્પ જ્યાં નાશ થઈ જાય છે, ઉત્પન્ન થતો નથી, એવા જોગીને, મુનિને મુનિ કહેવામાં આવે છે. આહા..હા..! એનો ધન્ય અવતાર એમ કહે છે. જેણે આ જન્મમાં, આ ભવમાં. આહા..હા..! જેણે આત્માના આનંદમાં વશ થઈ ગયો છે, એ મુનિ ધન્ય છે. હજારો રાણી છોડીને, ધંધા-વેપાર છોડી, અબજોપતિ છોડી ને માટે ધન્ય છે એમ નહિ. વ્યવહારના વિકલ્પનો રાગ છોડીને સ્વરૂપમાં લીન છે તે ધન્ય છે એમ કહે છે. આહા! સમજાણું કાંઈ? મારું આવું!

એવું સ્વરૂપ છે. આવશ્યકક્રિયા છેને?

૧૪૭. 'ટીકા :- **આ શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.**'

आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं।
तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स।।१४७।।
**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.**

લ્યો! અહીં સામાયિક આવી. '**બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી...**' આહા..હા..! આ સામાયિક ને ચોવિસંથો, વંદના એવો જે વિકલ્પ. છ આવશ્યક છેને? સામાયિક, ચોવિસંથો, વંદન, પડિક્કમણું, કાયોત્સર્ગ અને પચ્ચખાણ. એવા '**ષટ્-આવશ્યકપ્રપંચરૂપી...**' એનો વિસ્તાર. એવી '**નદીના કોલાહલના શ્રવણથી...**' પાણીનું પૂર જેમ વહ્યા કરે તો ખડ... ખડ... ખડ... થયા કરે, એમ આ વિકલ્પ ઉઠો એ બધો ખડખડાટ અંદરમાં છે, કહે છે. કોલાહલ. શુભવિકલ્પ આવશ્યકનો ઉઠે એ કોલાહલ એમ કહે છે. આહા..હા..! એના '**શ્રવણથી (વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી) પરાङ્મુખ...**' હે મુનિ! આહા..હા..! '**હે શિષ્ય!**' લ્યો! એ છઠ્ઠી છેને? અહીં શિષ્ય કીધું.

'**હે શિષ્ય!**' આ સામાયિક કરું, ભગવાનની સ્તુતિ કરું, ગુરુને વંદન કરું, કાયોત્સર્ગ કરું, પચ્ચખાણ લઉં, પ્રતિક્રમણ કરું એવો જે વિકલ્પ છે, વિકલ્પની કોલાહલ, નદીની પાર એના '**શ્રવણથી પરાङ્મુખ...**' આહા..હા..! શ્રવણ કીધું જોયું! પોતે કહે અને બીજા .. અને પડિક્કમણું સાંભળે બધા. અહીં એક આવશ્યક કરે તો બધા સાંભળે કે નહિ? હજારો માણસ એક પડિક્કમણું કરે તો બધા સાંભળે. કહે છે, આવા આવશ્યકના .. શ્રવણના કોલાહલથી પરાङ્મુખ. આહા..હા..! '**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...**' જે ભગવાન પૂર્ણાનંદને આશ્રયે શુદ્ધ ધર્મધ્યાન. આહા..હા..! દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. શ્રીમદ્‌માં આવે છેને? શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડા પડી જાય. આવી વાણી જ્યાં નથી. આ તો મારફાડ કરીને અંદર. આહા..હા..!

'**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...**' જોયું! એ સ્વ આત્મા કહ્યો એ. વ્યવહારધર્મધ્યાનનો વિકલ્પ પરાશ્રય હોય છે. '**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત...**' સ્વ આત્મા આશ્રિત. આહા..હા..! દૃષ્ટિ સ્વ આત્મા ઉપર લગાવીને જેણે વીતરાગતા પ્રગટ કરી છે. એવા '**સ્વાત્માશ્રિત આવશ્યકને કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે...**' એ આવશ્યક તો સંસારરૂપી લતાને છેદવાનો કુહાડો છે. આહા..હા..! એના જ્ઞાનમાં તો લે વાત, શ્રદ્ધામાં તો કરે નક્કી કે સ્વાત્માશ્રિત જે નિશ્ચયધર્મધ્યાન તે સંસાર

લતાનો નાશ કરનારો ઉપાય છે. આહા..હા..! આવું જે નિશ્ચયધર્મધ્યાન અને '**શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ...**' જોયું! ધ્યાનસ્વરૂપ. એવું '**સ્વાત્માશ્રિત...**' નિશ્ચયધર્મધ્યાન અને શુક્લધ્યાન સ્વરૂપ આવશ્યક એમ. તેવા '**સ્વાત્માશ્રિત આવશ્યકને...**' '**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકને...**' એમ. એ સ્વરૂપ શું છે? કે સ્વાત્માશ્રિત આવશ્યક. આહા..હા..!

'**કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે તેને—જો તું ઈચ્છે છે,...**' ગુરુ કહે છે કે હે શિષ્ય! જો આવી આવશ્યક ક્રિયાને તું ઈચ્છે છે '**તો તું સમસ્ત વિકલ્પજાળ રહિત...**' આહા..! '**સમસ્ત વિકલ્પજાળ રહિત...**' ભગવાનનું સ્મરણ કરવું કે લોગસ્સ.. ફલાણું અને વિકલ્પ. એ તો '**વિકલ્પજાળ રહિત નિરંજન નિજપરમાત્માના ભાવોમાં...**' આહા..હા..! નિરંજન-અંજન વિનાનું નિજપરમાત્મસ્વરૂપ. એના ભાવોમાં એટલે ગુણોમાં. '**નિજ પરમાત્માના ભાવોમાં—સહજજ્ઞાન, સહજદર્શન,...**' એનો ભાગ ત્રિકાળ. '**સહજ ચારિત્ર અને સહજસુખ વગેરેમાં—સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે;...**' આહા..હા..! નિજ આત્માના, પરમાત્માના ભાવો. એ ભાવો ક્યા? કે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ત્રિકાળી. વિકલ્પથી પરાઙ્મુખ થઈને નિજ આત્માના ભાવમાં સ્થિરતા કરે છે. નિજ આત્માના સ્વભાવમાં સ્થિરતા કરે છે. નિજ આત્માના જ્ઞાન, આનંદના ભાવમાં ગુણમાં સ્થિરતા કરે છે.

'**તે હેતુથી નિશ્ચયસામાયિકગુણ ઊપજતાં...**' આહા..હા..! એને નિશ્ચય વીતરાગભાવનો ભાવ ઊપજતા સામાયિકગુણ એને થાય. '**નિશ્ચયસામાયિકગુણ ઊપજતાં, મુમુક્ષુ જીવને...**' આહા..હા..! '**બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઊપજ્યું?**' આહા..હા..! વિકલ્પથી ભગવાનની સામાયિકનું તો નામ આપ્યું. ભગવાનની સ્તુતિ કરી વિકલ્પથી, વંદન કર્યું. એથી એને શું ફળ ઉપજ્યું? એ તો સંસાર છે. આહા..હા..! '**સહજજ્ઞાન,...**' એ આત્માનો ભાવ. '**સહજદર્શન,...**' એ આત્માનો ભાવ. '**સહજચારિત્ર અને સહજસુખ...**' એમ આનંદ, શાંતિ વગેરે. '**સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે;...**' નિરંતર. સતત, નિરંતર, નિશ્ચળ, ફરે નહિ એવો અંતરભાવ કરે છે.

'**તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે) નિશ્ચયસામાયિકગુણ ઊપજતાં,...**' તે કારણથી એને નિશ્ચય વીતરાગભાવની દશા ઉત્પન્ન થાય છે. આહા..હા..! એવા '**મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઊપજ્યું?**' આવા જીવ પણ કહે છે છ આવશ્યકના વિકલ્પમાં આવે એને શું ફળ? બંધ છે. સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાનીને સ્વભાવના આશ્રયમાંથી છૂટી જરી વિકલ્પને આશ્રયે જાય તો એને શું ફળ છે? સંસાર છે. આહા..હા..! અનુપાદેય છેને? '**અનુપાદેય ફળ ઊપજ્યું એવો અર્થ છે...**' હેય ફળ ઊપજ્યું. '**નાપસંદ કરવા જેવું; નહિ વખાણવા જેવું.**' આહા..હા..! એ શુભરાગનું નાપસંદ કરવા જેવું. આવું તો કહે આ કાળે થાય? આ કાળે ધ્યાન નથી એ તો અજ્ઞાની છે એમ માનનારા. છેને. આહા..હા..! ભગવાન વસ્તુસ્વરૂપ

છે એમાં ધ્યાન નામ એકાગ્રતા ન હોય તો તો ધર્મ જ નથી. આહા..હા..! આ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એકાગ્રતા વર્ણવી છે મુનિની. આવા મુનિ સાચા જૈનદર્શનમાં ગણવામાં આવે છે કહે છે. જે વ્યવહારના છ આવશ્યકના ફળથી સંસાર ફળે, નાપસંદભાવ ફળે, બંધ થાય. આહા..હા..! નહિ વખાણવા જેવું. આહા..હા..! એવો અર્થ છે.

**'માટે અપુનર્ભવરૂપી સ્ત્રીનાં સંભોગ...'** જેને મોક્ષરૂપી લક્ષ્મી, એનું જે વેદન, એનું હાસ્ય પ્રાપ્ત કરવું હોય એટલે આનંદની પ્રાપ્તિ કરવી હોય એવા **'પ્રવીણ એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી...'** આહા..હા..! **'પ્રવીણ એવા નિષ્ક્રિય પરમ-આવશ્યક...'** જુઓ, ઓલી રાગની ક્રિયા નહિ. રાગ વિનાની સ્થિરતા(ની) ક્રિયા એ નિષ્ક્રિય ક્રિયા. આહા..હા..! કેમકે આત્મા પોતે નિષ્ક્રિય વસ્તુ છે. રાગ અને ખરેખર નિર્મળ પરિણતિની ક્રિયાથી પણ એ રહિત છે. એવો જે નિષ્ક્રિય ભગવાન એને રાગની પરિણતિથી રહિત નિષ્ક્રિયની પરિણતિ. રાગ વીનાની પરિણતિ એને નિષ્ક્રિય પરિણતિ કહે છે. કેમકે નિષ્ક્રિય એવો ભગવાન એને આશ્રયે પ્રગટેલી પર્યાય એ નિષ્ક્રિય છે. છે પર્યાય, છે પરિણતિ. આહા..હા..! આવી વાતું બહુ.

**'પ્રવીણ એવા નિષ્ક્રિય...'** મુક્તિરૂપી દશાના વેદનને અનુભવમાં પ્રવીણ એવો જે જીવ **'નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે.'** એને વીતરાગભાવ પૂર્ણ થાય છે. આહા..હા..! સામાયિકનો અર્થ એ છેને સમતાનો લાભ. તો સમતાનો લાભ ક્યારે થાય? કે વીતરાગ સમતાસ્વરૂપ છે ત્રિકાળ એનો આશ્રય લઈને લીન થાય એને સમતાનો લાભ મળે. લ્યો, આ સામાયિક કહે છે બધા. સામાયિક કરે છેને? કહો, લાલજીભાઈ! આ સામાયિક આ કહેવાય એમ કહે છે. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરીને બેસી જાય એ સામાયિક નથી એમ કહે છે.

**શ્રોતા :-** આ તો મુનિની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મુનિને અને સમકિતીને પણ એવી હોય. દેશ સામાયિક હોય એને પણ આત્માના આનંદને આશ્રયે વિકલ્પથી રહિત નિષ્ક્રિય પરિણતિ તેને એવી સામાયિક એને કહેવામાં આવે, ભલે ઓછી દેશ. આ સર્વદેશ સામાયિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સામાયિક શબ્દ મૂક્યો. **'सामण्णगुणं संपुण्णं होदि'** ચારિત્ર છે. વીતરાગભાવ આત્માના આશ્રયે જે પરિણતિ પ્રગટ થાય એ વીતરાગતાની પૂર્ણતાને પ્રાપ્ત કરે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પણ અંશે અકષાય ભાવની પરિણતિ છે એટલી દર્શન-સામાયિક કહેવામાં આવે છે. શું કહ્યું? કે આત્મા દર્શનસ્વરૂપ વીતરાગપણાની પરિણતિ કરે સમ્યગ્દર્શનની. ત્રિકાળી વીતરાગભાવની પરિણતિ ઉભી કરે એને એ અંશે સમ્યગ્દર્શન જે પ્રગટ્યું એ અંશે સામાયિક દર્શનની, સમ્યગ્દર્શનની સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ઉત્કૃષ્ટ કીધી. ભાષા એમ છેને. **'सामण्णगुणं संपुण्णं'** ઓલો અપૂર્ણ છે. ચોથે ગુણસ્થાને પણ એટલી સમ્યગ્દર્શન

અને જ્ઞાન સ્વદ્રવ્યને અવલંબીને જે પ્રગટ્યું એટલો તો સમતાનો ગુણ એને શાંતગુણ છે જ, પણ એ સામાયિક ચારિત્ર પૂર્ણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ તો જેણે સ્વ આશ્રયમાં એકાકાર-લીન થઈ અને વીતરાગતાની પૂર્ણતા જેણે પ્રગટ કરી એને સામાયિક ગુણ પૂરો થયો કહેવાય છે. પૂરો સમજો છોને? સામાયિક ચારિત્ર સંપૂર્ણ થાય એમ કીધુંને? સંપૂર્ણ થાય છે. તો એનો અર્થ નીચે ચોથે ગુણસ્થાને પણ જેટલી દર્શન સામાયિક થાય, સમ્યગ્દર્શનમાં આત્માનો લાભ થાય. આહા..હા..! એટલી સમ્યગ્દર્શન સામાયિક એને કહેવામાં આવે છે. પાંચમા ગુણસ્થાનમાં પણ જેટલો આગળ વધીને સ્થિરતાનો અંશ જે બીજી ચોકડીનો નાશ કરીને કષાયનો. સંસારનો અંશ પ્રગટ થયો સ્વદ્રવ્યને આશ્રયે. એને પણ સામાયિક ગુણ કહેવામાં આવે છે. પૂર્ણ નહિ. પૂર્ણ અહીંયાં મુનિને હોય છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..! લુખુલહ લાગે જાણે.

**શ્રોતા :-** મીઠો મહેરામણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાત છે. આહા..હા..! પૂર્ણ મીઠા આનંદના પૂરથી તો ભરેલો ભગવાન છે. મીઠો મહેરામણ છે ભગવાન. આહા..હા..!

'**એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને...**' કેવા? '**નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને...**' રાગ વિનાની ક્રિયા અને નિરાગી-અરાગીની ક્રિયા વડે જીવને '**સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે.**' આહા..હા..! હવે ઓલા કહે કે વ્યવહાર રાગ કરતાં-કરતાં નિશ્ચય થશે. પહેલું પગથિયું એ છે (કે) અશુભ છોડીને શુભમાં આવવું. બીજું પગથિયું, શુભ છોડીને શુદ્ધમાં આવવું. એ અહીં છે જ નહિ, કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** શુભ અને અશુભ બેય છોડીને અંતરમાં આવવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેયને છોડીને અંતરમાં એકાગ્ર થાય તે જ એનું પગથિયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન થઈ શકે તો શ્રદ્ધા તો કરજે બરાબર, એમ કહે છે. .. આહા..હા..! શ્રદ્ધામાં રાખજે કે નિષ્ક્રિય વીતરાગ પરિણતિ તે જ ધર્મ અને સામાયિક છે. સમજાણું કાંઈ?

'**सामण्णगुणं संपुण्णं**' છેને પાઠમાં? '**सामण्णगुणं संपुण्णं होदि**' એમ છે. એટલે સામાયિક ગુણ એના પહેલા પ્રગટે છે ખરો થોડો, પણ મુનિને સામાયિક ગુણ સંપૂર્ણ હોય છે. એવા મુનિને અહીંયાં મુનિ ગણવામાં આવ્યા છે. આહા..હા..! એક સાધુ હતો કીધું .. ઘણા વખત પહેલા. કીધું આ સાધુપણું છે એ સામાયિક તમારી છે એ ત્રસ છે કે સ્થાવર? એ અમારા ગુરુએ શીખવ્યું નથી. કહો. મોહનલાલજીના શિષ્ય હતા એક. વીરમગામનો હતો .. લૂગડા ધોવા લીધેલો. અને પછી મેળ ન ખાધો તે એકલો રહેતો હતો સુંદરવોરાના અપાસરે. કીધું આ તમારી સામાયિક બામાયિક કહેવાય છે એ ત્રસ કહેવાય કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી કહે. તો ત્રસ-સ્થાવરની સામાયિક એટલે શું એ ત્રસ અને સ્થાવરની એને ખબર ન

પડે. નવ કોટીએ ત્યાગી થઈને અમે સાધુ થયા છે.

અહીંયાં કહે છે કે જીવને આવી નિષ્ક્રિય પરમાવશ્યક ક્રિયાથી. આહા..હા..! આ આવશ્યક હોં. પરમવીતરાગમૂર્તિ પ્રભુ એમાં રાગની ક્રિયા વિનાની નિષ્ક્રિય ક્રિયા, વીતરાગી પરિણતિએ ક્રિયા કહેવામાં આવે છે. એવી ક્રિયાથી જીવને સામાયિક સંપૂર્ણ થાય છે. રાગથી સંપૂર્ણ થાય કે રાગથી સામાયિક થાય છે એમ નથી. **'એવી રીતે (આચાર્યવર) શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(मालिनी)

''यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्
भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।
तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो
भव भवसि भवान्तस्थायिधामाधिपस्त्वम्।।''

**'શ્લોકાર્થ :- જો કોઈ પ્રકારે મન નિજસ્વરૂપથી ચલિત થાય...'** આહા..હા..! નિજસ્વરૂપ આનંદના સ્વરૂપમાંથી રમણતાથી ખસી જાય. આહા..હા..! **'અને તેનાથી બહાર ભમે...'** નિજસ્વરૂપથી બહાર ભમે. બહાર ભમે એટલે વિકલ્પ આવે. આહા..હા..! **'તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** તને. **'તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** આહા..હા..! વીતરાગમાર્ગ એવો છે ઝીણો. કહે છે કે **'કોઈ પ્રકારે મન નિજસ્વરૂપથી ચલિત થાય...'** શુભ વિકલ્પમાં આવે. આહા..હા..! એ સ્વરૂપથી બહાર ભમે **'તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** કારણ કે રાગ છે એ દોષ છે. આહા..હા..! એ સંસાર છે. એ શુભરાગ આવે એ સંસાર છે. આહા..હા..! ભાષા કેવી જોયું! કડક. મુનિઓની ભાષા દિગંબર સંતોની!

**'સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** નિજસ્વરૂપમાંથી બહાર વિકલ્પ ઉઠે ભઠ્ઠી છે, અગ્નિ છે, કષાય છે. એ ભગવાનના સ્મરણનો વિકલ્પ ઉઠે એ કષાય છે અને ભઠ્ઠી છે. આવી વાત. જેને કોઈ પ્રકારે પણ. એમ કે વીતરાગના સ્મરણને માટે કે ભગવાનને યાદ કરવા માટે નિજસ્વરૂપથી ચલિત થાય, પોતાના સ્વભાવથી બહાર જાય તો એ બહાર ભમે. આહા..હા..! કેમકે રાગનું લક્ષ તો પર ઉપર છે. નિર્મળ વીતરાગી પર્યાયનું લક્ષ તો દ્રવ્ય છે. રાગનું લક્ષ તો પર ઉપર જાય છે. આહા..હા..! જો એ રાગમાં આવે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે. ઝેર છે, બંધન છે, વિકાર છે, પરાધીન છે. આહા..હા..!

ઓલા પંડિતો કહે છેને કે વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય. એ તો કહેતા નથી. અહીં તો ઈ કીધું કે એ તો અનુપાદેય ફળ જ્ઞાની-ધર્માત્માને પણ. આહા..હા..! એ રાગ આવે એનું ફળ તો નાપસંદ કરવા જેવું છે. એ રાગના નાપસંદ કરવાના ફળથી પ્રસન્નતાની નિર્મળ પરિણતિ પ્રગટ થાય? ઓલા સોનગઢને નામે કહે છેને ઘણા એ? નિશ્ચય એકલું કહે છે.

વ્યવહારને ઉડાવી દે એ એકાંત છે. પણ વ્યવહારની અપેક્ષા છોડી દીધી એ જ વ્યવહારને લક્ષમાં લીધો હતો.

**શ્રોતા :-** એનું નામ વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું નામ વ્યવહાર. આહા..હા..!

'**જો કોઈ પ્રકારે મન નિજસ્વરૂપથી ચલિત થાય...**' ભગવાનના સ્મરણ માટે, ભગવાનની ભક્તિ માટે, ભગવાનની પૂજા માટે, ભગવાનનું શાસ્ત્ર વાંચન માટે. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે તો મન પણ રાગ છે. એ સર્વ દોષનો પ્રસંગ આવે છે રાગને, એમ કહે છે. અમૃતનો સાગર છે. આવી વાત છે. વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એમાંથી બહાર નીકળવું એટલે વિકલ્પમાં આવવું એ સર્વદોષનું કથન છે અને સ્વરૂપમાં એકાગ્ર થવું એ પૂર્ણ ગુણનો આશ્રયસ્થાન છે. આહા..હા..! ત્યાં પૂર્ણ ગુણ પ્રગટવાનું કારણ છે ભગવાન આત્મા અને આ સર્વદોષનું સ્થાન છે આ. કહો, એ ભગવાનનું સ્મરણ માટે પણ મન બહાર આવે એમ કહે છે. પાપ લાગ્યું હોય એને મિચ્છામી દુક્કડમ માટે મન બહાર આવે, પ્રાયશ્ચિત લેવા માટે મનમાં વિકલ્પ આવે. આહા..હા..! એ સર્વદોષનો પ્રસંગ છે. આવી વાણી મુનિઓની છે. વીતરાગી મુનિઓની આ વાણી.

'**માટે તું સતત અંતર્મગ્ન...**' આહા..હા..! અને '**સંવિગ્ન ચિત્તવાળો થા...**' સંવેગી–વૈરાગી વિરક્ત. રાગથી વૈરાગ્ય, રાગથી વિરક્ત. આહા..હા..! વેગ જેને આત્માના આનંદનો વેગ મોક્ષમાંથી પ્રગટ્યો છે આનંદનો વેગ એ રાગથી વિરક્ત છે. એવા '**સંવિગ્ન ચિત્તવાળો થા...**' વિકલ્પને છોડી નિર્વિકલ્પ આનંદના ભાવવાળો થા '**કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.**' આહા..હા..! આવો માર્ગ છે. '**મોક્ષરૂપી સ્થાયી ધામ...**' સ્થિર–સ્થિર. એવા સ્થાનનો '**અધિપતિ થશે.**' આહા..હા..! '**સંવિગ્ન ચિત્તવાળો...**' અને સતત અંતર્મગ્ન. આત્માનો આશ્રય કદી છોડવો નહિ. એવો .. નિમગ્ન મોક્ષના ધામનો એ અધિકારી થાય છે. મોક્ષધામનો એ અધિપતિ એટલે મોક્ષ થાય છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧૩, મંગળવાર, તા. ૧૬-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૮, કળશ-૨૫૫ થી ૨૫૭, પ્રવચન નં. ૧૨૬

જીવને મુક્તિ માટે અવશ્ય કરવાલાયક ક્રિયા એનું નામ આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. ૨૫૫ કળશ.

(शार्दूलविक्रीडित)

यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं
मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम्।
बुद्धवेत्थं समयस्य सारमनघं जानाति यः सर्वदा
सोयं त्यक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः।।२५५।।

મુનિની પ્રધાનતાથી કથન છે. છ આવશ્યકની પૂર્ણતાનું.

'**શ્લોકાર્થ :- જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક...**' ઉદયભાવ જે રાગાદિ વિકાર છે એ દુઃખરૂપ છે. રાગ, દ્વેષ, વિષય, વાસના એ બધો ઉદયભાવ છે એ દુઃખરૂપ છે. એવા દુઃખના નાશક સંસાર દુઃખમય એનો નાશક, પર્યાયમાં વિકાર જે દુઃખરૂપ છે તેનો નાશક '**નિજાત્મનિયત ચારિત્ર હોય,...**' બહુ ટૂંકું. નિજાત્મ. આત્મા જ્ઞાયકભાવ ત્રિકાળ છે નિજ આત્મા. એને આશ્રયે નિશ્ચયચારિત્ર હોય. સમ્યગ્દર્શનની વાત તો પહેલી ગઈ. આ તો એ ઉપરાંત વાત છેને. સમ્યગ્દર્શન પણ નિજાત્માને આશ્રયે થાય છે. પૂર્ણ જ્ઞાયકસ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની શરૂઆત ત્યાંથી થયા છે. અહીં તેથી વિશેષ વાત છે. આવશ્યકની વાત છેને.

'**નિજાત્મનિયત ચારિત્ર...**' '**નિજ આત્માને વળગેલું;...**' એ પુણ્ય-પાપના વિકલ્પને વળગેલું નહિ. નિજ આત્મા આનંદસ્વરૂપ એને વળગેલું એટલે એને આશ્રયે થયેલું. '**નિજ આત્માને અવલંબતું;...**' ચારિત્ર એને કહીએ કે નિજ આત્માને અવલંબે પ્રગટ થાય તે. સમજાય છે કાંઈ? '**નિજાત્માશ્રિત;...**' છેને નિજાત્મનિયત. આહા..હા..! સચ્ચિદાનંદ સ્વભાવ જે ભગવાન આત્માનો. સત્ ચિદાનંદ સ્વરૂપ એને આશ્રયે ચારિત્ર થાય. પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી. એ તો વિકલ્પ પરને લક્ષે થયેલા આસ્રવભાવ છે. સમજાણું કાંઈ? અહીંયાં આવશ્યકની ક્રિયાની વાત છેને? મુનિને છેલ્લી અવસ્થા કેવી હોય? પહેલી અવસ્થા સમ્યગ્દર્શનની. નિજાત્માને અવલંબીને, આશ્રિત અને નિયત થતું. પછી આગળ દશા સ્વભાવને આશ્રયે ચારિત્ર વીતરાગતા પરિણમે એને અહીંયાં આવશ્યકક્રિયા અને આવશ્યકકર્મ અને ચારિત્ર કહેવાય છે. સમજાણું કાંઈ?

'**નિજ આત્મામાં એકાગ્રતા.**' .. છે. એક, બે, ત્રણ અને ચાર અર્થ કર્યા. નિજાત્મનિયત. નિજ આત્મા આનંદઘન પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ એને આશ્રિત જે દશા થાય તેને ચારિત્ર કહે છે. આત્મા નિયત નિજ આત્મા નિયત, નિશ્ચય. અંદર સ્વભાવને આશ્રયે આવું ચારિત્ર કહેવાય. આહા..હા..! એ ચારિત્ર એ આવશ્યક ક્રિયા જીવની છે. મોક્ષને માટે તે આવશ્યક ક્રિયા નિશ્ચય-યથાર્થ છે. દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજાને એ ભાવ તો રાગ છે. એ તો પરના અવલંબે ઉત્પન્ન થયેલો વિકાર છે. પોતે નિજ આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ. તેને અવલંબે, તેને આશ્રયે, તેને વળગેલું અને તેમાં એકાગ્ર. આનંદધામ ભગવાન એમાં એકાગ્રતા. આહા..હા..! આ ચારિત્ર. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? આ નગ્નપણું અને અંદરમાં પંચમહાવ્રતના વિકલ્પ ભાવ એ ચારિત્ર નથી, એ મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ તેને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, તેને આશ્રયે થયેલું સમ્યગ્જ્ઞાન અને તેને આશ્રયે થયેલું ચારિત્ર. સમજાણું કાંઈ?

નિયત '**નિજાત્મનિયત ચારિત્ર હોય, તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે;...**' પહેલી શ્રદ્ધામાં નિર્ણય તો કરે કે આ આત્માને અવલંબે દર્શન થાય સમકિત, એ વિના સમકિત થાય નહિ. પર્યાયને અવલંબે, ગુણભેદને અવલંબે, રાગને અવલંબે કે નિમિત્તને અવલંબે સમ્યગ્દર્શન ન થાય. ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન એને ખબર ન મળે કેમ થાતું હશે? જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન નિજાત્મા એનો આશ્રય કરતા '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ આ. ભૂતાર્થ, ત્રિકાળ, સત્યાર્થ ભગવાન પૂર્ણ આનંદ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય. આહા..હા..! પછી અહીંયાં એને આશ્રયે ચારિત્ર થાય. આહા..હા..! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. આત્મા એટલે જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ જ છે. વીતરાગ સ્વભાવથી ભરેલું તત્ત્વ આત્મા છે. દરેકનું હોં. આહા..હા..! એને આત્માને દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય અને એને આત્મામાં લીન થતાં ચારિત્ર થાય. એ .. હેતુ. આહા..હા..! એવી ક્રિયા કરવાથી ચારિત્ર થાય. એ સ્વરૂપમાં લીન થતાં ચારિત્ર થાય આ ક્રિયા એની. આહા..હા..!

એવું ચારિત્ર મોક્ષરૂપી પરિણતિ નિર્મળ આનંદની દેનારી. મોક્ષરૂપી લક્ષ્મીની સ્ત્રી છેને? '**મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરી...**' પરિણતિ. એનાથી '**ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે...**' ખાસ '**કારણ થાય છે;...**' આહા..હા..! મોક્ષના માર્ગ તરીકે તે ભાવ ચારિત્ર તે ખાસ મુક્તિનું કારણ થાય છે. સમજાણું કાંઈ? બીજાને ઉપદેશ દેવો, બીજાથી ઉપદેશ સાંભળવો એવા વિકલ્પથી ચારિત્ર ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન સ્વરૂપ ચૈતન્યઘન સચ્ચિદાનંદ આત્મા છે. સત્ ચિદ્, જ્ઞાન અને આનંદના સ્વભાવભૂત એની મુખ્યતા .. અનંતગુણોની ખાણ છે આત્મા. એ ખાણમાં આશ્રય કરે એનો. નિમિત્તબુદ્ધિ છોડી, રાગબુદ્ધિ છોડી, પર્યાયબુદ્ધિ છોડી ત્રિકાળનો આશ્રય કરે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને

ચારિત્ર થાય. કહો, સુમનભાઈ! આવું ઝીણું. એને મુક્તિના સુખની પ્રાપ્તિ થાય. સંસારદુઃખનો નાશ થાય, સ્વભાવને આશ્રયે સ્થિરતા થાય, એનાથી મુક્તિનું સુખ પ્રાપ્ત થાય. કહો, સમજાય છેને? આ તો ન્યાયથી આવે. સંસાર વિકાર ઉદયભાવ, ચાહે તો દયા, દાન, વ્રતનો ભાવ હોય તોપણ એ દુઃખરૂપ અને સંસાર છે. એ દુઃખનો નાશ થાય અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય. કોને લઈને? કે ત્રિકાળ દ્રવ્યના આશ્રયે ચારિત્રને લઈને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આમ જાણીને...**' જોયું! આહા..હા..! '**જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે,...**' આહા..હા..! નિર્દોષ સમયનો સાર નિર્મળાનંદ પ્રભુ, પૂર્ણ આનંદ ઘનને સર્વદા જાણે છે '**તે આ મુનિપતિ—કે જેણે બાહ્યક્રિયા છોડી છે...**' એ વિકલ્પની પંચ મહાવ્રતાદિની ક્રિયા જેણે છોડી છે અને અંતરમાં લીન થયો છે. આહા..હા..! '**તે—પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.**' 'पापाटवीपावकः' છેને? 'पावकः' અગ્નિ પાપરૂપી એ રાગ અને દ્વેષ બધા પાપરૂપી અરણ્ય છે. એને બાળવાને માટે આ સ્વભાવનો આશ્રય લેનાર અગ્નિ છે. સમજાણું કાંઈ? એ ૨૫૫ કળશ થયો. ૧૪૮ ગાથા.

आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो।
पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा।।१४८।।
**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.**

'**અન્વયાર્થ :- આવશ્યકરહિત...**' વ્યવહાર-આવશ્યક અને નિશ્ચય-આવશ્યક બેયની વાત ... નિશ્ચય આવશ્યક અંતરના આશ્રયે થાય તે. વ્યવહાર આવશ્યક પરને લક્ષે શુભભાવ થાય તે, એનાથી જે રહિત છે એ '**શ્રમણ ચરણથી પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે;...**' એ સાધુ ચારિત્રથી ભ્રષ્ટ છે. આહા..હા..! '**અને તેથી પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધિથી) આવશ્યક કરવું.**' નિજાત્માને અવલંબીને આવશ્યક કરવું, એમ કહે છે. આહા..હા..! અહીં તો કુંદકુંદાચાર્યે એમ કહ્યું છેને કે મારી ભાવના માટે મેં બનાવ્યું છે. મોક્ષનો માર્ગ એ મોક્ષસ્વરૂપ જે ભગવાન આત્મા, મોક્ષસ્વરૂપ જ આત્મા છે, સ્વભાવ એનો મોક્ષસ્વરૂપ જ છે, એને આશ્રયે ક્રિયા થાય તે મોક્ષની ક્રિયા કહેવાય છે, મોક્ષમાર્ગની ક્રિયા કહેવાય છે. આહા..હા..! દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજાનો જે ભાવ એ બધું બંધનું કારણ છે. એ મુક્તિનું કારણ નથી, એ સંવર-નિર્જરાનું કારણ પણ નહિ. આહા..હા..! આવું પહેલું તો સાંભળવું આકરું લાગે. કોઈ દિ' અભ્યાસ નહિ. અંદરમાં મહાપ્રભુ ચૈતન્ય બિરાજે છે. સર્વજ્ઞ પૂર્ણાનંદ સ્વભાવી આત્મા છે. અલ્પજ્ઞાન અને અલ્પ આનંદ એ નહિ. પૂર્ણ પરમસ્વભાવથી ભરેલો, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી અનંત-અનંત શક્તિની પૂર્ણતાથી ભરેલો ભરપૂર ભગવાન આત્મા પોતે. આહા..હા..! એને આશ્રયે જે ચારિત્ર થાય અને એ ચારિત્રથી ભ્રષ્ટ થયા તે સાધુ. તેથી તેણે પૂર્વ કર્મથી આત્માને આશ્રયથી ચારિત્ર

પ્રગટ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? નિજાત્માશ્રિત .. એમ કહે છે. આહા..!

'**ટીકા :- અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.**' જેને પુણ્યની ક્રિયા જે દયા, દાન, વ્રતાદિ છે એનાથી ખસીને જે સ્વભાવસન્મુખ જાય છે, આત્મા આનંદમૂર્તિને સન્મુખ જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જીવને શિખામણ દીધી છે. જે ભગવાન આત્મા આનંદસ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો તે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા જિનેન્દ્રદેવે જે આત્મા અંદર જોયો એ આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન-શાંતિથી ભરેલો આત્મા છે. આહા..હા..! દરેકનો આત્મા એવો છે. એ આત્માને જેને એ સન્મુખ શુદ્ધોપયોગી સન્મુખ અંદર જવું છે એને આ શિખામણ દીધી છે.

'**અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ, સમતા,...**' નામ સામાયિક શુભ વિકલ્પ, '**સ્તુતિ,...**' ભગવાનની સ્તુતિ એ પણ એક શુભ વિકલ્પ રાગ. '**વંદના,...**' ગુરુ આદિની વંદના પણ એક શુભરાગ. '**પ્રત્યાખ્યાન...**' વ્યવહાર એ પણ એક શુભરાગ. '**વગેરે છ આવશ્યકથી રહિત...**' એવા છ આવશ્યક વ્યવહારના પણ જેને નથી તે '**ચારિત્રપરિભ્રષ્ટ છે;...**' એ ચારિત્રથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? '**શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી...**' આહા..હા..! જેને એવા વ્યવહારના વિકલ્પો છે એ પણ નથી અને નિશ્ચયનો આશ્રય પણ નથી, એ તો ચારિત્રથી ભ્રષ્ટ છે. એ ચારિત્ર નહિ, એ મુનિ નહિ. '**શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...**' આત્મા આનંદસ્વરૂપ એની એકાગ્રતાથી નિર્વિકલ્પ સમાધિ શાંતિ પ્રગટ થાય એને આવશ્યક ક્રિયા અને ધર્મક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આ તો.

આનંદસ્વરૂપ આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ આત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' એવી જે અંદર ચીજ છે આત્મા, એને આશ્રયે શ્રમણ ચારિત્ર ભ્રષ્ટ. '**પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત...**' પછી કદાચિત્ પંચમહાવ્રતનો રાગ હોય, પણ નિશ્ચય સ્વભાવનો આશ્રય કરીને જે ચારિત્ર નથી તો એ ચારિત્રભ્રષ્ટ છે. આહા..! પંચમહાવ્રત હોય, સાધુના જે અઠ્યાવીશ મૂળગુણ છે એ ભલે હોય, એ સાધુ નથી. જેને આત્માના આનંદસ્વરૂપમાં આશ્રય લઈને પરમનિર્વિકલ્પસમાધિ પ્રગટ થાય એને સાધુ, મુનિ અને મોક્ષના માર્ગી કહેવામાં આવે છે. આવું સ્વરૂપ છે. નિર્વિકલ્પ સમાધિ. રાગના વિકલ્પથી રહિત પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા એની પર્યાયમાં એને આશ્રયે નિર્વિકલ્પ શાંતિ, સમાધિ, વીતરાગ પરિણતિ પ્રગટ થાય એને ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્ર મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહાર હોય છતાં જો નિશ્ચય નથી તો એ ચારિત્ર નથી અને એ મુક્તિનું કારણ એને થાતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ...**' આનંદની જમવટ જામી છે જેને.

અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદની દશાનો પ્રવાહ વહે છે. અતીન્દ્રિય આનંદની પ્રવાહ દશા વહે છે. એને નિર્વિકલ્પ સમાધિ અને તેને ચારિત્ર કહે છે. ઓલા બાવા સમાધિ ચડાવે એની વાત નથી હોં. અહીંયાં આત્મા આનંદની મૂર્તિ પ્રભુ. અતીન્દ્રિય આનંદમાં લીન થઈને જેણે અતીન્દ્રિય આનંદનો પ્રવાહ પ્રગટ કર્યો છે એને અહીંયાં મુક્તિના માર્ગમાં ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! બાહ્યથી નગ્ન થઈ ગયો અને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય છતાં એ ચારિત્ર નથી. આત્માનો આનંદસ્વભાવ સચ્ચિદાનંદ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવા સિદ્ધપદનું સ્વરૂપ ભગવાન આત્મા એને ધ્યેય બનાવીને એને આશ્રિત જે સ્થિરતા, શાંતિ અને વીતરાગતા થાય તેને અહીંયાં ચારિત્ર અને મુક્તિનો માર્ગ કહેવામાં આવે છે. ભારે આકરું! સમજાણું કાંઈ?

'**પરમ આવશ્યક ક્રિયાથી...**' એને નિર્વિકલ્પસમાધિ કહેવામાં આવે છે. એથી '**પરમ આવશ્યક ક્રિયાથી રહિત...**' આવી જે પરમ ક્રિયાથી રહિત છે. શુદ્ધ આનંદઘન ભગવાનની એકાગ્રતાથી શાંતિ અને પરમસમાધિ પ્રગટવી જોઈએ એ પરમસમાધિથી જે રહિત છે એ '**શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;...**' અહીં તો નગ્ન થાય અને વેશ પહેર્યો ચારિત્ર થઈ ગયું. ધૂળેય નથી ચારિત્ર. ચારિત્ર કોને કહેવું, વીતરાગ કોને કહે છે એની એને ખબર પણ નથી. સમજાણું કાંઈ? આવું જે નિર્વિકલ્પ સમાધિ, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... પુણ્ય-પાપના રાગરહિત સ્વભાવને આશ્રયે પ્રગટતી શાંતિ, સમાધિ, આનંદ અને સુખ એવી દશા જેને નથી તે ચારિત્રથી ભ્રષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? છે એમાં જુઓ, આ કુંદકુંદાચાર્યની ગાથા છે અને પદ્મપ્રભમલધારીદેવ એમની ટીકા છે. આ પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે. જુઓ, મુનિ લખે છે. એ કુંદકુંદાચાર્ય વચમાં છે એની ગાથા છે. બેય દિગંબર મુનિ છે. વનવાસમાં રહેનારા છે. આહા..હા..!

**શ્રોતા** :- મોટા શહેરમાં ન રહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શહેરમાં હોય છે ત્યાં? સાધુ શહેરમાં. આહાર વહોરવા આવે અને આવીને વયા જાય. વનવાસ એને તો હોય છે. સાધુ તો વનવાસી હોય છે. એમાં પણ હજી વનવાસમાં એકલો નહિ. અંદર આત્માનો વાસ હોય તો એ સાચું વનવાસનો વ્યવહાર કહેવાય છે. મુનિઓ વનવાસમાં રહે છે એમ એકલું કહેવું વ્યવહાર છે. અંતર આનંદના સ્વભાવમાં વસે છે એ એને આનંદનો વાસ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદિષ્ટમાં પડ્યો છે ઈ. મુનિ તો અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો છે અંદર. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ વેદે છે. પાંચમી ગાથામાં કહ્યું નહિ, કુંદકુંદાચાર્યે. પ્રચુર સ્વસંવેદન. પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદન. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. કુંદકુંદાચાર્ય કહે છે કે અમને મુનિપણામાં પ્રચુર સંવેદન, આનંદનું ઘણું પ્રચુર સંવેદન આવ્યું છે. અને એવું સ્વસંવેદન એ અમારો નિજવૈભવ છે. આહા..હા..! નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ એ કાંઈ અમારો વૈભવ નથી. એ અમારી

જાતની ચીજ નથી. આહા..! સમજાણું કાંઈ? આકરી વાત, ભાઈ! વીતરાગમાર્ગ જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ પરમાત્મા એનો કહેલો પંથ અલૌકિક છે. ઈ અહીં કહે છે.

જેને આવી આવશ્યક ક્રિયા નથી, આનંદનો નાથ ભગવાનને આશ્રયે નિર્વિકલ્પ સમાધિ વીતરાગી સુખ અકષાય સુખનું વેદન નથી, તે ચારિત્રથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? અને એવી ક્રિયા જે આત્માના આનંદની એકાકાર શુદ્ધ ચૈતન્યઘન એ આનંદસ્વાદ એ સહિત છે તે દુઃખથી ભ્રષ્ટ છે. ભગવાન આત્મા આ તો માટી આ જડ છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના, એ બધો રાગ છે અને વિકાર છે એ તો, એ કાંઈ આત્મા નથી. એ આત્મા વિકારના રાગથી ભિન્ન અંદર પડ્યો ચૈતન્યઘન. આનંદઘન ભગવાન આત્મા એની જે રમણતાની ક્રિયા એવી ક્રિયાથી ભ્રષ્ટ છે એ ચારિત્રથી ભ્રષ્ટ છે અને એવી ક્રિયાથી સહિત છે તે દુઃખથી ભ્રષ્ટ છે, દુઃખનો નાશ કરનાર છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! બહુ વીતરાગમાર્ગ દુનિયાએ તો બહારમાં કાંઈક કલ્પી નાખ્યો છે સ્થૂળમાં સ્થૂળ. વીતરાગ ત્રિલોકનાથને કહેવું છે એને ક્યાંય મૂકી દઈને પોતે આ વ્રત ને આ તપ ને આ અપવાસને આ.. આ.. એ બધો ધર્મ છે અને એ બધી ક્રિયા એ આવશ્યક ક્રિયા છે એમ માની છે.

તે '**શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;...**' આહા..હા..! '**આમ અર્થ છે. (માટે), સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (-તે વિધિથી),...**' પોતે ભગવાન આત્મા સ્વ એને વશ. '**પરમજિનયોગીશ્વર...**' પરમ વીતરાગી યોગમાં અંદર જોડ્યો છે તેને. વીતરાગભાવથી આત્માને આત્મામાં જોડ્યો છે. એવો '**નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (-તે વિધિથી), સ્વાત્માશ્રિત એવા નિશ્ચય-ધર્મધ્યાન...**' સ્વાત્માશ્રિત. પૂર્ણાનંદસ્વરૂપ સ્વાત્માશ્રિત. આહા..હા..! '**એવા નિશ્ચય-ધર્મધ્યાન...**' એને નિશ્ચય-ધર્મધ્યાન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નિશ્ચય સ્વાત્માશ્રિત. ભાષા ફેરવી-ફેરવીને એ લે છે. જે મૂળ મુદ્દો હોય ત્યાં લેને? મુદ્દાની રકમ આ છે.

સ્વ આત્મા જે આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા એને આશ્રિત એવા નિશ્ચયધર્મધ્યાન. એને આશ્રિત જે પરિણતિ થાય તેને નિશ્ચયધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! વ્રતના વિકલ્પને, તપના વિકલ્પને, જાત્રાના, ભક્તિના, પૂજાના વિકલ્પ એ બધા રાગ છે, એ ધર્મ નથી, એ ધર્મધ્યાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પદ્મપ્રભમલધારીદેવ. પાઠમાં એમ છેને '**पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा।**' પૂર્વે કહ્યું તેમ નિજ આત્મા ભગવાન પૂર્ણ જ્ઞાનનો પિંડ પ્રભુ, પૂર્ણ આનંદનો સાગર, પૂર્ણ પ્રભુતાનો દરિયો, પૂર્ણ સ્વચ્છતાની ખાણ. આહા..હા..! એવો જે આત્મ ભગવાન એને આશ્રય કરીને જે પરિણતિ પ્રગટ થાય દશા એને નિશ્ચયધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. કહો,

ભગવાનજીભાઈ! કહો, અજીતભાઈ! અને આવશ્યક આ... શું કહેવાય તમારું? આફ્રિકા. ત્યાં એકલા રળવામાં પડ્યા હોય. પૈસા રળું, પાંચ, પચાસ લાખ ભેગા થાય. કરોડ, બે કરોડ જાણે થઈ ગયા, કમાઈ ગયા. કમાણા છે?

**શ્રોતા :-** બાપ-દાદા નોતા કમાણા, અમે કમાણા એમાં શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કમાણો નથી. કમાણો તો આનંદનો નાથ છે એ કમાણો છે. અતીન્દ્રિય આનંદનો અંતર... થાય તે કમાય છે. એ પૈસા-બૈસા ધૂળ મળે એવા તો અબજોપતિ તો અનંતવાર થયો. ધૂળનો ધણી.

**શ્રોતા :-** એ પાપ તો કમાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ કમાય છે. આહા..હા..! આ તો આત્મકમાણીની વાત છે, ભાઈ! પાપ કરીને અનંતવાર પુણ્ય પણ અનંતવાર કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત લીધા, પંચમહાવ્રત પાળ્યા એટલી ક્રિયાકાંડ કરી કે જેનાથી સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક ગયો, પણ એને ધર્મ નથી. આત્મજ્ઞાન આત્માનો આનંદનો નાથ એનું જ્ઞાન અને અનુભવ વિના એની ક્રિયા બધી નિષ્ફળ સંસાર ખાતે છે. સમજાણું કાંઈ?

'**સ્વાત્માશ્રિત...**' ભાષા ફેરવી-ફેરવીને કેટલી કરી જુઓને. આશ્રિત-આશ્રિત. જે ૧૧મી ગાથા છે એ આશ્રય બધે વાપર્યો છે. '**भूदत्थमस्सिदो खलु**' એ શબ્દો બધા મુનિરાજે... '**સ્વાત્માશ્રિત...**' પૂર્ણ અખંડ આનંદનો કંદ પ્રભુ, તેને આશ્રિત, તેની સન્મુખ, તેમાં લીનતા, તેનું અવલંબન એવી જે ક્રિયા તેને નિશ્ચય નામ સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. જૈનધર્મમાં એને સાચો ધર્મ કહેવામાં આવે છે. '**અને નિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપે, પરમમુનિ સદા આવશ્યક કરો.**' આહા..હા..! હે મુનિ! 'आवासयं कुज्जा' છેને? 'तम्हा आवासयं कुज्जा' મૌનપણે રાગના ભાગ વિનાનું, ચૈતન્યના આનંદના આશ્રયે આવશ્યક કરો, એમ કહે છે. છે? '**પરમ મુનિ સદા આવશ્યક કરો.**' આ આવશ્યક કરવાલાયક છે.

'**(હવે, આ ૧૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**' ૨૫૬.

(मंदाक्रांता)

आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं
कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मुलभूतम्।
सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः
वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति।।२५६।।

'**શ્લોકાર્થ :- આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ—કે જે અઘસમૂહનું નાશક છે અને મુક્તિનું મૂળ (-કારણ) છે તેને જ—અતિશયપણે કરવું.'**

આહા..હા..! **'આત્માએ અવશ્ય...'** નામ જરૂર **'માત્ર સહજ-પરમ-આવશ્યક...'** સહજ-પરમ-આવશ્યક આનંદની પરિણતિ દશા. અતીન્દ્રિય આનંદ અને વીતરાગની દશારૂપી આવશ્યક કર્તવ્ય કરવાલાયક છે. આહા..હા..! એ આવું થતું હશે મુનિને? મુનિને એવું થાય તો એને મુનિ કહેવાય. **'આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને...'** ભાષા જુઓ, વ્યવહાર આવશ્યક વચમાં વિકલ્પ હોય, પણ માત્ર કરવાલાયક તો આ એક જ છે. પંચમહાવ્રત આદિના ભાવ હોય, પણ એ તો વચમાં આવે છે, એ કરવાલાયક છે એમ નહિ. આહા..હા..! રાગ કરવાલાયક કેમ હોય જૈનદર્શનમાં?

**'માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ...'** એકને જ. આ તો એકાંત થઈ ગયું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' એ જ આત્માનો આશ્રય લઈને આવશ્યક એ જ કરવાલાયક છે. સમજાણું કાંઈ? જૈનમાર્ગમાં કુંદકુંદાચાર્ય કે તીર્થંકરની આ આજ્ઞા છે. કુંદકુંદાચાર્યનું છેને આ? **'आवासयं कुज्जा'** એમ છેને? એનો અર્થ કર્યો છે. **'આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને...'** આહા..હા..! સહજાનંદ પ્રભુ એને વળગીને, એકાગ્ર થઈને જે આવશ્યક કરવું તે જ કરવા જેવું છે. આહા..હા..! આકરું લાગે નિશ્ચયનું. વ્યવહારની તો કાંઈ કિંમત જ ન મળે આમાં. બંધનું કારણ વ્યવહાર. આ મોક્ષનું કારણ આ નિશ્ચય. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, **'આત્માએ...'** જરૂર. **'અવશ્ય...'** એટલે જરૂર. **'માત્ર સહજ-પરમ-આવશ્યકને...'** સ્વભાવિક ચૈતન્યને આશ્રયે વીતરાગી પરિણતિ થાય પર્યાય તે **'એકને જ...'** એકને જ કરવા જેવું છે એમ કહે છે. **'કે જે અઘસમૂહનું નાશક છે...'** છ આવશ્યક એટલે આત્માના સ્વભાવને આશ્રયે નિર્વિકલ્પસમાધિ, નિર્વિકલ્પઆનંદ એ એક જ અઘસમૂહનો નાશક છે. અઘ નામ પુણ્ય અને પાપ બેયનો નાશ કરનારો એ છે. શુભ અને અશુભ બેય. એ શુભ અને અશુભ બેય અઘ છે, પાપ છે. આકરી વાત છે.

**શ્રોતા :-** પાપ ક્યાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નીચે લખ્યું છે. **'ઓઘ = દોષ; પાપ.'** અઘ લખ્યું છેને અઘ? અઘનો અર્થ કરી નાખ્યો. **'(અશુભ તેમ જ શુભ બન્ને અઘ છે.)'** છે અંદર, જુઓને. **'અઘસમૂહનું નાશક છે...'** પાઠમાં છેને? આહા..હા..! **'અને મુક્તિનું મૂળ છે...'** શુદ્ધ ચૈતન્યસ્વભાવ એને આશ્રયે થયેલી વીતરાગી આનંદની દશા એ એક જ **'અઘસમૂહનું નાશક છે...'** શુભ અને અશુભ બેયનો નાશ કરનારું આ ચારિત્ર છે. આહા..હા..! માણસને એવું લાગે વ્યવહારની વાત.. પણ નિશ્ચય. પણ નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો ઉપચારિક વચમાં વિકલ્પ આવે, પણ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ નિયમસારમાં તો એક જ ઘૂટ્યું છે. કારણપરમાત્મા ત્રિકાળી!

કળશમાં પણ એ લીધું. જેને મોક્ષ જોતો હોય એટલે કે પૂર્ણ આનંદની પ્રાપ્તિ તે મોક્ષ.

પૂર્ણાનંદની પ્રાપ્તિ તે મોક્ષ જેને જોતો હોય, પ્રાપ્તિ કરવી હોય તો એણે આત્માને આશ્રયે જે જરૂર આવશ્યક ક્રિયા જે નિર્મળ આનંદની તે કરવાલાયક છે. એક જ ક્રિયા એ કરવાલાયક છે. છે એમાં? '**એકને જ...**' રાગ પણ કરવા જેવો છે અને આ પણ કરવા જેવું છે એમ .. કીધુંને? રાગ કરવા જેવો નથી, પણ રાગ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ આવે, પણ એ કરવાલાયક નથી. આહા..હા..! આવો માર્ગ ઝીણો બહુ લોકોને માટે. સાંભળ્યો ન હોયને એને એવું લાગે કે આ તો બધા વ્યવહારના ભુક્કા ઉડી જાય છે. વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે એ તો આમાં રહેતું નથી કાંઈ. આહા..હા..! ચાર ગતિના દુઃખમાં દુઃખી થયેલો પ્રાણી સ્વર્ગમાં પણ દુઃખ છે. રાગનું વેદન ત્યાં દુઃખનું વેદન છે. સ્વર્ગમાં પણ આત્માનું સુખ નથી. આત્માનું સુખ તો અંદર આત્માને આશ્રયે પ્રગટ કરે ત્યારે સુખ થાય. એ સુખ એ ચારિત્ર દશા છે. સમ્યગ્દર્શન એ સુખરૂપ છે, સમ્યગ્જ્ઞાન એ સુખરૂપ છે, સમ્યક્ચારિત્ર પણ સુખરૂપ છે. મોક્ષનો માર્ગ ત્રણે દ્રવ્યને આશ્રયે થયેલો સુખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**મુક્તિનું મૂળ છે...**' '**સહજ-પરમ-આવશ્યકને એકને જ...**' કરવાલાયક છે '**કે જે મુક્તિનું મૂળ** (કારણ) **છે...**' મોક્ષનું કારણ એ આનંદની ક્રિયા. ચૈતન્યના આશ્રયે થતી વીતરાગી આનંદની ક્રિયા એક જ મોક્ષનું મૂળ કારણ છે. '**તેને જ...**' '**તેને જ--અતિશયપણે કરવું.**' ખાસ અતિશયપણે એને કરવું. અંતર્મુખ આત્માની ક્રિયા એણે જ કરવી એમ કહે છે. આહા..હા..! આનંદનું ધામ ભગવાન, સુખનું ધામ આત્મા, અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા, એમાં એકાગ્રતાની ક્રિયા જરૂર કરવાની છે. આવશ્યક છેને.

'**(એમ કરવાથી), સદા નિજરસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે...** ' આહા..હા..! '**(એમ કરવાથી), સદા નિજરસના ફેલાવ...**' આત્મામાં આનંદનો વિસ્તાર પડ્યો છે આખો. અતીન્દ્રિય આનંદનું દળ છે. '**પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા...**' આહા..હા..! '**સદા નિજરસના ફેલાવથી...**' નગ્નમુનિ દિગંબર છે. પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે કેવો છે ભગવાન આત્મા? એ તો '**સદા નિજરસના ફેલાવથી પૂર્ણ ભરેલો...**' છે. અતીન્દ્રિય આનંદના જેમ પાણીથી ભરેલો ઘડો હોય એ ઘડો જુદો અને પાણી જુદું. આ એમ નહિ. આ તો મીઠાશથી ભરેલી જેમ સાકર હોય, એમ નિજરસના ફેલાવથી ભરેલો ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શક્કરકંદનો દાખલો આપીએ છીએને ઘણીવાર? શક્કરકંદ નહિ શક્કરકંદ. શું કહે છે? શક્કરકંદી. અમારે શક્કરકંદ કહે. એ શક્કરકંદમાં ઉપરની લાલ છાલ હોય છે એને છોડીને આખો મીઠાશથી ભરેલો છે. એકલી મીઠાશ-મીઠાશ. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પની છાલ લક્ષમાં ન લ્યો તો એકલો અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે. અરે..! એની સામું જોવાનો વખત-નવરાશ ક્યાં છે? બહાર સામું જોઈ-જોઈને રખડી મર્યો. ભગવાનને

જોયા, પરમેશ્વરની વાણી સાંભળી એ બધું બહાર. પણ અંદરમાં ચૈતન્યનો નાથ પડ્યો છે એની સામું કોઈ દિ' જોયું નહિ એણે. આહા..હા..! ભગવાન એમ કહે કે અમારી સામું જોવું છોડી દે અને તારી સામું જો હવે, એમ કહે છે. અમારી સામું તો અનંતવાર જોયું. સમવસરણમાં અનંતવાર ગયો. પૂજાઓ અનંતવાર ભગવાનની સમવસરણમાં સાક્ષાત્ પૂજા અનંતવાર કરી, પણ એ તો શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. આહા..હા..! હવે એકવાર તારી સામું તો જો. અંદર સાક્ષાત્ ભગવાન બિરાજે છે. કહો, ભગવાનજીભાઈ! તું ભગવાન છો એમ કહે છે. સ્વભાવથી તું પૂર્ણ ભગવાન છો, એની સામું જોને, એનો આશ્રય લેને, ત્યાં નજરને નાખને નિધાનમાં, તને આનંદ આવશે. સમજાય છે કાંઈ? આનંદ આવશે એટલે ધર્મ થશે એમ. આહા..હા..!

**'પવિત્ર અને પુરાણ...'** કેવો છે આત્મા? પવિત્ર છે અને જૂનો અનાદિનો છે. પર્યાયમાં નવો આનંદ પ્રગટે, વસ્તુમાં આનંદ તો અનાદિનો છે. આહા..હા..! નિશ્ચયતત્ત્વની વાત લોકોને એવી લાગે. ન એનો પ્રેમ હોય તો લુખ્ખી લાગે. કાંઈ કરવું શું અમારે એ તો કહેતા નથી. આ કરવાનું નથી કહેતા? ભગવાન આનંદસ્વરૂપ ..ફેલાવથી ભરેલું તત્ત્વ છે. સનાતન આત્મા વાણીથી દૂર છે. આહા..હા..! **'એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે.'** આવું આવશ્યક કરવાથી, આવો જે આનંદથી ફેલાવ એવો ભગવાન આત્મા એને પર્યાયમાં પ્રાપ્ત કરે છે. આહા..હા..! આ કરવાનું નથી? આવશ્યક કરવાની વાત છે. આહા..હા..! અંતરની ક્રિયાની સૂઝ પડતી નથી. બહારની ક્રિયામાં જામી ગયેલો પ્રેમ એને દૂર કરતો નથી. સમજાણું કાંઈ? રખડી મર્યો અનંતકાળથી. આ બધા પૈસાવાળા ભિખારા દુઃખી છે બિચારા. એ કરોડપતિ હોય કે અબજપતિ. ભિખારામાં ભિખારા છે. માગે. માગણ-માગણ. લાવો... લાવો... લાવો... માગણ મોટા. ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદરમાં માગતો નથી જ્યાં પડ્યું છે ત્યાં અને જેમાં નથી પોતે અને જેમાં નથી ઈ વસ્તુ આમાં. જેમાં પોતે નથી અને તે ચીજ આમાં નથી એની માગણી કરે છે.

**શ્રોતા :-** માગણી કરે છે અને મરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મરે છે માગણી કરીને. આહા..હા..! કહ્યું હતુંને, એક દરબાર આવ્યા હતા એકવાર. ભાવનગર દરબાર હતાને એ ગુજરી ગયા હમણા. કરોડનો તાલુકો. કરોડરૂપિયાનું રાજ આ ભાવનગર. વ્યાખ્યાનમાં આવ્યા. તો વ્યાખ્યાનમાં કહ્યું હતું, દરબાર! આ મહિને લાખ માગે એ નાનો માગણ. માગણ સમજ્યા? ભિખારી. અને કરોડ માગે એ મોટો મહા ભિખારી. અમારે ક્યાં એની આગળથી પૈસા લેવા હતા? ના, બિચારો નરમ હતા. ગુજરી ગયા. કૃષ્ણકુમાર હતા. એ આવ્યા હતા. મહિને પાંચ હજાર માગે એ નાનો માગણ ભિખારી

અને લાખ માગે એ મોટો અને કરોડ માગે એ તો ભિખારીમાં ભિખારી મોટો છે. માગ-માગ માગણ લાવ, લાવ અને લાવ.

અહીં તો કહે છે, બાદશાહ આનંદનો નાથ મારો. મારે બહારનું કાંઈ જોઈતું નથી અને અંદરમાં મારે બધું ભર્યું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને અંદરમાં લક્ષ્મી ભાસે છે. આહા..હા..! છેને ઓલામાં આવે છેને ...માં 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે, ઘટમેં પ્રગટ સદા' આવે છેને? સમયસાર નાટક. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે, ઘટમેં પ્રગટ સદા, અંતરકી લક્ષ્મી સો અજાતિ લક્ષપતિ હૈ. દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો, સુખિયા ઐસા સદૈવ...' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ સદા સુખી. આત્માના અંતરના આનંદની જેને રુચિ અને પરિણતિ થઈને આનંદ પ્રગટ્યો છે એ બધા સુખી છે. 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' એ બધા દુરિજન રાગ અને લક્ષ્મીને માગનારા દુઃખીયા નામ દુઃખીના ઢગલા છે.

અહીંયાં કહે છે કે કરવું હોય તો આ કરને ભાઈ! કે '**સદા નિજરસના ફેલાવથી...**' આનંદથી ભરેલો ભગવાન તને પ્રાપ્ત થશે. મોક્ષ એટલે પૂર્ણ. પર્યાય તો... છે? '**મુક્તિનું મૂળ** (કારણ) **છે તેને જ—અતિશયપણે કરવું.**' જેની સનાતન પુરાણપુરુષ આત્મા વાણીથી દૂર, વચનથી અગોચર. અહીં તો વાણી કીધું છે. ત્યાં ચાર ભાવથી દૂર છે. ચાર ભાવથી અગોચર એટલે ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ઉદયભાવ ચાર છે. પણ ચાર તો પર્યાય છે એ. પર્યાયને આશ્રયે જણાય એવો નથી. માટે અગોચર કરવો. આહા..હા..! અપૂર્વ વાત છે, ભાઈ! એવા સુખને પામશે. એવા કોઈ સ્વભાવિક આનંદરૂપી શાશ્વત સુખને પામશે. નિજ આત્માને આશ્રયે નિશ્ચય-આવશ્યક સમાધિ શાંતિની, આનંદની કરતા તે આત્મા પૂર્ણ સુખને પામે છે. મોક્ષને પામે છે. ૨૫૭.

(अनुटुभ्)

स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम्।
**इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः।।२५७।।**

'**શ્લોકાર્થ :- સ્વવશ મુનિન્દ્રને...**' જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એને જે વશ પડ્યો છે અંદરમાં, તે રાગને વશ કરતો નથી. પુણ્ય અને પાપના રાગની ક્રિયામાં જેનું વશપણું નથી, પણ વશ તો સ્વરૂપમાં વશપણું છે. એ '**મુનીંદ્રને ઉત્તમ સ્વાત્મચિંતન...**' આહા..હા..! ભાષા તો એમ છે ચિંતન. '(**નિજાત્માનુભવન**)...' ચિંતનની વ્યાખ્યા આ છે. ચિંતન એટલે ચિંતવવું એમ નહિ. '**સ્વવશ મુનીંન્દ્રને ઉત્તમ સ્વાત્મચિંતન** (**નિજાત્માનુભવન**)...' નિજ આત્માનો અનુભવ. આહા..હા..! ચિંતનની એ વ્યાખ્યા કરી. ચિંતવવું એટલે વિકલ્પથી આ આવો છે એમ નહિ. ચિંતનનો અર્થ વસ્તુમાં એકાગ્ર થવું તે ચિંતન.

'(**નિજાત્માનુભવન**)...' છેને? 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ

માર્ગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ નિજાત્માનુભવન. આહા..હા..! પૂર્ણાનંદના નાથને અનુસરીને ભવન વીતરાગી પર્યાયનું થવું એ નિજાત્માનુભવન. સ્વવશ મુનિન્દ્રને નિજાત્માનુભવન હોય. આહા..હા..! '**અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ...**' નિજ આત્માના અનુભવરૂપી કાર્ય '**(તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે.**' મોક્ષના સુખનું આ કારણ થાય છે. દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ એ બંધના કારણ છે પુણ્ય. આહા..હા..!

'**સ્વવશ મુનીન્દ્રને...**' પોતાના આત્મામાં જે તાબે થયો છે. શુદ્ધ આત્મામાં શુદ્ધ ઉપયોગથી જે તાબે થયો. શુદ્ધ આત્મામાં શુદ્ધ ઉપયોગથી તાબે થયો છે એવા મુનીંદ્રને ઉત્તમ અનુભવ હોય છે, એને આત્માના આનંદનો અનુભવ હોય છે. એ અનુભવ આવશ્યક કર્મ. એ અનુભવ આનંદનો એ જ એને અવશ્ય કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને મુક્તિ સુખનું કારણ આ એને મુક્તિના સુખનું કારણ થાય છે. નિજાત્માને આશ્રયે નિર્મળ વીતરાગી પરિણતિ એ આવશ્યક-કર્મ તે મુક્તિના સુખનું કારણ થાય છે. વ્યવહાર-ફ્યવહાર વચ્ચેનો છે એ મુક્તિનું કારણ થતું નથી. હોય વ્યવહાર, અશુભથી બચવા વ્યવહાર આવે. અનુભવીને, સમકિતીને પણ અશુભથી બચવા શુભ આવે, પણ એ શુભભાવ બંધનું કારણ છે. સમકિતીને પણ બંધનું કારણ છે. આહા..હા..! આ એક નિજાત્માનુભવન એ એક જ મોક્ષનું કારણ છે. બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૧૪, બુધવાર, તા. ૧૭-૧૨-૧૯૭૫
## ગાથા-૧૪૯, કળશ-૨૫૮, પ્રવચન નં. ૧૨૭

નિશ્ચય-પરમાવશ્યક. આત્માને યથાર્થપણે અવશ્ય કરવાયોગ્ય ક્રિયા ધર્મની કેવી હોય એનું વર્ણન છે. ૧૪૯.

आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा।
आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा।।१४९।।
આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.

'**ટીકા :- અહીં, આવશ્યક કર્મના અભાવમાં...**' જે આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ આનંદઘન આત્મા નિરંજન નિરાકાર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે. એની જેને અંતર્મુખની ક્રિયા, સ્વભાવની ક્રિયા જેને નથી, અંતર આનંદની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નથી, તેને આવશ્યક કર્મ નથી, તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા અંતર નિરંજન

શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાનાનંદસ્વરૂપની એકાગ્રતાની સ્વવશની ક્રિયા જેને નથી એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

‘**અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક-કર્મથી નિરંતર સંયુક્ત...**’ શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! આ આત્મા આનંદ સચ્ચિદાનંદસ્વરૂપ શુદ્ધ ચિદ્ ઘન એની અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ. એની અભેદ નામ નિશ્ચયની વસ્તુનું નિશ્ચય નિર્ણય, વસ્તુનો નિશ્ચય નિર્ણય સમ્યગ્દર્શન. વસ્તુનો નિશ્ચય જ્ઞાન સ્વસંવેદન અને વસ્તુનો આચરણ સ્થિરતા એવું અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ. એ વસ્તુમાં અભેદ-રત્નત્રયસ્વરૂપ. આ પર્યાયની વાત છે. વસ્તુ પોતે અભેદ ચિદાનંદસ્વરૂપ, પણ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ અભેદ-અનુપચાર. સ્વરૂપમાં એકાગ્રતારૂપ અભેદ-અનુપચાર. ઉપચાર નહિ, યથાર્થ. એવું ‘**સ્વાત્માનુષ્ઠાનમાં...**’ આહા..હા..! સ્વ આત્મ અનુષ્ઠાન. ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ એનું અનુષ્ઠાન. એનું જે આચરણ. આહા..હા..! નીચે છે. ‘**નિજ આત્માનું આચરણ. (પરમ આવશ્યક કર્મ અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે...**’ સ્વાત્મચરણમાં નિયમતથી રહેલું. નિશ્ચયસમ્યગ્દર્શન સ્વભાવ પૂર્ણાનંદની અનુભવમાં પ્રતીતિ, આત્માના આનંદનું જ્ઞાન અને આનંદમાં રમણતા એવી પરમાવશ્યક જે ક્રિયા એ ‘**અર્થાત્ તે સ્વાત્માચરણ...**’ એ આત્મામાં રમણતા. તેને નિયમથી રહેલું છે.

વસ્તુ આત્મા અખંડ આનંદસ્વરૂપ એની સ્વસન્મુખની અનુભવ કરીને પ્રતીતિ સમ્યગ્દર્શન. એ અભેદ સમ્યગ્દર્શન. એના સ્વરૂપનો સ્વ-આશ્રયનું સ્વસંવેદન જ્ઞાન એ આત્માનું જ્ઞાન અને એમાં રમણતા આનંદમાં એ આત્માનું આચરણ. એ ત્રણ થઈને આત્માનું આચરણ છે કહે છે. ‘**સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે...**’ આ અભેદ-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે. ‘**સ્વાત્માચરણ જ પરમ આવશ્યક કર્મ છે.)**’ આહા..હા..! સ્વ આત્મા, શુદ્ધ ચૈતન્યઘન આત્મા એનું આચરણ તે આવશ્યક કર્મ છે. કહો, ધન્નાલાલજી! આહા..હા..! ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ એવો જે સ્વસ્વભાવ એનું આચરણ, સ્વનું આચરણ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વનું આચરણ એ પરમ આવશ્યક કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દેહની ક્રિયા તો આ જડ, માટી, ધૂળ. દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ અંદર થાય એ પણ રાગ અને પુણ્ય, વિકાર. સ્વ આત્માનું જે આચરણ અંદર નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ. આહા..હા..! એની અભેદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વાત્માચરણ છે. અને એ સ્વાત્માચરણ તે અવશ્ય કાર્ય જેવું છે. કહો, સુમનભાઈ! આ તો સવારે પણ બહુ આવ્યું હતું. આહા..હા..! મૂકને પરની પંચાત કહે છે હવે. ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ બિરાજે છે આત્મતત્ત્વ એ તો આનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! એવા આનંદના સ્વભાવમાં જેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થઈ છે તે સ્વ આત્માનું આચરણ છે તે આવશ્યક કર્તવ્ય છે. આહા..હા..!

ઓલા છ આવશ્ય કહે છેને બહારના—દેવની સેવા, ગુરુને વંદન એ તો વિકલ્પ છે. શ્રાવકના છ આવશ્યક કહે છેને એ તો વ્યવહાર-વિકલ્પ છે, એ નહિ. આ તો આત્મા આનંદનો અતીન્દ્રિય આનંદનું દળ, અતીન્દ્રિય આનંદનો રસ સ્વભાવ. તેમાં તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેનું આચરણ એ સ્વાત્માચરણ છે. આહા..હા..!

**શ્રોતા :-** એ આવશ્યક છે, આ પરમાવશ્યક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવશ્યક છે અને આ પરમ આવશ્યક આ એક જ છે. એ આવશ્યક નથી, ઉપચારથી કહેવામાં આવે છે. એવી વાતું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજું આવશ્યક હોય છે. લેશે. પણ એ રાગ હોય છે એટલું. એ ખરું આવશ્યક નથી. ખરું આવશ્યક ભગવાન ચિદાનંદસ્વરૂપની અંદર એકાગ્રતા એ આચરણ સ્વનું છે. આહા..હા..! મૂળ એ ચીજ શું છે એનું માહાત્મ્ય જ એને આવ્યું નથી. આખો અતીન્દ્રિય આનંદનો સાગર છે. આત્મા એટલે અતીન્દ્રિય આનંદનો દરિયો. આહા..હા..!

**શ્રોતા :-** એ દરિયો હોય એ આટલામાં સમાઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલામાં સમાઈ જાય. આહા..હા..! એને ક્ષેત્રની કાંઈ મોટપની જરૂર નથી. એના ભાવની ગંભીરતાની મહત્તાની જરૂર છે એને. ક્ષેત્ર ભલે આટલું હોય. આહા..હા..! એ તો એક શરીરમાં અનંત નિગોદ જીવ છે, છતાં એક શરીરમાં એક-એક આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એને સ્વભાવને ક્ષેત્રની જરૂર નથી. સમજાણું કાંઈ? જેનું સ્વરૂપ સ્વસ્વભાવ ત્રિકાળીભાવ સ્વભાવ અભેદભાવ. એની અનંતતા. એ અનંતતામાં કાંઈ નિયત નથી એને. એવો જ આત્મસ્વભાવ છે. એવા આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અનુષ્ઠાન. એ ત્રણ થઈને સ્વાત્મ આચરણ છે. સ્વાત્મ આચરણમાં એ ત્રણ રહ્યા છે.

**શ્રોતા :-** સવારમાં તો ત્રણ આત્મામાં ન હોય એમ આવ્યું હતું. અને અહીંયાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્રિકાળમાં ન હોય. આ તો પર્યાયમાં. ત્રિકાળમાં નથી. એ પ્રશ્ન ક્યાં છે અહીં? અહીં તો આવશ્યક કાર્યની વાત છે. ત્રિકાળ વસ્તુ છે એ આ ત્રણ આચરણરૂપ પર્યાય છે ઈ ત્રિકાળમાં નથી.

**શ્રોતા :-** એ વાત હતી સવારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ છે એક સમયમાં નિત્ય ધ્રુવ. સનાતન અનાદિ-અનંત આત્મા. એ વસ્તુમાં આ આચરણની પર્યાય એમાં નથી, પણ એનું આચરણ જે થાય ત્રિકાળીનું એવી પર્યાયમાં આ આચરણ છે.

**શ્રોતા :-** પીને તો બેઠો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પીને બેઠો એ તો અંદર ગુણની પર્યાય. આ તો આચરણની

પર્યાયની વાત છે.

**શ્રોતા :-** એને નથી પી(ને બેઠો)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; વર્તમાન પ્રગટ આચરણની આવશ્યક ક્રિયાની વાત છે. સમજાણું કાંઈ? અનાદિ અભ્યાસ નહિ. એની એ ચીજ આ આત્મા અંદર વસ્તુ છે એક સમયની પર્યાયની પાછળ. એક સમયની હાલત છે એની પાછળ આખું તત્ત્વ જે છે એ કેવડું અને કેમ છે એવી એણે કોઈ દિ' પ્રતીત કરી જ નથી. આહા..હા..! શાસ્ત્ર ભણી ગયો, વાંચી ગયો, ગોખી ગયો, પણ એ રહ્યો ગોખવામાં શાસ્ત્રમાં. આત્મા શું છે એમાં ન આવ્યો ઈ. સમજાણું કાંઈ?

ભાષા કેવી કરી જુઓને, એ '**સ્વાત્માનુષ્ઠાનમાં નિયત...**' એટલે? '**અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક...**' કર્મ છે. એ '**નિરંતર સંયુક્ત એવો જે સ્વવશ નામનો પરમશ્રવણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે;...**' આહા..હા..! એક-એક શબ્દમાં કેટલી ગંભીરતા પડી છે જુઓ. આ દેહ છે એ તો જડ, માટી, ધૂળ છે આ. એ કાંઈ આત્મા નથી. અંદર પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ એ પણ વિકલ્પ અને રાગ છે. એનાથી રહિત અંદર તત્ત્વ જે ચૈતન્ય તત્ત્વ કહીએ, આત્મતત્ત્વ કહીએ. એકલો પર્યાયની પાછળ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતાના અનંત ગુણોથી ભરેલો ભરપૂર તત્ત્વ છે. આહા..હા..! એ અનંત ગુણથી ભરેલો ભગવાન આત્મા. બીજો ભગવાન નહિ હોં. આ આત્મા ભગવાન. આહા..હા..! અરે..! નવરો ક્યાં છે આ અંતરમાં જોવા માટે. બહારમાં ને બહારમાં ભટક્યા કરે છે.

અહીં તો કહે છે, પ્રભુ! તું જો તો ખરી, એકવાર નજર તો કર તું કોણ છો અંદર? એ સ્વ આત્માનું અનુષ્ઠાન આચરણ આવશ્યક-જરૂરનું કાર્ય એને કહીએ કે જે ત્રિકાળી આનંદની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ સ્વ આત્માનું આચરણ તેને અવશ્ય કાર્ય કહેવામાં આવે છે. આવું ...માં તમારે આવતું નહિ હોય બધું ત્યાં. આહા..હા..! ત્રણ બોલ વાપર્યા. શું ત્રણ? કે '**અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક...**' નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ '**સ્વાત્માનુષ્ઠાન...**' એ સ્વ આત્માનું આચરણ. એ '**નિયત પરમાવશ્યક કર્મને...**' એ નિશ્ચયથી આવશ્યક કાર્ય આત્માનું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વસ્તુ તો ત્રિકાળ છે અનાદિ-અનંત. આત્માની ઉત્પત્તિ નથી, તેમ આત્માનો કદી નાશ નથી. એ તો અનાદિ-અનંત અવિનાશી છે. એવા આત્મામાં અવિનાશી શક્તિઓ જે અનંત પડી છે. આહા..હા..! એવા શક્તિવંત તત્ત્વનું જેણે અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એ અભેદ સમ્યગ્દર્શન છે. વ્યવહાર છે એ વિકલ્પ છે. એ અભેદ છે. એવા અંતર્મુખનું જ્ઞાન પ્રગટ કર્યું સ્વદ્રવ્યને આશ્રયે એને આશ્રયે જે રમણતા પ્રગટ કરી એ અભેદરત્નત્રયસ્વરૂપ સ્વાત્માનુષ્ઠાન તે અવશ્ય આત્માનું કાર્ય છે. આહા..હા..! કહો, સમજાણું કે નહિ? ત્રણ બોલે આત્માને પર્યાયમાં સમજાવી દીધો.

પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવા આત્માની અંતરમાં સન્મુખ થઈને જે પ્રતીતિ, એની સન્મુખનું જ્ઞાન, એની સન્મુખનું આચરણ એ અભેદ રત્નત્રય આચરણ તે સ્વાત્મ આચરણ તે આવશ્યક કાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ? એક લીટીમાં તો કેટલું ભર્યું છે!

**શ્રોતા :-** પણ બહુ ઘણું કઠીન કાર્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠીન નથી. અંતરમાં સરળ છે. કઠીન માની લીધું છે. આહા..હા..! છે એની પ્રતીતિ કરવી એમાં કઠણ શું? છે એનું જ્ઞાન કરવું એમાં કઠણ શું? છે એમાં આચરણ સ્થિર કરવું એમાં કઠણ શું છે? એ તો છે. અભ્યાસ નથીને એટલે (કઠણ લાગે છે).

**શ્રોતા :-** તમે તો બરાબર ફરમાવો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..! અભેદ ઉપચાર વિનાનું રત્નત્રયસ્વરૂપ એ પર્યાય. એ સ્વાત્માનુષ્ઠાન એટલે કે સ્વ આત્મ અનુષ્ઠાન. એ ત્રણ પર્યાય એટલે સ્વાત્માનુષ્ઠાન. એ નિયત-નિશ્ચય પરમાવશ્યક કર્મ. એ નિશ્ચય પરમ આવશ્યકની ક્રિયા. આહા..હા..! એનાથી '**નિરંતર સંયુક્ત...**' જોયું! આહા..હા..! પૂર્ણાનંદના નાથના આચરચણમાં જે નિરંતર સંયુક્ત છે, સહિત છે '**એવો જે સ્વવશ નામનો પરમશ્રમણ...**' એ પોતાનો આનંદ સ્વભાવ આત્માનો. એને સ્વવશની ક્રિયા જેણે કરી એ સ્વવશ મુનિ છે એને સ્વવશ મુનિ કહીએ. બાયડી, છોકરા છોડ્યા અને નાગો થઈને ફરતો હોય એથી સાધુ છે એમ નહિ. અંતરમાં આનંદના નાથને નિરંજન નાથ પરમાત્મા છે પોતે. એમાં સ્વવશ થઈને, પોતાને જ વશ થઈને જે પરિણમન કર્યું. આહા..હા..! એ પરમશ્રમણ, એ પરમ સાધુ, '**તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે;...**' અંતરાત્માના ત્રણ ભેદમાં સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે. સમજાણું કાંઈ? આમ છે.

'**આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.**' અંતર આત્માની ઉત્કૃષ્ટ દશાનું વર્ણન કર્યું. અંતર ભગવાન પૂર્ણાનંદસ્વભાવ આત્માનો એના સ્વ આચરણમાં જે સ્વવશ થઈને રહે છે તે સાધુ સર્વોત્કૃષ્ટ અંતર આત્મા સર્વોત્કૃષ્ટ છે. આહા..હા..! એ '**મહાત્મા...**' આહા..હા..! '**સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે. અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે.**' છે? એટલે? જેને આત્મા આનંદનો અંતર અનુભવ થઈને પ્રતીતિ થઈ, પણ જેને હજી સ્થિરતા ચારિત્રની નથી એ અસંયત સમ્યગ્દષ્ટિ. સંયતપણું એટલે ચારિત્રની રમણતાનો જ્યાં અભાવ છે, પણ શુદ્ધ ચૈતન્યઘનની એનું જ્ઞાન થઈ અને એની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થયું છે એ '**અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય...**' નીચલા દરજ્જાનો એ અંતરાત્મા છે. નીચલા દરજ્જાનો એ આત્મા અંતરાત્મા પર્યાયમાં કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું આમાં કાંઈ? આવી વાતું છે, ભાઈ! ઓલું તો કાંઈ કરે અને આમ કરો, વ્રત કરો અને અપવાસ કરો, આ કરો. કરો તો એ કાંઈક દેખાય. ધૂળેય નથી. હવે એ તો વિકલ્પ રાગ છે. આ તો રાગ વિનાનો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિરંજન નિરાકાર આત્મા આનંદનો નાથ પોતે. આહા..હા..!

બધા આત્મા એવા છે હોં આ બધા. દેહ ભલે ફેર હોય, ..ભલે ફેર હોય, ગતિ ભલે ફેર હોય, વસ્તુ તો આવી છે બધા ભગવાન. આહા..હા..!

એ અસંયત નામ સંયત સ્થિરતા નથી અંદર, ચારિત્ર નથી, પણ વસ્તુ છે પૂર્ણાનંદસ્વરૂપ એનું જ્ઞાન થઈને, એની પ્રતીતિ નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ '**જઘન્ય અંતરાત્મા છે.**' એ નીચલા દરજ્જાનો અંતરાત્મા છે. ઓલો ઉંચા દરજ્જાનો સર્વોત્કૃષ્ટ આત્મા છે. પહેલું કીધું ઈ. '**એ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે.**' સર્વે અંતરાત્મા. પાંચમે ગુણસ્થાને. સાચા જેને શ્રાવક કહીએ. શ્રાવક એટલે આ વાડાના રહ્યા એ શ્રાવક નથી. અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં લીનતા થઈ જેને. અસંયત ગુણસ્થાન કરતા પાંચમા ગુણસ્થાનમાં જરી આનંદની એકાગ્રતા વધી છે, શાંતિ વધી છે અંદર. શાંતરસનો સાગર છે. તદ્દન અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એની એકાગ્રતા થોડી સમકિત સહિતની વધી છે એને મધ્યમ અંતરાત્મા કહીએ, વચલા દરજ્જાનો અંતરાત્મા કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! એ ત્યાંથી માંડીને અગિયારમાં ગુણસ્થાન સુધી મધ્ય અંતરાત્મા છે. પરમાત્મા તો પછી થાય. અંતરાત્માની એકાગ્રતા પૂરી થાય એટલે પરમ સ્વરૂપની પ્રગટતા થાય તેને પરમાત્મા કહીએ. દરેક આત્મા પરમાત્મા થઈ શકે એવી તાકાત રાખે છે. આહા..હા..! એ પરમાત્માનું કારણ આ અંતરાત્મા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અત્યાર સુધી તો આનું કારણ જુદું કહેતા હતા. ધ્રુવનું આચરણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવનું જ કારણ છે, પણ અહીંયાં તો અત્યારે પર્યાયને કારણ લેવું છેને. મોક્ષમાર્ગથી મોક્ષ થાય એમ અત્યારે લેવું છે. બાકી મોક્ષ થાય એ ધ્રુવને આશ્રયે થાય. નિશ્ચયથી તો મોક્ષમાર્ગની પર્યાય તો વ્યય થઈ જાય છે. વ્યયમાંથી કાંઈ મોક્ષ પર્યાય આવતી નથી. મોક્ષપર્યાય તો ધ્રુવમાંથી આવે છે. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે એ પોતે. એમાંથી મુક્તદશા પર્યાય આવે છે.

**શ્રોતા :-** અલગ-અલગ શાસ્ત્રકાર પોતપોતાનું અલગ બતાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અલગ-અલગ બતાવતા નથી. શું અપેક્ષા છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્યારે પૂર્વ પર્યાયથી પછીની પર્યાય પ્રાપ્ત થાય એમ કહેવું હોય ત્યારે માર્ગથી, કારણથી કાર્ય થયું એમ કહેવાય, પણ જ્યારે એને ત્રિકાળ દ્રવ્યને આશ્રયે કહેવું હોય ત્યારે એકલું દ્રવ્ય કારણ છે કારણપરમાત્મા. એની પર્યાય કાર્ય ..એમાંથી થાય છે. સમજાણું કાંઈ? આવો ધર્મ. એ કરતા કોઈ મંદિર બનાવી દે, અપાસરો બનાવી દે, લાખ, બે લાખ રૂપિયા નાખી દે. ધર્મ થાતો હોય. ધૂળેય ધર્મ નથી સાંભળને તારા. કરોડ રૂપિયા ખર્ચને કોઈ અપાસરો અને દેરાસર અને મંદિર બનાવે તો એથી ધર્મ છે એમ ત્રણકાળમાં નથી.

**શ્રોતા :-** .. કરોડ રૂપિયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :–પણ આ તો કોક એવા થાય છેને. ઓલા શ્વેતાંબરના નહિ કેવા ઓલા? વસ્તુપાલ-તેજપાલ. વસ્તુપાલ-તેજપાલ જાત્રાએ નીકળેલા. કરોડો રૂપિયા. એ આબુમાં કર્યા છેને ઓલા? દેલવાડાના દેરા. કરોડો રૂપિયા આવે. એ નીકળે ત્યારે પોતે પૈસા ઘણા અને દાટવા ગયા. મકાનની જમીનમાં બહારમાં જ્યાં દાટવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. હીરાના. બાયડી કહે છે પણ તમારા પગે-પગે નિધાન તમારે દાટવાનું શું કામ છે તમારે? બાયડી કહે છે એને. આ શ્વેતાંબરની વાત છે હોં. ગમે તેટલા દેરાસર બનાવે, મંદિર બનાવે એ ધર્મ નથી. આ ચૈતન્ય ભગવાન આ બિરાજે છે આનંદનો નાથ નિરંજન શુદ્ધ એને અનુભવે અને એને સ્થિરતા કરે તો એને ધર્મ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, આવું મોટું મંદિર બનાવ્યું ૨૬ લાખનું. માટે એ ખર્ચનારને ધર્મ થતો હશે?

**શ્રોતા** :– ... તો ખરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધર્મ તો આત્માનો આનંદ સ્વભાવ છે તેમાં એકાગ્ર થાય તો ધર્મ થાય. સમજાણું કાંઈ? જે આત્મતત્ત્વ છે. ચૈતન્યતત્ત્વ છે ભગવાન દેહમાં ભિન્ન એવા આત્મતત્ત્વમાં એકાગ્ર થાય તો ધર્મ થાય, બાકી હરામ ધર્મ હોય તો. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

**શ્રોતા** :– એમણે પાયો નાખ્યો ત્યારે તો થયું છે આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો થવાનું હતું તો થયું. કોણ કરે એને? રામજીભાઈ ધ્યાન રાખતા હતા એમ કહેતા હતા. અપાસરા બહાર નીકળે, વ્યાખ્યાન સાંભળીને બહાર નીકળે તો બધા પૂછે એમને. શું થયું? કેમ થયું? કેમ થયું? પૂછે. ધ્યાન રાખતા માટે થાતું હશે? આહા..હા..! આવી વાત, બાપા!

અહીં તો પરમાત્મા પોતે ચિદાનંદ, અખંડાનંદ પ્રભુ ચૈતન્યનાથ અંદર પોતે બિરાજે છે. એની એકાગ્રતા કરે તો ધર્મ થાય બાકી હરામ છે. એના વ્રત પાળે ને અપવાસ કરે ને લાંઘણું કરીને મરી જાય અપવાસ કરીને, પણ ધર્મ નથી. આવી વાત છે, ભાઈ! આ તો પરમસત્યની વાતું છે. એ ભગવાનની ભક્તિ કરીને મરી જાય, સુકાઈ જાય આમ ભગવાન તો એ ધર્મ નથી, પુણ્ય છે.

**શ્રોતા** :– આમાં તો પરમભક્તિ આવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :–આ ભક્તિ આત્માની. આત્માની અંદર ભક્તિ ભજન કરવું. સ્વસ્વભાવનું ભજન કરવું એનું નામ ભક્તિ. આહા..હા..! ભારે વાત, ભાઈ!

અહીંયાં તો કહે છે કે જેણે આત્માના સ્વભાવમાં સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ સ્વ આત્મ અનુષ્ઠાન, તે આવશ્યક કાર્ય તે સર્વોત્કૃષ્ટ અંતર આત્માને પૂર્ણ હોય છે. અને જઘન્ય અંતરાત્માને ચારિત્ર હોતું નથી. સ્વરૂપાચરણ હોય છે પણ એ ચારિત્રની ગણતરીવાળું નહિ.

શ્રોતા :- સંયમ ગણાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંયમ જે કહેવાય એ નહિ. એને અંતર પૂર્ણ આનંદ અને જ્ઞાનની પ્રતીતિ અનુભવથી પ્રત્યક્ષ આત્માને થઈને, પ્રત્યક્ષ થઈને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈને પ્રતીતિ જે કરે એને જઘન્ય અંતરાત્મા ધર્મનો જઘન્ય સાધક કહેવામાં આવે છે. આવું છે, ભાઈ! માને, ન માને દુનિયા. વસ્તુસ્થિતિ આ છે. આગળ વધીને પંચમ ગુણસ્થાનમાં શાંતિ વધે તો એ મધ્યમ અંતરાત્મા છે. ત્યાંથી તે અગિયાર સુધી મધ્યમ. છે? '**સર્વે મધ્યમ અંતરાત્મા છે. નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.**' બહિર્ અંતર સ્વરૂપ આનંદને નથી એ જાણતો કાંઈ અનુભવતો નથી અને જે દયા દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ રાગ છે એને જ પોતાનો અનુભવે છે એ બહિરાત્મા છે. અંતરની ચીજથી બાહ્ય ચીજને અનુભવનારા બહિરાત્મા છે. સમજાણું કાંઈ? બહિરાત્મા એટલે? મિથ્યાદૃષ્ટિ મૂઢ છે ઈ. આ દેહને પોતાનો માને, રાગને પોતાનો માને, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એને પોતાના માને. એ અંતરની ચીજને ભૂલીને બાહ્ય ચીજને પોતાની માને એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે, એ સંસારનો સાધક છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. આવો ધર્મ કઈ જાતનો હશે?

શ્રોતા :- વીતરાગી ધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધર્મ આવો છે, બાપુ! ઝીણી વાત છે, ભાઈ! દુનિયા બહારથી મંડી પડી છે જાણે. આમ કરીએ, અપવાસ કરીએ. એ બધી રાગની ક્રિયા છે, ભાઈ! સ્વ આત્માનું વશપણું ન આવે ત્યાં સુધી એને ધર્મ ન થાય. જેટલી રાગને વશ થઈને ક્રિયા કરે એને બહિરાત્મા કહેવામાં આવે છે.

'**નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા...**' સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને જરી વિકલ્પ પણ હોય પૂર્ણ વીતરાગ નથી એટલે. એ વ્યવહાર આવશ્યક. બેથી પ્રણીત કહેવાયેલો પરમ આવશ્ય ક્રિયા. એ પરમ આવશ્યક આત્માના આનંદની ક્રિયા એમાં જરી વિકલ્પ હોય એ વ્યવહાર. આનંદની ક્રિયા એ નિશ્ચય. આવું ધર્મનું સ્વરૂપ હશે? તો એ દયા પાળો, દાન કરો એ તો સમજાય. પણ શું સમજવું છે? એમાં તો ધૂળ છે પરની. આ તો આત્મા અંદર આનંદનો નાથ શાંતિ અને આનંદથી છલોછલ ભરેલો આત્મા છે અંદર. એની ખબર ક્યાં છે એને? સમજાણું કાંઈ? એવા શાંતિના સ્વભાવથી ભરેલો એની પ્રતીત, જ્ઞાન અને રમણતા એ રહિત અને સાથે વિકલ્પરહિત બેય નથી જેને. નિશ્ચય હોય એને વ્યવહાર હોય. આ તો નિશ્ચય નથી એટલે વ્યવહાર પણ નથી એને.

'**એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.**' અંતર સ્વભાવથી ભિન્ન પુણ્ય-પાપના ભાવને પોતાના માને. કારણ કે પુણ્ય-પાપના ભાવ એના સ્વભાવ નથી, એ તો નીકળી જાય છે. પૂર્ણાનંદ પ્રગટ થાય એને પુણ્ય-

પાપનો ભાવ નાશ થઈ જાય છે. તો જે બહિર્ ચીજ છે એને પોતાની માને એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા અજ્ઞાની છે. ભલે પછી સાધુ થઈને નગ્ન હોય, હજારો રાણી છોડી હોય, પણ એણે અંતરમાં ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ એનો જેણે આશ્રય લીધો નથી અને રાગનો આશ્રય લઈને પડ્યો છે એ બધા મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? આહા..! આવું સ્વરૂપ છે. નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે પણ આ? આ અંતરાત્મા અને બહિરાત્મા. ભાઈ! એ જરી સમજવા જેવી ચીજ છે. અનંતકાળમાં એ સમજ્યો નથી.

**'શ્રી માર્ગપ્રકાશમાં પણ (બે શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** શ્લોક કહે છે.

(अनुष्टुभ)

**''बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।**
**बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः।।''**

**'શ્લોકાર્થ :- અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો)...'** પૂર્ણ પરમાત્મદશા આત્માની આનંદની અને જ્ઞાનની પૂર્ણ થાય. આત્માનું પૂર્ણ સ્વરૂપ છે એવી પર્યાયમાં પૂર્ણદશા થાય એને પરમાત્મા કહે છે. એ **'(અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા...'** અન્યસમય કીધા બેયને. હજી પૂર્ણ થયું નથીને. અંતરાત્માને અન્યસમયમાં નાખ્યા. પૂર્ણ નથી. પૂર્ણ આત્માની પૂર્ણ શક્તિની વ્યક્તતા પ્રગટ થાય તેને પરમાત્મા કહીએ. ચંદ્ર સોળ કળાએ ખીલે જ્યારે ત્યારે પૂનમ કહેવાય. ચંદ્ર પૂનમને દિ'. પૂનમ છેને? તે દિ' સોળ કળાએ ચંદ્ર આખો ખીલે. એમ આત્મા સોળ કળાએ પરમાત્મદશા પ્રગટ કરે એને આ પરમાત્મા કહેવામાં આવે છે. એ સિવાયના બહિરાત્મા અને અંતરાત્માને અન્ય સમયમાં નાખ્યા છે અહીં.

**શ્રોતા :-** બેયને એક સાથે કેમ લીધા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય પૂર્ણ નથી એટલે. એમાં આવે છે. રયણસારમાં આવે છે. **'અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો)...'** અન્યસમય એટલે અન્ય જીવો. પરમાત્મા પૂર્ણ આત્માની દશા પ્રગટ થાય... ઈન્દ્રિયોને પોતાની છે એમ માનવાવાળો બહિરાત્મા છે. આહા..! એ રયણસારમાં એમ આવે છે. ત્યારે વળી ઓલા વિદ્યાનંદજી એમ કહેતા હતા કે સ્વસમય તો સિદ્ધ થાય ત્યારે થાય. ચૌદમા ગુણસ્થાન સુધી હજી પરસમય. એ દિલ્હીમાં. ક્યાંય લોકો સાંભળે તો થાય. કૈલાસચંદજી સાંભળતા હતા. 'બઢીયા હૈ' એણે એમ કહ્યું હતું. કાંઈ માણસને ખબર ન મળે. બહારમાં ઓલું નગ્નપણું લે અને લોકો માનેને એટલે આપણે આને અનુકૂળ કરો.

**શ્રોતા :-** જિનેન્દ્રવર્ણી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કહ્યું હતુંને. એણે પૂછયું. ત્યારે કહે કે કોઈ અપેક્ષાથી કહેતા

હશે. ખોટી અપેક્ષા એ કોઈ અપેક્ષા કહેવાય?

અહીં તો પરમાત્મા તેરમે ગુણસ્થાને થાય તે પૂર્ણ પરમાત્મા છે. એને સ્વસમય પૂર્ણ થઈ ગયેલો છે. એનાથી નીચે એ અંતરાત્મા નહિ હજી. પૂર્ણ નથી માટે અન્ય સમયમાં નાખ્યા. અન્ય સમય. બહિરાત્મા નહિ. છે સમ્યગ્દૃષ્ટિ, છે જ્ઞાની, પણ પૂર્ણતા નથી માટે એને અન્ય સમયમાં જે રાગમાં પરિણમન છે એથી એને અંતરાત્મામાં નાખ્યા. સમજાણું કાંઈ? '**અન્યસમય...**' છેને અર્થ કર્યો છે. '**(અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો)...**' એમ. અન્યસમય એટલે અન્ય જીવો. '**બહિરાત્મા અને અંતરાત્મા બે પ્રકારે છે; તેમાં બહિરાત્મા દેહ-ઈન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.**' લ્યો! બીજો શ્લોક.

(अनुष्टुभ)

''जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक्।

प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः।।''

'**શ્લોકાર્થ :- અંતરાત્માના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે;...**' અંતર વસ્તુને જાણનારા, અનુભવનારા એના ત્રણ ભેદ છે. આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર એને અનુભવનારના ત્રણ ભેદ છે. એક '**જઘન્ય,...**' અવિરત સમ્યગ્દૃષ્ટિ. '**મધ્યમ...**' પાંચમાથી અગિયાર '**ઉત્કૃષ્ટ...**' ક્ષીણમોહ. છેને? '**અવિરત સમ્યગ્દૃષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે, ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે અને તે બેની મધ્યમાં રહેલો મધ્યમ અંતરાત્મા છે.**' આહા..હા..! મૂળ તો આત્મા છે એ વસ્તુ છે કે નહિ? આ આત્મા દેહથી ભિન્ન પણ પદાર્થ છે કે નહિ? ચીજ છે કે અવસ્તુ છે? તો દેહથી ભિન્ન જે ચૈતન્ય જાણનાર છે ઈ જ્યારે વસ્તુ છે તો એનો કોઈ સ્વભાવ હોય કે નહિ? આહા..હા..! એ તો સ્વભાવવાનની વાત થઈ વસ્તુ ભિન્ન. પણ એનો સ્વભાવ? અનંત જ્ઞાન-દર્શન-આનંદ એનો સ્વભાવ છે.

**શ્રોતા :-** એ તો પરમપારિણામિકભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમપારિણામિકભાવ છે એનો. સમજાય છે કાંઈ? આહા..હા..!

એવા અંતરાત્માની જઘન્ય દશામાં પરિણમેલો એને જઘન્ય અંતરાત્મા કહીએ. એવા અંતરાત્મામાં મધ્યમપણે પરિણમેલો મધ્યમદશાવાળો. ઉત્કૃષ્ટપણે બારમે ગુણસ્થાને પરિણમેલો એ ઉત્કૃષ્ટ અંતરાત્મા.

'**વળી, (આ ૧૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**' પોતે કહે છે હવે. આ તો બે આધાર આપ્યા હોં.

(मंदाक्रांता)

योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः

संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती।

तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः
स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः।।२५८।।

'**શ્લોકાર્થ :- યોગી...**' યોગી એટલે આત્માના શુદ્ધ સ્વરૂપમાં જેણે પર્યાયને જોડી છે. ઓલા અન્યમતિના બાવા-બાવા એ યોગી નહિ. આ તો અંતર નિરંજન પ્રવાહ આત્મા સ્વરૂપ ચૈતન્યનો એમાં જેણે વર્તમાન પર્યાયને જોડી છે. આહા..હા..! એને યોગી કહેવામાં આવે છે. '**યોગી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો...**' આહા..! એ પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર રહ્યો થકો. '**સદા સહજ પરમ આવશ્યક...**' એમ. સાંજ-સવાર પડિક્કમણું કરે, આ કરે એ નહિ. આ તો '**સદા સહજ પરમ આવશ્યક...**' પોતાના સ્વરૂપમાં યોગ નામ એકાગ્રતા જેણે કરી છે એ યોગી. '**સદા...**' કાયમ '**સહજ...**' સ્વભાવિક '**પરમ આવશ્યક કર્મ...**' સ્વભાવિક સ્વભાવ ચૈતન્યના આનંદનું આચરણ, શુદ્ધ આનંદનું આચરણ, જ્ઞાયકભાવનું આચરણ '**પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો...**' એવા આચરણથી સદા સહિત હોય છે.

યોગી એટલે ધર્માત્મા. યોગી એટલે આ બાવા યોગી છે એ નહિ. અંતર આનંદના સ્વરૂપમાં જેણે અંદર પરિણતિને જોડી છે એવો યોગી અવસ્થાને જેણે આત્મામાં જોડી દીધી છે. તો એમ કહે આ શબ્દનો ફેર. '**સદા...**' પોતાના સુદ્ધ સ્વરૂપમાં જેણે પર્યાયને જોડી છે. એકાગ્રતા કરી છે. '**સદા સહજ પરમ આવશ્યક...**' સહિત છે. એ સદાય પરમ આવશ્યક જે નિર્મળદશા તે સહિત છે. સાંજ-સવાર પડિક્કમણું કરવું એ છે તો વિકલ્પ અને વ્યવહાર. એ વખતે વિકલ્પથી છૂટીને સ્થિર થઈ જાય એ એનું આવશ્યક છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવા શબ્દો વાપર્યા છે! ધર્માત્મા સ્વરૂપની દશામાં, સ્વરૂપમાં વર્તમાન દશાને જોડતો, જોડાયેલો '**સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો...**' આહા..હા..! મુનિની ઉત્કૃષ્ટ વાત છેને?

'**સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે...**' સંસારથી ઉત્પન્ન થયેલા કલ્પના... આ ઇન્દ્રિયોમાં સુખ છે અને પૈસામાં સુખ છે એ કલ્પના અજ્ઞાનીની. અને પ્રતિકૂળતામાં દુઃખ છે, નિર્ધન એ દુઃખી એ બધી કલ્પના છે. બાહ્યમાં નિર્ધન હોય અને અંતરનું ભાન હોય તો એ સધન-સુખી છે અને બાહ્યમાં પૈસાવાળા સધન હોય, પણ આત્માના આનંદની દૃષ્ટિની ખબર નથી તો એ નિર્ધન-ગરીબ માણસ છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા છે. આહા..હા..! '**સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી...**' આહા..હા..! શુભ-અશુભભાવ એવું જે સુખ-દુઃખ. અટવી-રણ-રણ. અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય પ્રકારના અશુભ. એવું રણ મોટું. એનાથી ધર્મી દૂરવર્તી હોય છે. શુભભાવથી પણ દૂરવર્તી. આહા..હા..! જેમ નિર્મળ પર્યાય મોક્ષની, સંવર-નિર્જરાની, એનાથી પણ દ્રવ્ય દૂરવર્તી. એમ સંવર-નિર્જરાની પર્યાય સંસારજનિતભાવથી દૂરવર્તી. સમજાણું કાંઈ? આવો

ધર્મ કઈ જાતનો હશે આવો? કોઈ દિ' કાંઈ સાંભળ્યું પણ ન હોય. આહા..હા..!

ત્રણ વાત. એક ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ એ વર્તમાન પર્યાયથી દૂરવર્તી છે. અને વર્તમાન નિર્મળ કાર્ય જે આવશ્યકનું છે એ પુણ્ય-પાપથી દૂરવર્તી છે. બરાબર છે? સુખ-દુઃખની કલ્પના, શુભ-અશુભભાવની અટવી. રણ-રણ. રણ-અટવી. આહા..હા..! ચિદાનંદ સ્વભાવથી વિરુદ્ધ એવા શુભ-અશુભભાવની અટવી એનાથી આવશ્યક કર્મ દૂરવર્તી છે. '**તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે;...**' આહા..હા..! એથી તે ધર્માત્મા અંતર સ્વરૂપમાં જોડાણ કરનાર અત્યંત આત્મનિષ્ઠ-આત્મામાં નિષ્ઠ છે, આત્મામાં રહેલો છે, તેને અંતરાત્મા, ધર્માત્મા કહેવામાં આવે છે. આહા..હા..! અધ્યાત્મની નિશ્ચયની વાતું બહુ ઝીણી. બીજું કોઈ વસ્તુસ્વરૂપ નથી. વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં.

'**જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય...**' જે આત્મા આનંદ અને જ્ઞાયકસ્વભાવથી ભ્રષ્ટ હોય. એનાથી દૂરવર્તી વર્તે, ભગવાન આત્માથી દૂરવર્તી પુણ્ય-પાપમાં વર્તે '**તે બહિઃતત્ત્વનિષ્ઠ...**' છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ એનાથી દૂર પુણ્ય-પાપ એમાં જે વર્તે તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. '**બહિઃતત્ત્વનિષ્ઠ...**' છે. છેને? ઓલો આત્મનિષ્ઠ, આ બહિઃતત્ત્વનિષ્ઠ. આહા..હા..! સ્વભાવ જ્ઞાન અને આનંદની શક્તિનો સ્વભાવ પૂર્ણ એમાં જે નિષ્ઠ, એવા સ્વભાવમાં જે રહેલો છે પર્યાયે એ અંતરાત્મા છે. એવા સ્વભાવથી ખસીને પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ વર્તે છે, એમાં જે નિષ્ઠ છે તે બહિરાત્મા છે. કહો, સુમનભાઈ! આ તો સમજાય એવું છે.

ફરીને. જે આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એમાં જે નિષ્ઠ છે પર્યાય. ભાવ છે કર્મની વાતને? એમાં જે નિષ્ઠ આત્મના સ્વભાવમાં જે લીનતા છે એ અંતરાત્મા છે, એ ધર્માત્મા છે, એ મોક્ષના માર્ગમાં છે અને એ અંતરાત્માને છોડીને પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે એમાં જે નિષ્ઠ છે, એમાં જે રુચિથી રહ્યો છે તે બહિરાત્મા છે. બહિઃતત્ત્વનિષ્ઠ. પુણ્યના પરિણામમાં રહેલો બહિઃતત્ત્વનિષ્ઠ. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાન જાણનાર છેને આત્મા? આત્મા અંદર જાણે છેને? જાણે ઈ આત્મા. આ તો બધું જડ છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જ્ઞાનમુક્તિ તે આત્મા. એ એવા જાણનારમાં જે નિષ્ઠ છે એ અંતરાત્માનું આચરણ છે. આહા..હા..! અને જાણનારને છોડીને, જે પુણ્ય અને પાપમાં જાણવું નથી. શું કીધું ઈ? શુભભાવમાં જ્ઞાન નથી, જાણવાનો ભાવ નથી. એ ભાવમાં નિષ્ઠ છે એ બહિઃતત્ત્વનિષ્ઠ છે, બાહ્યના તત્ત્વના પ્રેમમાં પડ્યો છે, બાહ્યના તત્ત્વની રુચિમાં પડ્યો છે એટલે બહિરાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બહિરાત્મા છે.**' બહુ ટૂંકું. '**તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે;...**' ઓહો..હો..! અત્યંત આત્મનિષ્ઠ તે અંતરાત્મા. શુદ્ધ સ્વભાવમાં પરિણતિ કરીને પડ્યો છે. પર્યાયને શુદ્ધ પરિણતિ કરીને જે આત્મામાં રહ્યો છે એ તો અંતરાત્મા, ધર્માત્મા આહા..!

એ આત્મનિષ્ઠ છે; અને જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના કામ રાગ એ રાગ બહિઃતત્ત્વ છે, એમાં જે નિષ્ઠ છે એ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? આવું ભારે. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? એમ એક જણો કહે. કાઢેલો નથી. અનાદિનો છે એ. સમજાણું કાંઈ? તને ખબર ન હોય એટલે ક્યાંથી આવે? એ તો અનાદિનું આવું સ્વરૂપ જ ભગવાન આત્માનું છે અંદર. ભગ નામ આત્માની લક્ષ્મી, જાણવું, શ્રદ્ધવું, માનવું, ઠરવું અંદર શક્તિ હોં. એવી જે ભગ લક્ષ્મીવાન આત્મા છે. એ લક્ષ્મીવાન આત્મા છે. આ ધૂળની લક્ષ્મીવાળો આત્મા એ તો મૂઢ છે. શ્રીમંત કહે છેને? શ્રીમંત છે, એ લક્ષ્મીવાળો છે, એ શ્રીમંત નહિ. શ્રીમંત સ્વરૂપની લક્ષ્મીવાળો તેને શ્રીમંત કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ગર્ભશ્રીમંત નથી કહેતા? અમે તો ભાઈ ગર્ભશ્રીમંત છીએ. ગર્ભમાંથી પૈસાવાળામાં જન્મ્યા છીએ. કરોડપતિ અને અબજોપતિમાં. અમે ગર્ભથી શ્રીમંત છીએ. ધૂળેય નથી સાંભળને. ભિખારા છો. ગર્ભશ્રીમંત.

આત્મામાં આનંદ અને જ્ઞાન ભર્યું છે તે શ્રી છે, લક્ષ્મી. એ લક્ષ્મીવાળો છે એને શ્રીમંત કહેવામાં આવે છે. આહા..હા..! પૈસાની કિંમત કાંઈ રહી નહિ. કહ્યું હતુંને એક ફેરી તે દિ' ૮૧ની સાલમાં. ૮૧ની સાલમાં. લીંબડી ગામે લીંબડી. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. ૮૧ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૧૯ ને ૩૨. ૫૧ વર્ષ. વ્યાખ્યાનમાં દરબાર આવ્યા હતા, દીવાન આવ્યા હતા લીંબડીના. એમાં એવું થયું દરબારને તો આવવું હતું બીજે દિ' વ્યાખ્યાનમાં. કીધું, ભાઈ! અમારે ટાઈમ થઈ ગયો. અમે કોઈ દરબાર આવે કે ન આવે અમારે તો .. એમાં આવ્યા ભાઈ .. મોહનલાલ ડગલી પૈસાવાળા. પૈસા ખર્ચ્યા હતા તે દિ' ત્યાં ૬૦ હજાર. ૮૧ની સાલની વાત છે. લીંબડીમાં ..પરામાં કાંઈક. એમાં કોક .. આવ્યા .. મહારાજ! આ લક્ષ્મીવાળાનું કાંઈ ધર્મમાં સ્થાન ખરું કે નહિ? મોહનલાલ ડગલી એનો દીકરો .. પ્રેમ છે. કે પૈસાવાળાનું ધર્મમાં સ્થાન? એ જાણે કે ૬૦ હજાર ખર્ચ્યા તો મહારાજના કાને પડ્યા હશે એટલે મારી મોટપ કાંઈક કહેશે. કીધું, ધર્મમાં પૈસાવાળાનું સ્થાન નથી. પૈસાવાળા એ જડ છે. એનું સ્થાન આત્મધર્મમાં નથી. એમ કે અમે પૈસાવાળા હોય તો ધર્મશાળા બનાવીએ, અપાસરા બનાવીએ, મોટું ફલાણું બનાવીએ. ધૂળેય બનાવ એમાં શું થઈ ગયું તારું? કીધું, ધર્મના સ્થાનમાં પૈસાવાળાનું સ્થાન નથી, લે. એ ૮૧ની વાત છે.

**શ્રોતા :-** .. એ સાચું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જ છે. એને જરી પૈસાનું ઓલું હતું. ડગલી પૈસાવાળા બધા ત્રણે ભાઈઓ. એમાં આ ભાઈલાલ છે એને પ્રેમ છે. એ દીકરી મરી ગઈ. નડિયાદ. બે જીવહોતી એને દમનો રોગ હશે અને .. વર્ષની ઉંમર. નડિયાદનું સ્ટેશન આવ્યું ત્યાં દમ ચડ્યો એકદમ. ચડ્યો એટલે ઉતારવી પડી. આ નડિયાદ-નડિયાદ. ઉતારવી પડી અને અડધે પહોંચ્યા ત્યાં મરી ગઈ. પિયરમાં આવતી હતી. ... એ એને પ્રેમ છે બિચારાને.

અહીં તો કહે છે કે લક્ષ્મીવાળો હોય કે નિર્ધન હોય બહારની એની સાથે સંબંધ નથી.

અંતરાત્માની લક્ષ્મીને જે જાણે તે લક્ષ્મીવાળો અને એને ન જાણે તે ભિખારા અને રાંકા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર સુદ-૧૫, ગુરુવાર, તા. ૧૮-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૫૦, પ્રવચન નં. ૧૨૮**

૧૫૦ ગાથા, નિયમસાર. એનો અધિકાર છે.

अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।
जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।।१५०।।

**જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;**
**જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.**

એ ટીકામાં આવી જશે. '**ટીકા :- આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.**' આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જાણનાર-દેખનાર છે, એવી જેને અંતરદૃષ્ટિ નથી એ બાહ્ય પુણ્યના ભાવમાં વર્તે છે તે બહિરાત્મા છે. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન, દર્શન અને જ્ઞાતા-દૃષ્ટા છે. એવી જેને અંતર દૃષ્ટિ નથી, એ બાહ્યમાં અને અંતરમાં વિકલ્પ રાગમાં વર્તે છે, એ રાગમાં વર્તે છે. આત્મામાં નહિ, એને અહીંયાં બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે.

'**જે જિનલિંગધારી...**' જિનનું લિંગ નગ્નપણું ધારણ કરી. મુખ્યપણે મુનિની વ્યાખ્યા છેને? '**તપોધનાભાસ...**' સાધુ નથી, પણ સાધુ આભાસ જેમાં છે. આભાસ સાધુનો દિગંબર નગ્ન મુનિ હોય, પણ '**પુણ્યકર્મની કાંક્ષાથી...**' શુભસ્વભાવની દૃષ્ટિ તો નથી કે હું આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. 'હું તો વિકલ્પ આવે એનો પણ જાણનાર-દેખનાર છું. દેહની ક્રિયા થાય તેનો હું જાણનાર-દેખનાર છું.' એવું જેને અંતર દૃષ્ટિ નથી, એ '**પુણ્યકર્મની કાંક્ષાથી સ્વાધ્યાય,...**' કરે. શાસ્ત્રનો સ્વાધ્યાય કરે એમાં શુભભાવ હોય. શુભની એને અભિલાષ છે અંદર. કારણ કે આત્મા આનંદસ્વરૂપ છે, રાગની ક્રિયા વિનાનો આત્મા છે, એવી અક્રીય ચીજ એની તો દૃષ્ટિ અનુભવ સમ્યક્ છે નહિ. સમજાણું કાંઈ? એની છોડીને શુભની ક્રિયા સ્વાધ્યાય કરે, શાસ્ત્ર વાંચે એ રાગની કાંક્ષા છે, કહે છે. રાગની એને ભાવના છે. રાગરહિત આત્મા અખંડ આનંદમૂર્તિ છે એની દૃષ્ટિ નથી એને. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે.

એ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી એને રાગના વિકલ્પ વિનાની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ સમકિતમાં આત્મા અનુભવમાં આવે ત્યારે એને ધર્મી અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શુભ વિકલ્પ જેટલા છે રાગમાં—સ્વાધ્યાય કરવો, પ્રત્યાખ્યાન, પચ્ચખાણ કરવા એ પણ એક શુભરાગ વિકલ્પ છે. ભગવાનનું સ્તવન કરવું, તીર્થંકરના સ્તવન કરવા એ પણ એક શુભરાગ છે.

'**વગેરે બહિર્જલ્પ...**' જલ્પ નામ બહારનો વિકલ્પ, બાહ્ય લક્ષે વિકલ્પ કરે છે રાગ ઈ કરે છે એમ કહે છે અહીં. એ વિકલ્પનો અજ્ઞાની કર્તા થાય છે. ઝીણી વાત બહુ, ભાઈ! સમજાણું કાંઈ? એ રાગ છે એ આત્માનું સ્વરૂપ નથી. ચાહે તો શાસ્ત્ર-સ્વાધ્યાય હોય, વાંચન હોય, ઉપદેશ હોય, એમાં જે રાગની વૃત્તિ ઉઠે છે એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! એથી આત્માના સ્વભાવના ભાન વિના એ પ્રત્યાખ્યાન, સ્તવન આદિ ભગવાનનું કરે, સ્તુતિ કરે, પૂજા કરે એ બહિર્જલ્પ છે. બહાર લક્ષે એનો વિકલ્પ રાગ છે. આહા..હા..! '**અને અશન,...**' આહારનો ત્યાગ કરે અપવાસ આદિ. '**શયન,...**' સૂવું એકાંત '**ગમન, સ્થિતિ...**' ઉભા રહેવું '**વગેરેમાં (-ખાવું, પીવું, ગમન કરવું, સ્થિર રહેવું ઈત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિનો...**' અમને આ મુનિ માને છે કે નહિ? એવી સત્કારની જેને પ્રાપ્તિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ઝીણી વાત. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ કામ પણ બહુ કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ માર્ગ છે ભાઈ આ. વસ્તુ આ છે. એ તો વીતરાગદર્શન છે. એમાં રાગની ક્રિયાથી લાભ થાય એ વીતરાગદર્શન નહિ. સર્વથા લાભ થાય નહિ એનાથી.

**શ્રોતા :-** કોઈ ધ્યાન ધર્મમાં સર્વથા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વથા છે એ. આત્માને આશ્રયે સર્વથા ધર્મ થાય અને પરને આશ્રયે સર્વથા રાગ થાય. એવી વાત છે ભાઈ ઝીણી. જૈનધર્મને ઓળખવો સમકિતી ચીજ શું છે એ બહુ દુર્લભ ચીજ છે.

અહીં કહે છે '**અશન, શયન,...**' અપવાસ કર્યા હોય, સ્થિતિ ઉભા રહે મહિનો-મહિનો .. '**ગમન કરવું, સ્થિર રહેવું ઈત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિ...**' અમને લોકો માને છે કે નહિ? એ સાધુ ગણે છે કે નહિ? એવી જેની અંતરની ભાવના છે એ '**લોભી વર્તતો થકો...**' સત્કાર માન અને સન્માનનો ઈચ્છા, લોભી વર્તતો થકો '**અંતર્જલ્પમાં મનને જોડે છે,...**' એ રાગમાં મનને જોડે છે. આહા..હા..!

**શ્રોતા :-** અમને ન માને એ બધા મૂર્ખ મંડળવાળા છે એવું કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે. અનેક પ્રકાર છે. આ અમરચંદજીનું આવ્યું હતુંને જુઓને ત્રણ. કે ભાઈ જે લોકો બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિયને જ મુક્તિ માને છે અને ક્ષુદ્રને મુક્તિ માનતા નથી તે એકાંત પક્ષના પંથી છે, એમ કહે છે. શું કહે એને? એ તો વસ્તુનું સ્વરૂપ

છે. સર્વજ્ઞે કહ્યું છે અને વસ્તુનું એ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કે વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષત્રિય ત્રણ જ મુનિ હોઈ શકે અને તેને જ મોક્ષ હોય. ચંડાળ આદિને સાધુપણું ન હોઈ શકે, મુક્તિ ન હોઈ શકે. આવી વાત છે. બહુ વિશાળ કરવા ગયાને એટલે જાણે બધાને મુક્તિ આપો. સ્ત્રીને મુક્તિ કહો, ચંડાળને મુક્તિ કહો. એવો માર્ગ નથી, ભાઈ! સમજાણું કાંઈ? માર્ગ તો જે હોય એ હોય. અંતરમાં વિકલ્પમાં વર્તે અને બહારમાં ભલે નગ્નપણું હોય, તો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવી વાત છે. રાગમાં વર્તે અને વીતરાગી સ્વભાવ આત્માનો એમાં ન વર્તે. આહા..હા..!

આત્મા જ્ઞાતા-દૃષ્ટા વીતરાગ સ્વભાવી આત્મા છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે આત્મા. એમાં દૃષ્ટિ ન વર્તે અને રાગમાં વર્તે, ચાહે તો સ્વાધ્યાયની ક્રિયા હોય, ઉપદેશની સાંભળવાની હોય, કહેવાની હોય, પણ એ રાગમાં વર્તે છે એ તો મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. કેમકે જે આત્મામાં રાગ નથી એ બહિર્ છે, એમાં વર્તે તે બહિરાત્મા છે. આહા..હા..! આવી વાત છે ઝીણી, ભાઈ! જગતને સત્ય મળ્યું નથી એટલે એને તો એવું લાગે કે આ તે શું આવો માર્ગ હશે! આહા..હા..!

કુંદકુંદાચાર્ય મહારાજ એમ કહે છે અને એની ટીકા કરનારા પદ્મપ્રભમલધારીદેવ છે આ મુનિ. આ ટીકા એની છે. મૂળ શ્લોક છે કુંદકુંદાચાર્યનો અને આ ટીકા એની છે. જે કોઈ તપોધન જૈનલિંગ નગ્નપણું ધારણ કરીને પુણ્યની ઈચ્છાથી. કારણ કે આત્માની ભાવના તો સ્વભાવની તો ખબર નથી, એટલે એને અંતરમાં 'શુભભાવ કરું તો લાભ થાય, આમ કરું તો લાભ થાય' એવી આકાંક્ષાથી આહા..હા..! સ્વાધ્યાય, વાંચન કરે, પ્રશ્ન પૂછે, ઉત્તર લે, સ્વાધ્યાય કરે, ઉપદેશ કરે, એવા વિકલ્પમાં જે વર્તે છે. આહા..હા..! ભારે આકરી વાત, ભાઈ! અને બાહ્યની ક્રિયા અંતરની આ ખાવું, પીવું આદિ એ અંતરમાં એને અભિલાષા વર્તે છે કે આ ઠીક છે. એ અંતર્જલ્પમાં મનને જોડે છે તે બહિરાત્મા જીવ છે. આહા..હા..! આમ વીતરાગનું આમ કથન છે. સર્વજ્ઞ પરમેશ્વર આમ ફરમાવે છે, ભાઈ! તારી ચીજ છે એ જ્ઞાન, દર્શન અને આનંદથી ભરેલી છે. એની તને દૃષ્ટિ નથી, એનો તને આશ્રય નથી અને રાગની ક્રિયાનો આશ્રય કરીને કરે છો, એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ જીવ છે. ચાહે તો નગ્નપણું હોય, બહિરાત્મા હજારો સ્ત્રીને છોડી હોય, પણ અંતર ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિ થઈને નિર્વિકલ્પ અનુભવ નથી, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નથી, એ જીવ આવા વિકલ્પમાં વર્ત્યા વિના રહેતો નથી, એમ કહે છે. એ બહિરાત્મા જીવ છે. એટલે રાગ દયા, દાનનો રાગ છે એ પણ બહિર્ વસ્તુ છે, અંતરની નથી. એમાં જે વર્તે છે તે બહિરાત્મા જીવ છે. આહા..હા..! બહુ આકરું કામ, ભાઈ! જગતને સત્યનું શ્રવણ થવું એ કઠણ પડે. પરિણમવું એ તો કઈ ચીજ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

છે અંદર છે કે નહિ જુઓને. પાઠમાં જ છે. કુંદકુંદાચાર્યનો શ્લોક છે. '**अंतरबाहिरजप्पे**

**जो वट्टइ**' અંતરના વિકલ્પમાં કે બાહ્યના લક્ષના વિકલ્પમાં જે વર્તે '**सो हवेइ बहिरप्पा**' આહા..હા..! સમજાણું કાંઈ? '**નિજ આત્માના ધ્યાનમાં...**' હવે આવ્યો અંતરાત્મા સમકિતી, સમ્યગ્દૃષ્ટિ. સાચો સમ્યગ્દૃષ્ટિ એ કેવો હોય? કે '**નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો...**' એને વિકલ્પ હોય, પણ એ વિકલ્પમાં વર્તતો નથી. આહા..હા..! વિકલ્પને જાણતો પોતાના જ્ઞાનમાં વર્તે છે. કહો, ધન્નાલાલજી! આવી વાત, બાપુ! જગતથી બહુ આકરી પડે. વસ્તુ આવી છે, બાપુ! પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાની આમ ફરમાવે છે એ સંતો ફરમાવે છે. આહા..હા..! ભાઈ! નિજ આત્મા. આહા..હા..! ભગવાનનો આત્મા પર છે, એનામાં લક્ષ જાય તો રાગ થાય. એનું લક્ષણ એના ગુણ જોવા જાશે, એનું દ્રવ્ય જોવા જાશે, એની પૂજા કરશે, એનું નામ સ્મરણ કરશે, બધો વિકલ્પ રાગ છે.

'**નિજ આત્માના ધ્યાનમાં...**' આહા..! ભગવાન પોતે આનંદનો નાથ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો સાગર છલોછલ અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે. આહા..હા..! એવો જે નિજ આત્મા એના ધ્યાનમાં એટલે એની તરફની એકાગ્રતામાં '**પરાયણ વર્તતો થકો...**' તત્પર વર્તતો થકો. આહા..હા..! જેની સમ્યગ્દૃષ્ટિ છે એ દૃષ્ટિ સદાય ધ્યાન આત્મા તરફનું વલણ છે એમાં. ભલે એ ખાતો-પીતો દેખાય, અરે..! લડાઈમાં ઉભો દેખાય. આહા..હા..! પણ એનું ચૈતન્યમૂર્તિ તરફની વલણની ધ્યાનદશા તો ખસતી નથી એની. સમજાણું કાંઈ? જે ચૈતન્ય ભગવાન ધ્યેયમાં દૃષ્ટિ લીધી છે. દૃષ્ટિએ ધ્યેય લીધું છે આત્મા અખંડ પૂર્ણ છે. એ દૃષ્ટિ નિરંતર એને વર્તે છે. સમજાણું કાંઈ?

'**નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો...**' આહા..હા..! ઓલામાં વર્તતો થકો રાગમાં એમ છે. આ આત્માની એકાગ્રતામાં પરાયણ વર્તતો થકો '**નિરવશેષપણે (સંપૂર્ણપણે) અંતર્મુખ...**' સંપૂર્ણપણે રાગનું લક્ષ છોડી દીધું છે અને દ્રવ્ય-સ્વભાવમાં એ અંતર્મુખ સર્વથા થયો છે. લ્યો, આ સર્વથા આવ્યું. નિરવશેષ છેને? નિરવશેષ એટલે? સંપૂર્ણપણે. વિકલ્પની લાગણી ચાહે તો દયા, દાન, ભક્તિની હોય, એનું લક્ષ છોડી દઈને. આહા..હા..! નિજ આત્મામાં પરાયણ વર્તતો થકો. '**નિરવશેષપણે...**' કાંઈપણ બાકી રાખ્યા વિના અંતર્મુખમાં જેની દૃષ્ટિ અને વલણ છે. આહા..હા..! આવી વાત ઝીણી પડે, બાપા! પછી વાતું કરે કે એ સોનગઢ આમ કહે છે, પણ આ ભગવાન કહે છેને. સોનગઢ કહે છે કે આ ભગવાન કહે છે? આહા..હા..! બાહ્ય ક્રિયાકાંડીના રસીલાને આ વાત ન બેસે.

અહીંયાં તો કહે છે કે જેને નિજ આત્મા પોતે આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ અખંડ અભેદ ચીજ જે આત્મા એના ધ્યાનમાં. ઈ આત્મા તો અખંડ નિજ ધ્રુવ. હવે એનું ધ્યાન એ પર્યાય છે. આહા..હા..! નિજ આત્મા એ ત્રિકાળી અખંડ આનંદકંદ પ્રભુ ધ્રુવ. એમાં ધ્યાન તે પર્યાય છે. ઓલું ધ્રુવ છે, એનું ધ્યાન અને અંદર એકાગ્રતા એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ધ્યાનમાં પરાયણ વર્તતો થકો...**' એમ છેને? પરાયણ-તત્પર. નિજસ્વરૂપ

અખંડ આનંદ પ્રભુ એમાં જેની એકાગ્રતા વર્તે છે. એ ધ્યાન કહો કે એકાગ્રતા કહો. '**પરાયણ વર્તતો થકો...**' આહા..હા..! '**નિરવશેષપણે...**' કાંઈપણ વિકલ્પનું લક્ષ છોડી, સર્વથા છોડી દઈને, કંઈપણ વિકલ્પના આશ્રયને ન લેતો સર્વથા જે આત્મામાં અંતર્મુખ વર્તે છે.

એ '**(પરમ તપોધન)...**' એ મુનિ '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...**' આહા..હા..! એ મુનિ એને કહીએ કે આત્માની અખંડતાના ધ્યાનમાં વર્તતો થકો. ક્યારે? '**પ્રશસ્ત-અપ્રશસ્ત...**' શુભ અને અશુભ. પ્રશસ્ત નામ શુભ વિકલ્પ રાગ. અપ્રશસ્ત નામ અશુભ. એવા '**સમસ્ત વિકલ્પજાળો...**' એ બધી વિકલ્પની-રાગની જાળો છે. એમાં '**ક્યારેય વર્તતો નથી...**' વિકલ્પ આવે, પણ એને જાણે છે એ. વિકલ્પનો કર્તા થઈને વિકલ્પમાં જોડાઈ જાય છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**નિરવશેષપણે...**' સંપૂર્ણપણે અંતર્મુખ દૃષ્ટિ ભગવાન અંતર આત્મા વસ્તુ છે અંતરને? એટલે અંતરમાં પર્યાયને એકદમ સમસ્તપણે જોડી દીધી. આહા..હા..! એ '**(પરમતપોધન)...**' એટલે મુનિ. શુભ અને અશુભ '**સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...**' આહા..હા..! પાઠ છેને?

'**તેથી જ પરમતપોધન સાક્ષાત્ અંતરાત્મા છે.**' એ સાક્ષાત્ એને અંતરાત્મા. અંતર આત્મા તો છે, પણ આ રીતે એકાગ્ર છે એ સાક્ષાત્ અંતરાત્મા છે. શું કીધું ઈ? કે અંતરાત્મા તો ધ્રુવ ચૈતન્ય અખંડ અનાદિ-અનંત શુદ્ધ છે, પણ એ અંતરાત્મામાં જ્યારે નિર્મળપણે વર્તે છે ત્યારે સાક્ષાત્ અંતરાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવો માર્ગ, ભાઈ! એને સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચારે? કે દિ' રુચિ કરે? અને કે દિ' અંતરમાં જાય? દુર્લભ વસ્તુ થઈ પડી છે. આહા..હા..!

જુઓ, ત્યાં નિરવશેષપણે કહ્યું હતું. અંતર્મુખ સર્વથા એકાગ્ર થઈને. અને અહીંયાં પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પ કીધા. બધી જાતના વિકલ્પ. ચાહે તો ગુણગુણીનો વિકલ્પ ઉઠે કે ભગવાનની સ્તુતિનો વિકલ્પ આવે. એવો તપોધન '**વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...**' આહા..હા..! ધર્મી રાગમાં વર્તતો નથી. ધર્મી અરાગી ભગવાન આત્મામાં સદાય વર્તે છે. આહા..હા..! ખાતા-પીતા વખતે ખાવાનો વિકલ્પ નથી? પણ એમાં વર્તતો નથી. આહા..હા..! એને જાણે છે કે આ છે રાગ એટલું. એ જ્ઞાતા-દૃષ્ટામાં વર્તે છે. આહા..હા..! કામ ભારે ભાઈ! આકરું! બેયમાં સર્વથા કીધું. અંતર સર્વથા, સંપૂર્ણપણે અને બાહ્ય સમસ્ત વિકલ્પજાળ. કોઈપણ વિકલ્પ આ ગુણ અને ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ પણ રાગ છે. આહા..હા..! એ રાગમાં ક્યારેય વર્તતો નથી. સમ્યગ્દર્શન ચીજ એવી કોઈ છે કે લોકોને .. નથી. આહા..હા..! એને માની બેઠા કે અમને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે. નવતત્ત્વની અમારે શ્રદ્ધા સમકિતી છે. ધૂળેય નથી. સમકિત કોને કહેવું એની ખબર નથી એને. અને સમકિત પછી વળી સાધુપણું જે ચારિત્ર એ તો અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ચેતનજી! આવી વાત છે.

**શ્રોતા :-** નિરવશેષ કહ્યું ત્યાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરવશેષ અને અહીંયાં સમસ્ત. અહીં નિરવિશેષ અહીંયાં સમસ્ત. આહા..હા..! અંતર્મુખ ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્ઞાન, દર્શન અને આનંદનો સાગર ધ્રુવ એમાં પર્યાયને જોડી છે, નિરવશેષપણે પર્યાયને જોડી છે, અને સમસ્ત વિકલ્પથી છૂટી ગયો છે, એમાં વર્તતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભગવાન ઉપર... બિરાજમાન છે એને...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભગવાન એ પર ભગવાન. એ ભગવાન આ આત્મા ક્યાં છે?

**શ્રોતા :-** આ શાસ્ત્ર છે અને એને લખનારા ગુરુ. બસ અમને પૂરી શ્રદ્ધા છે. બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણી વાત, બાપા! એ ભગવાન નથી, ભગવાન અહીં છે. એ ભગવાન તો પર છે. આહા..હા..! શાસ્ત્ર છે તે પર છે આ તો. આ લખાણા છે તો શું છે? આ તો પર છે. આત્મા જે છે અંદર આનંદનો નાથ એમાં એકાગ્ર થવું એ સ્વશાસ્ત્ર છે.

**શ્રોતા :-** પછી અમારા રૂપિયા બેકાર ગયા? અઠ્યાવીશ લાખ બેકાર ગયા અમારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એણે સમજવાનું રહ્યુંને. જેટલો સ્વદ્રવ્યનો આશ્રય કર્યો નથી અને જેટલો પરનો આશ્રય કર્યો એ બેકાર છે આત્માને માટે. લાભને માટે બેકાર છે. સુમનભાઈ! આવી વાત છે, બાપુ! પરમેશ્વર તીર્થંકરદેવ, જિનેન્દ્રદેવ, કેવળજ્ઞાની આમ દિવ્યવાણીમાં કહેતા હતા, એ કુંદકુંદાચાર્ય એ કહે છે, એ વાત છે વસ્તુની સ્થિતિ. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વદ્રવ્યના નિજાત્માના આશ્રય સિવાય જેટલો ત્રણલોકના નાથ પરમાત્માનો આશ્રય લેવા જાય તો રાગ થાશે. પરાશ્રિત વ્યવહાર, સ્વ-આશ્રિત નિશ્ચય. આ વસ્તુની સ્થિતિ છે આવી. કહો, કાંતિભાઈ! આહા..હા..! મહેમાન ગયા? ગયા. સવારમાં બરાબર સ્વાધ્યાય. કાલે વ્યાખ્યાન સાંભળ્યું હોત તો ખબર પડે કે ભાઈ અહીં શું છે આ. આ કાંઈ વાડો-પંથ નથી અહીં. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો તેમાં રહેવું, અંદર જવું એને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પણ એકલું આત્મા-આત્મા તો પોકારો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકલો જ આત્મા છે. બેકલો માનવો એ બહિરાત્મા છે એ તો કહ્યુંને. રાગસહિત આત્માને માનવો, રાગવાળો છે એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આકરી વાત, બાપુ! અનંતકાળમાં એને એ વાત બેઠી નથી. આહા..હા..! ચોથી ગાથામાં આવે છેને. '**सुदपरिचिदाणुभूदा**' ભગવાન કહે છે કે ભાઈ! રાગની વાત તે સાંભળી છે, પરિચયમાં આવ્યો છો, અનુભૂતિ થઈ છે તને. એ તો અનંતકાળથી અનંતવાર થયું છે. ચોથી

ગાથા '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि काम**' નામ ઈચ્છા અને ભોગ, રાગને ભોગવું, રાગને એ વાત તો તે અનાદિ સાંભળી છે, પણ પરથી ભિન્ન અને સ્વથી એકત્વ એ વાત તે સાંભળી નથી. આહા..હા..! રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન આત્મા એ વાત તે સાંભળી નથી. આહા..હા..! તેથી પરિચયમાં આવી નથી, તેથી અનુભવ થયો નથી. આહા..હા..! સુમનભાઈ! આવું આ મોંઘું છે. એમ કે આ આઠ હજારનો પગાર મળ્યો એટલે જાણે અમે ઝટ.. એ તો પૂર્વના પુણ્ય હતા એટલે બધું મળ્યું છે. એમાં ધૂળમાં કાંઈ નથી. સાધારણ માણસને મળે નહિ. આઠ હજારનો પગાર આટલી વર્ષની ઉંમર.

**શ્રોતા** :- ધૂળમાં સુખ તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ૫૦ વર્ષ થયા નથી ત્યાં આઠ હજારનો પગાર માસિક. એચ.ઓ.માં. લોકો જાણે કે ઓહો..હો..! ધૂળેય નથી હવે ત્યાં. એ તો પૂર્વનું પુણ્ય હોયને ગોઠવાઈ ગઈ. શું કહેવાય? સોગઠી.

**શ્રોતા** :- ઓફીસર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓફીસર હોય એ મોટો માલિક હોય. આ ઓફીસર આત્મા જે છે એનું ઓફીસર થવું. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ કહે છે કે નિજ આત્મા. આહા..હા..! એને વર્તમાન પર્યાયને નિજ આત્મા ધ્રુવમાં જોડી દેવી એ એનું કર્તવ્ય છે. એ આવશ્યક છેને શબ્દ અહીં? એ આવશ્યક કર્તવ્ય આ છે. છ આવશ્યક આમ સામાયિક ને ચોવિસંથો, વંદના, પડિક્કમણું એ છ આવશ્યક બહારના એ તો વિકલ્પ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શું કહે છે? પાઠ તો જુઓ આ. વાંચતા પણ આવડે નહિ એટલે અર્થ કરે ઉંધા પોતાના ધારેલા.

શું કહે છે જુઓ, '**સમસ્ત વિકલ્પજાળોમાં...**' સમસ્ત વિકલ્પ. 'હું અબદ્ધ છું અને શુદ્ધ છું અને અભેદ છું અને એક છું' એવો જે વિકલ્પ પણ રાગ છે. તો '**સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી. તેથી જ પરમતપોધન...**' એને સંત કહીએ, '**સાક્ષાત્ અંતરાત્મા...**' કહીએ. સમજાણું કાંઈ?

'**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ...**' અમૃતચંદ્રાચાર્ય ઓલીકોર છે. '**(શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦માં શ્લોક દ્વારા) કહ્યું છે કે** :—' લ્યો. કર્તાકર્મ આવે છેને?

(वसंततिलका)

''स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला–
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।''

આવે છેને કર્તાકર્મનના ૨૦ બોલ? 'હું અબદ્ધ છું, ત્રિકાળ શુદ્ધ છું, એકરૂપ છું, સ્વવેદનથી જણાય એવો છું, હું પ્રત્યક્ષ થવાલાયક છું.' એવો જે વિકલ્પ એ પણ રાગ વિકલ્પ છે. એ વાતને અહીં કહે છે.

'**શ્લોકાર્થ :- એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...**' 'હું બદ્ધ છું.' એ તો વ્યવહારનો પક્ષ છોડાવતા આવ્યા છે એમ આવે છેને, ભાઈ? એમાં ત્યાં નીચે લખ્યું છે ત્યાં કે વ્યવહારનો પક્ષ છોડાવતા આવ્યા છીએ. હવે અહીંયાં નિશ્ચયનો પક્ષ 'હું અબદ્ધ ને અસ્પષ્ટ અને એકલો અખંડ છું.' એવો જે વિકલ્પ રાગ છે. એનાથી તું છૂટ તો તને સમકિત થશે, નહિતર નહિ થાય. સમજાણું કાંઈ? ૨૦ શ્લોક આવે છેને. કર્તાકર્મ. ૧૪૩ ગાથા. ૨૦ શ્લોક પછીનો આ શ્લોક છે. ૯૦મો. '**એ પ્રમાણે...**' એટલે ૨૦. 'હું બદ્ધ છું, શુદ્ધ છું, એક છું, અખંડ છું, અભેદ છું, સામાન્ય છું, પવિત્ર છું.' એવો જે વિકલ્પ ઉઠે છે.. એ નયનો એક વિકલ્પ રાગ છે. આહા..હા..! 'હું બદ્ધ છું, કર્મથી બંધાયેલો છું, અશુદ્ધ છું' એ વાત તો પહેલેથી છોડાવતા આવ્યા છે. પણ હવે આવો છું... આવો છું... એવો વિકલ્પ ઉઠે છે રાગ એ પણ વિકલ્પની જાળ, રાગની જાળ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

'**બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...**' એટલે કે ચૈતન્ય ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા નિર્વિકલ્પ વસ્તુ છે. પણ જેનું ભેદ ઉપર લક્ષ છે. 'હું અખંડ-અભેદ છું' એવો વિકલ્પ છે એ તો આપોઆપ વિકલ્પ ઉઠે છે. રાગ છે એ તો. '**એવી મોટી નયપક્ષકક્ષાને ઓળંગી જઈને...**' એવી મોટી નયપક્ષ. '**(નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને...**' એ નયપક્ષનો વિકલ્પ પણ છોડી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ? '**(તત્ત્વવેદી)...**' ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એનો જાણનાર. '**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' વસ્તુ પોતે જ સમતા છે અને વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ થયો એ દશા પણ સમતા છે. શું ..ભાઈ?

વસ્તુ છે એ વીતરાગમૂર્તિ છે. આત્મા સાક્ષાત્ જિનસ્વરૂપ છે. એ અંતર સમતા વીતરાગ અને વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ શ્રદ્ધા કરી એ પર્યાયમાં સમતા છે. અંતર અને બાહ્ય બેય સમતા છે જ્ઞાનીને. આહા..હા..! વિકલ્પ છે તે અસમતા છે, રાગ છે, વિકાર છે, વિષમતા છે, ઝેર છે. આહા..હા..! ત્યાં ૨૦ શ્લોક મૂક્યા છે એનો આ ઉપોદ્ઘાત છેલ્લો છે. '**એ પ્રમાણે...**' એટલે કે હું બદ્ધ છું, અબદ્ધ છું આદિ છે. '**બહુ વિકલ્પોની જાળ...**' રાગની વૃત્તિઓની જાળ છે એ તો. આહા..! ભક્તિ ને પૂજા ને દાન ને દયાનો વિકલ્પ તો સ્થૂળ છે એ તો એકકોર કાઢી નાખ્યો. અહીંયાં તો આત્મા આવો છે ને આવો છે ને તેવો છે એવો જે વિકલ્પ ઉઠે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પની '**બહુ વિકલ્પોની જાળ આપોઆપ ઉઠે છે.**' વૃત્તિઓ, રાગ.

‘**એવી મોટી નયપક્ષકક્ષા...**’ નયના પક્ષની ભૂમિને ‘**ઓળંગી જઈને...**’ આહા..હા..! ‘**(તત્ત્વવેદી)...**’ સમ્યગ્દૃષ્ટિ, આત્માનો વેદી. આત્માનો જાણનાર સમ્યગ્દૃષ્ટિ. ‘**અંદર અને બાહ્ય સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ તે સમતાનો પિંડ છે અને વિકલ્પની લાગણી હું અબદ્ધ કે શુદ્ધ કે એક એવી વિકલ્પની લાગણીને છોડીને આત્મામાં એકાગ્ર થયો એ બાહ્યસમતા છે. ઓલી વસ્તુ છે એ અંતરસમતા છે. રાગરહિત દૃષ્ટિ થઈ એ બાહ્યસમતા છે. પર્યાય.

**શ્રોતા :-** પ્રગટ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રગટ એ પર્યાય બાહ્ય છેને? બાહ્યતત્ત્વ કહ્યું છેને? સંવર, નિર્જરા અને મોક્ષ એ બહિર્તત્ત્વ છે. અંતરતત્ત્વ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**બહુ વિકલ્પોની જાળ...**’ આપોઆપ ઉઠે રાગ. ‘**એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને)...**’ છોડી દઈ. નયનો પક્ષ છે કે ‘હું આવો છું ને તેવો છું’ એ પક્ષ છોડી દે. વસ્તુ નયાતિક્રાંત છે. આહા..હા..! ‘**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ એટલે? ચૈતન્યતત્ત્વ છે એ વીતરાગસ્વરૂપ સમતાનો પિંડ છે અને વિકલ્પથી છૂટીને એમાં એકાગ્ર થયો. વિકલ્પની જાળને છોડી દઈને નયપક્ષને, અંતર એકાગ્ર થયો. તો એ પર્યાયમાં સમતા થઈ. સમ્યગ્દર્શન થયું એ સમતા છે. આહા..હા..! વીતરાગી પર્યાય છે. એવો વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન છે. એવી પર્યાયમાં એકાગ્ર થયો ત્યારે વીતરાગી પર્યાય સમકિત થયું. એ સમતા સ્વરૂપ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વસ્તુસ્થિતિ એવી છે. આહા..હા..! (શ્રોતા :- ટંકોત્કીર્ણ વાત છે!) માર્ગ તો એ છે. એની અંતર દૃષ્ટિમાં આવવો જોઈએ. આવ્યા વિના બધું થોથેથાથા છે. બધા પાંચ મહાવ્રત સમિતિ ને ગુપ્તિ ને નિર્દોષ આહાર લે તો એ બધો થોથા છે, રાગ છે, એ ધર્મ નથી.

અહીં તો ‘હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, નિત્ય છું’ એવો વિકલ્પ પણ રાગ છે. એ નયપક્ષની ભૂમિને છોડી દઈને, એ ભૂમિકા છોડી દે અંતર ભૂમિકામાં જા. ચૈતન્યભૂમિ નિર્મળાનંદ પ્રભુ બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વવેદી. ચૈતન્યતત્ત્વનો જાણનાર અથવા તત્ત્વ નામ ચૈતન્યતત્ત્વનો વેદનાર, અનુભવનાર સમકિતી અંતર અને બાહ્ય સમતારસમાં એકરસ છે. સમજાણું કાંઈ? ‘**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ આહા..હા..! આત્મતત્ત્વ છે એ જિનસ્વરૂપે છે. ‘જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન વચન કા મર્મ.’ જિનરાજસ્વરૂપ જ આત્મા છે. જો જિનરાજસ્વરૂપ આત્મા ન હોય તો જિનરાજની પર્યાય આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? વસ્તુ ભગવાન આત્મા તો વીતરાગની પ્રતિમા વીતરાગમૂર્તિ જ છે વસ્તુ. એ વીતરાગમૂર્તિ છે તે અંતર સમતા છે. પણ જ્યારે વિકલ્પને છોડીને એકાગ્ર

થયો સમકિત, ત્યારે પર્યાયમાં સમતા આવી તે સમકિત છે. એટલે અંદર સમતા અને બાહ્ય સમતા બેમાં એકરસ સ્વભાવ થઈ ગયો એનો. આહા..હા..! મોંઘુ કરી નાખ્યું એમ કેટલાક કહે છે મારે. કે સોનગઢે સમકિત મોંઘુ કરી નાખ્યું. ભગવાન! મોંઘુ-સોંઘુ તો જેમ છે એમ છે.

**શ્રોતા :-** મોંઘુ-સોંઘું કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? બાપા! આવી ઉંચી વાત. અરેરે! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને મિથ્યા શ્રદ્ધાએ અનંતકાળથી રખડી મર્યો છે. અનંતવાર સાધુ થયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' પંચમહાવ્રત હોં. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. હજાર રાણીનો ત્યાગ કર્યો, ધંધા-પાણી છોડી દીધા અને રાગની ક્રિયા એટલી કરી કે નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ હતા. મુનિવ્રત અનંતવાર પાળ્યું એ દુઃખ હતું. 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? આ તો અત્યારે તો ચોર કોતવાલને દંડે એવું થઈ ગયું છે. સત્ય વાતને ખોટી છે એમ ઠરાવવા. અરે! શું બાપુ! એમ નહિ થાય, ભાઈ! એ એમ રહેશે.

**શ્રોતા :-** કોતવાલ એક હોય અને ચોર ઝાઝા હોય તો શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ભગવાનનો પોકાર તો આ છે. જિનેન્દ્રદેવની દિવ્યધ્વનિમાં સાક્ષાત્ આ આવ્યું છે એ કુંદકુંદાચાર્ય ત્યાંથી લઈને આ શાસ્ત્ર રચ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું એક-એક શ્લોક છે! શું એક-એક એનો ભાવ છે!

તત્ત્વનો વેદનાર, આત્મતત્ત્વનો જાણનાર અને અનુભવનાર વેદી એટલે વેદનારો. અનાદિથી રાગને વેદતો હતો. વ્યવહારની ક્રિયાકાંડ, પંચમહાવ્રત અને પાંચ સમિતિ, ગુપ્તિ એ બધો વિકલ્પ રાગ. એવું રાગપણું વેદીને અનંતવાર મુનિપણું લીધું અને પાળ્યું નગ્નપણું હોં. વસ્ત્રવાળા છે એ તો મુનિ દ્રવ્યલિંગ પણ નથી. આ વસ્તુનું સ્વરૂપ છે હોં. એક આજ આવ્યું હતું ઓલા અમરચંદજી. છેને ઓલા સ્થાનકવાસી ત્યાં? રાજગ્રહીમાં કરે છેને વિરાયતન. એમાં ત્યાં લખ્યું પહેલું આવ્યું હતું કે ત્રણમાં મોક્ષ માને એ પંથ છે, ધર્મ નહિ. ચંડાળને મોક્ષ ન માને એ પંથ છે, ધર્મ નહિ. આજે એ આવ્યું છે. એક અન્યમતિ બાવો હતો. વિઠલ છેને વિઠલ? શું કહેવાય? વિઠોબા. પંઢલપુરમાં. એની જાત્રા કરવા નીકળ્યો છે.

**શ્રોતા :-** પંઢરપુર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હશે ક્યાંક. એનું પાણી લાવ્યા હતા ગંગાનું ઉપાડીને. એ પાણીમાં એક ગધેડો મરતો હતો આમ પાણી વિના. એટલે શિષ્યને કહે કે એલા પાણી લાવ. કે સાહેબ ઉપાડીને કેટલેથી લાવ્યા છે આપણે ભગવાનની પૂજા માટે. પણ આ ભગવાન છે જો આ ભગવાન મરે છે. આને પા એ પૂજા છે. હવે એવું ઠરાવ્યું. શું કરે છે માણસ?

લોકોને સારું લાગે. બહારની વાત એવી લાગે. આહા..હા..! એ તો કરૂણાનો વિકલ્પ છે, રાગ છે. ત્યાં ક્યાં ધર્મ હતો? આહા..હા..! બહુ લડાવ્યું છે આજે. આજે લેખ આવ્યો છે મોટો અમરચંદ છેને સ્થાનકવાસી. અરે! ભગવાન! બાપુ! માર્ગ તો જે છે એ રહેશે, ભાઈ! એ મરેલા .. નહિ ફરે. આહા..હા..! વીતરાગમાર્ગને વેશ નહિ. વેશમાં નહિ પણ વાસ્તવિક તત્ત્વ જ્યાં મુનિપણું પ્રગટે છે અંતર સમકિતસહિત એનો વેશ નગ્ન થઈ જાય છે, નગ્ન કરતો નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવું સ્વરૂપ છે, ભગવાન! આહા..હા..!

અને જે વસ્ત્રસહિત સાધુપણું માને એ તો મિથ્યાદષ્ટિ નિગોદગામી છે, સાધુપણું નથી. સમજાણું કાંઈ? એમ કુંદકુંદાચાર્યનો પોકાર છે. ભગવાન પાસેથી લાવ્યા છે વાણીને. ઉપદેશ આ છે. વાડાને બેસે ન બેસે એની સાથા કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એણે ત્યાં સુધી કીધું ભાઈ. બહુ લખ્યું છે, ખૂબ લડાવ્યું છે. એ આકાશનું પાણી એ ગમે ત્યાં પડે ત્યાં એની પૃથ્વીને અડે તો આવું થાય, ફલાણે અડે તો આવું થાય. લડાવ્યું છે ભારે. મગજવાળો માણસ છે, ઉઘાડવાળો ખોટો. હવે એને શું... ..ભાઈ! આ બધો વિસ્તાર કરવા જાય વિશાળતા. પણ ગમે તે નાત હોય કે ગમે તે જાત હોય એ મુનિ થઈ શકે, કેવળજ્ઞાન પામી શકે છે. બાપુ! એમ નથી, ભાઈ!

**શ્રોતા :-** મુનિપણું જ ન પામી શકે પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો કેવળ પામી શકે. આકાશના પાણીમાં શું ભેદ છે? કહે. અહીં નીચે પડે ત્યારે ભેદ પડે છે. એમ ધર્મમાં ભેદ નથી, પંથમાં ભેદ છે. એવું લડાવ્યું છે. ભાઈ! એમ નથી, બાપુ! જગતને સારું લાગશે. વિશાળતા લાગે છે આની દૃષ્ટિમાં વિશાળતા. ચંડાળને મુક્તિ કહો, સ્ત્રીને મુક્તિ કહો. ભગવાને ક્રાંતિકા કરી. દુનિયાને સારું લાગે છે. ભગવાને કાંઈ કરી નથી ક્રાંતિ. એણે તો વીતરાગતા વધારી અને રાગ ઘટાડ્યો છે એટલું કર્યું છે એણે. એ મહાવીરે કાંઈ કર્યું નથી બીજું પરનું. ભાષા પણ કરી નથી, વાણી ઉપદેશ પણ કર્યો નથી. ઉપદેશ ક્યાં એનો હતો? .. કર્યો. એણે તો રાગને ઘટાડ્યો અને વીતરાગતાને વધારી આ એણે કર્તવ્ય જીવનમાં કર્યું છે. આહા..હા..! અરેરે! શું કેમ હશે? સમજાણું કાંઈ? એને એમ કે કેવી ઘટના થઈ! આ સર્પને પકડ્યો, હાથીને વશ કર્યો, ફલાણું કર્યું. ભાઈ! એ ક્રિયા આત્માની નહિ, સાંભળને. ભગવાને તો વીતરાગતા લઈને આવ્યા હતા ત્રણ જ્ઞાન અને સમકિત. એમાં વીતરાગતાની વૃદ્ધિ કરી અને રાગને ઘટાડ્યો એ એનું કર્તવ્ય છે... બાકી .. કહેવું એ બધી વ્યવહારની વાતું છે. આહા..હા..! યજ્ઞ બહુ હતા એની સામે વિરોધ-દ્રોહ કર્યો. ભગવાને કાંઈ કર્યું નથી. દ્રોહ પણ કર્યો નથી અને યજ્ઞ હતા માટે ઉપદેશ આપ્યો અને દીક્ષા લીધી એમ પણ નથી, કાંઈ નથી. આહા..હા..! પોતાની શુદ્ધતાની વૃદ્ધિ થવા ચારિત્ર લીધું અને શુદ્ધતાની પૂર્ણતા થઈ ત્યારે કેવળ થયું. આ કર્યું એણે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાતું બહુ, ભાઈ! પક્ષકારને તો આકરું લાગે, બહુ લાગે. આહા..હા..!

શું કીધું અહીં? '**ઓળંગી જઈને...**' વિકલ્પની લાગણીઓ જેટલી વૃત્તિઓ ઉઠે એ નયપક્ષની ભૂમિકાની વૃત્તિ ઉઠે. વૃત્તિ એટલે વિકલ્પ, વિકલ્પ એટલે રાગ. એને છોડી દઈને, એને ઓળંગી જઈને. એ વ્યવહારથી વાત છે. બાકી વસ્તુમાં સ્થિર થતાં ઈ વિકલ્પ ઓળંગી જવાય એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વનો જાણનાર '**અંદર અને બહાર સમતા–રસરૂપી...**' સમતા–રસરૂપી '**એક રસ જ...**' જેવો વીતરાગ સ્વભાવ છે એવી સમકિતની પર્યાય, સમતારસની પર્યાય છે. એક રસ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને લાગે હોં બિચારાને. સાંભળ્યું ન હોય અને પક્ષ બંધાઈ ગયો હોય ઘણો એમાંથી ફરવું આમ .. આત્મા મરી જાય. હાય.. હાય.. એ અભિપ્રાય બાંધ્યો હોય એમાંથી ફેરવવું આકરું લાગે. માર્ગ તો આ છે, બાપા! આહા..હા..! અનંત કેવળીઓનો પોકાર આ છે. અનંત તીર્થંકરો, અનંત સર્વજ્ઞો, અનંત સમકિતી, અનંત કેવળી, સાધુ અને અનંત શ્રાવક, સમકિતી એ બધાનો આ પોકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સમતા–રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' આહા..હા..! વિકલ્પ છે એ અનેક છે. એને છોડીને જ્ઞાયકસ્વભામાં એકાગ્રતા થઈ એ સમતારૂપી એક રસ સ્વભાવ '**એવા અનુભૂતિમાત્ર...**' શું કીધું? બાપુ! આ તો અધ્યાત્મ વાત છે. આ કાંઈ કથા નથી. આહા..હા..! ભગવાનના ઘરની વાત છે આ. કહે છે '**અંદર અને બહાર સમતા–રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર...**' એવી અનુભૂતિ. આત્માનો અનુભવ. કેવો? કે '**સમતા–રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા...**' આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ વાત આવી છે. આહા..હા..! સંતોની કથનીનું શું કહેવું? સંતો કેવળીના કેડાયત છે, કેવળીના આડતિયા છે. આહા..હા..! ભાવલિંગી સંત કુંદકુંદાચાર્ય આ પદ્મપ્રભમલધારિદેવ એની ટીકા છે. આ કળશ છે અમૃતચંદ્રાચાર્યનો.

શું કીધું? કે ભગવાન આત્મા ચિદ્દ્ઘન વિજ્ઞાનઘન વીતરાગસ્વરૂપ એને આ વિકલ્પની જાળથી ખસેડીને એવા વીતરાગ સ્વભાવમાં એકાગ્રતા કરવી એવું જે સમ્યગ્દર્શન અને જેમાં સમતાનો રસ એક છે એવી અનુભૂતિ. આહા..હા..! '**એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને પામે છે.**' ટંકોત્કીર્ણ આ શાસ્ત્ર છે. આહા..હા..! વસ્તુ આખી ચીજ અકષાયસ્વરૂપ છે. આત્મા જેને કહીએ એ અકષાયસ્વરૂપથી ભરપૂર પડ્યો છે. એમાં જે વિકલ્પ ઉઠે છે એ કષાય છે. ચાહે તો 'હું શુદ્ધ છું અને અભેદ છું' દયા, દાનનો વિકલ્પ તો સ્થૂળ છે. પૂજા, ભક્તિ એ તો સ્થૂળ વિકલ્પ રાગ છે. આહા..હા..! પણ અંદરમાં 'હું આવો છું અને આવો છું ને પૂર્ણ છું ને શુદ્ધ છું ને એક છું.' આહા..હા..! એવી પણ એક વિકલ્પજાળ રાગની છે. એ સમતાનો પિંડ છે એમાં એ નથી. ભગવાન આત્મા સમતાનો પિંડ છે રસ. આનંદરસ છે. પ્રશમરસ છે, ઉપશમરસથી ભરેલો છે. ઉપશમ એટલે અકષાય સ્વભાવથી ભરેલો છે. એને એમાં એકાગ્ર થતાં આહા..હા..! જેવો સમતારસ

છે એવી પર્યાયમાં સમતારસ પ્રગટ્યો એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ આત્માની અનુભૂતિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ભાવ ભલે મોંઘા હોય, પણ ભાષા તો સહેલી છેને. ભાષામાં કોઈ એવું સંસ્કૃત અને વ્યાકરણ મોટું એવું કાંઈ નથી. આહા..હા..!

**'સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** કોનો? **'એવા અનુભૂતિમાત્ર...'** વીતરાગતાની પર્યાય પ્રગટી. સમ્યગ્દર્શન એટલે વીતરાગ પર્યાય પ્રગટી. આહા..હા..! સરાગ સમકિત એ નથી. અહીં તો વીતરાગ પર્યાય એ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભૂતિ સમતા-રસરૂપી એક રસ જ. ઓહો..હો..! ગજબ કામ કર્યું છેને. થોડી ભાષામાં પણ કેટલું વાચ્ય છે. આ જે વિકલ્પ ઉઠતા 'હું આવો છું ને તેવો છું.' પરની દયા, દાનના વિકલ્પની વાત અહીંયાં છે નહિ. એ સ્થૂળ. એ સ્થૂળ શુભ. પણ 'આવો હું શુદ્ધ છું, અખંડ છું અને એક છું, અનુભૂતિ તત્ત્વ સ્વરૂપ મારું પૂર્ણ છે' એવો જે વિકલ્પ હતો એ વિષમભાવ હતો. વિષમભાવને ઓળંગી જઈને ત્રિકાળી સમતારસનો પિંડ ભગવાનમાં એકાગ્ર થતો. સમતારસ જેનો એક પ્રગટ્યો. આહા..હા..! એનો સ્વભાવ એવો **'અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને પામે છે.'** પોતાનો અનુભૂતિમાત્ર એવા ભાવને પામે છે. રાગ એ પોતાનો ભાવ નહિ. વિકલ્પ ઉઠ્યો એ પોતાનો ભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** એકાંત નથી થતું, કાંઈક સમતા અને કાંઈક વિષમતા? બાપુ! એમ નથી, ભાઈ! **'એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર...'** અનુભવ. **'એક પોતાના ભાવને પામે છે.'** એ પોતાનું સ્વરૂપ છે તેને પ્રાપ્ત કરે છે. એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનુભૂતિ કહેવામાં આવે છે. એ ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી છે, બાકી બધી વાતું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૧, શુક્રવાર, તા. ૧૯-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૧, કળશ-૨૫૯-૨૬૦, પ્રવચન નં. ૧૨૯

નિશ્ચય-પરમ-આવશ્યક ક્રિયા. ધાર્મિક, નિશ્ચયધાર્મિક ક્રિયા. ૨૫૯ કળશ છે.

(मंदाक्रांता)

मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च
स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।
ज्ञानज्योतिःप्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा
क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श।।२५९।।

'**શ્લોકાર્થ :- ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને...**' વિકલ્પ. બાહ્ય આ સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, ભગવાનનું સ્તવન આદિ એ વિકલ્પ છે એ બાહ્ય કહેવામાં આવે છે. ખાવું, સૂવું, ગમન કરવું, સ્થિર રહેવું એમાં સત્કારને બીજા મોટપ કેમ આપે છે એવો જે ભાવ એ અંતરજલ્પ કહેવામાં આવે છે. આહા..હા..! એ બાહ્ય અને અંતર જલ્પ નામ વિકલ્પ '**છોડીને,...**' આહા..હા..! કેવા છે વિકલ્પો? રાગ ચાહે તો શુભ હોય. પહેલું કીધુંને? સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન આદિ. પણ એ શુભ છે એ ભવભયના કરનાર છે. આહા..હા..! ભવને ઉત્પન્ન કરનારા એ ભાવ છે. આહા..હા..! એને છોડીને. આહા..હા..! સમરસમય.. વિકલ્પ જે બાહ્ય અને અભ્યંતરમાં વિકલ્પ કહ્યા એ રાગ છે એ વિષમભાવ છે. આહા..હા..! બહુ માર્ગ, ભાઈ!

એને છોડીને '**સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કાર...** ' આહા..હા..! વીતરાગ સ્વભાવસ્વરૂપ સમતારસમય એક ચૈતન્યચમત્કાર ધ્રુવ. વિકલ્પને છોડીને, નિર્વિકલ્પ પર્યાયને છોડીને નહિ. કેમકે નિર્વિકલ્પ પર્યાય તો દ્રવ્યમાં એકાગ્ર થાય છે. શું કહ્યું? બાહ્ય અને અભ્યંતર વસ્તુ જે વિકલ્પ છે એને છોડીને.

**શ્રોતા :-** શુદ્ધ પર્યાયને છોડીને નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ પર્યાયને છોડી નથી, કારણ કે શુદ્ધ પર્યાય તો દ્રવ્યમાં એકત્વ થાય છે. એ શુદ્ધ પર્યાય પણ છે તો અંતઃતત્ત્વથી બાહ્ય, પણ એ શુદ્ધ પર્યાય છે એ અંતરંગનું તત્ત્વ છે, અંતરંગ સ્વભાવમાંથી નીકળેલી દશા છે. એ કહેશે. અભ્યંતર અંગ. એ અભ્યંતર અંગ. રાગાદિ છે એ અભ્યંતર અંગ નથી. આ માણસ નથી કહેતા અમારા અંગત માણસ છે. એમ શુભ-અશુભ રાગને છોડી અને '**સમરસમય એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને,...** ' એને જ્ઞાનમાં લઈને. આહા..હા..! ભગવાનનું સ્મરણ એ વિકલ્પ છે. આહા..હા..! એક સમરસમય, સમતા-વીતરાગમય એક ચૈતન્યચમત્કાર ધ્રુવ. એને '**સદા સ્મરીને,...** ' એ પર્યાય. અશુદ્ધને છોડી અને ત્રિકાળ સમરસમયભાવ ચૈતન્યચમત્કારને સ્મરીને. એટલે કે જેણે એ વસ્તુ છે એની દૃષ્ટિ અને જ્ઞાન થયા છે. હવે અહીંયાં આવશ્ય ક્રિયા વિશેષ કરવી છે. એટલે એ ચીજને ત્રિકાળ સમરસભાવ, સમતારસમય ચૈતન્યચમત્કાર જે અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો ચમત્કાર છે એ. એવી ચીજને સદા સ્મરીને. એનું સ્મરણ કરવું કહે છે, યાદ કરવું. વિકલ્પને છોડીને અને ત્રિકાળી ચૈતન્યચમત્કારને યાદ કરવા. આહા..હા..! ચેતનજી!

સવારનું આવ્યું છે. અહીં તો અત્યારે આ. આહા..હા..! સમતારસ આવ્યું છે. આહા..હા..! કાલે, પરમ દિ' આવ્યું હતું. આહા..હા..! વસ્તુ જે છે આત્મા એ તો સમતારસમય આત્મા છે. આહા..હા..! એમાં પુણ્ય-પાપના વિકલ્પો છે એ એમાં નથી, તેમ એને સ્મરણ કરનારી પર્યાય પણ એમાં નથી. પણ ઈ અહીં નથી કહેવું. સમજાણું કાંઈ? અહીંયાં તો અશુદ્ધતાના

પુણ્ય-પાપના વિકલ્પને છોડી ચૈતન્યચમત્કાર સમતારસમય આત્માને સ્મરી એ પર્યાય નિર્મળ. સમજાય છે કાંઈ? આવો ધર્મ ભારે! કહો, ભભુતમલજી! આવો ધર્મ? ત્યાં સાંભળ્યો હતો કાંઈ એમાં? આહા..હા..! ભાઈ! એકવાર સાંભળને, પ્રભુ! તું કોણ છો? સમતારસ વીતરાગરસમય તું છો. આહા..હા..!

એ નિર્વિકલ્પ તત્ત્વ વીતરાગમય છે. આહા..હા..! વસ્તુ જે છે ત્રિકાળ એ ચૈતન્ય ચમત્કાર જાણવાની અનંતની તાકાત રાખનાર અને એ સમતારસમય છે. બે ભાગ લેવા છેને? એક વીતરાગતા અને એક ચૈતન્યચમત્કારરૂપ. આહા..હા..! એને સદા સ્મરીને. સમતારસમય એક ચૈતન્યચમત્કાર એને યાદ કરીને. આહા..હા..! સુમનભાઈ! નવા સાંભળનાર હોયને સંપ્રદાયના તો એવું થાય કે શું કહે છે આ? આવો તે કાંઈ ધર્મ હશે? આહા..હા..! ભાઈ! તને ખબર નથી, બાપુ! જૈનપણું એટલે સમતારસમયપણું જ આત્મા છે. સમજાણું કાંઈ? વીતરાગમય પ્રભુ આત્મા છે. વીતરાગમય એક ચૈતન્યચમત્કારમય. આહા..હા..! ચમત્કારના ભેદ પડે જ્ઞાનના પાંચ એને નહિ. એક ચૈતન્યચમત્કાર સમતારસનો પિંડ તેને યાદ કરીને, સ્મરીને.

**'જ્ઞાનજ્યોતિ વડે જેણે...'** આહા..હા..! જ્ઞાનજ્યોતિની દૃષ્ટિ કરીને. જ્ઞાનજ્યોતિ વર્તમાન નિર્મળ **'જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** આહા..હા..! પર્યાય. અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. જે સમતારસમય ચૈતન્યચમત્કાર છે એને સ્મરીને જ્ઞાનજ્યોતિ વડે, જ્ઞાનના ભાન વડે **'જેણે નિજ અભ્યંતર અંગ...'** વીતરાગી પર્યાય અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. આહા..હા..! ભારે પણ કળશ છેને. ઓહો..હો..! ગજબ વાત છે. આ તો વીતરાગમાર્ગ છે, પ્રભુ! આહા..હા..! કહે છે કે ઈ શુભ-અશુભ વિકલ્પ છે તેનું લક્ષ છોડી દઈને. ત્રિકાળ જે સમતારસમય ચૈતન્યચમત્કાર એને કાયમ યાદ કરીને. આહા..હા..! **'જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** નિર્મળ જ્ઞાનની પર્યાય દ્વારા નિજ અભ્યંતર અંગ. અંતર આત્મા છેને? તો અંતર અંગ. સમતામય જે વીતરાગભાવ છે, તેને અંતરંગમય. આહા..હા..! અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. અર્થાત્ વીતરાગી પર્યાય એ અંગ અભ્યંતર છે એને પ્રગટ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો શાંતિના માર્ગ છે. આ કાંઈ ઉતાવળથી મળી જાય અને આમ બહારથી મળી જાય એવી ચીજ નથી. ભાઈ! આહા..હા..! કેટલું એક કળશમાં કેટલું સમાડ્યું છે! આહા..હા..!

જ્યારે શુભ અને અશુભ વિકલ્પો છે એનું લક્ષ છોડ્યું અને સમતારસમય ચૈતન્યચમત્કારનું લક્ષ કર્યું. એટલે એને યાદ કર્યું. આહા..હા..! અને તે ચૈતન્યની જ્ઞાનની જ્યોતિ નિર્મળ દ્વારા જેણે નિજ અભ્યંતર અંગ વસ્તુ જે વીતરાગમય ચૈતન્ય સમતામય છે એનું અંગ બહારમાં વીતરાગ પર્યાય પ્રગટ કરી. આહા..હા..! એ આવશ્યક ક્રિયા નિશ્ચયની છે. કહો, ચંદુભાઈ! આવી વાત છે, ભગવાન! આહા..હા..! આત્મા આગળ બાહ્યની કોઈ ચીજની અનુકૂળતા જો અધિકપણે એને ભાસે તો એણે ચૈતન્યનો અનાદર કર્યો છે. બાહ્ય ચીજ શરીર સુંદર,

લક્ષ્મી, પૈસા, આબરૂ, કીર્તિ. એ પરચીજની કોઈ રીતે આકર્ષણ એને થાય તો એણે ચૈતન્યના સ્વભાવનો એણે અનાદર કર્યો છે, અધિક એને માન્યું. આહા..હા..!

હવે અંદર. પુણ્ય-પાપના વિકલ્પને જેણે અધિક માન્યા, એણે ચૈતન્ય સમતારસમય ચૈતન્યનો એણે અનાદર કર્યો છે. આહા..હા..! જેણે અંતર સમતારસમય ચૈતન્યચમત્કાર એને સદા અંદર જ્ઞાનમાં યાદ કરીને એ જ્ઞાનજ્યોતિ વડે આહા..હા..! જેણે અભ્યંતર સમતારસમય જે ભગવાન એનું સમતાનું અંગ, વિષમતાના પરિણામને છોડી સમતામય આત્માના સ્મરણમાં આવ્યો એણે અભ્યંતર અંગ વીતરાગતા પ્રગટ કરી. આનું નામ આવશ્યક ક્રિયા છે. આહા..હા..! એક તો વાત પકડવી કઠણ પડે પહેલી. એય..! ચેતનજી! એય..! અજિતભાઈ! એ આફ્રિકામાં મળે નહિ કાંઈ. પૈસા મળે ત્યાં ધૂળ. આહા..હા..! ઓહો..હો..! એક કળશમાં કેટલું સમાડ્યું છે! પુણ્ય અને પાપના વિકલ્પો. બાહ્ય ચીજની તો વાત છોડી દીધી. કારણ કે ઈ એમાં નથી. ઈ એમાં નથી એનું જેને આકર્ષક થઈ જાય, ખેંચાઈ જાય તો તો આત્માથી દૂર થઈ ગયો ઈ. પણ અહીંયાં તો સમતારસમય ભગવાન આત્મા એનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપના વિકલ્પોની લાગણી આહા..હા..! એ એની પર્યાયમાં હોવા છતાં તેને છોડી દઈ. આહા..હા..! એનું લક્ષ સદા ચૈતન્યજ્યોત સમતારસમય ભગવાનના સ્મરણમાં, સ્મૃતિમાં આવ્યું એણે ચૈતન્યની પર્યાય અંદર પ્રગટ કરી.

એ '**જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ...**' અંતર આત્માનું અંગ એ નિર્મળ પર્યાય. એ પ્રગટ કરી એણે. આહા..હા..! કહો, ગોવિંદરામજી! એક ગોવિંદમાં રમ્યો આત્મા એમ કહે છે. આહા..હા..! ઓહો..! સંતોની કથની ગજબ છે. પરપદાર્થની સંયોગી ચીજ જે છે એમાં તો એની પર્યાય જ નથી. એથી એની ચીજનું કાંઈક અધિક ભાસે આહા..હા..! તો ભગવાન ચૈતન્યને એણે આવરી નાખ્યો. આ અધિક ભાસવું જોઈએ, પરદ્રવ્યથી અને પુણ્ય-પાપના વિકલ્પથી અધિક એટલે ભિન્ન એટલે જુદું ભાસવું જોઈએ એને ઠેકાણે પરદ્રવ્યની કોઈપણ પર્યાયની ક્રિયા, શરીર સુંદર, લક્ષ્મી સુંદર, મકાન મોટા હોય આમ. આહા..હા..! એ બાહ્યની પર્યાયની જેને અધિકતા, વિશેષતા, અતિશયતા ભાસે એને તો આત્માનો અનાદર કર્યો છે. આહા..હા..! પણ અહીંયાં તો અહીંથી વાત લીધી. ફક્ત પુણ્ય-પાપના વિકલ્પો જે બાહ્ય અને અંતર જલ્પની વૃત્તિઓ કે જેની દશામાં છે, એને લક્ષને છોડી દઈને સમતારસમય ભગવાન ચૈતન્યચમત્કાર બેય લઈ લીધા. વીતરાગ અને ચૈતન્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમરસનું વીતરાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વીતરાગત. આહા..હા..! શુભ-અશુભ જે વિકલ્પ છે એ વિષમતા છે, એ દુઃખ છે, એ અસમતા છે. એને છોડી સમતારસમય વીતરાગસ્વરૂપ ભગવાન ચૈતન્યચમત્કાર એને યાદ કરી, એની દૃષ્ટિ થઈ એટલે એને યાદ કર્યો, એ જ્ઞાનની પર્યાય એને પ્રગટી. વીતરાગી ચૈતન્યચમત્કારમાંથી વીતરાગી ચૈતન્યપર્યાય પ્રગટી. આહા..હા..! એ

'જ્ઞાનજ્યોતિ વડે...' એ ચૈતન્યની સમતારસમાંથી પ્રગટ કરેલી દશા વડે '**નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...**' આહા..હા..!

**શ્રોતા :-** આ કામ કરવાનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કરવાનું છે. આહા..હા..! આમાં કોઈ વિદ્વતાની જરૂર નથી, કે બહુ ભણેલો હોય તો આવું કરી શકે એવું કાંઈ નથી. આહા..હા..! એને ભણવામાં આત્મા જોઈએ આખો. આહા..હા..! જે સમતાનો ચૈતન્યચમત્કાર રસ પિંડલો મોટો પડ્યો છે આખો. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... આહા..હા..! એને સ્મરીને. એને ભૂલી ગયો છો અને રાગને અને પુણ્યને સ્મરતો. એને યાદ કર્યો કે ઓહો..! આત્મા આનંદનો નાથ ચૈતન્યચમત્કાર છે. આહા..હા..! એવો જેણે સમતારસમય ચૈતન્યચમત્કારને યાદ કરતા જ્ઞાનજ્યોતિ પ્રગટી, અભ્યંતર સ્વસંવેદન જ્ઞાન પ્રગટ્યું, એ વડે જેણે અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિજ અભ્યંતર રાગ વિનાની ક્રિયા, અરાગી પર્યાયને જેણે પ્રગટ કરી છે એ અભ્યંતર જીવ આત્માનું અંગ છે અભ્યંતર. આહા..હા..!

**શ્રોતા :-** આ આત્માનું અંગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંગ છે. એ '**પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા,...**' આહા..હા..! આવો જે અંતરાત્મા '**મોહ ક્ષીણ થતાં,...**' મોહનો નાશ થતાં. '**કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.**' સમજાણું કાંઈ? એટલે વિકારનો નાશ થતાં '**કોઈ (અદ્ભુત) પરમતત્ત્વ...**' સમતારસમય ચૈતન્યચમત્કાર એવા પરમતત્ત્વને અંદરમાં દેખે છે. વતરાગી પર્યાય દ્વારા એને દેખે. આહા..હા..! ગજબ કર્યું છેને. આ પદ્મપ્રભમલધારિદેવ. આહા..હા..! જંગલમાં બેઠા છે. ઝાડ નીચે છેને? જુઓને, ઝાડ કર્યું બરાબર. વનમાં ઝાડ નીચે બેઠા છે જંગલમાં. આહા..હા..! એ વિકલ્પ ચાલે છે એનાથી કહે છે છોડી દઈને. આહા..હા..! ક્રિયા થાય છે પરની એનું તો લક્ષ છે જ નહિ. આહા..હા..! ઓહો..હો..! શું શૈલી સંતોની! દિગંબર સંતોએ તો બાદશાહી ખડી કરી છે. આહા..હા..! સમતામય ચૈતન્યચમત્કાર બાદશાહ પ્રભુ તું છો. રાંકાંઈને ક્યાં યાદ કરે છે તું? પુણ્ય-પાપના વિકલ્પને અને એક સમયની પર્યાયને યાદ કર એ તો રાંકો માણસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આવો વીતરાગનો ઉપદેશ કેવો? ચોવિહાર કરવો. ગુલાબચંદભાઈ! લીલોતરી ન ખાવી, પચ્ચખાણ કરવા. એવું હોય તો સમજાય. અરે! બાપા!

**શ્રોતા :-** એ પણ એક રસ્તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રસ્તો છે જ નહિ. એ તો રાગ છે. આ તો વીતરાગની ક્રિયાનો રસ્તો બતાવવો છે.

**શ્રોતા :-** એક એ પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ છે સંસારનો રસ્તો. એ તો કહ્યુંને પહેલું, '**ભવભયના**

**કરનારા,...**’ કહ્યું એ તો. બહુ કરી છે. એ વિકલ્પ જે ઉઠે એ તો ભવભયનો કરનારો, ભગવાન! એ તો ભવ કાપશે. એમાં તો ભવ મળશે. આહા..હા..! ભવના ભાવ વિનાનો ભગવાન આત્માનો સ્વભાવ. આહા..હા..! અરે! એણે જેને સ્મર્યો એને જ્ઞાનજ્યોતિ પ્રગટી એ વડે જેણે અભ્યંતર અંગને, વીતરાગતાને પ્રગટ કરી છે. નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રએ વીતરાગતાને પ્રગટ કર્યું. એને આવશ્યક કર્મ અને આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! એવો અંતરાત્મા રાગના નાશ કાળે. આહા..હા..! કોઈ અંતર અદ્ભૂત પરમાનંદના તત્ત્વને એ દેખે છે. એની દૃષ્ટિ ત્યાં છે તો એને દેખે છે. આહા..હા..! જુઓ, એક કળશ કેટલું ભર્યું છે આમાં! બહુ. ચંદુભાઈ! આહા..હા..! એક-એક કમાલ છે. દિગંબર સંતોની શૈલી, વીતરાગતામાં પડ્યા છેને. આહા..હા..! વીતરાગતાની દશા જેણે વીતરાગ ચૈતન્યચમત્કારમાંથી જેને કાઢી છેને. આહા..હા..! દશાવાનમાંથી દશા કાઢી છે. આહા..હા..! એક શૈલી તો જુઓ! ૩૨ સૂત્ર શ્વેતાંબરના જુઓ તો આવું એક પદ નહિ મળે. આહા..હા..! દુઃખ બીજાને લાગે કે અમારું ખોટું કહે. બાપુ! આ એને માટે વાત નથી, ભાઈ! આ તો સત્યની પ્રસિદ્ધિ માટે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** સત્યની પ્રસિદ્ધિ તો થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ... છે. જેને આવું હજી સાંભળવા મળે નહિ એ કે દિ’ અંદર રુચિ કરે અને પરિણમે? આહા..હા..! કરવાનું તો આ છે. આવશ્યક એટલે જરૂર કર્તવ્ય હોય તો આ કર્તવ્ય છે. આહા..હા..! કે જે આત્માનું કર્મ છે એ. કર્મ એટલે કાર્ય છે. આહા..હા..! આ સાંજ-સવાર આવશ્યક કરે. જેઠાભાઈ! કરતા કે નહિ? સાંજ-સવાર પડિક્કમણા કરે અને એ થઈ ગયા પાપ! થઈ ગયા પાપ! આહા..હા..! અરે! ભાઈ! એ ઓલામાં આવ્યું નહોતું? ઓલો શ્લોક આવ્યો છે એક. ‘**અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ એ આવ્યું હતું. ૧૪૩ ગાથાનો સમયસારનો ઓલીકોર પાને. ૩૦૩ પાને.

‘**બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઉઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને ઓળંગી જઈને...**’ આહા..હા..! ‘**(તત્ત્વવેદી) અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ આહા..હા..! અંતર સમતા વીતરાગમય જેનું સ્વરૂપ છે અને વિકલ્પની જાળ છૂટી છે એટલે બાહ્ય પણ આહા..હા..! પર્યાયમાં પણ સમતારસ પ્રગટ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર...**’ આહા..હા..! અનુભૂતિ છે ઈ પર્યાય, પણ એ અનુભૂતિ કેવી? કે ‘**અંદર અને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**’ આહા..હા..! અનુભૂતિ જેની થઈ તે પણ સમતાનો પિંડ છે અને અનુભૂતિ પોતે સમતાનો પિંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ગજબ કર્યું છે કામ. કેવા કળશની શૈલી ગોઠવી છે! ઓહો..હો..! .. સમયસારનો કળશ છે. ૧૪૩ ગાથા કર્તાકર્મની. ઓલા ૨૦ બોલ

આવે છેને? હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એક છું. એ વ્યવહારના વિકલ્પોનો તો, વ્યવહારનો તો નિષેધ કરતા આવ્યા છીએ. એમાં છે સમયસારમાં. પણ અહીંયાં 'વસ્તુ અખંડ છે, અભેદ છે, ચૈતન્ય છે, શુદ્ધ છે, જ્ઞાયક છે, વીતરાગ છે.' એવો જે વિકલ્પ ઉઠે છે એને હવે અહીં છોડાવીને નિર્વિકલ્પ દશા કરાવીએ છીએ, કહે છે. આહા..! સમજાણું કાંઈ?

એ અહીંયાં 'કોઈ (અદ્‌ભુત) **પરમતત્ત્વ...**' આહા..હા..! એકલો સમતારસ અને ચૈતન્યચમત્કાર એવું જે તત્ત્વ. એને અભ્યંતર અંગ પ્રગટ થયેલો જીવ મોહ ક્ષીણ થતાં એને જોવે છે. ઓહો..હો..! 'આવો ભગવાન વીતરાગમય પ્રભુ, તે હું છું.' એમ પરિણતિની શુદ્ધ વીતરાગદશામાં એને જોવે છે. આહા..હા..! એ શ્લોક એવો છે કોઈ કે એમાં ગંભીરતા એટલી બધી ભરી દીધી છે. આહા..હા..! પોતે મુનિ કહે છે, મારા મુખથી પરમ આગમ ઝરે છે. આહા..હા..! આથી પરમાગમોની શું વિશેષતા! આહા..હા..! એ ૧૫૦ ગાથા થઈ. ૧૫૧.

**जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा।**
**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि।।१५१।।**

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**
**ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.**

આહા..હા..! અન્વયાર્થ પહેલો લઈએ. '**જે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં પરિણત છે...**' સમરસ વીતરાગીભાવ એવું તત્ત્વ ભગવાન, એને વીતરાગી પરિણતિએ પરિણમ્યો છે. '**તે પણ અંતરાત્મા છે; ધ્યાનવિહીન...**' વસ્તુ પરમસમતારસ પિંડ પ્રભુ. એની જેને એકાગ્રતા નથી. એ '**ધ્યાનવિહીન શ્રમણ બહિરાત્મા...**' મૂઢ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સદાય ધ્યાન છે એમ કહે છે. આહા..હા..! ધ્યાન એટલે? શુદ્ધ ચૈતન્યઘન નિર્મળ સમતારસનો પિંડ એકલો શાંતરસનો સાગર એમાં જેની એકાગ્રતા સદાય છે. એનું નામ ધ્યાન. એ એકાગ્રતા જેને નથી, વસ્તુના સ્વભાવમાં એકાગ્રતા જેને નથી તે જીવ બહિરાત્મા છે. એ પુણ્યને ધર્મ માનીને પુણ્યમાં અટકેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બહિરાત્મા છે એમ જાણ.**' એમ કહે છે જુઓ. કુંદકુંદાચાર્ય કહે છે. '**विजाणीहि**' શબ્દ છેને? '**विजाणीहि**' જાણ. આહા..હા..! જેને વસ્તુનો સ્વભાવ, તેનું ધ્યાન ધ્યેયમાં જેનું ધ્યાન નથી. આહા..હા..! જે ધ્યેયમાં ધ્યાન જેને છે તેને અંતરાત્મા કહીએ. આહા..હા..! અને જે આ ધ્યેય વસ્તુ છે તેના ધ્યાન વિનાનો પ્રાણી એને બહિરાત્મા કહીએ. ચાહે તો એ પંચમહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ સાધુના હોય, પણ એને ધ્યેયનું ધ્યાન નથી. ધ્યેય ત્રિકાળી જ્ઞાયકભાવ તેની એકાગ્રતા નથી. આહા..હા..! એ ધ્યાનમાં બેઠો હોય ત્યારે ધ્યાન છે એમ કાંઈ નહિ. નહિતર તો ધ્યાનમાં નથી ત્યારે બહિરાત્મા છે એમ કહે. ઈ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસ્વરૂપ એ સમતારસનો ચૈતન્યચમત્કાર. એમાં જેનું ધ્યેયમાં ધ્યાન પડ્યું જ છે સદાય. આહા..હા..! એમા જેને ધર્મધ્યાન અને શુક્લધ્યાન જામ્યું છે આહા..હા..! એ અંતરાત્મા છે. અને જેણે

જ્ઞાયકસ્વભાવ ચૈતન્યરસમય પ્રભુ અનાકુળ શાંતરસનો પિંડ તેનું જેને ધ્યાન ધ્યેય કરીને નથી, એનું ધ્યેય પુણ્ય અને પાપની ક્રિયા આદિ દયા, દાન કે વ્રત એ એનું ધ્યેય છે, એ મિથ્યાદષ્ટિ બહિરાત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત કેમ થાય?

સંપ્રદાયમાંતો અમારે હીરાજી મહારાજ બિચારા કહે, પણ આ વાત ક્યાંય સાંભળવા મળતી ન હતી. હીરાજી મહારાજ એવા પ્રસિદ્ધ સ્થાનકવાસીમાં. બહુ પ્રસિદ્ધ હતા. હીરો એટલો હીર બાકી સુતરના ફાળકા. એટલી પ્રસિદ્ધિ. વાત આ કે દયા પાળો, વ્રત પાળો, તપ કરો ને આ કરો. એય..! સાંભળ્યું હતું કે નહિ? આ મલુપચંદ રહ્યા મોઢા આગળ. એ ત્યાં સાંભળતા હતા. મૂર્તિમાં પૂજામાં હિંસા થાય. ... ભગવાન એમ કહે છે કે તે અનાર્યધર્મ છે. એમ કહે. મૂર્તિપૂજામાં હિંસા થાયને? બેઠું હોય એ કહે. આહા..હા..!

'**ટીકા :- અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...**' મથાળુ બાંધ્યું પહેલું. ભગવાન આત્મા સ્વ આત્મા. સમતારસનો ચૈતન્યચમત્કાર નિત્ય ધ્રુવ. એને આશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન અને સાચું '**નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.**' ધ્યાન પર્યાય ઉપાદેય છે એમ કીધું છે. પ્રગટ કરવાનું છેને? ઉપાદેય તો ત્રિકાળ છે. ત્રિકાળને ઉપાદેય જાણતા જે પર્યાય પ્રગટ થાય એને પણ ઉપાદેય પ્રગટ કરવાની અપેક્ષાએ કીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કુધ્યાન આદરવા જેવા નથી એની અપેક્ષાએ કહ્યું. આહા..હા..!

'**સ્વાત્માશ્રિત નિશ્ચય...**' સત્ય ધર્મધ્યાન '**અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે...**' '**અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા...**' આહા..હા..! '**ભગવાન ક્ષીણકષાય છે.**' બારમા ગુણસ્થાને લેશે. ઉત્કૃષ્ટ વાત લેવી છેને. ક્ષીણકષાય છે. '**ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયનો અભાવ હોવાને લીધે...**' બારમે ગુણસ્થાને. અંતરાત્મા છેને છેલ્લો ઉત્કૃષ્ટ અંતરાત્મા. કેવળજ્ઞાન પરમાત્મા છે. સમજાણું કાંઈ? '**ક્ષીણકષાયને સોળ કષાયનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓના દળ નાશ પામ્યાં છે...**' આહા..હા..! વિપરીત માન્યતા અને રાગ એ યોદ્ધા, કર્મરૂપી યોદ્ધા છે. એના દળનો. સેનામાં ઝાઝા માણસ હોયને? એમ આમાં દળનો '**નાશ પામ્યાં છે...**' આહા..હા..! '**તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્માને...**' આહા..હા..! સહજચિદ્‌વિલાસલક્ષણ. ચિદ્ નામ ચિત્ અથવા સ્વરૂપ. સહજ ચૈતન્યનો વિલાસ છે એવા. કષાયનો નાશ થવાથી ચૈતન્યનો એકલો વિલાસ છે. આહા..હા..!

સ્વભાવિક જ્ઞાનના વિલાસ લક્ષણ, જ્ઞાનાનંદસ્વભાવનું વિલાસ લક્ષણ '**અતિ-અપૂર્વ આત્માને શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.**' આ ધ્યાન વડે સહજ ચિદ્‌વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્મા. સ્વભાવિક જ્ઞાન

વિલાસલક્ષણ એવો અતિ-અપૂર્વ આત્મા. એને '**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.**' ધ્રુવનું નિત્ય ધ્યાન કરે છે એમ કહે છે. આહા..હા..! ધ્રુવને ધ્યાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બે ધ્યાનો વિનાનો...**' આહા..હા..! અહીં તો ક્ષીણકષાય થતાં એને નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન બે કીધા અપેક્ષાથી. સ્વભાવિક જ્ઞાનવિલાસલક્ષણ. '**અતિ-અપૂર્વ આત્મા...**' એ તો આખી આત્માની વ્યાખ્યા કરી. એ ધ્યાન વડે ધ્યાવે છે. નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા તેનું ધ્યાન કરે છે. આહા..હા..! '**આ બે ધ્યાનો...**' કરે છે તે અંતરાત્મા એમ કહેવું છે. તે ધર્માત્મા.

**શ્રોતા :-** ધર્મધ્યાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે બેય નિશ્ચયથી લીધું છેને. ધર્મધ્યાન એકને કહેવાય. ધર્મ એટલે આત્માના સ્વભાવનું ધ્યાન. શુક્લ વિશેષે ધ્યાન. એમ લીધું એક ઠેકાણે. ધર્મધ્યાન બાર સુધી લીધું છે. એક ઠેકાણે સાતમા સુધી લીધું છે. એ અપેક્ષા છે. નીચે પણ અંતરાત્મા ધર્મધ્યાન વડે અને આગળ જતો આત્મા શુક્લધ્યાન વડે ત્રિકાળને ધ્યાવે છે એટલું કહેવું છે. આહા..હા..! નિત્યાનંદ, સહજાનંદ પ્રભુ આત્મા. અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન વડે ધ્યેયને ધ્યાવે છે. આહા..હા..! કેવું ધ્યેય? સ્વભાવિક જ્ઞાનવિલાસ લક્ષણ અપૂર્વ આત્મા એ સ્વભાવિક વસ્તુ જ છે અનાદિની. આહા..!

'**સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્માને...**' આહા..હા..! લ્યો આત્મા અપૂર્વ. એવો અનંતકાળમાં એણે આત્માને જાણ્યો નહોતોને એ અપૂર્વ આત્મા. પૂર્વે નહોતો જાણ્યો એવો આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.**' ભાષા અહીં વજન છે. કાયમ એનું ધ્યેય ઉપર દૃષ્ટિ અને ધ્યેયને ધ્યાવે છે કાયમ. આહા..હા..! છે એ પર્યાય. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની છે પર્યાય, પણ પર્યાયનું ધ્યેય છે ત્રિકાળી વસ્તુ. સમજાણું કાંઈ? છેને? બે ધ્યાન છે એ તો પર્યાય છે. અને '**સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ-અપૂર્વ...**' એ આત્મા છે, એ વસ્તુ છે, એને એ ધ્યાવે છે. એટલે ધ્યેય ઉપર જેની દૃષ્ટિ પડી છે એકાકાર. દૃષ્ટિસહિત સ્થિરતા છે અહીં તો વિશેષ. સમજાણું કાંઈ? તે અંતરાત્મા છે. તે અંતરાત્મા છે. આવે છેને ઓલામાં અષ્ટપાહુડમાં, નહિ? બહિરાત્માને છોડીને અંતરાત્મા દ્વારા પરમાત્માને ધ્યાવે. આવે છે. અષ્ટપાહુડમાં આવે છે. બહિરાત્મા રાગની એકતાબુદ્ધિ છોડે છે અને સ્વભાવની એકતાબુદ્ધિ દ્વારા પૂર્ણ પરમાત્માને પ્રગટ કરે છે, ધ્યાવે છે. ઝીણી વાત છે બહુ, કલકત્તામાં મળે એવું નથી કાંઈ. આહા..હા..!

ઓહો..! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ નીકળતી હશે. ઓહો..! વીતરાગ સ્વભાવમાં કેવળજ્ઞાને પરિણમેલા. એની દિવ્યધ્વનિનું શું કહેવું? આવા સંતો પણ એક આવા શબ્દમાં આટલું ભરી દે છે. આહા..હા..! એક-એક કળશમાં આખો સાર ભરી દે છે. અને કરવાનું કામ એ અંતર્મુહૂર્તમાં જ થાય છે પાછું. એમાં કાંઈ ઝાઝો કાળ નથી લાગતો કાંઈ. આહા..હા..!

વર્તમાન પર્યાયને ધ્યેય તરફ ઢાળીને એકાગ્ર થવું એને કાંઈ કાળ લાંબો નથી. આહા..હા..! અનંત-અનંત અપૂર્વ પુરુષાર્થ છે. આહા..હા..! અને એવા ધ્યાન વિનાનો સાધુ. આહા..હા..! દ્રવ્યલિંગધારી. તે નગ્ન હોં દ્રવ્યલિંગધારી. વસ્ત્રવાળો તો દ્રવ્યલિંગધારી પણ નથી. એ તો ભાવલિંગી સહિત દ્રવ્યલિંગ છે. આ તો ભાવલિંગ વિનાના દ્રવ્યલિંગ એની... આહા..હા..! માર્ગ એવો, ભાઈ! પંચમહાવ્રત પાળતો હોય, ઈર્યા સમિતિ જોઈને ચાલતો હોય, એને માટે કરેલો આહાર લેતો ન હોય, તોપણ તે બહિરાત્મા છે. અંદર ચીજ છે તેમાં એનું ધ્યેય નથી ગયું.

**શ્રોતા** :- ભૂલ શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મૂળ રહી ગયા અંદર દષ્ટિ કરવી ઈ. જ્યાં ચીજ છે ત્યાં દષ્ટિ કરવી રહી ગઈ. જ્યાં નથી ત્યાં દષ્ટિને રોકી. પુણ્ય અને ક્રિયા એમાં કાંઈ આત્મા નથી. આહા..હા..!

**શ્રોતા** :- તમે કહો છો એનો અમને પૂર્ણ વિશ્વાસ છે, મહારાજ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિશ્વાસ તો અંદર આવે ત્યારે કહેવાય. એને ખ્યાલમાં, જ્ઞાનમાં એ ચીજ આવે ત્યારે તેનો વિશ્વાસ સાચો કહેવાય. આ તો ધારણાનો વિષય થયો, પણ ધ્યેયનો વિષય તો અંદરમાં થાય ત્યારે થાય.

**શ્રોતા** :- તમે કહો છો એમાં અમને બિલકુલ વિશ્વાસ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એથી શું? આહા..હા..!

ધ્યેયના ધ્યાન વિનાનો જે આત્મા. આહા..હા..! તે '**દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ...**' દ્રવ્યલિંગધારી અને દ્રવ્યશ્રમણ '**બહિરાત્મા છે...**' એમ કુંદકુંદાચાર્ય કહે છે '**હે શિષ્ય! તું જાણ.**' '**विजाणीहि**' છેને? '**इदि विजाणीहि**' ભાઈ! તું આમ જાણ. આહા..હા..! જેના ધ્યેયમાં વસ્તુ નથી અને જેના ધ્યેયમાં વસ્તુની બહારની ચીજ લક્ષમાં વર્તે છે એને તું બહિરાત્મા જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ હે શિષ્ય!**' અંતરના આત્માના ધ્યેયને પકડીને એકાગ્રતા જેને નથી એનું રાગની ક્રિયામાં એકાગ્રતા વર્તે છે, હે શિષ્ય! એને તું બહિરાત્મા જાણ. અને પહેલું કીધું નિત્ય ધ્યાવે છે એને તું અંતરાત્મા જાણ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત આ શું? આવો કેવો ઉપદેશ આ તે? ઓલું તો એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તે ઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વિહિયા.. મિચ્છામી દુક્કડમ. છોટાભાઈ! તસ્સઉતરી કરણેણં અપ્પાણં વોસરે છેલ્લું. લોગ્ગસમાં સિદ્ધા સિદ્ધિ નમંદિસંતિ જાવ. અરે! ભગવાન! એ તો વિકલ્પની વાતું છે. આહા..હા..! ભગવાન આત્મા તો નિર્વિકલ્પ સ્વરૂપ છે. રાગ વિનાનો એ સ્વભાવ છે. અસ્તિથી લઈએ તો સમતામય એ ચૈતન્યચમત્કાર સ્વભાવ છે. એને જેણે દષ્ટિમાં લીધો નથી અને એમાં એકાગ્રતા તેને નથી, તે જીવ તું ગમે તે ક્રિયાકાંડ કરતો હોય તોપણ એને બહિરાત્મા જાણ. આહા..હા..!

અષ્ટપાહુડમાં આવ્યુંને ઓલું? આત્માને ઈચ્છતો નથી. એ આવી હતી કડી. એ ક્રિયાઓ કરે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ પણ આત્માને ઈચ્છતો નથી એટલે આત્મા છે તેની એને દૃષ્ટિ નથી.

**શ્રોતા :-** ઘણા બોલ લીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ લીધા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એમ, હે શિષ્ય! તું જાણ.**' આહા..હા..! '**(હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(वसंततिलका)

कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-
ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।
ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं
पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये।।२६०।।

'**શ્લોકાર્થ :- કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી...**' આહા..હા..! ભેગું જરી આ અમૃત. '**કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી...**' અમૃત. આહા..હા..! જેને ધ્યાનમાં અમૃત આનંદના અમૃતરૂપી સમરસમાં વર્તે છે. આહા..હા..! અમૃતના વેદનમાં વર્તે છે, કહે છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે, એને ધ્યેય બનાવીને વર્તમાન પર્યાયમાં અમૃતરૂપે વર્તે છે. આહા..હા..! '**ધર્મશુક્લ-ધ્યાનામૃત...**' જોયું? ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી અમૃત. આહા..હા..! રાગનું વેદન તે ઝેરના વેદન છે અને ભગવાન આત્માના ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું વેદન તે અમૃતનું વેદન છે. એ અમૃતનો સ્વાદિયો અમૃતને વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કોઈ મુનિ સતત...**' પાછું નિરંતર. ધ્યાનમાં બેઠો હોય અંદર ત્યારે એકલું નહિ. એ તો નિરંતર જેનું નિર્મળ શુક્લધ્યાનનું અમૃતનું વેદન છે. આહા..હા..! '**ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસ...**' જોયું? અમૃતરૂપી વીતરાગભાવ. આહા..હા..! એમાં '**ખરેખર વર્તે છે;...**' અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે ભગવાન એના ધ્યાનરૂપી અમૃતમાં જે વર્તે છે. '**(તે અંતરાત્મા છે;)...**' સમજાણું કાંઈ? '**એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ...**' ભાષા. પોતે મુનિરાજ કહે છે. તુચ્છ મુનિ. જેને દ્રવ્યનું ધ્યાન નથી ચિદાનંદ સ્વભાવનું, જેને જ્ઞાયકભાવ સમરસથી ભરેલો ચૈતન્યચમત્કાર દ્રવ્યનું જેને ધ્યાન નથી, આહા..હા..! એ દ્રવ્યના ધ્યેયને પકડ્યા વિના એકલો ક્રિયાકાંડમાં પડ્યો છે એ તુચ્છ મુનિ છે. '**તે બહિરાત્મા છે.**' આહા..હા..! એ મહાવ્રતમાં વર્તે છે છતાં એ બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

'**હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું.**' આહા..હા..! પોતાની પ્રહલાદતા, પ્રસન્નતા બતાવે છે. ઓહો..! ધન્ય યોગી જેણે આત્માના આનંદના રસમાં જેણે યોગને

જોડ્યો છે આહા..હા..! અને અમૃતના સ્વાદમાં જે આવ્યો છે, એવા યોગીનું હું શરણ ગ્રહું છું. એમ મુનિરાજ પોતે વિનમ્રતી, નમ્રતાથી આમ કહે છે, ઓહો..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર વદ-૨, શનિવાર, તા. ૨૦-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૫૨, કળશ-૨૬૧-૨૬૨, પ્રવચન નં. ૧૩૦**

૨૬૧ કળશ છે. નિયમસાર. નિશ્ચય-પરમાવશ્યક અધિકાર. ધર્મીને ખરેખર અવશ્ય ક્રિયા કરવાલાયક કઈ છે? એનો અહીંયાં અધિકાર છે. આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એમાં એકાગ્ર થઈને વીતરાગી પર્યાય પ્રગટ કરે એ એનું કર્તવ્ય છે. લ્યો, આવું છે. આવશ્યક એને કહીએ કે જે ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન લઈને શુદ્ધ વીતરાગ સ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્વિકલ્પ રાગ વિનાની ક્રિયા, વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એ જીવનું ધર્માત્માનું અવશ્ય કર્તવ્ય છે. આહા..હા..! અહીંયાં '**વળી (આ ૧૫૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** વડે શ્લોક દ્વારા) કેવળ **શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ કહેવામાં આવે છે :—**' આહા..હા..!

(अनुष्टुभ्)

बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम्।
सुधियां न समस्त्येष संसाररमणीप्रियः।।२६१।।

સૂક્ષ્મ '**કેવળ શુદ્ધનિશ્ચયનું સ્વરૂપ કહેવામાં આવે છે :—**' શુદ્ધ જે આત્મતત્ત્વ જ્ઞાયકભાવ ત્રિકાળ એ અભેદસ્વરૂપ છે. એવો જે ત્રિકાળ સ્વભાવનો આશ્રય-દૃષ્ટિ છોડી.. ઝીણી વાત છે એકદમ. આત્મા અનંત આનંદ આદિ સ્વરૂપ અખંડ છે. અભેદ છે. એને છોડીને ભેદનો વિકલ્પ કરે (એ મિથ્યાદૃષ્ટિ છે), એમ કહે છે. કે આ બહિરાત્મા છે અને આ અંતરાત્મા છે એવો વિકલ્પ કરે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! શું કહે છે? ધર્મીને તો અખંડ જ્ઞાયકભાવ તે જ એક ધ્યાનનો વિષય છે. આવશ્યક ક્રિયાનું ચાલે છેને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિકાળ જ્ઞાયકભાવ જ એને આશ્રય કરવાલાયક છે, એ એની અવશ્ય ક્રિયા છે. એ શુદ્ધ અભેદ નિશ્ચયસ્વભાવને છોડી અને પર્યાય '**બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ...**' કરે. ભેદ પાડીને વિકલ્પ કરે. આહા..હા..! ઝીણી ભારે વાત. એ તો એમાં આવી ગયુંને. '**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।**' પહેલી ગાથામાં આવી ગયું છે. આના પહેલા. આહા..હા..!

દૃષ્ટિમાં એનો વિષય જે આત્મા એ તો અખંડ અભેદ અનંત આનંદનો કંદ પ્રભુ છે.

આહા..હા..! એવો અખંડ અભેદમાં ભેદનો વિકલ્પ કરે કે 'આ બહિરાત્મા અને આ અંતરાત્મા' એ તો પર્યાયબુદ્ધિ થઈ. આહા..હા..! ઝીણી વાત છે થોડી. ચંદુભાઈ! આવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. એકરૂપ અનંત ગુણનું એકરૂપ એવું જે ચૈતન્યદ્રવ્ય શુદ્ધતત્ત્વ. એવા '**(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...**' છેને? કૌંસમાં છે. માથે છે '**કેવળ શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ...**' એવું શુદ્ધ આત્મતત્ત્વ એકરૂપ અખંડ અભેદ. એને છોડીને '**બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે;...**' આહા..હા..! આ પર્યાય અંતરાત્માની. આ નિર્મળ પર્યાય અંતરાત્મા અને મલિન પર્યાય એ બિહરાત્મા એવો પર્યાયોમાં ભેદ પાડે છે. સમજાણું કાંઈ? આવી વાત ભારે. આહા..હા..!

એક સમયમાં પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા સર્વજ્ઞે જોયો એવો અખંડ અભેદ છે. કહ્યું હતુંને એકવાર 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા' આ બધા આત્માને શુદ્ધ સત્તાએ પેખતા. નિજ સત્તાએ શુદ્ધ આત્મા. આ નિજસત્તા એની શુદ્ધ અભેદ-અખંડ છે. આ શું ચીજ! જેમાં પર્યાયનો ભેળ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા શુદ્ધ આત્મા અખંડ અભેદમાં આ બહિરાત્મા, રાગને એકપણે માને એ. રાગને છોડીને અનેકપણું માને એ પર્યાય. એ પર્યાયબુદ્ધિવાળો વિકલ્પ કરે આહા..હા..! એ કુબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાત. સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મી જીવ તો આત્મા અખંડ અભેદ એકરૂપ છે એમ માને છે. ઝીણી ભાઈ વાત વીતરાગની. શુદ્ધનયનું આખીર તત્ત્વ આ છે. અભેદ એકરૂપ જ્ઞાયકભાવ. એવા એકરૂપ જ્ઞાયકભાવમાં આ બહિરાત્મા અને આ અંતરાત્મા એવા પર્યાયોનો ભેદનો વિકલ્પ કરે, મોહનભાઈ! બહુ ઝીણું ભાઈ! એ પર્યાયબુદ્ધિ છે, એ કુબુદ્ધિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ધીરે થઈને જીરવવાનું છે આ તો. આહા..હા..! વસ્તુ એવી છે.

કહ્યુંને '**કેવળ શુદ્ધનિશ્ચયનું સ્વરૂપ કહેવામાં આવે છે :—**' પાઠ છે એમાં? '**किं च केवलं शुद्धनिश्चयनयस्वरूपमुच्यते**' માથે છે. અને કૌંસમાં ભાઈએ-પંડિતે એમ નાખ્યું. '**(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...**' એમ. શુદ્ધ આત્મતત્ત્વને, અભેદ અખંડાનંદ એમાં પર્યાયમાં ભેદ પાડીને લક્ષ કરે છે. બહિરાત્મા, રાગની એકતા તોડનારો તે અંતરાત્મા. એવી પર્યાયોના ભેદ અખંડ અભેદમાં ભેદ પાડે છે, એવો વિકલ્પ કરે છે, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ પાડ્યોને એની પર્યાયનો? એવો વિકલ્પ છે? વસ્તુમાં અખંડ એક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પરમેશ્વર, ભાઈ! શુદ્ધ ચૈતન્ય ભગવાન. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં. પ્રભુ ભગવાન આ આત્મા તો એકરૂપ અખંડ અભેદ છે. એના પર્યાયના ભેદો પણ એમાં નથી. છતાં એ પર્યાયમાં વિચારમાં વિકલ્પ કરે કે આ અંતરાત્મા

અને આ બહિરાત્મા એવા ભેદ પાડે અખંડ નિશ્ચયના વિષયમાં એ વિકલ્પ કુબુદ્ધિ છે. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત છે. .. આવી ગઈ છેને. ૫૦માં આવી ગયું. '**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।**' ૧૫૦. અંતરાત્મા અને બહિરાત્મામાં વિકલ્પમાં વર્તે '**सो बहिरप्पा**' આહા..હા..!

સામાન્ય જે એક સ્વરૂપે છે, જે પર્યાય વિનાનો છે, રાગ વિનાનો તો છે પણ પર્યાય વિનાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા શુદ્ધ આત્મતત્ત્વના એકરૂપમાં 'આ પર્યાયવાળો બહિરાત્મા અને આ પર્યાયવાળો અંતરાત્મા' એવો વિકલ્પ કરે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ તો ગુરુ શિષ્યને સમજાવે ત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભેદ પાડે છે તો વિકલ્પથી પાડીને સમજાવે છે, પણ આદરણીય નથી. એ આવશેને. કાલે બાકી રહ્યું હતુંને. સવારની બાકી રહી છે ત્રણ લીટી. વ્યવહારનયથી સમજાવે, પણ એ આદરણીય નથી. આદરણીય તો અખંડ-અભેદ તે ચીજ આદરણીય છે. વ્યવહારનયથી આપવાયોગ્ય છે એમ કહેશે, પણ અનુસરવાયોગ્ય નથી. વ્યવહાર છે એમ સ્થાપવાયોગ્ય છે સમજાવે છે માટે, પણ એ આદરણીય નથી. આવશેને. બાકી છેને ત્રણ લીટી હજી. ખબર છેને સવારનું. બાકી રાખ્યું છે થોડું. પાછું ઝટ દઈને ચાલે નહિ. આ તો વીતરાગ, બાપુ! આહા..હા..! સર્વજ્ઞ પરમાત્માની આ તો કોર્ટ છે. વજુભાઈ! કેવળજ્ઞાની પરમાત્મા જિનેન્દ્રદેવ. આહા..હા..! જેને સો-સો ઈન્દ્રો તળીયા ચાટે. આહા..હા..! એનો કહેલો માર્ગ.

કહે છે કે પ્રભુ તું તો એક સમયમાં અખંડ અભેદ ચૈતન્ય પર્યાય વિનાનો તું છો. આહા..હા..! એવા એક અખંડ તત્ત્વમાં આ પર્યાય અને પર્યાય આ. એવા ભેદ પાડીને વિકલ્પ કરે. આહા..હા..! '**એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ જૈનમિત્રમાં એક સ્વતંત્ર છેને ભાઈ નહિ? એણે લખ્યું છે. સારું લખ્યું છે. સ્વતંત્ર.. આવ્યો છે. .. ઠીક લખ્યું છે. શુભરાગ વ્યભિચાર, શુભરાગ એ સંસાર. આટલું-આટલું ૨૫૦૦ વર્ષ ભગવાનને થયા અને બધું તમે કર્યું એમાં શું કર્યું? હા..હો.. કર્યું છે. એમ લખ્યું છે.

**શ્રોતા :-** કોણે લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વતંત્ર નહિ? એ જ્ઞાનચંદજી. પહેલા જૈન સૂરત હતાને. પછી ત્યાં હતા ઓલેપણે હતા. ..એવું કાંઈક. ત્યાં હતા. ...માં હતા. પછી આ પાછા આવી ગયા હતા. બધું પહેલું ખૂબ લખ્યું છે કે ક્ષેત્રમાં ચિકિત્સાલય કર્યું, આમ ફલાણું કર્યું, માનસ્તંભ સ્થાપ્યા, કીર્તિસ્તંભ સ્થાપ્યા. પણ એમાં આત્મામાં શું કર્યું તમે એમાં? ઠીક લખ્યું છે એ વખતે જરી. આહા..હા..! જૈનમિત્રમાં છે. અહીં તો એથી સૂક્ષ્મ વાત છે અત્યારે તો. આત્મા અખંડ એકરૂપ શુદ્ધનયનો જે વિષય છે, જે સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે, એવા અખંડના લક્ષને છોડીને પર્યાયના ભેદનો વિકલ્પ કરે છે, આહા..હા..! સમજાણું કાંઈ? એ કુબુદ્ધિ છે.

આહા..હા..!

**શ્રોતા :-** કેમ કુબુદ્ધિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અખંડમાં ખંડ પાડ્યો એણે.

**શ્રોતા :-** અંતરાત્મા .. બહિરાત્માને જાણ્યોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણે એ જુદી વસ્તુ છે. આ તો ખંડ પાડીને માન્યું કે આવો આત્મા અને આવો આત્મા.

**શ્રોતા :-** એમાં વર્તે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્તે છેને એમ કીધુંને? પાઠમાં એમ છેને. ઓલા ૧૫૦માં. '**अंतरबाहिरजप्पे जो वट्टइ**' છે ૧૫૦. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! પોતે એકરૂપ ચિદાનંદ પ્રભુ અખંડ અભેદ તે આત્મા છે. એવા આત્માના લક્ષને છોડી અને આ બહિરાત્મા અને અંતરાત્મા પર્યાયના ભેદોનો વિકલ્પ કરે છે. આહા..હા..! એ કુબુદ્ધિને હોય છે. આહા..હા..!

**શ્રોતા :-** જેમ છે એમ જાણવું. અંતરાત્મા છે તો અંતરાત્મા, બહિરાત્મા છે તો બહિરાત્મા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાણવાની વ્યાખ્યા જુદી અને પછી વિકલ્પ આ અંતરાત્મા અને આ બહિરાત્મા એવો ભેદ પર્યાયમાં-દ્રવ્યમાં પાડે છે.

'**(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...**' એમ કહ્યું છેને? આહા..હા..! કહો, નવનીતભાઈ! આવું ઝીણું બહુ, ભાઈ! માર્ગ એવો.. આહા..હા..! એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ એવું શુદ્ધ તત્ત્વ જે છે વસ્તુ-વસ્તુ. અનાદિ-અનંત નિત્ય ધ્રુવ. એનામાં આ પર્યાય આ અંતરાત્મા અને આ બહિરાત્મા એવો જે વિકલ્પ કરે એવી ચીજમાં. આહા..હા..! એ તો અભેદ અખંડ છે એ છે. આહા..હા..! એમાં આ બહિરાત્મા અને અંતરાત્મા એવા પર્યાયોનો વિકલ્પ કરીને એ ભેદ પાડીને વિકલ્પ પર્યાય .. એમાં વિકલ્પ ઉઠે જ તે. આહા..હા..! એ કુબુદ્ધિને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**સંસારરૂપી રમણીને પ્રિય...**' સંસારરૂપી ઝેરની પરિણતિ ચાર ગતિની. આહા..હા..! '**સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી.**' આહા..હા..! સુબુદ્ધિ-સમ્યગ્દૃષ્ટિને આવા ભેદનો વિકલ્પ હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પહેલામાં આવી ગયુંને. ભવભયના કરનારા બાહ્ય તેમજ અભ્યંતર જલ્પને છોડીને અને ઓલું આવ્યું હતુંને. ઠીક બાહ્ય અને અભ્યંતર મનને જોડે છે. એમાં આવ્યું છે. .. પ્રાપ્તિનો લોભી વર્તતો થકો અંતર્જલ્પમાં મનને જોડે તે બહિરાત્મા જીવ છે. આહા..હા..! નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો સંપૂર્ણ રીતે અંતર્મુખ થયો છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારે વર્તતો નથી. સમજાણું કાંઈ? એ વિકલ્પ આવે પણ એને જાણે. એમાં વર્તતો એટલે આ... આ... આ... ઠીક છે ભેદ. એમાં એને મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે, કહે છે. આહા..હા..! ચંદુભાઈ! આ તો બાપુ! પરમેશ્વર કેવળી એટલે શું! આહા..હા..! લોકોને

જિનેશ્વર શું છે એની કિંમત નથી. એક નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ચાર કર્મો નાશ કર્યા અને આ કેવળ થયું. બાપુ! નમો અરિહંતાણં એ શું પદ છે! આહા..હા..! જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા નથી, પણ પર્યાય જાણતા જણાઈ ગયા છે. પોતાની એક સમયનની પર્યાય એટલી તાકાતવાળી છે કે એ સ્વને જાણે અને ત્રણકાળને જાણે એવી એક સમયની પર્યાયનું પરિણમન એનું સ્વતઃ સ્વતંત્ર છે. આહા..હા..! લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે એ પર ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ લોકાલોક સંબંધીની જ્ઞાનની પર્યાયની તાકાત પોતાની છે તેપણે પોતે પરિણમી ગયો છે આત્મા. ઝીણી વાત બહુ, ભાઈ! અહીં તો સ્થૂળ સંપ્રદાયમાં તો વાતું એવી સ્થૂળ બધી. કે જેને તત્ત્વની વસ્તુ જ મળી નથી. અરેરે! સમજાણું કાંઈ? આ તો વીતરાગી શાસ્ત્ર છે. આ કોઈ કલ્પેલા શાસ્ત્ર છે એમ નથી આ.

કહે છે, જે કોઈ વિકલ્પમાં આત્માને જોડે છે, અખંડ આત્માને ભૂલી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકરૂપ ત્રિકાળ ચીજ છે તેનું લક્ષ છોડી દે છે, છૂટી જાય છે એને. એથી આમાં વિકલ્પમાં આ બહિરાત્મા અને અંતરાત્મા એવી પર્યાયબુદ્ધિમાં એનો વિકલ્પ ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો પણ આ? અરે! ભગવાન! આ મુનિરાજ, આ સંતોએ આવું કહ્યું છે. દિગંબર સંત પંચમ આરાના સાધુ. ભાઈ! સાધુ કોને કહીએ, બાપુ! એ તો એમાં દર્શન દોહ્યલા હિન્દુસ્તાનમાં થઈ ગયા. સમજાણું કાંઈ? એની વાણી દોહ્યલી થઈ ગઈ તો એના દર્શન તો ક્યાં છે? આહા..હા..!

અહીં કહે છે કે અખંડ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શાંત આનંદનો નાથ પ્રભુ. એવા અખંડ શુદ્ધ આત્મતત્ત્વમાં આ '**બહિરાત્મા અને અંતરાત્મા એવો આ...**' પર્યાયના ભેદનો વિકલ્પ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય અને નિર્મળ પર્યાય એ બેનો આશ્રય કરે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ અહીં તો. આહા..હા..! દ્રવ્ય અખંડમાં પર્યાયના ભેદો વિકલ્પથી વિચારે છે કે આ અંતરાત્મા અને આ બહિરાત્મા. આહા..હા..! એ કુબુદ્ધિ છે. બહુ માર્ગ! હવે અહીં તો હજી દયા પાળો, ભક્તિ કરવી, વ્રત પાળવા એ ધર્મ. ક્યાંય રહી ગયો. આહા..હા..!

**શ્રોતા :-** વિકલ્પમાં વર્તે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પમાં વર્તે ત્યાં ને ત્યાં વર્તે રાગમાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ તો ઠીક લખ્યું છે આ તો થોડું સ્વતંત્ર. બહુ સારું લખ્યું છે કે રાગ એ તો સંસાર છે. શુભ હો કે અશુભ હો, બેય સંસાર છે. અહીંથી વાંચ્યું છેને. આત્મધર્મ વાંચે છે. અરે! ભાઈ! આત્મા તો રાગ તો એમાં નથી, પણ અહીં તો કહે છે કે જે નિર્મળ પર્યાય પરદ્રવ્ય છે એ સ્વદ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? એના એ પર્યાયના ભેદોમાં રોકાઈ જાય છે વિકલ્પ કરીને, આહા..હા..! કુબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે, બહિરાત્મા છે. એવો વિકલ્પ '**સંસારરૂપી**

રમણીને...' આહા..હા..! સંસારરૂપી રમણી. આહા..હા..!

**શ્રોતા :-** ઓલું શિવરૂપી રમણી, આ સંસારરૂપી રમણી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસારરૂપી. કીધું હતુંને ૬૩ની સાલમાં. એ પહેલું પદ ગોઠવાણું હતું. ૬૩ની સાલ. ૧૭ની વર્ષની ઉંમરે. ૧૭ વર્ષની ઉંમરે. આ તો ૮૬ થયા. એટલે ૬૯ વર્ષ થયા. ૬૯ વર્ષ પહેલાં. છ કડી વણી હતી. કોણ જાણે ક્યાંથી બની, કેમ બની એ પાછી ખબર પણ નથી એ વખતે. આમ રામલીલા જોવા ગયેલ. રામલીલા થાયને. બહુ વૈરાગ્ય મારા. બ્રાહ્મણના છોકરા હતા. પણ રામ, સીતા અને લક્ષ્મણ એ તો આબેહુબ જાણે. એવો દેખાવ ગંભીર-ગંભીર. તે દિ' તો પંદર રૂપિયાનો પગાર મહિને. ૬૩ની સાલમાં ક્યાં હતું આવું બધું? હવે આ બધું તમારે થઈ ગયું. પણ મારા વૈરાગી એવાને. વૈરાગી બતાવે. વૈરાગ્ય તો ક્યાં એને હતો! તો ત્યાંનો એક બાવો હતો મંદિરનો બાવો મોટો. આમ જટાધારને મોટો. એને પૂજા કરવાનો ભાવ થઈ ગયો. રામ-લક્ષ્મણ દેખાવ એવો. ભાષા બોલે.

એ પછી એ ભાષાનું મને સૂઝયું અંદરથી. આ દેશી હતી. કે 'શિવરમણી રમનાર તું.' એ તો મેં ગોઠવ્યું હતું. એની ભાષા બીજી હતી પણ .. આ હતી. રાગ આ. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત. શિવરમણીય રમનાર તું.' વજુભાઈ! આ તો ૧૭ વર્ષની ઉંમરની વાત છે. એ ૬૩ની સાલ. સંવત્ ૧૯૬૩. એ ચોપડી હતી ઓલી લીટાવાળી આવે છેને આંકેલી. એ કીધું હતુંને ચોપડો વેપાર હતો દુકાનમાં બધાનો. કાગળનો. તો એમાં છ લીટી લખી નાખી એકદમ કોણ જાણે. દીક્ષા લીધી તો એ ચોપડી પડી રહી. ભાઈને કહ્યું કે ભાઈ ચોપડી મારી રહી ગઈ છે. તો કહે એ પાણી તળાવ છે મોટું તળાવ. એટલું બધું તળાવ મોટું પાણી આવ્યું દુકાનમાં તો ચોપડી ગરી ગઈ અંદર પાણીમાં. તો એ ચોપડી પલળી ગઈ. પણ આ કડી યાદ રહી ગઈ એટલી. અડધી. એ ખીમચંદભાઈએ નાખ્યું હતું એમાં. શું કહેવાય નહિ? અભિનંદન નાખ્યું ઈ. ત્યાં આ આવ્યું હતું અંદરથી હોં કે આ સ્ત્રીને પરણવું એ તારું કર્તવ્ય નથી. 'શિવરમણીય રમનાર..' રમણી આવ્યુંને? સંસાર રમણી. મોક્ષની પરિણતિ, નિર્મળ આનંદની પરિણતિ એ રમણીયનો તું શિવરમણી રમનાર તું. એનો રમનાર તું છો. અને 'તું હી દેવાધિદેવ.' એ તો ખબર પણ નહોતી તે દિ' તો. આ બધું આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ?

'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' આ લીટી આવી હતી. પછી એવી ૧૧ લિટી .. એ ભૂલી ગયા બધું. ૧૨ લીટી. કોણ જાણે ક્યાંથી આવી ગઈ. કાંઈ કવિ પણ નહોતા અને કાંઈ નહોતા. દુકાનમાં વેપાર. આહા..હા..! પૂર્વનું કોઈ અંદરથી આવેલું. અહીં કહે છે કે શિવરમણી રમનારને રાગની પ્રિયતા છે. આવી કુબુદ્ધિને વિકલ્પ ઉઠે છે ઈ સંસારરૂપી રમણી, ઝેરની પરિણતિ આ વિષયની. આહા..હા..! ચાર ગતિ સ્વર્ગમાં પણ રાગની જ રમત છે ત્યાં, ઝેરની જ પરિણતિ છે ત્યાં. આહા..હા..! એવી '**સંસારરૂપી રમણીને પ્રિય**

**એવો આ વિકલ્પ...'** આહા..હા..! **'સુબુદ્ધિઓને હોતો નથી.'** સમ્યગ્દૃષ્ટિને અખંડ અભેદમાં આવા ભેદના વિકલ્પ હોતા નથી, એમ કહેવું છે મૂળ તો. સમજાણું કાંઈ? શ્રીમદ્ લખે છેને કે 'દિગંબરના તીવ્ર વચનોને લીધે રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો.' એય..! બાબુભાઈ! આવે છે? શું કીધું?

**શ્રોતા :-** મોળાશ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોળાશ એટલે વિપરીતતા. એ આપણે પ્રવચનસારમાં આવે છે. છેલ્લો અધિકાર નહિ? એમાં મોળાશનો અર્થ વિપરીતતા છે. એ કર્યો છે અર્થ પહેલો. પણ જરી એને ઢીલું કરીને. પાછળથી તો સૂત્રના નામ આપ્યા એ બધા ચોખ્ખા દિગંબરના ૧૯. એકેય શ્વેતાંબરના સૂત્રનું નામ ન આપ્યું. પછી તો એને ઘણી નિર્મળતા. એક ગ્રંથનું નામ આપ્યું હરિભદ્રનું. શું કીધું? દૃષ્ટિ. યોગદૃષ્ટિસમુચ્ચય. એનું અહીં તો એનું કર્યું ઓલા ભગવાનદાસે. ૪૦ રૂપિયાનું અત્યારે પુસ્તક બનાવ્યું. એ બનાવ્યું. ઓલા ૧૯નું કાંઈ નહિ. આહા..હા..! લોકોને.. આ સંતો, દિગંબરનો માર્ગ એ છે એ તો કોઈ અલૌકિક માર્ગ છે. એ સનાતન જૈન જ આ છે. શું કહીએ? સમજાણું કાંઈ? જેણે સત્યને પોકાર કરીને બહાર પાડ્યું છે એકદમ. આહા..હા..!

કહે છે, અખંડ અભેદ દ્રવ્યસ્વભાવમાં પર્યાયના બે ભેદોનો વિકલ્પ કરે. આહા..હા..! એ વિકલ્પ સંસારરૂપી સ્ત્રી એને પ્રિય એ વિકલ્પ છે. આહા..હા..! એ રખડવાનો વિકલ્પ છે કહે છે. આહા..હા..! એ જ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ? એ ૧૫૧ થઈ. ૧૫૨.

**पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।**
**तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि।।१५२।।**
**પ્રતિક્રમણ આદિ ક્રિયા-ચરણ નિશ્ચય તણુંક્-રતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**

આહા..હા..! અન્વયાર્થ લઈએ. **'પ્રતિક્રમણાદિ ક્રિયા...'** કઈ પ્રતિક્રમણાદિ ક્રિયા? આત્મા આનંદસ્વરૂપમાં રમવું એ પ્રતિક્રમણ ક્રિયા. આ મિચ્છામી દુક્કડમ, ઈચ્છામી પડિક્કમણું, ઈરિયા વિરિયા... એ નહિ. એ તો બધો વિકલ્પ છે. મગનભાઈને એ બહુ મગજવાળા હતા હો તમારા દાદા. અહીં બોલી ગયા હતા. મહારાજ! માર્ગ તો આ છે હોં. હીરાભાઈના મકાનમાં આવ્યા હતા. હીરાભાઈના મકાન છેને? ત્યાં ત્રણ વર્ષ રહ્યા હતાને ૯૧ થી ૯૩. બહુ બુદ્ધિવાળા હતા. રૂપાળા હતા અને બહુ બુદ્ધિવાળા. જરી પગમાં ખોડ હતી ચાલવામાં. ખબર છેને. એ હળવે દઈને કહે. સાંભળ્યું હતું વ્યાખ્યાન. માર્ગ તો આ છે. આ માર્ગ અત્યારે ક્યાંય છે નહિ. બુદ્ધિવાળા હતા. વજુભાઈના દાદા. રતિભાઈના બાપા. રતિભાઈ ત્યાં મળતા હતા આપણે પોરબંદર.

**શ્રોતા :-** અહીંયાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંયાં પણ આવ્યા હતા. ભાઈ રહેતાને મોટા ભાઈ. ત્યાં પોરબંદર વ્યાખ્યાનમાં ઘણા આવ્યા. આહા..હા..! અરે! આ તે માર્ગ કોનો છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ. આહા..હા..!

એ કહે છે કે '**પ્રતિક્રમણાદિ ક્રિયા...**' એટલે રાગથી હઠી અને સ્વરૂપમાં એકાગ્રતા, આનંદમાં એકાગ્રતા, અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એમાં એકાગ્રતા એનું નામ પ્રતિક્રમણ ક્રિયા, એનું નામ સામાયિકની ક્રિયા, એનું નામ વંદનની ક્રિયા. સામાયિક, ચોવિસંથો, એનું નામ તીર્થંકરની સ્તુતિની ક્રિયા. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં એકાગ્રતા એ સ્તુતિની ક્રિયા. વીતરાગી પર્યાય તે સ્તુતિની ક્રિયા. ભગવાનની સ્તુતિ કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠશે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રતિક્રમણ, આલોચના, સંવર, પચ્ચખાણ એ બધી '**ક્રિયાને--નિશ્ચયના ચારિત્રને—કરતો રહે છે...**' આહા..હા..! આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ. એમાં એકાગ્રતા કરતો રહે છે એ પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી, તે શ્રમણ વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે.**' આહા..હા..! જેવું આત્માનું વીતરાગ સ્વરૂપ જ પ્રભુ આત્મા છે નિત્ય ધ્રુવ. એમાં વીતરાગ પરિણામે અંદર એકાગ્ર થઈને આરૂઢ છે તેને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! માણસને એવું લાગે કે આ તો ભાઈ કોઈ એલ.એલ.બી અને એમ.એ.ની વાત લાગે. પણ આ તો હજી એકડાની વાત છે. સમજાણું કાંઈ? એમ કરીને ઉડાડી દે પછી. એ તો એલ.એલ.બી. અને એમ.એ.ની મોટી વાત. વાત ઈ ઠીક કહે છે એમ કેટલાક કહે છે હવે. પણ એ તો ઉંચા દરજ્જાની વાત છે, એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સત્ય દરજ્જાની જ આ વાત છે. ઉંચો-નીચો અહીં કાંઈ નથી. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન શાંતરસ અકષાયસ્વભાવનો પિંડ આત્મા એટલે કે વીતરાગસ્વભાવી આત્મા. અકષાય એટલે કષાય નહિ એમ કહ્યું, પણ વીતરાગ આમ. આહા..હા..! એવા વીતરાગી મૂર્તિ પ્રભુ ચૈતન્ય છે. એવા વીતરાગી મૂર્તિમાં એકાગ્ર થાય છે, નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ કરે છે, અકષાયભાવ જે શુભ અને અશુભથી રહિત એવી પરિણતિ જે કરે છે, તેને સાચી ક્રિયાનું સાચું ચારિત્ર હોય છે. લ્યો અહીં ક્રિયા તો કીધી આ.

ક્રિયાના ત્રણ પ્રકાર. એક આ જડ છે શરીર, વાણી, મન એ આમ હાલે-ચાલે એ જડની ક્રિયા. અંદરમાં દયા, દાન અને વિકલ્પ ઉઠે એ શુભરાગની ક્રિયા. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના ઉઠે એ પાપરૂપી રાગ-દ્વેષની ક્રિયા. અને આ રાગ વિનાની, જડ વિનાની જ્ઞાયકભાવમાં એકાગ્રતા એ વીતરાગી ક્રિયા. આહા..હા..! વજુભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** એ તો પછી પહેલા બહારની બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારથી થાય જ નહિને. બહાર આત્મા છે જ નહિને. આત્મા

તો અંતર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** આત્મા તો જ્યારે સમજાશે ત્યારે જોઈશું. અત્યારે સમજમાં જ નથી આવતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ સમજમાં લ્યો પહેલા એમ કહે છે. શું સમજવું છે એને? સત્ય સમજવું છે કે અસત્ય? અસત્ય તો અનાદિથી કર્યું છે અને સમજ્યો છે. કહો, ધન્નાલાલજી! આવું છે. આહા..હા..!

'**વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે.**' જોયું? વસ્તુ જ વીતરાગમૂર્તિ ચૈતન્યસ્વરૂપ એમાં એકાગ્રતા શુભાશુભરાગની ક્રિયારહિત. કારણ કે શુભ-અશુભરાગ ક્રિયા એ વિભાવિકક્રિયા છે અને આ શરીર, વાણી આમ ચાલે આ દેહ તો જડની ક્રિયા છે અને આ નિર્મળ, નિર્વિકારી વીતરાગીક્રિયા છે. અરે! સમજાણું કાંઈ? આહા..! ભવના અંતની વાતું બાપા બીજી છે એ તો. બાકી ભવ કર્યા કરે છે એ તો. શુભરાગ કરે અને ભવ મળે, બાકી પોતે જ ભવ સંસાર છે. આહા..હા..!

'**ટીકા :– અહીં પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત પરમતપોધનનું સ્વરૂપ કહ્યું છે.**' છદ્મસ્થની વાત છે હોં, કેવળીની નહિ આ. કોઈ કહે કે ભાઈ આ તો પરમવીતરાગ ચારિત્ર એટલે કેવળીને હશે. આહા..હા..! પરમવીતરાગચારિત્ર. આહા..હા..! એક દયા, દાન, વ્રત, મહાવ્રત આદિના પરિણામ એ રાગરૂપી ચારિત્ર એટલે વિકારી ચારિત્ર એ આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? '**પરમવીતરાગચારિત્ર...**' આહા..હા..! સપ્તમ ગુણસ્થાનમાં મુનિ જ્યારે લીન છે અંદર. એ પરમવીતરાગ સ્થિત એવા '**પરમતપોધનનું સ્વરૂપ કહ્યું છે.**' પરમતપરૂપી જેને ધન પ્રગટ્યું છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર.

'**જેણે ઐહિક વ્યાપાર તજેલ છે...**' છે? એ શુભરાગની ક્રિયા એ આ લોકની ક્રિયા, વ્યવહારની ક્રિયા છે. આહા..હા..! પરની દયાનો ભાવ, રાગથી ખસવું, પ્રતિક્રમણ મિચ્છામી દુક્કડમ કરું એવો વિકલ્પભાવ. એ બધી સંસારિક કાર્યો એ રાગ કાર્ય એ સંસારિક કાર્ય છે. આહા..હા..! અરે! ભારે વાત, ભાઈ! બિચારો દુકાન છોડી, ધંધો છોડી સાધુ થાય અને એ શુભભાવ કરે તો કહે એ સંસારી ક્રિયા છે. સમજાણું કાંઈ? '**ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે...**' એમણે. શુભરાગ તો છોડી દીધો છે દૃષ્ટિમાંથી. અરે! અસ્થિરતામાંથી. આહા..હા..! દૃષ્ટિમાંથી તો પર્યાય પણ છોડી છે, રાગ પણ છોડ્યો છે. હવે અહીંયાં અસ્થિરતામાંથી રાગ છોડ્યો છે. સમજાણું કાંઈ?

'**એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો અભિલાષી...**' જેણે શુભાશુભભાવ, સંસારરૂપ ભાવ જેણે છોડ્યા છે. એવો '**સાક્ષાત્ અપુનર્ભવનો અભિલાષી...**' ભવ વિનાની મોક્ષદશાનો અભિલાષી. આહા..હા..! કારણ કે શુભરાગનો ભાવ એ તો સંસારની ભાવના છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકલો પરમ અતીન્દ્રિય આનંદ, પરમ આનંદરૂપી મોક્ષ. મોક્ષ એટલે? દુઃખથી મુક્ત અને પૂર્ણ આનંદથી સહિત એનું નામ મોક્ષ. મોક્ષ એટલે રાગ અને દુઃખથી

મૂકાયેલો અને વીતરાગી પર્યાયના આનંદથી સહિત થયો એને મોક્ષ કહીએ છીએ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' આત્મસિદ્ધિમાં આવે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' નિજ શુદ્ધ, પૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ. જેવો શુદ્ધસ્વભાવ છે એવી પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થાય તેનું નામ મોક્ષ. આહા..હા..! 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ.' એવી મોક્ષની દશાને કારણપણે પામે એ પંથ. 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ સંતો, મુનિઓએ આ માર્ગ જગતને કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ ઐહિક વ્યાપાર, સંસારના ફળનો આવો વ્યાપાર એ તો જેણે છોડ્યો છે '**એવો જે...**' એ આવશે હોં આગળ કળશમાં લેશે. '**સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...**' કળશ છેને કળશ? એની આ બાજુની પહેલી લીટી છે. '**અતુલ મહિમાવાળો આત્મા સંસારજનિત સુખના કારણભૂત...**' કર્મ એટલે શુભરાગ. મૂળ અહીં તો ભાઈ શુભરાગની વિશેષતા કહેવી છે. '**સંસારજનિત સુખના કારણભૂત...**' શુભભાવ એને જેણે છોડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવો જે સાક્ષાત્ અપુનર્ભવ...**' ભવ વિનાનો જે ભાવ એટલે મોક્ષભાવ. એનો '**અભિલાષી મહામુમુક્ષુ...**' આહા..હા..! મહામુમુક્ષુ જેને એકલો મોક્ષનો જ અભિલાષ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ એ જ જેનો અભિલાષ સ્વભાવ છે. એવા '**મહામુમુક્ષુ સકળ ઈન્દ્રિયવ્યાપારને છોડ્યો...**' પાંચેય ઈન્દ્રિયના વલણવાળો વેપાર જેણે છોડી દીધો છે. પાંચેય ઈન્દ્રિયના વેપારથી. કાન, આંખ, નાક, જીભ પાંચેય ઈન્દ્રિય તરફનું વલણ છે, વિકલ્પ છે એ છોડી દીધો છે. '**નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...**' આહા..હા..! પાંચેય ઈન્દ્રિયના વલણના ભાવને છોડ્યો છે અને અણિન્દ્રિય એવો જે ભગવાન આત્મા, અણિન્દ્રિય એવો જે આત્મા એમાં '**નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...**' આહા..હા..! પહેલા તો ભાવ સમજવા એને કઠણ પડે. આ શું અણિન્દ્રિય ને? ભગવાન અરૂપી ચૈતન્યઘન એ તો અણિન્દ્રિય છે. એ ઈન્દ્રિય તરફના વલણને છોડી અને અણિન્દ્રિય તરફની નિશ્ચયક્રિયા પ્રતિક્રમણાદિ કરતો સ્થિત છે. આહા..હા..! સ્વરૂપમાં રમણતા કરતો સ્થિત છે. '**(અર્થાત્ નિરંતર કરે છે),...**' આહા..હા..!

સત્ક્રિયા શબ્દ વાપર્યો છે. શુદ્ધ ચૈતન્યઘનમાં આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં એકાગ્રતા તે સત્ક્રિયા. રાગમાં એકાગ્રતા તે અસત્ક્રિયા. આહા..હા..! '**સત્ક્રિયાને કરતો સ્થિત છે...**' જ્ઞાયકભાવ એકલો જ્ઞાનસ્વભાવભાવ એ આત્મા. એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવા આત્મામાં સત્ક્રિયા કરતો, એવા આત્મામાં એકાગ્રતારૂપ સાચી ક્રિયા રમણતા કરતો સ્થિત છે. એટલે કે નિરંતર તે સત્ક્રિયા અંદર સ્વરૂપને આશ્રયે કરે છે. આહા..હા..! '**તે પરમતપોધન...**' એ પરમતપ જેનું ધન છે. અણિન્દ્રિય આનંદમાં રમણતા એ તપરૂપી જેનું ધન છે. આહા..હા..! એ એનો વૈભવ છે. આહા..હા..! આ તમારે ધૂળનો વૈભવ હોયને.

બંગલો પાંચ લાખનો કરે. લાખ, બે લાખ ઓલા શું કરે? ફર્નિચર. ફર્નિચર કરે છેને બધું ગોઠવેલું એ વૈભવ અજ્ઞાનીનો છે જડનો. માને છે કે અમારો છે. કેવું મકાન અને કેવું આ! કોણ કરે સાંભળને. આ તો પોતાનો નિજવૈભવ છે. આહા..હા..! પરમતપોધન. જેણે અણિન્દ્રિય ભગવાન આત્મામાં લીનરૂપી તપ નામ વીતરાગદશા પ્રગટ કરી છે, એ વીતરાગદશા એ પરમતપોધન છે. એ મુનિઓનું એ ધન છે.

'**તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ...**' આહા..હા..! અંદરના આનંદસ્વરૂપમાં નિર્વિકલ્પપણે સ્થિર છે. '**તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ...**' નિજ નામ પોતાનું જે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એમાં વિશ્રાંતિ લીધી છે. નિજ આનંદનું ધામ ભગવાન 'સ્વયં જ્યોતિ સુખધામ.' આવે છેને? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ. બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આહા..હા..! સમજાણું કાંઈ? '**સત્ક્રિયા કરતો સ્થિત છે...**' તે કારણે. '**તપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ...**' પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ આનંદકંદ જ્ઞાયકભાવ એમાં વિશ્રાંતિલક્ષણ. એમાં વિશ્રાંત લીધો છે, જામ્યો છે, સ્થિર થયો છે. એવા લક્ષણવાળા પરમ વીતરાગચારિત્રમાં સ્થિત છે. એ પરમવીતરાગચારિત્રમાં સ્થિત છે. ભાષા-ભાષા, શબ્દે-શબ્દે ફેર. આહા..હા..! 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે તારી શ્રદ્ધા અને મારા માર્ગમાં વાતે-વાતે ફેર છે. આહા..હા..!

'**નિજસ્વરૂપ...**' ત્રિકાળી '**વિશ્રાંતિલક્ષણ...**' વર્તમાન વિશ્રાંત લીધો છે ત્યાં શાંત. આનંદમાં સ્થિર થયો છે. આહા..હા..! એવું '**પરમવીતરાગ-ચારિત્રમાં સ્થિત છે...**' પરમ વીતરાગચારિત્ર. જુઓ, એ સાતમા ગુણસ્થાનમાં પણ '**પરમવીતરાગ-ચારિત્રમાં સ્થિત છે...**' એમ કહ્યું છે. સમજાણું કાંઈ? મુનિ સાચા હોય છે એને સમ્યગ્દર્શનપૂર્વક છઠ્ઠું ગુણસ્થાન હોય. એને ક્ષણમાં સાતમું અને ક્ષણમાં છઠ્ઠું. સમજાણું કાંઈ? ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. સંત જે ભાવલિંગી સાચા સમકિતી હોય છે એને ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન આવે અને બીજે ક્ષણે સાતમું આવે. વળીમાં ન રહી શકે તો વિકલ્પ ઉઠે. તો અહીંયાં સાતમા ગુણસ્થાનની વાત વિશેષ છે. આહા..હા..!

'**(અર્થાત્ તે પરમશ્રમણ,...**' આહા..હા..! '**નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે,...**' એ નિશ્ચયચારિત્ર છે, એ સાચું ચારિત્ર છે. ચરવું, રમવું તે ચારિત્ર. આનંદસ્વરૂપમાં ચરવું, રમવું તે ચારિત્ર. પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ એ તો રાગ છે. સમજાણું કાંઈ? '**જેનું લક્ષણ નિજસ્વરૂપમાં વિશ્રાંતિ છે...**' આહા..હા..! ચારિત્રનું લક્ષણ શું? કે નિજસ્વરૂપમાં ઠરવું-વિશ્રાંતિ. આહા..હા..! અનાદિકાળનો રાગનો થાક છે એ સ્વરૂપમાં ઠરતાં એ વિશ્રામ લે છે. આવી વાતું બાપા! આહા..હા..!

**શ્રોતા :-** બપોરના સૂઈ જાય તો થાક ઉતરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનમાં સૂવે અને અજ્ઞાનમાં જાગે. આહા..હા..! અહીંયાં તો અનાદિકાળનો જે રાગ છે તેનો થાક લાગ્યો છે એને આનંદના ધામમાં ઠરે, વિશ્રાંતિ લે છે એ થાક ઉતરી જાય છે. આહા..હા..! અરે! એને પોતાના સ્વરૂપની શું ચીજ છે એ સાંભળી નથી, એની મહિમા કરી નથી. આ રાગની, પર્યાયની, પરની મહિમા કરી અને સંસારમાં રખડ્યો. સમજાણું કાંઈ? '**જેનું લક્ષણ નિજસ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે**).' આહા..હા..! એને અહીંયાં સત્ક્રિયા કરનારો, ચારિત્રવંત એને કહે છે. સમજાણું કાંઈ? આ છદ્મસ્થ મુનિની વાત છે હોં, કેવળીની નહિ આ.

'(હવે, **આ ૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે** :)'

(मंदाक्रांता)

आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदृक्शीलमोहो
य संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः।
मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः
तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम्।।२६२।।

'**શ્લોકાર્થ :- દર્શનમોહ...**' એટલે કે મિથ્યાત્વભાવ નાશ થયો છે. મિથ્યાત્વભાવ એટલે 'શરીરની ક્રિયા કરું, રાગ એ મારું સ્વરૂપ, એક સમયની પર્યાય જેટલો હું' એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ '**દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...**' બે ભેગા થયાને? અસ્થિરતા જે રાગની એનો પણ જેને નાશ થયો છે, '**એવો જે અતુલ મહિમાવાળો આત્મા...**' આહા..હા..! જેની મહિમા-તુલના કોઈ સાથે કરી શકાય નહિ એવો જે ભગવાન ચિદાનંદ આનંદકંદ પ્રભુ. '**અતુલ મહિમાવાળો...**' જેની સાથે કોઈની તુલના કરી શકાય નહિ એવો પ્રભુ અંદર. આહા..હા..!

'**આત્મા સંસારજનિત સુખના કારણભૂત કર્મ...**' જોયું ભાષા? ઓલું અશુભ નહિ, અહીંયાં મૂળ તો શુભનું ભાઈ કહેવું છે વધારે. સંસારજનિત સુખ કહેવું છે. એ શુભભાવ છે એ સંસારજનિત સુખનું કારણ છે. એ વધારે શુભભાવનો નિષેધ કરવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર સંસારજનિત એકલું દુઃખ નહિ એમ નહિ અહીં તો સંસારજનિત સુખ. શુભભાવથી સંસાર સ્વર્ગાદિ મળે એ સંસારજનિત સુખ. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો જે શુભરાગ એ સંસારજનિત સુખનું કારણ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સુખ નામ તો આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ તો આવ્યું એમાં શું થયું? માને છે ઈ તો એમ માને છેને. આહા..હા..! લાકડીને ઘોડે ચડ્યો હોય છોકરો રમતમાં. તો એનો બાપ આવ્યો. એ એને કહે. કારણ કે નહિતર એકદમ કહે કે લાકડી છોડી દે તો ન માને. એ લાકડીનો ઘોડો છોડી

દે. ઘોડો છોડી દે, ઘોડો આઘો રાખ તારો. હાલ... હાલ... જો કેરી લાવ્યો છું હાલ. એનો બાપ પણ એમ કહે. એટલે શું ઘોડો થઈ ગયો? સમજાણું કાંઈ? કારણ કે એને ઘોડો-ઘોડો ઘૂંટાતું હોય તો લાકડી છોડી દે તો એ સાંભળે નહિ. છોડી દે તારો ઘોડો ચાલ. જો કેરી લાવ્યો છું. આહા..હા..! અહીંયાં એમ એ સુખ માને છે એટલે શાસ્ત્રકાર એને સુખ કહે છે. શુભભાવથી આ શેઠિયા થયા, કરોડપતિ, ધૂળપતિને આ અબજોપતિ એમ માનેને અમે સુખીયા છીએ. ધૂળેય નથી સુખીયા. આહા..હા..!

પણ અહીં તો એ સિદ્ધ કરવું છે કે શુભભાવ છે એ સંસારજનિત સુખનું કારણ કર્મ. એ સંસારની ઉત્પત્તિના સુખનું કારણ એ શુભભાવ કર્મ છે. સમજાણું કાંઈ? એને છોડીને. શુભભાવરૂપી કર્મને છોડીને. ઓલા પુણ્યમાં કહ્યું છેને ભાઈ! વ્રત, તપ આદિ કર્મ. પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું. એને કર્મ કહ્યું. ઓલા શુભભાવને જ કર્મ કહ્યું. પુણ્યના અધિકારમાં આવે છે. સમજાણું કાંઈ? આવો કેવો ઉપદેશ? આ કઈ જાતનો ઉપદેશ છે આ? ભાઈ! તારા ઘરની વાતું છે, બાપુ! તારા ઘરમાં ઠરવું એ શુભકર્મને છોડે તો ઠરી શકે છે. શુભમાં રહે તો ઠરી શકતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર વદ-૩, રવિવાર, તા. ૨૧-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૫૩, કળશ-૨૬૨, પ્રવચન નં. ૧૩૧**

૧૫૨ ગાથા. નિયમસાર. નિશ્ચય-પરમાવશ્યક. એમાં ૨૬૨ કળશ છે. '**દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...**' આ આવશ્યક નિર્મળ સત્ક્રિયા જે મોક્ષના માર્ગરૂપ ક્રિયા એ કેમ થાય છે? એમ કહે છે. જેણે સ્વરૂપ અખંડ અભેદની દૃષ્ટિ કરીને જેણે દર્શનમોહને નષ્ટ કર્યો છે. જેણે દર્શનમોહ નષ્ટ કર્યો છે. ગુજરાતી છે આ. .. આ ગુજરાતી છે. અત્યારે ગુજરાતી છે. આ શું કર્યું? આ તો છે કાંઈ? હિન્દી છે. '**દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...**' એ શબ્દની વ્યાખ્યા. કે જેણે જ્ઞાયક ચૈતન્ય અભેદ અખંડ તત્ત્વ એની દૃષ્ટિ કરીને, એનો અનુભવ કરીને જેણે મિથ્યાત્વનો નાશ કર્યો છે. સમજાય છે કાંઈ? સવારમાં તો આવ્યું હતુંને કે અભેદ એકરૂપ વસ્તુ છે એમાં ધર્મ નામ ગુણના ભેદ પાડીને કહેવું એ પણ એક અશુદ્ધનય છે. રાગની મંદતા હોય તો નિશ્ચય થાય એ વાત તો ત્યાં રહી નહિ. સમજાય છે કાંઈ? કે ભાઈ રાગની મંદ ક્રિયા કરે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના ભાવ. તો એ શુભભાવથી ક્રમે-ક્રમે નિશ્ચય થાય એમ છે નહિ. ત્યાં તો એમ કહ્યું કે જે અખંડ વસ્તુ ચૈતન્ય અભિન્ન ગુણ અને ગુણીનો પણ જ્યાં ભેદ નથી. એવા અભેદમાં

ભેદ કથનમાત્ર કરીને કહેવું કે આ આત્મા દર્શન છે, ચારિત્ર છે, જ્ઞાન છે. એવો ભેદ પાડીને કહેવું એ અશુદ્ધનય છે, એ વ્યવહારનય છે. આહા..હા..! એ અશુદ્ધનયને આશ્રયે પણ સમ્યગ્દર્શન ન થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? ભેદ પાડીને કથન કરવું એના લક્ષે અભેદ ન જણાય. ત્યાં સવારે નહોતા? મોડું થઈ ગયું હતું. ક્યાં બેઠા હતા? મોડા આવ્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

ચૈતન્ય હીરો અનંત-અનંત શક્તિઓનો સાગર એવા વસ્તુને ભેદ પાડીને કહેવું એને અનુસરીને અભેદ નહિ જણાય. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! અત્યારે તો બહુ ગડબડ એવી થઈ ગઈ છે કે એવું લાગે કે આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એ જ સત્ય છે. હમણા તો કહેશે પછી કે જે શુભભાવ છે એ તો સંસારજનિત સુખનું કારણ છે, એ કાંઈ આત્માના ધર્મનું કે સમ્યગ્દર્શનનું એ કારણ નથી. આહા..હા..! અહીંયાં તો અભેદ ચીજમાં ભેદ પાડીને નામમાત્ર કથનથી ભેદ છે નહિ અંદર. પણ નામમાત્ર કથન કરીને એને સમજાવે કે આ શ્રદ્ધા કરે તે આત્મા, જ્ઞાન કરે તે આત્મા. એનો પણ આશ્રય લેવો નહિ. એ કહે છે એ લક્ષે અભેદની દૃષ્ટિ કરવી. આહા..હા..! પ્રવિણભાઈ! આવો માર્ગ ભારે ઝીણો. ઓહો..હો..! વસ્તુની સ્થિતિ એ રીતે છે ત્યાં બીજી રીતે... એ વસ્તુ છે એકરૂપ ચીજ એનું લક્ષ કરાવવા ભેદથી કથન કર્યું. વસ્તુ ભાઈ આકરું એવું લાગેને. નિશ્ચય-નિશ્ચયાભાસ જેવું લોકોને લાગે હોં. આમાં વ્યવહારનો તો ક્યાંય... વ્યવહાર છેને. એનું લક્ષ છોડવું એવી અપેક્ષા વ્યવહારની આવીને?

**શ્રોતા** :- વ્યવહાર નિશ્ચય

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની અપેક્ષા છોડવી. ભેદની અપેક્ષા છોડવી એટલો ભેદનો વ્યવહાર અભાવરૂપે લક્ષમાં આવી ગયો. આહા..હા..!

**શ્રોતા** :- એની ઉપેક્ષા કરવી એ જ અપેક્ષા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ અપેક્ષા થઈ ગઈ એની. આહા..હા..! પૂર્ણ આનંદનો નાથ પ્રભુ બિરાજે છે અંદર પરમેશ્વર પરમાત્મા સાક્ષાત્ ભગવાન છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા એ પરમાત્મસ્વરૂપે જ બિરાજમાન છે, પણ પામરને જ્યાં... આહા..હા..! એક બીડી વિના, બે સિગરેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે આટલા તો અપલખણ. અને જરી અહીંયાં સાંભળવા આવે તોપણ ચાનો પ્યાલો પીને આવે તો મગજ ઠેકાણે રહે. આહા..હા..! નહિતર મારું મગજ કામ કરતું નથી. અરે! મારા! આ તે અપલખણ કેટલા? હવે એને એમ કહે કે પ્રભુ! તું સાંભળને નાથ! તારી ચીજ એવી છે કે જે વાણીમાં ન આવે, એ વિકલ્પથી ન પકડાય, એ ભેદથી ન જણાય, ન પકડાય. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો એવો હુકમ છે કે તું તારી ચીજને વર્તમાન પર્યાયને જે પરતરફ વળેલી છે. એને એક પર્યાય ભલે પરતરફ વળેલી છે. પણ પછીની પર્યાય પ્રગટ

થાય અને વળેલી સ્વમાં વળે એનો સમય એક જ છે. સમજાણું કાંઈ?

જ્યાં નિધાન છે પ્રભુ પોતે પરમાત્મા ત્યાં વર્તમાન પર્યાયને ત્યાં વાળ. અને એનાથી દર્શનમોહનો નાશ થશે. ભારે આકરી વાતું! સાધારણ મગજમાં તો આ શું કહે છે? આ કઈ જાતની વાત? ભાઈ! માર્ગ તો આ છે હોં. અરે! જન્મ-મરણના આરા છૂટવાના એ તો માર્ગ આ છે. આહા..હા..! જેને સમ્યગ્દર્શન કરવા માટે પરની કોઈ અપેક્ષા છે જ નહિ. દર્શનમોહનો નાશ કીધોને પહેલો અહીંયાં? સમજાય છે કાંઈ? એને એક અખંડ આત્માનો આશ્રય એ જ દર્શનમોહના નાશનો ઉપાય છે. આહા..હા..! એ એક કર્યો.

હવે ચારિત્રમોહ. જે અસ્થિરતાના રાગાદિ હતા એ પણ જેણે સ્વરૂપનો આશ્રય લઈને, ઠરીને રાગનો નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને દર્શનમોહ નાશ થયા પછી પણ રાગ અને દ્વેષના વિકલ્પો અસ્થિરતાના તો રહે છે. એ અસ્થિરતાના વિકલ્પો વૃત્તિઓ, રાગ એ સ્વરૂપનો આશ્રયને ઠરીને એમાં ઠરીને એણે અસ્થિરતાનો નાશ કર્યો છે. આહા..હા..! એ ચારિત્રમોહનો નાશ કરવાનો ઉપાય પણ આ. આહા..હા..! એવો જે '**દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...**' બે ખરાને એટલે જેના કીધા. દર્શન અને ચારિત્ર બેના. દર્શનમોહનો નાશ થયો છે એમ કહે. પણ આ તો બેના કીધાને? '**દર્શનમોહ અને ચારિત્રમોહ જેના...**' એટલે બે. '**નષ્ટ થયા છે...**' આહા..હા..! જુઓ, આ આવશ્યક ક્રિયા બતાવે છે. આ સામાયિક ને ચોવિસંથો ને વંદન ને પડિક્કમણા એ જે કરે છે એ તો બધો વિકલ્પ છે રાગ, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! આ તો સામાયિક ને ચોવિસંથો એ બધું આત્માના સ્વભાવની દૃષ્ટિ થઈને અંદર સ્થિરતા કરે એને છ આવશ્યક થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાંજ-સવાર નથી બોલતા સામાયિક, ચોવિસંથો, વંદના, પડિક્કમણું, કાયોત્સર્ગ અને પચ્ચખાણ. શાંતિભાઈ! ગડીયામાં બોલે છે. એ ભાગ લે છે કેટલાક ઠેકાણે ત્યાં. એવું છાપામાં સાંભળીએ. છાપામાં આવેને એમાં. આહા..હા..!

એ સામાયિક આદિ જે વિકલ્પ છે એ તો રાગ છે, સંસાર છે, ભગવાનની સ્તુતિ કરવાનો ભાવ એ પણ સંસાર છે. આહા..હા..! દેવ, ગુરુને વંદન કરવાનો ભાવ એ પણ રાગ એ સંસાર છે. રાગનો, પાપનો ભાવ તીવ્ર અસ્થિરતાનો એને મિચ્છામી દુક્કડમ કરવાનો જે વિકલ્પ છે એ પણ સંસાર ને પાપ. સંસાર છે એમ.

**શ્રોતા :-** નિશ્ચય પાપ છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય પાપ છે એ આવી જતું વળી. આહા..હા..! ભાઈ! આ તો અવલદોમની વાતું છે, ભગવાન! આખી દશા ફેરવી નાખવાની વાતું છે. આહા..હા..! પચ્ચખાણ ને શું કર્યું પછી? સામાયિક, પહેલું વંદના અને પડિક્કમણું. પડિક્કમણું, કાયોત્સર્ગ. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં એ કાયોત્સર્ગ નહિ, ભાઈ! એ તો વિકલ્પ છે. અંદરમાં આત્મા આનંદસ્વરૂપનું જ્યાં દર્શનમોહનો નાશ થઈ અને સમ્યગ્દર્શનમાં. આવ્યું હતુંને સવારમાં?

અત્યંત આનંદસહિત બોધ તરંગો જ્યાં ઉછળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આવી વ્યાખ્યા! ઓલું તો કહે, ભાઈ! ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વિરિયા ઈરિણાયી તસ્સમિચ્છામી દુક્કડમ. છેલ્લે કરીને એમ આવે. એક ઈન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા. કેટલું સહેલું આ કરી નાખે. એક જણો કહેતો હતો બિચારો હોં. એવો સહેલો માર્ગ હતોને અને તમે.. તમે નહિ ભાઈ! ભગવાન કહે છે, બાપા! એમ રહેવા દે અહીં. સમજાણું કાંઈ? અરે! એક મેટ્રીક જેવી પરીક્ષાને પાસ કરવા માટે પણ રાતના ઉજાગરા કરે, ચોટલીયું બાંધતા પહેલી તો. ઉંઘ ન આવે. માથું ઉંચુ. તણાય એટલે વળી. હવે ધૂળની અજ્ઞાન વિદ્યા એ તો છે. મેટ્રીક કહો કે તમારા એલ.એલ.બી.ના પૂંછડા કહો. બી.એ. ને બી.એ. શું છે? બી.એસ.ને. તમારે શું કહેવાય? એલ.એલ.બી.? એમ.બી.એ. આહા..હા..! એ તો અજ્ઞાન માટે પણ જ્યાં મહેનતું સાત, આઠ, દસ વર્ષ કાઢે, આહા..હા..! તો આ ભગવાન જેને અનંતકાળના સંસારનો નાશ કરવો એ ચીજ કેવી બાપુ હશે? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જેણે આત્માના આનંદના સ્વાદના જ્ઞાનના તરંગના કારણે જેણે દર્શનમોહનો નાશ કર્યો છે. આહા..હા..! અને જેણે સ્વરૂપ આનંદનો નાથ ભગવાન એમાં લીનતા કરીને જેણે અલીનતાના પરિણામનો અસ્થિરતાનો નાશ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! વીતરાગ દરબારની વાત કેવી હશે! આહા..હા..!

'**એવો જે અતુલ મહિમાવાળો આત્મા...**' ભાષા દેખો. '**એવો જે અતુલ મહિમાવાળો આત્મા...**' જેની મહિમા, તુલના કોઈ સાથે કરી શકાય નહિ. જેણે દર્શનમોહ અને ચારિત્રમોહને નષ્ટ કર્યો છે એટલે કે જેણે સમ્યગ્દર્શન અને ચારિત્રની સ્થિરતા પ્રગટ કરી છે. આહા..હા..! '**એવો જે અતુલ મહિમાવાળો આત્મા...**' આહા..હા..! આવી પરિણતિ પ્રગટ કરી છે એવો અતુલ મહિમાવાળો આત્મા. મુનિની મુખ્ય વાત છેને અત્યારે? બેયની વાત છેને? દર્શનમોહ અને ચારિત્રમોહનો નાશ બેની વાત છે. આહા..હા..! '**અતુલ મહિમાવાળો આત્મા...**' આહા..હા..! જેણે સમ્યગ્દર્શનના આનંદના વેદનની સાથે જ્ઞાનના તરંગ સમ્યક્ ઉઠ્યા છે. આહા..હા..! અને જેણે સ્વરૂપમાં સ્થિરતા કરીને અસ્થિરતાનો જેણે નાશ કર્યો છે. આનંદની છોળું જેને વરસે છે પર્યાયમાં, કહે છે. આહા..હા..!

અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છલોછલ પ્રભુ ભગવાન આત્મા ભરેલો છે. આહા..હા..! એમાં સ્થિર થયો એટલે એની પર્યાયમાં આનંદ ઉછળે છે હવે. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્દર્શન અને ચારિત્ર છે. આહા..હા..! '**એવો અતુલ મહિમાવાળો આત્મા...**' હવે શું કહે છે જુઓ, '**સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...**' એ વિકલ્પ જે હતો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ. એ તો સંસારજનિત સુખના કારણભૂત રાગ હતો. રાગ એટલે વ્યવહારનો રાગ જે દયા, દાન, વ્રત ને ભક્તિ, તપ એ રાગરૂપી કર્મ એ સંસારજનિત સુખનું કારણ હતું. સંસારજનિત સુખ એટલે કે દુનિયાએ માન્યું

માટે સુખ કહ્યું. સંસારજનિત સુખ હોઈ શકે નહિ. પણ લોકો માને છેને એને? અમને પાંચ-પચાસ લાખ મળ્યા, બાયડી-છોકરા સારા, શરીર સુંદર, કહ્યાગરા છોકરા, રળાઉ, કમાઉ તો બહુ સુખી છીએ એમ કહે. ધૂળેય સુખી નથી. એ તો કાલે દાખલો નહોતો આપ્યો? લાકડીનો ઘોડો કરીને છોકરો ઉભો હોયને વચમાં. રમતો હોય લાકડીથી. તો એનો બાપ કેરી લઈને આવ્યો હોય. ઓલાને એમ ન કહે કે લાકડી આઘી રાખ. એ સાંભળે નહિ. બસ એને ઘોડો-ઘોડો થઈ ગયું છેને મગજમાં. એટલે એનો બાપ આવે અને ઉંબરામાં રમતો હોય. ઘોડો ખસેડ તારો આઘો. ચાલ જો કેરી લાવ્યો છું. એને ઘોડો કહેવું પડ્યું. એમ અજ્ઞાની સંસારમાં રાગમાં સુખ માને છે તેથી એ જ્ઞાની પણ તેને સંસારજનિત સુખની વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલું ઘોળાતું હોયને ઘોડો-ઘોડો એને એમ કહે કે લાકડી આઘી રાખ. તો ઘોળાઈમાં ખસે નહિ ઝટ. છોકરા! છોડી દે એ ઘોડો તારો. એ સમજે કે લાકડી છોડવાનું કહે છે.

અહીં પરમાત્મા કહે છે કે પ્રભુ! એકવાર સાંભળને. આહા..! તું રાગના, પુણ્યના ભાવના કર્મે જે ચડ્યો છે જે ઘોડે એને છોડી દે. આહા..હા..! **'એને છોડીને...'** છેને? એ કર્મ શબ્દે જડ ન લેવું અહીંયાં. શુભભાવ. એ દયાનો, દાનનો, પંચમહાવ્રતનો, બાર વ્રત છે એ વિકલ્પ છે, શુભભાવ છે. આહા..હા..! એવો સંસારની ઉત્પત્તિ કરનાર સુખનું કારણભૂત શુભભાવ છોડીને. કારણ કે એ આવશ્યક નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભભાવ જે પુણ્યભાવ, પંચમહાવ્રતનો ભાવ, બાર વ્રતનો ભાવ એ બધો શુભરાગભાવ છે. આહા..હા..! એને છોડીને. સમજાવવું હોય તો...

**'મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે,...'** આહા..હા..! અનંત આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ. મુક્તિ એટલે કે અનંત આનંદની પ્રાપ્તિ. મુક્ત એટલે અનંત દુઃખથી છૂટ્યો અને અને અનંત આનંદને પ્રાપ્ત થયો એનું નામ મુક્તિ. આહા..હા..! **'મુક્તિનું મૂળ એવા...'** એવી મોક્ષદશા એનું મૂળ **'મળરહિત ચારિત્રમાં સ્થિત છે,...'** એમ કેમ કહ્યું? કે પંચમહાવ્રતાદિ છે એ તો વિકલ્પ અને રાગ છે, મેલ છે. આહા..હા..! હવે અહીં તો પંચમહાવ્રત લીધા એટલે ઓહો..હો..! ધર્મી થઈ ગયો અને ચારિત્ર થઈ ગયું. સમજાણું કાંઈ? એ **'મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં...'** આહા..હા..! રાગની ક્રિયા વિનાનું જે અરાગી ચારિત્ર, વીતરાગી ચારિત્ર જેવો એનો વીતરાગી સ્વભાવ ભગવાનનો. ભગવાન ઈ આત્માને અહીં ભગવાન કહીએ છીએ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આ ક્યાંની વાત? બાપુ! તારા ઘરની વાત છે આ, પણ એના ઘરમાં શું છે એની એને ખબર નથી. આહા..હા..! મોટી અનંત આનંદ, અનંત જ્ઞાન જેનો સ્વભાવવાનનો સ્વભાવની મર્યાદા શું? આહા..હા..!

સ્વભાવવાન એવો ભગવાન, સ્વભાવ જેનું વાન-રૂપ. આહા..હા..! સ્વભાવવાન આત્મા. કે જેનો આનંદ જ્ઞાનાદિ અનંત... અનંત... અનંત... એક-એક ગુણની શક્તિ અનંત હદ વિનાની

અપરિમિત. એવી અનંતી શક્તિનું સત્ત્વ નામ સ્વભાવ એ સ્વભાવવાન આત્મા જેનું સ્વભાવી રૂપ છે, સ્વભાવ એનો વાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કન્યાને જોવે ત્યારે જોવે છેને કે કાળી છે કે મેલી છે કે ફલાણી છે. એ જોવે છે. નમણી છે કે નાક આવું છે કે આંખ આવી. પહેલા જોતા બહુ તપાસ કરતા. હવે તો આ ફેરવે છે ઘણીવાર છ મહિના એવું સાંભળ્યું છે. અનીતિ કેટલી વધી ગઈ. એવું સાંભળેલું. પહેલા તો બાપ કરે પછી કાંઈ ... હવે તો છોકરો જાય, પંદર દિ' રહે, બે જણા સાથે ફરે. એકબીજાની ભાષા કેવી છે એ બધું સંભાળે પછી સગપણ કરે. આવા કાળા કેર! આવું સાંભળેલું છે.

**શ્રોતા :-** કાળ ફરેને બધો ફેરફાર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! કાળ ફર્યો તે ગોળને ઠેકાણે ગારો થયો? લોટને ઠેકાણે ધૂળ થઈ? કાળ ફર્યો તે. આહા..હા..! એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઘી, ગોળ અને લોટ એનો શીરો થાય. પાંચમે આરે થાય એનો અને ચોથે આરે થાય એનો. આહા..હા..! કહે છે કે ભગવાન! સાંભળ પ્રભુ! તારો સ્વભાવ તો લીલોછમ પડ્યો છે અંદર. આહા..હા..! તાજેતાજો અંદર હોં. અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત શાંતિ અને અનંત સ્વચ્છતા એવી અંદર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એવી શક્તિનું સત્ત્વ ભગવાન આત્મા. આહા..હા..! એનો જેણે આશ્રય લઈને મળરહિત ચારિત્રમાં સ્થિત થયો છે. આહા..હા..!

'**તે આત્મા ચારિત્રનો પુંજ છે.**' તે આત્મા ચારિત્રની વર્તમાનદશાનો પુંજ છે. આહા..હા..! આત્મા તો ચારિત્રગુણનો પુંજ છે. ગુણ ત્રિકાળ. પણ એના અવલંબે પ્રગટેલી દશા પણ વર્તમાન પર્યાયમાં ચારિત્રનો પુંજ કીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા બિચારા આવ્યા હતા. સવારમાં આવ્યા હતાને. વ્યાખ્યાન સાંભળીને ખુશી થયા બિચારા. એક બે. એક તો મુખ્ય હતો .. કહેવા આવ્યો. કે ઓહો..! સમયસારની આવી વ્યાખ્યા! બાપુ! માર્ગ આવો છે, ભાઈ!

**શ્રોતા :-** યાત્રાવાળા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, યાત્રાવાળા. ..વાળા. સવારે ..વાળા આવ્યા હતાને. એને લઈને આપણે હિન્દી વ્યાખ્યાન કર્યું હતુંને. એ કહેવા આવ્યો હતો એ બહુ .. વાત ભારે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હોય શું થાય બિચારાને. .. અરે! શું કરે બાપા! લોકો બહારનું નગ્નપણું અને બહારની છટા ભાષણની, સભા મોટી થાય દસ-દસ હજાર અને પાંચ-પાંચ હજારને. હવે એની સાથે શું સંબંધ છે? આહા..હા..! અરે! જેમાં જન્મ-મરણના અંત આવે એવી દૃષ્ટિ અને સ્થિરતા ન હોય ત્યાં શું એને લાભ? આહા..હા..! ભલે લાખો માણસ માને અને ઉપાડે અને કહે આહા..હા..! ભારે આ. એમાં એના આત્માને શું? એ બહારની

પ્રશંસા સોજા છે. આહા..હા..!

અહીં તો કહે છે જેને આત્મા શાંતિનો સાગર છે એને અવલંબે દર્શનમોહ નાશ કર્યો અને એમાં સ્થિરતા થઈને અચારિત્રનો નાશ કર્યો. એ ચારિત્રનો પુંજ થયો. ચારિત્રનો પુંજ સ્થિરતા-સ્થિરતા જામી શાંતિની. આહા..હા..! શાંતિનો સાગર શાંતિને ઉછાળ્યો. દરિયો જેમ ભરતીમાં ઉછળે. એ કહેશે જુઓ, '**તે આત્મા ચારિત્રનો પુંજ છે.**' આહા..હા..! કેવો છે ઈ? '**સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...**' ચંદ્ર જેમ ઉગે અને દરિયો ઉછળે છે પૂનમને દિ'. પૂનમ હોયને જ્યારે દરિયાનો સ્વભાવ છે. પૂનમને દિ' ભરતી મોટી આવે. છેલ્લામાં છેલ્લી ભરતી. પૂનમ પૂર્ણ થઈ તો અહીંયાં ભરતી મોટી. એમ કહે છે કે જેણે આત્માને અનુભવ્યો અને જેને અંતરની ચારિત્રદશા પ્રગટ કરી એ જીવ કેવો છે? '**સમરસરૂપી સુધાના સાગર...**' આહા..હા..! ભગવાન આત્મા સમતારૂપી અમૃતનો સાગર. આહા..હા..! સમતા... સમતા... સમતા... જેને દુનિયાની કાંઈ પડી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! દુનિયાના માન અને અપમાનની જેને કાંઈ પડી નથી. આહા..હા..! એવો સમરસરૂપી સુધાનો સાગર. ભગવાન સમતારૂપી રસ આનંદ, વીતરાગી રસથી ભરેલો ભગવાન. એને '**ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...**' ચંદ્ર પૂર્ણ થાય અને જેમ ઉછળીને ભરતી આવે એમ આવી દશાવાળો સુધાના સાગરને પર્યાયમાં ઉછાળો લાવે છે આમ. શાંતિની છોળું ઉઠે છે, કહે છે. આહા..હા..! કહો, વજુભાઈ! આવું તો કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય ત્યાં જજમાં અને બહારમાં. છે નહિને બધે વાત. ખબર છેને. આહા..હા..!

ભગવાન! તું તો સુધાનો સાગર છો. સુધા અમૃતનો સાગર ભગવાન છે એમ કહે છે જુઓ, '**સમરસરૂપી સુધા...**' વીતરાગતા અકષાયભાવરૂપી અમૃતનો સાગર ભગવાન એને આ સ્થિરતા દ્વારા એને ઉછાળ્યો. શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ શું આમાં? આમાં શું કરવું? ભગવાન! એ શું કરવું એમાં આવે છે, ભાઈ! તારી ચીજમાં અંતર દૃષ્ટિ કરવી અને એમાં ઠરવું ઈ આવે છે આ. અને ઠરેલો જે જીવ છે. આહા..હા..! કહે છે, એ તો વીતરાગ મૂર્તિ અમૃતનો સાગર ભગવાન. એ સાગરના ફીણ જેમ અને ભરતી આવે જેમ કાંઠે, આહા..હા..! એમ પર્યાયમાં સ્થિરતા દ્વારા સુધાસાગરને ઉછાળવાને સમર્થ છે ઈ. આહા..હા..! દર્શન અને પ્રતીતિ અને સ્થિરતા થઈ. કહે છે કે અંતરનો સુધાસાગર ઉછાળવાને ચંદ્ર સમાન છે. આહા..હા..!

ચંદ્ર જેમ પૂનમે પૂરો થાય. એ ઘણીવાર ત્યાં જોઈએ છીએ. મુંબઈ, પોરબંદર. મોટો દિ' હોય ત્યારે બહુ. નહિ ત્યાં મુંબઈ જઈએ છીએને. .. નહિ કાંઠે. કાંઠે. એને શું કાંઈક કહે છે. ભૂલી ગયા આપણે નામ. એ બધા માણસ ભેગા થાય ત્યાં. ચોપાટી-ચોપાટી. ભાઈનું મકાન ત્યાં છેને લગભગ નહિ? મરીન.. દરિયાકાંઠે. દરિયાના કાંઠે. આહા..હા..! એ ચોપાટીનું પાણી જ્યારે પૂનમ હોયને તો અથડાય. એવી છોળું મારે. આહા..હા..! એમ સમરસરૂપી

સુધાનો સાગર ભગવાન આત્મા એની જેને અનુભવદશા સમ્યક્ થયું અને જેને સ્વરૂપમાં સ્થિરતાની દશા ચારિત્ર થઈ આહા..હા..! એને સમતારસનો સાગર એને ઉછાળવામાં એ ચંદ્રસમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમરસરૂપી સમતા...'** આહા..હા..! એવી **'સુધાનો સાગર...'** એવો ભગવાન આત્મા હોં. એને આ સ્થિરતા, સમ્યગ્દર્શન અને સ્થિરતા દ્વારા એ સાગરને ઉછાળે છે. પર્યાયમાં આનંદની છોળું આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને મુનિ અને એને પંચમ ગુણસ્થાનના શ્રાવકને પણ ઉછાળે છે આનંદની છોળ એમ કહે છે. આહા..હા..! એય..! એને થોડી. અહીં ઉત્કૃષ્ટ વાત લેવી છેને. આહા..હા..! સમતા... સમતા... સમતા... સમતા... એનો સાગર તો પ્રભુ છે. અને જેણે સમ્યગ્દર્શન અને શાંતિનો, સમતાનો પર્યાય જેણે પ્રગટ કર્યો છે એ સુધાના સાગરને ઉછાળવાને ચંદ્ર સમાન છે. ભરતી લાવવા માટે એ ચંદ્રસમાન છે. આહા..હા..!

જુવાની તારી ઝોલા ખાય છે, ભાઈ! ૨૫-૨૫ વર્ષ, ૩૦-૩૦ વર્ષની ઉંમર શરીર જુવાન લઠ્ઠ જેવું દેખાય. આહા..હા..! એ ઘડપણ થવાની તૈયારીએ ઝોલા ખાય. આહા..હા..! બાપુ! એ જુવાની નહિ. જુવાની તો આનંદના સાગરને ઉછાળવાની દૃષ્ટિ અને સ્થિરતા એ જુવાની છે. એય..! આહા..હા..! આ જુવાની બધા ઈન્દ્રિયો પુષ્ટ હોય, હાડકા, ચામડા, માંસના લોચા બધા છે આ તો. આહા..હા..! એને એ જુવાન માને છે. ભગવાન એને જુવાન કહે છે, ભગવાન એને બાળ કહે છે, ભગવાન એને વૃદ્ધ કહે છે કે જે રાગની એકતામાં પડ્યા બાળ જીવો મૂઢ તેને બાળક કહે છે. આહા..હા..! અને જેણે રાગથી ભિન્ન પાડી ભગવાનને જગાડ્યો છે અને જેમાં જુવાની જેની પુષ્ટિ. આવશે એમાં કહેશે આગળ. શાંતિની પુષ્ટિ, વીતરાગતાની પુષ્ટિ જેને પ્રગટ થઈ છે આહા..હા..! એ જુવાની આત્માની છે. અને જેને કેવળજ્ઞાનની પરમાત્મદશા પ્રગટ થાય એ એની વૃદ્ધાવસ્થા છે. પાકી ગયો ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આ માટીની હાલતું ઉપર પોતાને કલ્પે કે હું જુવાન છું અને વૃદ્ધ છું. ભગવાન! આ તો જડ હાડકા-ચામડા. આહા..હા..! એક દિ' ન ખાય અને જ્યાં કાંઈક થયું હોય. રોગબોગ કે બે દિ' ન ખાય તો આમ થઈ જાય ચામડા. એવો ભગવાન નથી, કહે છે. એ તો ત્રણલોકનો નાથ એવો છે આહા..હા..! કે એની દૃષ્ટિ અને સ્થિરતા થઈ તો એને જુવાની આવી. એ જુવાની જઈને વૃદ્ધાવસ્થા કેવળજ્ઞાન થાય. આ જુવાની જઈને વૃદ્ધ થઈ જાય. સમજાણું કાંઈ?

**'સમરસરૂપી સુધાના સાગર...'** આહા..હા..! જેને સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે એ જીવ કેવો છે? કે સમતારૂપી રસનો ભંડાર ભગવાન સુધા-સાગર. સમતારૂપી અમૃતનો સાગર પ્રભુ. એને વર્તમાન પર્યાયમાં સમતાના રસને ઉછાળવામાં સમકિતી અને શાંતિ ચારિત્રવાળો તે ઉછાળવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાન!

તું કોણ છો તને ખબર નથી. તું તો પરમાત્મા છો, ભાઈ! આહા..હા..! વસ્તુનો સ્વભાવ અને પરમાત્મા બેમાં કાંઈ ફેર નથી. એ પર્યાયે પ્રગટ્યા, આ વસ્તુએ પરમાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું ઉપમા! કેવી ઉપમા કીધી! પદ્મપ્રભમલધારીદેવ છે આ. મુનિરાજ જુઓ. આહા..હા..! શરીર નગ્ન, આત્મા નગ્ન વિકલ્પ વિનાનો. આહા..હા..! એવી જેની આત્માની સાથે રમતું આનંદની માંડી છે. એ લખતા લખે છે આ કે જેને ભગવાન ત્રણલોકનો નાથ આનંદ સાગર સમતારસનો અમૃતનો સાગર એની જેને સમ્યક્ પ્રતીતિ અને સ્થિરતા થઈ એ તો સમતાના સાગરને ઉછાળવામાં એ ચંદ્ર સમાન છે. કહો, ભગવાનજીભાઈ! આવી વાતું છે, ભાઈ! આહા..હા..!

એવા '**પૂર્ણ ચંદ્ર સમાન...**' જોયું? '**પૂર્ણ ચંદ્ર સમાન...**' પૂનમનો હોં. દરિયામાં પૂનમ આવે ત્યારે ઓલું થાયને. '**તે આત્માને હું વંદું છું.**' આહા..હા..! મુનિરાજને પ્રસન્નતા વર્તે છે અંદર. આનંદની અવસ્થાની છોળું પડે છે પર્યાયમાં. અરે! હું એવા સંતને વંદું છું, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પૂર્ણ ચંદ્ર સમાન તો કેવળજ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પોતાની દશાને વર્ણવે છે. એ પૂર્ણ ચંદ્ર સમાન જ છે આવો દર્શન અને ચારિત્રવાળો. આહા..હા..!

જેણે પ્રતીતિમાં પૂર્ણ કૃત્યકૃત્યસ્વરૂપને પ્રગટ કર્યું. પ્રતીતિ કરી છે. આહા..હા..! ભગવાન તો કૃત્યકૃત્ય સ્વરૂપ છે પરમાત્મા પોતે. એને કરવું એ કાંઈ એના ધ્રુવ સ્વભાવમાં છે નહિ. આહા..હા..! પરિપૂર્ણ કૃત્યકૃત્ય એકરૂપ જેનું સ્વરૂપ છે. આહા..હા..! એનું જેને સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર થયું. આહા..હા..! એ તો એ પોતે આ સાધક જીવ જ કહે છે પૂર્ણ ચંદ્ર સમાન છે. પૂર્ણતાનો નાથ એને ઉછાળવાને પૂર્ણ ચંદ્રસમાન એ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! '**તે આત્માને...**' આવો જે આત્મા. પરિણતિમાં આનંદ આવ્યો છે, સમતાના રસને જેણે પ્રગટ કર્યો છે, એવો આત્મા છે પોતે હું એમ કહે છે. એવા આત્માને હું વંદું છું, એનો હું આદર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૫૨ થઈ. ૧૫૩.

હવે શુભની ક્રિયાની વાત કરે છે. ઓલામાં કહ્યું હતુંને કર્મને છોડે છે. સંસાર જનિત સુખના કારણ કર્મને છોડે. કર્મ એટલે શુભભાવ. એ શુભભાવની ક્રિયાનું વર્ણન કરે છે.

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं।।१५३।।**

**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

'**ટીકા :- આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ...**' વાણી દ્વારા પડિક્કમણું અને વાણી દ્વારા વંદન એવો જે વાણી. એ વાણી દ્વારા વાત લીધી. રહે છે અંદર શુભભાવ.

વાણી દ્વારા બોલે મિચ્છામી દુક્કડમ આમ ને તેમ એટલે એની પાછળ છે શુભભાવ. એ બધો સ્વાધ્યાય છે, એ વસ્તુનો ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં. આ આનુપૂર્વી ગણે છેને? આણુપૂર્વી. આનુપૂર્વી સમજો છો? આઘું-પાછું. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં,... એ નમો લોએ સવ્વ સાહુણં, નમો ઉવજ્ઝાયણ, નમો આઈરિયાણં, નમો સિદ્ધાણં. પહેલા આનુપૂર્વી પછી પછી પૂર્વાનુપૂર્વી—બીજો, ત્રીજો, ચોથો, પાંચમો. ત્રીજો, ચોથો, બીજો, એક એમ આડાઅવળા. એને આનુપૂર્વી કહે. આનુપૂર્વીની નથી ખબર? આપણે સ્થાનકવાસીમાં બહુ છે આનુપૂર્વી. એ બધો કહે છે કે વિકલ્પ રાગ છે તારો અનુપૂર્વી ગણ કે. આહા..હા..! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં...

એક અમારે હતા મોરબીના. મોરબીવાળાને ઓળખોને ગંગારામ ઝવેરી હતાને? ખબર નહિ ..બહેનને. અમરચંદભાઈ ઝવેરી, ગંગારામ ઝવેરી હતા. ગંગારામના મૂળચંદ ભગત હતા. એ ખબર નહિ. મૂળચંદભગતના દીકરાના દીકરા છે આમાં આપણે બોર્ડિંગમાં. બે છોકરા છે. ગંગારામ ઝવેરી હતા મોરબી. એના મોટા ભાઈ અમરચંદભાઈ હતા. જ્યારે અમારું ૭૬.. વઢવાણ હતોને ૭૬માં. ૭૬ની સાલ પણ કેટલા વર્ષ થયા? ૨૪ ને ૩૨. ૫૬ વર્ષ. ૫૬ વર્ષ પહેલાં. પહેલા નીકળેલા ચાર સાધુ. વિહાર કરવા બોટાદથી ચાર સાધુ. પછી ત્યાં વઢવાણ. માણસ તો બહુ ભરાતુંને. તે દિ' પ્રતિષ્ઠા ઘણી હતીને? અને તે દિ' ઉંમર નાની ૩૬ વર્ષની ઉંમર. ૨૪ ને ૨૧ કેટલા થયા એ? ૩૦ વર્ષની ઉંમર. ૭૦માં ૨૪ એટલે ૩૭મું બેઠું. માણસ એટલું ભરાય. દરિયાપરીને અપાસરે હોં. દરિયાપરીના અપાસરો સમજાય છે? કોણ છે દરિયાપરી નથી આ ગીરધરભાઈને ઇ. દરિયાપરીના અપાસરાના છે. ત્યાં ત્રણ અપાસરા છે. બહુ માણસ. વ્યાખ્યાન સાંભળતા એ અમરચંદભાઈ આવ્યા. પાઘડી લાલ મોટી લાંબી હતી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઇ. એ હીરા-માણેક દેવા દરબારના આવેલા. ૭૬ની વાત છે. અને આમ સભા જોઈ. અને નાની ઉંમર મારી તે દિ' ૩૦ વર્ષની ઉંમર. આહા..હા..! અને સભા હકડેઠાઠ. શાંત થઈને સાંભળે બધું હોં. તત્ત્વની વાત .. વંચાતું હતું. સુયગડાંગ. એણે ..લખ્યું બીજાને કે મહારાજ એ કાંઈક છે કોઈ બોટાદ સંઘાડાના. ઓહો..હો..! માટે તમે લીંબડી આખો સંઘ જવા માગો છો એ કરતા પહેલા અહીં ઉતરો. તો પહેલા ઉતર્યા હતા. ત્યાં હતા એના ભાઈ શું કહેવાય? અનુપચંદ. એના જમાઈના ભાઈ. એ કેવા ભાઈ? ડોસાભાઈને? ..દાસ ડોસાભાઈ હતાને. એના જમાઈના ભાઈ ત્યાં કામદાર હતા વઢવાણમાં. એમાં આ અમારું વ્યાખ્યાન સાંભળીને એ અમરચંદભાઈએ લખ્યું એને કે અહીં ઉતરો પહેલા. સાંભળવા જેવું અહીં છે. લાલચંદજીએ વિરોધ કર્યો કે નહિ પહેલા અમારી પાસે આવો પછી. આ લોકો કહે અમારે અહીં પહેલું સાંભળવું છે. સાત દિ' સાંભળ્યું. ઇ ગંગારામ

અમરચંદભાઈથી નાના ગંગારામ હતા. ગંગારામનો દીકરો મૂળચંદ ભગત હતો. એ ભગત આમ માળા મૂકે ૧૦૮ મણકા. આમ ન ફેરવે. એ મણકા ઉપર ધ્યાન રાખીને નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં. બીજે મણકેથી આણ. ૧૦૮ પૂરા કરે. આ એના છોકરા છે આપણે અહીં. એય..! છે કે નહિ છોકરાઓ? ઉભા થાવ ઉભા. આ એ લ્યો. મોટો કે નાનો? નાનો છે. એ મૂળચંદ ભગતના દીકરાનો દીકરો છે. મોરબી-મોરબી. અમારે તો ઘણા વર્ષની ચાલીને. એ આમ માળા ગણતા અને ભગત કહેવાતા. એના બાપનો બાપ. એના બાપ ગંગારામ. એ તો ભાઈ પુણ્ય-પાપ પ્રમાણે છે. પાછો ફેરફાર થયો તો .. ઝવેરીનો ધંધો બંધ થઈ ગયો. પૈસા.. નોકરી કરે છે સામાન્ય. એ તો ચડતી-પડતી છાયા છે. પુણ્ય-પાપની છાયા હોયને એ પ્રમાણે દેખાય. એમાં કોઈ નવાઈ નથી. આહા..હા..!

**શ્રોતા :-** શાંતિ રહે છે થોડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં શાંતિ (ક્યાં હતી)? એ શુભભાવ છે. એ ઈ કહે છે શુભભાવ છે. ભગત કહેવાતા હોં. એનો બાપ કહે, ભગત! જો પૈસા લેવા આવે તો ના પાડજે. કે ના બાપુ! મારે અહીં પાંચ-સાત પડ્યા હશે તો હું ના નહિ પાડું. મારું કામ નહિ. શું કહેવાય તમારું ઓલું? પટારો ન કહેવાય શું કહેવાય એ? ગલ્લો-ગલ્લો. ગલ્લામાં બે હજાર હશે અને માગવા આવે. આપણે દેવું હોય.. નથી એમ નહિ કહેવાય. ઓલો તો પણ ના પાડશેને હમણા. ના, એ કામ મારું નહિ. એવો ભગત હતો. શુભભાવ બિચારાને. એમાં બીજું શું ત્યાં? આહા..હા..! એ આવ્યા હતા બિચારા ૭૬માં ત્યાં બધો આખો સંઘને લઈને વઢવાણ. તે આમ ગણતા. પણ એ તો શુભભાવ છે, એ ધર્મ નથી. આહા..હા..! વજુભાઈ! ૭૬ની સાલમાં સુંદરવોરાના અપાસરે ઉતરેલા અમે. અને પછી વ્યાખ્યાનો પછી દરિયાપરીના અપાસરે આપેલા. ઈ જ્યારે આવ્યા ત્યારે સંઘ મોટો સંઘ. ત્રણે અપાસરાને જમાડ્યા હતા મૈસુબ. ૭૬ની વાત છે. ત્રણે અપાસરાના માણસ. એટલો મૈસુબ વધ્યો કે પાંજરાપોળની ગાયુંને ખવરાવ્યો. તે દિ' તો બધું સોંઘુ હતુંને. ૭૬ની. ૫૪ વર્ષ પહેલાની વાત છે. મારે તો બીજું કહેવું કે એ બધા માનતા હોય કે આમ ણમોકાર મંત્ર ગણીએને તો ધર્મ થાય. પણ એ તો શુભભાવ છે એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

આ કહે છે જુઓ છે? **'સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ...'** નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં એની પાછળ શુભરાગ છે, એ ધર્મ નથી એમ ખંડન કરે છે અહીંયાં. આહા..હા..! સ્વાધ્યાય કહેવાય શુભભાવનો. **'પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું...'** આચાર્ય, મુનિ, સંત સાચા હોં દિગંબર મુનિ. એનાથી. પ્રતિક્રમણ આદિનું કારણ. **'નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું, સમસ્ત પાપક્ષયના હેતુભૂત,...'** શુભભાવથી એમાં અશુભભાવ નાશ થાય. એ પાપ મિથ્યાત્વની અહીં વાત નથી. એ પ્રતિક્રમણાદિના શબ્દો છે. એમાં શુભભાવ છે. તો અશુભભાવનો નાશ થાય એટલું.

તે કોને? સમકિતી હોય એને. એની વાત છે. અજ્ઞાનીને તો મિથ્યાત્વ બંધાય. કારણ કે રાગમાં ધર્મ માને અને રાગ મને હિત કરશે.

**'સમસ્ત પાપક્ષયના...'** ભાષા એમ છે જોયું! **'સમસ્ત પાપક્ષયના...'** એ અસ્થિરતાનો અશુભરાગ. **'હેતુભૂત, સઘળું દ્રવ્યશ્રુત...'** એ વાણી વીતરાગે કહેલી અથવા મુનિઓએ કરેલી. પડિક્કમણાની, સામાયિકની ભાષા. એ **'દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.'** આહા..હા..! વાણી જે કહેવાય એ આત્માને ગ્રાહ્ય નથી. આહા..હા..! નમો અરિહંતાણં બધા પડિક્કમણા કરેને સંવત્સરીને દિ'? આખો અપાસરો ભરાઈ જાય. આહા..હા..! કેટલાક તો ... ન પડે. ..હતા અમે ચોમાસું હતુંને ૮૭માં પોરબંદર. કોક હતા ક્યાના. બોટાદ. એક તો ઓલા હતા ભાઈ નહિ તમારા લાભુભાઈના બાપ. અમૃતલાલ. અમૃતલાલ-અમૃતલાલ. એ પડિક્કમણામાં બેસે ખરા, પણ પડિક્કમણું છેલ્લું શરૂ થાય ત્યાં વયા જાય. હજી પૂરું ન થાય ત્યાં. આવવું જોઈએ એટલું. ૮૭ની વાત છે. એના ભાઈ હતાને શું નામ? લાભુભાઈના બાપ વનેચંદ મોદી. વનેચંદ મોદી. એ ત્યાં કેળવણી અધિકારી હતા. એ કહે મહારાજ તમારું અહીં કાંઈક બોલતા હતા. પણ આવો તો સાંભળવા તો આવો તમને તમારું બતાવીએ. કે તમારું બધું આવું છે અને ફલાણું છે એમ કહેતા હતા. એવી ભાષા ભૂલી ગયા. હંબક? હંબક કહેતા હતા. બધું હંબક છે. સાંભળવા તો આવો થોડીવાર. તમે ૫૦૦-૫૦૦ના પગાર અને ૧૦૦૦ના પગાર. પૂંછડા વળગ્યા માટે અમે હુશિયાર છીએ. વનેચંદભાઈ. આ મંગળાબહેનના બાપ. પછી મહિનો સાંભળ્યું ત્યાં ઓય માળા! આ પાંચ-પાંચ હજારના પગાર મીંડા. હવે ધૂળ તારી રૂપિયાનું શું અહીં છે? અહીં તો સ્વાધ્યાયનું પડિક્કમણું આદિ શબ્દ બોલે એ પણ પુદ્ગલની ક્રિયા છે માટે આત્માને આદરણીય નથી. આહા..હા..!

**'ગ્રાહ્ય નથી.'** છે? **'વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.'** આહા..હા..! ઈ વચનવર્ગણા કહીને પછી ઓલો શુભભાવ ગ્રાહ્ય નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? ઓલામાં આવે છેને ભાઈ આપણે બંધ અધિકારમાં. છ કાયની જીવ તે ચારિત્ર છે. બંધ અધિકારમાં. એને કીધો શુભરાગ. નવ તત્ત્વ તે શ્રદ્ધા છે. અગિયાર અંગ શબ્દવર્ગણાનું જ્ઞાન તે જ્ઞાન છે. ત્યાં શબ્દ લીધો શબ્દવર્ગણા. પણ એ શબ્દવર્ગણામાં જે પોતાનું જાણપણું છેને એ વ્યવહાર શુભ છે. એ શુભભાવ છે. આહા..હા..! અહીંયાં તો કહે છે કે એ સામાયિક ને ચોવિસંથે અને વંદના એ પાઠ બોલતો હોય એ પુદ્ગલ ગ્રાહ્ય નથી, એ પુદ્ગલની વાણી છે અને તેથી પાછળ જે શુભભાવ છે એ પણ આદરણીય છે નહિ. આહા..હા..!

**'પ્રત્યાખ્યાન,...'** પચ્ચખાણ કરે. એ વચનવર્ગણા છે, એ પુદ્ગલની પર્યાય છે. અને પાછળ પચ્ચખાણ કરવાનો વિકલ્પ છે એ શુભભાવ છે, એ પચ્ચખાણ સાચા નથી. આ બધા પચ્ચખાણ કરે છેને? સ્થાનકવાસીમાં રિવાજ. વ્યાખ્યાન પૂરું થાય એટલે ધારણા પ્રમાણે

કરો. ધવલભાઈ! ઉભા થઈને. ધારણા પ્રમાણે પાળવું. એય..! શાંતિભાઈ! સાંભળ્યું છે કે નહિ?

**શ્રોતા :-** સાંભળ્યું પણ છે અને કર્યું પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ ઠેકાણા ન મળે. તત્ત્વ શું છે, રાગ શું અને આ ક્રિયા જડની કાંઈ ખબર ન મળે. આહા..હા..!

એમ '**પ્રત્યાખ્યાન, નિયમ...**' અભિગ્રહ લીધો, કોઈ નિયમ લીધો કે આ રસ ન ખાવું, આ ફલાણું ન કરવું, આમ કરવું એ બધી પુદ્‌ગલની ક્રિયા. '**આલોચના પણ (પુદ્‌ગલદ્રવ્યાત્મક હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી,...**' આહા..હા..! વાત તો ઓલો શુભભાવ કહેવો છે. એને પુદ્‌ગલદ્રવ્યાત્મક ભાષા નાખી દીધી. નવ તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર છે. તો નવ તત્ત્વ જ છે એ શ્રદ્ધા છે એમ કીધું ત્યાં અને છ કાયની દયાનો ભાવ એ શુભ છે, પણ છ કાયના જીવ તે વ્યવહાર છે, વ્યવહારચારિત્ર છે. આહા..હા..! ભારે!

'**તે બધું પૌદ્‌ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે...**' એ શુભવિકલ્પ છે એ કહે છે. સમજાય છે કાંઈ? એ કાંઈ સંવર ને નિર્જરા ને ધર્મ એ નહિ. આહા..હા..! '**એમ હે શિષ્ય! તું જાણ.**' ભાષા એવી છેને જુઓને. '**सव्वं जाण सज्झायं**' પાઠમાં છે. હે શિષ્ય! એ બધું પડિક્કમણું બોલવું, સાયિકના પાઠ બધાય એ પુદ્‌ગલની ક્રિયા અને પાછળ ભાવ છે રાગ એ ખરેખર એ પુદ્‌ગલનો સ્વભાવ. એને હે શિષ્ય તું પુદ્‌ગલ છે એમ સ્વાધ્યાય જાણ. એમાં કાંઈ ધર્મ છે અને એ સંવર-નિર્જરાની ક્રિયા છે એમ નથી, એમ જાણ. એનો ટીકાકાર શ્લોક કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર વદ-૪, સોમવાર, તા. ૨૨-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૫૩-૧૫૪, કળશ-૨૬૩, પ્રવચન નં. ૧૩૨**

૧૫૩ ગાથાની (ટીકા) ચાલે છે. આવશ્યક ક્રિયાનો અધિકાર. ધર્મની આવશ્યક ક્રિયા એને કહીએ કે જે આ આત્મા જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપમાં અંતરમાં એકાગ્ર થવું. જ્ઞાન અને આનંદમાં એકાગ્ર થવું. સમજાણું કાંઈ? આ શરીર છે, આ વાણી છે, પૈસા છે એ બધું તો જડ છે, એ કાંઈ આત્મા નથી. તેમ અંદર કર્મ જે આઠ કર્મ ધૂળ એ પણ અજીવ જડ છે એ કાંઈ આત્મા નથી. હવે આત્મામાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ થાય એ પણ રાગ છે, એ કાંઈ આત્મા નથી અને આત્માનો ધર્મ નથી. આહા..હા..! એમ આ રળવા કરવાનો જે ભાવ રળવું, વિષય,

ભોગ, વાસના, કમાવું એ ભાવ પાપ છે, એ પાપ પણ કાંઈ આત્મા નથી આત્મા તો એનાથી જુદી ચીજ છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે એનાથી ચૈતન્યસ્વરૂપ ભગવાન સર્વજ્ઞે જોયું એ ચૈતન્ય ભિન્ન છે અંદર. એવા ચૈતન્યના આનંદ અને જ્ઞાનસ્વભાવ એનો ત્રિકાળ છે. એને આ પુણ્યની ક્રિયાઓ જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ એવા વિકલ્પના રાગને પણ છોડી દઈ આહા..હા..! અંતર આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે એમાં એકાગ્ર થવું, વીતરાગી પર્યાયને કાર્યરૂપે કરીને કારણ ત્રિકાળી ભગવાન અને વીતરાગી પર્યાય કાર્ય. એ આત્માનું આવશ્યક કાર્ય છે. આહા..હા..! ધર્મીનો એ ધર્મ છે. આહા..હા..! ભારે આકરું, ભાઈ! હજી તો બહારમાં બિચારો પાપ આડે નવરો થાતો નથી. સંસારના પાપ આખો દિ' આ કરવું ને આ કરવું ને આ કરવું. રળવું ને બાયડીને રાખવી, છોકરાના પરણાવવા, છોડીયુંને ઠેકાણે નાખવી, એવા પાપના પ્રપંચમાંથી પણ નવરો થાય નહિ.

અહીં તો કહે છે કે અંદરમાં હવે એને છોડીને કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરે એ પણ રાગ છે, એ કાંઈ ધર્મ નથી. ભગવાનજીભાઈ! ભારે વાત આ તો. આહા..હા..! એનું કામ તો કહે છે સામાયિક બોલવી નમો અરિહંતાણં ... પ્રતિક્રમણ બોલવું વચન દ્વારા, પ્રત્યાખ્યાન કરવું વચન દ્વારા, નિયમ લેવા, આલોચના કરવી પાપની કાંઈ, એ બધો ભાવ તો વચનવર્ગણા પુદ્ગલની છે, જડ છે અને અંદરમાં કાંઈક ભાવ થાય એ રાગ છે. આહા..હા..!

**શ્રોતા :-** આ રાગ પણ જડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગ પણ નિશ્ચયથી તો ચૈતન્યના સ્વભાવથી ભિન્ન જડ છે. આહા..! આવી વાત ક્યાં બિચારાને! ક્યાં પડ્યા હોય બિચારા ઉંધે માથે રખડતા. ભગવાનજીભાઈ! આ બધા કરોડોપતિ અને ભિખારા છે અબજોપતિ. માગે છે, માગણની પેઠે આપ પૈસા, આપ પૈસા. મોટા ભિખારા છે. જેને અંતર આનંદની લક્ષ્મી અને અંતર સચ્ચિદાનંદ પ્રભુ છે એ વસ્તુની જેને ખબર નથી અને એ લક્ષ્મીમાં એકાગ્ર થવાથી જે શાંતિ પ્રગટ થાય એવી આત્માની શાંતિ અને લક્ષ્મી એને કહેવામાં આવે છે. સુમનભાઈ! ભારે પણ આ જગતથી ઉંધું ભારે. વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ અરિહંત ત્રિલોકનાથ જેને એક સમયમાં કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એ પરમાત્માની વાણીમાં આમ આવ્યું આહા..હા..! કે અહીં સામાયિક કરે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. ભાષા કરે કર્મે ભંતે સામાયિક... એ બધા શબ્દો જડ છે અને પાઠશાળાનો ભાવ છે એ શુભરાગ પુણ્યનો રાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! કહો, અજીતભાઈ! ત્યાં તમારે નાઈરોબીમાં પૈસા મળે લાખ, બે લાખ, ધૂળ લાખ. ત્યાં ઓહો..હો..! જાણે અમે શું કમાયા અને શું જાણે આગળ વધી ગયા!

**શ્રોતા :-** આવી ખબર જ નથી હોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી. દસ હજાર, વીસ હજારની પેદાશ હોય મહિને, પાંચ લાખની પેદાશ  બાર મહિને, કરોડ હોય જાણે શું કર્યા! અમે જાણે બાદશાહ થઈ ગયા. મોટા ભિખારા છે રાંકા છે રાંકા. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પૈસા વિના ચાલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા વિના જ ચાલે છે. પૈસા ક્યાં ગરી ગયા છે આત્મામાં? એય..! મકાન બનાવ્યા છેને પાછા વળી. ચેમ્બુર? ચેમ્બુર કહેવાય ઈ? ત્યાં એક દિ' રહ્યા હતા.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હજી શું થાય. વળી એક મલાડવાળાનો કાગળ આવ્યો. .. આઠ દિ'. ઘાટકોપરમાં ચાર દિ'. ૨૧ દિ' દાદર... ક્યાં હતા દિ'?

અરે! અહીં તો કહે છે પ્રભુ એકવાર સાંભળને ભાઈ! આ મનુષ્યદેહ ચાલ્યો જશે. આ તો હાડકા, ચામડા, માંસ છે. એ તો જડ-જડ પુદ્ગલ છે. એ તો ચાલ્યો જશે, છૂટી જશે અને તું આત્માથી નાશ થાય એવો નથી. આહા..હા..! તો આત્મા જે અંદર ચિદાનંદસ્વરૂપ છે, જ્ઞાનાનંદથી ભરેલો અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે. આહા..હા..! એનો આનંદ એમાં છે. એનો આનંદ ધૂળમાં ને બાયડીમાં ને છોકરા, આબરૂમાં, હજીરા. હજીરા સમજ્યાને? મકાન. બે, પાંચ, દસ લાખના મકાન કરેને હજીરા મોટા. ત્યાં ધૂળેય નથી સુખ સાંભળને હવે. સમજાણું કાંઈ? એ સુખ છે આત્મામાં અંદર. આત્મા આનંદથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! એવા આનંદસ્વભાવમાં 'પૂર્ણાનંદનો નાથ હું છું' એમ સ્વીકાર કરીને આનંદમાં સ્થિરતા કરવી અંદરમાં એનું નામ અહીંયાં આવશ્યક કાર્ય અને એનું નામ ધર્મ કહે છે. આહા..હા..! ભારે ભાઈ આ તો! સમજાણું કાંઈ? આ જાત્રા કરી આવ્યા પાલિતાણાની ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી ત્યાં. જાત્રા કરી એ તો રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે.

**શ્રોતા :-** પાપ ધોવાઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ધોવાતું નથી ત્યાં. આહા..હા..!

**શ્રોતા :-** એની ખબર હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી ને ખબર નથી. કાંઈ ખબરુ વિનાના આંધળે આંધળા અનાદિથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે જે કાંઈ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કમાવું, વ્યાજ ઉપજાવું એ ભાવ તો બધા પાપ છે. એ તો છોડવા જેવો છે ધર્મ કરવો હોય એને; પણ અંદર દયા, દાન અને વ્રતના શુભભાવ થાય એ પણ રાગ છે, એ પણ દૃષ્ટિમાંથી છોડવા જેવો છે. આહા..હા..! વજુભાઈ! ક્યાં માણસને જાવું હવે? આહા..હા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! જિનેશ્વરદેવ જેને ધર્મ કહે છે એ ધર્મ કોઈ

અપૂર્વ ચીજ છે. ખરેખર તો એ કેટલાકે એ સાંભળી પણ નથી કે ધર્મ કેમ થાય અને કેમ હોય! આહા..હા..!

અહીં એ કહે છે કે '**તે બધું પૌદ્ગલિક વચનમય હોવાથી...**' આહા..હા..! આ સ્વાધ્યાય, ચાલવું, આ જાત્રામાં બોલવું, સ્તુતિ કરવી એ બધું પુદ્ગલ જડની ક્રિયા છે. આહા..હા..! આ લોગસ્સ ઉવજોગરે.. આવે છેને, વજુભાઈ! લોગસ્સ નથી આવતું પાઠ? એ તો ભાષા જડ છે. લોગસ્સ ઉવજોગરે... એ તો વાણી છે, જડ છે અને એની પાછળ છે એ પણ એક શુભરાગ છે. એ પણ ચેતન નથી, એ ચૈતન્યની જાત નથી, એ વિકારી જાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા પુદ્ગલ વચનની રચના એને છોડ કહે છે, જો તારે ધર્મ કરવો હોય તો, જન્મમરણથી છૂટવું હોય તો. એ જન્મ-મરણના આંતરા ચોર્યાસીના ખાઈ-ખાઈને મરી ગયો છો તું. ઢોરના અવતાર, કીડી-કાગડાના અવતાર, નારકીના અવતાર. સવારે એ ઘણા કહ્યા હતા. નરક-નરક નીચે છે ત્યાં અનંતવાર મરી-મરીને ગયો છે નરકમાં. આહા..હા..! સ્વર્ગમાં અનંતવાર ગયો છે. ધૂળના ઢેફાં બધા પડ્યા છે ત્યાં સ્વર્ગમાં. એ અનંતવાર ગયો ત્યાં દુઃખી થઈને. રાગથી દુઃખી છે ઈ. આહા..હા..!

અહીં કહે છે કે એ વચન જે કાંઈ સામાયિક ને પડિક્કમણું, પ્રત્યાખ્યાન, વંદના, ભગવાનને વંદન કરવું, સ્તુતિ કરવી એ બધી પુદ્ગલના વિકારની વાણી છે. આહા..હા..! ભગવાન પાસે ઉભા રહે કાયોત્સર્ગ કરીને. એ તો શરીરને રાખી દે એ તો જડ છે. એમાં વિકલ્પ આવ્યો જરી તો એ પુણ્ય અને રાગ છે, એ કાંઈ ધર્મ નથી. એથી અહીં કહે છે કે હે શિષ્ય! વચનવર્ગણાની ભાષાને છોડી દે, એનું લક્ષ છોડી દે અને એને જે લક્ષમાં રાગ આવ્યો એને પણ દૃષ્ટિમાંથી છોડી દે. આહા..હા..! આવી વાત કોણ.. આ તે વીતરાગનો માર્ગ હશે? જિનનો માર્ગ! એનો શ્લોક કહે છે.

(मंदाक्रांता)

मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां
निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढ्यः।
नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे
स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श।।२६३।।

'**શ્લોકાર્થ :- આમ હોવાથી,...**' એટલે કે એ બધા દયાના, દાનના, ભક્તિના, વ્રતના, પૂજાના ભાવ રાગ હોવાથી. આહા..હા..! રાગ તો ભાઈ આ બાયડી ઉપર રાગ કરવો, પૈસા રળવાનો રાગ કરવો, છેતરવાનો રાગ કરવો. એ રાગ પણ આ વળી કેવો? અરે! ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ રાગ છે, પુણ્યનો રાગ છે, વિકારી રાગ છે. સમજાણું કાંઈ? એ રાગને છોડીને '**આમ હોવાથી,...**' જેને આત્મા અતીન્દ્રિય આનંદની મુક્તિની જેને સ્પૃહા છે. આહા..હા..! મોક્ષ. 'सिद्धासिद्धि मम् दिसंतु' આવે છેને? લોગસ્સમાં આવે છે. ગડીયો

હાંકે રાખે. એ સિદ્ધ ભગવાન જે નમો સિદ્ધાણં. એ સિદ્ધ ભગવાનની મુક્તિ એની દશા છે. પરમાત્મા નમો સિદ્ધાણં છે એ. એમ જેને મુક્તિની સ્પૃહા છે, સંસારની સ્પૃહા જેને નથી, આહા..હા..! પૂર્ણાનંદના નાથની દશા આત્માની મુક્તિ એની જેને સ્પૃહા છે.

એ **'મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગન-સૌખ્યની સ્પૃહાવાળો...'** એ પરમ આનંદની પુષ્ટિના અનુભવની સ્પૃહાવાળો. આહા..હા..! જેને પરમ આનંદ જોઈએ છે. આહા..હા..! તે **'ભવ્યજીવ સમસ્ત વચનરચાને સર્વદા છોડીને,...'** આહા..હા..! એ વચન જે રચના ભાષા એ તો જડ છે. આહા..હા..! એને પહેલું છોડી દે. આહા..હા..! **'સર્વદા છોડીને,...'** અર્થાત્ અંદરમાં જે વચનની વર્ગણા તરફનો વિકલ્પ જે રાગ છે એ રાગ છે. એને છોડી દે. આહા..હા..! **'નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં...'** કેવો છે આ ભગવાન આત્મા? સર્વજ્ઞ જિનેશ્વર ત્રિલોકનાથ અરિહંત પરમેશ્વરે આ આત્મા કેવો જોયો છે અને કેવો છે દરેકનો? **'નિત્યાનંદ આદિ અતુલ મહિમા...'** આહા..હા..! જેમાં નિત્ય આનંદ પડ્યો છે. આ કે દિ' સાંભળે? સમજાણું કાંઈ? હરણની નાભીમાં કસ્તુરી. હરણિયાને કસ્તુરીની કિંમત નથી. આ હરણ-હરણ-મૃગ. એની નાભીમાં કસ્તુરી, પણ એ હરણિયાને કસ્તુરીને કિંમત નથી. એમ અજ્ઞાનીના અંતર હૃદયમાં આનંદની કસ્તુરી પડી છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કેવો ઉપદેશ? એ કરતા આ કરો, જાત્રા કરો, ભક્તિ કરો, મંદિર બનાવો, બે-પાંચ લાખ ખર્ચીને સારું મંદિર .. કરો ધર્મ થાય. ધૂળેય ધર્મ નથી તારા કરોડ ખર્ચે તોપણ નથી લે. ત્યાં ક્યાં ધર્મ હતો? એ તો શુભરાગ છે. મંદરાગ કરતો હોય તો એ પુણ્ય છે, સંસારનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપાસરો બનાવે લાખ, બે લાખનો. શું કહેવાય? ખરડો કરવા બેસે. તો મોટો માણસ એ કેટલો ખરડો કરે છે? પછી આપણે પાછળ લખશું. ઓલો કહે ૨૫ હજાર પહેલા. તો ૨૫ હજારથી તો વધારે લખાય નહિ. મોટો માણસ એટલે. તો આપણે પાંચ હજાર, દસ હજાર લખને. એ જાણે શું કર્યું જાણે.

**શ્રોતા :-** સૌથી ઝાઝા રૂપિયા દીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓલો મોઢા આગળ. મોટું .. આપે એ વળી થોડા પહેલા આપે. પચ્ચીસ હજાર લખ. .. હોય છે. લાખ આપી દે. પછી કરવું શું? એમાં જાણે શું ધર્મ કર્યો જાણે. એમાં વળી તક્તી લખાવે. મંદિરમાં મારું નામ રાખજો લાખ રૂપિયા આપ્યા છે. તક્તી-તક્તી. તસ્દી લઈને તક્તી નખાવે. તારા રખડવાના લક્ષણ તો જો આ. અરેરે! તું શું કરે છે? બાપુ! તને કાંઈ ખબર નથી. એવા શુભભાવને છોડીને નિત્યાનંદ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદનો નાથ પરમેશ્વરને અનંત આનંદ આવ્યો એ ક્યાંથી આવ્યો? કેવળી ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય કેવળી પરમાત્માને. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે સીમંધર ભગવાન બિરાજે છે. એને અનંત જ્ઞાન, અનંત

દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટ્યા છે. સમવસરણમાં બિરાજે છે સીમંધર ભગવાન. એ આવ્યું ક્યાંથી અનંત આનંદ? એ અંતર સ્વભાવમાં પડ્યું છે અંદર. કૂવામાંથી અવેડામાં આવે, એમ અંદરમાં છે એ બહાર આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવો છે આત્મા? '**નિત્યાનંદ આદિ...**' શબ્દ છેને? છે અંદર? અંદર તું કોણ છો એમ કહે છે. નિત્યાનંદ. નિત્ય આનંદ અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ તારું છે, ભગવાન! તને ખબર નથી. આહા..હા..! તે કોઈ દિ' સાંભળ્યું નથી, કોઈ દિ' તે નિધાનને જોયું નથી. મહાનિધાન છે આત્મા અંદર આનંદનો નાથ. આદિ શબ્દ છેને? નિત્યજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન છે અંદર, નિત્યદર્શન ત્રિકાળી દર્શન છે, ત્રિકાળી શ્રદ્ધા છે. આહા..હા..! ત્રિકાળી વીર્ય છે અંદર પુરુષાર્થ. એવા-એવા અનંત '**અતુલ મહિમાના ધારક...**' તું છો, ભાઈ! આહા..હા..! તારા ગુણોની તુલના બીજી કોઈ ચીજ સાથે થઈ શકે નહિ. આહા..હા..! જૈનમાં પડ્યા વાડાવાળાને ખબર ન મળે હજી કોણ આત્મા. એ તો આ કરો... આ કરો... આ કરો... શું કરે ધૂળ? સાંભળને હવે. રાગ કરો એ મરવું છે. આહા..હા..! એય..!

અહીંયાં તો નિત્યાનંદ પ્રભુ શાશ્વત આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતિસ્વરૂપ, સ્વચ્છતાસ્વરૂપ, પ્રભુતાસ્વરૂપ એવી અનંતી શક્તિની અતુલ મહિમા જેની છે, જેના ભગવાન આત્માના સ્વભાવની મહિમા અતુલ છે, એની મહિમા સાથે કોઈની તુલના થઈ શકે નહિ. આહા..હા..! અહીં તો જરી પાંચ-પચ્ચીસ લાખ મળે, બાયડી કાંઈક ઠીક કરે અને છોકરા કાંઈક આઠ-દસ સારા પાકે અને લાખ-લાખની પેદાશવાળા. તો હું પહોળો અને શેરી સાંકડી. જાણે ઓહો..હો..! શું વધી ગયા અમે! ધૂળમાંય વધ્યા નથી સાંભળને. આહા..હા..! નીચે દુર્ગતિના ભાવ કર્યા છે બધા. એય..!

**શ્રોતા** :- બીજા કરતા તો વધી ગયાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વધી ગયા રખડવામાં. આહા..હા..! બાપુ! તારું સ્વરૂપ પ્રભુ તને ખબર નથી. તારામાં તો નિત્ય આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ હોં. આ વિષયમાં, બાયડી, છોકરા, પૈસામાં આનંદ માને એ તો રાગનું ઝેર છે. એ ઝેરના પ્યાલા પીવે છે એ. આહા..હા..!

**શ્રોતા** :- વિચાર જ નથી આવ્યોને કોઈ દિવસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોઈ દિ' કર્યું નથી. આ પણ બહારમાં સાધારણ માણસ હોય પાંચ-પચાસ હજાર, દસ હજારની મૂડીવાળો એને કરોડ, બે કરોડ થઈ જાય તો જાણે ઓહો..હો..! શું ફાવ્યા અને શું વધ્યા! ધૂળમાંય ફાવ્યા નથી સાંભળને હવે. અહીં તો ઈ વાત છે, અજીતભાઈ!

**શ્રોતા** :- ઈ વાત સાંભળવા તો આવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આફ્રિકા છોડીને આવ્યા છે. પ્રેમચંદભાઈ વચ્ચે આવતા બિચારા. એના મકાન.. નહિ? મકાન કર્યા હતાને. ઘણાય આવે છે અહીં તો. આહા..હા..! અરે! આ

આત્મા પ્રભુ તને ખબર નથી, ભાઈ! પરમેશ્વર જિનેન્દ્રદેવ, ત્રિલોકનાથ એમ કહે છે કે તું કોણ છો? કે નિત્યાનંદસ્વરૂપ હું છું. આહા..હા..! એમ આવે છેને. શ્રીમદ્‌માં નથી આવતું? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે પરિહરું? એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' ૧૯ વર્ષે કહે છે. ૧૬ વર્ષે કહે છે ૧૬. ૧૬ વર્ષની ઉંમર. આત્માને ક્યાં ઉંમર હતી! ઉંમર તો દેહને છે આ જડને. આત્મા તો અનાદિ-અનંત છે.

એક જણો આવ્યો હતો પાંચ-પચ્ચીસ લાખનો આસામી. જુવાન હતો. દુકાન કરવી હતી જામનગરમાં. પછી પૂછ્યું મેં એને એક ફેરી, એલા આ આયુષ્ય કહેવાય છે એ શરીરનું કે આત્માનું? કહે, એ અમે જાણીએ નહિ. આવા ને આવા. પાંચ-પચ્ચીસ લાખ પૈસા. ત્યાં દુકાન કરવી હતી જામનગરમાં ભાગીદારમાં. કીધું આ આયુષ્ય કહેવાય છે ૧૦૦ વર્ષનું, ૬૦ વર્ષનું, ૮૦નું ઈ શરીરનું કે આત્માનું? કાંઈ ખબર ન મળે આંધળે આંધળા. કહે એ અમને ખબર નથી કહે. એલા પણ તું મોટો પચ્ચીસ લાખનો આસામી આ બધું ભાગીદારમાં મોટી દુકાન કરે છે. આટલી પણ ખબર નથી તને? આ તો શરીરનું આયુષ્ય છે. આ ૨૫ વર્ષ, ૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૭૦ વર્ષ એ તો શરીરની, જડની વાત છે. આત્માને આયુષ્ય છે? એ તો અનાદિ-અનંત છે. અનાદિ-અનંત એવો ભગવાન આત્મા એને આયુષ્ય હોઈ શકે નહિ. એ તો શરીર, માટીનું આયુષ્ય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. રહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો રહ્યો. ઓલો એકલો પાપનો વિષય તમારું રળવું-રળવું ધૂળમાં. પુણ્યેય પણ નથી ત્યાં તો. પુણ્ય તો દયા, દાન, વ્રત, રાગની મંદતા કરે તો એ પુણ્ય છે, એ ધર્મ નથી. આહા..હા..! એ રખડવાના રસ્તા છે પુણ્ય પણ. આહા..હા..!

અહીં તો નિત્યાનંદ પ્રભુ શાશ્વત-શાશ્વત, સ્થાયી આનંદસ્વરૂપ તારું છે. સ્થાયી-સ્થિર રહેવાલાયક એ તારું સ્વરૂપ છે. આહા..હા..! નિત્ય આનંદ આદિ, નિત્ય જ્ઞાન. જ્ઞાયકસ્વભાવથી ભરેલું નિત્યજ્ઞાન, નિત્યદર્શન. સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન અને દર્શન ભર્યું છે અંદર. આહા..હા..! અરે! આવો તે આત્મા. અહીં એક બીડી પીવે ત્યાં રાજી-રાજી થઈ જાય સીગરેટ. અને બે બીડી પીવે આમ આડીઅવળી કરીને ત્યારે ભાઈસાહેબને પાયખાને દીશા ઉતરે. આવા તો અપલક્ષણ એના. હવે એને કહેવું કે તું આવો આત્મા છો. કયા ગજે માપ કરે? આહા..હા..! પ્રભુ તો એમ કહે છે. ભાઈ! તું '**નિત્યાનંદ આદિ અતુલ મહિમાનો...**' ધરનાર છો તારો આત્મા. આહા..હા..! અતુલ. આહા..હા..! વર મૂકીને જાન. આત્મા મૂળ ચીજ શું છે એના ભાન વિનાની જાન એ જાન ન કહેવાય. એ તો માણસને ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય. સમજાણું કાંઈ? એમ આત્મા શું ચીજ છે એના ભાન વિના જોડી દીધી આ ક્રિયાકાંડ ને દયા, દાન, વ્રત, ભક્તિ જાન. આહા..હા..! અરે! એ તો રખડવાના

રસ્તા છે, ભાઈ! તને ખબર નથી. તારો નાથ અંદર બિરાજે છે નિત્યાનંદ પ્રભુ. આહા..હા..!

'**અતુલ મહિમાનો** ધારક...' જેની મહિમા વાણી દ્વારા કહી શકાય નહિ. સર્વજ્ઞ પણ એનું પૂરું રૂપ કહી શક્યા નથી. આહા..હા..! એવો '**નિજસ્વરૂપમાં...**' એવું નિજસ્વરૂપ છે. નિત્યાનંદ આદિ અનંત અતુલ મહિમાનો ધરનાર આ નિજસ્વરૂપ તે અંદર નિત્ય. આહા..હા..! એમાં '**સ્થિત રહીને...**' એમાં જે સ્થિત રહેવું એનું નામ ધર્મ છે. અરે! સમજાણું કાંઈ? એક પદમાં આટલું મૂકી દીધું, લ્યો! ધ્રુવસ્વરૂપ છે ધ્રુવ. નિત્યાનંદ પ્રભુ. આ તો નિત્ય છેને? અવિનાશી છેને? નવો થયો છે? નાશ થાય એવો છે? અનાદિ-અનંત છે. ભલે એ પાપ કરે તોપણ ભવિષ્યમાં રહેવાનો છેને એ પાપમાં? એ કાંઈ નાશ થઈ જવાનો છે? પાપમાં, નરકમાં, ઢોરમાં જાશે, પણ છે તો અનાદિનો અનંતકાળ રહેનારો એ. સમજાણું કાંઈ? એવો જે '**નિત્યાનંદ આદિ અતુલ...**' તુલના વિનાની મહિમાવાળો ભગવાન. અવું જે '**નિજસ્વરૂપમાં સ્થિત રહીને,...**' નિજસ્વરૂપમાં રહે છે, નિજસ્વરૂપમાં ઠરે છે, નિજસ્વરૂપમાં એકાગ્રતા કરે છે.

'**એકલો (નિરાલંબપણે)...**' આહા..હા..! એકલો પરના આલંબન વિનાનો. દેવ, ગુરુ અને શાસ્ત્રનું પણ જ્યાં આલંબન નથી. આહા..હા..! એવો ભગવાન નિત્યાનંદમાં સ્થિર રહીને એકલો '**(નિરાલંબપણે) સર્વ જગતજાળને (સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે.**' આહા..હા..! ધર્માત્મા પોતાના નિત્યાનંદ સ્વભાવમાં રહીને જગતની ચીજોને તૃણ સમાન. આહા..હા..! સારા જગતજાળને. મોટા રાજા, મોટા દિવાન, મોટા કરોડોપતિ ને અબજપતિને એ બધા તરણાસમાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૪૦-૪૦ લાખના મકાન છે. ગોવામાં શાંતિલાલ ખુશાલ નહિ ગુજરી ગયો હમણા. દસ મહિના પહેલા. બે અબજ અને ચાલીસ કરોડ. દશાશ્રીમાળી વાણિયો છે. બે અબજ અને ચાલીસ કરોડ. આહા..હા..!

કહે છે, એવા જીવોને ધર્મી તો તરણાસમાન દેખે છે. મોટો થયો એમ માનતો નથી એને. આહા..હા..! જેને નિત્યાનંદમાં દૃષ્ટિ થઈને ઠરે છે એવો જે ધર્માત્મા '**સર્વ જગતજાળને...**' સર્વ જગતજાળને. આહા..હા..! '**(સમસ્ત લોકસમૂહને)...**' મોટા રાજા, મોટા દિવાન અને મોટી રથયાત્રા કાઢે. રાજા જુઓને જામનગરનો રાજા કાઢતો હતોને ઓલો? .. નિલમ ઓલા હતા શું બીજા તમારા નામ. નિલમના ત્રણ પ્રકાર. લીલા-પીળાને એવા હતા. જ્યારે .. નીકળેને દશરામાં. ત્યારે એક દિ' આ પહેરીને નીકળે, બીજે દિ' એવા પૈસાવાળા હતાને કરોડ. કહે છે કે એવી ચીજને દેખીને ધર્મી તો '**સર્વ જગતજાળને તૃણ સમાન (તુચ્છ) દેખે છે.**' એને કોઈ જગતની ચીજની મહિમા દેખાતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થયો, પ્રથમ દરજ્જાનો ધર્મી, પહેલા દરજ્જાનું સોપાન પગથિયું કે જે 'ત્રિકાળ નિત્યાનંદસ્વરૂપ છું' એવી જે દૃષ્ટિ થઈ અને અંશે થયો સ્વરૂપાચરણ એ જીવ જગતના બધા પદાર્થને તૃણ

સમાન જાણે છે. આહા..હા..!

**શ્રોતા :-** એ દ્વેષ ન થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્વેષ નહિ, જ્ઞાન કરે છે ઈ. 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની.' શ્લોક બોલ્યું હતું હમણા કોક. આવે છેને, ભાઈ! અપૂર્વ અવસરમાં આવે છે. 'રજકણ કે' એક રજકણ આ તો જડ-માટી એક નથી ચીજ આ તો અનંતા રજકણનો દળ છે. કટકા કરતાં... કરતાં... કરતાં... કરતાં... એનો છેલ્લો કટકો રહે એને ભગવાન પરમાણુ કહે છે. પરમ-અણુ. એવા અનંતા રજકણનું આ દળ છે જડ માટી. એમ પૈસો એક નોટ લાખની, કરોડનો એ અનંતા રજકણનો એ પિંડ છે. આહા..હા..! 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, વળી સર્વે માન્યા પુદ્‌ગલ એક' પુદ્‌ગલ છે, જડ છે, માટી છે, ધૂળ છે. આહા..હા..! આ શરીરને માટી નથી કહેતા? કાંઈક ખીલ્લી વાગેને ખીલ્લી. લોઢાની ખીલ્લી.. તો કહે કે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ, એમ બોલે. બોલે ખરો પણ પાછો માને નહિ આ માટી છે. આ વાગેને કાંઈક ખીલ્લી-બીલી. પછી પાણી અડવા દેશો નહિ હોં. મારી માટી પાકણી છે. આ માટી આ પાકણી છે. આ માટી છે. આ કાંઈ આત્મા નથી, આ તો માટી-જડ છે. મારી માટી પાકણી છે, પણ માટી છે ત્યારે સમજને કે ધૂળ છે ઈ તો. તું ક્યાં આવ્યો ત્યાં? પણ બોલે કાંઈક, સમજે કાંઈ, માને કાંઈક, ગાંડા પાગલ છે. એય..! આહા..હા..! ઓહો..હો..! એકલો આત્માના આનંદસ્વરૂપમાં રમતો નિરાલંબપણે કોઈનું જ્યાં આલંબન નથી. ભગવાન આત્માનું જ્યાં આલંબન થઈ ગયું છે. આહા..હા..! એવી દૃષ્ટિ અને સ્થિરતા જે કરે છે એ જીવ '**જગતજાળને તૃણ સમાન** (તુચ્છ) **દેખે છે.**' કોઈની મહિમા અને અધિકાઈ એને દેખાતી નથી. મોટો ચક્રવર્તી છે, આ મોટો રાજા છે. ધૂળેય છે? શું છે પણ હવે સાંભળને. સમજાણું કાંઈ? છે? એ '**તૃણ સમાન** (તુચ્છ) **દેખે છે.**' આહા..હા..! આવા ધર્મી હોય એને ધર્મ કહીએ. આ તો જરી પૈસાવાળો વધારે દેખે તો એય..! મારી પાસે ૨૦ લાખ અને આની પાસે ૩૦ લાખ. દસ લાખની ખાધ પડે છે. ખાદીલા બે પ્રકારના હોય છે. ખાદીલા બે પ્રકારના સાંભળ્યા છે? ૨૦ લાખની મૂડી કહેવાતી હોય અને હોય નહિ અંદર પાંચ લાખની મૂડી હોય. એ ખાદીલા અને એક ૨૦ લાખની મૂડી હોય, પણ ૩૦ લાખ દેખે. ભગવાનજી પાસે કરોડ રૂપિયા છે, મારી પાસે ૩૦ લાખ. એ ૭૦ લાખની ખાધ પાડે. આવા ને આવા. ખાધીલા બે પ્રકારના ભગવાન કહે છે કે મૂડી હોય ૧૦ લાખની અને કહેવાતા હોય ૫૦ લાખના. તો એ ૪૦ લાખના ખાધવાળા. હોય ૫૦ લાખાની મૂડી અને કરોડવાળા દેખીને ૫૦ લાખની ખાધ પાડે કે અરે! મારી પાસે નથી એક તો એ ખાદીલો એક. સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મીને તો આત્માની લક્ષ્મી જેને નજરે પડી છે, વેદનમાં આવી છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને શાંતિનો સાગર ભગવાન આત્મા અંદર છે. એમાં જેની દૃષ્ટિ જામી છે અને

સ્થિરતા જામી છે. આહા..હા..! એને ધર્મી કહીએ. એને આવશ્યક ક્રિયા કરનારો, સત્ ક્રિયા કરનારો કહીએ. બહુ ફેર, વજુભાઈ! ભાષા ભાષાએ ફેર મોટો. આહા..હા..! એ કળશ પૂરો થયો.

'એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—'

'परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा।
थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ।।''

'**ગાથાર્થ :- પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે)**' શાસ્ત્રને ભણેલું હોય એ ફેરવવું એ પણ એક શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ એક વિકલ્પ છે.

**શ્રોતા :-** ફેરવે નહિ તો યાદ ન રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** યાદ ન રહે. અમે બધું કરતા પહેલા. હજાર, પંદરસો, બબ્બે હજાર શ્લોક. રાતે પ્રતિક્રમણ થઈ રહે પછી પંદરસો, બબ્બે હજાર શ્લોક પરિવર્તન કરીએ. છ હજાર શ્લોક કંઠસ્થ હતા. છ હજાર શ્લોક. ૭૩-૭૪ની સાલની વાત છે. ૭૩-૭૪ની સાલ. છ હજાર શ્લોક. ગુરુ પણ બિચારા એણે મોઢે કરેલા. સંપ્રદાયમાં હો પાલેજમાં. ... એવી લગભગ પંદરસો, બે હજાર ગાથા .. બે કલાક. અમે શ્લોક બોલીએ. પણ એ બિચારા એ ભ્રમમાં હતા. એ ગુરુ માને છે તો આપણે માનો એવું. ત્યાં ક્યાં ખબર હતી. આહા..હા..!

એ અહીં કહે છે કે ભણેલું ફેરવવું. આહા..હા..! એ પણ એક શુભરાગ છે. '**વાચના (શાસ્ત્ર વ્યાખ્યાન)**,...' કરવું એ પણ એક શુભરાગ છે. સમજાણું કાંઈ? આ શુભરાગની ચાલે છે હોં. '**શાસ્ત્ર વ્યાખ્યાન), પૃચ્છના (શાસ્ત્રશ્રવણ)**,...' કરવું. પૂછવું. પણ એનું શાસ્ત્ર શબ્દ છે. શાસ્ત્ર સાંભળવા એ પણ એક શુભરાગ છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ ભારે! જિનેશ્વરનો માર્ગ એ સિવાય ક્યાંય માર્ગ છે નહિ. પણ એના માર્ગવાળાને, વાડાવાળાને એની ખબર ન મળે. '**પૃચ્છના...**' પૂછવું કોઈ પ્રશ્ન. એ પણ એક શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. '**અનુપ્રેક્ષા...**' અનિત્ય. ઓહો..! 'શરીર અનિત્ય છે, સ્ત્રી, કુટુંબ પર છે' એવી વિચારણા કરવી. 'અનિત્ય અશરણ છે. કોઈ આત્માને શરણ નથી. બધું અનિત્ય અધ્રુવ છે' એવો વિચાર કરવો એ પણ એક વિકલ્પ અને શુભરાગ છે. એ સજ્ઝાય છે, શુભભાવ છે. આહા..હા..!

'**ધર્મકથા (૬૩ શલાકાપુરુષોના ચરિત્રો)**...' તીર્થંકર આવા થયા, વાસુદેવ-બળદેવ આવા હતા એ બધી કથાઓ કરવી એ પણ એક શુભભાવ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આમ પાંચ પ્રકારનો, સ્તુતિ**...' દેવને, મુનિને વંદન કરવું. ત્રણલોકના નાથની પ્રતિમા કે ભગવાનની સ્તુતિ કરવી એ પણ એક સજ્ઝાય શુભભાવ છે, ધર્મ નથી. છેને અંદર? '**સ્તુતિ**...' કરવી. ભગવાનની સ્તુતિ કરવી ભગવાન સામું જોઈને. એ શુભભાવ છે, પુણ્ય

છે, ધર્મ નહિ. જન્મ-મરણને નાશ કરનારો એ ઉપાય નહિ. આહા..હા..! છે? **'ધર્મકથા સ્તુતિ તથા મંગળસહિત,...'** જુઓ, છેને? ધર્મકથા છેને છેલ્લો શબ્દ? એની સાથે સ્તુતિ અને મંગળ ભેળવવા. સ્તુતિ ભગવાનની કે ગુરુને વંદન એ પણ એક શુભવિકલ્પ રાગ છે. અને મંગળ. મંગળિક સાંભળવું કે મંગળિક કહેવું એ પણ એક શુભવિકલ્પ છે. આ ઘણા નથી કહેતા દેશમાં જાવું હોય રળવા. મહારાજ! મંગળિક સંભળાવજો. .. કાંઈક થાય. ધૂળેય નથી. પણ એ તો કહે છે કે મંગળિક કહેવું અને સાંભળવું એ તો શુભ વિકલ્પ છે. એ **'સ્વાધ્યાય છે.'** પાંચમો પ્રકાર. આ કહ્યું એને સ્વાધ્યાય કહેવાય છે. શાસ્ત્રને ભણતર.. શુભરાગ. એ આત્માનો સ્વભાવ નથી, એ ધર્મ નથી.

**શ્રોતા :-** આવશ્યક અધિકારમાં લખ્યું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર આવશ્યક છે, એ નિશ્ચય નહિ, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ આવશ્યક અધિકારમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવશ્યક એ માટે કીધુંને વ્યવહાર છે. શુભરાગ છે. ..છોડીને અંતરમાં ઠરે એને આવશ્યક કહેવાય છે. એ માટે તો આ ગાથા છે. આહા..હા..! હોય, એય..! શાંતિભાઈ! આ સાંભળ્યું? આ જુઓ તો ખરા ત્યાં અંદર પડ્યું છે કે નહિ પુસ્તક? આ મોટપમાં જ્યાં હોય ત્યાં મંડળમાં ભેગા થાય અને મોટા ભાષણ કરે.. બીજા કહે, ઓહો..હો..! શું ભાષણ કરતા આવડે છે! લ્યો, થઈ રહ્યું. આ તો વ્યાખ્યા હોં. તમારા એકની વાત નથી. બધા ઘણાને માટે એમ છેને. પાંચ-દસ હજાર માણસ ભેગું થાય અને એમાં બોલતા કાંઈક આવડે. આહા..હા..! ભારે ભાષણ કર્યું! શું છે પણ હવે? ભાષણ તો જડ ભાષા છે. એની પાસે કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો એ પુણ્ય છે. કર્યો હોય તો. આબરૂ માટે બોલતો હોય તો તો પાપ છે. દુનિયા મને વખાણે, દુનિયા પ્રશંસા કરે. તાળીયું પાડે તાળીયું મોટી સભા હોયને. તાળીયુંના ગડગડાટ.

**શ્રોતા :-** દુનિયા ડોલી ઉઠે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા ડોલી ઉઠે. દુનિયા ડોલી ઉઠેને!

અહીં તો ભગવાન નિત્યાનંદનો નાથ એમાં ઠર તો એ ડોલી ઉઠે આત્મા છે. બાકી બહારની વાતુંમાં કાંઈ માલ નથી. આહા..હા..! એ સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર છે, લ્યો! ૧૫૩ થઈને? હવે ૧૫૪. હવે શું ૫૪માં કહે છે? ભગવાન! એકવાર સાંભળ, પ્રભુ! કે નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પચ્ચખાણ, નિશ્ચય સ્વાધ્યાય, નિશ્ચય .. એ તો અંતર અરૂપી વીતરાગી પર્યાયને જોવામાં આવે છે. પણ એટલું તને ન થઈ શકતું હોય, કાળ હલકો છે, તારો પુરુષાર્થ મંદ હોય, પણ શ્રદ્ધા તો કરજે કે રાગની પર્યાયરહિત વીતરાગી પર્યાય તે ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે. જુઓ,

जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।
सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।।१५४।।

વીતરાગની વાણી આ પોકાર કરે છે. આહા..હા..! નીચે હરિગીત છે.

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

અન્વયાર્થ પહેલો લ્યો થોડો. '**જો કરી શકાય તો...**' અન્વયાર્થ છેને? '**જો કરી શકાય તો અહો! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કર;...**' આનંદસ્વરૂપમાં લીનતા થઈને એ પ્રતિક્રમણ કર. પ્રતિક્રમણ, સામાયિક, પ્રૌષધ, પચ્ચખાણ, કાયોત્સર્ગ, વંદન એ બધું આત્માના આનંદસ્વરૂપમાં ધ્યાનમાં ઠરવું એ વસ્તુ છે. આહા..હા..! '**જો તું શક્તિવિહીન હોય...**' એટલી બધી શક્તિ ન હોય અંદર ધ્યાનમાં સ્થિર થવું ધ્યાનમાં '**ત્યાં સુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' શ્રદ્ધા તો પાક્કી રાખજે કે એ રાગની ક્રિયા એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'**ટીકા :- અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.**' આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એમાં લીનતા કરવી એ પ્રતિક્રમણાદિની ક્રિયા છે. કહો, ..ભાઈ! પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદસ્વરૂપ વસ્તુ એ ધ્યાનમાં લીન છે સ્વરૂપમાં એ પ્રતિક્રમણની ક્રિયા છે, એ પચ્ચખાણની એ ક્રિયા છે. બહારથી પચ્ચખાણ ગણે.. બંધ કરાવો એ તો બધો વિકલ્પ અને જડ છે સાંભળ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, આ તો આકરું આવ્યું. સરસ છે? લ્યો, આ તમારો છોકરો કહે છે કે સરસ છે.

**શ્રોતા :-** એણે દુનિયા જોઈ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોઈ નથી અને હવે જોવી પણ નથી એને. અત્યારે .. વિચાર એના. આગળ તો શું થાય. ઘણા લાખોપતિ છે. મુંબઈમાં વેપાર છે કલકત્તા. એનો દીકરો છે. એના દીકરાનો દીકરો છે. અત્યારે તો રસ છે. .. અત્યારે તો પરણવું પણ નથી અને ધંધો પણ કરવો નથી, બેય કરવાની ના પાડે છે. નાની ઉંમરથી સંસ્કારી જીવ છે ક્યાંકથી આવ્યો છે.. શેઠિયાનો દીકરો છે. ઘણા લાખોપતિ હુંડી મોટી ..માં ધંધો છે. આ બાપ નવરો થયો અને એનો બાપ કરે છે. આહા..હા..! કલકત્તા. પણ આ કરવા જેવું બાપુ! આ મરીને જાશે ક્યાંક ચાલ્યો. એને ઘણા તો શાસ્ત્રમાં તો એવો પાઠ છે કે આ બહુ પૈસાવાળા છેને એને વૈભવ પુણ્યથી મળે. પછી એને વટ પડી જાય કે અમે આહા..હા..! હવે આને શું રળતા આવડે? અમે કેટલું રળવાની વ્યવસ્થાની .. છે. પરમાત્મપ્રકાશમાં છે પાઠ. .. પૂર્વના પુણ્યને લઈને વૈભવ હોં એના ડહાપણને લઈને નહિ. વૈભવમાં મદ એને ચડે. આહા..હા..! સાધારણ સાથે તો બોલે પણ નહિ. મગજના પ્યાલા ફાટી જાય. કરોડ, બે કરોડ, પાંચ કરોડ થાય. મદથી મતિ ભ્રષ્ટ થઈ જાય અને મતિ ભ્રષ્ટ થાય એ દુર્ગતિમાં ચાલ્યો જાય,

એમ કહે છે. સમજાણું કાંઈ? બાપ પાસે ન હોય અને પછી પોતે રળ્યો ને કમાણો અને સાંપડ્યું. નહોતું ને સાંપડ્યું. બાપ પાસે કાંઈ ન હોય અને ત્યાં એ મજૂરી કરતો હોય કે ખેતી કરતો હોય. એમાંથી લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ જ્યાં થાય આહા..હા..! કોણ છે? શું છે? ઓહો..હો..! શું છે પણ હવે? મદ ચડી જાય પછી. પરમાત્મપ્રકાશમાં છે. મદમાં પછી મતિ ભ્રષ્ટ થઈ જાય. એ.. એમ કહે છે. જાય દુર્ગતિ ઢોર થાય ઘણા તો. પશુ-પશુ. આર્ય માણસને દારૂના ખોરાક ન હોય તો નરકમાં તો ન જાય. પશુ થાય—મીંદડા થાય, કુતરા થાય, બોકડા થાય. આ બકરાના બચ્ચા નહિ નાના શું કહેવાય? લાવરા. .. નથી રબારી નીકળે ૨૫-૫૦ લઈને નાના.. નાના.. નાના... એં... એં... એં... કરતા નીકળે. મારો ક્યાંથી આવ્યો હશે આ? એ તો બધા શેઠિયાઓ મરીને ત્યાં ગયા હોં. કારણ કે ધર્મ હોય નહિ અને પાપના ઢગલા કર્યા હોય.

**શ્રોતા :-** અત્યારે તો સુખ ભોગવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં ધૂળમાં સુખ છે. રાગ છે તો દુઃખ છે. કોણ કહે છે સુખી એને? પૈસાવાળો સુખી કોણ કહે છે? પાગલ કહે એને સુખી. દુઃખી છે બિચારા ભ્રમણા આખો દિ' રાગ... રાગ... રાગ... રાગ... રાગ... આહા..હા..!

કીધું નહોતું અમારા ઘરની જ વાત. અમારા ભાઈ હતાને કુંવરજીભાઈ ભાગીદાર દુકાનમાં. અમારી દીક્ષા તો ૭૦માં થઈ અહીં તો. પણ હું પહેલેથી ભગત કહેવાતો. ૭૦માં દીક્ષા. ૬૩ની સાલે દીક્ષા. અહીં માગશર સુદ નોમે ૬૨ પૂરા થયા. એ પહેલા ૬૬ સાલમાં બે દુકાનો હતી અમારી પાલેજમાં. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છેને. તો એક દુકાનેથી બીજે દુકાને બધા ભેગા થતા સ્ટેશને. એકફેરી હું ગયો. ત્યાં ભાઈ બેઠા હતા. મોટા ભાઈ બેઠા હતા. મોટાભાઈ સરળ હતા બહુ અને અમારા ..કુંવરજીભાઈ શેઠ. એને મમતા દુકાનની. બહુ મમતા. સાધુ ગામમાં આવે તો નવરા ન થાય. આઠ વાગે બંધ કરીને જાય (એ પહેલા) સામું જોવે નહિ. હું તો ભગત કહેવાતો. પછી અમારાથી કહેવાઈ ગયું. એય..! અમારા ભાઈ ફઈના દીકરા છે ભાગીદાર. કુંવરજીભાઈ! ૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૬. કેટલા વર્ષ થયા? કુંવરજીભાઈ તો દુકાને બેસે. એક દુકાન મારી. કુંવરજીભાઈ મને એવું લાગે છે... હું તો ભગત કહેવાતોને? ૨૦ વર્ષની ઉંમર તે દિ'. ૬૬ની સાલ. ૪૬માં જન્મ. મને એવું લાગે છે કુંવરજીભાઈ! જાણે આપણે વાણિયા છીએ એટલે માંસ, દારૂ તો ખાતા નથી. માટે નરકે તો નહિ જાવ. એય..! વજુભાઈ! આ તો ૬૬ની વાત છે ૬૬. ત્યારે મેં કીધું દેવમાં જવાના લક્ષણ તમારા લાગતા નથી મને. હું ભગત કહેવાતો. મારી સામું બોલે નહિ કોઈ. નહિતર મોટા ભાઈ ઉભા તોપણ બોલે નહિ. ભગત શું કહે છે એ સાંભળો. એમ માણસ થવાના લક્ષણ લાગતા નથી મને કીધું તમારી .. તમારા માટે એક ગતિ છે ઢોરની કીધું. આહા..હા..! મરી ગયા ત્યારે દસ લાખની મૂડી, બે લાખની પેદાશ. મરીને ઢોર થયો. કારણ કે મમતા બહુને. એ

વખતે એવું થઈ ગયું. દુકાને લઈ જાવ નહિતર મરીશ. .. દુકાને.. પોતે. અગિયાર વર્ષ થયા ગુજરી ગયા. તે દિ' બે લાખની પેદાશ હતી આને દસ લાખ રૂપિયા. ત્રણ લાખની પેદાશ ત્રીસ લાખ. પણ તે દિ' એને કહ્યું એ જ નીકળ્યું. એના છોકરા કહેતા હતા કે મહારાજ કહેતા એ વાત સાચી નીકળી. મને લઈ જાવ દુકાને નહિતર હું મરીશ. એ તો આ સાક્ષી છેને. ક્યાં ગયા ગુલાબચંદભાઈ? નથી? એ ગુલાબભાઈના વેવાઈ છે. અહીંયાં આવે છે. બેસે છે. નથી આવ્યા? ઘરના મકાન છે બધા. ઘરના મકાન, મેડી પરથી પડવા માંડ્યો. દુકાને લઈ જાવ નહિતર મરીશ. એ ગુલાબચંદભાઈ હતા એણે જાલી રાખ્યા. કહો હવે આ હોળી. છોકરા માટે રળવું દુકાને. છોકરા ના પાડે કોના માટે પણ આ કરો છો તમે? નહિ. સવારમાં છ વાગે ઉઠીશ. બધાને ઉઠાડીશ. છોકરા ના પાડે ભાઈ અમારે ઘણું છે, બાપુ! હવે રહેવા દ્યો. .. બહુ કમાણાનું અભિમાન થઈ ગયું એને. પછી એ અભિમાનમાં પાવર ચડી ગયો.

**શ્રોતા :-** શેઠ કહેનારા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠ કહેવા એ રામજીભાઈ પૂછતા. ભાઈ તમને શેઠ કેટલીવાર કહે છે? કે હજાર વાર કહે? રામજીભાઈ(એ પૂછ્યું તો કહે) ના, પાંચસોવાર તો કહે છે. આવા ને આવા મૂર્ખના કાંઈ ગામ જુદા હોય? એય..! અને બે લાખની વર્ષની પેદાશ. આહા..હા..!

અહીંયાં આચાર્ય મહારાજ કહે છે કે આવો જે ધ્યાનની ક્રિયામાં.. એ રાગની ક્રિયા, પાપની એ તો અનંતવાર કરી પ્રભુ તે અને દુર્ગતિ મેળવી, પણ શુભની ક્રિયા પણ રાગની અનંતવાર કરી અને એને લઈને આ સ્વર્ગાદિ મળ્યું અને બહુ પુણ્ય હોય તો કદાચ આ ધૂળના શેઠિયા થાય બે-પાંચ કરોડના આસામી ધૂળના શેઠિયા એ. પણ એમાં કાંઈ આત્માને લાભ થાય એવું છે નહિ. આહા..હા..! તો તને ધ્યાનની ક્રિયા કરવી જોઈએ ભગવાન હોં, કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શનપૂર્વક અંદર ધ્યાનમાં લીન છે. ન કરી શક તો શ્રદ્ધા તો કરજે કે ધ્યાન કરવું એ જ મોક્ષનો માર્ગ છે. શુભની ક્રિયા એ મોક્ષનો માર્ગ નથી. એનું વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૫, મંગળવાર, તા. ૨૩-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૪, કળશ-૨૬૪, પ્રવચન નં. ૧૩૩

નિયમસાર. નિશ્ચય-પરમાવશ્યક. સત્ય આત્માના આનંદસ્વરૂપની એકાગ્રતાની ક્રિયા એને આવશ્યક સત્ ક્રિયા કહેવામાં આવે છે. જે સામાયિક ચોવિસંથો આદિ વિકલ્પ છે એ તો

શુભરાગ છે. એ સાચી આવશ્યક ક્રિયા નથી, તેમ સાચી ભક્તિ નથી. તેમ એ શુભભાવ છે એ સાચું પ્રતિક્રમણ નથી. શુભભાવનો રાગ એ સાચું પચ્ચખાણ નથી, સાચી આલોચના નથી. આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એની અનુભવદૃષ્ટિ કરીને એમાં આનંદમાં લીનતા, નિર્વિકલ્પ આનંદની લીનતા. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એને નિશ્ચય આવશ્યક કહે છે. અવશ્ય કરવાલાયક હોય તો એ આનંદની ક્રિયામાં આનંદમાં લીન થવું. આહા..હા..! ધ્યાનમાં ધ્યેયને લઈને પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ એને ધ્યાનમાં લઈને તેને ધ્યેય બનાવીને ધ્યાનમાં સ્થિર થવું એ આવશ્યક ક્રિયા ને એ પચ્ચખાણ ને એ વ્રતને એ આલોચના, પડિક્કમણું એને કહે છે. સમજાણું કાંઈ? એ અહીંયાં '**(હવે આ ૧૫૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ગાથા આવી ગઈ છે.

**શ્રોતા :-** બાકી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ? ટીકા બાકી છે? હા. ઓલો પાઠ આવી ગયો.

કહે છે કે મુનિ કેવા હોય છે? આહા..હા..! નિશ્ચય આવશ્યક કરનારા. '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ,...**' આહા..હા..! જે શુભની ક્રિયાના રાગથી પણ ઉદાસ છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પોથી હઠી જવું અને સ્વરૂપમાં એકાગ્ર થવું એને વૈરાગ્ય કહે છે. એવા '**સહજ વૈરાગ્યરૂપી...**' સ્વભાવિક વૈરાગ્ય એ છે. અંતરનો શુદ્ધ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિમાં, અનુભવમાં લઈને પુણ્ય ને વિકલ્પથી જેનું હઠી જવું, ખસી જવું છે એનું નામ સહજ વૈરાગ્ય કહેવાય છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો! '**સહજ વૈરાગ્ય...**' એ શુભભાવ જે પડિક્કમણું ને આલોચના ને સામાયિક ને ચોવિસંથો એવો જે વિકલ્પ છે રાગ શુભક્રિયા એનાથી પણ જેને વૈરાગ્ય છે. આહા..હા..! એવો સ્વભાવિક વૈરાગ્ય એમ કીધું. આમ તો બાયડી, છોકરા છોડે અને કુટુંબ છોડે અને વૈરાગ્યથી દીક્ષા લે એ વૈરાગ્ય નહિ. શું કહે છે?

**શ્રોતા :-** થોડો વૈરાગ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ વૈરાગ્ય નથી. એ સ્મશાન વૈરાગ્ય. અહીંયાં તો અંતરસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં આનંદના ધ્યેયે જે રાગથી ખસી જાય છે શુભરાગથી. એનું નામ વૈરાગ્ય કહેવામાં આવે છે. આ બાજુ પૂર્ણાનંદના આશ્રય દૃષ્ટિ છે અને આ બાજુ રાગથી ખસી ગયો છે એને વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો જિનેન્દ્રદેવનો માર્ગ, ભાઈ! બહુ કઠણ કહેશે આચાર્ય પોતે મુનિ કે '**સહજ વૈરાગ્યરૂપી...**' સ્વભાવિક ચીજની દૃષ્ટિ સહજાત્મસ્વરૂપ. એની દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે, અને જેને પુણ્યના પરિણામ વ્યવહાર ક્રિયાકાંડના. આહા..હા..! એમાંથી પણ જેને સ્વભાવિક વૈરાગ્ય છે, ઉદાસ છે. એવો '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખર...**' સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ એનું શિખર, એનો શિખામણિ. આહા..હા..! જેને પુણ્યની ક્રિયાકાંડથી વૈરાગ્ય વર્તે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યથી પરાઙ્મુખ...**' પરદ્રવ્યથી પરાઙ્મુખ. એટલે વિકલ્પ શુભ છે એ પરદ્રવ્ય નિશ્ચયથી છે. વ્યવહાર ક્રિયાકાંડના પરિણામ જે શુભ છે એ બધું નિશ્ચયથી પરદ્રવ્ય છે. એ '**પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાંત બુદ્ધિવાળા,...**' અખંડ આનંદસ્વરૂપ ભગવાન સ્વદ્રવ્ય તેમાં નિષ્ણાંત બુદ્ધિવાળો, નિપુણ બુદ્ધિવાળો. આહા..હા..! જેને પરમાનંદના સ્વભાવનું અંતર સમ્યગ્જ્ઞાન સ્વસન્મુખથી થયું છે એ સ્વદ્રવ્યમાં નિષ્ણાંત બુદ્ધિવાળો. આહા..હા..! લોકો નથી કહેતા કે આમાં નિષ્ણાંત છે, પૂરો ઉતર્યો છે, એમ કહે છે. એય..! કેમ તેલને કેમ સુધારવું એમાં નિષ્ણાંત ન કહે તમને? આહા..હા..! આ તો નિષ્ણાંતની વ્યાખ્યા ચાલે છે. સ્વદ્રવ્યમાં નિષ્ણાંત છે. પોતાનું અખંડ આનંદસ્વરૂપ ભગવાન એનું જેમાં જ્ઞાન નિપુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પાંચ ઈન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર પરિગ્રહના ધારી,...**' છે. મુનિ છેને? મુનિની ઉત્કૃષ્ટ વ્યાખ્યા લેવી છેને? એક દેહમાત્ર પરિગ્રહ. બીજી કોઈ ચીજ એને હોતી નથી. આહા..હા..! વસ્ત્રનો કટકો પણ હોતો નથી અને પાત્ર પણ હોતા નથી. આહા..હા..! એક દહમાત્ર. પાંચ ઈન્દ્રિયનો ફેલાવ, પાંચ ઈન્દ્રિય તરફનું વલણ જે છે એનાથી રહિત અણિન્દ્રિય એવો ભગવાન આત્મામાં જેનો જુકાવ થઈ ગયો છે. આહા..હા..! આવી વ્યાખ્યા અને આ ભાવ બધો. સમજાણું કાંઈ? કહે છે કે એ તું કરી ન શક તોપણ શ્રદ્ધા તો પાક્કી રાખજે. સમજાય છે કાંઈ? કે માર્ગ તો સ્વરૂપના ધ્યાનમાં સ્થિર થવું એ માર્ગ છે. શ્રદ્ધામાં ગોટા વાળીશ નહિ કે આ અત્યારે શુભભાવ છે એટલું તો મદદ કરનાર, આગળ લાભનું કારણ છેને. એ શ્રદ્ધા કરીશ નહિ. મિથ્યાશ્રદ્ધા થશે. આહા..હા..! શુભના આચરણની ક્રિયા મને કાંઈ મદદ કરશે એવી શ્રદ્ધા કરીશ નહિ. શ્રદ્ધા મિથ્યા થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પાંચ ઈન્દ્રિયોના ફેલાવ...**' એટલે ઈન્દ્રિયો તરફના વલણનું જેણે રૂખ ફેરવી નાખ્યું છે. અણિન્દ્રિય આત્મા તરફનો જેનો પુરુષાર્થ અને ગતિ પ્રસરી ગઈ છે. આહા..હા..! '**દેહમાત્ર પરિગ્રહ...**' છે. સંતને, મુનિને, જૈનદર્શનના સાધુ જેને કહીએ એને તો એક દેહમાત્ર પરિગ્રહ હોય છે. સમજાણું કાંઈ? આ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને છે એ તો નિગોદગામી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ આકરો કડક. આહા..હા..! જૈનદર્શનના સાધુપણામાં તો એકલું શરીરમાત્ર હોય એ છૂટે નહિ આયુષ્ય હોય ત્યાં સુધી. માટે એક દેહ એને હોય. શ્રીમદ્દે કહ્યુંને અપૂર્વ અવસરમાં, 'સંયમના હેતુથી યોગ પ્રવર્તના. સર્વભાવથી ઉદાસીન વૃત્તિ કરી માત્ર દેહ તે સંયમ હેતુ હોય.' અપૂર્વ અવસરમાં લઈ લીધું. માત્ર દેહ તે સંયમ હેતુ નિમિત્ત છે એક. આહા..હા..! આવો જૈનદર્શનનો વીતરાગ પરમાત્માનો અનાદિનો એ માર્ગ છે. સમજાણું કાંઈ? અને વસ્ત્રથી અને પાત્રથી મુનિપણું મનાવ્યું એ કલ્પિત શાસ્ત્રો અને કલ્પિત મુનિપણું છે, સાચું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દેહમાત્ર પરિગ્રહનો ધારી,...**' આહા..હા..! '**પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખકમળથી**

**શોભાયમાન...**' આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ કહે છે. આહા..હા..! '**પરમાગમરૂપી મકરંદ...**' '**પુષ્પ-રસ; ફૂલનું મધ.**' ફૂલ હોય છેને? એનું મધ. ભમરા એ મધ પીવે. ફૂલના કટકા ન થવા દે. આમ રસ પીવે. એવો '**પરમાગમરૂપી...**' ફૂલનો રસ. એનો રસ. એના '**ઝરતા મુખકમળથી...**' આહા..હા..! '**શોભાયમાન હે મુનિશાર્દુલ!**' પોતાને કહે છે. આહા..હા..! પરમાગમ. ભાષા છે? જુઓ, આ પરમાગમ છે આ બધા. આ પોણાચાર લાખ અક્ષર પરમાગમ છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરના શાસ્ત્રો અહીંયાં છે આગમ મંદિર ... ભગવાન પછી હજાર વર્ષે કલ્પિત રચાયેલા છે. નવનીતભાઈ! આવું છે. આકરું પડે. જૈનદર્શનનો માર્ગ તો આ છે કે જેના મુખમાંથી સત્ય જ ઝરે કહે છે. વસ્ત્રસહિત મુનિપણું એ પરમાગમનું વચન નહિ. એ આગમનું વચન નહિ, એ તો કલ્પિત વચનો છે. આહા..હા..! આકરું ભારે ભાઈ! જગતથી જુદું પડવું.

'**પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખકમળથી...**' આહા..હા..! મુખથી '**શોભાયમાન...**' એ પરમાગમ ઝરે એ જ મુખની શોભા છે. ઉંધી અવળી પ્રરૂપણા કરે કે આમાંથી આમા થાય, શુભથી આમ થાય, કરતાં-કરતાં ધર્મ થાય એ પરમાગમની શોભા નથી. એ પરમાગમના મુખની શોભા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ બીજી જાતનો છે, ભાઈ! આહા..હા..! '**હે મુનિશાર્દુલ!**' એમ કહે છે. હે મુનિ સિંહ! આહા..હા..! '**(અથવા પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ...**' પોતાને કહે છે હે મુનિશાર્દૂલ! '**સંહનન અને શક્તિનો...**' સંહનન આ નબળા હોય હાડકા અને શક્તિ નબળી હોય પર્યાયમાં. બે વાત લીધી. સમજાય છે કાંઈ? શરીરની મજબુતાઈ જે જોઈએ તે ન હોય અને અંદર શક્તિ જોઈએ જે અંતર ધ્યાનમાં. ધ્યાનમાં સ્થિર થવાની શક્તિનો '**પ્રાદુર્ભાવ હોય તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ...**' આહા..હા..! મોક્ષરૂપી લક્ષ્મી અનંત આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ. એના '**પ્રથમ દર્શનની ભેટ...**' આહા..હા..! સ્વરૂપ '**નિશ્ચયપ્રતિક્રમણ,...**' મોક્ષરૂપીની પ્રથમ ભેટ નિશ્ચયપ્રતિક્રમણ. આહા..હા..! સુંદર આનંદમાં લીન અને રાગથી ભિન્ન એવી જે મુક્તિસુંદરીની પ્રથમ ભેટ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**નિશ્ચયપ્રતિક્રમણ,...**' આનંદસ્વરૂપમાં રમવું, અતીન્દ્રિય આનંદમાં રમણતા, વિકલ્પનો જેને શુભભાવનો અભાવ. આહા..હા..! એવું '**નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત,...**' એ પણ અતીન્દ્રિય આનંદના સ્વરૂપમાં ઢીમ-લીન થયેલું એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે. પાપ લાગ્યુંને ગુરુને કહેવું કાંઈ લેવું એવો વિકલ્પ છે શુભભાવ. આહા..હા..! '**નિશ્ચયપ્રત્યાખ્યાન...**' એ આનંદસ્વરૂપ ભગવાન આત્માને ધ્યેય બનાવીને ધ્યાનમાં લીન થવું. આહા..હા..! એ સાચું પચ્ચકાણ છે. આમ હાથ જોડીને .. પચ્ચખાણ છે એ બધા વિકલ્પ અને શુભરાગ છે. આહા..હા..! એમ નિશ્ચય આલોચના. વગેરે છેને? નિશ્ચય આલોચના કહે છેને? ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ, વર્તમાનમાં સંવર એટલે આલોચના. એવું આવે છે પડિક્કમણા ભાષા.

ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ, વર્તમાનનું સંવર. સંવર એટલે આલોચના. એ નિશ્ચય આલોચના પણ આને કહીએ. આહા..હા..! સંવર. શુભ વિકલ્પ જે છે એ વ્યવહાર છે, તે ઝેર છે. આહા..હા..! આ ઝીલવું. આને નિશ્ચય આલોચના કહીએ, એને નિશ્ચયસમાધિ કહીએ. અતીન્દ્રિય આનંદના ધામમાં સ્થિર થવું અંદર ધ્યાનમાં એને નિશ્ચયસમાધિ કહીએ. એને નિશ્ચયભક્તિ કહીએ, આહા..હા..! સમજાણું કાંઈ? એને નિશ્ચયસામાયિક કહીએ, એને ચોવીસ તીર્થંકરની સ્તુતિ એને કહીએ. જે અનંત આનંદના ધામમાં લીનતા ધ્યાનમાં એને તીર્થંકરની સ્તુતિ કહીએ. ભગવાન આત્મા તીર્થંકર જેવો એની સ્તુતિ તેને સ્તુતિ કહીએ. આહા..હા..! એમ પરમસમાધિ, પરમભક્તિ અને આ પરમાવશ્યક છેલ્લું.

'વગેરે **શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે.**' આહા..હા..! શુદ્ધનિશ્ચયક્રિયા, સત્ક્રિયા અતીન્દ્રિય આનંદમાં રમણતા એ જ નિશ્ચય સત્ક્રિયા જ કર્તવ્ય છે. કરવાલાયક તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જો આ દગ્ધકાળરૂપ...**' આ દગ્ધકાળ-હીનકાળ '**અકાળમાં...**' આવા હલકા કાળમાં તારી શક્તિ '**શક્તિહીન હો...**' જે ધ્યાનથી મુક્તિ મળે તે શક્તિનો અભાવ હોય. સમજાણું કાંઈ? '**તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' નિજ પરમાત્મતત્ત્વ. દેખો, નિજ પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ. '**નિજ પરમાત્મતત્ત્વ...**' પરમસ્વરૂપ તત્ત્વ, પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, સત્યભાવ, સદૃશ્યભાવ. આહા..હા..! એવો જે પરમાત્મતત્ત્વ આ વસ્તુ એક સમયની પર્યાય સિવાયનું પરમાત્મતત્ત્વ. આહા..હા..! એનું '**શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' શ્રદ્ધાન રાખજે એનું. ગોટા વાળીશ નહિ કે એ વ્યવહાર. ભલે નિશ્ચય કરી શકતા નથી તો વ્યવહાર કરતાં-કરતાં થાશે, એવી શ્રદ્ધા કરીશ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કાળ હલકો છે, એટલે શક્તિહીન છે, સંહનન મજબુત નથી માટે પુણ્ય પરિણામ શુભભાવ કરતા હળવે-હળવે આગળ જવાશે, એમ શ્રદ્ધા કરીશ નહિ. મરી જઈશ એમ કરીશ તો. આહા..હા..!

સંહનની મજબુતાઈ ન હોય એ તો નિમિત્તની વાત કરી. પણ પોતામાં એ આનંદસ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં એમાં લીનતાની ક્રિયાનો જો શક્તિમાં અભાવ હોય તો એ એમ કહીશ નહિ કે ભાઈ અત્યારે આ કાળે પણ શુભભાવ કરતાં-કરતાં આગળ વધાશે. એમ કરીશ નહિ હોં કહે. આહા..હા..! કહો, વજુભાઈ! આવું તો સાંભળ્યું પણ ન હોય. આ તો વીતરાગ પરમાત્મા. આહા..હા..! જેના સમવસરણમાં. આહા..હા..! ઉંદર અને સર્પ બે સાથે ભેગા બેસે. જેને વેર ઉલસે નહિ. સિંહ અને મૃગ-હરણિયું બે ભેગા બેસે આમ. એટલો તો એનો અતિશય છે પુણ્ય-પુણ્ય. આહા..હા..! સમજાય છે કાંઈ? દેડકા અને કાગડા જોડે બેસે. કાગડાને દેડકો દેખે તો મારે આમ, સિંહ મૃગને દેખે તો થાપ મારે, સર્પ ઉંદરને દેખે એટલે પકડવા જાય. આહા..હા..! એ ભગવાનના પુણ્યનો અતશય એટલો છે કે જ્યાં સિંહ અને હરણ, સર્પ અને ઉંદર, દેડકો અને કાગડા. આહા..હા..! અરે..! માથાના કાપનારા વેરી, દીકરાને

મારી નાખ્યો હોય એવા વેરીનો જીવ અને એ બેય બેઠા હોય વ્યાખ્યાનમાં તો એને વેર ન ઉછળે. આહા..હા..! એટલી તો જેની પુણ્યની અતિશયતા છે, કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એના ગુણની અતિશયતાની વિશેષતા તો અલૌકિક છે. જેને અનંતજ્ઞાન, અનંતદર્શન. એ અનંત એટલે શું, ભાઈ!

એક સમય 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયમાં જેને અનંત જ્ઞાન પર્યાયમાં પ્રગટ્યું છે. આહા..હા..! જે જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો કેવળજ્ઞાનીઓને એ જાણે છે. આહા..હા..! એ પર્યાય કેવડી? શું કીધું ઈ? અનંતા કેવળીઓને એક સમયમાં કેવળીની પર્યાય જાણે. આહા..હા..! એવી જે કેવળજ્ઞાનની પર્યાય એવી અતિશયતા, વિશેષતા જેની દશા છે. આહા..હા..! અનંત જેને આનંદ છે. અનંત જેને શાંતિ, સ્વચ્છતા એટલે ચારિત્ર છે. આહા..હા..! અનંત જેનું પુરુષાર્થ વીર્ય પ્રાકલ્પ પર્યાયમાં પ્રગટ થયું છે. આહા..હા..! એવા ગુણોથી એ પર્યાય છે પણ એને ગુણ કહેવાય છે. એવા અનંતાગુણો પર્યાયમાં વ્યક્ત થઈ ગયા, પ્રગટ થઈ ગયા. આહા..હા..! એ અનંતગણસ્વરૂપ પ્રભુ જ આત્મા છે. વીતરાગસ્વરૂપ, સ્વચ્છતાસ્વરૂપ પ્રભુત્વ ઈશ્વરસ્વરૂપ. પ્રભુ નામનો એક ગુણ છે તો ઈશ્વરસ્વરૂપ છે ઈ. આહા..હા..! એનો ઈશ્વર બીજો કોઈ નથી અને બીજો ઈશ્વર કોઈ કર્તા નથી. આહા..હા..! ભગવાન જ પોતે ઈશ્વરસ્વરૂપ છે. એવી પર્યાયમાં અનંતી ઈશ્વરતા જેને પ્રગટ થઈ એવા ત્રિલોકનાથ આહા..હા..! એની વાણીમાં આવ્યું એ સંતો કહે છે કે ભગવાન આમ કહે છે. ભાઈ! તારો દગ્ધકાળ, હલકો કાળ હોય, શક્તિહીન હોય તો એ નિશ્ચય કદાચિત્ ધ્યાન જે સર્વજ્ઞ થવાય એવું ધ્યાન ન હોય તો શ્રદ્ધા તો પાકી રાખજે.

'**નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' આહા..હા..! દશા ઉગ્ર ન કરી શકે તો બચાવ ન કરીશ કે અમે શુભ તો કરીએ છીએને. કહો, હરિભાઈ! ભાઈ! શુભભાવ તો ઝેર છે. આહા..હા..! મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ ઝેર છે. આ બાર વ્રતનો વિકલ્પ ઉઠે એ ઝેર છે.

**શ્રોતા :–** અત્યાર સુધી તો હેય કહેતા હતા હવે ઝેર કહેવા લાગ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'વિષકુંભ છે' એમ કહ્યું. સમયસારમાં મોક્ષ અધિકારમાં તો એમ કહ્યું છે, વિષકુંભ છે, ઝેરનો ઘડો છે. આહા..હા..! કેમ? અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન. એનાથી ઉલટી વિકલ્પદશા જે શુભભાવ એ અમૃતથી ઉલટી એટલે ઝેર છે. આહા..હા..!

**શ્રોતા :–** મુનિને માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાને માટે. સમકિતી પણ રાગને ઝેર જેવું માને છે. હોય છે અશુભથી બચવા, પણ છે ઝેર. આહા..હા..! કેમ? કે અનાકુળ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન એ અમૃતસ્વરૂપ છે. એની એક-એક શક્તિ અમૃતનો અનુભવ કરનારી છે. આહા..હા..! એ અનંત અમૃતસ્વરૂપ ભગવાન એનાથી પંચમહાવ્રતનો, બાર વ્રતનો, અપવાસનો, ભક્તિનો

શુભ વિકલ્પ ઉઠે આહા..હા..! પ્રભુ! એ તો આનંદસ્વરૂપ, અમૃતસ્વરૂપથી ઉલટું એટલે પછી એને શું તારે કહેવું છે કહે? ઝેર. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ' શ્રીમદ્ કહે છેને? શ્રીમદ્‌માં આવે છે એ શ્લોક. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે હે મુનિ! પોતે પોતાને કહે છે હોં. આહા..હા..! તને અંતરમાં ધ્યાન જે સર્વજ્ઞપણું થાય તેવી ધ્યાનની શક્તિ જો ન હોય તો તારે **'કેવળ નિજ પરમાત્મતત્ત્વ...'** પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ અમૃતનો સાગર, પૂર્ણ જ્ઞાનનો દરિયો એ છે. આહા..હા..! પરમ આત્મ, પરમસ્વરૂપ તત્ત્વ. પરમસ્વરૂપતત્ત્વ. એનું **'શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** સમ્યગ્દર્શન કર્તવ્ય છે. સમજાણું કાંઈ? એમાં કાંઈક ફેરફાર કરવા જઈશ તો ઘર જાશે. મૂળ સમ્યગ્દર્શનમાં જ જ્યાં ફેર છે કે આ રાગની ક્રિયા થતાં-થતાં વધાય છે અને આ છે ને આ છે. એ બધું મિથ્યાદર્શનની ક્રિયા છે. આવો માર્ગ, ભાઈ! એટલે કેટલાક તો એમ કહે છે કે આ સોનગઢવાળાએ આવું કર્યું છે. પણ આ કોનું છે? આ બે હજાર વર્ષ પહેલા તો લખાયેલું છે. આ ટીકા ૯૦૦ વર્ષ પછી થઈ છે. આહા..હા..! અનાદિ સનાતન સત્ય માર્ગ વીતરાગનો આવો છે. આહા..હા..!

હે મુનિ! પોતે પોતાને કહે છે હોં. આ દગ્ધકાળ છે. ઉત્કૃષ્ટ શક્તિની વ્યક્તતા થવાને માટે તો કાળ હલકો છે. આહા..હા..! કાળને લઈને નહિ પણ મારી પર્યાયનો કાળ જ એવો હલકો છે કે ઉત્કૃષ્ટ ધ્યાન થઈ શકે નહિ. આહા..હા..! અંદર ધ્યાન ન થઈ શકે માટે તું શ્રદ્ધા તો બરાબર પાકી રાખજે કે સ્વરૂપમાં ધ્યાન થાય તે જ ક્રિયા સત્ય છે. સમજાય છે કાંઈ? સ્વરૂપના આનંદમાં, ધ્યાનમાં લીનતા અને આનંદ પ્રગટે એ સત્‌ક્રિયા જ એક મોક્ષનું કારણ છે. એમાં ગોટો ન વાળીશ કે આ કાળ મોળો છે માટે કાંઈ વ્યવહાર હોય તોપણ આગળ વધાય. એમ ગોટો ન વાળીશ, ભાઈ! મૂળમાં ઘા પડશે તને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિજ પરમાત્મતત્ત્વ...'** ભાષા દેખો. ભગવાન પરમાત્મા દેવની શ્રદ્ધા નહિ. એ તો પર છે. એ ભગવાનની શ્રદ્ધા કરવા જાય તો એને રાગ જ થશે. પરદ્રવ્ય આશ્રય રાગ જ થશે એને. આહા..હા..! અને નિશ્ચયથી તો **'परदव्वादो दुग्गइ'** એ ભગવાન સામે જોઈને વિકલ્પ થાય ભક્તિનો એ પણ ચૈતન્યની ગતિ નહિ, એ દુર્ગતિ કહેવામાં આવે છે એને. આહા..હા..! મોક્ષપાહુડમાં છે. ૧૬મી ગાથા. મોક્ષપાહુડ. અષ્ટપાહુડ છેને? આ. **'પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે.'** ચાહે તો ત્રણલોકના નાથની ભક્તિનો વિકલ્પ ઉઠે તે દુર્ગતિ છે.

**શ્રોતા :-** એનો તો પોતામાં અત્યંત અભાવ છે, એનાથી શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યંત અભાવ છે, પણ થાય છે કે નહિ? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આહા..હા..! **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો નાથ એની જે નિર્મળ પરિણતિ એને અહીંયાં સુગતિ કહેવામાં આવે છે અને પરદ્રવ્યનું

લક્ષ જતા પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે, આહા..હા..! ભગવાનના સન્મુખની ભક્તિનો રાગ ઉઠે, આહા..હા..! એ દુર્ગતિ છે. દુર્ગતિ એટલે? એનું ફળ તો સ્વર્ગાદિ આવશે. એ કાંઈ આત્માની ગતિ નથી. સ્વર્ગ મળે એ પણ દુર્ગતિ છે. આહા..હા..! સિદ્ધ તે સુગતિ છે. આહા..હા..! આ અબજોપતિ થાય કોઈ પુણ્યને લઈને, પણ એ બધી દુર્ગતિ છે, કહે છે.

**શ્રોતા** :- દેવગતિ કોઈ દુર્ગતિ તમારા શાસ્ત્રમાં લખી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ લખી. આ શું કહે છે? પરદ્રવ્યથી દુર્ગતિ. શેઠ ખુલાસો કરાવે છે. આહા..હા..! આ ક્યાં અત્યારના છે? આ શાસ્ત્ર બે હજાર વર્ષ પહેલાનું છે. એમાં આ કીધું જુઓ, પરદ્રવ્યથી દુર્ગતિ. દુર્ગતિનો અર્થ. ચૈતન્ય જ્ઞાયકભાવ છે એ જ્ઞાનની પરિણતિમાં શ્રદ્ધા શાંતિમાં આવે તો તે સુગતિ. પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે આત્માનો સ્વભાવ એને છોડીને પરદ્રવ્યનું જ્યાં લક્ષ જાય ચાહે તો 'નમો અરિહંતાણં' એવો વિકલ્પ ઉઠે, પંચ નવકારના સ્મરણનો વિકલ્પ ઉઠે, એ કહે છે કે એ વિકલ્પનું ફળ તો ગતિ સ્વર્ગ છે, એ આત્માની ગતિ નથી, એ તો દુર્ગતિ છે.

**શ્રોતા** :- આકરું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આકરું શું થાય ભાઈ? માર્ગ તો આવો વીતરાગમાર્ગ છે, ભાઈ! આ કાંઈ રાગમાર્ગ નથી! આહા..હા..!

**શ્રોતા** :- પણ અમે તો ગૃહસ્થ છીએ મહારાજ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગૃહસ્થ હોય તો ગૃહસ્થ આત્મા છે કે નહિ? બસ આત્મા કહે છે. શું કહેવાય? યોગસાર-યોગસાર. 'ગૃહ કામ કરતા થતાં હેયાહેયનું જ્ઞાન' એમાં એમ કહે છે. રાગ હેય છે, આત્મા ઉપાદેય છે એનું જ્ઞાન એને હોય છે. તો એ ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થી શ્રાવક કહેવાય. આહા..હા..! ચંદુભાઈ! છે? શેમાં? યોગસાર. બે ગાથા છે. એક ૬૫મી એમ કાંઈક છે. ગૃહકામ કરતાં છતાં હેયાહેયનું જ્ઞાન. રાગ હેય છે, ભગવાન ત્રિલોકનાથ ઉપાદેય છે. અથવા નિર્મળ દશા પ્રગટ કરવી એ પણ એક અપેક્ષાએ ઉપાદેય છે. આહા..હા..!

**શ્રોતા** :- પણ એ તો તમે જ બતાવશો. તમારી પાસે જ આવશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવે તો વિકલ્પ છે. અહીં તો એની પાસે જાય તો...

ભગવાન આનંદનો નાથ પરમાત્મતત્ત્વ ન કહ્યું? નિજ પરમાત્મતત્ત્વ. આહા..હા..! એનાથી આત્માની ગતિ, શુદ્ધતા અને શુદ્ધતાના ફળ તરીકે મોક્ષગતિ થાય. એમાં કાંઈક રાગ બાકી રહે તો સ્વર્ગ પણ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, પોકાર કર્યો છે કુંદકુંદાચાર્યે. **'परदव्वादो दुग्गइ'** સ્વદ્રવ્ય નિજ પરમાત્મતત્ત્વનો આશ્રય લેવો. એની જે પર્યાય પ્રગટે તે સુગતિ છે. ચૈતન્યની જાતની એ ગતિ છે અને એને સ્વભાવના સન્મુખનો આશ્રય ભલે હોય અને પછી પરનો આશ્રય લે એમાં જેટલો તેટલો રાગ છે. આહા..હા..! કહ્યું નહિ? સમવસરણમાં અનંતવાર પરમાત્માની ભક્તિ અને આરતી ઉતારી છે સમવસરણમાં. 'ભવે

ભવે પુજીયો' એવો પાઠ છે પરમાત્મપ્રકાશમાં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આમ બિરાજે છે. સાક્ષાત્ ભક્તિ. છે એ પરદ્રવ્યને? આ દ્રવ્ય ક્યાં છે એ? એની ભક્તિ કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા અને હીરાના થાળ. કહે છે કે એ શુભભાવ છે. ભગવાન કહે છે કે એ શુભભાવ છે, દુર્ગતિ છે. એય..! શાંતિભાઈ! આ લખે લોકો જરી. પુણ્ય-પાપ.. નિશ્ચયથી પુણ્ય હેય છે અને વ્યવહારથી ઉપાદેય છે એવો એક લેખ છે આમાં. આજે આવ્યો છે. જૈનપ્રકાશમાં ક્યાંક છે.

**શ્રોતા :-** જયસેનાચાર્યની ટીકામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો હોય. એ તો વ્યવહાર છે. એનો અર્થ? પાપછી છૂટવા માટે પુણ્યને કહેવાય, પણ એ પોતે જ છે એ તો દુર્ગતિ છે. આહા..હા..! અરેરે! શું થાય? છે? 'એ સ્પષ્ટ જાણવું.' જોયું? '**हु सुग्गइ**' '**हु**' એનો અર્થ સ્પષ્ટ કર્યો. એ સ્પષ્ટ જાણવું. 'ઈસલિયે હે ભવ્યજીવોં! તુમ ઈસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો.' પૂર્ણાનંદનો નાથ પરમાત્મા તું છો, એની શ્રદ્ધા કર, ત્યાં રાજી થા. એ તરફની પરિણતિથી આનંદ તને થશે. આહા..હા..! એ બધી એવી વાતું લાગેને માણસને.

**શ્રોતા :-** આ તો મીઠી સાકર જેવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાયોત્સર્ગ કરે, આમ કરવું, આમ કરવું. શાલીભદ્રનો કાયોત્સર્ગ કરવો. મૌન થઈ જાવ. બોલો એક જણો ઉતાવળો હોય એ બોલો. હળવે-હળવે બોલે તો .. જાશે. એ વખતે કહે. હવે ઓછું કાંઈક કર્યું. ૪૦ ઓછા કર્યા ૨૦. પણ એવું ઉતાવળીયું ... એવાને બોલાવે કે જેથી વખત થોડો થાય. આહા..હા..! જેને શબ્દના અર્થ શું છે એ નક્કી કરવાનો નિર્ણય ન રહે એને. આહા..હા..! અને કાયોત્સર્ગ થઈ ગયો ૪૦ લોગસ્સ પૂરા થયા એટલે. એક તો નહોતું કહ્યું, ભાઈ! પોરબંદર ઓલા અમૃતલાલ મળ્યા હતા. ક્યાંકના જાડા. મોરબીના? અમૃતલાલ હતા ત્યાં. સેક્રેટરી કાંઈક હતા પદવી મોટી પોરબંદરમાં. પોરબંદરમાં અમૃતલાલ. એ ક્યાંના? મોરબીના હતા. એ નોકરી મોટી હતી. મોટી પદવી હતી. અને આ એક રાજકોટવાળા ત્યાં હતા. વનેચંદ મોદી. ત્યાં હતા મોટા. .. ૮૭માં. એ વનેચંદ મોદી એમ કહે કે આ મહારાજ બધી વાતું કરે એ હંબક જેવી છે. આવો તો ખરા સાંભળવા તમે. પહેલા સાંભળો તો ખરા કીધું. ૮૦૦-૮૦૦ના પગાર અને દસ હજારના પગાર ને માટે જાણે તમે મોટા સુધરેલ થઈ ગયા અને બુદ્ધિવાળા થઈ ગયા. બધાની ખબર છે કીધું સાંભળો. આવો. ઓળખતા હતા તમે ભાઈ? વનેચંદ મોદી નહિ? કોના એના દીકરા કોણ છે નહિ આ ભગવાનદાસ. મંગળાબહેન. ભગવાનદાસને?

**શ્રોતા :-** વનેચંદભાઈની દીકરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. એ ત્યાં સાંભળવા આવેલા ઓલા પડિક્કમણામાં. આ તો ૮૭ની વાત છે. ૮૭નું ભાદરવા સુદ પાંચમ. વાર લાગી તો કોટ પહેરીને ચાલ્યા ગયા.

૪૦ વાર લાગેને. ૪૦ લોગસ્સ. ૮૭ની વાત છે પોરબંદર. હવે એને બિચારાને હજાર-બે હજારના પગાર હોય, મગજ ફાટેલા હોય, સુધરેલ કોટ, હાથમાં લાકડી. આમ કરે જાણે શું હશે! એ અમૃતલાલ મોરબીના હતા. ભાઈ! ચીજ બીજી છે, બાપુ! એ ૪૦ લોગસ્સ સાંભળે અને એ બરાબર ધ્યાન રાખે તો એ શુભભાવ છે. સમજાણું?

અહીં તો કહે છે કે એને છોડીને અંદર આનંદના સ્વરૂપમાં સ્થિર થાય એ સત્ક્રિયા છે, એ ધાર્મિક ક્રિયા એને કહેવામાં આવે છે. આહા..હા..! 'સ્વદ્રવ્યમેં રતિ કરો, અન્ય જો પરદ્રવ્ય ઉસસે વિરતિ કરો.' પરદ્રવ્યથી લક્ષ છોડી દ્યો. આપણે અહીં. હે જીવ! આ કાળ હલકો છે, શક્તિ મંદ છે. જો એ તારા સ્વરૂપમાં સ્થિરતા આનંદની, ધ્યાનની સ્થિરતા ન થઈ શકે તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વ શ્રદ્ધાન જ ખરું કર્તવ્ય છે. આવશ્યક છેને? એ આવશ્યક એ જરૂર છે. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં નિજતત્ત્વ પરમાત્મા તેને જ્ઞેય બનાવી અને શ્રદ્ધા પાકી કરજે કે આ ધર્મ આમાં સ્થિર થાય એ ધર્મ છે. શ્રદ્ધામાં જો ગોટા વળ્યા તો ઘર જાશે તારું બધું. સમજાણું કાંઈ? આહા..હા..! કેમકે શ્રદ્ધા સમકિત ઉપર તો બધો પાયો છે. આહા..હા..! સમકિત વિનાનું જ્ઞાન અને ચારિત્ર એને બાળવ્રત અને બાળતપ અને બાળજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું. અરે! ભાઈ! મનુષ્ય જન્મમાં આ ન કરે તો પછી કે દિ' કરશે? આહા..હા..! અને બહારમાં અનંતવાર એવા અવતાર થયા મોટા કરોડો-અબજોપતિના શેઠિયા ને ધૂળના ધણી, સ્વર્ગમાં પણ ધોળી ધૂળ છે ત્યાં. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એ તો નિજ પરમાત્મતત્ત્વ છે. આહા..હા..! એ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ પૂર્ણ સ્વરૂપનું તત્ત્વ તે આત્મા છે. આહા..હા..! એ પૂર્ણ સ્વરૂપનું તત્ત્વ તે આત્મા છે એટલે નિજ પરમસ્વરૂપતત્ત્વ. નિજ પરમ છેને? પરમ આત્મા. આત્મા એટલે સ્વરૂપ પરમસ્વરૂપતત્ત્વ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા ચૈતન્ય દેહદેવળમાં પરમાત્મા પોતે બિરાજે છે અંદર. આહા..હા..! અરે! કેમ બેસે એને? એક બીડી સરખાઈની મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. અને એક તૃષા લાગી હોયને એક મોસંબીના પાણી મળે તો રાજી-રાજી થઈ જાય. આહા..હા..! થાક્યો હોયને એમાંથી ઘોડાગાડી મળી જાય કોઈ સગો નીકળ્યો અને બેસવાની. આહા..હા..! ભાઈ! તું ક્યાં ગયો? ક્યાં તને રાજીપો થયો, ભાઈ! એ તો ઝેરના પ્યાલા રાગના છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમૃતનો સાગર ભગવાન અંદર બિરાજે છે. આહા..હા..! ભાઈ! તું નિજપરમાત્મા છો. આહા..હા..! પરમાત્મા થયા એ તો એનામાં થયા ઈ, પણ તારું સ્વરૂપ જ નિજપરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! કેમકે જે પરમાત્મા સર્વજ્ઞ સર્વદર્શી થાય છે એ તો પર્યાયમાં પરમાત્મા થયા, પણ એ થયા ક્યાંથી? પરમાત્મસ્વરૂપ છે તેમાંથી પરમાત્માની પર્યાય આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને ઉણો અને વિપરીત ન માન. ભગવાન

આત્માને ઉણો અને વિપરીત ન માને. પૂરો અને અપરિમિત અનંત સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! અરે! આ કેમ બેસે એને? કોઈ દિ' જોયું નથી, સાંભળ્યું નથી. પરમાત્માની સાથે? પણ સાંભળતો ખરો. તારી શક્તિ અને સત્ત્વ જ પરમાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ...**' એમ ભાષા જોઈ! આહા..હા..! ભાઈ! પરમ શ્રદ્ધા કરવાનો તો કાળ છે. એ માટે કાળ નથી એમ નહિ એમ કહે છે. સ્થિરતા કરવાનો કેવળ થાય અને એવા કારણ. એનો તો અત્યારે.. આહા..હા..! આ '**નિજ પરમાત્મતત્ત્વ...**' મારો ભગવાન આત્મા પરમસ્વરૂપે પૂર્ણ વસ્તુ. એના શક્તિઓના સ્વરૂપ પૂર્ણ છે. એના ગુણનું સ્વરૂપ પૂર્ણ છે. નિજદ્રવ્ય જે છે એના સ્વભાવનું સ્વરૂપ પ્રત્યેક શક્તિ પૂર્ણ છે. એવા પૂર્ણ આત્મા ભગવાન એની શ્રદ્ધા કરજે. શ્રદ્ધાન જ કર્તવ્ય છે. આવશ્યક કીધું છેને? આવશ્યકમાં આ ન થઈ શકે તો આ તો કરજે! આહા..હા..! ભાઈ! એ જન્મ-મરણના ફેરા મટાડવા છે, નાથ! ચોર્યાસીના અવતાર કરી-કરીને ઘોદા ખાઈને મરી ગયો છે એ. એ શેઠિયા થયા, રાજા થયા એ બધા દુઃખીના દાળીયા થયા. સમજાણું કાંઈ? એમાં સુખ ક્યાંય નથી ધૂળમાં પણ. આહા..હા..! સુખસાગર તો ભગવાન તારો સુખના સાગરથી ભરેલો છે, ભાઈ! તને કેમ બેસે? નજરું ફેરવ્યા વિના નિધાન કેમ દેખાય? આહા..હા..! નજર તારી પર ઉપર છે એમાં આ નિધાન અંદર છે એ ક્યાંથી લાવ તું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું શબ્દના ઘા માર્યા છેને. આહા..હા..!

આવશ્યક ક્રિયા, જરૂરની ક્રિયા એ તો સ્વરૂપ, આનંદસ્વરૂપમાં લીનતા કરવી, નિર્વિકલ્પદશા કરવી એ એની આવશ્યકક્રિયા કહેવામાં આવે છે. શરીરની ક્રિયા આદિ એ તો જડ છે, વાણી આદિ જડ છે. એ નહિ. અંદર દયા, દાન અને વ્રતનો વિકલ્પ ઉઠે એ પણ અચેતન છે, એ ચૈતન્યની જાતનો નહિ ઈ. આહા..હા..! કેમકે એ રાગ નથી જાણતો પોતાને, એ રાગ નથી જાણતો અંદર આત્મા છે તેને. માટે એ શુભરાગ જે દયા, દાન, વ્રતનો છે એ પણ અચેતન છે. એની એવી ક્રિયા એને છોડીને સ્થિરતાની ક્રિયા, ચૈતન્યની ક્રિયા, જાણગની... જાણગની... જાણગની ક્રિયા, જ્ઞાનની સ્થિરતાની રમણતાની ક્રિયા એ આવશ્યકક્રિયા સત્‌ક્રિયા છે. એટલીબધી ન થઈ શકે શક્તિ નબળી હોય તો, પણ '**નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' એ તો આવશ્યક છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પરમસ્વરૂપે જેનો સ્વભાવ ભગવાન આત્મા એ આત્માને અહીં ભગવાન કહીએ છીએ હોં. એ ભગવાન થઈ ગયા એ ભગવાન પાસે રહી ગયા. એ ભગવાન સ્વરૂપે હતા ત્યારે ભગવાન પર્યાયમાં આવ્યા. એન્લાર્જ થઈ ગયું. એન્લાર્જ કરે છેને નાના ફોટાને મોટો. એમ આ શક્તિમાં પરમાત્મા પોતે છે, એની એકાગ્રતાથી એન્લાર્જ પરમાત્મા પર્યાયમાં થયા. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવું સાંભળવા મળવું મુશ્કેલ છે. કહીએ છીએને અશુભ પૂર્વ

અને અભૂતપૂર્વ એમ કહે છે. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! પરમેશ્વર જિનેશ્વર સર્વજ્ઞ પરમાત્મા એની વાણી એને પરમાગમ કહીએ. એ પરમાગમમાં આ કથન છે. સમજાણું કાંઈ?

'(હવે, આ ૧૫૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(शिखरिणी)

आसारे संसारे कलिविलसिते पापबहुले
न मुक्तिर्मार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।
अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां
निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम्।।२६४।।

આ તો સ્વાધ્યાય પણ કરતા નથી, શાંતિભાઈ! જે-તે સ્વાધ્યાય કરે. આ અધ્યાત્મ શાસ્ત્રનો સ્વાધ્યાય પણ કરતા નથી, કર્મની વાતું હોય અને કાંઈક કથા એક રાજા થઈ ગયો હોય અને પછી આ થઈ ગયો એવી વાતું સાંભળે. ધર્મ સાંભળી આવ્યા. આહા..હા..!

'**શ્લોકાર્થ :- અસાર સંસારમાં,...**' આહા..હા..! સંસાર આખો અસાર છે. પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપથી મળેલી સામગ્રીઓ બધી અસાર છે. આ '**અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં,...**' આહા..હા..! પાપથી, મિથ્યાત્વથી, રાગ-દ્વેષથી '**ભરપૂર કળિકાળનો વિલાસ...**' એ કળિકાળનો વિલાસ. આહા..હા..! '**આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી.**' આહા..હા..! છેને '**अनघ**' '**अनघजिननाथस्य**' વીતરાગ પરમેશ્વર, વીતરાગી પૂર્ણાનંદની દશાને પ્રાપ્ત એ '**નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી.**' આહા..! અત્યારે કેવળજ્ઞાન પામે એ દશા નથી. આ કાળ એવો છે કહે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે આરે તો અંતર્મુહૂર્તમાં. આહા..હા..! કઠિયારા લાકડા વેચવા નીકળ્યા હોય. આહા..હા..! એમાંથી એને મુનિ કોઈ મળ્યા અને .. સાંભળ્યું એણે. અરે! તું ભગવાન! આ શું કરે છે, ભાઈ! તું અનંત લક્ષ્મીનો ધણી. ઓલું નથી આવતું? ધનપાળ. ભીખંતો ધનપાળ. નામ ધનપાળ અને ભીખ માગતો. અને લક્ષ્મીચંદ કાંઈક આવે છેને. આકડા વેચતો લક્ષ્મી. એ આવે છે.

**શ્રોતા :-** ... ભીખ માગે ધનપાળ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઈ. એ આવે છે વાત. આહા..હા..!

અરેરે! આવા કાળમાં વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ જ્ઞાનીનો માર્ગ જે પરમેશ્વરનો એને વિષે અત્યારે મુક્તિ નથી. '**માટે, આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે?**' જેનાથી કેવળ પામે એવું અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એમ. અધ્યાત્મધ્યાન નથી એમ નહિ, પણ જેનાથી કેવળ પરમાત્મ થવાય એવું ધ્યાન અત્યારે નથી. આહા..હા..! '**તેથી નિર્મળબુદ્ધિવાળાઓ...**' આહા..હા..! '**ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે.**'

આહા..હા..! ચોર્યાસી લાખ યોનિમાં અનંત અવતાર કર્યા એનો ભય જેને થયો છે. ભવભય. આહા..હા..! એ '**ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને...**' હું પૂર્ણ આનંદસ્વરૂપ છું, પરમાત્મસ્વરૂપ છું. આહા..હા..! એવી શ્રદ્ધાને અંગીકાર કરે છે. એવી શ્રદ્ધાને આદરે છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૬, બુધવાર, તા. ૨૪-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૫, પ્રવચન નં. ૧૩૪

આ નિયમસાર. નિશ્ચય-પરમ-આવશ્યક અધિકાર છે. જીવને નિશ્ચય નામ સત્ય કાર્ય શું છે અને અવશ્ય કરવાલાયક શું છે એ વાત છે. ૧૫૫.

जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।
मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं।।१५५।।

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

જુઓ, અન્વયાર્થ કહીએ પહેલો. ઓલો પરીક્ષા શબ્દ પડ્યો છેને. અન્વયાર્થ છેને? '**જિનકથિત...**' સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એણે કહેલું. અન્વયાર્થ છે. જિનવરથી કહેલું. પરમેશ્વર જિનેન્દ્રદેવ વીતરાગ. એનાથી કહેલા '**પરમસૂત્રને...**' શાસ્ત્ર. ભગવાનની વાણીમાં જે આવ્યું એ પરમશાસ્ત્ર. સર્વજ્ઞ પરમેશ્વર. એને '**વિષે પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને...**' પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ અને પરમાવશ્યક. એ ભગવાનની વાણીમાં આ આવ્યું છે. એને સ્પષ્ટ પરીક્ષા કરીને. પ્રત્યક્ષ પરીક્ષા કરીને. આહા..હા..! '**मौनव्रतेन**' '**મૌનવ્રતસહિત યોગીએ...**' ધર્માત્માએ, મુનિઓએ '**નિજ કાર્યને નિત્ય સાધવું.**' આહા..હા..! આ શબ્દાર્થ થયો અન્વયાર્થ.

'**ટીકા :- અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.**' આહા..હા..! જે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એની સન્મુખ, અંતર્મુખ થયેલા. આહા..હા..! વ્યવહારની ક્રિયાકાંડના વિકલ્પથી ભિન્ન પડી ગયેલા. આ વ્યવહાર પડિક્કમણા આવેને. નમો અરિહંતાણં આ પાપ લાગ્યું મિચ્છામી દુક્કડમ એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. આહા..હા..! વ્યવહાર પ્રાયશ્ચિત્ત પાપ લાગ્યું હોય એ પણ એક શુભરાગ છે. વ્યવહાર પચ્ચખાણ એ પણ એક શુભરાગ છે, એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ પ્રાયશ્ચિત્ત એમ સમાધિ-સામયિક. સામાયિક કરીને બેસે કરમે ભંતે.. એ તો દેહની ક્રિયા

અને અંદર વિકલ્પ ઉઠે એ શુભરાગ છે, એ સામાયિક નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એ તો સાવદ્યયોગનો પચખાણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાવદ્યયોગનો અર્થ શું? એ શુભ વિકલ્પ રહે છે, પણ અંદર રાગથી રહિત સ્વરૂપમાં સ્થિરતા કરવી એનું નામ સામાયિક છે. સામાયિક એટલે સમતાનો લાભ. વીતરાગસ્વરૂપ આત્મા છે. એમાં એકાગ્ર થઈને વીતરાગી પર્યાયનો લાભ થાય એને સામાયિક કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સામાયિક કરીને બેસે નમો અરિહંતાણ... નમો અરિહંતાણં... કરીને બે ઘડી થઈ ગઈ સામાયિક. હવે એવા તો થોથા અનંતવાર કર્યા. એ તો એક શુભરાગ છે, પુણ્ય છે, એ ધર્મ નહિ, એ સામાયિક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન ચોવીસ તીર્થંકરોની સ્તુતિ એ પણ એક વિકલ્પ અને શુભરાગ છે. એમ વંદન, પ્રતિક્રમણ, પચ્ચખાણ એ બધો બહારનો શુભરાગ છે. એને વીતરાગના શાસ્ત્રોને પરીક્ષા કરીને એમાંથી નિર્ણય કરવો કે આ આત્મા આનંદસ્વરૂપ છે શુદ્ધ ચૈતન્ય જુઓ. **'સાક્ષાત્ અંતર્મુખ...'** જેમ શુદ્ધ અખંડ આનંદસ્વરૂપ ભગવાન છે પોતે. એના **'અંતર્મુખ પરમજિનયોગી...'** પરમ વીતરાગી સંતોને આ શિખામણ એને દેવામાં આવી છે. આહા..હા..!

**શ્રોતા :-** યોગીઓને પણ શિખામણ દે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ઉપદેશની શૈલી તો એવી જ હોયને. પ્રથમ તો સમ્યગ્દર્શનની વ્યાખ્યા સવારમાં ચાલે છે કે અભેદ અખંડ આત્મા ધ્રુવ જે દ્રવ્યસ્વભાવ એની દૃષ્ટિ કરવી, નિમિત્તની વિકલ્પ-રાગની અને પર્યાયની બુદ્ધિ છોડી દઈને. ઝીણી વાત, ભાઈ! જિનેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે. એ એક સ્વરૂપે ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ. અભેદ છે તેની દૃષ્ટિ કરવી, એનો આશ્રય કરવો ત્યારે તેને સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી થાય છે. આહા..હા..! એથી કહ્યું હતું કે વીતરાગે કહેલા શાસ્ત્રોમાંથી આ નિર્ણય કર, પરીક્ષા કર કે સાચી સામાયિક કોને કહેવી અને સાચું પ્રતિક્રમણ કોને કહેવું? સાચું આલોચના. કહે છેને ગયા કાળનું પડિક્કમણું અને ભવિષ્યના પચ્ચખાણ અને વર્તમાનના સંવર, પણ એ કહેવું કોને? પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ, પરમાવશ્યક. એ જિનવરના કહેલા શાસ્ત્રોમાંથી આવી પરીક્ષા કરીને અંદર શોધી લેવું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ...'** છે? શ્રીમદ્ સર્વજ્ઞ પરમેશ્વર શ્રી સ્વરૂપ લક્ષ્મીવાળા. સ્વરૂપની લક્ષ્મીવાળા શ્રીમદ્ ભગવાન. મણિભાઈ! આ વીતરાગ કેવા એમ કહે છે. આહા..હા..! આમ શ્રીમદ્ રાયચંદને એમ નથી કહેતા? એ આ શ્રીમદ્ અરિહંત ભગવાન કહે છે. શ્રી નામ સ્વરૂપની પૂર્ણ લક્ષ્મી મદવાળા એવી પૂર્ણ લક્ષ્મી જેને પ્રગટ થઈ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. એવું જેને એ શ્રીમદ્. શ્રી નામ સ્વરૂપની લક્ષ્મી મદવાળા. આહા..હા..! આ તમારી ધૂળની લક્ષ્મી એ નહિ. આ ધૂળમાં શું છે? એ તો માટી, જડ, ધૂળ છે. એ લક્ષ્મી ક્યાં છે? એ તો જડ છે, માટી છે, ધૂળ.

અહીંયાં તો શ્રીમદ્. પોતાનું સ્વરૂપ જેવું અભેદમાં ચિદાનંદ આનંદસ્વરૂપ પૂર્ણ હતું. એવું જેને અંતરના ધ્યાન કરીને જેની દશામાં પ્રગટ થયું એવા શ્રીમદ્ અર્હત્. શ્રીમદ્ અરિહંત ભગવાન. આહા..હા..! એના '**મુખારવિંદથી...**' એના મુખથી ઓમ ધ્વનિ છૂટી. આ લોકો સમજે એટલે 'મુખથી' એમ કહ્યું છે. બાકી આખા શરીરમાંથી એને ભગવાનને તો આખા શરીરમાંથી ૐ એવો ધ્વની ઉઠે. એને કાંઈ ઈચ્છા હોતી નથી. એ તો કેવળી-વીતરાગ છે. ઈચ્છા નાશ થયા પછી તો વીતરાગ થાય અને વીતરાગ પછી ત્રણ કર્મનો નાશ થઈને જેને કેવળજ્ઞાન થાય. આહા..હા..!

એના '**મુખારવિંદથી...**' મુખરૂપી અરવિંદ. અરવિંદ એટલે? કમળ. મુખરૂપી કમળમાંથી '**નીકળેલ સમસ્ત પદાર્થો...**' જગતના ત્રણકાળ અને ત્રણલોકના પદાર્થો '**જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ...**' એવી ભગવાનની વાણીની એ ચતુરશબ્દરચના. આહા..હા..! જેને ગણધરોએ ગુંથી. ભગવાનની વાણી ૐ શ્રીમદ્ નીકળી. ગણધરોએ ગુંથી. આહા..હા..! '**ચતુરશબ્દરચનારૂપ...**' ચતુરશબ્દરચના. આહા..હા..! એવું '**દ્રવ્યશ્રુતને...**' એવું દ્રવ્યશ્રુત ભગવાનની વાણીમાં કહેલું એ દ્રવ્યશ્રુત છે દ્રવ્યવાણી એ. આહા..હા..! એને '**વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક...**' આહા..હા..! એમાંથી કહે છે કે એ શોધી લેજે. '**શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...**' આહા..હા..! વ્યવહારની ક્રિયાનું કથન હોય, પણ એનું લક્ષ છોડી દેજે. આહા..હા..! અને એ બધું પુણ્યબંધનું કારણ છે.

ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી, એમાં કહેલું જે તત્ત્વ, એની જે રચના એને ચતુરવચનરચના કહેવામાં આવે છે. આહા..હા..! એની અંદરમાં '**દ્રવ્યશ્રુતને વિષે...**' એ વાણીમાં કહેલું શુદ્ધનિશ્ચયસ્વરૂપ. ભગવાનની વાણીમાં શુદ્ધનિશ્ચયસ્વરૂપ પ્રતિક્રમણ કોને કહેવું? પ્રત્યાખ્યાન કોને કહેવું? ઈ આત્માના આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્ર થવું, વીતરાગી પર્યાયથી અંદર લીન થવું એવું ભગવાનના શાસ્ત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનની વ્યાખ્યા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા દેખી? '**દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક...**' વ્યવહારસ્વરૂપ કહ્યું હોય એ તો એક જાણવાલાયક છે, પણ આદરવાલાયક આ કાઢ્યું એમાંથી કહે છે. શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ. આત્મક એટલે સ્વરૂપ. '**પરમાત્મધ્યાનસ્વરૂપ...**' એ દ્રવ્યશ્રુતમાં એ કહ્યું છે કે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સંવર, પ્રાયશ્ચિત્ત, સામાયિક, ચોવિસંથો એ કોને કહેવા? કે '**પરમાત્મધ્યાનસ્વરૂપ...**' પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા એનું ધ્યાન. સમજાણું કાંઈ? આહા..હા..!

આપણે આવી ગયું છે ૫૪માં. નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. ૧૫૪માં આવ્યું છે છેલ્લે. નિજ પરમાત્મતત્ત્વ અંદર આનંદનો નાથ ભગવાન પ્રભુ શુદ્ધસ્વરૂપે બિરાજમાન અંદર છે. એને પર્યાયથી પણ ભિન્ન વિકલ્પ જે ક્રિયા દયા, દાનની વિકલ્પની ક્રિયાનો રાગ એનાથી એ ભિન્ન ચીજ છે. એ પોતે પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! કેમ બેસે? નિજ

પરમાત્મસ્વરૂપ. આહા..હા..! છે? એના ધ્યાનસ્વરૂપ. એ શાસ્ત્રમાંથી આ કાઢજે. કે જે પરમાત્મસ્વરૂપ આત્મા તેનું ધ્યાન તે નિશ્ચયપ્રતિક્રમણ, તે નિશ્ચયસામાયિક, તે નિશ્ચયપ્રાયશ્ચિત્ત અને નિશ્ચયપચ્ચખાણ, એ નિશ્ચયસમાધિ, નિશ્ચયભક્તિ અને નિશ્ચયકર્તવ્ય. આહા..હા..!

**શ્રોતા :-** એટલા બધા એક સાથે કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા બોલ નાખ્યાને એક સાથે. પહેલું પડિક્કમણું, પછી પ્રતિક્રમણ, પછી આલોચના, પછી પ્રાયશ્ચિત, સમાધિ પછી ભક્તિ પછી આવશ્યક. એ બધા અધિકાર આવ્યા છે. આહા..હા..! છ આવશ્યક કહે છેને? મણિભાઈ! છ આવશ્યક. સામાયિક, ચોવિસંથો, વંદન, પડિક્કમણું, કાયોત્સર્ગ, પચ્ચખાણ છ આવશ્યક કહેવાય છે. એ તો બધી આવશ્યકની ક્રિયા એ બોલવું એ બધો વિકલ્પ છે, કહે છે. આહા..હા..! આ તો મૌનવ્રત મૌનપણું કરીને નિશ્ચયનયસ્વરૂપ આત્મક છેને આત્મક? શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મધ્યાનસ્વરૂપ. આહા..હા..! પૂર્ણસ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ કહે છે. દરેકનો આત્મા પરમાત્મસ્વરૂપે જ બિરાજે છે. આહા..હા..!

એવા '**પરમાત્માધ્યાનસ્વરૂપ...**' એ પરમાત્મા ત્રિકાળી, એનું ધ્યાન, એની એકાગ્રતા સન્મુખની. એ ધ્યાનસ્વરૂપ. એને '**પ્રતિક્રમણાદિ...**' કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત્ ચિદ જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે આત્મા. એ પરમાત્મા જ છે. પરમાત્મા છે એમાંથી પર્યાયે પરમાત્મા અરિહંત થાય છે. છે એમાંથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ બેસે .. એક જણે કહ્યું ત્યાં તો ભગવાન-ભગવાન આત્માને કહે છે. ભગવાન ક્યાં છે અત્યારે? અરે! સાંભળને ભગવાન, ભાઈ! તું ભગવાન જ છો અંદર. ધ્રુવસ્વરૂપે ભગવાન જ છો. એ પર્યાયમાં ભગવાનને પ્રગટ કરવો એનું નામ પરમાત્માનું ધ્યાન છે. આહા..હા..! કહો, સુમનભાઈ! આહા..હા..!

કહે છે કે ભગવાનના મુખે નીકળેલી વાણી મુખારવિંદથી. એમાં જે ગણધરોએ રચના કરી શાસ્ત્રની. એ શાસ્ત્રમાંથી આ ગોતી લેજે પરીક્ષા કરીને કે જે આ પરમાત્મસ્વરૂપ આત્મા, એનું ધ્યાન કરવું, એકાગ્ર થવું એ પ્રતિક્રમણ, એ સામાયિક અને એ ચોવિસંથો ને એ બધું એ છે. આહા..હા..! કહો, શશીભાઈ! આહા..હા..! ટીકા કેવી છે કે શાસ્ત્રમાંથી આ ગોતી લેજે. તું વ્યવહારની વાતું કરી છે એમાં રોકાઈશ નહિ. આહા..હા..! ભગવાન આત્મા શરીર, કર્મ એનાથી તો ભિન્ન છે, પુણ્ય-પાપના વિકલ્પો જે છે દયા, દાન આદિના એનાથી ભગવાન સ્વરૂપ તો ભિન્ન છે એનું. હવે એક સમયની જે પર્યાય છે વિકાસની જ્ઞાનનો અંશ આદિ વિકાસ, એક સમયની પર્યાયથી પણ આખું તત્ત્વ તો અંદર ભિન્ન છે. આહા..હા..! એક સમયની પર્યાય એટલે વિકાસનો અંશ છે એની પાછળ આખું તત્ત્વ દળ પડ્યું છે. જેમાંથી કેવળજ્ઞાન આવે, કેવળદર્શન આવે, આનંદ આવે એ વસ્તુ આખી પડી છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે પરમાત્મા પરમસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ નિત્ય આનંદ.

આહા..હા..! એનું ધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ. એમાં એકાગ્ર થવું ધ્યાન કરીને એનું નામ પ્રતિક્રમણ.

**શ્રોતા :-** ... કાળ થોડો હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ના પાડી છે. એટલે મૌન કરીને અંદરમાં ધ્યાન કર એ પ્રતિક્રમણ છે. આહા..હા..! આ તો નિશ્ચયસ્વરૂપ કીધુંને? એનું સાચું સ્વરૂપ પરમાત્મ છે તેનું ધ્યાન. આહા..હા..! એવી અખંડ ચીજ જે સત્ત્વ આત્મા એને ધ્યેય બનાવીને એમાં ધ્યાન કરવું એમાં એકાગ્ર થા. એનું નામ પ્રતિક્રમણ, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ અને આવશ્યક. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

શબ્દ એવો લીધો છેને '**શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ...**' ૐ ધ્વનિ ઉઠી. બાર જાતની સભા, નાગ ને વાઘ ને ઈન્દ્રો ને ગણધરો જે સભામાં બેઠા હોય છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે. એ તો દેહની વાત થઈ. ભગવાન અંદર બિરાજે છે જે આત્મા એ તો પૂર્ણ સર્વજ્ઞ પરમેશ્વર પ્રગટ દશા કરી તે છે. એના શ્રીમુખે જે વાણી નીકળી એવું જે દ્રવ્યશ્રુત. એ વાણી એ દ્રવ્યશ્રુત છે. ભાવશ્રુત તો અંદર આનંદની દશાની વેદના થાય તે ભાવશ્રુત. આ તો વાણી છે. આહા..હા..! એ વાણીમાંથી પરીક્ષા કરીને શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમધ્યાનસ્વરૂપ શું છે એનો નિર્ણય કરજે અને નિર્ણય કરીને પછી ધ્યાન એકાગ્ર કર. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! વીતરાગની વાણીમાં જ આ કહ્યું છે. પરમાત્માની વાણીમાં એ આવ્યું છે. ૐ ધ્વનિ ઉઠી આખા શરીરમાંથી. આવી વાણી ન હોય એને કાંઈ. કારણ કે એ તો ઈચ્છા વિનાની છેને. આ તો ઈચ્છા થઈ એટલે વાણીમાં ભેદ પડી જાય છે. ત્યાં ઈચ્છા નથી તો એકાક્ષરી ૐ ધ્વનિ ઉઠે. ભગવાનના શ્રીમુખે. આહા..હા..! એમાંથી રચાયેલી શાસ્ત્ર રચના. ગણધરોએ શાસ્ત્ર રચના કરી વાણીમાંથી. એમાં કહેલું શુદ્ધ પરમાત્મ નિશ્ચયસ્વરૂપ જે પરમાત્મા એનું જે એકાગ્ર ધ્યાન. એ પરીક્ષા કરીને કાઢી લેજે એમાંથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાનની વાણીમાં આમ આવ્યું છે એમ કહે છે. ભગવાનના કહેલા પરમાગમમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? આ પરમાગમ છેને જુઓને આ બધા પોણા ચાર લાખ અક્ષર. આ મંદિરનું નામ 'પરમાગમ' છે. આહા..હા..! ઈ બધા પોણા ચાર લાખ અક્ષર છે એ મુનિવરોના કહેલા. એ ભગવાન કહ્યા તે કહેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાંથી પરીક્ષા કરીને. આહા..હા..! પાઠ ઈ છેને? '**परीक्खऊण**' પરીક્ષા કરીને વ્યવહારથી ભિન્ન અને પરમાત્મસ્વરૂપ શુદ્ધ પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદનો ઘન ભગવાન એવો પરમાત્મા પોતે એમાં એની સન્મુખની એકતા ધ્યાનમાં એનું નામ પ્રતિક્રમણ, એનું નામ સામાયિક અને એનું નામ ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એથી આચાર્ય તો એમ કહેવા માગે છે કે આ ભાવની ક્રિયા નિશ્ચયની શાસ્ત્રમાં કહી છે, એમ કહે છે. અમે કહી છે એમ છે નહિ. આહા..હા..!

ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ. શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? શક્કરકંદ આવે છેને આ શક્કરિયા-શક્કિરિયા આપણે. એ શક્કરિયાની ઉપરની છાલની નજર ન કરો તો એકલો સાકરનો શક્કરકંદ એટલે સાકરનો પિંડ, મીઠાશનો પિંડ છે. આ શક્કરિયા. શિવરાત્રીમાં ખાય છેને. શક્કરનો પિંડ છે, મીઠાશનો પિંડ છે. આખું દળ છે. એ છાલનું લક્ષ છોડી દે. એમ ભગવાન આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પ છે એ તો છાલ છે. લાલ છાલ. એનાથી છાલનું લક્ષ છોડી દે તો અંદર એ આનંદનો ગાંગડો એકલો અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નાળિયેરનો દાખલો નથી આપતા નાળિયેર? નાળિયેર છેને? નાળિયેરના ઉપરના છાલા એ નાળિયેર નથી. અંદર કાચલી એ નાળિયેર નથી. કાચલીકોરની લાલ છાલ જે છે આ ટોપરાપાક કરતા ઘસીને કાઢે છે એ લાલ છાલ એ ટોપરું નહિ, એ નાળિયેર નથી. લાલ છાલની પાછળ જે શેર, દોઢ શેર ધોળો, મીઠો ગોળો તે શ્રીફળ. એ શ્રીફળ છે. એમ આ ભગવાન આત્મા આ શરીર છે એ તો છાલા છે. અંદર કાચલી તે આઠ કર્મ જડ છે. આઠ કર્મ એ કાચલી છે અને દયા, દાન, વ્રત અને કામ, ક્રોધના ભાવ થાય એ લાલ છાલ છે. અને લાલ છાલની પાછળ જે ભગવાન અંદર પુણ્ય-પાપની પાછળ આખો ગોળો એ આનંદનો કંદ અતીન્દ્રિય આનંદનું દળ છે. આહા..હા..! કહો, જયંતિભાઈ! આવો આત્મા હજી એણે સાંભળ્યો નથી કોઈ દિ'. આવો આત્માકંદ. એ ભગવાનના શ્રીમુખે વાણી નીકળતા એણે ભગવાન આત્માને આવો કહ્યો છે. આહા..હા..!

**શ્રોતા :-** આવો એટલે કેવો? આવો કહ્યો છે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અતીન્દ્રિય આનંદનું દળ એવો. શક્કરિયાનો દાખલો ન આપ્યો? લાલ છાલ છોડી દ્યો લક્ષમાંથી તો એકલો મીઠો શક્કરકંદ છેને? શક્કરકંદનો અર્થ સાકર જેવી મીઠાશથી ભરેલો. એમ ભગવાન આત્મા આ પરમાત્મા એટલે આત્મા. એ પરમાત્મા કેવો છે? અતીન્દ્રિય આનંદનું દળ ભરેલો આત્મા છે. આહા..હા..! અનાકુળ શાંતિના રસથી ભરેલો ભગવાન આત્મા છે એ કેમ બેસે? કોઈ દિ' ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે પરમાત્મા પોતે આત્મા. એમાંથી, શાસ્ત્રમાંથી આ શોધી લેજે. પરીક્ષા કરીને ગોતજે કે એ પરમાત્મસ્વરૂપ આવો એમાં ધ્યાન કરવું, એકાગ્ર થવું, સ્વસન્મુખ થવું, પરથી વિમુખ થવું, પરથી પરાઙ્મુખ થવું, સ્વથી સન્મુખ થવું. આહા..હા..! એવું '**ધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ...**' છેને? અંતરના આનંદસ્વરૂપમાં ધ્યાન કરવું એ પ્રતિક્રમણ, એ આલોચના, એ સંવર, એ પચ્ચખાણ, એ સમાધિ, એ સામાયિક, એ ભક્તિ, એ નિશ્ચયકર્તવ્ય આવશ્યક હોય તો એ કર્તવ્ય છે. આહા..હા..! ભારે આકરું! ભાઈ! તે કર્યું નથીને કોઈ દિ'. એ 'આવો હું છું' એવી તને માન્યતા થઈ નથી. હું તો એક પામર છું, આ છું, હું મનુષ્યું છું ને હું નારકી છું ને હું બાયડી છું. આહા..હા..! ભાઈ! એ તું નથી. એ તું સ્ત્રી નહિ, તું પુરુષ નહિ, તું નપુંસક નહિ, તું મનુષ્યગતિ નહિ. આહા..હા..! અને અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ

ઉઠે રાગ એ તું નહિ અને તારી વર્તમાન દશામાં અલ્પજ્ઞતા, અલ્પજ્ઞતા દેખાય છે એટલો તું નહિ. આહા..હા..! અલ્પજ્ઞ પર્યાયની પાછળ સર્વજ્ઞસ્વરૂપ આનંદનું દળ પડ્યું છે આખું. આહા..હા..! અરે! એ આત્મા કોને કહેવો એની ખબરું ન મળે. આહા..હા..!

શ્રીમદ્‌માં આવે છેને 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' શ્રીમદ્‌માં આવે છે. ૧૬ વર્ષની ઉંમરે. 'હું કોણ છું? ક્યાંથી થયો?' હું કોણ છું? હું તો આત્મા છું. 'ક્યાંથી થયો?' એ ક્યાંથી થાય? એ તો અનાદિનો છે. 'શું સ્વરૂપ છે મારું ખરું?' મારું ખરું સ્વરૂપ શું? ખરું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદનો કંદ એ મારું સ્વરૂપ છે. અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલું પૂર્ણ તે મારું સ્વરૂપ છે. આહા..હા..! 'એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો આત્મિક જ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા.' ૧૬ વર્ષે કહે છે. એ તો ૧૬ વર્ષ તો દેહની સ્થિતિ છેને. આત્માની ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક લીટીમાં... એક તો ભગવાનના શાસ્ત્રમાં, ભગવાનના શ્રીમુખે નીકળેલા શાસ્ત્રમાં નિશ્ચનયસ્વરૂપ જે આત્મા એની એકાગ્રતાનું જે અંદર લખાણ હોય, એમાંથી નિર્ણય કરીને કાઢી લેજે વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને...'** આહા..હા..! ભગવાનની વાણીનું શું કહેવું? કવિઓ પણ એવી રચના કરે કે જગતને ડોલાવી દે! તો આ તો ત્રણલોકના નાથની વાણી. આહા..હા..! ચતુરવચનરચના. જેને સાંભળીને ગણધરો ડોલી જાય, નાગ અને વાઘ બેઠા હોય સેંકડો નાગ ને વાઘ ને સિંહ બેઠા હોય સભામાં, જેની વાણી નીકળતી હોય, ગલુડિયાની જેમ સાંભળે. આહા..હા..! ભાઈ! તે ચીજ શું છે? આહા..હા..! એવા ભગવાનના શ્રીમુખે નીકળેલી ચતુર વચનની રચના એમાંથી તું શોધી લેજે કે નિશ્ચયનયસ્વરૂપ પરમાત્મા કોણ છે આ? આહા..હા..! અત્યારે તો બહારમાં એટલું સ્થુળ થઈ ગયું છે લોકોને કે આખો આત્મા મૂકે દે એકકોર. વર મૂકીને જાન. એ જાન ન કહેવાય. એ તો માણસના ટોળા કહેવાય.

**શ્રોતા :-** દરબારની જાન તો વર વિનાની જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર વિનાની જાય, તલવાર લઈને જાય ખબર છેને. એ તલવાર લઈને જાય. તલવાર સાથે ચાર ફેરા ફરે. બધી ખબર છે. આ તો બધું ઘણું જાણ્યું છેને ભાઈ અહીં તો. ૬૩ વર્ષ તો આ દીક્ષાના ચાલે છે. ૬૩મું આ માગશર સુદ નોમ. આમ ૮૬ ચાલે છે લ્યો. આમ ગર્ભના ૮૭ ચાલે છે. આહા..હા..! જન્મના બેસશે આ વૈશાખ સુદ બીજે ૮૭. આહા..હા..! અહીં તો નિવૃત્તિની જિંદગી પહેલીથી કાઢી છે. ઘરની પિતાજીની દુકાન એટલે નિવૃત્તિ-નિવૃત્તિ. અહીં કોઈની સાથે ધંધા-બંધા ઉપાધિ કાંઈ કર્યા જ નથી. દુકાને પણ ધંધામાં શાસ્ત્રના વાંચન કરતો. આહા..હા..! ભાઈ! તું કોણ છો આમાં? પહેલું જ પુસ્તક મને અધ્યાત્મકલ્પદ્રુમ મળ્યું. અધ્યાત્મકલ્પદ્રુમ. એક સુંદરમુનિ શ્વેતાંબરના હતા એમણે બનાવ્યું છે. પહેલું એ મળ્યું. ૬૫-૬૬ની સાલમાં. અધ્યાત્મકલ્પદ્રુમ. પણ વૈરાગ્યની વસ્તુ. તત્ત્વની

વસ્તુ નહિ. આહા..હા..! પણ સમયસાર જ્યાં મળ્યું ૭૮માં. આહા..હા..! 'ઓહો..! આ તો મારા ઘરની વાત છે, મારા ઘરનું શાસ્ત્ર આ, અશરીરી બનવાનું શાસ્ત્ર' એમ કહ્યું હતું. એક શેઠ હતા દામોદર શેઠ. ભોગીભાઈ ઓળખે નહિ? દામનગર-દામનગર દામોદર શેઠ. ભાવનગરમાં એની પેઢી હતી દામોદર. આ જગજીવન ગોપાળજીની. ભાવનગર જગજીવન ગોપાળજીની પેઢી હતી. ઈ વખતે તો પૈસાવાળા ઈ કહેવાતા. હવે તમે વધી ગયા. એની પાસે દસ લાખ હતા તે દિ'. પણ તે દિ' દસ લાખ એટલે? ૭૦ની સાલ પહેલાની વાત હોં. ૮૦ વર્ષની જુની દુકાન હતી જગજીવન ગોપાળજીની. એમના દીકરા હતા દામોદરભાઈ દામનગર. એને મેં કહ્યું. એને .. નહોતી. પણ એ વખતે હું આમાં હતો એટલે એ માને છે. ભાઈ! કીધું 'આ શાસ્ત્ર અશરીરી બનવાનું આ શાસ્ત્ર સમયસાર! સિદ્ધ થવાનું આ શાસ્ત્ર છે!' આહા..હા..! કોણ માનશે? એમ કહ્યું હતું એ વખતે તો. એ તો આમાં હતાને. એને ક્યાં ખબર છે કે આ છોડી દેશે. આહા..હા..!

ઈ આ વચનરચના દ્રવ્યશ્રુત. એમાંથી કહેલું નિશ્ચયસ્વરૂપ પરમાત્મા આત્મા. આહા..હા..! આ તો સમજાય એવું છે. આ ભાષા સાદી છે. કાંઈ એવી શું કહેવા માગે છે એ તો ખ્યાલ આવવો જોઈએને? આહા..હા..! વસ્તુ છેને? અસ્તિ છેને? આત્માની સત્તાની છેને? તો એ સત્તા છે એ પૂર્ણસ્વરૂપ છે. પર્યાયમાં અલ્પજ્ઞતા હોય એ તો છે અનાદિથી, પણ વસ્તુ છે એ તો પૂર્ણ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ ઈશ્વરતા એટલે પ્રભુતા. આહા..હા..! એવું જે આ પરમાત્મતત્ત્વ દ્રવ્યશ્રુતમાંથી એનામાંથી શોધી લેજે કે આમાં શું કહ્યું છે? આહા..હા..! ભગવાનની વાણીમાં આ કહ્યું છે. આહા..હા..! શુદ્ધ નિશ્ચય સ્વરૂપ જે પરમાત્મા ધ્રુવ. એનું ધ્યાન એટલે એમાં એકાગ્રતારૂપ પર્યાય. આહા..હા..! એનું નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સામાયિકને બધું એનું નામ છે. કહો, સમજાણું કાંઈ? શાંતિભાઈ! છે કે નહિ અંદર? આહા..હા..!

'**ચતુરશબ્દરચનારૂપ...**' વીતરાગની વાણીની રચના ચતુર શબ્દરચના એવી ત્રિકાળમાં બીજે હોઈ શકે નહિ. આહા..હા..! એવી જે પરમ આગમની વાણી એમાંથી શોધી લેજે કે નિશ્ચયનયસ્વરૂપ પરમાત્મા કોણ છે? આહા..હા..! એ સવારમાં ચાલે છે. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ત્રિકાળ, સત્યાર્થ વસ્તુ. એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન થાય છે. પ્રથમમાં પ્રથમ ધર્મની ભૂમિકા ત્યાંથી શરૂ થાય છે. આહા..હા..! 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા, ભાવધર્મ રુચિ હીન. ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' ભગવાનની સ્તુતિ કરી છે. ચંદ્રાનંદ ભગવાન. ૨૦ ભગવાન બિરાજે છેને મહાવિદેહમાં સીમંધર સ્વામી .. ૨૦ ભગવાન બિરાજે છે કેવળી તરીકે તીર્થંકર. એને સ્તુતિ કરતા કહ્યું છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા અને ભાવધર્મ રુચિ હીન' પ્રભુ! આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો એવો શુભભાવ એ દ્રવ્યક્રિયાના રુચિવાળા જીવો અને 'ઉપદેશક પણ તેહવા' જેવો જહલો જોગી એવી માલી મકવાણી. બેય સરખા. ઓલાને

કોઈ રાખતું નહોતું અને ઓલાને કોઈ દેતું નહોતું. તેમ ઓલાને રુચિ દ્રવ્યની એમાં કહેનારા એ મળે કે આ કરો... આ કરો... એ તમારે ધર્મ થાશે. આહા..હા..! એય..! મણિભાઈ! આહા..હા..! પણ અહીં તો કહે છે કે પ્રભુ! તું ઈ મૂકી દે અને અંદર નિશ્ચય સ્વરૂપ શું કહ્યું છે આત્માનું? અને એમાં ધ્યાન શું કહ્યું એ શાસ્ત્રમાંથી શોધી લેજે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! આ શું કહે છે આ તે આવું? અમે કરીએ છીએ એ કહે છે કે ધર્મ નહિ. એક પથરણે ૩૦-૩૦ સામાયિક કરતા અમારે બોટાદમાં. સામાયિકનું માસખમણ કહેવાય એ. એક પથરણે ૩૦ ચોવીસ કલાકમાં. બે ઘડીની કરેને ૪૮ મિનિટ સામાયિક એટલે ૨૪ કલાકની ૩૦ કહેવાય. એ પોપટભાઈ હતા. એક પથરણે ૩૦. આખી રાત જાગે. શું કર્યું? સામાયિકનું માસખમણ કર્યું આજે. ૩૦ કહેવાયને? એક સાથે ૩૦. એ વિકલ્પ હોય તો શુભરાગ છે. નહિ આત્મા શું છે? નહિ આત્મામાં કેમ જવાય? સાંભળેલું નહિને. આહા..હા..!

'**શુદ્ધનિશ્ચય...**' સત્યનયસ્વરૂપ. આહા..હા..! પરમાત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યધ્રુવ. એ શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મા. આહા..હા..! એવું નિશ્ચયસ્વરૂપ પરમાત્માનું ધ્યાન એમ. મૂળ તો ધ્યાનસ્વરૂપ ઉપર લઈ જવું છે. '**શુદ્ધનિશ્ચયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...**' ઈ. આહા..હા..! જ્ઞાયક પૂર્ણ આનંદસ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાન કરવું. આહા..હા..! એવું જે '**પરમાત્મધ્યાનસ્વરૂપ...**' '**શુદ્ધનિશ્ચયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ...**' એને પ્રતિક્રમણ કહેવું, એને સામાયિક કહેવી, એને ભગવાનની સ્તુતિ, પોતાની સ્તુતિ એટલે ભગવાનની સ્તુતિ કહેવી. અંતર ધ્યાનમાં એકાગ્ર થયો ઈ ભગવાનની સ્તુતિ. આહા..હા..! એ દેવ-ગુરુનું વંદન. દેવ પણ તું અને ગુરુ પણ તું. એમાં એકાગ્ર એ વંદન. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રતિક્રમણ પણ એને કહેવું કે જે શુદ્ધ પરમાત્મસ્વરૂપનું ધ્યાન. મૌનવ્રત લઈને એટલે કે મૌન થઈને વિકલ્પથી પણ લક્ષ છોડી દઈને. ત્રિકાળી પરમાત્મા ભગવાનસ્વરૂપ એમાં ધ્યાનમાં લીન થવું તેને પ્રતિક્રમણ પરમાત્મા દ્રવ્યશ્રુતમાં, પરમાગમમાં એને પ્રતિક્રમણ કહે છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એનું ધ્યાન એટલે ત્રિકાળી આનંદકંદમાં લીનતા. નિર્વિકલ્પ લીનતા. વીતરાગ પર્યાયરૂપી લીનતા. એને પ્રતિક્રમણ, સામાયિક એને જે કહો તે એ ક્રિયા છે ધર્મની. છે?

'**પ્રતિક્રમણાદિ સત્ક્રિયા...**' છે જુઓ. '**પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને,...**' ઓલામાં પડિક્કમણું હતુંને એટલે જાણીને કાઢ્યું. આહા..હા..! એ પરીક્ષા કરીને એટલે જાણીને કાઢ્યું છે એમાંથી. આહા..હા..! પરમાત્મા એ પરમાત્મા આ હોં. પરમાત્મા પણ ભગવાન નહિ, ભગવાન તો બીજા બહાર રહી ગયા. એનું ધ્યાન અને વિચાર કરવા જઈશ તો શુભરાગ થશે. આહા..હા..! '**પરમાત્મધ્યાનસ્વરૂપ...**' શુદ્ધનિશ્ચયસ્વરૂપ '**પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને, કેવળ સ્વકાર્યમાં પરાયણ...**' આહા..હા..! પોતાનું ધ્યાન એકાગ્ર તે સ્વકાર્યમાં પરાયણ. પોતાના કાર્યમાં પરાયણ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? નિયમસાર તો હશે

ત્યાં. વાંચ્યું છે કે નહિ? પૂરું નહિ વાંચ્યું હોય ઠીક. નોકરી આડે વખત ન મળે. આહા..હા..!

**'સત્ક્રિયા...'** જોયું? સત્ક્રિયા એ સત્ક્રિયા. વિકલ્પ શુભરાગ ઉઠે એ અસત્ક્રિયા. **નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં** એ વિકલ્પ ઉઠે એ અસત્‌ક્રિયા. એ પુણ્યબંધ, એ ક્રિયા નહિ આત્માની. આહા..હા..! ક્રિયાના પણ ત્રણ પ્રકાર. આ શરીર, વાણીની જે અવસ્થા થાય એ જડની ક્રિયા. અવસ્થાથી રૂપાંતર થાય એ બધી જડની ક્રિયા. આત્મામાં દયા દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ વિભાવિક રાગની ક્રિયા. હિંસા, જૂઠું, ચોરી, વિષયનો વિકલ્પ ઉઠે એ પાપની અશુદ્ધ ક્રિયા. અને એ પુણ્ય-પાપના વિકલ્પરહિત શુદ્ધ આનંદકંદમાં એકાગ્ર થવું તે સત્ક્રિયા. આહા..હા..! છે? **'પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને,...'** આહા..હા..! **'કેવળ સ્વકાર્યમાં પરાયણ...'** આહા..હા..! પોતાના કાર્યમાં તત્પર. જગતના કાર્ય કરી શકતો નથી. કોઈનું કાર્ય કરી શકે એ આત્મા નહિ. આહા..હા..!

**શ્રોતા :-** કોઈનું કામ .. તો પગાર કોણ આપે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો .. કહેવાણું હતું કે આ .. કાર્ય કરે છેને. કાંઈ કરી શકતો નથી. રાગ કરે છે.

**શ્રોતા :-** રાગ કરવાનો પગાર મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દુનિયામાં તો એવું ચાલે છે. આ ક્રિયામાં નિમિત્ત કહેવાયને એટલે એણે કર્યું. અમારે સુમનભાઈ હુશિયાર માણસ. તેલનું આ.. એથી કાંઈ પૈસા આવતા હશે? એ બધો સંસાર તો એવો જ ચાલે. અહીં તો કહે છે કે ધર્માત્મા એણે પોતાનું પરમાત્મસ્વરૂપમાં ધ્યાનથી એકાગ્ર થવું એ આત્માની સત્ક્રિયા એ પોતાનું સ્વકાર્ય છે. આહા..હા..! આવું તો સાંભળવા પણ મળે નહિ. આમ કરો સત્ક્રિયા. શું કહેવાય સિદ્ધપૂજા, કર્મદહન પૂજા, ફલાણી પૂજા. એય..! પૂજા... પૂજા... પૂજા... કાંઈ વાણીના ઠેકાણા મળે નહિ. વિકલ્પ ઉઠે ઓલો રાગ મંદ. એ પણ પાછું બીજાને એમ થાય કે કેવું અમે કરીએ? કેવી ક્રિયા કરીએ છીએ? આહા..હા..! આ ક્રિયા તો કોઈ દેખે નહિ, પોતે દેખે. એય..! આવો માર્ગ એને ઓળખતો ખરો, બાપા! કાલે આવી ગયુંને. એવું ન કરી શકે કદાચિત્ પણ શ્રદ્ધા તો રાખજે કે ઈ ધ્યાનમાં એકાગ્ર થવું એ જ સત્ક્રિયા છે. આવી સ્થિરતા ન કરી શકે, પણ શ્રદ્ધા તો એવી રાખજે કે હું પરમાત્મસ્વરૂપમાં સ્થિરતા એકાગ્ર કરું એ સત્ક્રિયા છે. આહા..હા..! જગતના પાણી ઉતરી જાય એવું છે આ તો બધા. શુભથી ધર્મ માને ને આ.. આહા..હા..! ભાઈ! માર્ગ વીતરાગનો છે આ. જુઓને આ વીતરાગતા ઉત્પન્ન થાય તે ધર્મ છે. જેમાં રાગ ઉત્પન્ન થાય એ ધર્મ વીતરાગનો નહિ. આહા..!

જે પરમાત્મસ્વરૂપ એમાં એકાગ્રતા ધ્યાનની એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય એ સત્ક્રિયા છે. એ વીતરાગનો ધર્મ છે. આહા..હા..! એ જૈનધર્મ છે. જૈનધર્મ કોઈ વાડો નથી. વીતરાગી મૂર્તિ પરમાત્મા પોતે એમાં ધ્યાન કરીને એકાગ્ર થવું અને વીતરાગી પર્યાય

પ્રગટ કરવી એનું નામ જૈનધર્મ છે. આહા..હા..! એ વાણિયા જ કરી શકે, બ્રાહ્મણ ન કરી શકે, એમ નથી. એ તો આત્મા હોય એ બધા કરી શકે. પૂર્ણતા માટે જુદી વાત છે. કેવળજ્ઞાન માટે. સમજ્યાને. સમ્યગ્દર્શન તો ચંડાળ પણ કરી શકે. નારકીનો જીવ હોય એ કરી શકે છે. અહીંયાંથી સાંભળ્યું હોય. કર્યું ન હોય. પછી ત્યાં જાય દુઃખ એટલું વેદન છે ત્યાં નરકનું. જેના દુઃખ દેખીને આંસુની ધારા ચાલે એવું એ દુઃખ વેદે છે નારકીમાં. એમાં એ અનંતવાર ગયો છે. એવા દુઃખના વેદનમાં પણ કોઈ પ્રાણી અંદર આત્મામાં ઉતરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. એટલે બહારથી આ સગવડતા હોય તો થાય, ખાવા-પીવાનું સરખું હોય, ઢીંકણું હોય, ફીંકણું હોય, રળનારા હોય પછી. એવું અહીં છે નહિ કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એનો પરમાત્મા એની પાસે છેને અંદર? નારકીનો જીવ પણ પોતે પરમાત્મા સ્વરૂપ છે. વસ્તુ તો પરમાત્મસ્વરૂપ જ છે. એમાં ધ્યાન કરે છે એકાગ્રથી. સમકિત પામે છે. આહા..હા..!

શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. મણિભાઈ! સાંભળ્યું છે? શ્રેણિક રાજા. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. શ્રેણિક રાજા નરકમાં છે અત્યારે. પહેલી નરકે ૮૪ હજાર વર્ષની સ્થિતિ. અઢી હજાર વર્ષ ગયા. સાડી એકાશી બાકી છે હજી. પણ ત્યાં એ સમકિત છે અને તીર્થંકરગોત્ર બાંધેલું. તીર્થંકરગોત્ર બાંધે છે ત્યાં પણ. આહા..હા..! અને ત્યાંથી જ્યારે નીકળશે આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર પદ્મનાભ નામના તીર્થંકર થશે. આહા..હા..! એ પ્રતાપ બધો સમ્યગ્દર્શનનો છે. એ સમ્યગ્દર્શન દ્રવ્યને આશ્રયે થાય છે એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો સમ્યગ્દર્શન ઉપરાંતની વાત છે. આહા..હા..! કે આત્મા જે અંદર છે. આ દેહ તો માટી, જડ. આ દેહ છે એ તો માટી, જડ છે. માટી, ધૂળ છે. અંદર કર્મ છે ઈ ધૂળ છે, જડ છે. અંદર જે પુણ્ય-પાપના ભાવ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ એ પુણ્ય પરિણામ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, રળવું એ બધા પાપ છે. એ પુણ્ય-પાપ બેય મલિનભાવથી ભિન્ન ભગવાન આત્મા અંદર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે અંદર આત્મા બિરાજે છે. શુદ્ધ પરમાત્મસ્વરૂપે આત્મા છે. આહા..હા..! 'અપ્પા સો પરમ અપ્પા.' આત્મા પોતે જ પરમાત્માસ્વરૂપ અંદર છે. બેસે કેમ તને? એક બીડી વિના ચાલે નહિ. બે બીડી પીવે સિગારેટની ત્યારે પાયખાને દસ્ત ઉતરે આવા તો ભાઈસાહેબના લક્ષણ. હવે એને કહે તું પરમાત્મા અંદર છો. વજુભાઈ! એમાં તો આ પાંચ-પચાસ લાખ મળે પૈસા અને બાયડી કાંઈક ઠીક હોય અને છોકરા ઠીક હોય તો થઈ રહ્યું હું પહોળો ને શેરી સાંકડી. આહા..હા..! હું કેટલો વધ્યો અને કેટલો આગળ ગયો? ધૂળમાંય ગયો નથી સાંભળને. નરકમાં ગયો છો આગળ. આહા..હા..!

અંદર દેહમાં બિરાજતો ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે અંદર. આહા..હા..! એ વર્તમાન

વિકારની પર્યાયને ન જોતાં તેનાથી લક્ષ છોડી દઈને. શરીર, વાણી તો જડ પર છે. પ્રભુ એનાથી તો લક્ષ છોડી દે. તું એ નહિ. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ તું નહિ, એ તો વિકાર છે, રાગ છે, ભાઈ! તને ખબર નથી. એ રાગથી અંદર ભિન્ન ચૈતન્ય તત્ત્વ જેને આત્મા ભગવાન કહે છે. આહા..હા..! એ પરમાત્માસ્વરૂપે બિરાજમાન ભગવાન આત્મા અંદર છે એનું ધ્યાન કરવું. એવું પરમાત્મસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરીને એમાં લીનતા થવી. આ એનું નામ પ્રતિક્રમણ અને ધાર્મિક ક્રિયા ને સામાયિકને એ જ ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. બાકી બધા થોથા ધાર્મિક ક્રિયા નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ..રામજી! આવી વાતું ભારે, ભાઈ!

અહીં એ ભગવાન કહે છે કે પરમાત્માના શ્રીમુખે નીકળેલી વાણી તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ભગવાન અહીંયાં હતા મહાવીર આદિ. એના શ્રીમુખે નીકળેલી ૐની ધ્વનિ. એમાં શાસ્ત્રમાં આ કહ્યું છે કે તું એક પરમાત્મસ્વરૂપ નિશ્ચય છો એનું અંદર ધ્યાન કર, એનું ધ્યેય બનાવીને ધ્યાન કર. એ ક્રિયાને ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવ રોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! પાગલ જેવી વાતું કહે છે, એમ કહે છે. એય..! સુમનભાઈ! આવી ક્રિયા ધાર્મિક? દેરાસર જઈએ, જાત્રા કરીએ, ભક્તિ કરીએ, લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચીને મંદિર કરીએ. હવે લાખ શું કરોડ તારા કરને. એ ક્યાં તું છો? એ ક્યાં ધર્મ છે? આહા..હા..! એમાં રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! ધર્મ તો પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે. એની અંદરમાં ધ્યાનમાં એકાગ્ર થવું એવી ક્રિયાને ભગવાન ત્રિલોકનાથ સત્ ક્રિયા કહે છે. વજુભાઈ! આહા..હા..! બહુ લાગે. માણસને સાંભળવા પણ મળ્યું નથી. શું અંદર કોણ છે એ સાંભળવા મળ્યું નથી અને હું વિનાનું હાંકે રાખ્યું બધું. વર વિનાની જાન જોડી દીધી. ઓલા કહે વર તો નથી. એને માણસના ટોળા કહેવાય. જાન ન કહેવાય. જેમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર સર્વજ્ઞ પરમેશ્વરે જોયો છે એવા આત્માને જેણે દૃષ્ટિ કરી નથી, એને જેણે ઓળખ્યો નથી. એના વિનાની આ બધી ક્રિયાઓ સામાયિક ને પોષા ને પડિક્કમણા કરે એ બધા થોથા છે. એકડા વિનાના મોટા મીંડા ચક્કરડા છે. વજુભાઈ! અહીં તો સોનગઢ છે. આ કાંઈ કોઈ સંપ્રદાય નથી. સંપ્રદાયમાં હોય તો કાઢી મૂકે. આ તો સોનગઢનું પાદર નાનુ ગામ અને પાદરમાં પડ્યા છીએ અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? એક લીટીમાં કેટલું કહ્યું છે! આહા..હા..!

સત્ક્રિયા કહી છે અને તે જ પોતાનું સ્વકાર્ય છે. અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ આનંદ અતીન્દ્રિય આનંદની ગાંઠડી પ્રભુ છે. આહા..હા..! અરે! કેમ બેસે એને? અહીં બાયડીમાં સુખ છે ને પૈસામાં સુખ છે ને હોળીમાં. આ હોળી એટલે હજીરા. બે, પાંચ, દસ લાખના

મકાન કરેને. વાસ્તુ કરે અને બે-પાંચ હજાર ખર્ચે. એય..! ખુશી-ખુશી! ધૂળેય નથી સાંભળને. રાગના પ્યાલા ઝેરના છે એ તો બધા. આહા..હા..!

**શ્રોતા :-** રાગના છે પણ એ કરવો તો જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? કરે એ માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અહીં તો રાગ થાય તેને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને જાણે. ઝીણી વાત ભગવાન! આહા..હા..! અરેરે! મનુષ્યપણા મળે અને ઢોરને મનુષ્યપણા મળ્યા નથી. એ જો સમજ્યા વિના જાય તો ઢોર અને માણસના અવતારમાં કાંઈ ફેર નથી. ભલે એ કરોડપતિ થયો હોય, ધૂળપતિ થયો હો. એ પૈસા એટલે ધૂળપતિ. લખપતિ ને કરોડપતિ એમ કહે છેને? ધૂળનો ધણી. એ આત્માનો ધણી નથી. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપી પ્રભુ અંદર બિરાજે છે. ધ્રુવસ્વરૂપ જેનું શાશ્વતસ્વરૂપ છે. એવી ચૈતન્યની શક્તિનું સત્ત્વ તત્ત્વ એને અંતરમાં એકાગ્ર થઈને તેમાં લીન થવું એનું નામ સમ્યગ્દર્શન છે, એમાં એકાગ્ર થવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે, એમાં એકાગ્ર થવું એનું નામ સમ્યક્ ચારિત્ર છે. બાકી બધી વાતું એકડા વિનાના કોરે કાગળે મીંડા. લાખ મીંડા હોય તોપણ કહે એકડા વિનાના અંક ન ગણાય. આહા..હા..! એમ જેમાં આ ભગવાન આત્મા આવ્યો નથી. એવી બધી ક્રિયાને આત્મા ન કહેવાય. એ તો જડની ક્રિયા, વિકારની ક્રિયા કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ?' એ વિસામાનું વાક્ય છે. આહા..હા..! અંતરમાં સમજ્યા વિના વિસામા મળે એવા નથી. આહા..હા..! સંસારના થાક ઉતારવા માટે આનંદના નાથમાં ઠરવું એ થાક ઉતારવો વિસામો છે. આહા..હા..!

એક ફેરી કહ્યું હતું પોરબંદરમાં ભાઈ ઓલા મોટા-મોટા અમૃતલાલભાઈ હતા અને ઓલો એક કોણ તમારો વનેચંદ મોદી. મોટા વનેચંદ મોદી હતા રાજકોટમાં. મોટા અધિકારી. ન્યાયધીશ હતા. પાંચસો-સાતસોનો પગાર હતો. તે દિ ૮૭ની વાત છે. એ કહે કે આ મહારાજ શું બધું હંબક વાતું કરે છે. મેં કીધું સાંભળતો, આવો તો ખરા એકવાર. તમારા બે-પાંચ હજારના પગાર અને દસ હજારના પગારવાળા કોણ છે એની ખબર નથી અમને? એકવાર આવો. પંદર દિ' સાંભળો. મોટા અધિકારી હતા. પંદર દિ' સાંભળ્યું. તો કહે મારે આ વાત તો બીજી. આ તો સત્ય વાત છે. તમારા .. ખોટેખોટા ઉડાવો છો એ વાત નથી આ. આ હંબક નથી, આ તો પરમસત્ય છે. પછી બિચારાએ કહ્યું હતું નહિ? આના દીકરા છેને? ભગવાનદાસને? ભગવાનદાસ એના દીકરા? મોહનલાલ મોટા ડોક્ટર છે. મોટો ડોક્ટર છે મુંબઈમાં. આહા..હા..! ભગવાન! તે તારી વાત સાંભળી નથી, પ્રભુ! તું કોણ અને કેવડો અને ક્યાં છો એની તને ખબર નથી. આહા..હા..! એ અહીં કહે છે કે તું કેવડો અને ક્યાં છો એમ જોઈને, જાણીને. આહા..હા..! એને ધ્યેય બનાવીને એમાં એકાગ્ર થવું એનું નામ પરમાત્મા સત્ ક્રિયા અને ધાર્મિક ક્રિયા મોક્ષના કારણરૂપ માર્ગ એને કહે છે. આહા..હા..!

સુમનભાઈ! આવી વાત છે. સંપ્રદાયમાં તો મળે એવું ક્યાંય નથી. હો.. હા... હો... હા... બસ આ કરો ને આ કરો ને આ કરો. સેવા કરો. દેશ સેવા કરો અને ફલાણું કરો. ધૂળેય કરી શકતો નથી સાંભળને. પરની સેવા કોણ કરે? શરીરનું કરી શકતો નથી. આ તો માટી જડ છે, ધૂળ છે. એને તું રાખી શકતો નથી. એની જે પર્યાય થવાની હોય તે થાય. પણ તારાથી થાય છે એમાં? હું આત્મા અને આ તો જડ, માટી, ધૂળ. કહો શરીરનું કરી શકે નહિ એ બીજાનું કરી દે દેશની સેવાને ઈ. મિથ્યા અભિમાનીઓ છે અજ્ઞાની. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે કે '**કેવળ સ્વકાર્યમાં પરાયણ...**' આહા..હા..! પોતાનો શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એમાં એકાગ્રતા. પણ એ શું ચીજ છે એની ખબર નહિ એકાગ્ર કરવું શેમાં? સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્યઘન છે એવું ગુરુગમે, શાસ્ત્રથી બરાબર જાણી અને અંતરમાં ઓળખીને પછી એમાં લીન થવું આહા..હા..! એને ભગવાન મોક્ષનો માર્ગ, એને ભગવાન સત્ક્રિયા અને એને મોક્ષના કારણરૂપ સાચી ક્રિયા કહેવામાં આવે છે. કહો, જયંતિભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આ તો ઢંઢેરા પીટીને વાત ચાલે છે આ. છે? '**સ્વકાર્યમાં પરાયણ પરમજિનયોગીશ્વરે...**' પછી શું કરવું એ કહે છે. એ રાગાદિ છોડીને સ્થિર થાવું. એ વિશેષ કહેશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર વદ-૮, ગુરુવાર, તા. ૨૫-૧૨-૧૯૭૫**
**ગાથા-૧૫૫-૧૫૬, કળશ-૨૬૫-૨૬૬ પ્રવચન નં. ૧૩૫**

અંતમાં જે ભગવાન કર્મરહિત, વિકારરહિત અને અનંત... એવો એ ભગવાન આત્મા એમ એકાગ્ર અંદર ધ્યાનમાં. આહા..હા..! તે સ્વરૂપમાં એકાગ્રતા આનંદની ધારા વહે એ સત્ક્રિયા છે. આહા..હા..! એ '**કેવળ સ્વકાર્યમાં પરાયણ...**' જોયું! આહા..હા..! ધર્મમાં પરાયણનો અર્થ આ. શુભભાવની ક્રિયામાં પરાયણ એ ધર્મપરાયણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની સત્ક્રિયા આ હોય એમ જાણીને '**કેવળ સ્વકાર્યમાં પરાયણ...**' ઓહો..હો..! કેવી ભાષા! આ ગાગરમાં સાગર ભરી દીધા, શાંતિભાઈ! આહા..હા..! '**પરમયોગીશ્વરે...**' પરમયોગીશ્વર. મુનિની મુખ્યતાથી વાત છેને? આહા..હા..! '**પરમજિનયોગીશ્વર...**' પરમ જિન નામ રાગના અભાવસ્વરૂપ રાગને જીતનારો, યોગી એટલે સ્વરૂપમાં જોડાણવાળો. એમાં પણ ઈશ્વર. આહા..હા..! સમકિતી પણ યોગી છે. જે સ્વરૂપમાં એકાગ્રતા કરે છે એ તો યોગી છે ઈ. આહા..હા..! અને આ મુનિ છે એ તો પરમજિનયોગીશ્વર

છે. આહા..હા..!

**'સમસ્ત પરિરચનાને પરિત્યાગીને,...'** શુભ કે અશુભ વચનરચનાને છોડી દઈને, .. દઈને. આહા..હા..! છે? દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ સંગ છોડી દે. આહા..હા..! આવો માર્ગ એવો લાગે માણસને. .. આસક્તિ છોડી. સમાજ, ફમાજ, દેવ, ગુરુનો સંગ છોડી દે, કહે છે. **'એકલો થઈને...'** છે? આહા..હા..! એમાં એવું બહું લખ્યું છે. એકલો હોય તો તો જંગલમાં જઈને ભય પામે સિંહ અને વાઘ એવો એકલો પામશે. પણ સમાજનું આઘેડું કરશે તો આમ. દુનિયાને પણ ... સમજાને કોણ કરે? તું અનંતગુણનો સમાજ પ્રભુ તું છો. એમાં એકાગ્ર થાને. એ સમાજનું કર્તવ્ય છે. આહા..હા..! એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં એ નિશ્ચય તો કરે કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપમાં સન્મુખ થઈને એકાગ્ર થાય તે જ એક કાર્ય જીવનું છે મોક્ષને માટે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ સંગની આસક્તિ...'** ભાષા દેખો, પહેલા **'વચનરચનાને પરિત્યાગીને...'** એમ કીધું, પછી અંદર સંગની આસક્તિને છોડીને. ઓલો રાગને છોડીને. આહા..હા..! **'સર્વ સંગ...'** એમાં કાંઈ બાકી રહ્યું? દેવ, ગુરુ અને શાસ્ત્રનો પણ સંગ છોડી દઈને એમ કહે. આહા..હા..! એની આસક્તિને છોડીને. **'એકલો થઈને,...'** આહા..હા..! એકલો **'મૌનવ્રત સહિત,...'** આહા..હા..! **'સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં...'** લ્યો, એકલો છે. હવે એકલા તો કૂતરા પણ કામ કરે, એમ કહે. એક આવ્યો હતો સાધુ, નહિ? ચેતનજી! નહિ ઓલો એક આવ્યો હતો. સુરસાગર-સુરસાગર. એ .. હતા. ત્યાં હીરાભાઈના મકાનમાં આવ્યા હતા. એકલા તો કૂતરા પણ પેટ ભરે. બીજાનું કરે એ ઓલો કહેવાય. ઉપાધ્યાય હતો કોક. અરેરે! શું ભાઈ તું કહે છે કીધું આ. આવ્યો હતો એક. ઉતર્યો હતો. કલ્યાણજી-આણંદજી. આવ્યો હતો અહીં. .. પશુની .. કેટલાક એમ કહે છે કે લ્યો એકલા ખૂણામાં બેઠી, જંગલમાં જઈને આત્માનું કરવું, આત્માનું કરવું. એવું પશુજનો એની નિંદા કરે તો એને સાંભળીને અંદર પોતે ઠરવું. પશુની નિંદાનું લક્ષ ન કરવું. જોયું! આહા..હા..!

**'સમસ્ત પશુજનો...'** આહા..હા..! **'(પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં...'** આહા..હા..! અજ્ઞાનીઓ નિંદે કે આ શું લ્યો! વ્રત કરવા ને તપ કરવાને એને છોડી દઈ અને ધ્યાન કરીએ... ધ્યાન કરીએ... ધ્યાન કરીએ... એમ પશુજનો અજ્ઞાની મૂર્ખ વડે નિંદવામાં આવતા છતાં. આઘડીએ આવશે. આમાં નથી લખ્યું. પાનું છે બીજું આગળ. **'અભિન્ન રહીને,...'** **'છિન્ન-ભિન્ન થયા વગરનો; અખંડિત; અચ્યુત.'** કહો, જગત કહે એથી શું છે? આહા..હા..! જગતના પ્રાણી તો એ સ્વાર્થી! એને કાંઈક સમજાવે, એને બોલે કહે તો એ ઠીક કહેવાય. આ એકકોર કહે કે અમે આત્માનું કરીએ, આત્માનું કરીએ. આહા..હા..! એમ મૂર્ખ જનો વડે **'નિંદવામાં આવતો હોવા છતાં...'**

અખંડ અભેદ ઉપર દૃષ્ટિ રાખીને અભિન્ન રહે. આહા..હા..! એવા નિંદાના વાક્યો સાંભળીને ખંડ-ખંડ ન કરે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો સ્વભાવ એમાં એકાગ્રતા ન છોડે. આ.. ગમે તે નિંદા આદી હોય તો. એમ કહે છે અહીં. એકલાની વાત છે ભાઈ અહીં તો. એકલો કરે અને એકલો રહે અને એકલો ભોગવે અને એકલો મોક્ષ જાય. આવી છેને એ ગાથા આવી છે. આહા..હા..! બીજાની સાથે શું સંબંધ છે? એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે સર્વે સંબંધો નિષેધઃ. આહા..હા..! શરીરના રજકણ સાથે આત્માને સંબંધ નથી. આ તો સ્વતંત્ર જગતની ચીજ છે. આહા..હા..! એનું ચાલવું, બોલવું, પરિણમવું એ તો જડને આધિન છે. આત્માની પર્યાય ઉપર-ઉપર એ કામ એની મેળાએ એનું કરે છે. આહા..હા..! આત્માની પર્યાયમાં એનો પ્રવેશ નથી, તેમ ભગવાન આત્માની પર્યાયનો એ જડમાં પ્રવેશ નથી. એવી રીતે એકલો રહીને પોતાના આત્માના સ્વભાવમાં. આહા..હા..! ભારે કામ, ભાઈ!

એક જણો કહેતો હતો ત્યાં આગ્રામાં. પંડિત હતો એક. કેવો કીધો? બાબુલાલ. લાંબો હતો. આગ્રામાં વ્યાખ્યાનમાં. માણસ બહુ આવે હજારો. પાટણીના મકાનની પાછળ વ્યાખ્યાન ચાલતું. એ વ્યાખ્યાન સાંભળ્યું અને ઉભો થયો. ઓહો..! ભારે આનંદ. કરના ધરના કુછ નહિ અને આનંદ બહુત. એમ કહે કે અહીં કાંઈ જાત્રા કરવી કે ભક્તિ કરવી કે શાસ્ત્ર સાંભળવા કે વાંચવા કે કહેવા કે એવી તો ક્રિયા કાંઈ નહિ અને આનંદ... આનંદા. આહા..હા..! કોઈની દયા પાળવી કે કોઈ દુઃખીને મદદ કરવી કે મંદિર બનાવવા એવું કરવું-ધરવું કાંઈ નહિ અને આનંદ બહુ. એમ કરીને મશ્કરી કરી. પંડિતજી! બાપુ! શું કરવું, ધરવું? ભાઈ! આ પંડિત આગ્રાના.

**શ્રોતા** :- કરવા-ધરવાનું એને અભિમાન હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અમે આમ કરી દઈએ, અમે આમ કરી દઈએ. સભાને રંજન કરીએ, સભા રાજી થઈ જાય. અમે એવો ઉપદેશ આપીએ કે દરેડો દાનનો-પૈસાનો થઈ જાય.

**શ્રોતા** :- પૈસા અમે રાખીએ નહિ પણ લઈએ ખરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ તો વળી રામવિજય કહે છે. અમે પૈસા રાખીએ નહિ? પણ ઉપદેશ આપીને પૈસાનો ઢગલો કરાવીએ ખરડો કરાવીને. અરે! કોણ કરાવે, ભાઈ! આહા..હા..! આવો માર્ગ ભારે!

**'અભિન્ન રહીને, નિજકાર્યને—કે જે નિજકાર્ય...'** આહા..હા..! ભગવાન પરમાત્મા સ્વરૂપનું કાર્ય નામ પરિણતિ પર્યાય નિર્મળ. આહા..હા..! એવા કાર્યમાં **'કે જે નિજકાર્ય નિર્વાણરૂપી...'** હવે એ નિજકાર્ય કેવું છે ઈ? જે પોતાના આનંદસ્વભાવમાં એકાગ્રતારૂપી ક્રિયા એ નિજકાર્ય કેવું છે? **'નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે...'** મોક્ષરૂપી પરિણતિ નિર્મળ આનંદ, એનો જે ભોગ એટલે અનુભવ, એના સુખનું આ ક્રિયા નિજકાર્ય

તે મૂળ છે. આહા..હા..! પોતે ભગવાન આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિસ્વરૂપ પ્રત્યક્ષ વસ્તુ. એમાં એકાગ્રતા, એમાં રમણતા, એવું જે નિજકાર્ય એ '**નિર્વાણરૂપી સુલોચના...**' અનંત જ્ઞાન જેને પ્રગટ્યા છે નિર્વાણમાં. એ સુલોચનાના અનુભવની સુખની એ મૂળ ક્રિયા છે. આ સત્ક્રિયા એ મોક્ષનું કારણ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક પંડિત એમ કહેતો હતો. અમે તો જ્ઞેયની વાત ભિન્ન-ભિન્ન કરીએ અને અધ્યાત્મવાળા આત્મા... આત્મા... આત્મા... કર્યા કરે. વાત તો સાચી એની. ભાઈ! આત્મા સિવાય બીજી કઈ ચીજ છે કે જેમાં લીન થવાય? આહા..હા..! લીન થવામાં તો એક જ વસ્તુનું સ્વરૂપ છે એમાં લીન થવાનું છે. એમ કે ઈ એકની એક વાત આવે ત્યાં. પણ એકની એક ભિન્ન-ભિન્ન રીતે પણ એને ધ્યેયને પકડવાની વાત છેને? અમે તો જ્ઞેયની વાતું કરીએ તો લોકો આહા..હા..! ધર્માસ્તિ આમ છે ને પરમાણુ આમ છે અને અનંત પરમાણુ આમ છે. પરમ ઔદારિક શરીર ભગવાનને હોય. તેથી એને રોગ ન હોય, આહાર ન હોય. જુઓ, એવી વાતું કરીએ તો લોકોને કેટલું સારું લાગે. આહા..હા..! અહીંયાં તો આત્મા અંદર જે ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. આહા..હા..!

**શ્રોતા :-** .. પરમ ઔદારિક શરીર હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! એ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા પરમાત્મતત્ત્વ છો ભગવાન! એમાં એકાગ્ર થા. એકાગ્રતા ક્યારે થાય? કે એ વસ્તુની દૃષ્ટિ થાય અને એને ઓળખે. ઓળખે પછી એની દૃષ્ટિ થઈને એમાં એકાગ્ર થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિર્વાણરૂપી પરિણતિ નિર્મળ મોક્ષદશા. એ રૂપી સુલોચના એટલે પરિણતિરૂપી સ્ત્રી એનો સંભોગ એનું સુખનું મૂળ ઈ છે. આહા..હા..! એના અનુભવનું સુખ એનું મૂળ આ સત્ક્રિયા છે. વચ્ચે વિકલ્પ ઉઠે એ મોક્ષનું કારણ છે. મોક્ષના માર્ગ બે છે. એ બે નથી એક જ છે આ એમ કહે છે. મોક્ષના માર્ગનું કથન બે પ્રકારે છે. નિરૂપણ. એક નિશ્ચય અને સાથે રાગ હોય એને આરોપ કરીને કહેવાય છે, પણ છે તો એ બંધનું કારણ. વસ્તુ તો આ એક જ મોક્ષનું કારણ છે આ એમ કહે છે. આહા..હા..! દુનિયા રાજી થાય, ન થાય. દુનિયા ખુશી થઈને કહે વાહ રે વાહ એમ કહે કોઈ. અભિનંદન આપે તોપણ શું? અને નિંદા કરે તોપણ અમારા આત્માને શું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિંદા કરે તો આત્માની નિંદા ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની થાય નિંદા? નિંદા તો જડની ભાષા છે. આત્માને શું છે? આહા..હા..! એ તો કહ્યુંને નિંદામાં આવે તો આવો અમારે શું છે? આહા..હા..! અનંતગુણની ગાંઠડી આત્મા છે. એ ગાંઠડાને ખોલવા માટે એકાગ્ર થા. એ એની ક્રિયા છે. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ આને માર્ગ કહે છે. આહા..હા..! સમજાણું

કાંઈ?

'**તેને—નિરંતર સાધવું.**' જોયું! એ નિજકાર્યને કે જે કાર્ય મોક્ષનું કારણ છે અને મોક્ષનું કારણ મોક્ષ એટલે પરમા આનંદના અનુભવનું કારણ. એવા કાર્યને નિરંતર સાધવું. પરનું કરવું અને આ કરવું એવું કાંઈ છે નહિ આમાં. આહા..હા..! ભાષણ કરતા આવડે અને લોકો રંજન થાય અને ડોલી ઉઠે. એ કાંઈ આત્માનું કાર્ય છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? વાણી અને શરીર જ જ્યાં આત્મામાં નથી. એ વાણીથી કામ લેવું ને આહા..હા..! સમજાણું કાંઈ? '**નિરંતર સાધવું.**' એમ શબ્દ છેને? '**अनवरतं**' સંસ્કૃત છે. '**अनवरतं साधयेदिति**' આહા..હા..! એના જ્ઞાનમાં અને એના બાહ્ય વ્યવહારશ્રદ્ધામાં એ નિર્ણય તો કરે કે આ અંતરમાં એકાગ્ર થવું એ જ મોક્ષની ક્રિયા છે, કોઈ બીજી ક્રિયા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(હવે, આ ૧૫૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**'

(मंदाक्रांता)

हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी
शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।
मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा
स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः।।२६५।।

'**શ્લોકાર્થ :- આત્મજ્ઞાની મુમુક્ષુજીવ...**' આહા..હા..! જુઓ, એને મુમુક્ષ કહ્યા. જેને આત્મા પરમાત્મસ્વરૂપ છે એવું જ્ઞાન કરે તેને આત્મજ્ઞાની અને મુમુક્ષુ કહ્યા. શાસ્ત્રના જાણનાર અને આના જાણનાર એમ ન કહ્યા. આહા..હા..! '**આત્મજ્ઞાની...**' આત્મજ્ઞાની. આત્મા પરમાનંદ અને અનંતગુણનો પિંડ પ્રભુ એનો જ્ઞાની, એને જાણનારો. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનો જાણનારો અને ભાષણ કરતા સરખું આવડે એમ વાત ન લીધી. એ કાંઈ આત્માનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મજ્ઞાની...**' આત્મજ્ઞાની. આત્મા પૂર્ણાનંદનો નાથ અભેદસ્વરૂપ તેનું જ્ઞાન, તેનો જ્ઞાની. આહા..હા..! '**મુમુક્ષુજીવ પશુજનકૃત...**' અરે! અજ્ઞાનીને ખબર ન હોયને આ તત્ત્વની એકાગ્રતા. બાહ્યપ્રવૃત્તિ અને ક્રિયાકાંડમાં જે ધર્મ માનતા હોય એને અહીંયાં ધર્મ આમાં ન થાય એમ કહે તો પછી નીંદા જ કરે બીચારા. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પરમ આનંદસ્વરૂપમાં પરાયણના કાર્યની વાત છે આ તો. રાગની ક્રિયામાં પરાયણ એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ...**' મોક્ષનો જ અભિલાષી છે. '**પશુજનકૃત લૌકિક ભયને...**' લૌકિકના ડરને ત્યજી દઈને. આહા..હા..! '**તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચાને છોડીને...**' આહા..હા..! એ શુભ-અશુભ વાણી એ સંસારનું કારણ છે.

આહા..હા..! એટલે કે શુભ-અશુભ વાણીમાં પાછળ વિકલ્પ, શુભરાગ એ સંસારનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને પાંડવો. પાંચ પાંડવો એકલા શેત્રુંજય ધ્યાનમાં મસ્ત. દુર્યોધનના ભાણેજ આવીને લોઢાના ધગધગતા પહેરાવ્યા. લ્યો, આ રાજ. તમારે રાજ જોઈતું હતુંને અમારા મામાનું? આહા..હા..! લોઢાના ધગધગતા મુગટ મૂક્યા. લોઢાના અહીં પહેરાવ્યા. કડા પહેરાવ્યા. પગમાં પહેરાવ્યા. આહા..હા..! સ્વરૂપના ધ્યાનમાં લીન થઈ. આહા..હા..! ત્રણ જણા તો મોક્ષ પામ્યા—ધર્મરાજા, ભીમ અને અર્જુન. બે સહદેવ અને નકુલને એટલો એક વિકલ્પ આવ્યો કે ભાઈને કેમ હશે? આહા..હા..! ..છે. મારાથી મોટી ઉંમરના છે. સાધર્મી અને સહોદર. એક ઉદરમાં રહેલા અને અહીંયાં સાધર્મી. આહા..હા..! એવો એક શુભવિકલ્પ. શુભ છે એ તો. અહીં શેત્રુંજય છે. આહા..હા..! ત્યાં ત્રણ તો સીધા મોક્ષ પધાર્યા છે. બેને આટલો વિકલ્પ આવ્યો ત્યાં સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય ૩૩ સાગરનું બંધાઈ ગયું. કેવળ થઈ ગયું ૩૩ સાગરે આઘુ. આહા..હા..! આ તો શુભ પ્રશસ્તરાગ હતો. ફક્ત 'મુનિઓને કેમ હશે?' એટલો વિકલ્પ હતો. આહા..હા..! કેવળજ્ઞાન ૩૩ સાગર દૂર થઈ ગયું અને ત્યાંથી હજી મનુષ્ય થઈને પણ અમુક વર્ષો પછી કેવળ થાશેને. આહા..હા..! એ શુભ અને અશુભરાગ અને વાણી ઘોર સંસારનું કારણ. આહા..હા..! છે?

'**ઘોર સંસારની કરનારી...**' આહા..હા..! મુનિઓને કાંઈ પડી છે? આવું કહેતા લોકો. એની વાણી શુભ અને શુભરાગ. એ સંસારનું, ઘોર સંસાર, ભવને ઉત્પન્ન કરે. એ સર્વાર્થસિદ્ધનો જીવ ત્યાં ગયો અહીંથી પણ એ ઘોરસંસાર છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કનક-કામિની સંબંધી મોહને તજીને,...**' સોનું અને સ્ત્રી. એના સંબંધીની વૃત્તિ છે, મોહ છે તેને છોડી દઈને. આહા..હા..! '**મુક્તિને માટે પોતે પોતાનાથી...**' આહા..હા..! એવો માર્ગ લાગે. આ એવું છે. આ તો લુખ્ખાલહ જેવો માર્ગ. કોઈનું કાંઈ કરવું નહિ, કોઈને દુઃખી દેખીને. ભાઈ! શું કરે, બાપા! ભાઈ! એક આંખની પાંપણ ફરે એ આત્માનું કાર્ય નથી. એ તો જડનું કાર્ય છે. .. તને એ આત્માનું કાર્ય નહિ, બાપુ! એ તો જડનો તે સમયનો જન્મક્ષણ છે, જડની પર્યાય થવાનો, જડમાંથી જન્મ ઉત્પત્તિનો કાળ છે. એ શું કરે વાણીને? આહા..હા..!

અહીં તો કહે છે એ શુભભાવ પણ... આહા..હા..! મુનિને પણ શુભભાવ હોય તો કહે સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? '**મુક્તિને માટે પોતે પોતાનાથી...**' ભાષા દેખો, કર્તા પોતે અને પોતાનાથી, પોતાના જ. વીતરાગભાવથી વીતરાગભાવમાં અંદરમાં. આહા..હા..! જેનું ફળ અનંત આનંદ મુક્તિ, એનો ઉપાય તો અલૌકિક હોય કે નહિ? જેનું ફળ મુક્તિ એટલે અનંત... અનંત... અનંત... અનંતકાળ આનંદ. આહા..હા..! જેના અનંત... અનંત... અનંત... પ્રગટ્યો આનંદ તે અનંતકાળ રહેવાનો એમનેમ. પરિણતિરૂપે. એનો એ આનંદ ન રહે. બીજે સમયે બીજો. એવા આનંદની જાત એ રહે. એટલે જ્યારથી પ્રગટે તે અનંતકાળ.

આહા..હા..! એનો ઉપાય તો કોઈ અલૌકિક હોય કે નહિ? આહા..હા..! એ તો આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ છે એમાં લીનતા એ નિજકાર્ય એ મુક્તિનો ઉપાય એ **'એ પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે.'** આહા..હા..! સ્થિર થઈ જાય છે જેમાં ફરે નહિ પછી કદી. આહા..હા..!

ધ્રુવના ધ્યેયે જે સ્થિરતાનો અભ્યાસ એ કાયમની સ્થિરતા પ્રગટ કરે એ એનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતે પોતાથી પોતામાંથી થી, થકી પાંચમી. પોતામાં જ. જ્ઞાન અને આનંદનું ધામ ભગવાન એમાં પોતામાં જ. એકાંત નથી થતું? એ એકાંત જ માર્ગ છે. છે 'જ'? આહા..હા..! ભાઈ! કથંચિત્ પોતાનું કાર્ય અને કથંચિત્ રાગનું. બે મોક્ષનું કારણ. અનેકાંત માર્ગ છે ભગવાનનો સ્યાદ્વાદ છે. અંતરની શક્તિથી પણ મુક્તિ થાય, રાગ વ્યવહારથી પણ થાય. એમ સ્યાદ્વાદ છે જ નહિ. એ તો ફુદડીવાદ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? **'અવિચળ સ્થિતિને પામે છે.'** આવું કાર્ય થતાં નિજાનંદમાં લીનરૂપી કાર્ય થતાં અવિચળ સ્થિતિને પામે છે. એ સ્થિતિ બદલે નહિ એવી દશાને, મુક્તિને પામે છે. આહા..હા..! એ ૨૬૫ થયો. ૨૬૬.

(वसंततिलका)

भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं
मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम्।
आत्मप्रवादकुशलः परमात्मवेदी
प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम्।।२६६।।

**'શ્લોકાર્થ :- આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ...'** આહા..હા..! આત્માનું જેમાં કથન છે એ શાસ્ત્રમાં એ પ્રવિણ છે. આહા..હા..! બીજું કરણાનુયોગ અને બીજાની વાત જુદી, પણ આત્માના એ વસ્તુમાં જે છે એમાં પ્રવીણ છે. સમજાણું કાંઈ? **'(આત્મપ્રવાદ નામના શ્રુતમાં)...'** એટલે જેમાં આત્માનું કથન છે, આત્મપ્રવાદ જેમાં આત્મા જ કહ્યો છે, એમાં જે શ્રુતમાં કુશળ છે મુનિ. **'એવો પરમાત્મજ્ઞાની મુનિ...'** લ્યો! પહેલામાં આત્મજ્ઞાની કહ્યો છે. આ પરમાત્મજ્ઞાની. પરમાત્મસ્વરૂપ જે ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ભગવાન એ દ્રવ્ય. એનો જ્ઞાની, એનું જ્ઞાન તે જ્ઞાની તે પર્યાય. આહા..હા..!

**'પરમાત્મજ્ઞાની મુનિ...'** પરમસ્વરૂપ જે ભગવાન આત્મા મહાપરમસ્વરૂપ. નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ આનંદ. શાશ્વત આનંદસ્વરૂપ એવો ભગવાન આત્મા એનો જાણનાર. એનો જાણનાર. એવો મુનિ. આહા..હા..! **'પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડી...'** અરે! દુનિયા શું કહેશે? આ તે આવડ્યું નહિ. જ્ઞાન કરતા આવડ્યું નહિ. બાપુ! ઉપદેશ દેતા આવડ્યું નહિ. આ મૌન થઈને બેઠા છે કે અમે ધ્યાન કરીએ છીએ. એમ લોકો કહે છે, ભાઈ! આહા..હા..! **'પશુજનો વડે...'** આહા..હા..! વાસ્તવિકત તત્ત્વથી વિરુદ્ધ અજ્ઞાની જે છે.

એ તો એમ કહે કે સર્વસંગને છોડી. લ્યો! ..વૃદ્ધ, માંદા છે અને કહે અમે તો ધ્યાનમાં જાશું. અમે તો ધ્યાન કરશું. એ સ્થિતિમાં ઉભો હોય તો તો તેને લક્ષ રહે કે આ છે. પણ જ્યાં ધ્યાનમાં જ અંદર ચડી ગયો અને એનું લક્ષ પણ ન હોય બહારમાં. બહારની સેવા-ક્રિયા કરવી નથી અને સંગને ધ્યાનમાં બેસી જાય. ધ્યાનમાં બેસી જાય. એની નિંદા કરે.

એવા '**ભયને છોડીને...**' આહા..હા..! '**પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને,...**' આહા..હા..! '**(પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળ...**' વચનની ચતુરાઈ ને ડહાપણ. આહા..હા..! એ વચનની ચતુરાઈને છોડી દે. આહા..હા..! એ '**સકળ લૌકિક જલ્પજાળ...**' જલ્પ નામ વચનજાળનો સમૂહ તજી દે. આહા..હા..! '**શાશ્વતસુખદાયક એક નિજતત્ત્વને પામે છે.**' આવો આત્મા ત્રિકાળી ધ્રુવ શાશ્વત વસ્તુ એ સુખદાયક તત્ત્વ. આહા..હા..! શાશ્વત આનંદદાયક ભગવાન આત્મા. આહા..હા..! '**એક નિજતત્ત્વને પામે છે.**' શાશ્વત આનંદદાયક એક નિજતત્ત્વ. એને એ ધ્યાની ધર્માત્મા તેને પામે છે. સમજાણું કાંઈ? દુનિયા જાણે, ન જાણે, માને, ન માને એની સાથે શું સંબંધ છે? આહા..હા..!

નિહાલભાઈએ નથી કહ્યું? એ અનંતા સિદ્ધો પડ્યા છે એને કોઈ જાણે છે? કે આ સિદ્ધ અહીંનો અને આણે આવું કર્યું હતું. અસંખ્યાતા સમકિતી તિર્યંચ અઢી દ્વીપ બહાર પડ્યા છે. પાંચમા ગુણસ્થાનવાળા. આનંદસ્વરૂપમાં લીન છે. આહા..હા..! હજાર યોજનના શરીર લાંબા છે. ચાર હજાર ગાઉ. એવું કહે છે કે આ મચ્છ છે એને અમે ઓળખીએ છીએ એ અમારે સંબંધી થાય છે? કોઈ ઓળખતા નથી. એટલે ન ઓળખે એટલે એનું ધર્મપણું ચાલ્યું જાય છે? અને લોકો ઓળખે તો જ ધર્મપણું રહે એમ છે? આહા..હા..!

'**જલ્પજાળને તજીને,...**' ભાઈ આટલું આ કહે છે તો મારે એટલો ઉત્તર આપીને એનું સમાધાન કરવુંને. એ છોડી દે મૂકને પડતું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સકળ લૌકિક જલ્પજાળને તજીને, શાશ્વતસુખદાયક એક નિજતત્ત્વ...**' ભગવાન આત્મા. અતીન્દ્રિય આનંદનો પ્યાલો પર્યાયમાં ફાટ્યો છે અનંત આનંદ. એને એ પામે છે. આહા..હા..! એ ૧૫૫ ગાથા થઈ. ૧૫૬.

**णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।**
**तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो।।१५६।।**

આહા..હા..! ગજબ કામ કરે છેને.

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.**

વાદ કરવા કોની સાથે જઈશ તું? નહિ બેસે. મફતનો હેરાન થઈશ. આહા..હા..! નિશ્ચયની

વાત કરે ત્યાં ઓલો વ્યવહારની કાઢશે. વ્યવહારની નિશ્ચય-ઉપાદાનથી વાત કરશે ત્યારે લોકો નિમિત્તથી થાય, જુઓ, આ ઠેકાણે આમ છે. બે કારણ હોય તો કાર્ય થાય એમ કહો અને તમે કહો છો કે એક કારણથી કાર્ય થાય. આહા..હા..!

**'અન્વયાર્થ :- નાના પ્રકારના જીવો છે...'** નાના એટલે અનેક. અનેક પ્રકારના જીવ છે. ભવિ, અભવિ. આહા..હા..! **'નાના પ્રકારનું કર્મ છે,...'** એની પાસે. ઘણી જાતના કર્મ છે. તે .. સ્થિતિ કોઈ એવી. અને **'નાના પ્રકારની લબ્ધિ...'** ઉઘાડ છે. ઉઘાડ પણ અનેક પ્રકારના જીવને. કોઈને કાંઈક ઉઘાડ, કોઈને કાંઈક ઉઘાડ. આહા..હા..! **'તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચનવિનાદ વર્જવાયોગ્ય છે.'** તમે નહિ. તમારી વાત ખોટી છે. તમે નહિ. હવે એ નહિ માને. શું થાય કહે? એની લબ્ધિની યોગ્યતા જ એટલી હશે. અને કર્મના પ્રકાર ઘણા પડ્યા છે. જીવની જાત અનેક પ્રકાર છે—અભવિ, ભવિ, દુર્ભવિ. આહા..હા..! માટે પોતાના સાધર્મી સાથે, પણ કે વિધર્મી સાથે. આહા..હા..! **'વચનવિવાદ વર્જવાયોગ્ય છે.'** સમજાણું કાંઈ? આહા..હા..!

**'ટીકા :- આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે...'** વચનસંબંધી વેપાર-જોડાણ. એનાથી નિવૃત્તિ એના હેતનું કથન છે. **'(અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે.)'** **'જીવો નાના પ્રકારના છે :'** નાના એટલે? અનેક પ્રકાર. **'મુક્ત અને અમુક્ત,...'** આહા..હા..! કોઈ સિદ્ધ છે, કોઈ સંસારી છે, કોઈ ભવ્ય છે, કોઈ અભવ્ય છે, આહા..હા..! કોઈ મોક્ષ જવા લાયક છે અને કોઈ મોક્ષ જવા લાયક નથી. **'સંસારીઓ—ત્રસ અને સ્થાવર.'** આહા..હા..! કોઈ ત્રસ છે- બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. કોઈ એકેન્દ્રિ છે—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. દ્વિઈન્દ્રિય છે, ઈયળાદિને બે ઈન્દ્રિઓ છે એવા જીવો જગતમાં. આહા..હા..! **'ત્રીંદ્રિય,...'** છે. કીડી, મકોડાના જીવ, **'ચતુરિંદ્રિય...'** છે. .. **'તથા (પંચેન્દ્રિય)...'** છે. નારકી પંચેન્દ્રિય આદિ મનુષ્ય. **'સંજ્ઞી...'** છે. મનવાળા કેટલાક છે. **'ને (પંચેન્દ્રિય) અસંજ્ઞી...'** છે. આહા..હા..! જેને મન નથી. **'એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે.'** સમજાણું કાંઈ? બે ઈન્દ્રિય કહ્યુંને? ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી એમ. આહા..હા..! ત્રસ છેને પહેલુ? ત્રસ અને સ્થાવર એ ત્રસની વ્યાખ્યા કરી પહેલી.

પછી સ્થાવરની. **'પૃથ્વી,...'** જીવ છે. આહા..હા..! ખાણમાં પૃથ્વી હોય છેને પાણી દળ, આ કાચું મીઠું એ પૃથ્વી છે. શરીર પૃથ્વીના છે અને એનામાં જીવ છે એને પૃથ્વીકાય કહેવામાં આવે છે. આહા..હા..! સીધો સંચળ હોય છે. કાચું સીધું સંચળ-સંચળ એ પૃથ્વી છે. આ લાદીના પથરા હોય છે. એ પૃથ્વીકાય જીવ છે. ઓલામાંથી નીકળેને? ખાણમાંથી ખાણ. પૃથ્વીમાં. એ પૃથ્વી છે. **'પાણી,...'**ના જીવ. આ કૂવાના, અવેડાના. એક બિંદુમાં

અસંખ્ય તો શરીર છે. એક-એક શરીરે એક-એક જીવ. આવા અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જગતમાં છે. તું કોને સમજાવા જઈશ અને કોની સાથે વાદવિવાદ કરીશ? કહે છે. આહા..હા..!

ઓલામાં આવે છેને ઓલા મુનિ ગયા હતા હસ્તિનાપુરમાં. મૌન હતા. આચાર્યે કહેલું કે આવશે તો ઉપસર્ગનું કારણ છે. બોલશો નહિ. ઓલા શું કહે દિવાન. મંત્રી. બલી-બલી. ગુરુને જ્ઞાન હતું .. જોયું કે આવશે તો ઉપસર્ગ છે કે ભાઈ! કોઈ બોલશો નહિ. આવીને પગે લાગે. જડ જેવા બેઠા હતા. .. બલી. શું થાય? આહા..હા..! એ પાછા વળતા એક સાધુ વહોરવા ગયા હશે. એને કાંઈ ગુરુએ કીધું એને ખબર નહિ અને વહોરીને જ્યાં આવે ત્યાં સામો મળ્યો એ બલી મંત્રી. એમ બોલ્યો, જુઓ આ પેટ ભરીને પશુ જેવો ચાલ્યો આવે છે. આહા..હા..! મુનિને એમ થયું, ભાઈ! આપણે પશુ છીએ કે કેમ જો તારે આપણે ચર્ચા કરીએ વાત. ચર્ચા કરતા હારી ગયો ઓલો. એને ખબર નહિ કે આ મુનિ આવા! આ એકલા નગ્ન શું પશુ જેવા છે? હારી ગયો. આહા..હા..! .. ઘરે વયો ગયો બલી. અને અહીં મારી નાખવા પાછો તલવાર લઈને નીકળ્યો પાછો રાતે. આમ મુનિ ગયા ગુરુ પાસે. આમ થયું છે, મહારાજ! અરે! મેં તને ના પાડીને. પણ મને તો ખબર નહિ. જાવ ત્યાં. જે સ્થાનમાં હાર્યો એ સ્થાન. મૌનપણે રહેજો ત્યાં ધ્યાનમાં. આવ્યો ઓલો નીકળ્યો હતો. મુનિને મારી નાખવા માટે નીકળ્યો હતો. સમુદાયમાં અંદર. ત્યાં વચ્ચે ઉભો હતો એ મુનિ. તલવાર ખેંચી ત્યાં તો અદ્ધર રહી ગઈ. ... આહા..હા..! પછી તો એને બહુ પગે લાગ્યો અને .. આવું હોય છે કહે છે. આહા..હા..! કોઈ સાથે વાત.. એને સમાધાન કરવા જાય તો એવું એને સમાધાન નહિ થાય. આ તો પુણ્યનો યોગ હતો તો વળી બચાવ થઈ ગયો. આહા..હા..! એવા આત્માઓ સાથે ચર્ચામાં રોકાવું નહિ, કહે છે.

એ અગ્નિ એક જીવ છે. આ દિવાસળી, '**વાયુ અને વનસ્પતિ એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે.**' ભવિ-અભવિની વ્યાખ્યા કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૧૦, શનિવાર, તા. ૨૭-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૬-૧૫૭, કળશ-૨૬૭ પ્રવચન નં. ૧૩૬

ખરેખર શું કર્તવ્ય છે, જરૂરનું શું કાર્ય છે એનો અધિકાર છે. જરૂરનું એ કાર્ય છે કે આત્મા ચૈતન્યસ્વરૂપ અખંડ આનંદ એવો જે એનો ત્રિકાળી સ્વભાવ. એમાં એની દૃષ્ટિ કરી અને શ્રદ્ધા કરવી. એના સંગે જે સ્વસંવેદન જ્ઞાન થાય. જે જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા

એ ચારિત્ર. એ આત્માનું ધાર્મિક જીવનું નિશ્ચય કર્તવ્ય અવશ્ય આ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઘરનું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ઘરનું કરી શકે? આ બધા ગિરધરભાઈને કાર્યકર્તા કહેવાય. કોના કરે? આહા..હા..! અહીંયાં તો ભગવાન એમ કહે છે કે આત્મા સિવાય પરપદાર્થની કોઈ પર્યાય આત્મા કરી શકતો નથી. એટલે એ પ્રશ્ન ઉડી જાય છે કર્મ કરું છું. આહા..હા..! શરીર અને વાણી, મનનું પણ આત્મા કરી શકતો નથી. કેમકે એ પરદ્રવ્ય છે. આહા..હા..! તો રહ્યા એમાં પુણ્ય અને પાપના ભાવ, શુભ અને અશુભભાવ એ પણ વિકારી કર્તવ્ય છે, એ કાંઈ એનું નિશ્ચય કર્તવ્ય નથી. આહા..હા..! અને એ વિકારી પરિણામ કરવાલાયક છે એ બુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! બહારનું કરવાની તો વાત પણ ક્યાં છે? અરેરે!

અહીં તો એ લેવું છેને. પોતે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્યબિંબ જ્ઞાયકભાવ ધ્રુવ તેમાં ધ્રુવને સન્મુખ થઈને, નિમિત્ત ને રાગ ને પર્યાયથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને એકાગ્રતા કરવી એ એનું જરૂરી, અવશ્ય કાર્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ અવશ્ય કાર્યમાં કહે છે કે જીવ અનેક પ્રકારના છે. એની સાથે તારા વિચારોને બીજાને સમજાવાની આકુળતા કરીશ નહિ. બીજાનું કરવું તો એકકોર રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એવી આકુળતા ન કરવી કે આ મારા વિચારો છે અને બીજાને બેસાડી દઉં. સમજાણું કાંઈ? આહા..હા..!

બધા જીવો સમાન વિચારના થાય એમ કોઈ દિ' બને નહિ. એટલે વિચાર ભેદવાળા સાથે વાદવિવાદ ન કરવો. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવનું કર્તવ્ય નથી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! અહીં તો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જે શરીર, વાણી, કર્મથી ભિન્ન અને પુણ્યના પાપના વિકલ્પની લાગણીથી ભિન્ન સર્વજ્ઞ ભગવાને એ આત્માને જોયો એ વિકારથી, દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન અને એ આત્મા અનંત-અનંત સ્વભાવથી અભિન્ન. સમજાણું કાંઈ? એવો જે ભગવાન સ્વભાવસ્વરૂપ. એની સન્મુખતા થઈને જે પરિણતિ કરવી એ અવશ્ય કર્તવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દેશને સુધારી દેવા કે માણસના પોતાના વિચાર જેવા કરાવી દેવા કે એવી ઉતાવળ ન કરીશ, કહે છે. સમજાણું કાંઈ? કેમકે જીવ અનેક પ્રકારના છે. ત્યાં આવ્યું છે આપણે.

મોક્ષને થવાને લાયક ભવ્ય જીવો હોય, એમાથી વિપરીત અભવ્ય જીવો છે. કોઈના દ્રવ્ય કર્મ જુદાં, ભાવકર્મ ભિન્ન, નોકર્મ શરીર આદિ એવા ભેદોને લીધે અનેક પ્રકારના કર્મ છે. તું કોને સમજાવા જઈશ? આહા..હા..! સમજાણું કાંઈ? એમ આઠ કર્મની પ્રકૃતિ. એના પેટાભેદ એકસો ને અડતાલીસ. એવા ભેદોને લીધે અનેક પ્રકારના કર્મની જાત છે. '**તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર ઉદયભેદોને લીધે,...**' એ કર્મના ઉદયના ચાર પ્રકાર. '**તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર...**' એ '**કર્મ નાના પ્રકારનું છે.**' આહા..હા..! '**જીવોને સુખાદિની**

**પ્રાપ્તિરૂપ લબ્ધિ...'** સુખ-દુઃખ સંસારની કલ્પનામાં. એની લબ્ધિ પણ અનેક પ્રકારની છે. કોઈને **'કાળ,...'** કાળ એટલે ક્ષયોપશમભાવ. જીવનો ક્ષયોપશમભાવ પણ ભિન્ન-ભિન્ન છે. એની જ્ઞાનની પર્યાયમાં ઉઘાડ, વિવિધતા ક્ષયોપશમનો અનેક પ્રકાર છે. એક.

**'કરણ,...'** અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, અધઃકરણ આદિ પરિણામ છેને? સમ્યગ્દર્શન પામવાના કાળમાં જે. એ પણ જગતના ભિન્ન-ભિન્ન પરિણામ છે. આહા..હા..! **'ઉપદેશ,...'** દેશનાલબ્ધિ. એને દેશના મળે છે એ પણ ભિન્ન-ભિન્ન જાતના જીવને ભિન્ન-ભિન્ન મળે. **'ઉપશમ,...'** વિશુદ્ધિ. કર્મની વિશુદ્ધિ પણ ભિન્ન-ભિન્ન જાતની છે **'અને પ્રાયોગ્યતારૂપ...'** કર્મની સ્થિતિ ઘટીને અંતઃક્રોડાક્રોડી થાય એ પ્રાયોગલબ્ધિ પણ અનેક પ્રકારની જગતને છે. **'ભેદોને લીધે પાંચ પ્રકારની છે. માટે પરમાર્થના જાણનારાઓએ...'** આહા..હા..! પરમાર્થ એવો જે ભગવાન જ્ઞાયકસ્વભાવ. એ જાણનારના એને જાણનારાઓએ **'સ્વસમયો અને પરસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી.'** આહા..હા..! સમજાય છે કાંઈ? જે વાત સિદ્ધ કરતા હોય ત્યાં એની સામે લાવીને મૂકે બીજી. એટલે તું કોની સાથે વાત કરીશ?

કાળે મોક્ષ થાય એમ જ્યાં આવે ત્યાં બીજો બોલ કહે, પણ શાસ્ત્રમાં અકાળે મોક્ષ કહ્યો છેને? એ વાદનો ભાવ ઉભો થાય. એ કાળે મોક્ષ થાય તે જ કાળેઅકાળે થાય, એમ કહેવાય. કાળનો સમય ફરે નહિ. સમજાણું કાંઈ? જે સમયે તેની મુક્તિ થવાની તે જ સમયે થવાની. આઘી-પાછી થવાની નથી. ત્યારે સામે મૂકે, પણ અકાળે કીધું છેને શાસ્ત્રમાં? ૪૭ નય છેને પ્રવચનસાર. પણ અકાળે કીધું છે ઈ કાળ બદલીને અકાળે નથી. એ સમયે પુરુષાર્થ ને સ્વભાવથી થાય એથી એને અકાળે કહેવામાં આવે છે. બાકી સમય તો તે જ મુક્તિ થવાનો કાળ તે જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તમે કહો કે ક્રમબદ્ધપર્યાય થાય એક પછી એક. તો અહીં કહ્યું છે કે અકાળે મોક્ષ થાય. જે સમયે થાય તેને તે સિવાય થાય. ભિખાભાઈ! એમ નથી, ભાઈ! ત્યાં અકાળનો અર્થ બીજો છે. સમજાણું કાંઈ? અકાળે સમય તો તે જ છે એને કેવળ પામવાનો કે સમ્યગ્દર્શન થવાનો, પણ તેના કાળમાં જે પુરુષાર્થ અને સ્વભાવ થયો એ પુરુષાર્થ ને સ્વભાવ તે કાળ નહિ પણ અકાળ છે, એમ કહેવામાં આવ્યું. બાકી સમય ફરે એવું છે નહિ. આહા..હા..! એટલે વાદ-વિવાદમાં જે વાત સિદ્ધ કરવા જાય ત્યાં બીજી સામી મૂકે.

મોક્ષ ક્રિયાથી ન થાય. આત્માના જ્ઞાનાનંદની એકાગ્રતાથી થાય એક વાત મૂકી. ત્યાં સામે મૂકે કે ક્રિયાનયથી મોક્ષ થાય એવો પાઠ છે ૪૭ નય. આહા..હા..! ભાઈ! એ તો રાગની મંદતાની ક્રિયા ત્યાં છે એને એક ધર્મ એવો ગણવામાં આવ્યો છે, પણ એ તો જ્ઞાનાનંદની ક્રિયાની સાથે એવી એક રાગની તે જ કાળે રાગની મંદતા છે તેને ક્રિયાથી મોક્ષ એમ વ્યવહારનો આરોપ કરીને કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે આ જે અપેક્ષાએ કહેવા માગતા હોય, એમાં પછી ગોટાળો ઉભો કરે તો એ વાત સિદ્ધ નહિ થઈ શકે. કોની

સાથે તું વાદ કરે છે? પોતાના સાધર્મી સાથે કે અન્ય સાથે? વાદવિવાદમાં રોકાવું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અકાળ લખ્યું, સકાળ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સકાળ હોઈ શકે જ નહિ. એ તો વિરોધ થઈ ગયો. એ કહ્યું હતુંને એક ફેરી ત્યાં અમારે ... નાસિકમાં. આ ગુજરી ગયા નહિ ઉજ્જૈનવાળા, ધ્યાનવિજય. ધ્યાનવિજય હતાને.. ફેરવી નાખ્યું સાધુપણું. પછી અહીંની કોપી કરવા માંડી. ભાષા બરાબર કરે. હુશિયાર માણસ. ક્ષયોપશમ ઘણો. એટલે અમે ગયા ત્યાં. આવ્યા બિચારા. મેડીથી નીચે પગે લાગ્યા. પણ બીજે દિ' અમારે ઉઠવાનું હતું. અને આ કીધું મળશે નહિ અને આનું શું હૃદય છે એ જણાશે નહિ. ઉપર હું ગયો એની પાસે. બારણું બંધ હતું અંદર. બારણું ઉઘાડ્યું. મેં પૂછ્યું કીધું કે ભાઈ કાળે મોક્ષ થાય અને શાસ્ત્રમાં તો અકાળે પણ કહ્યો છેને. નાસિક-નાસિકને?

**શ્રોતા :-** ગજપંથા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગજપંથા. હા, ગજપંથા-ગજપંથા. નાસિક નહિ. ત્યારે એ સમજ્યા કે આ કાંઈક મહારાજ પૂછે છે એમાં જો જવાબ દઈશ તો પકડાઈ જઈશ. કારણ કે વાંચીને, ધારેલી વાત કરેલી, પણ શું સ્થિતિ છે તે એને અંદર બેઠેલી નહિ. આમ હુશિયાર માણસ તો જાણપણાની વાત કરે તો એવી કરે. કીધું પાઠ આવો છે શાસ્ત્રમાં કાળે મોક્ષ અને અકાળે મોક્ષ. એટલું માણસ સમજી ગયો કે આ મહારાજ પૂછે છે એમાં કાંઈક હશે. મેં એ સંબંધી વિચાર કર્યો નથી. એમ કરીને છૂટી ગયો. પરજ્યા સોની હતા. શ્વેતાંબર સાધુ હતાને ધ્યાનવિજય. ઉજ્જૈનમાં બહુ રહેતા. અહીંની એને ઓલી હતી બહુમાન. શ્રદ્ધાને. ઓલું વાંચીને-વાંચીને બધું આવે. સાંભળીને બધું. શાસ્ત્રમાં લખ્યા હોય એના શાસ્ત્રો. તે દિ' તો આ નિહાલભાઈનું પુસ્તક નહોતું. નિહાલભાઈના પુસ્તકથી તો અત્યારે ઘણા વાતું કરવા માંડ્યા છે. આહા..હા..! કીધું આમ છેને. ઓલા રૂપચંદજી બેઠા હતા, નહિ ઉજ્જૈનવાળા. રૂપચંદજી આપણે આવે છેને. એ બેઠા હતા. બીજા બે-ચાર જણા હતા. ઓલો બિચારો સમજી ગયો કે આ પૂછે છે મહારાજ એમાં કાંઈક હશે. કહે, મેં એ સંબંધી વિચાર કર્યો નથી. છોડી દ્યો કીધું. ઝીણી વાત છે, ભાઈ! શાસ્ત્રના પરસ્પર વિરોધરહિત અર્થ સમજવા એ બહુ સૂક્ષ્મ વાત છે. આહા..હા..!

એક તો કહ્યુંને સવારમાં ચાલ્યુંને? કે એક બાજુ કહ્યું કે વ્યવહાર તે અસત્યાર્થ છે. અને નિશ્ચય તે સત્યાર્થ છે અને સત્યાર્થ તે નિશ્ચય છે અને વ્યવહાર તે ગૌણ કરીને એને અસત્ય કહ્યો. હવે આને અસત્ય કહ્યો એટલે નથી? પર્યાય પર્યાયપણે નથી? અહીં તો કહ્યું કે **'વવહારોઽભૂદત્થો ભૂદત્થો'** ૧૧મી ગાથા ચાલે છેને આપણે? થોડુંક રહી ગયું છે આ લોકો માટે. સવારે આવશેને રવિવાર છે. આહા..હા..! મુદ્દાની રકમની વાત છે, ભાઈ! ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ જે ત્રિકાળી સત્યાર્થ ભગવાને કેવળીએ જોયો તે. કેવળી સિવાય

આત્માની વાતું કરનારા એ બધા કલ્પીત વાતું કરે છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવ એણે આત્માને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. એણે આત્માને એવો જોયો, કહ્યો કે વસ્તુ જે ત્રિકાળ છે એક સમયની પર્યાય વિનાનો, તે સાચો છે એમ કીધું. અને પર્યાય છે તે જૂઠી છે એમ કહ્યું. હવે એ વખતે પર્યાયની સામી દલીલ કરે કે પર્યાય નથી? ભાઈ! કઈ અપેક્ષાએ કથન છે? એ ત્રિકાળી વસ્તુ જે જ્ઞાયકભાવ છે. એને મુખ્ય કરીને, નિશ્ચય કહીને તે સત્ય છે એમ કહ્યું. કે જેથી દૃષ્ટિનો વિષય ધ્રુવ થઈને તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય અને પર્યાય છે અનંતી પર્યાય, અનંતગુણની અનંતી પર્યાય છે. એ પર્યાય છે, સત્ય છે, અસત્ય નથી; પણ પ્રયોજનસિદ્ધ કરવા મુખ્ય-ગૌણ કરીને સત્યને અસત્ય કહ્યું છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુ તે સત્ય છે, સત્યાર્થ છે, ભૂતાર્થ છે અને પર્યાય અસત્ય છે એટલે? ત્રિકાળી વસ્તુને મુખ્ય કહી, નિશ્ચય કહીને સત્ય છે એમ કીધું. અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્ય કહ્યું. સમજાણું કાંઈ? આવા બધા બોલો. એટલે ત્યાં એમ પકડે કે જુઓ, પર્યાય અસત્ કીધી? નથી? ભાઈ! છે પર્યાય છે, ભાઈ! સાંભળ. દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી. કેમકે પર્યાય પોતે દૃષ્ટિ વિષય કરે ધ્રુવને. સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ. આહા..હા..! એના માર્ગને સમજવો એ અનંત-અનંત પુરુષાર્થ છે. આહા..હા..! એ ચાલે છે થોડી વાત બાકી છે. સવારમાં યાદ હતું. આ લોકો રવિવારે સવારે આવશે. આહા..હા..!

કહે છે, ત્રિકાળી તે સત્ય અને પર્યાય તે અસત્ય એમ કીધું. બધી જાતની પર્યાયો. આહા..હા..! નિર્મળ પર્યાય એ પણ અસત્ય કીધી. કેમ? છે તો સત્, પણ તેને લક્ષે અને તેને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. એથી ત્રિકાળી વસ્તુ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ. તેનો આશ્રય કરતા સમ્યક્ થાય તેથી પર્યાયને ગૌણ કરીને, ગૌણ કરીને સર્વથા અભાવ છે એમ નહિ. ગૌણ કરીને અસત્ય છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. એટલે ગૌણ કરીને એનો અર્થ? કે પર્યાય દ્રવ્યમાં છે એને ગૌણ કરી નાખી, એમ નહિ. પર્યાય પર્યાયમાં છે તેને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવી વાતું ભારે! સંપ્રદાયમાં તો એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તે ઇન્દ્રિયા, જાવ મિચ્છામી દુક્કડમ અને તાવકાયં ઠાણેણં જાણેણં અપ્પાણં વોસરે. આ ક્રિયા. સુમનભાઈ! આહા..હા..!

પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એ જે સમ્યગ્દર્શનનો વિષય કરે છે એ જ સત્ય છે એમ કહીને તેનું મુખ્ય પ્રયોજન ત્યાં સમ્યગ્દર્શન એને આશ્રયે સિદ્ધ થાય છે. તેથી પર્યાયને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. ગૌણ કરીને નથી અને વર્તમાન છે અપેક્ષાએ સત્ છે. કથંચિત્ અસત્યાર્થ અને કથંચિત્ સત્યાર્થ એમ છે. સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપા! એકલા જ્ઞાન સ્વભાવ વસ્તુ છે. એ જ્ઞાનથી જ માર્ગની શરૂઆત થાય છે. આહા..હા..! ત્રિકાળી ભગવાન જ્ઞાન એની દૃષ્ટિનો જ્યાં વિષય સિદ્ધ કરવા જાય ત્યાં સામી તકરાર લે કે નહિ.

એમ નથી, ભાઈ! વાદવિવાદે પાર નહિ પડે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળી પરમેશ્વર જેને ઈન્દ્રો અને ગણધરો સાંભળે છે. આહા..હા..! એ શું છે? બાપુ! એ કાંઈ સાધારણ વાત નથી. કેવળીની વાણી અને સર્વજ્ઞે કહેલો મોક્ષનો માર્ગ. આહા..હા..! એ તો અલૌકિક છે. એને સાંભળવો મળવો એ પણ ભાગ્યશાળી હોય એને મળે છે. એવી વાત છે.

**શ્રોતા :–** સૌભાગ્ય પ્રાપ્ત થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સૌભાગ્ય જીવના હોય એને દિવ્યધ્વનિ મળે એમ કહે છે. જેના સૌભાગ્ય હોય એને આવી પરમ સત્ય ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વરની વાણી. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે તું વાદવિવાદ કરવા જઈશ તો ક્યાંય પત્તો નહિ ખાય. તું તીખી વાત કરવા જ્યાં જઈશ તો ઓલો ઢીલી કરશે ઓલો સામો. જુઓ, સામે છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? પર્યાય છે કે નહિ? વ્યવહાર છે? ભાઈ! છે. કોણ ના પાડે છે, બાપુ! પણ વ્યવહાર છે એ રાગ છે અને ભેદ છે. એથી એનો આશ્રય કરવામાં તો વિકલ્પ ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી કહે છે '**સ્વસમયો અને પરમસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી.**' આહા..હા..! દિગંબરના પંડિતો સાથે વાત કરવા જાય તો વાંધા ઉઠે અત્યારે. અન્યની સાથે તો વાત જ શું કરવી? સમજાય છે કાંઈ? સ્થાનકવાસી કે શ્વેતાંબર કે અન્યમતિ, એની અંદર તો આ ચીજ જ નથી. નહિ? આહા..હા..! બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..હા..! જેને અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન જેને પ્રગટ થયા છે એ શું કહેવાય અનંત? આહા..હા..! પર્યાયમાં હોં. ગુણની વાત તો શું કરવી? આહા..હા..! એવા ભગવાનની વાણી ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળી. બાપુ! એ તો સાંભળવું મહાભાગ્ય હોય એને મળે એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરમાર્થના જાણનારાઓએ...**' લ્યો, ૪૭ નયમાં એમ જ કીધું, ભાઈ! ક્રિયાનયથી મોક્ષ થાય, નથી કીધું? તો તમે ક્રિયાથી ના પાડો તો ત્યાં તો કીધી છે. કઈ અપેક્ષાએ, બાપુ! આવે છેને? એ રાગની મંદતા હતી એની રુચિ છોડીને અહીં કર્યું એટલી અપેક્ષા લઈને એવો એક ધર્મ ગણવામાં આવ્યો, પણ તે સમયે જ્ઞાનથી મોક્ષ થાય એ જ સમયે એવો એક ધર્મ ગણવામાં આવ્યો. કે કોઈને ક્રિયાથી મોક્ષ થાય અને કોઈને જ્ઞાનથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વખતે એવી એક યોગ્યતા ગણવામાં આવી. રાગની મંદતા હતી તેને છોડીને સ્વભાવનો આશ્રય લીધો તેથી એ મંદતાનો ધર્મ એક યોગ્યતા એને ગણવામાં આવીને જે સમયે મોક્ષમાર્ગ આત્માને આશ્રયે થાય તે જ સમયે આ એક ધર્મ છે એવું ગણવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– જગતમાં જીવો,...**' અનેક જાતના ભવિ, અભવિ, ત્રસ, સ્થાવર ઘણા પ્રકારના જીવો છે, ભાઈ! '**તેમના કર્મ,...**' ભિન્ન-ભિન્ન છે. '**તેમની લબ્ધિઓ...**' ઉઘાડ

ભિન્ન-ભિન્ન છે. '**વગેરે અનેક પ્રકરનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે.**' સમજાણું કાંઈ? આહા..હા..! એક નહોતું એક ફેરી કહ્યુંને એક સાધુ આવ્યા હતા ખતરગચ્છમાં. સુખસાગરભાઈ? ચેતનજી? શું નામ એનું? સુખસાગર. ઓલા ખતરગચ્છમાં. ત્યાં આવ્યા હતા ૯૨ની સાલ. હીરાભાઈના મકાનમાં. પાધરો બોલવા માંડ્યો કે પોતાનું કરવું એ તો કૂતરા પણ પેટ ભરે છે. પરનું કરવું એ.. અરે! ભગવાન! શું કરે છે આ? ઉપાધ્યાય હતો. મોટો .. એકકોર ખૂણામાં બેઠેલા એટલે એને એમ કે આ જો. એકલા અમે કરીએ. એવા એકલા તો કૂતરા પણ પેટ ભરે છે. અરે! ભગવાન! શું તું કહે છે, ભાઈ! આહા..હા..!

અહીં તો એકલો જ કરી શકે છે. બેકલો-બીજાનું કરી શકતો નથી. એ કાલે પણ આવ્યું હતું નહિ ભાઈ આ વાંચ્યું. અમરચંદજીનું. ઓલા અમરચંદજી છેને સ્થાનકવાસીના. બહુ લાંબું... લાંબુ... લાંબુ... રામજીભાઈને વંચાવ્યું કીધું કેટલું કહી શકાય? બીજાનું કરવું... બીજાનું કરવું... ડેલી પાસે દીવો હોય તો અંદરનો પણ અંધકાર ટાળે અને બહારનો પણ અંધકાર ટાળે. એવો દાખલો આપ્યો. તુલસીદાસનો દાખલો આપ્યો. મોઢે જો ભગવાન-ભગવાન હોય તો એનું પણ કલ્યાણ થાય અને બીજાનું પણ થાય. તમે એ વાંચ્યું નથી. રામજીભાઈને વંચાવ્યું હતું. ક્યારે? આ ભક્તિ પછી કાલે ભક્તિ પછી વંચાવ્યું હતું. અરે! ભગવાન! બીજાને એમ કે બસ આ મોટા મકાન કરી દઈએ, આ શું કહેવાય? ઔષધના ચિકિત્સાલય. એ તમારે બધું હોયને. એટલે આ હમણા બધું કામ છેને એટલે ભળ્યા છે ભેગા. તમારા સાંભળ્યું તો મનમાં એમ આવ્યું હતું હોં.

**શ્રોતા :-** એનો ..આમાં આવી ગયો કે રાગ જુદાં-જુદાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદાં છે. આહા..હા..! એ કહે છેકે બીજાનું કરવું. પોતે કરે તો બીજાને કરવું થાય એને ઉપદેશ આપીને વગેરે. અરે! ભગવાન! બાપુ! કોણ ઉપદેશ આપે? ભાઈ! ઉપદેશની વાણી. આહા..હા..! મહાવીરનો લેખ આવ્યો છેને એક બહુ સારો મહાવીરનો લેખ આવ્યો છે. આપણા હુકમચંદજી બહુ હુશિયાર.

**શ્રોતા :-** આત્મધર્મમાં આવ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મધર્મમાં આવી ગયો છે? હા, ભાઈએ નાખ્યો છે. જીતુભાઈએ આત્મધર્મમાં નાખ્યોને.

**શ્રોતા :-** વજુભાઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વજુભાઈ?

**શ્રોતા :-** વઢવાણવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે કીધું હતું. ઠીક. એણે તરજુમો કર્યો, પણ નાખ્યો તો એણે. ઈ તો નીકળી જાય છે. એમાં ઠીક ભાઈ કામ કરે છે. આહા..હા..! એમ કે વજુભાઈએ

એનો અર્થ કર્યો. એમ કર્યું. વાત સાચી. નીકળી જવાનો અર્થ.

અહીં કહે છે. એણે તો એવું લખ્યું છે કે એ કોઈ ભગવાને ઉપદેશ દીધો. આ યજ્ઞનો મોટી હિંસા થાતી હોય એ યજ્ઞની સામે દ્રોહ કર્યો અને એકદમ લોકના ઉપકાર માટે નિવૃત્તિ લઈ લીધી. એ બધુંય ખોટું છે. એણે તો વીતરાગતા વધારીને રાગ ઘટાડ્યો એ કર્યું છે. ઉપદેશ તો વાણીનો યોગ હોય તો વાણી નીકળે, એ આત્મામાં ક્યાં છે? અને વાણીનું નીકળવું એ આત્માનું કાર્ય છે? આહા..હા..!

**શ્રોતા** :- બધાય અંદર કરી લીધા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ વસ્તુ સ્થિતિ એવી છેને. ભગવાન આત્માની સમ્યગ્દૃષ્ટિ કરી તો વીતરાગ તેની પર્યાય પ્રગટ કરી અને મિથ્યાત્વની પર્યાયનો નાશ કર્યો. પછી સ્વરૂપની સ્થિરતા કરી ચારિત્રની ત્યારે અસ્થિરતાનો નાશ થયો અને એ ઘટાડ્યું. સ્થિરતા વધી. આ એણે કર્યું છે. ભગવાન ત્રિલોકનાથ વીર પ્રભુએ કર્યું હોય તો આ કર્યું છે. દુનિયાને યજ્ઞ હતાને માટે આવો ઉપદેશ કર્યો. ફલાણું, ઢીંકણું. એ બધી લોકો બહારની લડાવાની વાતું છે.

**શ્રોતા** :- સ્ત્રીઓને સરખા હક આપ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્ત્રીઓને સરખા હક આપ્યા, બધાનો મોક્ષ, બધાના.. આહા..હા..! અરે! ભાઈ! શું થાય? એણે તો વીતરાગતા વધારીને રાગને ઘટાડ્યો. ઘટાડ્યો હોય તો રાગને અને વધાર્યો હોય તો વીતરાગતાને, બસ આ. આ ઘટના એણે કરી છે. સમજાણું કાંઈ? ઓલું આવે છેને સર્પને આમ કર્યું નાની ઉંમરમાં. ઝાડ ઉપર ચડ્યા હતા. મોટો સર્પ હતો અને સર્પની ઉપર ચડ્યા. એ ક્રિયા જડની એણે કરી છે? સમજાણું કાંઈ? ઓલો જક્ષ આવ્યો અને એણે થંભાવી દીધો, હાથી આવ્યો એણે ભગવાને પકડ્યો. એ ભગવાનની ક્રિયા છે? આહા..હા..! અહીં તો કહે છે કે ત્રિલોકનાથ આત્માઓ જેટલા પરમાત્મા થયા એ બધાએ આત્માને આશ્રયે વીતરાગતા વધારી છે અને પરનો આશ્રય ઘટાડીને રાગ ઘટાડ્યો છે.

**શ્રોતા** :- એ ઘટના ઘટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ઘટના ઘટી છે. આહા..હા..!

અહીં કહે છે '**સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે, પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.**' બસ, આને સમજાવી દઉં, આને આમ કરી દઉં. કોણ સમજાવે ભાઈ! આહા..હા..! '**સ્વાવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય...**' છે? સ્વ આત્મ અવલંબન. એક જ વાત છે. ભગવાન સ્વ-આત્મ જે છે એનું આલંબન, એનો આશ્રય. એમાં '**નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.**' આહા..હા..! ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વરૂપ સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા. દરેક પ્રભુ બધા સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. આહા..હા..! એ સર્વજ્ઞ સ્વભાવી એવો સ્વ

આત્મા તેનું આલંબન. આહા..હા..! તેનું આલંબનરૂપ '**નિજ હિતમાં પ્રમાદ ન થાય...**' તેમ કરવાની વાત છે અહીંયાં તો. આહા..હા..! કહો, હરિભાઈ! આ તો .. જુઓને ઓલા કહે હમણા આવ્યું છેને. ૨૦ લાખનું એમ કે આગમ બનાવવું છે ત્યાં શંખેશ્વર. કેટલા વખાણ આવ્યા છે. આમ હિત થઈ જશે, આમ હિત થઈ જશે. અલૌકિક છે. ભાઈ! હવે પરને લઈને શું હિત થાતું હતું? ત્યારે એ પણ કહે હવે તો સામે. કે તમે આ કેમ બનાવ્યું? અમારા બનાવવામાં કાંઈ નહિ અને તમારા બનાવવામાં લાભ થાતો હશે એમ? કોણ કરે ભગવાન! આહા..હા..!

આ તો ૮૫ની સાલ ત્યાં થઈ મુંબઈમાં તો એ લોકોએ વિચાર કર્યો કે આપણે કાંઈક કરવું. તો ઘણાના વિચાર માગ્યા. એમાં એક કોઈનો વિચાર એવો આવ્યો કે આગમ મંદિર કરો કાંઈક તમે ત્રણ લાખનો ખર્ચ કરીને. ત્રણેક લાખ ખર્ચો મુંબઈ તરફથી. એય..! હિંમતભાઈ! પછી તો મુંબઈવાળાએ શું કર્યું એ તો જુદી વાત છે. પણ એમ કે ત્રણ લાખ ખર્ચવા. આ ૮૫મી જયંતિ થઈ એટલે. એને ઠેકાણે પાંચ લાખનો ખરડો થયો. ત્રણ લાખ ખર્ચવા ત્યાં પાંચ લાખનો ખરડો થયો. હવે એટલે એને થયું કે પાંચ લાખ થયા તો આ દસ લાખનું કરવું. ઠીક. વળી મારી પાસે આવ્યા. આ ચંદ્રકાંતભાઈ. ચંદ્રકાંતભાઈ નહિ? મકાન કર્યા. દોશી. ચંદ્રકાંત અને ભાઈ રમણિકભાઈ. ખીમચંદભાઈના ભાઈ. મારી પાસે આવ્યા અંદર. જુઓ, મહારાજ! અમારે પરમાગમ પચ્ચીસ લાખનું કરવું છે. બોલશો નહિ કીધું. બોલશો નહિ. દસ લાખનું રાખો હવે તમે એટલું રાખો. થઈ ગયું ૨૫નું એ ૨૬નું. એ થવાનું હોય બનવાનું કોણ બનાવે? આહા..હા..! કોઈનો વિકલ્પ થાય માટે બની જાય (એમ નથી). આહા..હા..! એ વખતે એ પરમાણુની પર્યાયનો સ્વકાળ. આહા..હા..! નિજકાળલબ્ધિએ છેને એ? શું કીધું ઈ? તે જન્મક્ષણ છે. આહા..હા..! આ વાત જગતને બેસવી. એ પરમાણુઓ છે એને આ રીતે બનવું એનો જન્મ નામ ઉત્પત્તિનો કાળ છે એનો. કોઈએ એને ઉત્પત્તિ કરી છે. રામજીભાઈએ ધ્યાન બહુ આપ્યું હતું. એમ બોલતા હતા. પહેલેથી બહાર નીકળે તો પૂછે. પણ એ તો નિમિત્તપણામાં કહેવાય, પણ એણે આ બનાવ્યું છે, ધ્યાન રાખ્યું માટે આ બન્યું છે (એમ નથી). આહા..હા..!

ભાઈ હમણા આવ્યા હતા ઓલા ઈ. ઈજનેરભાઈ બોલાવે છેને. રવજીભાઈ આવ્યા હતા. હમણા આવ્યા છે. મને ઓળખો છો મહારાજ? હું કાંઈ બોલાવું બધાને તો જ ઓળખું કહેવાય? મને કાંઈ બોલાવાની ટેવ નથી. તમારું મોઢું જોયું ઘણીવાર. એ અમૃતલાલના દીકરા તમે. અમૃતલાલભાઈ ગુજરી ગયા છે. એને ડોશી છે. ડોશી ૯૨-૯૩ના. એણે માગણી કરી છે મારે ત્યાં પગલા કરવા ડોશીએ. અને આ હિસાબમાં દસ હજારનો ફેર નીકળ્યો .. એમ કે. ઓલાએ જે કર્યુંને આ. અગિયાર હજારનો ફેર છે. .. એમ કરીને કહેતા હતા બિચારા. પણ કોણ કરે, ભાઈ! આહા..હા..! જે જે પરમાણુની અને જે જે આત્માની તે તે કાળમાં

તે જન્મક્ષણ ઉત્પત્તિનો કાળ છે ત્યાં તે પર્યાય થાય છે. આ સિદ્ધાંતને રાખીને બીજી બધી વાતું. સમજાણું કાંઈ? કહો, નટુભાઈ! આ શું વકીલાતના બધા જાવ, કલકત્તા ને ફલાણું ઢીંકણું. આહા..હા..!

કહે છે, ભગવાન! તારું કર્તવ્ય. આવશ્યક અધિકાર છેને? આવશ્યક કહે છેને? આ સામાયિક, ચોવિસંથો, વંદના, .. કાયોત્સર્ગ છ આવશ્યક કહે છે. એ તો વિકલ્પની વાતું છે રાગની સમ્યગ્જ્ઞદર્શન વિનાની. આહા..હા..! સાંજ-સવાર પડિક્કમણા કરે, સામાયિક કરી, આવશ્યક કરી આવ્યા. આહા..હા.. અહીં તો આવશ્યક ક્રિયા એને પરમાત્મા કહે છે કે જે સ્વ આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો સાગર તેનું અવલંબન લઈને, આશ્રય લઈને જે પરિણતિ થાય તે તેનું આવશ્યક કર્તવ્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છેને? '**સ્વાત્માવલંબનરૂપ...**' એક શબ્દમાં છે આટલું. સ્વ આત્મા પૂર્ણ જ્ઞાનઘન અનંતગુણનો પિંડ એકરૂપ, તેનું અવલંબન એ પર્યાય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ તે સ્વ આત્મા, એનું અવલંબન. ઓલા કહે કે મૂર્તિનું અવલંબન, ઓલો કહે મૂર્તિનું અવલંબન એ તકરાર એમાં. શ્વેતાંબર કહે કે ભાઈ મૂર્તિનું આલંબન જોઈએ. હવે એ તો એમ કહે કે આગમ અને મૂર્તિ બે, શું કહે છે ચેતનજી? જિનાગમ અને મૂર્તિ શું કીધું? એ બે આધાર છે અત્યારે પંચમ આરામાં. લ્યો! એમ કહે છે. અહીં કહે છે કે સ્વ આત્માનો આધાર છે, બીજો કોઈ આધાર છે નહિ. ગિરધરભાઈ કરે છેને હમણા. એ હોય છે એ તો એને કાળે. કરનારનો ભાવ એમાં શુભભાવ હોય છે.

**શ્રોતા :-** એટલી એની મર્યાદા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલી મર્યાદા છે. લાંબી કહેવા જાય કે આ મંદિર કર્યું માટે હવે એને ધર્મ થઈ ગયો અને ભવનો... આહા..હા..! અહીં જુઓને કેવું થઈ ગયું છે મોટી કુદરતે. કોઈ મોટી જગ્યા એવી જગ્યા થઈ ગઈ છે. ઓલી હોયને જગ્યા વિસામણનીને. જગ્યાદારી નથી હોતા મોટા? આમ જોવે ત્યાં સ્વાધ્યાયમંદિર, ઓલીકોર જોવે તો સમવસરણ, ઓલીકોર જોવે તો મંદિર, ઓલીકોર જોવે તો શું કહેવાય આ? માનસ્તંભ. આનીકોર જોવે તો આ, ઓલીકોર જોવે તો વળી પ્રવચનમંડપ. મકાનો જોવે જુદાં-જુદાં. ઓહો..હો..! આ પણ એક જગ્યાધારી થઈ ગયા. અરે! ભગવાન! સાંભળ ભાઈ! વિચાર તો આવેને લોકોને. જ્યાં અંદર પેસે. આહા..હા..! ભાઈ! એ તો એને કાળે થયા છે, બાપુ!

**શ્રોતા :-** એમાં કોઈનું પુણ્ય નિમિત્ત હશે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત જુદી વાત છે. નિમિત્ત જુદી વાત છે અને થયું એ જુદી વાત છે. સમજાણું કાંઈ? એ તો પૂર્વનું પુણ્ય છેને ભેગું? એ નિમિત્ત થાય છે આમાં એમ કહે છે રામજીભાઈ. પુણ્ય તો છે કે નહિ. ભાઈ! ભગવાન પાસે હતા અને પુણ્ય બંધાણું છે એ પુણ્ય છે. આત્માનું કર્તવ્ય જો અવશ્ય નામ આવશ્યકરૂપે હોય. આહા..હા..! તો એ '**સ્વાત્માવલંબનરૂપ...**' આહા..હા..! '**નિજ હિતમાં પ્રમાદ ન થાય...**' એ આવશ્યક

ક્રિયા છે. સમજાણું કાંઈ? ભાઈ! ત્રિલોકચંદજી ક્યાં ગયા? એ તો ભાષા થોડી-થોડી સમજવી. થોડી-થોડી જે આ ગુજરાતીમાં ચાલેને એવું હિન્દીમાં ન ચાલે. સમજાણું કાંઈ? આહા..હા..!

શું તારે કરવું છે કહે છે આવશ્યક-અવશ્ય તરીકે? જરૂરિયાતવાળું શું કાર્ય છે તારું? જરૂરનું શું કર્તવ્ય તારું ભગવાન એમ કહે છે. કે જરૂરનું એ તારું કર્તવ્ય કે સ્વાવલંબી ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ. એનું અવલંબન લઈને નિજ હત કરવું. એ નિજ હિતમાં પ્રમાદ કરવો નહિ. આ કર્તવ્ય છે. કહો, ચીમનભાઈ! આહા..હા..! માળા! કે કરે મોટું આવડું અને વળી કહે કે કરવું નહિ. કોણ કરે ભગવાન બાપુ! અમને તો અંદરથી શરમ આવી જાય કેટલીવાર કે આ જગ્યાધારી જેવું થઈ ગયું આ તો. એય..! વિચાર આવે. આહા..હા..! ક્યાં હીરાભાઈના મકાનમાં સો વર્ષ જૂનું. ત્યાં સવા ત્રણ વર્ષ રહ્યા. પણ થવા કાળ હોય તે થયા વિના રહે છે? આહા..હા..!

આત્માએ કર્યું હોય તો નિજ અવલંબનનું કર્તવ્ય તે કરી શકે છે. એ સિવાય કોઈ કરી શકતો નથી. આહા..હા..! કહો, શેઠ! આવી વાત છે. આહા..હા..! ભગવાનનું કહ્યુંને? ભાઈએ. આત્મધર્મમાં આવી ગયું છે. વાંચ્યું? ભાઈ હુકમચંદજીનું. ભાઈએ વાચ્યું ગિરધરભાઈએ? આત્મધર્મમાં આવ્યું છે હુકમચંદજીનું. મગનભાઈ! આ ફેરીનું આત્મધર્મ વાંચ્યું છે? એમાં આવ્યું છે. મહાવીર ભગવાન, ભગવાનનું કર્તવ્ય શું? અને વ્યક્તિ શું એ? વ્યક્તિ એ ભગવાન આત્મા. કર્તવ્ય શું? વીતરાગપણાની ક્રિયા કહી વીતરાગભાવ તે એનું કર્તવ્ય છે અને ઘટીત અવસ્થા હોય તો રાગ ઘટ્યો એ એની ઘટના છે. આહા..હા..! સમજાણું કાંઈ? સભા ભરાણી, લાખો-કરોડો ભેગા થયા, દેવોએ ચામર ઢાળ્યા એ કાંઈ ભગવાનની ક્રિયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભારે, ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ. આહા..હા..! એનું આ ફરમાન છે આવશ્યકમાં. અને આ કુંદકુંદાચાર્ય કહે છે કે મેં તો આ નિયમસાર મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! નિજ ભાવના.. કુંદકુંદાચાર્ય જે ત્રીજે નંબરે. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. ઈ એમ કહે છે કે મેં તો નિયમસાર મારી ભાવના માટે બનાવ્યું છે. લોકોને લાભ થાય એ મને કાંઈ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ઓહો..હો..!

ભાઈએ ટૂંકો શબ્દ કરી નાખ્યો. '**પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો અને પરસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી.**' એનો અહીં સરવાળો કર્યો. કે '**સ્વાત્માવલંબનરૂપ...**' જ્ઞાયકભાવ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એનું અવલંબન, એના આશ્રયરૂપ નિજહિત તેને કર્તવ્ય છે, કરવાલાયક છે. એ નિજહિતમાં પ્રમાદ કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વળી એવું પણ આવે લ્યો! પાઠમાં નથી આવતું મોક્ષમાર્ગપ્રકાશકમાં? ભગવાને પણ ઉપકાર કર્યો હતો. આપણે પણ ઉપકાર કરીએ. આઠમા અધ્યાયમાં આવે છે. એ તો નિમિત્તથી કથન કરવું હોયને ત્યારે. ભગવાને એમ કે ઉપદેશ કર્યો, ઉપકાર કર્યો જગત ઉપર. આહા..હા..! તો અમે પણ ઉપકાર કરવાની વ્યાખ્યા .. સ્થિતિએ. મોક્ષમાર્ગપ્રકાશક. છે? 'મિથ્યાદષ્ટિ જીવોને

મોક્ષમાર્ગનો ઉપદેશ આપી તેનો ઉપકાર કરવો એ ઉત્તમ ઉપકાર છે. શ્રી તીર્થંકર ગણધર આદિ પણ એવો જ ઉપાય કરે છે.' વ્યવહારની વાતું. ઓલો કહે કે રાગ ઘટાડીને વીતરાગ કર્યું છે ભગવાને. બીજું કાંઈ કર્યું નથી. વ્યવહારથી નિમિત્ત કોણ એ બતાવવા. આહા..હા..! 'તેમના ઉપદેશ અનુસાર ઉપદેશ આપીએ છીએ. માટે આ શાસ્ત્રમાં તેમના જ ઉપદેશનો ઉપદેશ આપીએ છીએ.' લ્યો 'પ્રથમ ઉદ્દેશનું સ્વરૂપ જાણવા અર્થે કાંઈક વ્યાખ્યાન કરીએ છીએ' એમ કે ઠીક. પણ એમ કે ઉપકાર કર્યો હતો ભગવાનને માટે અમે પણ ઉપદેશ આપીએ છીએ. એ નિમિત્તથી કથન છે. વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ?

વાણી જ્યાં આત્મા કરતો નથી, અરે! ત્યાં વિકલ્પ છદ્મસ્થને ઉઠે એનો એ કર્તા નથી. આહા..હા..! ભગવાનને તો વિકલ્પ છે નહિ, એ તો વીતરાગ છે. દિવ્યધ્વનિમાં તો એનું કંપન્ન અથવા જ્ઞાન નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કહેવાય છે એટલે કે એનાથી ઉપદેશ થયો છે એમ નથી. વાણી સ્વતઃ સ્વપરને જણાવાની તાકાતવાળી. વાણી સ્વપરને કહેવાની તાકાતવાળી વાણી સ્વતઃ નીકળી છે. આહા..હા..!

**'(હવે, આ ૧૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

(शिखरिणी)

विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः  
तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम्।  
असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता  
ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम्।।२६७।।

**'શ્લોકાર્થ :- જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે) બહુ પ્રકારના ભેદો છે; એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે;...'** આહા..હા..! ભવને ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક કર્તવ્ય નથી અને અન્યમતિ સાથે પણ વાદવિવાદ કર્તવ્ય નથી. આહા..હા..! સમાધિશતકમાં તો કહ્યું છેને? હું કોની સાથે બોલું? દેખાય છે એ તો જડ છે. ભગવાન આત્મા તો દેખાતો નથી. હું કોની સાથે વાત કરું? મૌન રહેવાની સ્થિતિમાં આ કહ્યું છે. કોને કહું? આહા..હા..! એ તો જડ છે આ શરીર તો. વાણી જડ છે. જડથી કામ. આહા..હા..!

**શ્રોતા :-** પરસમય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરસમય એમ નહિ. એ મિથ્યાદૃષ્ટિઓ જે પરસમય છે એની સાથે વાદવિવાદ કરવો નહિ એમ કહે છે. અને સ્વસમયના સાધર્મી જીવો સાથે પણ વાદવિવાદ કરવો નહિ. આહા..હા..! બીજાને હું સમજાવી દઉં એવી આકુળતા ન કરવી. એ તો એની યોગ્યતા હશે ત્યારે સમજશે.

**શ્રોતા** :- વકીલોનું તો કામ છે બીજાને સમજાવાનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોનું કીધું? વકીલો બધા વકીલો સમજવા જેવા છે. વકીલો જજને પાણી ભરાવે રામજીભાઈ એમ કહેતા હતા. ભાઈ ગુજરી ગયા. નહિ શું કહેવાય એ વકીલ? ઉદાણી. મણિભાઈ ઉદાણી. ૯૦ની સાલમાં કહેતા હતા. આ તમારો રામજીભાઈ મહારાજ એ જજને પાણી ભરાવે હોં કહે. એ કહેતો હતો. શું કીધું?

**શ્રોતા** :- એ તો એમ કહે પૈસા દઈને જજને ફોડી લઈએ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એમ નહિ. એ તો જજને ઠીક લાગે તો દોરાઈ જાય. એમ કાંઈ દોરાઈ જતા હશે? કાંઈ મૂર્ખા છે ઈ? સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે કે વાણીનું કહેવું એ પણ ભગવાન આત્માનો અધિકાર નથી. આહા..હા..! ભાઈ! તું કોની સાથે વાદવિવાદ કરીને... શાસ્ત્રમાં આવ્યું છે હોં એય..! વાદ કરનારા સાધુઓ સંખ્યા હોય છે. હોય છે. એ તો પુણ્યનો યોગ હોય અને એ રીતે હોય. સંમતભદ્રાચાર્ય ઓલા હતા કોઈ પણ અન્યમતિ આવો ચર્ચા કરવા. એ તો પુણ્ય આદિ યોગ હોય દેખાય કે પુણ્ય છે. એટલું દેખીને હોય એથી શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે, સ્વસમયો અને પરમસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી.**' ૧૫૭ ગાથા.

**लद्धूणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं।।१५७।।**
**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

આહા..હા..! એનો '**અન્વયાર્થ :- જેમ કોઈ એક (દરિદ્ર માણસ) નિધિને પામીને...**' દરિદ્ર માણસ જંગલમાં ગયો. પેશાબ એમ કે આમ કરતા ધાર વાગી ત્યાં નીચે ચરુ નીકળ્યો કરોડ રૂપિયા, અબજ રૂપિયાનો હીરાનો. સમજાણું કાંઈ? '**એક (દરિદ્ર માણસ નિધિને પામીને પોતાના વતનમાં** (ગુપ્તપણે) **રહી...**' પોતાનું જન્મસ્થળ હોય ત્યાં ગુપ્તપણે રહે. એ ઢંઢેરો ન પીટે કે હું કરોડ રૂપિયા લઈને આવ્યો છું. 'મારે કરોડ રૂપિયા છે, મારે પાંચ લાખની પેદાશ છે' એમ ઢંઢેરો ન પીટે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ હતાને દામોદરભાઈ અને મુળજીભાઈને એ. એ ત્યાં મુંબઈ ૧૮ લાખ પેદા કર્યા હતા. એવું સાંભળ્યું હતું. પછી એક-બે લાખ ઓછા-વત્તા હોય. તો પછી સંકેલી લીધું. સંકેલીને દેશમાં વયા આવ્યા. આ દામોદર, દામોદર ચતુરભાઈ અને મુળજી ચતુરભાઈ. બે ભાઈઓ. મુંબઈમાં ૧૮ લાખ પેદા કરેલા. સંકેલી લીધું બધું. વયા આવ્યા અહીં દેશમાં.

એમ કહે છે કે નિધિ પામીને દરિદ્ર માણસને નિધિ મળી. તો એ '**પોતાના વતનમાં** (ગુપ્તપણે) **રહી તેના ફળને ભોગવે છે,...**' આ તો દૃષ્ટાંત છેને. એ ઢંઢેરો ન પીટે કે મારે દસ લાખની પેદાશ છે, મારે બે કરોડ રૂપિયા છે. તો લૂંટનારા ઘણા આવે. શું કહેવાય?

ખરડો કરનારા. તમારી પાસે આટલા પૈસા સાંભળીએ છીએને ખરડો કરો અને એના પ્રમાણમાં પૈસા આપો. નહિતર તમે કંજુસ કહેવાશો. સમજાણું કાંઈ? એમ ન કરે કહે છે.

**શ્રોતા :-** ગુરુને તો કહેવું જોઈએને એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં શું કામ છે પૈસાવાળાનું? પૈસાવાળાના વખાણ કરીએ કે પૈસા આટલા પેદા ને આ. પછી કહીએ કે થોથા છે એ બધા. એ તો બીજાનું અભિમાન જરી ટાળવા. કે અમે રળીએ છીએ માટે આ રળ્યા. એ તો એવી જાતના પૂર્વના પુણ્ય હોય છે તો પૈસા દેખાય. દેખાય છેને ત્યાં ક્યાં એની પાસે ગરી ગયા છે ત્યાં. આહા..હા..! એ તો જડ છે, અજીવ છે. એ અજીવ જીવના થાય કોઈ દિ'? આહા..હા..! એ અજીવ છે એ મારા એ માન્યતા જ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. આહા..હા..! અહીં તો રાગ અને દ્વેષના પરિણામ એ મારા છે એ વિકાર એ માને તો મિથ્યાત્વ છે તો આહા..હા..! એને ઠેકાણે લક્ષ્મી, બાયડી, દિવાનની દીકરી આવી અને અમારે તો દસ-વીસ લાખ લઈને આવી. પણ શું છે તારે?

**શ્રોતા :-** એમાં સ્વાદ બહુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ સ્વાદ આવે છે આ ઝેરના. આહા..હા..! આ શેઠી ગુજરી ગયાને શેઠ નહિ શેઠી. એને દિવાનની દીકરી હતી. મીઠાલાલ શેઠ. મહેન્દ્રભાઈના બાપ નહિ ગુજરી ગયાને અહીં. જયપુર હા એ મીઠાલાલ. એ તો હોય, એમાં શું છે પણ એની સાથે આલાખાચર હતા આ જસદણનો. તો એ બકરા ચારતો હતો એક શું નામ ભૂલી ગયા. વીંછીયા પાસે ગામ નહિ? બીજું ગામ છે. ત્યાં ગયા હતા. બકરા ચારતો હતો અને એ પોતે દીકરીને આપી. કારણ કે એ દીકરીને વશ રહી શકશે. અને આ ગરીબ માણસ છે. એને લખી દીધી બે, પાંચ, દસ હાંતી જમીન લખી દે. તો એ દીકરી રહે ત્યાં સુધી. ત્યાં સુધી આ રળ્યા. રળ્યા પછી લઈ લે પાછું. નહિતર તો એક-એક દીકરીને એવું દેવા જાય તો રાજ ખલાસ થઈ જાય. પણ એ દીકરી હોય ત્યાં સુધી એને ખાવા દે. ... નહિ? બીજે છે મોઢુકા-મોઢુકા. વીંછીયા પાસે મોઢુકા છેને. ત્યાં હતો એ. એ આવતો અમારી પાસે. આહા..હા..!

કહે છે કે પૈસા બીજાને દેવા નથી. એ ક્યાં આત્માની ક્રિયા છે કાંઈ? આહા..! ધર્મી જીવે તો જ્ઞાન નિધિને અનુભવી. આહા..હા..! છે? '**તેમ જ્ઞાની...**' ધર્મી '**પરજનોના સમૂહને છોડીને...**' આહા..હા..! સંગને છોડે કહે છે. આહા..હા..! '**પરજનોના સમૂહને છોડીને...**' '**परतत्तिं**' '**જ્ઞાનનિધિને ભોગવે છે.**' આહા..હા..! ભાષા જુઓ, આનંદનો અનુભવ કરે એ તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો એ આનંદને ભોગવે બીજું શું કરે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પૈસા થાય નિજવતનમાં જઈ અને એકલો ખાનગી ભોગવે. એના ઢંઢેરા ન પીટે. એમ ધર્મી

જ્ઞાનનિધિ ચૈતન્યમૂર્તિ એકલો પ્રકાશનો પિંડ. આહા..હા..! ચૈતન્ય આપણે આવ્યું છેને ચૈતન્ય પ્રકાશનો અનુભવ આવ્યું છે. સમજાણું કાંઈ? ચૈતન્યનો પ્રકાશ જ્ઞાનસ્વરૂપ. એને અનુભવે છે. એટલે કે અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એને અનુભવે છે. આહા..હા..! એ નિધિ છે. અંતર અનંત આનંદ પડ્યો છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. હરણિયાને દુંટીમાં કસ્તુરી એની કિંમતું એને નથી. એમ અજ્ઞાની પ્રાણીને, પર્યાયબુદ્ધિવાળાને, આહા..હા..! અનંત આનંદ એની મધ્યમાં પડ્યો છે પ્રભુ પાસે. આહા..હા..!

એક સમયની પર્યાયની પાછળ મોટું દળ પડ્યું છે કહે છે. એને પામીને જ્ઞાની પોતાના આનંદને ભોગવે બસ. પરની પંચાતમાં ન પડે. પરને સમજાવામાં ઉતાવળીયો ન થાય. આહા..હા..! જ્ઞાનનિધિ ભાષા તો જુઓ, નિધાન જ્ઞાનનું નિધાન. સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયનો આનંદ તો એ વિકલ્પ અને ઝેર છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વરે અનંત આનંદને અનુભવ્યો. એમ તું પણ અતીન્દ્રિય આનંદની નિધિને પામીને આનંદને અનુભવને, ભાઈ! એ તારું કર્તવ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૧૧, રવિવાર, તા. ૨૮-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૭, કળશ-૨૬૮ પ્રવચન નં. ૧૩૭

નિયમસાર. નિશ્ચય પરમાવશ્યક. આત્માને પરમ કર્તવ્ય શું છે? જે પોતાને માટે કર્તવ્ય છે. એ અધિકાર છે.

'**ટીકા :- અહીં દૃષ્ટાંત દ્વારા...**' ૧૫૭ ગાથા. '**સહજતત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.**' એટલે? આ ભગવાન સહજજ્ઞાનસ્વરૂપ આત્મા જે આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. એવું જે સહજતત્ત્વ એની આરાધના, એની સેવા એમાં એકાગ્ર થવું, એનું કાર્ય કરવું એ વિધિ કહી છે. આહા..હા..! શરીર, વાણી, મન અને પરનું તો કાંઈ કરી શકતો નથી. પરદ્રવ્યને શું કરે? સ્વતંત્ર પદાર્થ છે એની અવસ્થા, તેના જન્મક્ષણ નામ તે કાળે તે પર્યાય થવાની હોય તે કાળે થાય, એમાં બીજો આત્મા એને શું કરે? હવે થાય એનામાં પુણ્ય અને પાપના ભાવ એ વિકાર છે, એ તો સંસાર છે. એ કર્તવ્ય આવશ્યક કર્તવ્ય નહિ. એ તો અજ્ઞાનનું કર્તવ્ય છે. આહા..હા..! ધર્મીને અવશ્ય કરવાલાયક કર્તવ્ય શું? એની આરાધનાની અહીંયાં વાત ચાલે છે.

'**કોઈ એક દરિદ્ર મનુષ્ય...**' પહેલો દૃષ્ટાંત આપે છે. '**કોઈ એક દરિદ્ર મનુષ્ય ક્વચિત્**

**કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને,...**' પૂર્વના પુણ્યને લઈને કરોડ, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા મળે. નિધિ મળી નિધિ ધૂળની.

**શ્રોતા :-** આમાં ધૂળની નથી કહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યના ઉદયને પામે એ કોણ? ધૂળની પામે કે આત્માની પામે? આહા..હા..! આ રળવા માટે રાગ કરે એથી પૈસા મળે એમ નથી. આહા..હા..! એ તો પૂર્વનું કોઈ પુણ્ય હોય. એ દેખાય છેને બુદ્ધિ વિનાની પ્રાણી પણ લાખો પેદા કરે છે એવું દેખાય છે. અને બુદ્ધિના ખાં હોય તો મહિને બે હજાર પેદા કરવા પસીના ઉતરે. એ તો પૂર્વના કોઈ પુણ્ય હોય, સોગઠી ગોઠવાઈ જાય એવી રીતે એવા પ્રકારમાં એને લઈને નિધિને પામે. ધૂળ એટલે આ લક્ષ્મીને પામે.

**શ્રોતા :-** લક્ષ્મીજીના મંદિર ચણાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મંદિર મંદિરને લઈને થાય છે. લક્ષ્મીથી કે દિ' થાતું હતું? અને ગિરધરભાઈથી પણ કે દિ' થાતું હતું? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ માર્ગ એવો છે. દુનિયાથી નિરાળો છે. કહે છે કે એક તો સંસારના પુણ્યને લઈને પૈસા મળે છે. એના પુરુષાર્થથી (નહિ) ગયા તમારા ચીમનભાઈ? એ તો બે ગયા. પૈસાવાળાને કામ ઘણા હોયને. સવારમાં આવે સાંજે વયા જાય. મારી નાખ્યા જગતના કામ કરી-કરીને. જીવને રગદોળી નાખ્યો. એવી દશામાં આ કરું... આ કરું... આ કરું... આહા..હા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનો નાથ, પ્રભુ! એને આવી રીતે રાગ અને આ કરવું એમ કરીને કચરી નાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપ કહો કે કચરી નાખ્યો, એ કહે કે અમને બહુ મજા પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાંડા માણસને તો ભાઈ પાગલને શું કહેવું? જેઠ મહિનાનો દાખલો નથી આપતા ઘણીવાર? જેઠ મહિનાનો તડકો હોય, છોકરો બાર મહિનાનું બાળક હોય, એને દૂધ પાયું હોય અને વધારે પાયું હોય. તો ગરમી બહુ હોય તો શેરણું થઈ જાય અને બહારની ગરમી એટલે શેરણું ઠંડુ લાગે એને અહીં નીચે. એટલે આંગળી નાખીને આમ ચાટે. મજા માનતો હશેને? આહા..હા..! એમ કહે છે કે લક્ષ્મી... અહીં તો દૃષ્ટાંત દેવું છે. એક તો એ દૃષ્ટાંત કે પૈસા મળે છે એ પુણ્યને લઈને મળે છે એ એક સિદ્ધાંત. એના પ્રયત્ન કરે એટલે પૈસા મળી જાય એ સિદ્ધાંત તો તદ્દન જૂઠો છે. અહીં તો એક સિદ્ધાંત દૃષ્ટાંત દઈને પછી આત્મામાં ઉતારવો છે. આહા..હા..!

'**પુણ્યોદયથી...**' જોયું? ભાષા ચોખ્ખી છે. કેટલાક (માને છે) કે પૈસા (નથી મળતા) એ તો સમાજની વ્યવસ્થા સરખી નથી માટે પૈસા નથી મળતા. એમ પણ કોઈ માને છે. એમ નથી. પદ્મપ્રભમલધારિદેવ તો ચોખ્ખી વાત કરે છે જુઓ પાઠમાં. છે? '**सुकृतोदयेन**' સંસ્કૃતમાં છે. '**सुकृतोदयेन**' આહા..હા..! પૂર્વના પુણ્યના રજકણો પડ્યા હોય એ જ્યારે

ગળવા જાય, ટળવા ઉદય થઈને ત્યારે એને આ સંયોગો દેખાય. પાંચ લાખ, દસ લાખ, વીસ લાખ, કરોડ, પાંચ કરોડ, અબજ લ્યોને. સમજાણું કાંઈ? અહીંયાં તો સિદ્ધાંત એ કહેવો છે કે એ '**તે નિધિને પામીને, તે નિધિના ફળને...**' ભોગવે દુઃખને. એ તો માને સુખ. પોતાના વતનમાં જઈ. પેદા કર્યા હોય બહાર. કારણ કે અત્યારે દેશમાં એટલું બધું ન હોય. પેદા કર્યા હોય બહાર. એ પછી વતનમાં જઈને ઢંઢેરો પીટ્યા વિના ભોગવે. એમ નહિ કે અમે પચાસ કરોડ લઈને આવ્યા છીએ, દસ કરોડ લઈને આવ્યા છીએ. તો વીંખી નાખે લોકો. ભરો આમાં પૈસા, ખરડો કરો આમાં, ફલાણું કરો, સગાવ્હાલા વળગે છે. એટલે કહે છે કે '**નિધિને પામીને, તે નિધિના ફળને...**' એટલે કે પૈસા મળ્યા એના ફળને એટલે સુખ કલ્પના. કલ્પનાનું સુખ એટલે દુઃખ. આહા..હા..! દુઃખને '**સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ...**' પોતાની જે જન્મભૂમિમાં રહીને '**જે ગુપ્ત સ્થાન તેમાં રહીને...**' ગુપ્ત કરે. એ ઢંઢેરા ન પીટે. આહા..હા..!

'**અતિ ગુપ્તપણે...**' '**ગુપ્ત સ્થાનમાં...**' અને '**અતિ ગુપ્તપણે ભોગવે છે; આમ દૃષ્ટાંતપક્ષ છે.**' આ તો દૃષ્ટાંત હોં. એ ભોગવે છે તો દુઃખને. લક્ષ્મીવાળા ભોગવે છે દુઃખને, પણ એ લક્ષ્મી મળી એટલે એને એમ કે ઓહો..! આપણી પાસે પાંચ, પચાસ કરોડ મળ્યા, ધૂળ મળી, આ મળ્યા, બાયડી અનુકૂળ મળી, આ છોકરાઓ સારા મળ્યા, મુનિમ ધંધાના કરનારા આપણને પૂછયા વિના કરે તોપણ સારો ધંધો કરે. એય..! શાંતિભાઈ! બધા મળે સરખાઈના જોગ એવા થાય તો એમ લાગે કે આહા..હા..! અમે તો સુખી છીએ. એ ખાનગી દેશમાં જઈને એને ભોગવે કહે છે. છે પાપ. આ તો દૃષ્ટાંત. આહા..હા..!

'**આમ દૃષ્ટાંતપક્ષ છે.**' હવે '**દાર્ષ્ટાંતપક્ષે...**' દૃષ્ટાંત વડે સમજાવાની હોય તે વાત. આ દૃષ્ટાંત વડે સમજાવાની હોય એ વાત હવે સમજાવે છે. દૃષ્ટાંત ખાતર દૃષ્ટાંત નથી. '**પણ (એમ છે કે)—સહજપરમતત્ત્વજ્ઞાની જીવ...**' આહા..હા..! '**ક્વચિત્ આસન્નભવ્યના ગુણનો ઉદય થતાં...**' ભગવાન પરમતત્ત્વ વસ્તુ જે છે આનંદનો નાથ પ્રભુ. અતીન્દ્રિય આનંદથી ભરેલું દળ પ્રભુ છે આત્મા તો. આહા..હા..! અતીન્દ્રિય અનાકુળ આનંદથી ભરેલો ભગવાન આત્મા છે, એવું સહજપરમતત્ત્વ, એનો જે જ્ઞાની એટલે કે એને જાણનારો. સમજાણું કાંઈ? આહા..હા..! '**જીવ ક્વચિત્ આસન્નભવ્યના...**' આસન્નભવ્યરૂપી ભવ્યતાની યોગ્યતા મોક્ષને માટે નિકટ છે, નજીક છે. એવા જીવને '**ગુણનો ઉદય...**' ગુણ નામ નિર્મળ પર્યાય. અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટી. સહજતત્ત્વને આશ્રયે. સહજતત્ત્વ નિધાન ભગવાન આત્મા એમાં દૃષ્ટિ જતા સમ્યક્ થયું, એના લક્ષે જતાં જ્ઞાન થયું, એમાં સ્થિર થતાં ચારિત્ર થયું. એ ત્રણમાં એ સહજ નિધિને પામ્યો, પર્યાયમાં આનંદની દશાને પામ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સહજપરમતત્ત્વજ્ઞાની જીવ...**' આહા..હા..! સંસારના બધા વકીલાત ને ડોક્ટરને ડાહ્યા

એની વાત નથી લીધી. એ બધા દુઃખી છે. એમ.એ.ના પૂંછડા વળગ્યા હોય મોટા અને એલ.એલ.બી.ના. એ તો અજ્ઞાન છે. અહીં તો '**સહજપરમતત્ત્વજ્ઞાની...**' આહા..હા..! સ્વભાવિક સર્વજ્ઞ પરમેશ્વરે જે આ તત્ત્વ જોયું એ સ્વભાવિક વસ્તુ અનાદિની છે અને સ્વભાવિક જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે. એનું જેને જ્ઞાન થયું. ઓહો..! જેણે સહજપરમતત્ત્વ ઉપર દૃષ્ટિ પડતાં, જેને સહજ પ્રતીત અને જ્ઞાન નિધિની દશા પ્રગટી. આહા..હા..! એકલો નિધિ નહિ પણ નિધિને પામીને એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનને પામીને એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિધાન ભગવાન આત્મા અંદર. શરીર આ કર્મ જડ, માટીથી ભિન્ન પડ્યું તત્ત્વ. અરે! એ પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીથી જુદું તત્ત્વ પડ્યું છે. અરે! એ એક સમયની પર્યાયની પાછળ આખું આનંદનું દળ પડ્યું છે. આહા..હા..!

આવું જે નિધાન પડ્યું છે એને '**આસન્નભવ્યના ગુણનો ઉદય થતાં સહજવૈરાગ્યસંપત્તિ હોતાં,...**' વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનું જ્ઞાન થયું. એટલે પરથી સહજ વૈરાગ્ય નામ ઉદાસ થયો. આહા..હા..! મારો આનંદ મારામાં છે એમ અનુભવ થયો. એથી ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ જેને સડેલા કૂતરા અને મીંદડા સડેલા દેખાય એમ દેખાય એને. એટલે પરથી ઉદાસ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં નિધિ ચિદાનંદ અખંડ આનંદ છે તેનું ભાન થયું અંદર, એ નિધિને પામ્યો. કહો, ભગવાનજીભાઈ! મારા પૈસા-બૈસાના તો ખાહડા પડે છે.

**શ્રોતા :-** એ ખાહડા પૈસા વિના ન મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ભાઈ! તું ક્યાં ખાલી છો? તું ક્યાં આનંદના ગુણથી ખાલી છો, ભાઈ! તારામાં અનંત આનંદ, અનંત જ્ઞાન, શાંતિ પડી છે, પ્રભુ! તને ખબર નથી. જ્યાં છે ત્યાં શોધતો નથી અને જ્યાં નથી ત્યાં ઝાંવા નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ કહે છે કે આસન્નભવ્યની યોગ્યતા થતાં એને એ નિધિ પ્રાપ્ત થઈ અંદર. ઓહો..! આ તો અતીન્દ્રિય આનંદનું એકલું પૂરેપૂરો પ્રવાહ છે. પૂરેપૂરો પ્રવાહ છે. એમાં આનંદ વહે છે. આહા..હા..! નદીમાં જેમ પાણીના પૂર વહે, એમ ભગવાનના ત્રિકાળ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... ત્રિકાળ વહે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ. એવું ભાન થતાં '**સહજવૈરાગ્યસંપત્તિ હોતાં,...**' દેખો, ભાષા. પરથી હઠી ગયો અને વૈરાગ્ય સંપદા પ્રગટ થઈ. આહા..હા..!

'**સહજવૈરાગ્યસંપત્તિ...**' અહીં પામ્યો આને, અહીંથી સહજ વૈરાગ્ય થયો. પુણ્ય અને પાપના વિકલ્પથી પણ વિરક્ત થયો. રક્ત હતો એ વિરક્ત થયો. સ્વભાવથી વિરક્ત હતો એ રક્ત થયો. આહા..હા..! આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ! આમાં શું કરવું એ સૂઝ પડે નહિ. દયા પાળું કે વ્રત કરવાનું કાંઈ સૂઝે નહિ. કોણ કરે સાંભળને હવે. તારી સત્તાની પર્યાયથી આઘે જઈને પરમાં તો કાંઈ કરી શકતો નથી. તારી સત્તા એ પર્યાય સુધી તારી

સત્તાની સ્થિતિ છે. પર્યાયથી આઘે જઈને કોઈ કર્મનું કરે કે શરીરનું કરે એવું તો છે નહિ એનામાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'ક્વચિત્...'** એમ લીધું જોયું? ઓલામાં ક્વચિત્ અને કદાચિત્, બે હતા. અહીં **'ક્વચિત્ આસન્નભવ્યના...'** એમ લીધું. એની યોગ્યતા થતાં પર્યાયમાં નિર્મળદશા સહજાનંદ ભગવાન. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ દૃષ્ટિમાં દોલત દેખાણી. દૃષ્ટિમાં દોલત દેખાણી કે આ દોલતનો ભંડાર તો હું છું આનંદનો. આહા..હા..! **'સહજવૈરાગ્યસંપત્તિ હોતાં,...'** આહા..હા..! જેને પુણ્યના ભાવ પ્રત્યે પણ વિરક્તદશા થઈ અને આનંદસ્વરૂપમાં જેની દૃષ્ટિ રક્ત થઈ. આહા..હા..! આરે! આવી વાતું! આવો જૈનધર્મ હશે કહે! .. જૈનના સાધુ છે તે આત્માની વાત કરે છે. આત્માની વાત જૈનમાં ક્યાંથી? જૈન તો ક્રિયાકાંડ કરે એમ. એ બિચારો સાંભળવા આવ્યો ચર્ચામાં હોં. વ્યાખ્યાનમાં નહિ. એમ વાત નીકળતા નીકળી, ભાઈ! જુઓ પ્રભુ આત્મા તો નિત્ય ધ્રુવ છે, પણ એની પર્યાયમાં અનિત્યતા છે. એ ભાગ્યો. અનિત્ય? આત્મા અનિત્ય? એ દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે અને એ અનિત્ય નિત્યને પકડે છે. નિત્ય નિત્યને પકડે એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય જે બદલતી છે તે નિત્ય ત્રિકાળને અનુભવે છે અને પકડે છે. આહા..હા..! એવો તો માર્ગ વીતરાગનો! આહા..હા..!

વીતરાગ કહે છે કે પ્રભુ! તું વીતરાગ ભાવનું ચોસલું છો હોં. જેમ આ મોહનથાળને નથી કરતા? ચોસલા પાડે છે કે નહિ? આ મોહનથાળ, આ મૈસુબ એવું કરે છેને. એમ આ ચૈતન્યમૂર્તિ પ્રભુ આખું આનંદનું ચોસલું કંદ છે. આહા..હા..! એમાં દૃષ્ટિ કરીને એ ચોસલું પાડીને અનુભવ કર્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એ અનુભવમાં આત્મા જાણવામાં આવ્યો કે ઓહો..! આ તો સુખનો સાગર, જ્ઞાનનો ભંડાર, સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ, વ્યક્ત, પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહેતા, પણ વસ્તુ વ્યક્ત પ્રગટ છે આ તો. સત્તા છે, અસ્તિ છે, મોજુદગી ચીજ આતો છે. આહા..હા..!

એમ ભાન થતાં **'પરમગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે...'** જોયું? એ વ્યવહારથી વાત કરી છે. એ ખરી ભક્તિ તો પોતાનો આનંદ છે તેની ભક્તિ કરી છે. પણ પરમગુરુએ એ કહ્યું હતું. પરમગુરુ એને કહીએ-જૈનના ગુરુ એને કહીએ કે જે આનંદના નાથમાં એકાગ્ર કરાવે અને એકાગ્ર કહે. 'અંતર આનંદમાં એકાગ્ર થવું તે તારો ધર્મ છે' એમ કહેનારાને જૈનના ગુરુ કહેવામાં આવે છે. આ દયા ને દાન ને વ્રતથી ધર્મ થાય—એ જૈનના ગુરુ નહિ, એ કુગુરુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ફેર પણ. એટલે ઓલાને લાગે બિચારાને હોં નિશ્ચયાભાસ જેવું. કાલે આવ્યું હતુંને એ? .. ગ્રંથ લખ્યો છે અહીંના વિરોધનો. એમના નિયમો-સિદ્ધાંતો બધા મિથ્યાત્વ છે. આહા..હા..! અહીં આવ્યા હતા. પણ આ વાત. એ કહે મારી પાસે શ્વેતાંબરમાં એ શેત્રુંજયના માહાત્મ્ય નામનું પુસ્તક

છે. શેત્રુંજય માહાત્મ્ય. ત્યારે આપણામાં ઈ હશે ક્યાંક. એમ કે દિગંબરમાં સમ્મેદશિખરના માહાત્મ્યનું એક પુસ્તક છે. એમાં એમ લખ્યું છે. મહાવીરકીર્તિએ કહ્યું. આ પ્રવચન .. ઉતરેલા છે. કે સમ્મેદશિખરના દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. એમાં લખ્યું છે. મેં કીધું એ વાણી વીતરાગની નહિ. વીતરાગ પરદ્રવ્યને આશ્રયે સંસાર ઘટે એ વાત કહેનારા વીતરાગ નહિ.

ભગવાન જેમાં આત્મામાં ભવ અને ભવનો ભાવ નથી. એના દર્શન કરે તો અલ્પકાળમાં મુક્તિ થાય. સમજાણું કાંઈ? વળી પાછું જરી બોલવામાં મંડ્યા કે આમ છે ને તેમ છે. વિરુદ્ધ લખ્યું બધું પુસ્તકમાં. છાપામાં આવ્યું હતું આમાં. આહા..હા..! હો, લખો, દુનિયા લખે જેમ હોય એમ કરો. વસ્તુ છે એ કાંઈ ફરે એવી નથી. આહા..હા..! અહીં તો કહે છે કે '**ગુરુના ચરણકમળયુગલની...**' એટલે એના પગ યુગલ તે હશે? પગને દાબવા અને પગને એ હશે? પગ તો જડના છે. ગુરુના પગ ક્યાં છે? આહા..હા..!

**શ્રોતા** :- એને બે પગ છે દર્શન અને ચારિત્ર!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ અહીં તો કહે છે એ કહે છે. સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ ચરણયુગલ છે ધર્મીના. આહા..હા..! એના '**ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે...**' ઓહો..હો..! ગુરુએ એમ કહ્યું હતું. જૈનના ગુરુઓનો આ ઉપદેશ હોય છે કે પરથી ઉપેક્ષા છોડી અને ત્રિકાળી જ્ઞાયકની અપેક્ષાની દૃષ્ટિ કર. આહા..હા..! એવી એણે કહી એટલે ચરણકમળયુગલની ભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સવારમાં આવ્યું હતુંને, જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ હસ્તાવલંબ જાણીને ઘણો કર્યો છે. આવા લખાણ બહુ આવે છે. સમજાણું કાંઈ? પણ એ ગુરુની સેવા એટલે કાંઈ એના પગ દાબવા? એમણે જે કહ્યું છે તેને અંદર કર્તવ્યમાં ઉતારવું. એમણે કહ્યું તે કરવું એ ગુરુની સેવા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આ. અરે! આવા મનુષ્યભવ મળ્યા. માંડ સાંભળવાના ભવ મળ્યા. કીડે-કાગડે ક્યાંય બાપા! કોણ તું છો? ક્યાં છો? એ વાત સાંભળવા ન મળે ત્યાં. અરેરે! આવો.. એમાં પણ જો એ ઉંધાઈ કરે. આહા..હા..! ભાઈ! તારા રસ્તા ક્યારે નીકળશે? આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા કે ગુરુ જે ધર્માત્મા. એને એ કહે છે, પ્રભુ! તું પૂર્ણ આનંદ છો. તેમાં દૃષ્ટિને પ્રસર કર. જ્યાં પૂર્ણ આનંદ છે તેમાં લીન થા. આહા..હા..! એમ જે કહ્યું હતું એવું એણે કર્યું. એટલે ગુરુની સેવા ભક્તિ કરી એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**નિરતિશય ભક્તિ વડે...**' આહા..હા..! ઉત્તમ ભક્તિ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ ઉત્તમ ભક્તિ નથી, એ તો શુભભાવની ભક્તિ છે, શુભવિકલ્પરૂપી ભક્તિ. આ તો પરમાનંદનો નાથ પ્રભુ. દેવ પોતે, ગુરુ પોતે, આહા..હા..! અને સિદ્ધાંતના રહસ્યો કાઢનારો ભગવાન પોતે. સમજાણું કાંઈ? એવી ભક્તિ વડે અંતરની '**મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન...**' મકરંદ.

મકરંદ છે નીચે. '**પુષ્પ-રસ; ફૂલનું મધ.**' હોય છેને ફૂલનું? ભમરા છે એ ફૂલમાં બેસે પણ એને કાણું ન પાડે. સુંઢ વડે એનો રસ ચૂસે રસ. ફૂલનો જે રસ હોયને એ રસ ચૂસે. કાણું ન પડે. એ ફૂલમાં મીઠો રસ હોય છે એને ચૂસે. એમ મુક્તિસુંદરી એટલે મોક્ષની દશા. એના મુખનું મકરંદ એટલે તપ સમાન '**સહજજ્ઞાનનિધિને પામીને,...**' આહા..હા..! સહજ જ્ઞાનાનંદ પ્રભુને પામીને એમ નિધિને. નિધિ તો નિધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેમ પામે? કેમ પમાય? એ તો બધું ભેગું આવી ગયું અંદર કે સહજતત્ત્વ ભગવાન પૂર્ણ શુદ્ધ છે. સવારમાં આવી ગયું હતું. એમાં આરૂઢ થાય છે તે એની જાત્રા. એ તીર્થ છે ભગવાન. એ તરવાના ઉપાયવાળું એ તત્ત્વ છે. આહા..હા..! એમાં જે દૃષ્ટિ ને જ્ઞાન ને સ્થિરતા કરે આહા..હા..! એ એની સાચી જાત્રા છે, એ એની સાચી પૂજા છે અને સાચો દેવ એણે પારખ્યો. આહા..હા..! દેવ આવે છેને? કળશમાં આવે છે. કળશમાં નહિ? દેવ આવે છે સમયસારમાં. દેવ છે અંદર. દિવ્ય શક્તિનો ધણી ભગવાન. આહા..હા..! પણ પોતાને પામર કલ્પ્યો એને આ દિવ્ય શક્તિ મારામાં અનંત છે એ કેમ બેસે આહા..હા..! એક થોડા કાંઈક વખાણ કરે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહા..હા..! આબરૂ જરી બહારમાં વધે ત્યાં આહા..હા..! અમે તો ક્યાંય વધ્યા. ધૂળેય વધ્યા નથી. ઘટી ગયો છો સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વભાવિક આનંદનું ધામ જેને પ્રાપ્ત થયું એ તો કહે છે કે સહજજ્ઞાનનિધિને પામ્યો. કેવી નિધિ છે ઈ? '**મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન...**' આહા..હા..! પર્યાયમાં આત્માનો આનંદ આવ્યોને? એ કહે છે. પૂર્ણ પર્યાય તો પછી થશે, પણ અહીંયાં આત્મા મુક્તસ્વરૂપ છે, આનંદસ્વરૂપ, એની અંદર દૃષ્ટિ અને જ્ઞાન થતાં મુક્તિસુંદરીના મુખનો જે રસ છે એ સમાન જ્ઞાનનિધિને પામ્યો. પર્યાયમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં વસ્તુને પામ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવી વાણી અને આ શું કહે છે! શું આમાં? ઓલા તો સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા લ્યો. સુઝ પણ પડતી હતી મહિના .. ભાઈ આઠમ.. પોષા. આહા..હા..! ભાઈ! એ બધી ક્રિયા તો રાગ મંદ હોય તો પુણ્ય કહેવાય છે. એ તો સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં જન્મ-મરણના છેડા ન આવે એ ધર્મ નહિ. ગુરુએ કહ્યું તે કર્યું એણે. આહા..હા..! એ તે ગુરુની સેવા કરી એમ કહેવામાં આવે છે. શું કર્યું એણે? કે સહજજ્ઞાનનિધિને પામ્યો. જેમ ઓલા પુણ્યોદયથી ધૂળને પામ્યો આ લક્ષ્મીને. એમ આ પોતાના સ્વભાવના આનંદના ધ્યેયને બનાવીને પર્યાયમાં આનંદરૂપી પર્યાય પ્રગટી એ સહજનિધિને પ્રાપ્ત કરી એણે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.**' આહા..હા..! ઈ કહે છે કે એવા જે જ્ઞાન ને આનંદસ્વરૂપનો અનુભવ થયો એ બહાર ફૂંકે નહિ બહુ. 'જાણો અમે આવા છીએ, જાણો અમે આવા છીએ' એમ ફૂંકે નહિ ઓલો

જ્ઞાનનિધિ ઘરે લઈને જેમ લક્ષ્મી ભોગવે એમ પોતે એકાગ્ર થઈને પોતાને ભોગવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને '**સ્વરૂપવિકળ એવા...**' સ્વરૂપ પ્રાપ્તિ વગરના અજ્ઞાનીઓ. એને '**ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.**' મારા સ્વરૂપની એકાગ્રતામાં તો આ પ્રશ્નો પૂછે અને આ આ કરે તે કરે, એ તો વિઘ્નનું કારણ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે, ભાઈ! '**સ્વરૂપવિકળ...**' જેને સ્વરૂપનું ભાન નથી એ નિંદા કરે તો કરો. એ આવી ગયુંને પહેલું? પહેલા આવી ગયું છે આમાં. લ્યો! એકલા અમે આત્માનું ધ્યાન કરીએ છીએ. અમને પરની કાંઈ પડી નથી. .. એમ કરીને નિંદા કરે. બાપુ! કરો ભાઈ! આહા..હા..! પણ એવા સ્વરૂપવિકળના શબ્દોને સાંભળીને ખેદ ન કરીશ, પ્રભુ પ્રત્યે અભક્તિ ન કરીશ. પોતે જે સ્વરૂપ છે તેની અભક્તિ (ન કરીશ). લ્યો, આવું કર્યું છે તોપણ આ લોકો નિંદા કરે છે. તે નિંદા કરે તો કરોડ કરવા દેને, તારે શું છે? સમજાણું કાંઈ? લ્યો, આત્મા... આત્મા... આત્મા... આખો દિ' આત્મા. દસ મહિના અને દસ દિ' રહ્યા હતા ૯૫માં. દસ મહિના અને દસ દિ' આત્મા-આત્મા દસ મહિના કૂટ્યો કહે. એક જણો કહે. ભગવાન! ભાઈ! તારી ચીજ વિના શું બીજી તારી ચીજ છે જગતમાં? આહા..હા..!

એવો જે ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા એ જ્ઞાનનિધિમાં એકાગ્ર થતાં જે જ્ઞાનનિધિની પર્યાયમાં પ્રાપ્તિ થઈ કે આ તો શુદ્ધ ચૈતન્યઘન છે, એવી પર્યાયમાં શુદ્ધતાનો અનુભવ થયો ત્યારે આ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદ છે એવી એને પ્રતીતિ અને એનું જ્ઞાન થયું. આહા..હા..! કહે છે કે એ તું એકલો ભોગવજે. એના ફંફેડા કરીશ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** લોકોને ખબર કેમ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયા દુનિયાની જાણે. એને શું ખબર પડે તો જ એનું જ્ઞાન સાચું? આહા..હા..! એ .. આર્જિકા કહેતી. તે દિ' બહેન હતા ખરાને. સમજુ તો એને કહેવાય જ્ઞાની તો કે દુનિયાને આમ સમજાવે. લ્યો, અમને અમારો આત્મા સમજાવતા આવડતો નથી એ અજ્ઞાની. દિવાળી આર્જિકા હતાને તારે. લીલાવતી.. આ શું થાય, ભાઈ! આહા..હા..! એ જ એકવાર ગોંડલમાં હતા વ્યાખ્યાનમાં. હું ત્યાં હતો તો ગોંડલમાં આવ્યા હતા. ૭૭ની સાલ છે ઘણું કરીને. કે પછી હશે. વ્યાખ્યાન સાંભળી. બહારમાં આબરૂ ઘણી એની વ્યાખ્યાનની કળા એવી કે લોકો.. પણ લોકો કોણ સામાન્ય વાણિયા બિચારા. એય..! કાંઈ ઠેકાણા વિનાના બિચારાને ખબર ન મળે. એકલા.. આહા..હા..! એટલે રાજી-રાજી વ્યાખ્યાન સાંભળીને. હોય બધા ગપેગપ. પછી એકવાર સાંભળ્યું એણે વ્યાખ્યાન. એકલા આવ્યા. કોઈ નહોતુંને. એકલી આવી હતી. ગોંડલના અપાસરામાં. મહારાજ! આ વાત સાંભળીને આજ જ મારો.. હવે જન્મ તો પછી થશે, પણ આ વસ્તુનું જેમ પેટમાં ગર્ભ રહે એમ આ ધર્મનો ગર્ભ આજે આવ્યો છે કહે. એમ બોલી હતી. સમજાણું કાંઈ? પણ એ કેવું એ કોઈ ન હોય અને કોઈ જાણી જાય એમ નહિ.

ગોંડલની વાત છે ઘણું કરીને. ૭૭ની જ હશે. એના પછીની વાત છે. ૭૭માં ઓલી પરિતસંસારની વાત થઈ હતી. એ કહે આ મહારાજ સાધુને આહાર દેતા પરિતસંસાર શાસ્ત્રમાં કહ્યું છે. ભાઈ! કીધું આપણને એ વાત બેસતી નથી. પરદ્રવ્યને આહાર-પાણી દે તો સંસાર ઘટે એ વાત ત્રણકાળમાં આપણને તો એ સાચી લાગતી નથી. શાસ્ત્રમાં લખ્યું છે. લખ્યું હશે કીધું પણ એ વખતે ક્યાં કહેવાય કે તમારા શાસ્ત્ર ખોટા હતા. બહેનના સાસરા થાય. રામજીભાઈના બહેનના સસરા. પોપટભાઈ. પરવસ્તુ તીર્થંકર હોય છદ્મસ્થને આહાર-પાણી આપે તો એ સંસાર ઘટે એ ત્રણકાળમાં નહિ. પરદ્રવ્યનો આશ્રય આવે ત્યાં તો રાગ જ થાય.

**શ્રોતા :-** એ મહાવીર ભગવાનના જીવનમાં એમ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા ઘણા લેખ આવે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો, બધા ઘણા લેખ આવે છે એમાં. શ્વેતાંબરમાં કથા અને પાઠમાં આવે છેને કીધું. વિપાકસૂત્રમાં આખો વિપાક દસ અધ્યાય છે. સુબાહુકુમાર દસ છે. મિથ્યાદૃષ્ટિઓ દસેય. પૈસાવાળા ઘણા લાખો. ઉંચા સિંહાસન પર બેઠે. મુનિ આવે છે આમ. બનાવેલી કથાઓ છે. ત્યાં ક્યાં એ સાચા શાસ્ત્ર છે? મુનિ આવે છે ત્યાં સુબાહુકુમાર સિંહાસન ઉપર બેઠેલો નીચે ઉતરે છે. ઓહો..! ધન્યભાગ! ધન્ય ઘડી. નીચે પગે લાગીને. મહારાજ! આહાર વહોરાવે છે. સંસાર પરિત કર્યો એવો પાઠ છે. ઓલો મિથ્યાદૃષ્ટિ. મુનિને આહાર વહોરાવ્યો તો સંસાર ઘટાડ્યો. દસ વિપાકનું છેને આચારાંગ, સૂયગડાંગ નવા બનાવેલા છેને બધા? શ્વેતાંબરે નવા બનાવેલા છે, કાંઈ ભગવાનના કહેલા નથી. શ્વેતાંબરના સાધુએ બનાવેલા છે. એમાં દસ આધ્યાય આવા મોટા છે. એની વાત થઈ હતી એકફેરી ઓલો હતોને. રાજકોટનો નહોતો ભાઈ એક. એની માના નામે નહોતા અહીં વખાણ કર્યા અને ગાયન બનાવ્યું છે.

**શ્રોતા :-** બાઈ માણેકને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાઈ માણેકને એનો દીકરો. .. પંડિત નહોતો કહેવાતો? ગોકળ ગાંધી. એ ગોકળ ગાંધી એની સાથે વાત થઈ હતી એક ફેરી કીધું આ જુઓ શાસ્ત્રમાં છે. આ વાત બેસે છે કે કીધું? પછી એણે પૂછયું હતું.

**શ્રોતા :-** .. લખ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યું હતું. મને ખબર છેને. વાત થઈ હતી એને. ઘણું કરીને ક્યાંક ચોટીલા કે ક્યાંક થઈ હતી એની સાથે. કીધું આ દસ અધિકાર સાધુને આહાર આપે અને સંસાર ઘટે આ વિપાક ભગવાનના નામના શાસ્ત્રો, આ વાત બેસે છે કીધું? ઈ અને ઓલી બે વાત કરી હતી. ઓલા મેઘકુમારની. હાથીના ભવમાં .. પરિતસંસાર પાઠ છે એમાં. કીધું આ વાત તમને બેસે છે? એ શ્વેતાંબર શાસ્ત્રમાં. એ સ્થાનકવાસી પણ એ જ ૩૨ માને છેને અને ઓલા ૪૫ માને. આવી વાત તદ્દન વિરુદ્ધની છે. સત્‌થી વિરુદ્ધ છે. આહા..હા..!

પણ આકરું લાગે, ભાઈ! જેનો પક્ષ માન્યો છેને. એય..! શાંતિભાઈ! આપણને આ વાત બેસતી નથી, ભાઈ સાહેબ! પરદ્રવ્યનું કરે અને સંસાર ઘટે. ભગવાન આત્મા જેમાં ભવ અને ભવનો ભાવ નથી, એને આશ્રયે જાય તો ભવ ઘટે. એ સિવાય કોઈ રીતે પરદ્રવ્યને આશ્રયે ભવ ઘટે એ વાત ત્રણકાળમાં જિનદર્શનમાં છે નહિ. આહા..હા..! વીતરાગ ત્રણલોકનો નાથ સમવસરણમાં પોકાર કરીને એમ કહે છે કે કોઈપણ આત્મા અમારી સન્મુખ જોશે એને રાગ થાશે. એય..! શાંતિભાઈ! આહા..હા..! એને ક્યાં પડી? એ તો વીતરાગ છે. તારી સામું જો તો તને સંસાર ઘટશે. બાકી સંસાર ઘટે એવો નથી. કેમ છબીલભાઈ! આવી વાત છે, ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. અરેરે! સમજાણું કાંઈ?

લક્ષ્મી જાય, મા-બાપ મરી જાય, છોકરા પછી (જગડે) પાછળથી. આ મારા મકાન અને આમાં અમે જૂના રહીએ માટે મોટા માટે અમને હોવા જોઈએ. અમારે દીકરો ભલે ન હોય, તમારે દીકરા હોય પણ અમે રહેશું અહીં. એ તકરારું કરે. એમ ભગવાનના પડ્યા વિરહ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન મળે, અવધિ, મનઃપર્યયના વિરહ પડ્યા. આ પાછળથી લોકોએ તકરાર કરીને ભિન્ન-ભિન્ન વાડા બાંધ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરનો પોકાર છે કે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિ કરતાં એનો આશ્રય કરતાં જ ભવ ઘટે. અને આશ્રય કરનારને વસ્તુ પ્રાપ્ત થાય એમ એકલા .. અનુભવવો. બીજાને આમ કહું અને બીજા માને તો મારી વાત સાચી એ વાત અહીંયાં છે નહિ કાંઈ. સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! આહા..હા..! બગાસુ ખાઈ અને મોઢામાં (સાકરનો) ગાંગડો આવી જાયને, એમ આ સત્ય વાત અત્યારે બહાર આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- જેમાં પાખંડ ચાલે છે એના ભુક્કા થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું થાય, બાપા? ભાઈ! બીજું શું થાય? અરેરે! કોઈને આપણે દુઃખ થાય એમ કાંઈ કહેવું છે? એ વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! પરમાત્મા જિનેશ્વર દેવ ત્રિલોકનાથ. સો ઇન્દ્રોના પૂજનિક પરમાત્માએ સમવસરણમાં આમ કહ્યું છે એ આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે એ સ્વરૂપની દૃષ્ટિ થઈ અને અનુભવ થયો. આહા..હા..! જ્ઞાનનિધિ ભાષા વાપરી જોઈ! એ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, સર્વજ્ઞસ્વરૂપ જ છે એ જ્ઞાનનિધિ. એને પામીને. પર્યાયમાં એ જ્ઞાનનિધિને, ધ્રુવને, દ્રવ્યને પામીને. આહા..હા..! એક સમયની જે પર્યાય એ ધ્રુવને અડ્યા વિના, ધ્રુવનું જ્ઞાન કરે છે. કહો, હસુભાઈ! આવી વાત છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ સર્વજ્ઞસ્વભાવી પરમેશ્વર, જિનેશ્વરદેવે એવા આત્મા અનંત જોયા છે. એ જિનેશ્વરદેવ એમ કહે છે કે આવો જે ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન જેમાં સિદ્ધની પર્યાયો પણ જેમાં અનંતી પડી છે અંદર. ષટ્‌ગુણરૂપે, શક્તિરૂપે. સમજાણું કાંઈ? એ બાળગોપાળ

સ્ત્રીનો દેહ હોય, પુરુષનો હોય, નપુંસકનો હોય એ આત્મા કાંઈ એવો થતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે! એની પર્યાયમાં પણ ગમે તેટલા વિકાર આદિ હોય તો આત્મા એ વિકાર થયો નથી એને. એ તો વસ્તુ વસ્તુ જ છે આખી. આહા..હા..! એવી ચીજને પામીને. જેમ ઓલા પુણ્યોદયને લઈને નિધિ પામ્યો, એમ આ પવિત્રતના પ્રકારની યોગ્યતાથી તને આત્મા મળ્યો અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? તો સ્વરૂપવિકળ જે અજ્ઞાની છે, સ્વરૂપની વિપરીત દૃષ્ટિ જેની છે એ લોકો એમ કહે, લ્યો આ આવા આત્મા... આત્મા... આત્મા... કોઈનું કરવું નથી. એમાં એકલા-એકલા આત્મા. એવા વિકળ જીવોની નિંદા સાંભળીને સ્વરૂપસ્થિતિ છે તેની અભક્તિ કરીશ નહિ કે અરેરે! અમને આ સાચું તત્ત્વ મળ્યું છતાં લોકો નિંદા કરે! કરેને, એમાં તારે શું છે? સમજાણું કાંઈ? અમે સત્યમાં આવ્યા અને દુનિયા કહે છે કે તમારું ખોટું અને જૂઠું છે. ઠીક, કહે એમાં તારે શું છે પણ? એય..! આહા..હા..!

**'સ્વરૂપવિકળ એવા પરજનોના...'** પરજન. પોતા સિવાય બીજામાં. **'સમૂહને...'** સમૂહ છેને. ઘણા લાખો, કરોડો એવા માણસો હોય છે. **'ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને...'** આહા..હા..! એ પરજનનો સંગ છોડજે. તારું કરજે અંદર. શાંતિભાઈ! આહા..હા..! આવી વાત છે. આવશ્યક કીધું છેને? આવશ્યક ચાલે છેને? આવશ્યક તો ઈ છે કે તું આવું સ્વરૂપ જાણીને તું એમાં એકાગ્ર થજે. એ અવશ્ય કાર્ય છે. બીજાને સમજાવે અને બીજા સમજાવે તો ઠીક એ એવું આવશ્યક એ આત્માનું નથી. એ તો વાણી હોય તો વાણી નીકળે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ સાંભળ્યો નથી બિચારા કેટલાકે તો. ઓહો..હો..! એવા જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને, સંગને છોડીને અસંગતત્ત્વનો અભ્યાસ અંદર કર, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ ન કહ્યું કે દુનિયાને માટે ઉપદેશ કરવા રોકાજે, ઉપદેશ કરજે. આહા..હા..!

એમ કહ્યુંને આમાં કે ઉપદેશ કરજે. તે જાણ્યું, તને આત્માનું જ્ઞાન થયું તો હવે બીજાને સમજાવજે. જેઠાભાઈ! ત્યારે સમજ્યો એનો લાભ શું બીજાને? આહા..હા..! ભાઈ! બીજાને લાભ થાય, ન થાય એ તો એને કારણે છે. તું ઉપદેશ દે અને એને કાંઈ લાભ થાય એમ છે? અને એને કાંઈ લાભ થાય તો એને લઈને તને કાંઈ લાભ થાય એમ છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નાળિયેરનો ગોળો જેમ ધોળો મીઠો પડ્યો છે અંદર. એ છાલાની પાછળ અને કાચલીની પાછળ અને કાચલીને અડતી લાલ છાલ જે છે એની પાછળ ગોળો શેર, દોઢ શેરનો મીઠો પડ્યો છેને એ શ્રીફળ. એમ અંદર આત્મા શરીરના છાલાથી પર, કર્મની કાચલીથી પર, પુણ્ય-પાપની લાલ છાલથી પર અંદર એકલો આનંદનો ગોળો પડ્યો છે આત્મા, કહે છે. અરેરે! આત્મા કેવો છે અને કેમ છે એની વાત પણ સાંભળે નહિ. અને આત્મા-આત્મા... અરે! ભાઈ! આહા..હા..! તું ન હોય તો બધું અંધારું છે. તું હોય તો તને જાણ અને તું હોય તો પરને જાણ. પણ પોતે જ કાંઈ નથી વસ્તુમાં ત્યારે પછી

એને પોતાને જાણવું અને પરને જાણવું રહ્યું ક્યાંથી એને. આંધળું છે એ તો. જ્ઞાન કીધુંને? એ તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ, ચૈતન્યસૂર્ય છે. આહા..હા..! દેહમાં ભગવાન ચૈતન્યના નૂરના પૂરથી ભરેલો ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના સ્વાદને લેને એકવાર, કહે છે. જગતના ઝેરના સ્વાદ તો ઘણા લીધા તે, પણ એકવાર આ પ્રભુ બિરાજે છે આનંદનો નાથ અંદર આહા..હા..! ત્યાં નજરું નાખ તને સ્વાદ આવશે. અને સ્વાદ માટે તું ત્યાં રોકાજે. હવે પરનો સંગ છોડી દેજે, એમ કહે છે. ઉપદેશ કરવો અને એ કાંઈ આવશ્યક કાર્ય છે? પુસ્તક બનાવવા એ આવશ્યક કાર્ય છે? આહા..હા..! વિકલ્પ કરવો કે આમ થાય તો ઠીક એ આવશ્યક કાર્ય છે? આવશ્યક કાર્ય તો એ છે અવશ્ય કરવાલાયક જે ત્રીજી ગાથામાં આવ્યું છે. '**णियमेण य ज कज्जं**' ઈ ત્રીજી ગાથામાં આવ્યું છે. નિયમસાર. '**णियमेण य ज कज्जं**' નિયમથી જે કર્તવ્ય છે તે કર. એ અહીં કહે છે કે નિયમથી જે કર્તવ્ય છે, તારા સ્વરૂપનો અનુભવ કરીને અંદરમાં સ્થિર થા એ તારું નિયમથી કર્તવ્ય છે. આહા..હા..! હવે આમાં ઘડિયાળ-બડિયાળનું તો ક્યાંય રહી ગયું. શાંતિભાઈ! કાંપમાં છેને ઈ? એ કાંપમાં છે. કાંપ-કાંપ સમજાય છે? (કાદવ). આહા..હા..!

ભગવાન! તારામાં પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે, અરે! પુણ્યનો વિકલ્પ ઉઠે એ પણ કર્તવ્ય નથી, એ તો ઝેર રાગ છે. આહા..હા..! કહો, ચીમનભાઈ! આવું છે ભાઈ અહીં તો. સત્ય છે. આહા..હા..!

'**પરજનોના સમૂહને...**' એટલે ઝાઝા માણસ દેખીને સંઘવાળા. '**ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.**' અને પોતાનું અવશ્ય કાર્ય જે અંતર અનુભવ કરવો એ કાર્ય કરે છે, એમ કહે છે. આહા..હા..! ઉપદેશ કરવો અને સમજાવવો અને પુસ્તક બનાવવા અને રચવા એ કાંઈ અવશ્ય કાર્ય નથી અને એ કાંઈ આત્મા કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(હવે, આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**'

(शालिनी)

अस्मिन् लोके लौकिकः कश्चिदेकः
लब्ध्वा पुण्यात्कांचनानां समूहम्।
गूढो भूत्वा वर्तते त्यक्तसंगो
ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति।।२६८।।

આહા..હા..! આ પરજીવની રક્ષા કરવા ચાલી નીકળ્યા. જીવદયા મંડળીના અગ્રેસર મોઢા આગળ નામ આપે. એય..! શાંતિભાઈ! મોઢા આગળ હોય નામ આપે પછી ૨૫-૫૦ છોકરા જુવાનિયા હોય એમાં નામ આપો શાંતિભાઈનું મોઢા આગળ ભાઈ કામ કરે, આબરૂદાર માણસ.

જીવદયાના અગ્રેસર આ. ઈ કહે છે કે જીવદયાની મંડળી જ ખોટી છે. પરની જીવ દયા પાળી શકતો જ નથી. સમજાણું કાંઈ? ઈ કહે છે જુઓ, આહા..હા..!

'**શ્લોકાર્થ :- આ લોકમાં કોઈ એક લૌકિકજન...**' લૌકિકજન છેને આ પુણ્યવાળાને પૈસા મળે એ તો લૌકિકજન છેને. '**પુણ્યને લીધે ધનના સમૂહને પામીને,...**' ભાષા દેખો, ધનનો સમૂહ. ઓલો નિધિ હતોને? પૈસા કરોડો રૂપિયા, બે કરોડ, પાંચ કરોડ નીકળી જાય લ્યો. સમજાણું કાંઈ? આ શ્વેતાંબરમાં આવે છેને વસ્તુપાળ, તેજપાળ. વસ્તુપાળ, તેજપાળ પાસે બહુ પૈસા કરોડો. એટલે જાત્રા કરવા નીકળ્યા ત્યારે રૂપિયા ઘણા-ઘણા. એટલે નળકોડિયું હોય જમીનનું ઘરનું. એમાં દાટવા ગયા ખાડો કરીને. આપણે બહાર જાત્રાએ જાવું છે બે, ચાર, છ મહિના. એ જ્યાં દાટવા જાય ત્યાં કરોડનો ચરુ નીકળ્યો. ખોદ્યું ત્યાં. બાયડી કહે છે કે પણ શું કરવા પણ? પગે નિધાન છે એને દાટીને શું કામ છે હવે તારે? વાપરને. બૈરાએ એમને કહ્યું. પછી આ બનાવ્યું હતુંને સાડા ત્રણ કરોડનું આબુમાં નહિ? ગોખલો બનાવ્યો છે. એ એની સ્ત્રીએ બનાવ્યો છે. સાડા ત્રણ કરોડનો એક ગોખલો છે. ...

**શ્રોતા :-** દેરાણી-જેઠાણીનો ગોખલો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, દેરાણી-જેઠાણીનો ગોખલો. એ વસ્તુપાળ, તેજપાળ. દાટવા એ જાય છે કે અહીં આપણે કપાટમાં. કપાટ તો ક્યાં હતો તે દિ'. આ શું કહેવાય? પટારા. પટારા હતાને પટારા? એમાં રાખ્યું તો ખબર પડે લોકોને. તો એવી નળકોહ હોયને ખાનગી પેશાબ કરવા નીકળી ગયા.. જમીન... તે દિ' કાંઈ પાયખાના નહોતા તે દિ'. નલકુડીયા હોય. ખાલી જમીન હોય ત્યાં. દાટવા ગયા તો ત્યાં કોણ લેવા આવે? એમ કે દાટવા ગયા. દાટવા ગયા તો ચરુ નીકળ્યો. બૈરા કહે છે પણ આ પગે નિધાન દાટવા જાય ત્યાં મળે. હવે દાટીને કામ શું છે તારે? વાપરને. પછી આ પૈસા વાપર્યા ત્યાં. સમજાણું કાંઈ? એમ અહીં આત્મા નિધાન જેને મળે છે અંદરથી, આહા..હા..! એને ગોપવીને ધ્યાન કરજે એનું. આહા..હા..!

'**ધનના સમૂહને પામીને, સંગને છોડીને ગુપ્ત થઈને રહે છે;...**' પૈસાવાળા. '**તેની માફક જ્ઞાની (પરના સંગને છોડીને ગુપ્તપણે) જ્ઞાનની રક્ષા કરે છે.**' ભાષા છે? એ આત્માની રક્ષા કરે છે એ તો જ્ઞાનની રક્ષા કરતા. આહા..હા..! જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાણો તે જ્ઞાનની પર્યાયની હવે રક્ષા કરે છે. પરની રક્ષા કરી શકતો નથી, રાગની રક્ષા કરવા જાય ત્યાં મિથ્યાત્વ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ પૂછતા હતા તમારે ત્રિલોકચંદજી! તમારી સાથે રુચિ કેમ થાય? આ સમજે તો રુચિ થાય. ભાઈ પૂછતા હતા. આહા..હા..! આત્મા શું ચીજ છે? એની શક્તિ કેટલી છે? એનું સ્વરૂપ શું છે? એ પૂર્ણ છે કે અપૂર્ણ છે? અપૂર્ણ પર્યાયમાં છે, વસ્તુમાં પૂર્ણ છે. એવું બરાબર જ્ઞાન થાય તો એની રુચિ થાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આત્મા જ્ઞાનસ્વરૂપ છે, બસ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનસ્વરૂપ એમ... જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થવું જોઈએને. છે એવું જ્ઞેય થયા વિના 'છે' એમ પ્રતીતમાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ? વસ્તુ તો વસ્તુ છે. એ તો છે. પણ હવે છે એવી પ્રતીત કોને આવે? કે જે એની સન્મુખ થઈને એની પ્રતીતિ કરે એને આ 'છે' એમ પ્રતીતમાં આવ્યું. નહિ તો છે તો છે અનાદિથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સાધારણ માણસને તો લુખ્ખો લાગે એવો છે. બીજું શું થાય પણ, ભાઈ! સત્‌નો પંથ તો આ છે. અને સંતના સત્‌ના પંથે ગયા વિના એના જન્મ-મરણ નહિ મટે, બાપા! આહા..હા..! ચોર્યાસીના અવતાર નરક અને નિગોદ, કીડી ને કાગડા, કૂતરા. આહા..હા..!

અમારે તો એક સાધુ આવતા પાલેજમાં દરિયાપરી. દરિયાપરી હતા. રવિચંદજી. પ્રાંતિજમાં હતા. વૈરાગી બિચારા. તત્ત્વની કાંઈ ખબર ન પડે. આ તો ૬૪-૬૫ની વાત છે. રવિચંદજી હતા દરિયાપરી સાધુ. તમે દરિયાપરી છોને? રવિચંદનું નામ નહિ જાણતા હો. એટલા વર્ષ. આ તો ઘણા વર્ષ. પછી આવે ને ગાય આ. અમે રાતે નવરા થઈને જઈએ. 'કૂતરાના ભવમાં તે વીણી ખાધા કટકા, જ્યાં ભૂખના વેઠ્યા ભડકા રે. ભુદરજી તમને ભૂલ્યો.' આવું ગાય. એ જાણે.. વૈરાગી હતો બિચારો. તત્ત્વની કાંઈ ખબર નહિ. .. છેને ... ત્યાં કાલિદાસ .. છે. ઘણા . પૈસાવાળા. કણબી. પચાસ પોણો સો ઘર છે. પટેલ છે. ગયા હતાને અમે ત્યાં. આહાર કર્યા હતા. મોટા નાગર જેવા. પટેલ છે. સ્થાનકવાસી ઈટવડાના. નાગર જેવા શરીર. બાયડી-બાયડી નાગર જેવી. ત્યાં આ બિચારા ગાય. 'કૂતરાના ભવમાં અમે વીણી ખાધા કટકા. ત્યાં ભૂખના વેઠ્યા ભડકા રે. ભૂદરજી તને ભૂલ્યો.' એય..! અહીં તો કહે છે ત્રણલોકનો નાથ તું ભૂલ્યો છો એટલે ભવભ્રમણ કરી રહ્યો છે. આહા..! એવી ચીજને પામીને તું એકલો અનુભવજે. આવશ્યક કાર્ય તો તારું એ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૧૨, સોમવાર, તા. ૨૯-૧૨-૧૯૭૫
## ગાથા-૧૫૮, કળશ-૨૬૯ પ્રવચન નં. ૧૩૮

૧૫૭ ગાથા એનો કળશ છે. ૨૬૯.

(मंदाक्रांता)

त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं
कृत्वा बुद्धया हृदयकमले पूर्णवैराग्यभावम्।

स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे
क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः।।२६९।।

'**શ્લોકાર્થ :- જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગ...**' આહા..હા..! પરદ્રવ્યનો સંગ એ કહે છે કે સમસ્ત જન્મમરણના રોગનો હેતુ છે આ. '**જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને, હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણવૈરાગ્યભાવ કરીને,...**' આહા..હા..! હૃદયકમળમાં સમજણપૂર્વક, વિવેકપૂર્વક, વિચારપૂર્વક '**પૂર્ણવૈરાગ્યભાવ કરીને,...**' પરથી ઉદાસ... ઉદાસ... ઉદાસ... રાગથી માંડીને બધી ચીજો પ્રત્યે ઉદાસ. આહા..હા..! જુઓ આ આવશ્યક ક્રિયા. '**હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણવૈરાગ્યભાવ કરીને,...**' આહા..હા..! જેને પુણ્યનો વિકલ્પ છે એનાથી પણ વૈરાગ્ય ઉદાસ થઈને. આહા..હા..! '**સહજ પરમાનંદ વડે...**' સ્વભાવિક પરમાનંદ વડે '**જે અવ્યગ્ર (અનાકુળ) છે એવા નિજ રૂપમાં...**' પોતાનું સ્વરૂપ. સ્વભાવિક પરમાનંદ વડે જે અનાકુળ છે એવું નિજરૂપ. એની '**શક્તિથી સ્થિત રહીને,...**' એમાં પોતાના પુરુષાર્થથી, સામર્થ્યથી સ્થિત રહીને. આહા..હા..!

ત્રિકાળ અનાકુળ સ્વરૂપ જે આનંદ પ્રભુ, એના વડે અવ્યગ્ર-અનાકુળ ચીજ પોતે વસ્તુ છે, એમાં પુરુષાર્થ વડે સ્થિત રહીને. આહા..હા..! હજી ભાષા એવી. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ અનાકુળ સ્વરૂપ જ છે ત્રિકાળ. એમાં પોતાના પુરુષાર્થથી અંતર સ્થિત રહીને. આહા..હા..! આ ક્રિયા ધર્મની. સમજાણું કાંઈ? માર્ગ બાપુ એવો ઝીણો છે. પરદ્રવ્યની સાથે શું સંબંધ છે? અહીં તો રાગ સાથે શું સંબંધ છે? અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ શાંતિ અને આનંદનો રસ પ્રભુ છે. એમાં પોતાની શક્તિને ફોરવીને, તેમાં સ્થિત થયો એ આવશ્યક ક્રિયા જીવની છે. આહા..હા..! ચંદુભાઈ!

અહીં તો '**સમસ્ત સંગને...**' મુનિને શિષ્યનો સંગ પણ છોડી દઈને, એમ કહે છે. આહા..હા..! પરદ્રવ્યનો સંગ થશે અને લક્ષ જશે એટલે રાગ થશે. આહા..હા..! અને રાગ તે સ્વરૂપનો ઘાતક છે. ચાહે તો એ પુણ્ય વિકલ્પ શુભરાગ હોય. આહા..હા..! પોતાની શક્તિથી સ્થિત રહીને એમ. કર્મ માર્ગ આપે અને આમ થાય એમ નહિ. પોતે આનંદસ્વરૂપ છે. એકલો અકષાય શાંત રસનો કંદ પ્રભુ છે આત્મા. એને આત્મા કહીએ. એને પર્યાયમાં પુરુષાર્થ દ્વારા એમાં સ્થિત થવું. દ્રવ્યસ્વરૂપ એવું છે કે અનાકુળ આનંદકંદ. એમાં પર્યાયના પુરુષાર્થથી એમાં સ્થિર થવું. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ '**સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં,...**' આહા..હા..! પરતરફની સાવધાનીનો નાશ થતા '**અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ.**' આહા..હા..! મુનિરાજ કહે છે દુનિયા માન આપે, અપમાન આપે, અમે તો લોકને તૃણવત્ ગણીએ છીએ. આનંદના નાથના ભેટા કરતા મોહનો નાશ થતા લોકને તૃણવત્ ગણીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ દિગંબર સંતોની આવશ્યક ક્રિયા. સમજાણું કાંઈ? આહા..હા..! આ ... પાછું

કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આટલા વર્ષમાં.

**શ્રોતા :-** હતુ નહિને. ક્યાંય હતુ જ નહિ. હોય તો મળેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતુ નહિ. હા. ૯૯માં આવ્યા હતા. ત્યાં ઉતર્યા હતાને ઓલા ભુદરભાઈના. એમાં તમારા બાપને નીકળ્યા હતા બધા ઝંડો લઈને વહોરાવા ઓલાને પુનમચંદજીને. 'ધર્મ ઝંડા રહે હમારા' એમ કાંઈક છે. શું .. 'ઝંડા ઉંચા રહે હમારા.' એમ કરીને નીકળ્યા જોડે. આ તો ૯૯ની વાત છે. ભગવાન! શું કરે? એને ખબર ન હોય ત્યાં શું થાય? અમારો આ ધર્મ જે છે સ્થાનકવાસીનો એ ઝંડો ઉંચો રહે. ભાઈ! સ્થાનકવાસી. આ તો સ્થાનક તો આત્મા એમાં વાસી એ સ્થાનકવાસી છે. તેનું સ્થાન તો જ્યોતિ આનંદનું ધામ એ એનું સ્થાન છે, એમાં વસવું એ સ્થાનકવાસી છે. આહા..હા..! દેરાવાસી દેરુ આ શરીરરૂપી મંદિરમાં ભગવાન બિરાજે એને માનો એ દેરાવાસી છે.

**શ્રોતા :-** હવે દિગંબરનો અર્થ રહી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે દિગંબર વિકલ્પ વિનાની જે ચીજ છે એમાં ઠરવું એનું નામ દિગંબર છે.

**શ્રોતા :-** શ્વેતાંબરનું રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આવી ગયુંને દેરાવાસીમાં. આહા..હા..! દેરામાં દેરુ આ દેહરૂપી દેરુ એમાં ભગવાન બિરાજે છે. આનંદકંદ કીધુંને જુઓને. કેવો છે?

સ્વભાવિક '**પરમમાનંદ વડે...**' સહજ પરમ અતીન્દ્રિય આનંદના સ્વભાવ વડે '**જે અવ્યગ્ર છે...**' અનાકુળ છે. ભગવાન પ્રભુ અનાકુળ આત્મા જ ત્રિકાળ છે. આહા..હા..! એમાં દૃષ્ટિ કરીને એ સમ્યગ્દર્શન. પછી સ્થિરતા તો આવશ્યક ક્રિયા ચારિત્રની છેને? અંતરમાં વસ્તુસ્વરૂપ પૂર્ણ છે તેને દૃષ્ટિમાં લઈને, પછી તેમાં સામર્થ્યથી એ સ્વરૂપમાં સ્થિર થવું. અને મોહક્ષીણ છતાં પરતરફનો રાગ અને મોહ નાશ થતાં અમે લોકને મુનિરાજ દિગંબર સંત કહે છે. આહા..હા..! આ પાંચમાં આરાના સંત. પદ્મપ્રભમલધારિદેવ જુઓ આ લખે છે. આહા..હા..!

**શ્રોતા :-** લોક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખી દુનિયા. પોતા સિવાય આખી દુનિયા. એની મહિમા અમને નથી એમ કહે છે. અમારા સ્વરૂપની મહિમા આગળ પરની મહિમા અમને કાંઈ છે નહિ. કોઈ નિંદા કરો, પ્રશંસા કરો એ તો જગતની ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ.**' આહા..હા..! મુનિરાજની દશા સમકિતીની દશા એ સ્વરૂપતરફની સ્થિરતાથી રાગથી ઉદાસ છે, પરથી ઉદાસ છે પણ રાગ સર્વથા ગયો નથી અને મુનિને તો રાગ ગયો છે. એકલી વીતરાગદશાના ઘોલનમાં પડ્યા છે. આહા..હા..! જેને ક્ષણમાં છઠ્ઠું અને ક્ષણમાં સાતમું ગુણસ્થાન આવે છે એને મુનિ કહીએ.

ક્ષણમાં અપ્રમત્તદશા અને ક્ષણમાં વિકલ્પ ઉઠે છઠ્ઠા ગુણસ્થાનમાં પંચમહાવ્રતાદિ વિકલ્પ ઉઠે એ આસ્રવ છે. અને જેને નિંદ્રામાં સંત અને સાચા સંત મુનિ જેને જૈનદર્શન મુનિ કહે એને નિંદ્રા પોણી સેકન્ડની અંદર આવે. એક મિનિટની આવે તોપણ એને મુનિપણું રહે નહિ. આવો માર્ગ તે દશા. સમજાણું કાંઈ? એ તો બાપા મુનિપણાની દશા તો પરમેષ્ઠી પર છે. સમજાય છે કાંઈ?

ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ આત્મા. એનો અનુભવ થઈને પ્રતીતિ સમ્યગ્દર્શન થવું એ પણ દ્રવ્ય મોક્ષ છે તેની મોક્ષદશા શરૂ થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એમાં જ્યારે ચારિત્ર સ્વરૂપમાં રમણતા જાગે ચારિત્ર. ચરવું. આનંદસ્વરૂપ ભગવાનમાં ચરવું-ચરવું, રમવું, લીન થવું. એનું નામ ચારિત્ર છે. આહા..હા..! અરે! જૈનદર્શન શું છે? જૈન શું કહે છે એની ખબર ન મળે. વાડામાં પડ્યા બધા અજૈનપણાને જૈનપણું માને. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે અમે તો સદા તૃણવત્. અમારી સ્વરૂપની મહિમાના આનંદ આગળ જગતને અમે તો તૃણસમાન એટલે જ્ઞેય તરીકે જાણીએ. એમાં જેમ તરણું જ્ઞેય તરીકે છે. આખી દુનિયા તૃણ સમાન જ્ઞેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૫૭ થઈ. છેલ્લી. આની છેલ્લી ગાથા આવશે. '**આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.**' આ આવશ્યકની છેલ્લી ગાથા છે.

> सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण।
> अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा।।१५८।।
> **સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
> **અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

અન્વયાર્થ લઈએ પહેલો. '**સર્વે પુરાણ પુરુષો...**' અનંત તીર્થંકરો થયા, અનંત કેવળીઓ થયા, અનંત મુનિઓ થયા. પુરાણ પુરુષો અનાદિ. આહા..હા..! '**એ રીતે આવશ્યક કરીને,...**' આ રીતે આવશ્યક કર્યું એણે. અખંડ આનંદમૂર્તિ પ્રભુ ધ્રુવ ચૈતન્ય ભગવાન એમાં લીનતારૂપી એકાગ્રતાનું આવશ્યક કર્યું. આહા..હા..! '**એ રીતે આવશ્યક કરીને,...**' અવશ્ય કરવાલાયક તો આ છે. આહા..હા..! સ્વરૂપ અતીન્દ્રિય આનંદઘન આત્મા એમાં એકાગ્રતા સ્વસન્મુખ થઈને પરથી વિમુખ થઈને સ્વસ્વભાવ સન્મુખ થઈને લીનતા. અતીન્દ્રિય આનંદનું વેદન. અતીન્દ્રિય આનંદનું વેદન. એ આવશ્યક ક્રિયા છે. આહા..હા..! મારે આવી વાત! જૈન તો એને કહીએ કે ક્રિયા કરે, મહાવ્રત પાળે, દયા પાળે, ભક્તિ કરે, મંદિરો બનાવે, દાન આપે. દુઃખીયાને મદદ કરે એ જૈન, લોકો એમ માને. એ જૈનને સમજતા જ નથી.

જૈન તો એને કહીએ કે જે ભગવાન જિનસ્વરૂપ આત્મા વીતરાગમૂર્તિ છે. આહા..હા..! તેમાં સમ્યગ્દર્શનથી લીન થાય એથી એ સમ્યગ્દૃષ્ટિ છે અને સ્વરૂપની સ્થિરતા દ્વારા લીન થાય એ ચારિત્રવંત જૈન. આહા..હા..! શાંતિભાઈ! આ બધી વ્યાખ્યાએ વ્યાખ્યાએ ફેર છે.

'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર એક લાખે તો નહિ મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે તારી માન્યતા અને અમારી માન્યતા વચ્ચે વાતે-વાતે ફેર છે. આહા..હા..! ઓલો કહે પંચમહાવ્રત એ સંયમ છે, ભગવાન પંચમહાવ્રત તે રાગ, આસ્રવ અને દુઃખ છે. હવે આ મેળ ક્યાં કરવો? સમજાણું કાંઈ? પરની દયા પાળવાનો ભાવ એ હિંસા છે. પરની દયા પાળી શકતો નથી, પણ ભાવ થાય એ રાગ છે અને રાગ તે હિંસા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** રાગને હિંસા તો ક્યાંય નથી કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે. નહિ? કેટલામી ગાથા છે એ? નથી અહીંયાં હોં. નથી. પુસ્તક નથી.

**શ્રોતા :-** ૪૪મી ગાથા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ અહીં નથી. પુસ્તક નથી અહીં. પુરુષાર્થસિદ્ધિ ઉપાય નથી. રાગને હિંસા કીધી છે. શુભરાગ પણ હિંસા. સ્વરૂપાનંદ. એનું કારણ? કે ભગવાન આત્મા તો અરાગી, વીતરાગી સ્વરૂપ એવી મૂર્તિ પ્રભુ ચૈતન્ય પ્રતિમા ભગવાન આત્મા છે. એમાં રાગ થાય એ શાંતિને બાળે છે. આહા..હા..! ચાહે તો પંચમહાવ્રતના ભાવ હોય, પાંચ સમિતિ, ગુપ્તિનો વિકલ્પ હોય, સાધુના અઠ્યાવીશ મૂળગુણનો જે વિકલ્પ હો, એ બધો રાગ એ હિંસા છે. ગજબ વાતું આવી. આહા..હા..! એમાં પુરુષાર્થસિદ્ધિ અમૃતચંદ્રાચાર્ય. કે રાગની ઉત્પત્તિ તે હિંસા. આહા..હા..! અને રાગની અનુત્પત્તિ તે અહિંસા. સમજાણું કાંઈ? વ્યાખ્યા બહુ ભાઈ ફેર. આ તો લોકો કહે દયા પાળો, અહિંસા પાળો. અરે! સાંભળને હવે. પરની દયા કોણ પાળે? પરની દ્રવ્યની અવસ્થા કોઈ આત્મા કરી શકે? અને ઈ અવસ્થા કરી શકું એ તો માન્યતા એ તો મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વ માન્યતા છે અને કરી શકું એ ન માને અને રાગ કરે તોપણ હિંસા છે. આહા..હા..! બહુ ફેર, ભાઈ! વીતરાગમાર્ગ પરમેશ્વર, જિનેશ્વર દેવ જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું એવા પરમાત્માની વાણીમાં તો આ આવ્યું છે. અરેરે! સત્ય વાત સાંભળવા મળે નહિ. એ બિચારા ક્યાં જાય? અરે! હેરાન થઈને મરી જાય છે અનંતકાળથી. ધર્મના નામ ઉપર રાગની ક્રિયા કરી અને ધર્મ માને અને મિથ્યાત્વને સેવે, ચાર ગતિમાં રઝળે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**સર્વે પુરાણ પુરુષો...**' પુરાણ પુરુષો. અનાદિના સત્પુરુષો થયા એણે '**એ રીતે આવશ્યક કરીને,...**' અનાકુળ આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદ આત્મા એમાં એકાગ્રતારૂપી આવશ્યક ક્રિયા કરી. આહા..હા..! અને '**અપ્રમત્તાદિ સ્થાનને પ્રાપ્ત કરી...**' સાતમું ગુણસ્થાન. અપ્રમત્તદશાને અંતર સ્થિરતા દ્વારા. અપ્રમત્તદશાને પ્રાપ્ત કરી '**કેવળી થયા.**' આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! છેને? સામું પુસ્તક છે કે નહિ?

'**ટીકા :- આ પરમાવશ્યક અધિકારના ઉપસંહાર...**' છેલ્લી ગાથા છે. '**સ્વાત્માશ્રિત...**'

ભાષા દેખો, સ્વાત્માશ્રિત. ધર્મધ્યાન એને કહીએ. ૯૦ની સાલ છેલ્લે ત્યાં સંપ્રદાયમાં ભેગા થયા હતાને. ઘણા વર્ષે ભેગા થયા હતા. ઘણું માણસ આવ્યું હતું. બોટાદની વાત છે. ૯૦-૯૦. અહીં ચોમાસું અહીં હતુંને રાજકોટ. ત્યારે ભેગા થયા. માણસ બહુ ભેગું થયું હતું. ઘણા વર્ષે ભેગા થયા હતા. અમારા ગુરુભાઈ હતા ઈ. પછી બધા ભેગા થયા. ખુશી-ખુશી થઈ ગયા ઘણા વર્ષે ભેગા. પછી બપોરના બેઠા હતા માણસો ઘણું ૪૦૦ તમારે ત્યાં આવ્યું હતું. ત્રણસો, સાડા ત્રણસો તો બોટાદમાં. બપોરે ઘણું માણસ. એમાં એક આવ્યો. બરવાળા પાસે ગામ નથી ઓલું કેવું? પાણવી. પાણવી-પાણવી. નાનચંદભાઈ ઓલા રોજકાવાળાનો મામો એમ કાંઈક થાય. મામાનો દીકરો એમ કાંઈક થાય. કાંઈ ભાઈ ધર્મધ્યાન થાય છે? એમ મૂળચંદજી પૂછતા હતા. ધર્મધ્યાન થાય છે? એટલે શું કે આ સાંજે પડિક્કમણા કરવા, સામાયિક કરવું, રાતે આહાર ન લેવો એ ધર્મધ્યાન. આહા..હા..! બસ.

પછી એમાં અહીંની વાત નીકળી. ભાઈ! આત્મા છે, આ રજકણ જે છે એ તો અનંત રજકણનો પિંડ છે આંગળી. આ કાંઈ એક રજકણ નથી, આ એક દ્રવ્ય નથી. અનંત પરમાણુના દ્રવ્યનો પિંડ તે આ છે. ત્યારે એણે પૂછ્યું ધર્મધ્યાન કરનારા હા પાડે આહા..હા..! મહારાજ ત્યારે કેટલા રજકણનો આત્મા બન્યો હશે? ઉજમશીભાઈ નહોતા બોટાદના? ઉજમશી લક્ષ્મીચંદભાઈ. લક્ષ્મીચંદભાઈના દીકરા આવ્યા છે. કાલે આવ્યા હતા. ગયા. એને પ્રેમ છે. સંઘવીને પ્રેમ છે. ચતુરભાઈનો દીકરો અને ઓલાને પ્રેમ છે. છે? કે ગયા? ગયા. એને પ્રેમ છે લક્ષ્મીચંદ. હીરાલાલ મોટા અને લક્ષ્મીચંદ નાના હતા અને ઓલા ઉજમશી અને દેવચંદ બે હતા. ત્યાં રહેતા હતા. રોજકા છોડીને બોટાદ રહેતા હતા. પછી એનો મામો કોઈ હતો ડાલચંદ. કહે કાંઈક ધર્મધ્યાન થાય છે? હા. અહીંથી વાત ચાલતા આવતા માણસો આવતા તો પ્રશ્ન કરતા હતા બધા. કીધું આ એક-એક રજકણ બાપુ! અનંતા રજકણનો પિંડ આ છે. એ આત્મા એક આત્મા તો નથી, પણ એક ચીજ નથી આ. આ તો અનંતી ચીજ છે. ત્યારે કહે મહારાજ કેટલા રજકણનો આત્મા બન્યો હશે? કેટલા પરમાણુનો? કહો આ ધર્મધ્યાન. આમાં કાંઈ ખબરું ન મળે. આહા..હા..! આ અનંતપરમાણુનો બન્યો ત્યારે આત્મા કેટલા પરમાણુનો બન્યો? આવી સંપ્રદાયની વાતું છે બધી. આહા..હા..! ૯૦ની વાત છે.

અહીં કહે છે કે ભગવાન! તું કોણ છો? કે અનંત... અનંત... અનંત જ્ઞાનગુણના આદિ સ્વભાવનો પિંડ તું છો. એ રજકણ પણ નથી અને રાગ પણ એમાં નથી. છે? '**સ્વાત્મા...**' એની વ્યાખ્યા ચાલે છે. '**સ્વાત્માશ્રિત...**' એ બીજો શબ્દ છે. સ્વ આત્મા. સ્વ નામ પોતાનો આત્મા, ભગવાનનો આત્મા નહિ. ભગવાનનો આત્મા ભગવાન પાસે રહ્યો. આહા..હા..! સ્વ આત્મા એ અનંત-અનંત વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા. અનંતગુણનો પિંડ પ્રભુ, અનાકુળ શાંતરસ અને અનાકુળ આનંદ અને અનાકુળ જ્ઞાન આદિ અનંત શક્તિનો સંગ્રહાત્મક ભગવાન. આહા..હા..! મોટું ગોદામ છે એ તો. અનંતગુણનું ગોદામ આત્મા છે. અરે! એવો જે સ્વઆત્મા

એને આત્મા કહીએ. એમાં નથી શરીર, નથી કર્મ, નથી વાણી, નથી રાગ, નથી પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! એને સ્વ આત્મા કહીએ.

હવે એને આશ્રિત. એવા આત્માને આશ્રિત જે પર્યાય થઈ. સમજાણું કાંઈ? હજી દ્રવ્ય કોને કહેવા? ગુણ કોને કહેવા? પર્યાય કોને કહેવી? એ સાંભળે નહિ એને સમજણ કે દિ' થાય? આહા..હા..! સ્વ આત્મા એ દ્રવ્ય. આશ્રિત એ પર્યાય. '**સ્વાત્માશ્રિત...**' એટલે કે આત્માનો આશ્રય લીધો છે જેણે એવો '**નિશ્ચયધર્મધ્યાન...**' એને સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! સ્વ ભગવાન આત્મા અનંત આનંદનું દળ ધ્રુવ, સ્વ આત્મા ધ્રુવ. જોયું? સ્વ આત્મા તે ધ્રુવ, પર્યાય નહિ. એવા સ્વ આત્માનો આશ્રય એટલે કે પર્યાયે તેનો આશ્રય લીધો. અનાદિથી પુણ્ય અને દયા, દાનના વ્રતનો પર્યાય આશ્રય લેતી એ મિથ્યાત્વભાવ હતો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વાત્માશ્રિત...**' શું? એ આશ્રિત શું? કે '**નિશ્ચયધર્મધ્યાન...**' છેને? પુસ્તક છે? હરિભાઈ! ઠીક. આહા..હા..! જે વસ્તુ છે પ્રભુ. આત્મા હોં પ્રભુ. એમાં શરીર, કર્મ, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ એમાં નથી. એમ એ સ્વ આત્મા એમાં પુણ્ય અને પાપ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ વિકલ્પ પણ એ સ્વ આત્મામાં નથી. એક વાત. ત્રીજું એની એ વર્તમાન પર્યાય કોઈપણ ચાલતી હોય તે પર્યાય સ્વ આત્મામાં એ પર્યાય નથી. આહા..હા..! ત્યારે છે શું સ્વ આત્મામાં? કે અનંત જ્ઞાન, દર્શન આદિ અનંતાગુણોનો પિંડ તે એનામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે સ્વ આત્મા એને આશ્રિત નિશ્ચયધર્મધ્યાન. આહા..હા..! વિકલ્પથી આમ પડિક્કમણું કરે એ બધો રાગ છે, એ પુણ્ય છે, એ કાંઈ ધર્મધ્યાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહેશે.

'**સ્વાત્માશ્રિત...**' નિશ્ચય નામ સત્ય ધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન. એટલે કે સાચો ભગવાન ત્રિકાળ સત્ય છે તેને આશ્રયે દશા એકાગ્ર થઈ તે સાચું ધર્મધ્યાન, સત્ ધર્મધ્યાન. એ આવશ્યક ક્રિયા થઈ. આહા..હા..! ભગવાનજીભાઈ! આ પૈસા-બૈસામાં આવી મહેનત નહિ પડી હોય કાંઈ. લ્યો, આ તો એવી વસ્તુ છે. પૈસામાં ક્યાં મહેનત? આ પુણ્ય હોય તો. દરિદ્રીને પુણ્યને લઈને લક્ષ્મી-નિધાન મળે. આવ્યું હતું કે નહિ આમાં પહેલું? પછી પોતાના નિજવતનમાં જઈને ભોગવે. એમ જ્ઞાનરૂપી નિધાન...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો .. પણ હવે કેટલાક વયા આવતા. એક દામોદરભાઈ હતા ત્યાં સાંભળ્યું છે? રાજકોટ. દામોદર ચતુર્ભુજ, મૂળજી ચતુર્ભુજ. ત્યાં આપણે અગ્રેસર. એ ઘણા વર્ષની વાત છે. ૭૬ની કે એના પહેલાની વાત. તો મુંબઈમાં ૧૮ લાખ પેદા કર્યા. ૭૬ની હોય કે કાંઈ ખબર નહિ બહુ આંકડો. પણ વર્ષ એટલા બધા ૧૮ લાખ. બધું સંકેલીને વયા આવ્યા દેશમાં. દામોદર ચતુર્ભુજ. આપણા મૂળજીભાઈ. વજુભાઈ તો અગ્રેસર

હતા. એને બહુ અહીંનું. .. ત્યાં અગ્રેસર હતા આપણે. મરતા હતા અને શરીરમાં રોગ આવ્યો મુળજીભાઈને. પૈસાવાળા માણસ. તે દિ' આ તો હોં. ૭૬માં ૯-૯ લાખ વહેંચ્યા બે જણા બે ભાઈઓ. કેટલા વર્ષ થયા? ૨૪ ને ૫૬. ૩૨. .. ગુજરી હમણા ગયા. એણે અભ્યાસ કરેલો. શરીરમાં રોગ આવ્યો મરવા ટાણે. એટલે ગૃહસ્થ માણસો. બીજા કહે ડોક્ટરને બોલાવો. આ કહે, લાલભાઈને બોલાવો. લાલચંદભાઈ. આપણે ત્યાં મુંબઈ છેને. એ રાજકોટ રહેતા હતા. લાલચંદભાઈને બોલાવો. એટલે કાંઈક બોલાવ્યા ઠીક થયું. એમાં પાછું બીજું ઉખળ્યું સાંજે. એમાં લાલચંદભાઈ આવ્યા અને કહ્યું, ભાઈ! આ શરીરમાં રોગ છે એ તો આત્મા એનો જાણનાર છે. એ આત્મામાં રોગ છે નહિ.

**શ્રોતા :-** એને શું જવાબ આપ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબ શું દીધો એ કહું છું. જવાબ એમ દીધો. મરવાની અણી દેહ છોડવાની અને ઘણા લાખોપતિઓ. છોકરાઓ બહુ પૈસાવાળા હતા. એ શું શરીરનો રોગ આત્મા જાણે? કે એની (જ્ઞાનની) પર્યાયને જાણે છે આત્મા?—આવો જવાબ આપ્યો. શાંતિભાઈ! ઓળખતા હતાને. રાજકોટમાં હતા.

**શ્રોતા :-** નીચે... બનાવી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બનાવી હશે. ભાનુભાઈ. એ તો એના છોકરાએ. જુવાન છોકરો મરી ગયો હતો એનો. જુવાન છોકરો મરી ગયો હતો. પણ આ તો પોતાની વાત છે. એ છોકરો મરી ગયો તો એની મા કહે કે આ ચાલ્યો પણ. જુવાન પરણેલો મોટા ગૃહસ્થોમાં પોરબંદર. કરોડપતિ. ઘોડાભાઈને. ઘોડાભુદર ત્યાં પરણેલો. એના લગનમાં કેટલી આણ કેરીયુ ઉતારી હતી ઉપરથી બલુનમાંથી. કેરી-કેરી કહેવાયને? અંબ. એ છોકરો નાની ઉંમરમાં મરી ગયો હતો. પછી પરણેતર બહુ થોડું બે કે ત્રણ વર્ષ ખબર નથી બહુ. મરી ગયો ત્યારે છેલ્લે એની મા કહે પણ આ છોકરો ચાલ્યો. શું થાય? સ્થિતિ પૂરી થાય તો જાય છે. પોતાની સ્થિતિ જ્યારે એવી આવી રોગ થયો ત્યારે લાલભાઈ કહે ભાઈ! આત્માને રોગ નથી. રોગને આત્મા જાણનારો છે. ત્યારે કહે, શું રોગને આત્મા જાણે? એ તો જડ છે, પર છે, આત્મા પોતાને જાણે છે. જેઠાભાઈ! રોગને જાણે? રોગ સંબંધીનું જ્ઞાન છે એ તો પોતાનું છે. આહા..હા..! સમજાણું?

અહીં કહે છે કે સ્વઆત્મા તેને કહીએ. એ આનંદનો નાથ જ્ઞાયકસ્વભાવ પ્રભુ. આહા..હા..! એકલું સત્‌નું સત્ત્વ આત્મા સત્ છે તેનું સત્ત્વ અનંત જ્ઞાન, અનંત આનંદ, બેહદ શક્તિઓનો ભંડાર તે એનું સત્ત્વ છે. આહા..હા..! સત્‌નો કસ આ છે. આહા..હા..! આ શરીર, વાણી તો ધૂળ, માટી ક્યાંય બહાર રહી ગયા. કર્મ એ જડ છે, અજીવ છે એ તો બહાર રહી ગયા, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ પણ શુભ ને બહાર રહી ગયા. આહા..હા..! એ એમાં નથી. એને અહીં સ્વ આત્મા કહીએ. અરે! પુણ્ય-પાપના ભાવ તો

નથી, પણ પુણ્ય-પાપને જાણનારી તે સમયની જ્ઞાનની પર્યાય એ પણ સ્વ આત્માના અંદરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે સ્વ આત્મા. આ દુનિયાની મોજું અને બહારની ધૂળ હા...હા... એમાં આ વાત એવી લાગે કે આ તે શું ગાંડા જેવી વાતું કરે. પાગલ છે કહે. આ બધું ખાવું, પીવું, આ બધું શરીર રૂપાળા દેખાય. મકાન, બે, પાંચ, દસ લાખના કર્યા હોય અને વાસ્તુ લે તો ધમાધમ ચાલે. છોકરો પરણતો હોય અને બે લાખ ખર્ચવા હોય તો બાયડી આમ કંઠ બેસી જાય તો .. પણ હવે ધીમેથી. ભાઈ! બે-ત્રણ દિ'નું કામ છેને. એમ કરીને પણ ઘાંટો કાઢ્યા જ કરે. આ મજા જગતની જુઓને ધૂળની. આહા..હા..! મજા તો તારા આનંદનો નાથ પ્રભુ તારામાં આનંદ મજા છે. એનો આશ્રય લેતા આત્માને આનંદની મજા પ્રગટ થાય છે.

**શ્રોતા :-** પણ આત્મા દેખાય ત્યારે એનો આશ્રય લઈએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આત્મા દેખે એ કોણ નિર્ણય કરે? પોતે કરે?

**શ્રોતા :-** તમે કરો ગુરુ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોણ કરે? પર કરે? આહા..હા..! જાણે છે... જાણે છે... જાણે છે... એ જાણનારો કોણ? હું મને જણાતો નથી એવો નિર્ણય કરનાર કોણ? હું મને જણાતો નથી. એ છે તે હું મારું અસ્તિત્વ છે તેમાં હું જણાતો નથી એવો નિર્ણય થાય છે. આહા..હા..! અરેરે! મૂળ ચીજ આખી રહી ગઈ અને ઉપરથી બધા થોથા કરવા માંડ્યા. આ વ્રત પાળવા, અપવાસ કરવા, તપસ્યાઓ કરવી. એ તો થોથા બધી બહારની ક્રિયાકાંડ છે. એમાં તો રાગ છે. કદાચિત્ રાગ મંદ હોય તો પુણ્ય બાંધે. અબંધને બંધ થાય. આહા..હા..! એ કહેશે હમણા.

'**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...**' સત્ય ધર્મધ્યાન. ધર્મનું ધ્યાન. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવની એકાગ્રતા એ નિશ્ચયધર્મધ્યાન. વીતરાગી પર્યાય જે આત્મામાં એકાગ્ર થાય એનું નામ ધર્મધ્યાન. આહા..હા..! '**અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ...**' બેય લીધું. નિશ્ચયશુક્લધ્યાન ઘણી ઉગ્રતા સ્વભાવના આશ્રયમાં. સ્વભાવનો ઉગ્ર આશ્રય તે શુક્લધ્યાન, મંદ આશ્રય તે ધર્મધ્યાન. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવું જે બાહ્ય-આવશ્યાકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...**' ભાષા દેખો, હું સામાયિક કરું, હું ભગવાનની સ્તુતિ કરું, ભગવાન દેવ-ગુરુને વંદન કરું, એ પડિક્કમણું મિચ્છામી દુક્કડમ કરું એવો જે વિકલ્પ બાહ્ય આવશ્યક એ તો. એ બધા બાહ્ય આવશ્યક છે. '**બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...**' પંચમહાવ્રતના વિકલ્પ એ પણ બાહ્યક્રિયા છે. આહા..હા..! બાહ્ય તો આ શરીરથી કાંઈ કરે તો બાહ્ય કહેવાય. શરીર તો બાહ્ય છે, એની પર્યાય આત્મામાં છે જ ક્યાં? આ તો એની પર્યાયમાં વિપરીત રાગની વિકલ્પદશા થાય તે બાહ્યક્રિયા છે. આ સામાયિક કરી ને પડિક્કમણા કરી નમો અરિહંતાણં... નમો અરિહંતાણં કરે, કાયોત્સર્ગ કરે. ભગવાનની પ્રતિમા સામું જોઈને આમ.. એ તો બધો

વિકલ્પ છે, રાગ છે, બાહ્યક્રિયા છે.

**'બાહ્ય-આવશ્યકાદિ...'** આવશ્યક, ભક્તિ, પૂજા, દયા, દાન, આદિના વિકલ્પ. આદિ શબ્દ છેને? આવશ્યકાદિ. એટલે બાહ્ય આવશ્યક, બાહ્ય પ્રતિક્રમણ, બાહ્ય આલોચના, બાહ્ય પ્રત્યાખ્યાન, બાહ્ય સમાધિ, બાહ્ય ભક્તિ ભગવાન આદિની એ આવશ્યક આદિ ક્રિયા. એનાથી **'પ્રતિપક્ષ...'** એનાથી વિરુદ્ધ **'શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક...'** આહા..હા..! વિકલ્પની ક્રિયા છે એ બાહ્યક્રિયા બંધની ક્રિયા છે એ બધી. એનાથી પ્રતિપક્ષ જે આત્માને આશ્રયે જે નિશ્ચય છે એ શુદ્ધનિશ્ચયપરમાવશ્યક. શુદ્ધનિશ્ચય પરમ આવશ્યક. અવશ્ય કરવાલાયક એ ધાર્મિક ક્રિયા અંદરની છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાહ્ય આવશ્યક ક્રિયા છે કે દિ'? વિકલ્પ છે. સામાયિક કરવું, પડિક્કમણું કરવું, પુરુષાર્થ કરું, ભગવાનની ભક્તિ કરું એવો વિકલ્પ છે, પણ એ વિકલ્પ રાગ છે અને બાહ્યક્રિયા છે, એ આત્માની ધાર્મિક ક્રિયા નહિ. આહા..હા..!

**'બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...'** તેનાથી વિરુદ્ધ **'શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક...'** શુદ્ધનિશ્ચય પરમસ્વભાવની એકાગ્રતા, આનંદની ઉગ્રતાની પરિણતિ પ્રગટ થવી એ શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક. **'સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ...'** આહા..હા..! ભવરહિત એવી જે મુક્તિ. એની જે સ્ત્રી એટલે પરિણતિ એવી અનંગ શરીરી. આ શરીરના સંગે ભોગ લેવો એ તો જડની ક્રિયા છે કહે છે અને એમાં રાગ થાય વેદનમાં. શરીરનું વેદન નથી ત્યાં કાંઈ. આહા..હા..! સ્ત્રીનો વિષય, સ્ત્રીને પુરુષનો વિષય એને ત્યાં શરીરનું વેદન નથી એને કોઈ. માંસના હાડકા, ચામડા આ તો જડ, માટી, ધૂળ છે. એનું કોઈને વેદન અને અનુભવ હોઈ શકે નહિ. એના તરફનું લક્ષ કરીને આ ઠીક પડે છે એવો જે રાગ કરે છે એ રાગનું એને વેદન છે. રાગનો એને ભોગ છે. આહા..હા..! એનાથી આ વ્યવહારનો વિકલ્પ છે એ પણ રાગનો ભોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માણસ કહે આ તો બધી નિશ્ચયની વાતું મોટા શું કહેવાય? એલ.એલ.બી.ની વાતું. અરે! એલ.એલ.બી.ની નથી, ભાઈ! હજી તો પહેલા સમ્યગ્દર્શનની અહીં એકડાની વાત છે આ તો. ધર્મની ક્રિયા અને ધર્મ શું છે એ એણે સાંભળ્યો નથી, ભાઈ! આહા..હા..!

એ બાહ્યક્રિયાથી પ્રતિપક્ષ-વિરુદ્ધ. શું? **'શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક...'** એ આત્માની વીતરાગી નિર્દોષ અરાગી પરિણતિ એ **'શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક...'** એ શુદ્ધનિશ્ચયમોક્ષમાર્ગ. એનાથી **'સાક્ષાત્ અપુનર્ભવરૂપી...'** આહા..હા..! **'(મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખ...'** આહા..હા..! સમજાણું કાંઈ? અનંગ અશરીરી, અનંગ-અશરીર. આહા..હા..! અનંગ સુખનું કારણ, અશરીરી સુખનું કારણ. **'તેને કરીને,...'** એટલે મોક્ષના કારણરૂપ નિશ્ચય આવશ્યક અનંત સુખનું કારણ **'તેને કરીને,...'** આહા..હા..! આમાં યાદ કેટલું રાખવું? ભાઈ! માર્ગ તો બહુ આવો છે. એને બરાબર નક્કી કરવો પડશે. મરી ગયો છે અનંતકાળથી. સાધુ અનંતવાર થયો, દિગંબર અનંતવાર થયો. સમજાણું કાંઈ? જેના અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા,

પંચમહાવ્રત ચોખ્ખા, નિરતિચાર, પણ એ બધી રાગની ક્રિયા છે, એ ધર્મ નથી. આહા..હા..!

**શ્રોતા :-** કઈ વાત બાકી રહી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત બાકી રહી ગઈ સ્વભાવની દૃષ્ટિ કરવી ઈ. એ આવ્યું નહિ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત લીધા, પાંચ મહાવ્રત ધારણ કર્યા એ દુઃખ છે. આહા..હા..! આ માને. અહીં તો જરી નાગા થયા અને આ કર્યું તો થઈ ગયો સંયમી. ધૂળેય નથી સંયમી.

**શ્રોતા :-** આત્માને જાણ્યા વિના સમ્યક્ કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માને જાણ્યા વગર ધર્મ થાય જ નહિ, એમ કહે છે. આહા..હા..!

કહે છે કે જે વિકલ્પની ક્રિયા પંચમહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ છે એ ક્રિયા બંધનું કારણ છે. એનાથી પ્રતિપક્ષ સ્વભાવને આશ્રયે થતી નિશ્ચયધર્મધ્યાનની ક્રિયા એ મુક્તિનું કારણ છે. ઓલી છ આવશ્યક વ્યવહારક્રિયા એ બંધનું કારણ છે. આહા..હા..! પંચમહાવ્રતના ભાવ એ બંધનું કારણ છે. આ ક્યાં કોઈ દિ' સાંભળવા ન મળે. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ એ બંધનું કારણ છે. સત્ય બોલવાનો ભાવ એ બંધનું કારણ છે. ચોરી નહિ કરવાનો ભાવ એ બંધનું કારણ છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો ભાવ એ બંધનું કારણ છે. શેઠ! આવી વાત છે. આહા..હા..! પાણી ઉતરે એવા છે અહીં તો. ભાઈ! વીતરાગ માર્ગ તે સાંભળ્યો નથી, ભાઈ! અને કહ્યું નહિ ચોથી ગાથામાં, '**श्रुतपरिचितानुभूता**' રાગને કરું અને રાગને ભોગવું એ વાત તે અનંતવાર કરી અને સાંભળીને ભોગવી છે. આહા..હા..! પણ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાં એકાગ્રતાની જે નિર્મળ ક્રિયા તે વાત સાંભળી નથી. આહા..હા..! સાંભળી નથી તો તે પરિચયમાં આવી ક્યાંથી? અનુભવમાં આવી નથી. આહા..હા..!

એ '**સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી)...**' પરિણતિ એનું અશરીરી સુખનું કારણ તે આવશ્યક છે. આહા..હા..! આવી આવશ્યક ક્રિયા '**સર્વે પુરાણ પુરુષો...**' જુઓ, અનંતા તીર્થંકરો સર્વે પુરાણા-જૂના. આહા..હા..! '**સર્વે પુરાણ પુરુષો—કે જેમાંથી તીર્થંકર-પરદેવ વગેરે...**' આહા..હા..! '**તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા...**' પોતે પોતાથી આનંદનો અનુભવ આવ્યો '**અને કેટલાક બોધિતબુદ્ધ થયા...**' ગુરુના સમજાવવાથી એને આત્માનું જ્ઞાન થયું. આહા..હા..! એ બધા અનંત પુરાણ પુરુષો, અનંત તીર્થંકરો, અનંત સ્વયંબુદ્ધ જીવો બીજા પણ અને બીજા અનંતા બોધિતબુદ્ધ. સમ્યગ્દર્શન પામવામાં ભગવાનની વાણી અને ગુરુનું નિમિત્ત થવું એ બધા બોધિતબીજવાળા જીવો પણ... કર્યું શું એણે?

'**તેઓ—અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં...** ' આહા..હા..! આવી ક્રિયા કરીને પણ. આહા..હા..! નિશ્ચયધર્મધ્યાન અને શુક્લ સ્વાત્માની આશ્રિત ક્રિયા કરીને. આહા..હા..! અનંત તીર્થંકરો, અનંત સામાન્ય કેવળીઓ, અનંત મુનિઓ

એ બધા અપ્રમત્તથી માંડીને, અપ્રમત્તથી ક્રિયા શરૂ થઈ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપ્રમત્ત સાતમાં ગુણસ્થાનથી '**માંડીને સયોગીભટ્ટારક સુધીના...**' કેવળી. સ-યોગી. યોગસહિત તે સયોગ અને ભટ્ટારક એટલે કેવળી પુરુષ પૂજ્ય. આ ઓલા ભટ્ટારક અત્યારે છે એ નહિ હોં આ. આ તો જ્ઞાનસૂર્યનું ભટ્ટારક એમ કહે છે. ઓલા ભટ્ટારક કહેવાયને જતીના અત્યારે હોય છેને આપણે દિગંબરમાં ભટ્ટારક હોય છે. યશકીર્તિ અને આ બધા નથી પ્રતાપગઢવાળા?

આ તો સયોગીભટ્ટારક જેને યોગ નામ કંપન્ન છે, યોગસહિત છે, પણ છે ભટ્ટારક ચૈતન્ય સૂર્ય પૂરો એને પ્રગટ્યો છે. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન પ્રગટ થયું છે. એને અહીંયાં સયોગી ભટ્ટારક કેવળીને, તીર્થંકરને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં જતી કહેવામાં આવે છે, આ દિગંબરમાં ભટ્ટારકો આ પ્રતાપગઢવાળાને. ત્યાં હોય છેને ભટ્ટારક? યશકીર્તિ છેને અત્યારે? એના શિષ્ય આ રામચંદજી. આ હમણા આવ્યા હતાને અહીંયાં ભાવનગર. વેદીપ્રતિષ્ઠા. આ તો અંતર કેવળજ્ઞાનરૂપી ભટ્ટારક પૂજ્ય દશા પ્રગટ થઈ છે. એ આ ક્રિયા દ્વારા અપ્રમત્તથી માંડીને સયોગી કેવળી સુધી પર્યાયને પામ્યા છે, પણ આ નિશ્ચય સ્વરૂપના આરાધન અને ધ્યાનથી એ પામ્યા છે. કોઈ વ્યવહાર ક્રિયાથી પામ્યા છે એ આ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! વ્યવહારક્રિયા તો બંધનું કારણ છે. એનાથી આ પ્રતિપક્ષ લીધું. શુદ્ધ નિશ્ચય પરમાવશ્યક ક્રિયા કરીને. શુદ્ધનિશ્ચય પરમાવશ્યક કરીને. આહા..હા..!

'**સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા,...** ' શુદ્ધ આનંદઘન ભગવાનમાં લીન થયા થકા. સાતમું, આઠમું, નવમું, દસમું, બારમું, તેરમું. એ અંતર આનંદના ધ્યાનમાં લીન થઈને એ બધી પંક્તિઓ ધારા પામ્યા છે. આહા..હા..! '**પરમાવશ્યકરૂપ આત્મારાધનાના...**' જોયું! જરૂરીની જે ક્રિયા, આત્માની ધર્મધ્યાનની નિર્વિકલ્પ એવું '**આત્મારાધનાના પ્રસાદથી...**' '**પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી કેવળી—સકળપ્રત્યક્ષજ્ઞાનધારી—થયા.**' લ્યો! કોઈ દયા, દાન, વ્રત ને પંચમહાવ્રત પાળીને થયા એવું ત્રણકાળમાં નથી. એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી છે જુઓને ભાષા પણ! આહા..હા..! આ સિદ્ધાંત કહેવાય. '**પરમાવશ્યકરૂપ આત્મારાધના...**' આત્મામાં એનો આશ્રય લઈને જે ધર્મની ક્રિયા થાય એ પરમાવશ્યકરૂપ આત્માની આરાધના છે. એ આત્માની સેવના છે, એ આત્માની સેવના કહેવામાં આવે છે. આહા..હા..! આત્મા દેવ એનો પરમાવશ્યકરૂપી આરાધનાની સેવના એ ક્રિયા. આહા..હા..!

એના '**પ્રસાદથી કેવળી—સકળપ્રત્યક્ષજ્ઞાનધારી...**' એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પરને જોયા વિના પર્યાયમાં જાણવાની શક્તિ પ્રગટ થઈ. આહા..હા..! પરમાત્મા થયા. અરિહંતપદને જેટલા અરિહંતને પદને પામ્યા તીર્થંકર કે સામાન્ય કેવળી એ બધાઓ આત્માના ધ્યાનની આવશ્યક ક્રિયા કરીને પામ્યા છે. કહો, સમજાણું કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો

પંથ.' પરમાર્થના પંથ બે ને બીજો ને ત્રીજો એવા હોતા નથી. લ્યો, એ ટીકાનો અર્થ થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગશર વદ-૧૩, મંગળવાર, તા. ૩૦-૧૨-૧૯૭૫**
**કળશ-૨૭૦-૨૭૧-૧, પ્રવચન નં. ૧૩૯**

આ નિયમસાર. નિશ્ચય-પરમાવશ્યક. આત્માને જરૂરીવાળી ક્રિયા મોક્ષનું કારણ કોણ? કે જરૂરિયાતવાળી ક્રિયાનું નામ આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. એ ગાથા ટીકા પૂરી થઈ ગઈ. એના બે શ્લોક કહે છે. ૨૭૦.

(शार्दूलविक्रीडित)

स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः
प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।
तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः
स स्यात् सर्वजनार्चितांघ्रिकमलः पापाटवीपावक।।२७०।।

'**શ્લોકાર્થ :- પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો...**' ધર્માત્મા થઈ ગયા. '**યોગીઓ...**' એટલે કે સ્વરૂપ જે આનંદસ્વરૂપ જે ભગવાન આત્મા, જેનું નિત્યાનંદ સ્વરૂપ એણે જેણે પોતાની પર્યાયનો યોગ જેણે એમાં જોડ્યો, એને યોગી, એને ધર્મી, એને ધર્માત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અર્થ નવો લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવો કાંઈ નથી. દુનિયાએ સાંભળ્યો ન હોય એટલે નવો કાંઈ છે? મીંદડીના બચ્ચાને આંખ આવે ત્યારે એમ લાગે કે આ દુનિયા છે. આંખ ઉઘડી ત્યારે લાગી કે છે, પણ દુનિયા નહોતી? એમ વસ્તુસ્થિતિ નહોતી એણે સાંભળી નહોતી માટે નહોતી એમ કેમ કહેવાય? સમજાણું કાંઈ? આહા..હા..!

જેને '**પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો...**' અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત ધર્માત્મા થઈ ગયા એ '**યોગીઓ...**' આનંદસ્વરૂપ નિત્યાનંદમાં જેણે વર્તમાન યોગને જોડી દીધો છે. વર્તમાનપર્યાયને, અવસ્થાને, ત્રિકાળી પર્યાયવાન ધ્રુવમાં જેણે જોડ્યો છે એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહા..હા..! શું કર્યું એણે? '**નિજ આત્માની આરાધના...**' આહા..હા..! નિજ પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન એવો જે નિજ આત્મા એ વસ્તુ થઈ. એની

આરાધના, એની સેવા. નિત્યાનંદ પ્રભુ ધ્રુવ તેની સેવા એટલે પર્યાયમાં એકાગ્ર થવું. એ આરાધના એ પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા છે. નિજ આત્મા એ ત્રિકાળી ચીજ આનંદકંદ. સમજાણું કાંઈ? આહા..હા..! એ શું કર્યું એણે? કે **'નિજ આત્માની આરાધના...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. અતીન્દ્રિય પૂર્ણસ્વરૂપ, શાંતસ્વરૂપ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે નિજ આત્મા. ભગવાન તીર્થંકરાદિ એ પર આત્મા છે, એની સેવા કરવાથી તો વિકલ્પ ઉઠે, રાગ થાય. સમજાણું કાંઈ?

**'નિજ આત્માની આરાધના...'** આ આવશ્યક ક્રિયા જીવને મોક્ષને માટે. મોક્ષ એટલે પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ. મોક્ષ એટલે અતીન્દ્રિય પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ. એનું કારણ જે મોક્ષનો માર્ગ. તે આત્માની આરાધના તે મોક્ષનો માર્ગ અને એ અવશ્ય કરવાલાયક ક્રિયા કર્તવ્ય હોય તો આ છે. આ દવાખાનું કરવુંને.. એય..! ડોક્ટર! એ કાંઈ કર્તવ્ય નથી, કહે છે. એ તો જડની ક્રિયા પરની છે. આહા..હા..! રાગ થાય અંદર એ દુઃખરૂપ દશા છે.

**શ્રોતા :-** પૈસા મળે તે સુખદશા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પૈસામાં સુખ નથી, હેરાનગતિ છે. પોતાનો ભગવાન નિજ આત્માનું લક્ષ છોડી દઈને, જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એ બધા દુઃખી છે. એ દુઃખની ક્રિયાને આરાધે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે મોક્ષના કરનારા, મોક્ષગામી જીવો અનંત પુરાણ પુરુષો થયા એણે કર્યું શું મોક્ષને માટે? આહા..હા..! કે **'નિજ આત્માની આરાધના...'** આહા..હા..! એ બહુ ટૂંકા શબ્દો. નિજ આત્મા એટલે પૂર્ણાનંદસ્વરૂપ. એક સમયની પર્યાય વિનાનો સમજાણું કાંઈ? નિજ આત્મા એટલે? કે શરીર, કર્મ, વાણી, આ પરપદાર્થ એ વિનાનો અને અંદર કર્મ વિનાનો અને દયા, દાન, કામ, ક્રોધના પરિણામ છે એ વિકાર છે એ વિનાનો. અને એક સમયની પર્યાય પ્રગટ વ્યક્ત છે એ વિનાનો. સમજાણું કાંઈ? એવો નિજ આત્મા. આહા..હા..! સહજાનંદ-સહજાત્મસ્વરૂપ સહજ-સ્વભાવિક આત્મા જે ત્રિકાળી અવિનાશી સ્વરૂપ એની આરાધના. આહા..હા..! ભાષા ટૂંકી પણ ભાવ બહુ લાંબા. એ સ્વરૂપ આનંદનો નાથ ધ્રુવ ચૈતન્ય સહજાનંદસ્વરૂપ એનું આરાધન, એની સેવા, એની સન્મુખ થઈને અંદરમાં એકાગ્રતા થવી આહા..હા..! એનું નામ આત્માની આરાધના કહેવામાં આવે છે. આહા..હા..! પ્રવીણભાઈ!

આહા..હા..! ધર્મની ક્રિયા આ કહેવાય. કોઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિનો ભાવ, જાત્રા આદિનો ભાવ એ શુભરાગ છે, એ ધાર્મિક ક્રિયા નથી. આહા..હા..! આકરું જગતને ભારે, ભાઈ! પદ્મપ્રભમલધારિદેવ છેને સામે? એ ટીકાકર્તા-ટીકા કરનાર છે. દિગંબર મુનિ વનવાસી હતા. ૯૦૦ વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં જીવતી જ્યોત ઝળાહળ જ્યોતિ હતી. એ અહીં કળશ બનાવીને કહે છે. આ છેલ્લી ગાથા છેને. અહીંયાં આવશે. અનંત પુરાણ

પુરુષો, કેવળીઓ, તીર્થંકરો, મહાત્મા, સંતો એણે શું કર્યું આવશ્યક ક્રિયા? જરૂરની ક્રિયા શું કરી એણે? કે નિજ આત્માની આરાધના. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગી વિજ્ઞાનનો ઘન, વીતરાગી વિજ્ઞાનનો ઘન આત્મા. આહા..હા..! વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ એવો જે નિજ આત્મા, એની સન્મુખતા થઈને, નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને. અરે! આવી વાતું ભારે જીણી!

જેણે ભગવાન આત્માનું આરાધન, સેવન. આત્માનું સેવન. ૧૬મી ગાથામાં આવે છેને? '**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि**' દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવવા. પણ એ તો ભેદથી કથન કર્યું છે. પર્યાયથી લોકો સમજે માટે કથન છે. ખરેખર તો આત્માનું જ સેવન છે. ત્રણ પ્રકારના ભેદના સેવનની તો કથન શૈલી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માની અહીં આરાધના કીધીને? એમાં કાંઈ એમ ન કીધું કે દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવના. ચંદુભાઈ!

**શ્રોતા** :- આરાધનામાં આવી ગયું બધું!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ કોની આરાધના? દર્શન-જ્ઞાન-ચારિત્રની કે આત્માની? આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો જિનેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ તીર્થંકરનો આ તો પંથ છે. આ કોઈ આલી-દુઆલી કહે એ આ પંથ નથી. સમજાય છે કાંઈ?

'**નિજ આત્મા...**' જેમાં અનંત, બેહદ વીતરાગી વિજ્ઞાન જેમાં ભર્યું છે, આહા..હા..! વીતરાગી શ્રદ્ધા જેમાં અનંત પડી છે, વીતરાગી આનંદ જેમાં અનંત પડ્યો છે, આહા..હા..! વીતરાગી વીર્ય જેમાં અનંત પડ્યું છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવી વીતરાગી અનંત શક્તિઓનો સમૂહ એવો નિજ આત્મા એની આરાધના, આ પર્યાય થઈ. ઓલું દ્રવ્ય થયું વસ્તુ. એની સન્મુખની એકાગ્રતા એ પર્યાય છે, એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ભગવાનની સેવા અને ભગવાનની પૂજા અને ભગવાનની જાત્રા એ ધર્મ નથી. એ પુણ્યભાવ છે, પાપથી બચવા પૂરતો શુભભાવ છે. એ ધર્મ નથી, તેમ એ આવશ્યક ક્રિયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અવશ્ય કરવાલાયક કર્તવ્ય હોય તો તે ત્રિલોકનાથ ભગવાનનું સેવન કરવું, એકાગ્ર થવું. આહા..હા..! પહેલું તો હજી સમજવું કઠણ પડે શું કહે છે? આહા..હા..! આ માર્ગ છે. અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ અને અનંત સંતોએ આ રીતે માર્ગ સેવ્યો છે. આહા..હા..! તેથી આવ્યુંને? '**સર્વે પુરાણ પુરુષો...**' જૂના અનંત પુરુષો જે થઈ ગયા એમણે એટલે યોગીઓ એટલે આત્મામાં શુદ્ધ આનંદઘનમાં જેની પર્યાયનું જોડાણ થઈ ગયું, જે વર્તમાન પર્યાય અનાદિથી રાગમાં જોડાણ હતું એકત્વ એ પર્યાયને દ્રવ્ય સાથે એકત્વ કર્યું. આહા..હા..! એ શું કર્યું એણે? '**નિજ આત્માની આરાધના...**' ઓહો..! પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. '**अप्पा सो परम अप्पा**' આત્મા એ પરમાત્મા જ છે. વસ્તુસ્વરૂપે પરમાત્મા જ આત્મા છે. એવા પરમાત્માની આરાધનાથી. આહા..હા..! એની સન્મુખતા. આહા..હા..! ત્રિકાળી

આનંદનો નાથ તેનો સ્વીકાર, તેનો સત્કાર, તેનું સેવન, તેમાં એકાગ્રતા એને આરાધના કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! આ બધા ત્યારે વ્રત ને તપ ને બધું... આવશે ૧૨મી ગાથામાં. એ તો વચ્ચે હોય છે, પણ એ શુભરાગ છે. સમજાણું કાંઈ? વ્યવહાર વચમાં આવે છે એમ જણાવે છે, પણ એ વ્યવહાર કોઈ મોક્ષનું કારણ છે આહા..હા..! અથવા એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ?

કેવી રીતે ઉતાર્યું છે હવે? કે '**આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને...**' એમાં આવે છેને વિષ્ણુએ ભક્તોની ભીડુંને ટાળી અને રાક્ષસનો નાશ કર્યો. અન્યમતમાં આવે છેને ગીતામાં? યદા યદા ધર્મ ગ્લાનિ હોય છે અને આવું રાક્ષસનું જોર વધી જાય અને ભક્તોને ભીડ પડે ત્યારે ભગવાન અવતાર લે છે. એ તો બધી વાતું સમજવા જેવી છે. આ ભગવાન આત્મા પોતાનું સેવન કરવાથી '**કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ...**' કરે છે. કર્મરૂપી રાક્ષસ છે એનો નાશ કરે છે. આ ભગવાન જાગે એટલે એ કહે છે. અવતર્યો ઈ. આહા..હા..! સ્વરૂપ જે હતું તેને અનુભવમાં લીધું એટલે ભગવાન જન્મ્યો!

**શ્રોતા :-** અવતાર થયો એનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અવતાર થયો એનો. આહા..હા..! એ પોતે અવતાર થયો એના વડે '**સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો...**' દેખો, કર્મરૂપી રાક્ષસ અને એના પણ સમૂહ. એનો '**નાશ કરીને વિષ્ણુ** જયવંત થયા...' આહા..હા..! '**વિષ્ણુ** = વ્યાપક. (**કેવળી ભગવાનનું જ્ઞાન સર્વને જાણતું હોવાથી તે અપેક્ષાએ તેમને સર્વવ્યાપક કહેવામાં આવે છે.**)' વિષ્ણુ કહેવામાં આવે છે. એ વિષ્ણુએ જેમ ભક્તોની ભીડ ટાળી અને રાક્ષસોને માર્યા, એમ આ ભગવાને શું કર્યું? કર્મરૂપી રાક્ષસનો નાશ કર્યો. આહા..હા..! અને પોતાની જ્ઞાનશક્તિ પૂર્ણ પ્રગટ કરી એ વિષ્ણુ. સર્વવ્યાપક—ત્રણકાળ, ત્રણલોકને જાણવાની શક્તિ પ્રગટ કરી એનું નામ વિષ્ણુ, કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આહા..હા..! છે?

અને '**विष्णवो जिष्णवः**' બે શબ્દ છેને? '**विष्णवो जिष्णवः**' '(**અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા**),...' આહા..હા..! રાક્ષસોને જીતી અને સર્વવ્યાપક જ્ઞાનની પૂર્ણદશામાં એવા જિન થયા. સમજાણું કાંઈ અરે! આવી. આમાં કહે ઓલી દયા પાળવી, વ્રત પાળવા એમ કહે તો કાંઈક સમજાય પણ ખરું. શું વ્રત પાળે? માળા! સાંભળને વ્રત તો એ વિકલ્પ છે, રાગ છે. મહાવ્રતના ભાવ એ રાગ અને આસ્રવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તત્ત્વાર્થસૂત્રમાં લીધું છે, નહિ? પુણ્યના અધિકારમાં આસ્રવ લીધા. આસ્રવ અધિકારમાં વ્રતને લીધા છે. પુણ્યાસ્રવ. આસ્રવનો અધિકાર છે ત્યાં વ્રત ને તપ ને વિકલ્પ બધો આસ્રવ, રાગ છે, વિકલ્પ છે. એ મોક્ષમાર્ગ નથી, એ ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. ધર્મનું કારણ ત્રિલોકનાથ કારણપરમાત્મા જે નિજાત્મા એ ધર્મની પર્યાયનું કારણ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કર્મરૂપી રાક્ષસોના સમૂહનો...'** અશુદ્ધતાનો નાશ કરી અને કર્મ .. એમ. વિષ્ણુ એટલે સર્વજ્ઞાનની પર્યાય પ્રગટ કરી. ત્રણકાળ, ત્રણલોકને વ્યાપે, જાણે એવું જ્ઞાન પ્રગટ કર્યું. આહા..હા..! ભક્ત જે પર્યાયની ભીડ ભાંગી. નિર્મળ પર્યાયની ભીડ ભાંગીને પૂર્ણ નિર્મળ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? જયવંત છે. એ જિન છે. તેમને... એ બે વાત કરી કે **'નિજ આત્માની આરાધનાથી...'** રાગાદિનો નાશ થયો અને કેવળજ્ઞાનાદિની પર્યાય પ્રગટ થઈ. **'કર્મરૂપી સાક્ષસોના સમૂહનો નાશ કરીને...'** અને નિર્મળ પર્યાય થોડી હતી ભીડ એમાં હજી એ નિર્મળ પર્યાયને પૂર્ણ કરી એ ભક્તોની ભીડ ભાંગી. આહા..હા..! પોતે ને પોતે ભીડ ભાંગી અને પોતે ને પોતે રાગનો નાશ કર્યો એને અમે વિષ્ણુ કહીએ. સમજાણું કાંઈ? એટલી વાત તો એ કરી.

હવે એને વંદન કરનાર, એનો આદર કરનારની વાત કરે છે. આહા..હા..! **'તેમને જે મુક્તિની સ્પૃહાવાળો...'** શર્ત ઈ કે આવા સર્વજ્ઞો થયા નિજ આત્માનું આરાધન કરીને એને જે જીવ મુક્તિની સ્પૃહાવાળો છે એ શરત. પુણ્યની શરતવાળો અને રાગ ઉત્પન્ન થશે, પુણ્ય થશે અને પછી મને સ્વર્ગ મળશે, પછી મને ધર્મ થાશે એ નહિ. આહા..હા..! જે મોક્ષની સ્પૃહાવાળો. એક વાત. **'નિઃસ્પૃહ જીવ...'** રાગાદિની પણ સ્પૃહા જેને નથી. એવો **'અનન્ય મનથી નિત્ય પ્રણમે છે,...'** આહા..હા..! એવા સ્વરૂપને, એવા ભગવાનને જે અનન્ય મનથી, ભાવમનથી નિત્ય પ્રણમે છે. આહા..હા..! એ તો એ સ્વરૂપમાં એકાગ્ર થઈને એ ભાવ પ્રણમે છે.

**'તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે...'** આહા..હા..! પાપરૂપી વન મોટું એને બાળવામાં અગ્નિ આનંદકંદમાં જ્યાં ધ્રુવમાં પરિણમન થયું એ તો પાપરૂપી અગ્નિને બાળવાને અગ્નિ સમાન થયો. **'તેનાં ચરણકમળને...'** હવે મુનિરાજ પોતે પ્રમોદ બતાવે છે. પહેલો મોક્ષ, મોક્ષનો માર્ગ, એને વંદન .. કરનારો એવા જીવને હું **'ચરણકમળને સર્વ જનો પૂજે છે.'** તેના ચરણકમળને સર્વ જનો પૂજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે પૂજ્ય એવા ભગવાન આત્માની પૂજના પૂર્ણ કરી એણે અનેરા જીવો પણ સર્વ એને પૂજે છે. આહા..હા..! એ એક શ્લોક થયો. છેલ્લો શ્લોક.

(मंदाक्रांता)

मुक्त्वा मोहं कनकरमणीगोरं हेयरूपं
नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।
चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं
लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय।।२७१।।

આહા..હા..! **'શ્લોકાર્થ :- હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ...'** સ્ત્રી અને સોનું આદિ. એની જેને વિશેષતા લાગે એ પર તરફનો મોહ છે. સમજાણું કાંઈ?

અન્યમતમાં કહેવાય છે, 'કંચન અને કામિની ચૌકી આડી શ્યામની, રામની રમતને તેજ લૂંટે.' આવું સાંભળેલું દુકાન ઉપર બધું. જોડે એક ઘાચી હતા. ઘાંચી એટલે? આ હિન્દુ ઘાંચી થાય છેને ત્યાં. હિન્દુ ઘાંચી ઓલા નહિ. હિન્દુ ઘાંચી ત્યાં. એ ગાતો હોય. ગોવર્ધન ઘાંચી હતો અમારી દુકાનની જોડે. એ ગાય આવું, 'કંચન અને કામિની' કામિની એટલે સ્ત્રી અને કંચન એટલે સોનું. 'ચોકી આડી શ્યામની, રામની રમતને તે લૂંટે.' સ્ત્રીનો પ્રેમ અને પૈસાનો પ્રેમ એ આત્માની શાંતિને લૂંટનારા છે. આહા..હા..!

હુકમીચંદજીએ તો લખ્યું છે ઓલા મહાવીરની નથી? બહુ સારી વાત લખી છે ભાઈ. તમે વાંચ્યું નહિ હોય. હુકમચંદજીએ મહાવીરનું કર્તૃત્વ અને વક્તૃત્વ. શેમાં? ટોડરમલજીનું નહિ. આ તો મહાવીરનું છે એક. બહુ સારો લખ્યો છે. લોકો એમ કહે છે કે મહાવીરે શું કર્યું? કે સર્પ સાથે જીત્યા અને રાક્ષસને આમ કર્યું, દેવને આમ કર્યું. આત્મધર્મમાં લખ્યું છે? હા, એ તો ભાઈએ નાખ્યું છે. એ ભગવાને એ કર્યું જ નથી. તમે મહાવીરને એ રીતે ન ચીતરો. ભગવાને તો વીતરાગતાની વૃદ્ધિ કરી છે અને ઘટના કરી હોય તો રાગની ઘટના કરી છે. એના વખતમાં આવી ઘટના થઈ અને ફલાણું થયું. સમજાણું કાંઈ? યજ્ઞમાં હિંસા બહુ હતી એટલે ભગવાને દીક્ષા લીધી અને પરોપકાર કરવા માટે આને... એ બધી ખોટી વાતું કહે છે. એ તો પોતે વીતરાગતા વધારવા માટે ચારિત્રને અંગીકાર કર્યું. અને એના જિંદગીમાં ઘટના થઈ હોય તો એ. રાગનું ઘટવું એ એની ઘટના.

મારે તો અહીં કામિનીનું નાખવું પાછું એમાં એક લખ્યું છે એણે. અને સ્ત્રી પરણે એટલે એને ઘટના પાપની લાગુ જ પડે એકદમ. સમજાણું કાંઈ? એ ભગવાનને હતી નહિ. ભગવાને પોતે એકદમ નિવૃત્તિ લઈને વીતરાગતાની વૃદ્ધિ કરી. તો સ્ત્રીની ઘટના થાય એને તો પળે અને દિવસે એ તો અંદરની ઘટનામાં રાગ અને પાપ થયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ઘટના ભગવાનને બની નથી. ભગવાનને રાગ ઘટ્યો એ ઘટના બની છે. વાંચ્યુંને?

અહીં કહે છે કે '**કનક અને કામિની સંબંધી મોહ...**' એ આમ જ્યાં મોહ જાય છે ત્યાં સ્વરૂપમાં મોહનો અભાવ અટકી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિષયોમાં સ્ત્રી મુખ્ય છે. લક્ષ્મીમાં હીરા ને માણેક ને કંચન મુખ્ય છે. હીરા દેખે લાખ-લાખ, કરોડ-કરોડ રૂપિયાનો તો આહા..હા..! ગલગલિયા થઈ જાય. શું ધૂળ છે ત્યાં? સમજાણું કાંઈ? હીરા ને માણેક. ઓલા શેઠિયાના મામા થાયને એક? ગુજરી ગયા એ. ભાઈના મામાના દીકરા છે. આ શેઠિયા નહિ આ? દીપચંદજી શેઠિયા. એના મામા પાસે દસ કરોડ. એ તો પહેલાના દસ કરોડ, પણ હીરા ને માણેક ને સોનું ભર્યું છે એકલું. પહેલાના. અત્યારે તો એનો ભાવ વધી ગયો એટલે ૨૫-૩૦-૪૦ કરોડ કહેવાય. એકલા હીરા-માણેક ભરેલા. પણ .. પાસે કામ લે ત્યારે ઓલું...

નહિ, દિવાસળી નહિ ઓલું. દોરાની હોયને શું કહેવાય? (ગરેડી) નાની. એ ખલાસ થઈ ગઈ હોય તો ક્યાં ગઈ એ તપાસ કરે. અને ખાલી બરણી હોય ખાલી શીશીયું. એ વેચવા લઈ જાય. એમ કોઈ વાતું કરતું હતું. આહા..હા..! પૈસા દસ કરોડ હોં. તે કે દુના ૫૦-૬૦ વર્ષ પહેલાના. અત્યારે તો એની હીરા-માણેકની કિંમત બહુ વધી ગઈ. એટલે પછી અત્યારે આંકડો ગણવો છેને ધૂળનો ત્યાં ક્યાં? આહા..હા..! એ 'કંચન અને કામીની ચોકી આડી શ્યામની' પ્રભુની અંતરમાં જવામાં મોહ એ રોકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે જગતના બે નડતર છે. આહા..હા..!

**'તેને છોડીને,...'** જેણે લક્ષ્મીનો મોહ છોડ્યો અને જેણે સ્ત્રીનો પ્રેમ છોડ્યો. આહા..હા..! **'હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે...'** આહા..હા..! નિર્મળ આનંદનો નાથ અંદર પ્રગટ થતા મોક્ષમાં નિર્મળ આનંદ પ્રગટ થાય. મોક્ષ એટલે કે દુઃખી મુકાવું અને સુખથી પૂર્ણની પ્રાપ્તિ. મોક્ષ એટલે દુઃખથી છૂટવું અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મોક્ષ એટલે દુઃખનો વ્યય અને અનંત આનંદનો ઉત્પાદ. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા **'નિર્મળ સુખને અર્થે પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** આહા..હા..! એમ કહે છે કે ગુરુ એને એ કહ્યું હોય કે આનંદનો નાથ પ્રભુ તારો છે એમાં જા, એકાગ્ર થા, તો તને પરમસુખ આનંદની પ્રાપ્તિ થશે. આહા..હા..! ગુરુ આવા હોય કહે છે. ગુરુ એમ બતાવે કે આ દયા ના દાન ને વ્રતથી ધર્મ થાશે એ કાંઈ ગુરુ નહિ, એ કુગુરુ છે. સમજાણું કાંઈ? એ તો સવારમાં આવ્યું હતુંને આપણે. યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનને સાંભળવું. વ્યવહાર આવે સમકિત થવા પહેલા આવું હોય એમ કહે. આહા..હા..!

અહીં તો મુનિરાજ એમ કહે છે કે **'પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** કેમકે પરમગુરુ એને ધર્મ આવો બતાવે એને. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનના સાચા સંત અને ગુરુ હોય તો તે એનો ઉપદેશ આવો હોય કે પરમાનંદનો નાથ ભગવાન એમાં એકાગ્ર થા એવો એનો ઉપદેશ હોય. સમજાણું કાંઈ? એનો ઉપદેશ કરતા વ્રત ને તપ ને અપવાસ કરે માટે ધર્મ થશે એવો ઉપદેશ ગુરુનો હોય નહિ. એ કુગુરુનો ઉપદેશ છે. કહો, શાંતિભાઈ! આહા..હા..! પછી નગ્ન ફરે અને અઠ્યાવીશ મૂળગુણ પાળતા હોય કદાચિત્, પણ જેની પ્રરૂપણામાં આ છે કે એ રાગ વ્યવહાર કરો. કરતાં-કરતાં નિશ્ચય થશે, એકદમ પગલું પહેલું નિશ્ચયનું નહિ આવે, પહેલું પગલું વ્યવહારનું આવશે અને પછી નિશ્ચય થશે, એ વીતરાગના માર્ગનો વેરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં તો **'પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** નિમિત્તથી એવું હોય એમ કહે છે. જેને અંતર ધર્મ પ્રાપ્ત થાય એને નિમિત્ત પરમગુરુનું હોય છે.

**શ્રોતા :-** ગુરુ.. જવાબદારી તો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબદારી ક્યાં કીધી? એ તો આવા હોય એમ કીધું. એવું નિમિત્ત એને હોય કે એ વાત એને એ કરે.

**શ્રોતા :-** એટલી જવાબદારી તો આવી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબદારીનો પ્રશ્ન અહીં ક્યાં છે? એ તો કહ્યું નહોતું ઓલામાં? ૩૮મી ગાથામાં. ગુરુ વારંવાર એને સમજાવે. નવરા હશે તે વારંવાર સમજાવશે. ૩૮મી ગાથામાં એવું આવે છે. એનો અર્થ કે ગુરુએ એને એકવાર કહ્યું એ વારંવાર યાદ કરે છે. ગુરુ નવરા હતા? એ તો આનંદકંદ સંત, મુનિ તો નિર્વિકલ્પ ધ્યાનમાં મસ્ત હોય છે. કોઈ વખતે વિકલ્પ આવે તો વળી પ્રરૂપણા આદિ કરી દે. થઈ જાય, કરે છે ક્યાં ઈ? આહા..હા..!

'**પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...**' આહા..હા..! '**તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં...**' આહા..હા..! આ આત્મા કેવો છે? શાંત... શાંત... શાંત... વીતરાગી વિજ્ઞાનઘન. અકષાયસ્વભાવી આત્મા શાંતસ્વરૂપ. અકષાય-કષાયના અભાવથી કહીએ અને આમ શાંતસ્વરૂપ તે અસ્તિથી. શાંત... શાંત... શાંત... રસનો પિંડ છે. આહા..હા..! '**(શાંતસ્વરૂપી) પરમાત્મામાં...**' પરમાત્મા કોણ? આ આત્મા. '**કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે,...**' એ આત્મા પોતે નિત્ય અતીન્દ્રિય આનંદવાળો આત્મા છે. એ રાગવાળો અને દુઃખવાળો એ આત્મા નહિ. આહા..હા..! હજી તો આત્મા કોને કહેવો એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય એને. આથડ્યા કરે જ્યાં-ત્યાં સમ્મેદશિખર અને શેત્રુંજય અને ગિરનાર અને વ્રત ને તપના વિકલ્પમાં રખડ્યા કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમશાંતરૂપી '**પરમાત્મામાં કે જે (પરમાત્મા)...**' પરમ આત્મા એટલે પરમસ્વરૂપ. પોતાનું પરમસ્વરૂપ એવો પરમાત્મા '**નિત્ય આનંદવાળો છે,...**' આહા..હા..! એ તો ધ્રુવ આનંદવાળો છે. એમાં તો અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? કેમ ભાઈ નથી આવ્યા? ક્યાં ગયા છે?

**શ્રોતા :-** વઢવાણ-વઢવાણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વઢવાણ ગયા? કેમ?

**શ્રોતા :-** જોવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક આ ત્યાં કરશેને ઈ? ઈ કરવાના છે? ઠીક. .. સારો.

'**નિત્ય આનંદવાળો છે,...**' ત્યાં કાંઈક યાદ આવ્યું છે એમાંથી. આત્મા એને કહીએ કે જેનો નિત્ય આનંદસ્વભાવ છે. અનાદિ-અનંત આનંદસ્વભાવ છે. સમજાણું કાંઈ? આ શક્કરકંદ શબ્દ આવ્યોને? એટલે શક્કરકંદી કહે છે એટલે એ યાદ આવી ગયા. હિન્દુસ્તાનમાં એને શક્કરકંદી. ઓલું શક્કરકંદ આવે છેને? શક્કરકંદી. એના ઉપર જરી લાલ છાલ હોય. બાકી આખું શક્કર. શક્કર એટલે સાકરનો પિંડ એ છે મીઠાશથી ભરેલો. એમ ભગવાન આત્મા અંદર એ પુણ્ય અને પાપના વિકલ્પની ફોતરાની પાછળ... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન આ આત્મા છે. નિત્ય આનંદથી ભરેલો છે ઈ. આહા..હા..! કેમ બેસે? જ્યાં પાંચ-પચાસ હજાર પેદા થાય ત્યાં લાપસી મૂકો. આજે શુકન થયા છે. ધૂળેય નથી સાંભળને

હવે. ભગવાનજીભાઈ! બાયડી પરણે ત્યારે આજે પહેલો દિવસ છે. માટે આમ પૈસા આટલા ખર્ચો. એક રાજા હતો તે પહેલા દિવસે એક કરોડ રૂપિયા ખર્ચ્યા. પરણીને પહેલો દિવસ તે દિ' એક કરોડ. ગાંડા તે ગાંડાના ગામ જુદાં હોય છે? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે ભગવાન! પહેલે ક્ષણે જ્યારે આનંદનો ભોગ આવે તને. આહા..હા..! સમ્યગ્દર્શનમાં ભગવાનનો ભેટો થતાં પહેલે સમયે તે આનંદ આવે તે અલૌકિક આનંદ છે કહે અને એ આનંદના સાધનથી મુક્તિ પૂર્ણાનંદને પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે...'** જેની ઉપમા શું દેવી? એવા ગુણોથી શોભિત છે ઈ. આહા..હા..! આ મકાનમાં શોભા કરે છેને ચિત્રોની? શું કહેવાય આ તમારા? ફર્નિચરને. પચાસ લાખ, દસ લાખનું, વીસ લાખનું મોટા કપાટ ભર્યા હોય, છોકરના રમકડાંના કપાટ ભર્યા હોય અને આ ફર્નિચરને ઓહો..! ધૂળેય નથી સાંભળને હવે. એ શોભા નથી. આ તો અનંતગુણની શોભાથી ભરેલો ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિરુપમ ગુણોથી...'** જેની ઉપમા નથી. કોની ઉપમા દેવી? આહા..હા..! જેના અતીન્દ્રિય આનંદના એક સમયના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણીના ભોગ એ સડેલા મડદા મીંદડીના અને કૂતરીના સડેલા હોય એવા લાગે એને. આહા..હા..! એવો-એવો અતીન્દ્રિય આનંદથી ભરેલો આખો ભગવાન છે, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિરુપમ—જેને ઉપમાં શું દેવી? એવા ગુણો નામ અનંત-અનંત શક્તિઓનો સ્વભાવ એનાથી અલંકૃત છે, શોભિત છે. આહા..હા..! એ એનો અલંકાર છે. ભગવાન આત્મામાં અનંત જ્ઞાન-દર્શન-આનંદ જેનો સ્વભાવ, જેનો ગુણ એનાથી અંલકૃત શોભા છે એની. આહા..હા..!

**'અને દિવ્ય જ્ઞાનવાળો છે...'** એ તો દિવ્ય જ્ઞાન અંદર આનંદ, જ્ઞાન. જ્ઞાનનો સાગર, જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, દિવ્યજ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ જેની આગળ અનંતમાભાગે છે એવો જે જ્ઞાનનો દરિયો-સાગર ભગવાન છે. આહા..હા..! આ તમારું દવાખાનાનું, ડોક્ટરનું એ નહિ હોં. એ તો બધું કુજ્ઞાન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કામમાં તો આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કામ આવે? પાપ માટે આવે કામ.

**શ્રોતા :-** દર્દી સાજા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દર્દી સાજા થાય, ન થાય એ એનાથી થાય છે દવાથી? તેને શાતાનો ઉદય હોય અને એને મટવાનું હોય તો એને કારણે મટે છે. આહા..હા..!

**શ્રોતા :-** દવામાં નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનો અર્થ શું? નિમિત્તનો અર્થ કે એનાથી થયું નથી એનું નામ નિમિત્ત. જો એનાથી થાય તો એ ઉપાદાન થઈ ગયું એ તો. આહા..હા..! સમજાણું

કાંઈ? દુનિયાથી નિરાળી વાતું છે બાપુ અહીં તો.

**'દિવ્યજ્ઞાનવાળો છે...'** આહા..હા..! કેટલા વખાણ કર્યા? એક તો અવ્યગ્ર પરમાત્મા પોતે શાંતસ્વરૂપી ભગવાન. નિત્ય આનંદવાળો બે. નિરુપમ ગુણોથી શોભાવળો અને દિવ્યજ્ઞાનવાળો. એકલું જ્ઞાનનું નૂરનું પૂર ભર્યું છે એમાં. આહા..હા..! **'તેમાં—શીઘ્ર પ્રવેશ કર.'** છેલ્લો સરવાળો. આહા..હા..! છેલ્લો સરવાળો. આહા..હા..! આવો જે આત્મા એમાં શીઘ્ર અંદર જા. એ દિવ્યસ્વરૂપ એવો ભગવાન આત્મા.. વાયદો છોડી દે કહે છે. આહા..હા..! પછી કરશું... પછી કરશું... મૂકી દે. પછીમાં પછીમાં પહેલું કોઈ દિ' નહિ આવે. આહા..હા..! ઓલા બારોટની વાત આવે છેને કાંઈક. કે આજે જમશે વાણિયા અને કાલે જમશે બારોટ. બારોટ આવ્યા બીજે દિ'. તો શું લખ્યું છે? કાલ. એની કાલ કોઈ દિ' આવે નહિ અને બારોટ કોઈ દિ' જમે નહિ. એવું આવે છે. અમારે દીક્ષા થઈ હતીને જે મકાનમાં એ મકાનની પાછળ એમાં લખેલું હતું. દુકાન હતી કોકમાં. એમાં લખેલું હોય એ. ઉમરાળે. કે આજે વાણિયા અને કાલે જમે બારોટ. વાણિયા જમ્યા આજે અને પછી બારોટ આવ્યા બીજે દિ' અમે. શું લખ્યું છે કહે? આજે જમે વાણિયા અને કાલે બારોટ. ત્રીજે દિ' આવ તો આજે વાણિયા અને કાલે બારોટ. કાલે કોઈ દિ' થાય નહિ અને ઈ કોઈ દિ' જમે નહિ. એમ વાયદા કરીશ તો કાલે કોઈ દિ' વાયદો નહિ ફળે તને. આવો નાથ પ્રભુ મળ્યો. આહા..હા..! એની સામું જો તરત. કરોડપતિ, અબજપતિ આવે તો પાધરો સામો કેટલા કામો છોડીને સામો જાય છે કે નહિ? ઓહો..હો..! મારા આંગણા ઉજળા કર્યા. ઓહો..! મારે આંગણે .. એવું બોલતો હશે કાંઈક. સોનાનો સૂરજ ઉગ્યો. આહા..હા..! કરોડપતિ, અબજોપતિ આવે એટલે.

ઓલા કહેતા હતા શેઠિયા. એના મામા આવ્યા. મામાનો દિકરો હશે કે મામા. મામા. બહુ પૈસા દસ કરોડ કીધાને. એ તો આવે છે ત્યાં. આવે એટલે અહીં એની છોડીયું. એના ઘરમાં વાતાવરણ એવું બધું. દીપચંદજી શેઠિયાના. છોડી સામી ગઈ. મોટરમાંથી ઉતર્યા ત્યાં. ગાયન ગાણા. એવું કાંઈક ગાણું ગાયું હતું. ઓલા ખુશી થઈ ગયા. ઓહો..હો..! તમારે તો ઘરના માણસો પણ આવે. અમારે તો ઘરમાં કાંઈ ન મળે. ગાણા ગાયન ગાય. એવું ગાણું ગાયુંને છોડીયું.

અહીં કહે છે કે એલા સામો માણસ મોટો અબજપતિ, કરોડપતિ આવે. લાખ કામ છોડીને સામો જોવા જાય. તેડવા જાય કે નહિ? એમ આ ત્રણલોકનો નાથ સામો બેઠો છે અંદર. એની સામું જો તો ખરો હવે. આહા..હા..! **'તેમાં—શીઘ્ર પ્રવેશ કર.'** ભાષા તો જુઓ, ઓહો..હો..! **'ચેતઃ શીઘ્રં પ્રવિશ'** **'પ્રવિશ'** છેને? આહા..હા..! ગજબ વાત છે! પ્રભુ! તું પૂર્ણ પ્રભુતાથી ભરેલો છો, પ્રભુ! તું પૂર્ણ ઈશ્વરસ્વરૂપ છો, આહા..હા..! પ્રભુ! તું પૂર્ણ આનંદનો સાગર છો પ્રભુ! તું દિવ્યજ્ઞાનનો દરિયો છો. આહા..હા..! એની સામું

જોને. એમાં શીઘ્ર પ્રવેશ કર. આહા..હા..! ડાહ્યાભાઈ! કેવું મંગળિક વચન છેને. આહા..હા..! ભાઈ! કરવાનું તો એ છે. ત્રણલોકનો નાથ નિત્ય આનંદ, અનાકુળ શાંતિથી ભરેલો અને જેના ગુણની ઉપમા નહિ એવા અનંતગુણની શોભાવાળો. આહા..હા..! એક વરઘોડે ચડે તો એને વધાવે છે કે નહિ? જેને-જેને સંબંધ હોય ઈ. રૂપિયો-બે રૂપિયા વધાવે. એલા! મોટો દાસ આવ્યો હવે એને વધાવ તો ખરો, કહે છે. આહા..હા..! એની સામું તો જો. આમ બહાર સામું જોઈને બેઠો છો અને અહીં અંદર પડ્યો રહે છે આ ભગવાન. આહા..હા..! શું એ દિગંબર સંતોની કથની! દિગંબર મુનિઓની શૈલી તો જુઓ એક. આહા..હા..! કેટલા શબ્દ વાપર્યા જુઓને. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા નિત્ય આનંદવાળો, નિરૂપમ ગુણની શોભાવાળો, દિવ્યજ્ઞાનવાળો. આહા..હા..! શું બાકી રહ્યું હવે? એમાં દ્રવ્યમાં પ્રવેશ કર, કીધું. ભાષા જુઓ. આહા..હા..! દ્રવ્યમાં પ્રવેશ થાતો હશે? એ દ્રવ્યમાં એકાગ્રતા એ દ્રવ્યમાં પ્રવેશ કર. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્રુવમાં પ્રવેશ કર એમ કહે છે. એનો અર્થ ધ્રુવ સામું જો અને એકાગ્ર થા એ ધ્રુવમાં પ્રવેશ કર્યો કહેવાય છે. આહા..હા..! એ અધિકાર પૂરો થયો લ્યો.

‘**એ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...**’ મુનિ તો દિગંબર હોય એને વસ્ત્રનો ધાગો ન હોય બહારમાં. અંદરમાં રાગનો કણ પણ હોય તો તેનો જ્ઞાતા છે. આહા..હા..! ‘**એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ** વડે રચાયેલી...’ આ પદ્મપ્રભમલધારિદેવ છે. ‘**નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પરમાવશ્યક અધિકાર નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**’ લ્યો. હવે પહેલેથી શરૂ કરવાનું છે. એ બાકી રાખ્યું છે.

શુદ્ધભાવ અધિકારથી શરૂ કર્યું હતુંને. અજીવ અધિકાર અને વ્યવહાર અધિકાર બે પડ્યા રહ્યા છે. ‘**ૐ પરમાત્મને નમઃ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણિત શ્રી...**’ સ્વરૂપલક્ષ્મીવાળા ભગવાન કુંદકુંદાચાર્ય. આહા..હા..! ‘મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો.’ ત્રીજે નંબરે આવ્યા છે. એવા કુંદકુંદાચાર્યપ્રણિત શ્રી નિમયસાર કહેવાયું. એમનું કહેલું નિયમસાર. અને તે પોતે કહે છે કે મેં તો મારી ભાવના માટે નિયમસાર બનાવ્યું છે. આહા..હા..! છે પહેલું? ‘**જીવ અધિકાર**’ ‘**श्रीपद्मप्रभमलधारिदेवविरचिततात्पर्यवृत्तिः**’ લ્યો, આ કુંદકુંદાચાર્ય વચમાં છે, એમણે બનાવ્યું છે નિયમસાર. આ પદ્મપ્રભમલધારિદેવે બનાવી ટીકા. એનો પહેલો શ્લોક. ‘**મૂળ ગાથાઓનો અને તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો ગુજરાતી અનુવાદ.**’ ‘(**પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ ‘નિયમસાર’ નામના શાસ્ત્રની ‘તાત્પર્યવૃત્તિ’ નામની સંસ્કૃત ટીકા રચનાર મુનિ**

**શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો દ્વારા મંગલાચરણ કરે છે.**' સાત શ્લોક છે. આહા..હા..! આ સમજે એને સાત પ્રકૃતિનો નાશ છે અને ક્ષાયિક સમકિત થાય. એય..! ક્ષયોપશમ થાય એ પણ એવું થાય કે જે ક્ષાયિક લીધે છૂટકો કરે એવું થાય. સમજાણું કાંઈ? પહેલો શ્લોક.

(मालिनी)

त्वयि सति परमात्मन्माद्दशान्मोहमुग्धान्
कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम्।
सुगतमगधरं वा वागधीशं शिवं वा
जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा।।१।।

આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ ટીકા કરતા મંગળિક કરે છે. '**હે પરમાત્મા!**' દિગંબર મુનિ છે જંગલમાં રહેનારા. મુનિઓ તો જંગલમાં રહેતા. વનવાસી સંત હતા. શ્વેતાંબર પંથ ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યો. એ દિગંબર પંથમાંથી નીકળેલ છે. સમજાણું કાંઈ? સનાતન ધર્મ તે આ દિગંબર છે. અનાદિનો વીતરાગમાર્ગે કહેલો આ માર્ગ છે. એ મુનિ કહે છે '**હે પરમાત્મા!**' આહા..હા..! '**તું હોતાં...**' તારી હયાતી જગતમાં છે. આહા..હા..! '**તું હોતાં...**' તારી સ્થિતિની હયાતીમાં '**હું મારા જેવા (સંસારી જેવા)...**' આહા..હા..! '**મોહમુગ્ધ...**' મોહમાં મુગ્ધ જીવો. આહા..હા..! '**કામવશ...**' અને કામમાં વશ થઈ ગયેલા. એવા '**બુદ્ધને...**' જુઓ, આમાં ઓલા ભાઈએ એમ લખ્યું હતું. કેવા ઈ વકીલ? ચીમનચકુ. બુદ્ધ પણ મોક્ષ પધાર્યા છે અને મહાવીર પણ મોક્ષ પધાર્યા છે એમ લખ્યું છે. મોટો લેખ. એય..! કોઈ પૂછનાર ન મળે આંધળે આંધળા. સ્થાનકવાસીનો અગ્રેસર કહેવાય અને આવું લખાણ! બુદ્ધ પણ મોક્ષ પધાર્યા અને મહાવીર પણ. હવે અહીંયાં કહે છે કે બુદ્ધ તો મોહમુગ્ધ છે. આહા..હા..! ડાહ્યાભાઈ!

'**અને કામવશ...**' છે એ. '**તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને...**' આહા..હા..! '**બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?**' હે નાથ! પૂર્ણાનંદની પ્રાપ્તિ એવા પરમાત્મા હયાતી ધરાવનારા છેને. આહા..હા..! જિનેન્દ્રદેવ જેની દશા અનંત આનંદ અને જ્ઞાનાદિ પ્રગટ થયા તારી હયાતીમાં, પ્રભુ! આવા મોહમુગ્ધ અને કામવશને હું કેમ પૂજું? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભક્તામ્બરમાં કહ્યું છેને? પ્રભુ! ભલે અમે અન્યને પહેલા જોઈ લીધા. .. આવે છેને? હવે તને દેખીને બીજામાં મારી દૃષ્ટિ જાય એવી નથી. પહેલેથી જોઈ લીધા બધા. આહા..હા..! એવા બુદ્ધને, બ્રહ્માને, વિષ્ણુ, મહેશને કેમ પૂજું? આહા..હા..! આ પક્ષની વાત નથી, હોં ભાઈ! વસ્તુની સ્થિતિની વાત છે. સમજાય છે કાંઈ? સીમંધર ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં કેવળજ્ઞાની પરમાત્મા. હે નાથ! તારી હયાતીમાં આ બીજાને હું કેમ પૂજું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેણે ભવોને જીત્યા છે...'** જિન છેને જિન? જિન એટલે ભવને જેણે જીત્યા. આહા..હા..! **'તેને હું વંદું છું...'** આહા..હા..! જિન જેણે રાગ ભવનું કારણ જે વિકાર અને વિકારનું ફળ ભવ એને જેણે જીત્યા છે. આહા..હા..! અભવદશા જેણે પ્રગટ કરી. સમજાણું કાંઈ? જિનેશ્વરદેવ એટલે આ ભાઈ! શું છે ભાઈ! એને ઓળખવા અને માનવા એ કોઈ અલૌકિક વાતું છે. આ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં ગડિયા હાંકે જાય. સમજાણું કાંઈ? પરમાત્માની હયાતી સ્વીકારી. અહીં તો નથી. નથી, પણ અમારી નજરમાં પરમાત્મા છે. આહા..હા..! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, પ્રભુ! તારી હયાતીમાં આવા રાંકાને હું કેમ પૂજું? પરમ બાદશાહ જેણે બાદશાહી પ્રગટ કરી છે અંદરથી, કેવળજ્ઞાનની લક્ષ્મી પૂર્ણ પ્રગટ કરી છે. પ્રભુ! તારી હયાતીમાં આવા પામરને હું કેમ પૂજું? આહા..હા..! જુઓ, ભક્તોની ભક્તિ.

**'જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું...'** આહા..હા..! **'તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો,...'** આવા જિનને એને જિન કહો. આને **'સુગત કહો, ગિરિધર કહો, વાગીશ્વર કહો કે શિવ કહો.'** બધું એ છે. આવા જિનેશ્વરદેવને જે કહો તે એ છે. એનો અર્થ કરશે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર વદ-૧૪, બુધવાર, તા. ૩૧-૧૨-૧૯૭૫
## ગાથા-૧, કળશ-૧-૭, પ્રવચન નં. ૧૪૦

(આ નિયમસાર) શાસ્ત્ર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એનો જેમાં અધિકાર એનું નામ નિયમસાર. એ કુંદકુંદાચાર્ય કહે છે. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા અને અહીંયાં આવીને આ શાસ્ત્ર રચ્યા છે. મહાવિદહમાં. કહે છે કે હું મારા આત્માને માટે આ નિયમસાર બનાવું છું. મોક્ષનો માર્ગ. એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ મોક્ષનો માર્ગ આત્મા ચૈતન્ય અખંડ આનંદસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષનો માર્ગ છે. એ વ્રત ને તપ ને ક્રિયાકાંડ ને ભક્તિ ને પૂજા... એ મોક્ષમાર્ગની શરૂઆત કરતા પહેલા એના ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. ૯૦૦ વર્ષ પહેલાં જંગલમાં રહેતા હતા. મુનિઓ તો જંગલમાં રહેતા હતા. અને તે નગ્ન હોય છે. અંતરના આનંદની રમણતામાં પણ રાગથી રહિત નગ્ન હોય છે. આહા..હા..! એવી જેને અતીન્દ્રિય આનંદની રમણતા, દરિયામાં જેમ ભરતી આવે એમ અંતર આનંદસ્વરૂપથી ભરેલો ભગવાન એમાં એકાગ્ર થતાં પર્યાયમાં, અવસ્થામાં આનંદની ભરતી આવે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની બાઢ-ભરતી. ભાઈ ગયા છે પાછા?

વયા ગયા? કેમ?

**શ્રોતા :-** એક દિવસ વહેલું જાવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક, ઈ કાલે કહે .. તમે કાલે સવારે તો સ્વાઘ્યાય. કાલે બપોરે તો સમયસાર ચાલે. સવારમાં સ્વાઘ્યાય છે. બપોરે. કીધું એણે મને. મેં કીધું સવારમાં તો નહિ ચાલે. સવારમાં તો સ્વાઘ્યાય ચાલશે. અહીં તો જે નિયમ છે ઈ રહે. કાલે બપોરે સમયસાર. સવારે નીકળી ગયા.

એ નિયમસારની ટીકા કરનાર અહીંયાં કહે છે મુનિરાજ. જે પંચપરમેષ્ઠીમાં નમો લોએ સાહુણંમાં આવી ગયા છે અંતર આનંદસ્વરૂપમાં. એ ટીકા કરતા કહે છે કે હે પરમાત્મા! હે જિનેશ્વરદેવ! તારી કેવળજ્ઞાન પૂર્ણદશા અને રાગને જીતીને આપ વીતરાગ થયા એવા કારણે હે પરમાત્મા! હું તને નમું છું. અને તારા સિવાય બીજા જે ઘણા નામ પરમાત્મા ધરાવે પણ જેને રાગ-દ્વેષ ગયા નથી, કેવળજ્ઞાન થયું નથી, એવા સંસારી મારી જેવાને હું કેમ પગે લાગું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી ટીકામાં આ લીધું. પછી કીધું છેને? હું તો જેને અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ અને વીતરાગતા જેને પૂર્ણ પ્રાપ્ત થઈ છે એવા પરમાત્માને હું તો નમું છું. પ્રભુ! તારી આવી પરમાત્મદશાની હયાતીવાળો તું છો એ તને મૂકીને તારાથી વિપરીત જે રાગ-દ્વેષ અને અજ્ઞાનવાળા છે એને હું કેમ નમું? એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો બધું ઓઘે-ઓઘે ચાલે છે અત્યારે તો. આ તો વાસ્તવિક પરમાત્મા કેવા હોય અને એને હું વંદન કરનાર કોણ છું? એ બેની અહીંયાં ઓળખાણ આપી છે. એ પહેલી ગાથાનો અર્થ હવે નીચે એનો છે.

એ બૌદ્ધ એ બુદ્ધ નહિ. **'બુદ્ધને સુગત કહેવામાં આવે છે.'** નીચે. **'સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત,...'** સુગત. સુ-શોભનીકતાને, ગત-પ્રાપ્ત. તો હે પરમાત્મા! આપ પૂર્ણ આનંદ અને પૂર્ણ શક્તિની શોભાથી શોભિત પ્રાપ્ત છો. આપ જ બૌદ્ધ અને શોભનીક છો. સમજાણું કાંઈ? આહા..હા..! **'અથવા સુગદ (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત.'** સુ-પૂર્ણ જે પ્રાપ્ત આત્માની દશા એને પ્રાપ્ત. **'શ્રી જિનભગવાન (૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે,...'** શોભનીકતાની વ્યાખ્યા કરી. જેને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થયો છે અને જેને વીતરાગતા અને સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ પૂર્ણ પ્રગટ થઈ છે, એવા જિન ભગવાન **'શોભનીકતાને પ્રાપ્ત છે,...'** એટલે એને અમે સુગત કહીએ છીએ, એને અમે બૌદ્ધ કહીએ છીએ. સમજાણું કાંઈ?

**'અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે...'** ઓહો..હો..! આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને ત્રણકાળ, ત્રણલોક જણાણા છે. એવી કેવળજ્ઞાનદશા હે પરમાત્મા! હે જિનેશ્વરદેવ! આપને જ પ્રાપ્ત છે. માટે, આપ જ બુદ્ધ છો. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય વગેરેને પ્રાપ્ત હોવાથી તે સુગત કહેવામાં

આવે છે. એક વાત. હવે '**કૃષ્ણને ગિરિધર કહેવામાં આવ્યા છે. શ્રી જિનભગવાન અંનતવીર્યવાન હોવાથી...**' જેને અનંતગુણની અનંતી નિર્મળ પર્યાય જેણે ધારણ કરીને રાખી છે એવા જિનભગવાન જ કૃષ્ણ અને ગિરિધર છે. આહા..હા..! આત્મા જે અનંત જ્ઞાન, દર્શન, આનંદનો ભંડાર છે. ભગવાન આત્મા એને આશ્રયે આપે અનંત જ્ઞાન, દર્શન, શાંતિ, પૂર્ણ વીર્યથી જેણે પ્રગટ કરી છે. માટે આપ જ ગિરિધર કહેવામાં આવો છો. આહા..હા..! સમજાણું કાંઈ? વીર્યની રચના વીર્યગુણ એને કહીએ એમ છેને શાસ્ત્રમાં? કે વીર્યગુણ એને કહીએ કે અનંતા સ્વરૂપની રચના કરે, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ ઈશ્વરતા, પૂર્ણ પ્રભુતા. એની પર્યાયમાં રચના કરે તેને (વીર્ય કહીયે). એ પ્રભુ આપે જ એવા અનંતવીર્યથી આ બધી પ્રગટ દશા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બ્રહ્માને અથવા બૃહસ્પતિને...**' બૃહસ્પતિ કહે છેને? બ્રહ્મા તો વળી ઉત્પત્તિ કહે છે, પણ આ તો એક બૃહસ્પતિ જેવા લીધા. '**બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે.**' વાણીના ઈશ્વર. વાક્ ઈશ્વર. વાણીના ઈશ્વર આમ ધોધ નીકળે. '**શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી...**' આહા..હા..! એમણે તો ૐ દિવ્યધ્વનિ નીકળે છે. સર્વજ્ઞ અને વીતરાગ પૂર્ણદશા પ્રાપ્ત થાય છેને ત્યારે એને આવી વાણી ન હોય. એ આવી વાણી બોલાય એવી ભેદવાળી વાણી ન હોય. એ પરમાત્માની વાણી દિવ્ય હોય છે. ૐ ધ્વનિ ઉઠે કે જે ઈચ્છા વિના પૂર્ણ વાણી, પ્રધાનવાણી હોય માટે આપ જ બૃહસ્પતિ અને વાગીશ્વર છો. સમજાણું કાંઈ? વાગીશ્વરી શું આવે છેને? નથી આવતું? વાગીશ્વરી જિનવાણી. આહા..હા..! એ તો નિમિત્તથી કથન છે. વાણી એ ધ્વનિ નથી, પણ વાણી એને એવી હોય છે. ૐ ધ્વનિ. 'ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' પરમાત્માના શ્રી મુખે વાણીમાં ૐ ધ્વનિ ઉઠે. એ ૐ ધ્વનિ સાંભળીને ગણધરો, સંતો આનંદમાં રમનારા એમાથી શાસ્ત્ર રચે. એ દિવ્યધ્વનિ એમાંથી શાસ્ત્ર (રચે).. એને દિવ્યધ્વનિના કહેનારા કહેવામાં આવે છે. આપ જ બૃહસ્પતિ અને આપ જ પોતે સરસ્વતિ છો. આહા..હા..!

મુનિરાજ નગ્ન છે, વનવાસી છે. વનમાં લખે છે જુઓ. સંતો તો જંગલમાં રહેતા. હવે બધું ફેરફાર. શ્વેતાંબર નીકળ્યા પછી બધો ફેરફાર થઈ ગયો અને દિગંબરમાં હવે પછી ગામમાં, મુંબઈ શહેર જેવા શહેરમાં સારો માણસ રહી શકે નહિ. ત્યાં પણ (હવે મુનિ) રહેવા માંડ્યા. આ તો મુનિ તો આનંદસ્વરૂપમાં રમે જેને માણસનો પગરવ પણ જ્યાં .. ત્યાં રહે નહિ એવી સ્થિરતા આનંદમાં રમતા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી આપ જ બૃહસ્પતિ છો.

'**દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.**' '**મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી...**' પૂર્ણ આનંદ નિરૂપદ્રવ દશા જેને પ્રગટ થઈ છે. આહા..હા..! અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ

એવી નિરૂપદ્રવ દશા પ્રગટ થઈ. પ્રભુ! આપ જ શિવ છો. સમજાણું કાંઈ? આહા..હા..! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માને પહેલું વંદન કરતા, બીજાની સાથે મેળવીને કહે છે. બીજા બધા કહેવાય ભલે બ્રહ્મ, બૃહસ્પતિને સમજાય છે. ગિરધર ને બુદ્ધ ને. પ્રભુ! એ તો નામમાત્ર છે. આપ જ પરમાત્મા છો. ઝીણી વાત છે, ભાઈ! પક્ષની વાત નથી, વસ્તુના સ્વરૂપની વાત છે. આહા..હા..! આત્મા જ્યાં અનંત-અનંત બેહદ જ્યાં શક્તિઓનો સાગર. એમાંથી જે પર્યાય એકાગ્ર થઈને શક્તિની પર્યાયમાંથી પ્રગટ થઈને ઉછળી પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનંત આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ કર્તાનું પરિણામ, કર્મનું પરિણામ આદિ પૂર્ણ દશા જ જેની પૂર્ણ થઈ ગઈ. કૃત્ય-કૃત્ય થઈ ગયા. આહા..હા..! એને અહીંયાં જિનેશ્વર અને પરમાત્મા કહે છે. આહા..હા..! '**તેમને અહીં શિવ કહેવામાં આવે છે.**' એટલું. છેલ્લું હવે છેને. હવે, બીજો શ્લોક. ઈ પહેલા શ્લોકનો અર્થ થયો. હવે બીજો શ્લોક.

(अनुष्टुभ्)

वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम्।

वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्।।२।।

'**શ્લોકાર્થ :- વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ...**' છે નીચે? '**વાચંયમીંદ્ર = મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો;...**' આહા..હા..! મુનિ પણ મૌનમાં, આત્માના ધ્યાનમાં રહેતા હોય છે. આહા..હા..! એમાં પણ પ્રધાન-મુખ્ય વીતરાગ પરમેશ્વર મુખ્ય છે. '**મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો; વાક્સંયમીઓના ઈન્દ્ર સમાન અર્થાત્ જિનદેવો. (વાચંયમી = મુનિ; મૌનસેવનાર; વાણીના સંયમી.)**' એમાં એ મુખ્ય. આહા..હા..! વાણી હોવા છતાં એ તો મૌન છે અંદર. વાણી તો વાણીને કારણે નીકળે છે. આહા..હા..! એવા પરમાત્માને અહીંયાં વંદન કરવામાં આવે છે. આહા..હા..! ઓળખીને અને હું વંદન કરનાર પણ કોણ છું? કે હું આત્મા છું, આનંદસ્વરૂપ છું. આહા..હા..! પણ અપૂર્ણ છું એટલે પૂર્ણતાને પ્રાપ્તને હું વંદન કરું છું. આહા..હા..!

'**વાચંયમીંદ્રોનું મુખકમળ જેનું વાહન છે...**' મુખકમળ. ૐ ધ્વનિ મુખકમળમાંતી નીકળે છે. સર્વાંગે. પરમાત્મા હોય એને સર્વાંગે વાણી નીકળે છે. એને હોઠ હલે નહિ, કંઠ હલે નહિ-કંપે નહિ અને ૐ ધ્વનિ નીકળે એને પરમાત્મા કહીએ. સમજાણું કાંઈ? કહે છે કે પછી જગતને એમ સમજે છેને મુખથી નીકળે એટલે એ અપેક્ષાએ કથન કર્યું. બાકી છે તો આખા સર્વાંગે ૐ ધ્વનિ છૂટે. આહા..હા..! સમજાણું કાંઈ? મુખ બંધ હોય, કંઠ હલે નહિ અને આખા શરીરમાંથી ૐ. ઈચ્છા વિના ૐની ધ્વનિ નીકળે છે એને પરમાત્મા અને એને જિનેશ્વરદેવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વાચંયમીંદ્રોનું મુખકમળ જેનું વાહન છે...**' આહા..હા..! '**અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...**' બે નયને આશ્રયે સર્વસ્વ. છે પાઠમાં? '**द्वयायत्त**'

શબ્દ છે. આશ્રય કર્યો. પંચાસ્તિકાયમાં આયત શબ્દમાં આધીન કર્યો છે. બે નયને આધીન. નિશ્ચય અને વ્યવહારને આધીન કથન છે બધું. આશ્રય કરવાલાયક કોણ ઈ નહિ અત્યારે. બે નયને આશ્રયે જેની વાણીનું કથન છે. કેમકે દ્રવ્ય જે ત્રિકાળી છે તે નિશ્ચયનો વિષય છે અને પર્યાયનો ભેદ રાગાદિ વ્યવહાર એ બે નયને આશ્રયે ભગવાનની વાણી નીકળે છે. બે નયને આશ્રયે નીકળે માટે બે નયનો વિષય આશ્રય કરવાલાયક છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં આવે છેને એ? ત્યાં નયાશ્રિત આધીન. શબ્દ તો એનો એ છે. '**नय द्वयायत्त**' છે? આધીન કહો, આશ્રિત કહો. વાણી એની ભગવાનની બે નયે નીકળે. નિશ્ચયનયે અને વ્યવહારનયે. અને પર્યાય પણ છેને? રાગ છેને? તો વ્યવહારનયનું કથન પણ આવે અને ત્રિકાળી જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ છે એને નિશ્ચયનયનો વિષય તો નિશ્ચયની વાણી આવે. આહા..હા..!

જંગલમાં જેણે આ ટીકા બનાવી છે. આ વનવાસી શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌નો પદ્મનંદી પંચવિંશતિ છેને. પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્ર. શ્રીમદ્ એને વનશાસ્ત્ર કહે છે. કેમકે વનમાં રચાયેલા વનશાસ્ત્ર. આ બધા સંતો વનમાં રહેતા. સમજાણું કાંઈ? અનાદિ સનાતન જૈનદર્શનમાં મુનિઓ તો વનમાં-જંગલમાં રહેતા. આહા..હા..! એથી અહીં કહે છે કે બે નયનું કથન હતું. એમ આ ટીકાકારે રચના કરી. બીજી રીતે કહીએ તો પહેલા દેવને વંદન કર્યું અને બીજામાં વાણીના કહેનારા એમ કરીને વંદન કર્યું. સમજાણું કાંઈ?

'**આ બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની...**' સર્વસ્વ. સમ્યગ્દર્શનમાં પણ બે નય. નિશ્ચય અને વ્યવહાર. સમ્યગ્જ્ઞાનમાં પણ બે નય—નિશ્ચય અને વ્યવહાર. દ્રવ્ય-પર્યાયનું બે નયે—દ્રવ્ય અને પર્યાય વ્યવહાર. દ્રવ્ય નિશ્ચય અને પર્યાય વ્યવહાર. એમ દરેકની નિશ્ચય અને વ્યવહારની નયને આધીન કથની છે. પણ એથી બે નયે કથની છે માટે બે નયનો આશ્રય કરવાલાયક છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..! કેમકે બે નય તે પરસ્પર વિરોધ છે. એ વિરોધ છે તો એકને આદરણીય અને એકને હેય એ રીતે નયનું કથન આવે એને એ રીતે સમજવું એને બે નયની સમજણ કહેવામાં આવે છે. આહા..હા..! જોયું! '**બે નયોના આશ્રયે સર્વસ્વ...**' સર્વ. દ્રવ્ય, ગુણ, પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સંયમ, તપ એ બધું બે નયે કથન છે—એક નિશ્ચયનું અને એક વ્યવહારનું. આહા..હા..! તપસ્યા તે નિર્જરા કીધી છે એ વ્યવહારનયનું વચન છે અને અંદરમાં આનંદના નાથમાં એકાગ્ર થઈને શુદ્ધતા પ્રગટ કરવી એ નિશ્ચય તપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે નયોને આશ્રયે સર્વસ્વ-સર્વસ્વ. આહા..હા..! પર્યાયમાં પણ બે પ્રકાર—એક નિર્મળ પર્યાય તે નિશ્ચય અને રાગ પર્યાય તે મલિન એ વ્યવહાર. એ ત્રિકાળની અપેક્ષાએ નિશ્ચય દ્રવ્ય તો પર્યાય નિર્મળ એ પણ વ્યવહાર. સદ્‌ભૂતવ્યવહાર. આહા..હા..! ભગવાનની વાણી બે નયને આશ્રયે સર્વસ્વ. અહીં વજન છે. બે નયને આધીન સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે. આહા..હા..! '**તે વાણીને હું વંદું**

છું.' જોયું! પહેલામાં દેવ લીધા અને બીજામાં શાસ્ત્ર લીધા. દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ નથી આવતું? વંદનમાં આવે છેને? દેવ-શાસ્ત્ર. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ એમ ઘણે ઠેકાણે વંદનમાં આવે છે. તો દેવને વંદન પહેલી ગાથામાં કર્યું, બીજીમાં શાસ્ત્ર અને વાણીને કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? હવે, ત્રીજામાં ગુરુને લે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ. આહા..હા..!

(शालिनी)

सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं
तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम्।
शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे
तद्विद्याढ्यं वीरनन्दिं व्रतीन्द्रम्।।३।।

ગુરુને વંદન કરે છે હવે. પહેલી ગાથા દેવની, બીજી ગાથા વાણીની, શાસ્ત્રની અને ત્રીજી ગાથા ગુરુની. આવે છેને બધે? દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ. આહા..હા..!

'**શ્લોકાર્થ :- ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને,...**' ઈ સિદ્ધસેન જે શ્વેતાંબરના છે. શું કહેવાય ઈ શાસ્ત્રને? સંમતીતર્ક. એના કરનાર. એ નહિ. આ તો કોઈ દિગંબર મુનિ સિદ્ધસેન થઈ ગયા છે. સમજાય છે કાંઈ? નામ તો ઘણાના એ વખતે સિદ્ધસેન જે શ્વેતાંબરમાં થયા જેણે સંમતિતર્ક બનાવ્યું છે. સંમતિ શું કહ્યું? સંમતિતર્ક. એ નહિ, એ તો શ્વેતાંબર છે. એને મુનિ વંદન ન કરે. સમજાય છે કાંઈ? મુનિ દિગંબર સંત છે આત્મજ્ઞાનના, આનંદના અનુભવનારા એ તો એનાથી અધિક વિશેષ જે સિદ્ધ સેન નામના મુનિ થઈ ગયા છે. દિગંબર મુનિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે '**ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રી...**' એટલે લક્ષ્મીના પતિ. આહા..હા..! ઉત્તમ સિદ્ધાંત સિદ્ધ થયેલા લક્ષ્મીના પતિ. શું કહ્યું? '**ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ...**' આહા..હા..! '**સિદ્ધસેન મુનીન્દ્રને,...**' હું વંદું છું એમ કહે. '**તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને,...**' આ તત્ત્વાર્થરાજવાર્તિક બનાવ્યું છેને? એના દિગંબર આચાર્યો અને દિગંબર મુનિઓએ તો ગજબ વાત કરી છે. અનાદિ કેવળજ્ઞાનીનો જે માર્ગ હતો તે માર્ગ એણે ઉભો રાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરી વાત, બાપા! શ્વેતાંબર પંથ તો ભગવાન પછી છસ્સો વર્ષે નીકળ્યો, જુદો પડ્યો અને બધું શિથિલપણું સ્થાપ્યું વસ્ત્ર, પાત્ર, સ્ત્રીને મુક્તિ, ભગવાનને બે મા ને બે બાપ ને, દ્રૌપદિને પાંચ પતિ એ બધું વિરુદ્ધ સ્થાપ્યું. ભગવાનના એ શાસ્ત્ર નહિ. આહા..હા..! આકરું ભાઈ બહુ આ તો. એય..! શાંતિભાઈ! આ વાડો છે કાંઈ? આ વાડો નથી, બાપા! આ તો વસ્તુ છે, ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ જ જિનેન્દ્રદેવનું આવું છે. આહા..હા..! કહે છે કે એ સિદ્ધસેન .. તો ઉત્તમ સિદ્ધાંતના લક્ષ્મીના પતિ હતા. આહા..હા..! સિદ્ધાંત જેણે ઘડેલા તત્ત્વને એવા મુનિન્દ્રને હું વંદું છું. આ દિગંબર સિદ્ધસેન હોં. આહા..હા..!

**'તર્કકમળના સૂર્ય...'** તર્કરૂપી કમળ, એના સૂર્ય. તર્કને વિકાસવામાં સૂર્ય એવા અતુલ ... દેવ. આહા..હા..! તત્ત્વાર્થરાજવાર્તિક બનાવ્યું છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એવા અકલંક નામ તર્કરૂપી કમળ એને ખીલવામાં સૂર્ય સમાન છે. એવા તર્કથી વસ્તુને તત્ત્વાર્થરાજવાર્તિકમાં સિદ્ધ કરી છે. મહામુનિ સંત દિગંબર આચાર્ય આનંદમાં રમતા, જંગલમાં રહેતા. આહા..હા..! કહે છે કે એ તર્કરૂપી કમળના સૂર્ય છે. જેમ સૂર્ય આવે અને કમળ ખીલે એમ તર્કરૂપી સૂર્યના તર્ક ખીલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તર્કથી વાત સિદ્ધ કરવાને માટે સૂર્ય સમાન છે. .. અને કમળથી. આહા..હા..!

**'શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્ર...'** છેને? શું કહેવાય? સર્વાર્થસિદ્ધ. સર્વાર્થસિદ્ધિ. સર્વાર્થસિદ્ધિની ટીકા કરી છે. શું કહે છે? શબ્દસિંધુ. છે? **'ચંદ્ર = શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન.'** જેમ ચંદ્ર હોય અને દરિયો ઉછળે પૂનમને દિ' આમ. મોજા આવે. ઠેઠ પૂનમના તો પૂર્ણ મોજા આમ. મુંબઈ જુઓને આમ. **'શબ્દસિંધુને...'** ઉછાળવામાં. શબ્દની રચના ઉછાળવામાં **'પૂજ્યપાદ મુનીન્દ્ર...'** આહા..હા..! આવા સંતો દિગંબરમાં પાક્યા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પણ એમના કથનો છે એવા ગંભીર કે એને સમજવા માટે તો ઘણો એને પુરુષાર્થ જોઈએ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જેને જન્મ-મરણ મટાડવા છે, બાપા! એને સર્વજ્ઞના કહેલા આવા સંતોના કહેલા તત્ત્વને બરાબર જાણવા જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે એ તો **'શબ્દસિંધુના ચંદ્ર...'** સમાન હતા. આહા..હા..! **'અને તદ્‌વિદ્યાથી સમૃદ્ધ...'** તે બધી વિદ્યાથી **'સમૃદ્ધ વીરનંદિ મુનીંદ્ર...'** એનું નામ ગુરુ. **'વીરનંદિ મુનીંદ્રને હું વંદું છું.'** આહા..હા..! એમના ગુરુ એવા હતા કે સિદ્ધાંતરૂપી શ્રીમાં ઓલા તર્કમાં આવ્યા અને શબ્દસિંધુનાં તત્ત્વજ્ઞાનથી સમૃદ્ધ. આહા..હા..! તદ્ વિદ્યાથી એટલે એ બધી હોં. આહા..હા..! જુઓને જંગલમાં મુનિ રહેતા છતાં કામ કર્યા છેને એમણે. આહા..હા..! જગતની કરૂણા કરીને એમણે ટીકાઓ બનાવી, શાસ્ત્ર બનાવ્યા. હવે એને કાંઈ પડી નહોતી કે હું આ બનાવું તો મને લાભ થાય, પણ વિકલ્પ આવ્યો કે અરે! પ્રાણીઓ આ જગતના જીવો સત્ય સમજે. આહા..હા..! એવા **'વિરનંદિ મુનીંદ્રને હું વંદું છું.'** પદ્મપ્રભમલધારિદેવ. દેવ, શાસ્ત્ર અને ગુરુ. ત્રણ ગાથા ગઈ. હવે ચોથી.

(अनुष्टुभ्)

अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।

वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम्।।४।।

**'શ્લોકાર્થ :- ભવ્યોના મોક્ષને માટે...'** આહા..હા..! લાયક જીવ. નિયમસાર છેને આ! મોક્ષનો માર્ગ. લાયક જીવના મોક્ષને માટે. આહા..હા..! અભવિ તો કાંઈ લાયક છે નહિ. આહા..હા..! ભવ્યમાં પણ મોક્ષને જવાને લાયકને માટે. આહા..હા..! **'તેમ જ નિજ**

**આત્માની શુદ્ધિને અર્થે...**' મારા પોતાના આત્માની શુદ્ધિને માટે એનું ઘોલન ચાલતું હોય એને માટે. '**તાત્પર્યવૃત્તિ નામની ટીકા હું કહીશ.**' તાત્પર્ય શું છે? તાત્પર્ય શું છે એવી ટીકા હું કહીશ. આહા..હા..! આવા મુનિઓ હતા પણ નિરહંકારી, નિરભિમાની. સમજાણું કાંઈ? અહીંયાં તો થોડું-ઘણું જ્યાં આવડે ત્યાં જાણે મને આવડે છે એમ બતાવીને બીજા પાસે જાહેર કરે. અને બીજા જાણે એ માટે શાસ્ત્ર ભણે. આહા..હા..! આ જુઓ તો ખરા મરી ગયેલા છેને. આહા..! હું આ '**ભવ્યોના મોક્ષને માટે તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે...**' આહા..હા..! એ ટીકા વખતે મારું ઘોલન ચાલશે આનંદના નાથની સામે એ ઘોલનથી મારી શુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! '**નામની ટીકા હું કહીશ.**' એ ચોથો થયોને? પાંચમો.

(आर्या)

गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।
परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः।।५।।

આહા..હા..! જેણે આવી ટીકા કરી છે એ ટીકાકર પદ્મપ્રભમલધારિ મુનિ સંત દિગંબર જેણે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે. સંપૂર્ણ ચારિત્ર આદિ જેને હજી કેવળજ્ઞાન ભલે નથી, પણ મોક્ષનો માર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે પ્રગટ થઈ ગયો છે. આહા..હા..! અને આનંદમાં જે ઝૂલે છે અને વનવાસમાં રહે છે એનો ક્ષયોપશમ આટલી ટીકા બનાવે છે એનો ક્ષયોપશમ કેટલો થયો? એ એમ નિર્માનથી કહે છે કે ભાઈ! આહા..હા..!

'**શ્લોકાર્થ :- ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...**' આહા..હા..! આ નિયમસારનો ટીકાનો અર્થ તો ગણધરથી રચાયેલો છે. આહા..હા..! '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...**' આહા..હા..! '**અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...**' અને પાછળ પણ શ્રુતના ધરનારા સંતો આચાર્યોએ '**પરંપરાથી સારી રીતે...**' પ્રગટ કરેલો છે આનો અર્થ. 'હું કોણ મંદબુદ્ધિ તે ટીકા કરનાર?' એમ કહે છે. આહા..હા..! '**ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી...**' આની ટીકાનો અર્થ ચાલ્યો આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વ્યક્ત કરાયેલા આ પરમાગમોના અર્થસમૂહનું કથન કરવાને...**' આહા..હા..! આવું જે પરમાગમ. લ્યો આ પરમાગમનું મંદિર છે અહીં. આખું નિયમસાર કોતરાઈ ગયું છે ટીકાસહિત હોં.

'**આ પરમાગમોના અર્થસમૂહનું...**' પાઠ છે હોં પરમાગમ. '**અમે મંદબુદ્ધિ...**' કથન કરવાને કોણ છીએ અમે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી ટીકા છે એ ભાગવત ટીકા કહેશે આગળ. ભાગવત શાસ્ત્રની ટીકા. અમે મુનિ છીએ, અમે તે મંદબુદ્ધિ કોણ છીએ? આહા..હા..! જેની ટીકાનો અર્થ ગણધરોથી રચાયેલી છે અને શ્રુતધરના ધરનારાઓની પરંપરાથી આવેલી છે. આહા..હા..! એની '**અર્થસમૂહનું કથન કરવાને...**'

આહા..હા..! **'અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહા..હા..! ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના ધરનારા એ ભવમાં મોક્ષ જનારા એ ગણધરોથી એનો અર્થ રચાયેલો છે કહે. આહા..હા..! અને તે ટીકા એની પરંપરા શ્રુતના ધરનારથી પરંપરા આવેલી છે. આહા..હા..! એ ટીકા થાય છે અહીં કહે છે. આહા..હા..! ટીકાની પ્રમાણતામાં આ પ્રમાણ આપ્યા. સમજાય છે કાંઈ?

ગણધરોથી રચાયેલી છે, ભાઈ! અને શ્રુતધરો, શ્રુતના ધરનારાઓથી પરંપરા આ ટીકાનો ભાવ ચાલ્યો આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારે તો એમાં બીજું કહેવું હતું કે ઓલા કારણપરમાત્માનું આવે છેને ભાઈ આમાં? સ્વરૂપપ્રત્યક્ષ અને ઈ પોતાનું નથી એમ કહેવું છે. ..માં છે. પરમપારિણામિક સ્વભાવ તે જ આશ્રય કરવાલાયક છે, તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. કારણપરમાત્મા તે કેવળજ્ઞાનના કાર્યનું તે કારણ છે. આહા..હા..! એ વસ્તુ તે સ્વરૂપપ્રત્યક્ષ છે. આહા..હા..! પરમાણુના બે ભેદ. કારણપરમાણુ અને કાર્યપરમાણુ એ રચના બધી ગણધરોથી ટીકા ચાલી આવે છે. એ તો કુંદકુંદાચાર્યે પોતે મૂક્યું છે. આહા..હા..! અને વ્યવહારની હાસ્ય કરી છે. વ્યવહારની હાસ્ય-મશ્કરી કરી છે. આવે છેને. વ્યવહાર આલોચના. આ તે શું પણ? વસ્તુ તો અંદર આનંદનો નાથ જાગીને સ્થિર થાય છે તે બધું છે. આ વિકલ્પ ઊઠે આલોચના એ તે શું ચીજ? એ મશ્કરી કરી છે એ મેં નથી કરી. આહા..હા..!

ગણધરો અને શ્રુતધરોથી તે વાત ચાલી આવે છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમ ન સમજે એટલે પછી એ વ્યવહારનો લોપ કરે છે. નિશ્ચય-નિશ્ચય. એ ગણધરોથી આવેલો આ ભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દિવ્યધ્વનિ ભગવાનની નીકળે અને એમાં ગણધરો એમાં સૂત્ર રચે. એમાં આ અર્થની આ પરંપરા એનાથી ચાલી આવી છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ કહેશે પર્યાયમાત્ર પરદ્રવ્ય છે. ત્રિકાળી દ્રવ્ય એ સ્વદ્રવ્ય છે. એ તો મૂળ પાઠ છે કુંદકુંદાચાર્યનો. સમજાણું કાંઈ? આહા..હા..! અને એનો વિસ્તાર ટીકા પણ મારાથી એકલાથી નથી કહેવાયેલી. ગણધરોથી કહેલી છે, ભાઈ! આહા..હા..! એ પરંપરાનો ધોધ ચાલ્યો આવે છે એમાંથી હું આ વાત કરું છું. આહા..હા..! પાણીના શું કહેવાય આ? ધોરિયા-ધોરિયા. પાણીના ધોરિયા હોય છેને ચાલ્યા આવે છે કૂવામાંથી પાણી. એ કાંઈ મેં કર્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રુતના ધરનારા સંતોના ધોરિયા પ્રવાહથી આ ભાવ ચાલ્યો આવે છે. આ પ્રવાહ ચાલ્યો આવે છે. આહા..હા..!

**'આ પરમાગમના અર્થસમૂહ...'** જોયુંને બધું? ટીકા છેને આખી? એના અર્થનો ઢગલો. આહા..હા..! એવા **'કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહા..હા..! જુઓ તો ખરા ટીકા! પાંચમો. થઈ ગયોને? છઠ્ઠો.

(अनुष्टुभ्)

**अस्माकं मानसान्युचैः प्रेरितानि पुनः पुनः।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधुना।।६।।**

આહા..હા..! કેમ ટીકા રચાય છે? કહે છે, છે તો પરંપરાનો અર્થ આ, પણ અહીં કેમ રચાય છે હવે?

'**શ્લોકાર્થ :- હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી-ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' અંદર વારંવાર એમ થાય છે 'આનો અર્થ થાય, આનો .. તત્ત્વની ટીકા થાય' એમ વિકલ્પ વારંવાર આવે છે કહે. આહા..હા..! છે? '**હમણાં...**' '**હમણાં અમારું મન...**' એમ. આહા..હા..! '**પરમાગમના સારની...**' જોયું! પરમાગમનો સાર. એની '**પુષ્ટ રુચિ...**' આહા..હા..! '**ફરી-ફરીને અત્યંત પ્રેરિત થાય છે.**' વારંવાર આવ્યા કરે છે. એવા વિકલ્પો. સમયસાર, પરમાગમનો સાર થાય એવી વારંવાર વિકલ્પની વૃત્તિ ઉઠ્યા કરે છે એની પ્રેરણાથી. આહા..હા..!

'**હમણાં અમારું મન...**' હમણાં-હમણાં એમ. આ રચાય છે એ કાળમાં. '**પરમાગમના સાર...**' આહા..હા..! નિયમસાર. મોક્ષમાર્ગનો સાર, પરમાગમનો સાર. આહા..હા..! કુંદકુંદાચાર્ય પોતે કહે છે, ભગવાન આત્મામાં ક્ષાયિકભાવ નથી. આહા..હા..! પ્રભુ! ત્રિલોકનો નાથ એમાં ક્ષાયિકભાવ નથી. ક્ષાયિકભાવ એ પર્યાયરૂપ છે. આહા..હા..! એ બે નયની કથની થઈ. ક્ષાયિકભાવ દ્રવ્યમાં નથી. ક્ષાયિકભાવ પર્યાયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા પરમાગમની પુષ્ટ રુચિનો વિકલ્પ અને મન હમણાં અમારું મન વારંવાર ત્યાં જાય છે. એ માટે તો ટીકા રચાય છે. આહા..હા..! '**(એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે.)**' આહા..હા..! છ થયો. સાતમો.

(अनुष्टुभ्)

पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः।

प्रोक्ता सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः।।७।।

'**શ્લોકાર્થ :- સૂત્રકારે...**' ભગવાન કુંદકુંદાચાર્ય '**સૂત્રકારે પૂર્વે પાંચ અસ્તિકાય...**'નું વર્ણન કર્યું છે. આહા..હા..! '**છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થ...**'નું. આહા..હા..! '**તેમ જ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે...**' પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, ભક્તિ, સમાધિ, આવશ્યક, પ્રાયશ્ચિત એ બધી અંદર સત્ક્રિયા સૂત્રકારે વર્ણવી છે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ એમાં રમણતા એ સત્ક્રિયા. એ સત્ક્રિયા સૂત્રકારે વર્ણવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે).**' અસ્તિકાય દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ અને સત્ક્રિયા. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ અને આવશ્યક. આહા..! એ સત્ક્રિયા. નિર્મળ નિર્વિકારી આત્માની નિર્વિકલ્પ ક્રિયા. એ સૂત્રકારે વર્ણવી છે. પાઠથી અને શબ્દોથી છેને? આહા..હા..! આ સાત શ્લોક થયા. આહા..હા..!

'**अलमलमतिविस्तरेण। स्वस्ति साक्षादस्मै विवरणाय।**' '**અતિ વિસ્તારથી બસ**

**થાઓ, બસ થાઓ. સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો.'** આહા..હા..! આ ટીકા છે એ જયવંત વર્તો! આહા..હા..! સમજાણું કાંઈ? **'સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો.'** આહા..હા..!

હવે સૂત્ર અવતાર. ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા. આ તો ટીકાકારે સાત શ્લોકો મંગળિક તરીકે કર્યા છે. **'अथ सूत्रावतारः—'**

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं।।१।।**

ત્યાં કેવળી ઓલામાં આવશે. **'वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं'** એમ હતું. એમાંથી બે કાઢ્યું હતું, શ્રુતકેવળી અને કેવળી. આ તો પાઠ જ બેય છે. આહા..હા..! આ હું નિયમસાર કહીશ એ કેવળી અને શ્રુતકેવળીએ કહેલું કહીશ. આહા..હા..! સમજાણું કાંઈ? સીધી વાત લે છે એકદમ. કેવળજ્ઞાની પરમાત્મા પણ તમે હતા ત્યારે અહીં કેવળી તો નહોતાને. આહા..હા..! ભગવાન પાસે ગયા. છેને. આહા..હા..! કેવળીએ કહેલું છે અને ત્યાંના શ્રુતકેવળીઓ હતા એનું કહેલું છે. સમવસરણમાં આવે છેને અહીં. કેવળી અને શ્રુતકેવળી પાસે .. થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્રુતકેવળીમાં એના ગુરુ પણ આવી ગયા. એના ગુરુએ પણ આ કહ્યું હતું એ હું કહું છું એમ. કહ્યું છેને સમયસારમાં કે અરિહંત ભગવાન વિજ્ઞાનઘન એવો સ્વભાવ એમાં લીન એવા અરિહંત અને વિજ્ઞાનઘનમાં લીન એવા ગણધર અને વિજ્ઞાનઘનમાં લીન એવા પરંપરા આચાર્યો અને એ અમારા ગુરુ. આ ગુરુ એને કહીએ. આહા..હા..! નિર્ગ્રંથ ગુરુ જેને આનંદઘનમાં જેની લીનતા છે. આહા..હા..! ત્યાં એમ નથી કહ્યું કે પંચમહાવ્રતના પાળનાર છે અને નગ્ન છે માટે અમારા ગુરુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરિહંત ભગવાન વિજ્ઞાનઘનમાં લીન એનાથી પરંપરા ચાલી આવેલા બધા આચાર્યો. એ બધા વિજ્ઞાનઘન, ભગવાન વિજ્ઞાનઘન એમાં લીન હતા. અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં લીન હતા. ભલે પાંચમા આરાના અમારા ગુરુ છે અને અમે પાંચમા આરામાં છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથે આરે થયેલા કેવળી અને પાંચમા આરા સુધીમાં આવેલા અમારા ગુરુ, બધા એક જાતના છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન એવા અમારા ગુરુ અને પરંપરાએ આવેલા બીજા શાસ્ત્રોના ધરનારા. એક પછી એક પરંપરા એની .. પરંપરા ચાલી આવી છે. આહા..હા..! અને મારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં લીન હતા એ ગુરુએ અમને કહ્યું છે આ. આવે છેને આમાં? શુદ્ધાત્માનો ઉપદેશ અમને આવા ગુરુએ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ મારા નિજવૈભવથી હું કહીશ. આહા..હા..! આ આચાર્ય અહીં મુનિરાજે એમ કહ્યું કે મારા આત્માની શુદ્ધિને માટે અને ભવ્ય જીવના મોક્ષને માટે આ કહીશ. આહા..હા..!

નીચે હરિગીત.

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને;**
**કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.**

કેટલાક એમ કહે છે, ભાઈ શ્રુતકેવળી કહ્યા છે. એમાં ક્યાં કેવળી અને શ્રુતકેવળી કહ્યા? એવી ટીકા કરે માળા. અમૃતચંદ્રાચાર્યમાં આવે છેને બેય? '**श्रुतकेवलीभणिदं**' આમાં. ત્યાં એમ કે શ્રુતકેવળીએ, શ્રુતકેવળીએ કર્યું છે એમાં કેવળીએ કર્યું ક્યાં આવ્યું? પણ આ ટીકા અમૃતચંદ્રાચાર્ય પોતે કરે છે અને નહિતર આ કુંદકુંદાચાર્ય પોતે અહીં કહે છે. પોતાને વાત ન બેસે એટલે કોને ફેરવું છું એની ખબર ન પડે. આહા..હા..! એ અખંડ માર્ગ ફર્યા ન ફરે, ભાઈ! એ માર્ગ છે તે છે. આહા..હા..! કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું હું કહીશ. આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે જે નિયમસારનો ભાવ હું કહીશ તે કેવળી, શ્રુતકેવળીએ કહેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલા કહે છેને નાથુલાલ. નાથુલાલ પ્રેમી... કે સમયસારને કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. ભાઈ! એમ નથી. આ ક્યાંથી કાઢ્યું તે? આ તો કેવળી અને શ્રુતકેવળીએ કહેલી વાત છે. સમજાણું કાંઈ? પણ ઓલો વ્યવહાર અભૂતાર્થ આવેને ત્યાં પર્યાય અસત્યાર્થ હાય... હાય.. આ વાત! પણ કઈ અપેક્ષાએ કહ્યું ત્યાં? મુખ્યને સત્ય કહીને (પર્યાયને) ગૌણ રાખીને અસત્ કહ્યું છે. એમાં વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે એ વાત ત્રણકાળમાં સાચી નથી. કેવળી અને શ્રુતકેવળીએ કહ્યું એ એના ઢાળામાં ઢાળ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અન્વયાર્થ :–**' અન્વયાર્થ છેને હવે તો આ. '**अनन्तवरज्ञानदर्शनस्वभावं**' '**અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે...**' આહા..હા..! '**એવા (–કેવળજ્ઞાની અને કેવળદર્શની) જિન વીરને નમીને...**' પોતે ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! અનંત અને ઉત્કૃષ્ટ જેને જ્ઞાન, અનંત જ્ઞાન અને અનંત દર્શન પૂર્ણ જેને હતું. આહા..હા..! જેની પર્યાયમાં હોં, દ્રવ્યમાં તો પૂર્ણ છે અનાદિનું બધાને. જેની પર્યાયમાં અનંત જ્ઞાન અને ઉત્કૃષ્ટ જ્ઞાન, દર્શન જેનો સ્વભાવ એવા કેવળજ્ઞાની, કેવળદર્શની. આહા..હા..! અને જિન અને વીર. આહા..હા..! એવા જિન અને એવા વીર. એને નમીને. '**केवलिश्रुतकेवलिभणितम्**' '**કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું...**' '**भणि**' છેને '**भणितम्**'? '**નિયમસાર હું કહીશ.**' આહા..હા..! લ્યો કેવળી અને શ્રુતકેવળીએ કહેલું કહીશ. સમયસારમાં પણ એમ જ કહ્યું ટીકાકારે, આ '**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं**' કેવળીઓ અને શ્રુતકેવળીઓએ આ સમયસાર કહ્યું છે તે હું તમને કહીશ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :– અહીં...**' '**जिनं नत्वा**' '**એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.**' ત્યાં '**अथ**' શબ્દ કરીને મંગળિક કર્યું છે. એમ લીધું હતુંને પહેલી ગાથા. '**अथ**' શરૂ થાય છે આત્માનો સાધક સ્વભાવ. આહા..હા..! અનંતકાળમાં નહિ થયેલો ભગવાન આનંદનો સ્વભાવ પ્રગટ થયો છે હવે. સાધક થઈ ગયો. એમ કહીને મંગળિક કર્યું. '**अथ**'

શબ્દનો અર્થ મંગળિક કર્યું અને અહીં '**जिनं नत्वा**' વીતરાગ પરમાત્મા જેની દશા પૂર્ણ વીતરાગ અને કેવળ થઈ ગયું છે. આહા..હા..! '**એ ગાથાથી શાસ્ત્રના આદિમાં...**' છેને? '**णमिऊण जिणं**' '**णमिऊण जिणं**' છેને? પહેલું પદ જ તે. એ '**जिनं नत्वा**' '**એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.**' આહા..હા..! '**णमिऊण जिणं**' પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ કેવળ જ્ઞાનદર્શન જેને પ્રગટ થયું એવા જિનને હું નમું છું. આહા..હા..! એમ કરીને અસાધારણ મંગળિક કર્યું. '**नत्वा**' '**ઇત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :**' '**णमिऊण**' છેને? '**णमिऊण**'નો અર્થ '**नत्वा**' સંસ્કૃત કર્યુંને. એક-એક શબ્દનો અહીં અર્થ કરવામાં આવે છે.

'**અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિને જે જીતે તે જિન છે.**' આહા..હા..! જિન કોઈ સંપ્રદાય નથી. જણે મોહ અને રાગ-દ્વેષ સમસ્ત જે અનંત જન્મરણના અટવીનું કારણ. આહા..હા..! '**અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિને જે જીતે છે...**' તેને જિન કહેવામાં આવે છે. આહા..હા..! કોઈપણ આત્મા મોહ અને રાગ-દ્વેષાદિને જીતે એ જિન છે. તો જીતે એટલે પર્યાય સિદ્ધ કરી, પર્યાયનો વ્યય સિદ્ધ કર્યો, એને જીતતા ઉત્પન્ન થયેલી પર્યાયનો ઉત્પાદ સિદ્ધ કર્યો અને ઈ આવી ત્યાંથી ધ્રુવને સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વીર એટલે...**' પરાક્રમી. '**વિક્રાંત (-પરાક્રમી); વીરતા ફોરવે,...**' પૂર્ણ જ્ઞાન, આનંદમાં વીરતા જેણે ફોરવી, '**શૌર્ય ફોરવે,...**' શૌર્ય-સૂરતા. આહા..હા..! એવું પરાક્રમ ફોરવે. આહા..હા..! પોતાના અનંતગુણની પર્યાય પ્રગટ કરવા જાણે પરાક્રમ ફોરવ્યું. આહા..હા..! વીરને પહેરે તે વીર્ય એમ આવે છેને. વિરતી તે વીરને પ્રેરે તે વીર. આત્માના પુરુષાર્થને પર્યાયમાં પ્રેરે એ વીર. બીજાને મારે અને હણે એ વીર નહિ. આહા..હા..! મોહ અને રાગ-દ્વેષ મિથ્યાભ્રમ અને રાગ-દ્વેષને જેઓ જીતે અને તેમાં વીર એટલે પરાક્રમથી. આહા..હા..! એવા '**કર્મશત્રુઓ પર વિજય મેળવે, તે 'વીર' છે.**' આહા..હા..! છે? જિન અને વીરની વ્યાખ્યા કરી. '**नत्वा**' એ પછી કહેશે. આને નમીએ એમ. જિન અને વીર આને કહીએ. આહા..હા..! એ પૂર્ણ વીતરાગસ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરપે બિરાજમાન એનો આશ્રય લઈને જેણે મોહ-રાગ-દ્વેષ જીત્યા અને એના સ્થાનમાં અમોહદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી અને એનું પૂર્ણ ફળ પ્રગટ કર્યું એને અહીંયાં જિન અને વીર કહેવામાં આવે છે. એ જિન અને વીર કોઈ પક્ષનો શબ્દ નથી. સમજાણું કાંઈ? એના પુરુષાર્થની દશા ફોરવીને જેણે મિથ્યા અને રાગ-દ્વેષને જીત્યા એ આત્માને જિન કહેવામાં આવે છે. એને હું વંદન કરીશ. એમ વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧, શુક્રવાર, તા. ૦૨-૦૧-૧૯૭૬
## ગાથા-૧-૨, કળશ-૮-૯, પ્રવચન નં. ૧૪૧

રામજીભાઈ .. વાત કરી. મ્લેચ્છ ઠરાવ્યા છે. અરે! પ્રભુ! શું થયું આ? આપણે તો સાંભળતા .. પહેલો કાગળ કોઈએ અહીંથી લખ્યો હશે. રાજકોટ નાખે છે. અહીંથી લખ્યો અને કોઈ રાજકોટ નાખ્યો છે. આવું જિંદગીમાં પહેલું નામ સાંભળ્યું રામજીભાઈ માટે. આહા..હા..! તમે આ અનાર્ય કામ કર્યું છે. મલેચ્છનો દિગંબર ધર્મ તમે દિગંબર ધર્મ મ્લેચ્છ અંગીકાર કર્યો છે. એવું બધું લખ્યું છે. આ નિર્મળને તમે અહીં .. સાત બોલ લખ્યા છે. વાંચ્યું નહિ હોય. સાંભળ્યો જાય નહિ એવો કાગળ છે. અરેરે! આ શું થયું? આવા સાંભળનારમાં થયું આ. અરેરે! નવનીતભાઈ! આ શું થયું આવું? રામજીભાઈને આ પહેલું છે આખી જિંદગીમાં. ..અહીંનો લખેલો છે. નિર્મળ.. એણે લખેલું છે. રાજકોટથી નાખ્યું લાગે છે. આહા..હા..! સાત બોલ નાખ્યા છે. અને અહીંથી તમે એને ધકેલ્યો. પ્રતિજ્ઞા ભંગ કરાવી. તમે આને પ્રતિજ્ઞા ભંગ કરાવી. ત્યાં મૂક્યું છે, પ્રતિજ્ઞા ભંગ કરાવી. અરે! ભગવાન! આવું આ! અરર! આવી સ્થિતિમાં આ શું છે આ? આહા..હા..! લખનાર મારા હિસાબમાં તો ધર્મને સાંભળવા પાત્ર નથી. લખ્યું છે અંદર એવું 'આત્મ જિજ્ઞાસુ.' ભાઈ-ભાઈનું નામ આપ્યું છે. છે બાપુ. આવું છે. ભગવાનજીભાઈ! આહા..હા..! ગજબ લખનાર કલમ આકરું ભાઈ! 'તમે ક્યાં જશો? તમારા પરિણામ કેવા છે? તમે ક્યાં જશો?' અરે! ભગવાન! બાપુ! તને ખબર નથી, ભાઈ! અરેરે! બહુ આકરું કામ! અરે! અરે! આવી બાયુંમાંથી આવું નીકળે! એ નિર્મળ આગ્રહી બાયુમાંથી છે. આહા..હા..! ગજબ કાગળ છે. રાતે વાંચજો.

બહેન! એક કાગળ આવ્યો છે રામજીભાઈ ઉપર. અરરર! સાંભળતા મને તો અંદરથી. શેઠ! આવું થયું. નિર્મળને નામે સંસ્થાને ઘણું કલંક લગાડ્યું છે. આહા..હા..! એને સૂઝ પડતી નથી એવું લખાણ છે. બહુ આકરું. અરે! આટલા વર્ષથી આ સાંભળે અને એટલી પ્રકૃતિ પણ બદલે નહિ? આહા..હા..! અરે! અહીંયાં કેવો માર્ગ ચાલે છે, બાપા! શું છે? ભાઈ! આહા..હા..! રામજીભાઈ તો અત્યારે સંસ્થાના ઓલા છે ભાઈ અધ્યક્ષ છે. મુખ્ય વસ્તુ બાપુ શું કહીએ હવે એને. એની માથે આવું પડે આ નિર્મળના આગ્રહી બાયુમાંથી છે. ખ્યાલ તો આવ્યો હશે કોણ છે, પણ હવે નામ ન અપાય. આહા..હા..! આંખમાંથી આંસુ ઝરે એવું લખાણ છે. આગ્રહ જ્યાં કલ્પાઈ ગયો છે ત્યાં શું ન કરે માણસ? આહા..હા..! અને .. મને એમાં નાખો તો નાખી શકાય કે અમે .. હઠાગ્રહી માણસ છું. એ લખનાર કહે છે કે મુનિદશા જેવો અલ્પભવી, સરળસ્વભાવી, મહાત્મા એને માટે આ કેમ લખ્યું છે?

આહા..હા..! હું તો હવે પહેલેથી .. પહેલેથી હઠાગ્રહી માણસ છું. મેં એને કોઈ દિ' ધર્મી માન્યો જ નથી. વાંચીને, શીખીને નહિતર આવો આગ્રહ હોઈ શકે નહિ. વ્યવહારસમકિતીને આવો આગ્રહ હોય નહિ. અનશન... ઘડીકમાં અનશન... ઘડીકમાં અનશન. આહા..હા..! અને એના વિરોધીઓને અહીંથી કાઢી નાખવા જોઈએ, સંસ્થામાં રાખવા ન જોઈએ. એવું બધું લખ્યું બહુ. અરરર! આવું તે લખાણ! ભાઈ! આવું ન હોય, બાપા! જેણે (લખ્યું) હોય એણે માફી માગવી જોઈએ. માફી માગવો જોઈએ. એય..! નવનીતભાઈ! પણ માફી કેમ માગે? જેને મુનિદશા જેવા લાગે એને અહીંથી કાઢ્યા. મુનિદશા જેવા અલ્પભવિ મહાત્મા, સરળ સ્વભાવી એવા વિશેષણ આપ્યા છે. આહા..હા..! અરેરે! પ્રભુ! ૬૩ વર્ષમાં શું થયું આ? આવું તો કોઈ દિ' ભાઈ સાંભળ્યું નહોતું આપણે.

ખરેખર તો મારા ઉપર એનો આક્ષેપ છે કે કોઈ કહે કે હઠ છે એ નહિ. ભાઈઓ કહે છે એ માયલા. એ તો બહેન કહે એ જ થયુંને નિર્મળાબહેન. એને હઠથી કીધું હતું. ના.. એવા શબ્દ નાખ્યા. એ તો કોઈ સાધારણ પ્રાણી પણ અહીંથી પ્રતિજ્ઞા તોડાવી. રામજીભાઈએ તોડાવી. અહીંથી કોઈ બ્રહ્મચર્ય પાળે અને તોડે તો કેટલું તમે કરો અને આ તમે અનશનની પ્રતિજ્ઞા તોડાવી. કઈ રીતે?

**શ્રોતા :-** મેં એને પકડાવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને પકડાવ્યા તમે એવું લખ્યું છે. આહા..હા..! અરેરે! શું છે આ? આહા..હા..! બહેનની હાજરીમાં બહેનોમાં આવું થાય! આહા..હા..! ગજબ કહેવાય! એ ડાહ્યાભાઈ! એવી સ્થિતિ! અરેરે! આવો પંચમકાળ! અરેરે! ક્યાં અવતર્યા, ક્યાં આવ્યા? અરે! શું થાય? એ જે પહેલો કાગળ હતો રાજકોટનો. લખેલો અહીંનો છે. રાજકોટથી નાખે. આ પણ લખેલો અહીંનો રાજકોટ નખાવ્યો છે. એટલી તો માયાકપટ કર્યું છે. જાણે ક્યાંકથી. આત્મજિજ્ઞાસુ ભાઈઓ. છે બાયુનો. ભાઈઓનો નથી. આહા..હા..! કહો, શેઠ! આ બધું આવું થયું.

**શ્રોતા :-** હજી કોઈ સમાચાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમાચાર નથી. નથી આવ્યું. લાઈન મળી ગઈ. આહા..હા..! ભાઈએ કહ્યું હતું રામજીભાઈએ કે એને કહો. શું છે ત્યાં? ઓહો..! એવું છે, ભાઈ! કાગળ તો વાંચ્યો જાય એવો નથી. અનાર્ય છો તમે. રામજીભાઈને. અનાર્ય કામ કર્યા છે. મલેચ્છ છો તમે. દિગંબર મલેચ્છ છો તમે. કરૂણા ક્યાં ગઈ તમારી? સમકિતીને કરૂણા હોય, એને વાત્સલ્ય હોય. આવા સાધર્મીઓને તમે ધકેલ્યા. એ પણ સાધુને કોઈ જતા નહોતા એને મોકલ્યા? કણબી ને એવા મોકલ્યા ધકેલ્યા. એવું લખ્યું છે. અહીં કાંઈ ખાનગી છે નહિ અમારે તો, બાપુ! કોઈ વાત અહીં ખાનગી છે નહિ. અહીં તો જે હોય તે. એવું છે. આહા..હા..! સંસાર તો એવો છે, ભાઈ! આહા..હા..!

૬૩ વર્ષનો અભ્યાસ છે એ માણસને પરખતા નહિ આવડતો હોય? અને આ બધા પરખવામાં હુશિયાર થઈ ગયા બાયુ? આહા..હા..! એ વાંચ્યો ત્યારથી આ કીધા વિના કીધું ભાઈ વ્યાખ્યાન નહિ ચાલી શકે. આહા..હા..! ઓહો..હો..!

**શ્રોતા :-** તો લખનારાએ નનામો કાગળ કેમ લખ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નનામા એ બધા. માયાચારી. ઓલો પણ નનામી. આ નનામી કાગળ અમારા ઉપર નાખે. શું ત્યાં કરવા બેઠા છે? આહા..હા..!

**શ્રોતા :-** પોતાનું નામ આપવાની હિંમત ન થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! ઓહો..હો..! શું થયું આ? અહીં ૪૭ વર્ષ તો અહીં થવા આવ્યા. આહા..હા..! ઓલો બે-ત્રણવાર આવ્યોને એમાં રાગી થઈ ગયા. ... વાંચેલું એટલે લોકોને. બહેન જેવા તો બોલે થોડું. વાંચે કાંઈ નહિ.

પહેલી ગાથા. નિયમસાર. ફરીને. 'नत्वा' '**ઈત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :**' પદ્મપ્રભમલધારિદેવ સંત, મુનિ, વીતરાગી સંત હતા. આહા..હા..! એ આ એક-એક ગાથામાં શબ્દનો અર્થ કરે છે. 'नत्वा' '**ઈત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :**' '**અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે જીતે તે 'જિન' છે.**' 'આવાને હું વંદન કરું છું' એમ કહેવું છે. હું ઓળખીને વંદન કરું છું. એ કોણ હતા? કેવા હતા? એ બધું મને ખ્યાલમાં છે એમ કહ્યું. આહા..હા..! પદ્મપ્રભમલદારિદેવ વનવાસી સંત છે. ... '**અનેક જન્મરૂપી અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે...**' સમસ્ત મોહરાગદ્વેષાદિને જે જીતે છે. '**તે જિન છે.**' એ મહાવીર 'જિન' છે એમ કહે છે.

'**વીર એટલે વિક્રાંત (-પરાક્રમી); વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ (પરાક્રમ) ફોરવે, કર્મશત્રુઓ પર વિજય મેળવે,...**' એ વીરની વ્યાખ્યા છે. આહા..હા..! '**તે 'વીર' છે. એવા વીરને...**' એક નામ ઈ આવ્યું. પાંચ નામ છેને? એક નામ ઈ આવ્યું. '**કે જે શ્રી વર્ધમાન,...**' છે એનું નામ. વીર છે એનું વર્ધમાન નામ છે. વીર છે એ તો ગુણસંપન્ન નામ થયું. પછી વીર છે એ પણ ગુણસંપન્ન છે. એ વર્ધમાન નામ છે એનું. આહા..હા..! '**શ્રી સન્મતિનાથ,...**' સતમતિના નાથ છે એ. આહા..હા..! '**શ્રી અતિવીર...**' છે. '**અને શ્રી મહાવીર એ નામોથી યુક્ત છે,...**' પાંચ નામ થયા. જિન એ તો વસ્તુ પહેલી કીધી. કેવા એના છે? કે વીર છે, વર્ધમાન છે, સન્મતિનાથ, અતિવીર અને મહાવીર '**જે પરમેશ્વર છે,...**' સમજાણું કાંઈ? પરમ ઈશ્વર છે મહાવીર પરમાત્મા. એ ઈશ્વર કર્તા છે જગતનો કોઈ એ નહિ. આ તો પોતાની પરમ ઈશ્વરતા જેણે પ્રગટ કરી છે માટે એ પરમેશ્વર છે. આહા..હા..!

'**મહાદેવાધિદેવ છે,...**' મહાદેવાધિદેવ છે. દેવના દેવ છે. આહા..હા..! છેલ્લા તીર્થંકરનાથ

છે. આ બધા મહાવીર ભગવાનના વિશેષણ આપ્યું. છેલ્લા તીર્થનાથ છે. તીર્થના નાથ છે. આ શાસન ભગવાનનું ચાલે છે. આહા..હા..! '**જે ત્રણ ભુવનના સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને...**' ત્રણ ભુવન. ઊર્ધ્વ, મધ્ય, અધો એવા '**ત્રણ ભુવનના સચરાચર...**' સ્થિર અને ગતિ પામતા. '**દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવા-દેખવામાં સમર્થ...**' એક સમયે જાણવા-દેખવામાં સમર્થ. આહા..હા..! '**એવા સકળવિમળ (-સર્વથા નિર્મળ)...**' સકળ એટલે સર્વથા. સકળવિમળ-સકળવિમળ. '**ત્રણ ભુવનના સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવા-દેખવામાં સમર્થ એવા સકળવિમળ કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે...**' આહા..હા..! એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનથી તે સંયુક્ત છે. '**તેને—પ્રણમીને કહું છું.**' આ છેને ઈ? '**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं।**' થયુંને એટલું? પહેલા સબ્દનો અર્થ થઈ ગયો. '**णमिऊण जिणं वीरं**' પછી બીજા નામ આપ્યા. '**अणंतवरणाणदंसणसहावं**'

હવે કહે છે કે '**वोच्छामि णियमसारं**' '**શું કહું છું? 'નિયમસાર' કહું છું. 'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.**' નિયમ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને નિયમ કહેવામાં આવે છે. '**'નિયમસાર' ('નિયમનો સાર') એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' શુદ્ધરત્નત્રય. આહા..હા..! જોયું? વ્યવહારરત્નત્રયની નહિ વાત. વ્યવહારરત્નત્રય અશુદ્ધરત્નત્રય છે. અશુદ્ધરત્નત્રય કહો કે વ્યવહારરત્નત્રય કહો. આહા..હા..! આમાં તો '**શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર છે પર્યાય, પણ તે નિશ્ચય છે અને શુદ્ધ છે. એનું સ્વરૂપ કહ્યું છે. વ્યવહારનો પરિહાર પછી આવશે બીજી ગાથામાં.

'**કેવું છે તે? કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે.**' આહા..હા..! આ નિયમસાર કેવળીઓએ. પાઠમાં છેને. '**केवलिसुदकेवलीभणिदं**' '**કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. 'કેવળીઓ' તે સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા...**' સકળપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા. '**અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા;...**' આહા..હા..! '**એવા કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું, સકળ ભવ્યસમૂહને હિતકર,...**' આહા..હા..! સર્વ ભવ્યજીવને, સકળ ભવ્યજીવને હિતકર. નિયમસાર સકળ જીવને હિતકર, ભવ્યજીવને હિતકર. આહા..હા..! '**'નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું. આમ, વિશિષ્ટ ઈષ્ટદેવતાના સ્તવન પછી,...**' આમ ખાસ, પ્રિય ઈષ્ટદેવતાના સ્તવન પછી '**સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.**' પ્રતિજ્ઞા કરીને '**वोच्छामि**' હું કહીશ. હું કહીશ. આહા..હા..!

'**—આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય કહેવામાં આવ્યું.**' '**(હવે પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)**'

(मालिनी)

जयति जगति वीरः शुद्धभावास्तमारः
त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः।
नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः
समवसृतिनिवासः केवलश्रीनिवासः।।८।।

લ્યો ઠીક! સમવસરણમાં બિરાજે છે એની વાત કરી. ભગવાન તો અત્યારે મોક્ષ પધારેલા છે. આહા..હા..! અમે તમને ભગવાન બિરાજે છે એમ સાંભળીને કહેશું લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તો મોક્ષ પધાર્યા છે આ લખવા વખતે.

**શ્રોતા :–** શાસ્ત્ર તો એનું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શાસ્ત્ર ઈ સમયસાર ભગવાન બિરાજે છે એ રીતે અમે કહીએ છીએ એમ કહે છે. .. ઈ છે. પછી આવશે. હમણા આવશે આમાં. સમવસરણમાં જેનો નિવાસ છે. કળશમાં છે. કળશમાં જ છે. આમાં ઈ જ છે. ત્યાંથી નાખ્યું છેને. આહા..હા..! '**समवसृतिनिवासः**' આહા..હા..! '**केवलश्रीनिवासः**' આહા..હા..! જાણે કે ભગવાન મહાવીર સમવસરણમાં બિરાજતા હોય અને એમણે કહ્યું હોય એ પ્રમાણે હું કહું છું, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** વર્તમાનમાં કહી રહ્યા છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહી રહ્યા છે એ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શ્લોકાર્થ :– શુદ્ધભાવ વડે મારનો (કામનો) જેણે નાશ કર્યો છે,...**' પાછો એણે સંસારનો નાશ કેમ કર્યો? શુદ્ધભાવ વડે જેણે સંસારનો નાશ કર્યો. આહા..હા..! તદ્દન શુદ્ધોપયોગ પરિણમન કરતા જેને કર્મનો નાશ થયો છે જેને. આહા..હા..! એથી શુભભાવથી કર્મનો નાશ થાય એમ બને નહિ, એમ કહે છે. '**શુદ્ધભાવ વડે માર...**' નામ '**કામદેવ...**' અથવા માર નામ '**હિંસા...**' અથવા માર નામ '**મરણ.**' આહા..હા..! '**મારનો જેણે નાશ કર્યો છે, ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...**' કાંઈ બધા પૂજ્ય છે? એને બધાય માનતા હશે?

**શ્રોતા :–** ડાહ્યા માણસો માને એને બધાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એ આવી ગયા. મોટા પુરુષો માને એમાં બધા આવી ગયા. આહા..હા..! નિહતર ત્રણ ભુવનના .. ત્રણ ભુવનમાં બધા એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, મિથ્યાદૃષ્ટિ ઘણાય છે. પણ મુખ્ય પુરુષો જે પુજે માટે ત્રણ ભુવનના પૂજ્ય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...**' ત્રણ ભુવનમાં તો અભવિ અને મિથ્યાદૃષ્ટિ પણ ઘણા પડ્યા છે. એ કાંઈ ગણાય નહિ કહે છે. આહા..હા..! જે ગણતરીવાળા ગણવામાં

આવ્યા હોય છે એવા પુરુષો તેને પૂજે છે એટલે ત્રણ ભુવનને પૂજ્ય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! '**પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...**' આહા..હા..! '**પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...**' રાજ એનું એ રાજ છે. આહા..હા..! એક સમયમાં પૂર્ણ જ્ઞાન. અરે! ભાઈ! એ એનું રાજ્ય નામ એ એની શોભા છે. રાજ્યતિ ઈતિ શોભતિ ઈતિ શોભા. એ એનું રાજ્ય છે. આહા..હા..! '**દેવોના સમાજ જેને નમે છે,...**' પહેલી ગુણની વાત કરી. શુદ્ધભાવ વડે કામનો નાશ કર્યો. એક વાત. '**ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...**' એ પર વ્યવહારની વાત કરી. ત્રીજી '**પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...**' એ નિશ્ચયની અંદરની વાત કરી. ચોથું. '**દેવોના સમાજ જેને નમે છે,...**' એ બહારથી વાત કરી. એક ગુણ અને એક પુણ્ય, એક ગુણ અને એક પુણ્ય. આહા..હા..!

'**દેવોના સમાજ જેને નમે છે,...**' પાછો એક ગુણ. '**જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે,...**' આહા..હા..! જન્મરૂપી વૃક્ષનું એ ગુણનું લીધું. હવે પુણ્યનું લે છે. '**સમવસરણમાં જેનો નિવાસ છે...**' કહો, અત્યારે ભગવાન ક્યાં છે? અમારે તો ભગવાન બિરાજે છે સમસવસરણમાં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોગસ્સમાં તીર્થંકરની સ્તુતિ છે એ તો નામ એ તો અત્યારે તો સિદ્ધ થઈ ગયા છે. લોગસ્સમાં આવે છેને? લોગસ્સ ઉવજોયગરે... એ તો સિદ્ધ થઈ ગયા છે, પણ એ સિદ્ધ વર્તમાન તીર્થંકર છે એની અમે સ્તુતિ કરીએ છીએ એ રીતે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સમવસરણમાં જેનો નિવાસ છે...**' આ ક્યાં રહે છે એમ કહે છેને કોઈ માણસ? ક્યાં રહે છે? કે '**સમવસરણમાં જેનો નિવાસ છે...**' ઉપર સિદ્ધમાં છે અત્યારે એની વાત નથી. આહા..હા..!

'**અને કેવળશ્રી જેનામાં વસે છે,...**' એ ગુણ લીધો પાછો. '**કેવળશ્રી (-કેવળદર્શનજ્ઞાનરૂપી લક્ષ્મી)...**' આહા..હા..! કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી જેને લક્ષ્મી જેનામાં વસે છે. પોતે સમવસરણમાં વસે છે એ વ્યવહાર, પણ એનામાં કેવળજ્ઞાનદર્શન વસે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એક સંયોગની વાત કરી, એક ગુણની વાત કરી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ક્ષેત્રમાં આમ વસે છે અહીં સમવસરણમાં. એમાં કેવળજ્ઞાનદર્શન વસે છે અંદર. આહા..હા..!

'**તે વીર જગતમાં જયવંત વર્તે છે.**' જોયું! એ .. એ તો આવા સમસવરણમાં નિવાસ છે એ વીર જગતમાં જયવંત વર્તે છે. આહા..હા..! '**તે વીર જગતમાં જયવંત વર્તે છે.**' આહા..હા..! એ સમવસરણમાં બિરાજે છે જગતમાં વસે છે. એને હું નમું છું અને એનું કહેલું હું કહું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીર પરમાત્મા જિનેન્દ્રદેવ, ભાઈ! એ કોણ છે વીર? એમ તો બધા કહે નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ શું અરિહંત પદ છે? આહા..હા..! જેના નિજપદમાં અનંતી શક્તિનો સંગ્રહ છે. સામ્રાજ્ય

છે. આહા..હા..! એમાથી એક નીકળેલી, કાઢેલી અનંત જ્ઞાનદર્શનની પરિણતિ આહા..હા..! એક સમયની. એ પૂર્ણ જ્ઞાનદર્શનની લક્ષ્મી જેમાં વસે છે. પર્યાયની વાત છે હોં આ પર્યાયની વાત. ગુણની તો વાત શું કરવી?

પ્રવચનસારમાં તો ત્યાં સુધી કહ્યું કે જેનું નામ પણ... આહા..હા..! એનું નામ લેતા એનો ભાવ યાદ આવે છે એમ કહે. સમજાણું? મહાવીર, મહાવીર ભાવ જે છે એ યાદ આવે છે. એથી એનું નામ પણ ભલું છે એમ. આહા..હા..! સમજાણું કાંઈ? એ એક ગાથા થઈ. બીજી.

मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं।
मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं।।२।।

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

આ વાત જે કહીએ છીએ એ વાત જેને ન બેસે અને 'નિર્મળ'ની પણ જે કહીએ છીએ. ન બેસે એને અહીંયાં રહેવું નહિ. એય..! કારણ કે હું એને માનતો નથી એ માને છે એટલે વધારે પરીક્ષક થઈ ગયા ઈ. તો એને અહીં સાંભળીને-રહીને શું કામ છે? એવાઓને. એય..! અમે તો ચારેકોરના પડખાં નહિ જોયા હોય? એમ કે તમે એની મોટપ સહન કરી શક્યા નથી એમ કહ્યું રામજીભાઈને. રામજીભાઈને હોં. એની મોટપ સહન કરી શક્યા નથી. પ્રભુ! આ તે શું કહે છે? મિથ્યાત્વની તીવ્ર દશામાં આ બધા શબ્દો લખાણા છે. અનંત ભવે નિવેડો નહિ આવે એવી એ લખાણની શૈલી છે. એની પોતાની હોં. નાખે છે રામજીભાઈ ઉપર. ભાઈ! આવું ન હોય, બાપા! અરે! આવી વાત ન હોય, ભાઈ! આટલી અવળાઈ શું કરવા કરે છો? સમજાણું કાંઈ? આપણને તો એ.. આ વસ્તુ બાપુ એવી છે ચીજ કે એને અંતરમાં પરિણમાવવી અને ગોઠવવી એ વસ્તુ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? આહા..હા..! એના સાંભળનારાને આવું થાય. અરેરે! આ કાળ કેવો?

આચાર્ય મુનિરાજ કહે છે સાક્ષાત્ સમવસરણમાં બિરાજે છે. એ જગતમાં જયવંત વર્તે છે. આહા..હા..! અરે! આહા..હા..! એમનો કહેલો માર્ગ અમને અંતરમાંથી સૂઝ્યો એટલે અમે તો એમ જ કહીએ છીએ કે એ ભગવાન કહી રહ્યા છે તે અમે કહેશું. આહા..હા..! સમજાણું કાંઈ?

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

'**અન્વયાર્થ :- માર્ગ અને માર્ગફળ...**' આહા..હા..! માર્ગ એ મોક્ષનો માર્ગ એ કારણ અને ફળ એ એનું કાર્ય. બેય અમે કહેશું, કહે છે. આહા..હા..! '**માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે;...**' આહા..હા..! આવી વાત સર્વજ્ઞ

વીતરાગ સિવાય ક્યાંય હોતી નથી. જિનવરદેવ ત્રિલોકનાથ. આહા..હા..! એના શાસનમાં... '**समाख्यातम्**' એના શાસનમાં કરવામાં આવ્યું છે. બીજે એ માર્ગ અને માર્ગનું ફળ બીજે ક્યાંય હોય નહિ. આહા..હા..! '**માર્ગ મોક્ષોપાય...**' માર્ગ મોક્ષ-ઉપાય છે. માર્ગ એ મોક્ષનો ઉપાય છે અને તેનું ફળ તે નિર્વાણ છે. આહા..હા..! એમાં લખ્યું છે નિર્વાણ માટે અપવાસ કર્યા છે. હું એમાં નિર્દોષ માટે એમ ભાષા હતી નિર્વાણની.

**શ્રોતા :-** છાપામાં હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યું છે.

'**ટીકા :- આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના છે.**' '**(- તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.**' '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' લ્યો! એ ઉમાસ્વામીનું સૂત્ર લીધું. '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે) એવું (શાસ્ત્ર) વચન હોવાથી, માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' હજી સામાન્ય વ્યાખ્યા છે. '**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...**' શુદ્ધરત્નત્રય જોયું? સમ્યગ્દર્શન એ માર્ગ છે, એનો વિષય છે તે ત્રિકાળ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન છે એ માર્ગ છે, એનો વિષય છે ત્રિકાળ છે. સમ્યગ્જ્ઞાન એ માર્ગ છે, પણ એ સમ્યગ્જ્ઞાનનો આશ્રય ત્રિકાળ છે; અને ચારિત્ર એ પણ સમ્યગ્જ્ઞદર્શન-જ્ઞાનસહિત ત્રિકાળમાં સ્થિરતા છે રમણતા. એ ત્રણ થઈને પર્યાય છે. એને અહીંયાં શુદ્ધરત્નત્રય કહેવામાં આવે છે.

'**અને માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીના વિશાળ ભાલપ્રદેશે...**' સંતો છે, બ્રહ્મચારી છે. એને ક્યાં પડી જગતની? સમજાવવામાં કોઈ ભાષા સહેજે લાગે એ મૂકે. એથી એને સ્ત્રીનો પ્રેમ છે એ વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રી...**' પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી પરિણતિ એના '**વિશાળ ભાલપ્રદેશે...**' આહા..હા..! એની '**શોભા-અલંકારરૂપ તિલકપણું છે...**' આહા..હા..! માર્ગનું ફળ. '**મુક્તિરૂપી...**' પરિણતિરૂપી વિશાળ ભાલપ્રદેશ. આહા..હા..! એમાં '**શોભા-અલંકકારરૂપ તિલકપણું છે (અર્થાત્ માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીને વરવું તે છે).**' આહા..હા..! પૂર્ણાનંદની પરિણતિ અતીન્દ્રિય આનંદ. આહા..હા..! તે એનું થવું છે એમ. પરિણમવું એટલે .. છે.

'**આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ) બે પ્રકારનું, ચતુર્થજ્ઞાનધારી (- મનઃપર્યયજ્ઞાનના ધરનારા) પૂર્વાચાર્યોએ...**' આહા..હા..! ગણધરો આદિ. '**પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં...**' આહા..હા..! '**કથન કર્યું છે.**' '**પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે.**' સમજાણું કાંઈ? હવે '**નિજ પરમાત્મતત્ત્વનાં...**' ભાષા જુઓ. નિજ પરમાત્મતત્ત્વ વસ્તુ. ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી કારણપરમાત્મા, ત્રિકાળી કારણજીવ, કારણનિજપરમાત્મ-એ બધા એના વિશેષણ છે. આહા..હા..! '**નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન...**' શેની શ્રદ્ધા? '**નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન...**' પરમ નિજ

પરમાત્મતત્ત્વ ધ્રુવ. એની સમ્યક્ શ્રદ્ધાની પર્યાય. એનું સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન સાથે લેવું. નિજ પરમતત્ત્વનું સમ્યગ્જ્ઞાન. નિજ પરમાત્મતત્ત્વનું સમ્યગ્જ્ઞાન. આહા..હા..! અને નિજ પરમાત્મતત્ત્વનું '**અનુષ્ઠાનરૂપ...**' આહા..હા..! અંદર રમણતા. અતીન્દ્રિય આનંદમાં રમણતા. આહા..! એ અનુષ્ઠાન છે. એવો '**શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ...**' એવો શુદ્ધરત્નત્રયસ્વરૂપ એવો જે માર્ગ '**પરમનિરપેક્ષ હોવાથી...**' લ્યો! હવે આમાં તો વ્યવહાર હોય તો નિશ્ચય થાય, કષાયની મંદતા હોય તો આ થાય (એ વાત તો રહી નહિ).

**શ્રોતા :-** એ તો સાપેક્ષ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાપેક્ષ થઈ ગયું. કોઈની વાતું નથી ત્યાં. હો, પણ એની અપેક્ષાથી થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમકિતના બે પ્રકાર લીધા છેને નિસર્ગ અને અધિગમ. પણ નિસર્ગ તે પરની અપેક્ષા વિનાનું થાય છે. ફક્ત નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! અહીં તો એ વ્યાખ્યા બધા સમકિતની છે. નિસર્ગ કે અધિગમ બંને '**પરમનિરપેક્ષ હોવાથી...**' સમજાણું કાંઈ?

'**નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' પરની અપેક્ષા નહિ હોવાથી તે મોક્ષનો ઉપાય છે. આહા..હા..! જેમ ૬૨ ગાથામાં કહ્યું કે વિકારની પર્યાય ષટ્કારકપણે પરકારકની અપેક્ષા વિના થાય છે. જુઓ, વિકારમાં પણ એમ લીધું. સમજાણું કાંઈ? વિકાર થાય છે મિથ્યાત્વનો, રાગ-દ્વેષનો એ પણ પરકારકની અપેક્ષા વિનાનો થાય છે. આ તો નિર્મળની વાત છે. ઓલો તો વિકાર થાય એમાં પણ પરની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' એ મોક્ષના ઉપાયનું કારણ હોય તો દ્રવ્ય કારણપરમાત્મા. આ બાજુ. આ બાજુની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' નીચે. '**શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ...**' અનુષ્ઠાન છેને? '**પરની તેમ જ ભેદોની...**' પરની તેમ જ ભેદોની '**લેશ પણ અપેક્ષારહિત હોવાથી...**' આહા..હા..! ગુણગુણીના ભેદની પણ નિશ્ચયરત્નત્રયમાં એને અપેક્ષા નથી. આહા..હા..! કે આ આત્મા ગુણી છે અને પર્યાય એની દશા છે, એ ગુણભેદ છે, એવી જેને અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

'**લેશ પણ અપેક્ષારહિત હોવાથી...**' કોની? '**પરની તેમ જ ભેદોની...**' પોતામાં પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય એવો ભેદ પાડે તો એને, તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એવી અપેક્ષા નથી જેને. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! '**તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ**

**અર્થાત્ મોક્ષ છે.**' લ્યો! આ માર્ગ અને માર્ગનું ફળ બે વર્ણવ્યું. આહા..હા..! એમાં કષાયની મંદતા હોય અને શુભભાવ હોય તો નિશ્ચયરત્નત્રય થાય એમ આવ્યું નહિ આમાં. શાસ્ત્રનું જ્ઞાન હોય તો સમ્યગ્જ્ઞાન થાય, ગુરુ અને દેવ સારા મળે તો સમ્યગ્જ્ઞદર્શન થાય, (એમ નથી). આત્મસિદ્ધિમાં નથી કહ્યું? 'સ્વચ્છંદ મત આગ્રહ ત્યજી વર્તે...' એ તો વ્યવહારની વાતું છે. આવે છેને ભાઈ! 'સ્વચ્છંદ મત આગ્રહ ત્યજી વર્તે સદ્ગુરુ લક્ષ, સમકિત તેને ભાખીએ કારણ ગણી પ્રત્યક્ષ.' એ નિમિત્તની વાત, પણ અહીં તો કહે નિશ્ચય થવામાં પરની અપેક્ષા જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** એ તો બધુંય કહે. આપણે થોડીક્વાર વાત કરી હતી એવા જીવો પણ વર્તી જાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું છે, શું થાય? આહા..હા..! આ શું થયું? ૪૧ તો અહીં પૂરા થવા આવ્યા. આ શું થયું? આહા..હા..! શું થાય? જીવની યોગ્યતા જ જ્યાં એવી હોય ત્યાં. ભગવાનના સમવસરણમાં હોય તો પણ શું કરે? આહા..હા..!

હે ભગવાન! રાગના સત્‌વાળા પ્રભુ તમને નહિ માને! તમને નહિ ઓળખી શકશે! આહા..હા..! આવે છેને. સંમતભદ્ર. અભવિ સત્તા નહિ સમજે પ્રભુ તને! આહા..હા..! જેને રાગની એકતાની તીવ્રતા છે, આહા..હા..! એ આપને વંદન નહિ કરે. કારણ કે એ રાગનું વંદન કરનાર છે. આહા..હા..! વીતરાગભાવને વંદન નહિ કરી શકે. આહા..હા..! ઓહો..હો..!

'**શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ...**' ભાષા જુઓ, મોક્ષ.. ભાષા ન વાપરતા શુદ્ધ રત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ. સ્વ આત્માની પ્રાપ્તિ બસ. આહા..હા..! આત્મા જેવો છે તેવો પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધરત્નત્રયનું ફળ સ્વાત્મોપલબ્ધિ...**' પોતાના આત્માની પ્રાપ્તિ. આહા..હા..! લે. આત્માની પ્રાપ્તિ તો દર્શનમાં થઈ ગઈ છે. આ તો પૂર્ણ પ્રાપ્તિ આત્માની એને પ્રાપ્તિ કહે છે. ઓલું તો દ્રવ્ય છે એનું ભાન થયું, પણ પર્યાયમાં જે પૂર્ણ આત્મા જેવો પૂર્ણ છે એવી પૂર્ણ પર્યાય નથી થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વાત્મોપલબ્ધિ...**' પોતાનો જે આત્મા છે તેની પ્રાપ્તિ એટલે પર્યાયમાં પૂર્ણ આત્માની પ્રાપ્તિ એમ. આમ તો કે નિજશુદ્ધાત્માની પ્રાપ્તિ તો દ્રવ્યદષ્ટિમાં થઈ ગઈ છે.

**શ્રોતા :–** શ્રદ્ધા અપેક્ષાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દષ્ટિમાં... પણ ઈ પર્યાયમાં એની.. જેવો પૂર્ણ છે એવી પૂર્ણ પર્યાય પ્રાપ્ત થાય ત્યારે એ આત્મા પૂર્ણ થયો કહેવાય.

**શ્રોતા :–** આત્મોપલબ્ધિ ત્યારે કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યારે કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**શુદ્ધરત્નત્રયનું ફળ...**' સ્વ આત્માની પ્રાપ્તિ. સ્વ એટલે શુદ્ધ આત્માની પ્રાપ્તિ. સ્વ આત્મા એટલે શુદ્ધ આત્મા, ઉપલબ્ધિ એટલે પ્રાપ્તિ. આહા..હા..!

'(હવે, બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(પૃથ્વી)

क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः
क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः।
क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो
निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः।।९।।

'શ્લોકાર્થ :- **મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...**' આહા..હા..! મનુષ્ય ક્યારેક તો સ્ત્રી પ્રત્યેની રતિથી ઉત્પન્ન થતી કલ્પના જે સુખ એના ઉપર ગતિ કરે છે. આહા..હા..! અજ્ઞાની મૂઢ આમ કરે છે, કહે છે. આહા..હા..! જેમાં સુખ નથી ત્યાં સુખની પ્રીતિ કરે છે. '**અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.**' લક્ષ્મીની રક્ષાની બુદ્ધિ. લક્ષ્મી મળે એટલે રક્ષા કરું. પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા, બરાબર વધારવા, વ્યાજ લેવા, એમ પડ્યા ન રાખવા, ભાગીદાર બનાવવા, પાંચ લાખ તમને આપવા, પાંચ લાખ તમને આપવા. ટકાનું વ્યાજ અને બાર મહિને અડધો ભાગ. એકલો નહોતો પહોંચી શકતો તો એ ભાગીદારમાં કરે. એમ ધનની રક્ષા માટે પડ્યા છે કેટલાક તો. આહા..હા..! '**બુદ્ધિ કરે છે.**' એટલું છે હોં. રક્ષાની બુદ્ધિ કરે છે. રક્ષા કરી શકે છે? આહા..હા..! ઓલો એ સુખ તરફ ગતિ કરે છે, એમ છે. આહા..હા..!

**શ્રોતા :-** .. ક્યાં હતું ત્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં હતું ત્યાં? આમ ગતિ ત્યાં કરે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ. આહા..હા..! એ રતિના સુખમાં ગતિ કરે છે.

'**ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે. જે પંડિત ક્યારેક...**' હવે આ પંડિત. ઓલા મૂર્ખ હતા. આહા..હા..! '**પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને...**' આહા..હા..! જિનવરનો માર્ગ વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ એના માર્ગને પામીને. '**નિજ આત્મામાં રત થાય છે,...**' આહા..હા..! '**નિજ આત્મામાં રત થાય છે,...**' એ માર્ગ છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ. એમાં જિનવરનો માર્ગ પામીને '**નિજ આત્મામાં...**' એટલે જિનવરનો માર્ગ એ એમ કહે છે કે નિજ આત્મામાં રત થવું એ એનો માર્ગ છે. ભગવાને પરમેશ્વરે પણ એ માર્ગ કહ્યો એમ. ત્રિલોકનાથ જિનેશ્વરે પણ કે નિજ આત્મામાં રત થવું એ જિનેશ્વરનો માર્ગ છે, એ આત્માનો માર્ગ અને એ મોક્ષમાર્ગ છે. આહા..હા..! અને તે '**નિજ આત્મામાં રત થાય છે, તે ખરેખર આ મુક્તિને પામે છે.**' લ્યો! સમજાણું?

'**જિનવરના માર્ગને પામીને...**' એટલે જિનવરનો માર્ગ એ છે કે '**નિજ આત્મામાં રત...**' થવું. આહા..હા..! પર આત્મા, પરદ્રવ્યનું લક્ષ છોડવું, વિકલ્પનું લક્ષ છોડવું, પર્યાયનું લક્ષ નિજ આત્મામાં રત થવું. રત થાય પર્યાય પણ નિજ આત્મામાં. આહા..હા..! સમજાણું

કાંઈ? '**નિજ આત્મામાં રત થાય છે, તે...**' આહા..હા..! '**ખરેખર આ મુક્તિને પામે છે.**' ભગવાન આત્માનો ઉગ્ર રીતે આશ્રય કરે છે તે '**મુક્તિને પામે છે.**' આહા..હા..! કહો, ભગવાન એમ કહે છે, મારા પ્રત્યે રતિ છે ત્યાં સુધી તને મુક્તિ નહિ થાય. આહા..હા..! દેવ, અરિહંત, જિનવર એમ કહે છે. માર્ગમાં રીત એ તારું નિજસ્વરૂપ છે તેમાં રત થવું તે માર્ગ છે. આહા..હા..! મારા તરફનું લક્ષ છોડવું એવો જિનવરનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા જીવો મુક્તિને પામે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૨, શનિવાર, તા. ૦૩-૦૧-૧૯૭૬
## ગાથા-૩, પ્રવચન નં. ૧૪૨

બે ગાથા પૂરી થઈ. નિયમસાર, જીવ અધિકાર. ત્રીજી ગાથા.

णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।
विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.

એનો '**અન્વયાર્થ :- નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે...**' આત્માને સુખને માટે નિશ્ચયથી કરવાયોગ્ય હોય તેને નિયમ કહેવામાં આવે છે. સુખને માટે હોં ધર્મને માટે. સંસાર માટે જે આ કરે છે રાગ અને દ્વેષ એ તો પાપ અને દુઃખ છે. સમજાય છે કાંઈ? સંસાર માટે જે આ રળવાનો, ખાવાનો ભોગ વિષયનો, પાંચ-પચાસ પૈસ લાખ પૈસા થાય કરોડ, બે કરોડ, એવો જે ભાવ છે એ તો પાપનો ભાવ દુઃખનો રસ્તો છે.

**શ્રોતા :-** બે મત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ મત નથી. અજ્ઞાનીઓ માને કે સુખનો પંથ માર્ગ છે. પૈસા મળે એ સુખી ધૂળેય નથી. દુઃખીના દાળીયા છે બિચારા. આહા..હા..! ભગવાનજીભાઈ! પૈસા તો ધૂળ, જડ છે માટી. એ આત્માના છે એમ માનવું એ ભ્રમણા અને દુઃખને પંથે જાય છે એ. આહા..હા..! ડાહ્યાભાઈ! તમારા છોકરાને પૈસા થયા છે કહે છે. કહો, સમજાણું કાંઈ? કોકે સાંભળેલું હોય એ કહીએ. પહેલા કહેતા કે છોડી દ્યો તમે નોકરી એમાંથી.. છૂટી ગયો પછી.

**શ્રોતા :-** .. (પૈસા) થયા છે એ વાત બરાબર નથી, હતા જ. એ કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એમ નહિ. આ હતા. હતાની વાત તો થાય છે. એ પ્રશ્ન કાંઈ અહીં નથી.

**શ્રોતા :-** નહિ અત્યારે બધું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; ઈ અહીં પ્રશ્ન નથી. અહીં તો પૈસા છે એમ. થયા છે એનો અર્થ છે. એ કાંઈ કાળાબજારથી એ પ્રશ્ન છે નહિ. આ તો તમને કહેતા હતા કે તમે છોડી દ્યો નોકરી. એવું સાંભળ્યું હતુંને. આજીવિકા છે એમ કહે. તમે હવે રહેવા દો. પછી .. છૂટી ગયા એમ. ધૂળમાંય નથી કાંઈ. એ બધા કરોડપતિ, પચ્ચીસ કરોડ, પચાસ કરોડને. બધા દુઃખી છે બિચારા. ભીખારા છે ભીખારા. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આત્માના અંતર અહીં કહેશે જે આ નિયમ મોક્ષનો માર્ગ છે એનું કારણ ભગવાન આત્મા નિયમરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતરમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિની લક્ષ્મી આત્મામાં પડી છે, એને અહીં નિયમ કહેશે. આ મોક્ષમાર્ગ એ પર્યાય છે. સમજાણું કાંઈ? પણ પર્યાયનું ઉત્પત્તિનું કારણ છે એ ત્રિકાળ લક્ષ્મી આત્મામાં પડી છે. આહા..હા..! અરે! એને ખબર ક્યાં બિચારાને! બહારમાં ધૂળમાં આ ભોગમાં, વિષયમાં, સુખ માનીને ભ્રમણા કરીને દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજાણું કહેવાય ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાણું ક્યારે કહવાય? સમજે અંદર આત્માને તો. તો સમજાય એને. આત્મા આનંદસ્વરૂપમાં એ મોક્ષનો જે માર્ગ છે એ પર્યાય છે, કાર્ય છે, પણ એનું કારણ ત્રિકાળી આત્મા તે નિયમ છે અને તે કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! દુનિયાથી જુદી જાત છે. આહા..હા..!

કહે છે, જે નિયમથી કર્તવ્ય એવા રત્નત્રય તે નિયમ છે. ઓલા નામ આપ્યા છેને. એમાં જ્ઞાન પહેલું આપ્યું છે. બીજામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ આપે છે. આમાં પહેલું જ્ઞાન, દર્શન અને ચારિત્ર આવ્યું. પછી આમાં ટૂંકું કરવા માટે રત્નત્રય કર્યું છે નીચે ગુજરાતીમાં. '**વિપરીતના પરિહાર અર્થે સાર પદ યોજેલ છે.**' આ નિયમ એટલે નિયમથી જે કરવાયોગ્ય જ્ઞાન, દર્શન અને ચારિત્ર. છે? નિશ્ચયથી આત્માને શાંતિ અને સુખને માટે કરવા જેવું હોય તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા સિવાય શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર એનું તો આત્મા કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી, માને ભલે મૂઢ થઈને. સમજાણું કાંઈ? પણ એ આત્માની સત્તાના દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય પરના કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા કાંઈ કરી શકે નહિ. એક વાત.

અજ્ઞાનભાવે એ મિથ્યાત્વ ભ્રાંતિ અને રાગ-દ્વેષને કરે. એ કાંઈ નિશ્ચય કરવાલાયક છે એ કર્તવ્ય એમ નથી. એ તો દુઃખને માટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભ્રમણા કે પરમાં

સુખ છે, પુણ્યની ક્રિયા કરતા ધર્મ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થાય. એવો જે મિથ્યાત્વભાવ એ દુઃખનો પંથ છે. સમજાણું કાંઈ? એ કાંઈ કર્તવ્ય, સત્યનું આત્માનું કર્તવ્ય નથી, એ તો અજ્ઞાનભાવનું કર્તવ્ય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આ! ત્યારે નિયમથી જે કરવાલાયક છે તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એના **'વિપરીતના પરિહાર અર્થે (-જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર સાર એવું વચન કહ્યું છે.'** વ્યવહારરત્નત્રય જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, એ પંચમહાવ્રતાદિના પરિણામ એ તો રાગ છે. એ સાર એ માટે મૂક્યું છે કે એના વિનાનું જે કર્તવ્ય તે સાર છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? નિયમસાર છેને?

**'ટીકા :- અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે...'** નિયમસાર. **'તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** આહા..હા..! જોયું! પહેલું શુદ્ધરત્નત્રય કહ્યું હતું. બીજી ગાથામાં. અહીં સ્વભાવરત્નત્રય કહ્યું. એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે, એ વિભાવ છે. આહા..હા..! શાસ્ત્રનું ભણતર કરવું વિકલ્પથી એ પણ રાગ છે અને પંચમહાવ્રત પાળવા, રાખવા એ પણ એક રાગ છે, એ વિભાવસ્વભાવ. એનો નિષેધ કરવા નિયમસાર એવો શબ્દ લગાડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો દુનિયાથી જુદી વાત છે. આખી દુનિયા બધી બિચારા ક્યાંય પડ્યા છે રખડવા. એને આ તો રખડવાનો બંધમાર્ગની ઉપાયની વાત છે. આહા..હા..!

સ્વભાવરત્નત્રય છેને? ઓલામાં એમ કહ્યું હતું પહેલામાં શુદ્ધરત્નત્રય એમ કહ્યું બીજી ગાથામાં. શુદ્ધરત્નત્રય માર્ગ પરમનિરપેક્ષ એમ કહ્યું હતું. એ શુદ્ધરત્નત્રય કહો કે સ્વભાવ રત્નત્રય કહો કે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, આચાર્ય ટીકા કરે છે કેવી? નિયમ શબ્દ પડ્યો છેને પહેલો. **'णियमेण य जं कज्जं तं णियमं'** જરી સૂક્ષ્મ વાત છે. આહા..હા..! એણે અનંતકાળમાં ચાર ગતિના પરિભ્રમણમાં અનંતભવ કર્યા, પણ એણે કોઈ દિ' સમ્યગ્દર્શન શું છે એ કર્યું નથી. રાજા અનંતવાર થયો, અબજોપતિ અનંતવાર માણસ થયો, ભિખારી અનંતવાર થયો, નારકી અનંતવાર થયો, પશુ, ઢોર અનંતવાર થયો છે. આહા..હા..! પણ એણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું? એ કદિ એક સેકન્ડ પણ કર્યું નથી. આહા..હા..!

હવે કહે છે કે એ નિયમ એટલે જે મોક્ષનો માર્ગ એમાં વ્યવહાર એવો જે વિકલ્પ એનો નિષેધ કરીને નિયમસાર નામ સ્વભાવરત્નત્રયની વ્યાખ્યા કરવી છે. જે વાસ્તવિક મોક્ષનું કારણ છે. **'જે સહજ પરમપારિણામિકભાવે સ્થિત,...'** આહા..હા..! ભાષા એવી છે જરી. આત્મા જે જ્ઞાયક ત્રિકાળ છે એ **'સહજ પરમપારિણામિકભાવ...'** સ્વભાવિક ભાવ, સહજભાવ અનાદિ છે. આહા..હા..! **'સહજ પરમપારિણામિકભાવ...'** એવી વસ્તુ. **'ભાવે સ્થિત,...'** પરમપારિણામિક શબ્દ વાપર્યો એનો નીચે ખુલાસો કર્યો છે. **'આ પરમ પારિણામિક**

**ભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં...'** પારિણામિક એમ શબ્દ છેને? **'ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...'** પર્યાયમાં ઉત્પાદ-વ્યય જે થાય, મોક્ષનો માર્ગ થાય એને પણ આ સૂચવવા માટે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉત્પાદવ્યરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિકનયનો વિષય નથી;...'** ત્રિકાળી પારિણામિકભાવમાં સ્થિત જે છે એ પારિણામિક તે પર્યાયનયનો વિષય નથી, અવસ્થાને બતાવનાર એ નથી, એ તો ત્રિકાળને બતાવનાર છે. આહા..હા..! **'આ પરમપારિણામિકભાવ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** શું આમાં પરમ પારિણામિકભાવ કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યો ન હોય. એકેન્દ્રિયની દયા પાળવી, ઈચ્છામી પડિક્કમણું ... લ્યો. તસ્સમિચ્છામી દુક્કડમ. આહા..હા..! શું થાય, ભાઈ! આ વસ્તુ એવી છે અંદર. પરમ પારિણામિકભાવ શુદ્ધ સહજસ્વરૂપ પર્યાય વિનાનો. વર્તમાન ધર્મની પર્યાય કે સંસારની પર્યાય કે મોક્ષની પર્યાય એ વિનાનો. સમજાણું કાંઈ? એ **'પારિણામિકભાવ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** આહા..હા..! ઉત્પાદ-વ્યય તો અનેકરૂપ થયાને. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... આ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ!

**'અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.'** દ્રવ્ય નામ પરમાર્થે જેનો સામાન્ય દ્રવ્યસ્વભાવ તેનો વિષય કરનારી દ્રવ્યાર્થિકનય તેનો આ વિષય છે. આહા..હા..! **'(વિશેષ માટે સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકા જુઓ અને બૃહદ્દ્રવ્યસંગ્રહની ૧૩મી ગાથાની ટીકા જુઓ.)'** ૩૨૦ આપણે વંચાઈ ગઈ છે. ભગવાન આત્મા પરમસ્વભાવ જે નિત્ય ધ્રુવ છે એ તો મોક્ષ અને મોક્ષના માર્ગની ક્રિયારહિત છે. શેઠ! ૩૨૦ ગાથા વંચાણી છે. મોક્ષ છે એ પર્યાય-અવસ્થા છે અને મોક્ષનો માર્ગ છે એ પણ પર્યાય-અવસ્થા છે અને સંસાર છે જે અજ્ઞાન અને રાગ-દ્વેષ મિથ્યાત્વ એ પણ પર્યાય વિકાર છે. બંધ અને મોક્ષ અને બંધ અને મોક્ષના કારણરૂપ, બંધ-મોક્ષની પર્યાયથી રહિત વસ્તુ છે અને બંધ-મોક્ષના કારણરૂપ માર્ગથી પણ રહિત વસ્તુ છે. ૩૨૦ ગાથા આવી ગઈ છે. ઘણું આવી ગયું છે, અત્યારે આત્મધર્મમાં તો ઘણા પ્રકાર આવ્યા.

ભગવાન આત્મા એક સમયની... દ્રવ્યસંગ્રહનો દાખલો આપ્યો છે અને પરમાત્મપ્રકાશનો દાખલો આપ્યો છે. જિનેશ્વર એમ કહે છે જિનવરદેવ, તીર્થંકરદેવ, ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે કે જીવો બંધને, મોક્ષને કરતા નથી. એય..! બંધ અને મોક્ષ એ તો પર્યાય છે, અવસ્થા છે. ત્રિકાળી અવસ્થાયી પરમસ્વભાવભાવ એ મોક્ષ અને મોક્ષના કારણ, બંધ અને બંધના કારણને એ કરતો નથી. અરે! ભારે! સમજાણું કાંઈ? મોક્ષ થાય છે એ પર્યાયમાં, અવસ્થામાં. એ અવસ્થા કરે છે અવસ્થાને, દ્રવ્ય નહિ.

**શ્રોતા :-** કારણ છે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ વસ્તુ છે નહિ. કારણ છે પણ એ તો કૂટસ્થ પડ્યું છે.

કારણ એ કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો વિષય છે, ભાઈ! જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની ભગવાન પરમેશ્વર વીતરાગ તીર્થંકરનો માર્ગ કોઈ સૂક્ષ્મ છે. લોકોને બહારની વાતું આડે એ તત્ત્વ હાથ આવ્યું નથી. આહા..હા..! બહુ તો દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રા કરે એટલે જાણે ધર્મ થઈ ગયો. એ તો રાગ છે. પણ ધર્મ થાય પર્યાયમાં એનો એ પર્યાયનો કર્તા દ્રવ્ય નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૨૦ ગાથા વંચાઈ ગઈ. પરમપારિણામિકભાવ. પર્યાયને પારિણામિકભાવ કહેવાય. પારિણામિકભાવ પર્યાય, પણ આ તો ત્રિકાળી છે તે પરમપારિણામિકભાવ છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એને એ પારિણામિકભાવ કહેવાય, તેમ મોક્ષનો માર્ગ છે સમ્યગ્દર્શન-નિશ્ચય માર્ગ એને પારિણામિકભાવ કહેવાય. પર્યાય છેને? પણ ત્રિકાળી છે એ તો પરમપારિણામિકભાવ ધ્રુવ છે. આહા..હા..! એવો પરમપારિણામિકભાવ એ ઉત્પાદ-વ્યય વિનાનો છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યયની પર્યાયથી નિરપેક્ષ છે. એટલે મોક્ષ અને મોક્ષના માર્ગની અવસ્થાથી તે નિરપેક્ષ છે. આહા..હા..!

એ '**પરમપારિણામિકભાવે સ્થિત,...**' શું? '**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...**' સ્વભાવિક અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય સ્વભાવમાં પડ્યું છે અંદર. આહા..હા..! સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ. ત્રિકાળની વાત છે હોં આ. આહા..હા..! પરમપારિણામિકસ્વભાવભાવ ધ્રુવ, નિત્ય, પર્યાય વિનાનો તે '**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' આહા..હા..! શુદ્ધજ્ઞાનચેતના પરિણામ. '**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' એ બીજું. '**આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં પરિણામ શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...**' આહા..હા..! આવી વાત છે, ભાઈ! '**અને પર્યાયાર્થિકનયનો વિષય નથી; આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.**' ભાષા બધી...

**શ્રોતા :-** અટપટી લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અટપટી લાગે. આહા..હા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય એ ધંધાના પાપ આડે. એય..! આખો દિ' હોળી સળગ્યા કરે. આ પાંચ-પચાસ મળ્યા અને ધૂળ મળી અને ગઈ અને આ મળ્યા. પચાસ લાખ પેદા કર્યા, પાંચ લાખનો ખર્ચ થયો અને ૪૫ લાખ વધ્યા. ધૂળેય નથી સાંભળને. પાપ વધ્યા છે એકલા. હવે એને આડે આવા શબ્દો પણ સાંભળ્યા ન હોય એણે.

અહીં તો કહે છે કે પરમપારિણામિક સ્વભાવભાવ જે ધ્રુવ. એમાં રહેલ અનંતચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળી. શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. આ પરિણામ એ પર્યાય નથી. આ પરિણામ એ ઉત્પાદ-વ્યય નિરપેક્ષ શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ તેને જ્ઞાનચેતનાપરિણામ કહે છે. વળી જ્ઞાનચેતના

પરિણામ ને. આહા..હા..! સ્વભાવ પરમપારિણામિકભાવમાં રહેલ. સ્વભાવ અનંતચતુષ્ટસ્વરૂપ જ્ઞાન અનંત જ્ઞાન, સ્વભાવ જ્ઞાન, સ્વભાવ દર્શન, સ્વભાવ આનંદ, સ્વભાવ પુરુષાર્થ વીર્ય. એવા સ્વરૂપ '**શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' ત્રિકાળી ચતુષ્ટય સ્વભાવ એવો શુદ્ધજ્ઞાનચેતનાનો ભાવ એટલે ત્રિકાળ '**તે નિયમ છે.**' અહીં કહેવું છે કાર્યનિયમનું, પણ એ કાર્યનિયમને કારણનિયમ છે એ પહેલું બતાવવું છે. આહા..હા..! નિયમ શું હશે? આ નિયમ લેવો એ હશે? આ વ્રત ને તપ ને કાંઈક નિયમ લે. એ નથી, બાપુ! આ તો બીજી વાતું છે, ભાઈ! એ વ્રત, તપને એ તો નિયમ નથી, મોક્ષનો માર્ગ પણ નથી, સમજાણું કાંઈ? પણ અંતરમાં ત્રિકાળી ભગવાન આત્માને આશ્રયે નિયમ જે મોક્ષમાર્ગ નિશ્ચય આનંદ સમ્યગ્દર્શન આનંદ, જ્ઞાન આનંદદાયક, શાંતિ, ચારિત્ર આનંદદાયક. એવો જે નિયમ એ પર્યાય છે. એ પર્યાયનું કારણ ત્રિકાળી આત્મા પારિણામિકમાં સ્થિત, સ્વભાવ ચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે ધ્રુવ છે. ડાહ્યાભાઈ! આવી વાતું છે. આહા..હા..! બહારની તો ક્યાં કરવી?

'**તે નિયમ (કારણનિયમ) છે.**' પાઠમાં કાર્યનિયમની વ્યાખ્યા છે, પણ કાર્યમાંથી કારણ બતાવ્યું એને. કે ત્રિકાળ વસ્તુ જે છે સહજ પરમસ્વભાવ. ચાર ભાવ છે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. ઈ ચારને તો કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે. રાગ-દ્વેષમાં નિમિત્તની અપેક્ષા, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા. એટલે એ ત્રિકાળી ભાવ ન થયો એ. જેને કર્મની અપેક્ષા નથી, જેને પર્યાયની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ ત્રિકાળ જ્ઞાયકભાવમાં રહેલ સ્વભાવચતુષ્ટય એ ચારેય સ્વરૂપ શુદ્ધજ્ઞાન ચેતનાપરિણામ. શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં અનંત જ્ઞાન આવ્યું, અનંત દર્શન આવ્યું, અનંત આનંદ આવ્યો અને અનંત પુરુષાર્થ. એવો જે શુદ્ધજ્ઞાનચેતનાપરિણામરૂપ કારણ ત્રિકાળ '**તે નિયમ (-કારણનિયમ) છે.**' કહો, ચંદુભાઈ! આવી વાત છે આ. આહા..હા..!

અહીંયાં મોક્ષમાર્ગની વ્યાખ્યા કરવી છે. મોક્ષમાર્ગ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર લીધું છે. નહિતર બીજે દર્શન-જ્ઞાન-ચારિત્ર. અહીં જ્ઞાનથી. એ સમ્યગ્જ્ઞાન આત્માના સ્વભાવને સમ્યગ્જ્ઞાન દ્વારા વેદવું, સમ્યગ્દર્શન, પૂર્ણ આનંદસ્વરૂપની સન્મુખ થઈને પ્રતીતિ સમ્યગ્દર્શન અને દર્શન, જ્ઞાનસહિત એવો જે ભગવાન આત્મા, તેમાં લીનતા, આનંદરૂપે લીનતા એ ચારિત્ર. એ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પરિણામ એ કાર્યનિયમસાર છે. પર્યાય થઈને? પર્યાય એટલે કાર્ય. પર્યાય એટલે કાર્ય. દ્રવ્ય એટલે કારણ. દ્રવ્ય એટલે આ પૈસા દ્રવ્ય હશે? નહોતું કહ્યું ઘણા વર્ષ પહેલા, આપણે ત્યાં લખ્યું હતુંને. 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' આમ લખ્યું છે આમ. આ પહેલા સામું હતું માથા ઉપર. તો એક દેરાવાસી માણસ આવ્યો. અહીં બધા પૈસાવાળા આવે ખરાને અહીં ઘણા કરોડોપતિ અને એના વેવાઈ કરોડોપતિ આ નાનાલાલભાઈ. આ 'દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' મહારાજ! શું છે આ? આ પૈસાવાળા એ સમ્યગ્દૃષ્ટિ એમ છે? બિચારાને ખબર ન મળે કાંઈ. ઓલો પોટરીનો ધંધો છે થાનમાં. પોટરીનો

ધંધો છે. પોટરી સમજ્યાને વાસણ બનાવવા. વાસણને? કાચના વાસણ. આહા..હા..! માટીના પણ વાસણ થાય છે. આ કાચના વાસણ થાય છે. ઠીક! ત્યાં વ્યાખ્યાન ચાલે છેને .. એના ઉપર લખેલું છે. 'દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' કે આ દ્રવ્યદૃષ્ટિ એ બધા નાનાલાલભાઈને કરોડોપતિ આવે અહીં. નાનાલાલભાઈ, કાળિદાસ બધા. કે આ દ્રવ્ય દૃષ્ટિ તે પૈસાની દૃષ્ટિ, એ સમ્યગ્દૃષ્ટિ? એય..! માણેકચંદભાઈ! કીધું તમે? એનું નામ માણેકચંદભાઈ હતું.

**શ્રોતા** :- ખબર પણ ન હોય અને સાંભળ્યું પણ ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળ્યું ન હોય. ભાઈ! દ્રવ્ય એ પૈસાની અહીં વાત નથી. અહીં પૈસાનું, તમારી ધૂળનું અહીં શું કામ છે? એ તો એની મેળે ધૂળનું થયું છે. રામજીભાઈએ કર્યું છે આ? વજુભાઈએ કર્યું છે આ? ક્યાં ગયા વજુભાઈ? આ બેઠા. કડિયાએ કર્યું છે આ? એ તો બાપા! એ તો રજકણની અવસ્થા એને કારણે બની ગઈ છે. આહા..હા..! પરમાણુનો જન્મક્ષણ તે-તે પર્યાયની ઉત્પત્તિનો કાળ હતો તેમાં એ બની ગયું છે. આ કોને બેસે? સમજાણું કાંઈ? એટલે પૈસાથી બને એ વાત સાચી નથી.

**શ્રોતા** :- સોનગઢમાં એવું બને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાદડીમાં ન ચાલે ત્યાં. સોનગઢમાં સાદડી થાય છેને ઓલા મુંબઈમાં. મુંબઈમાં સાદડી થાય છે સાંભળ્યું તમે? મરી ગયા પછી સાદડી થાય છે ત્યાં મુંબઈમાં. એને સાદડી કહે છે. વાંચ્યું છેને અમે ઘણા મરી જાયને પછી સાદડી કરે. એટલે બધા માણસ ભેગા થાય. મોટું-મોટું છે. ઘરે-ઘરે ક્યાં જાય? એટલે સાદડીનો દિવસ રાખ્યો હોય એમાં સાદડીનો દિવસ કહે છે. સાદડી શું કરવા કીધું હશે? શું હશે કાંઈ? પાથરતા હશે. પાથરતા હશે એ.

**શ્રોતા** :- ઉઠમણું પણ કહે છેને એને ઉઠમણું પણ કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઉઠમણું કહે આપણે. આહા..હા..! એ તો મૃત્યુ ગયા પછી સાદડી પાથરે એવું છે. આ તો આત્મા આનંદનો નાથ ભગવાન. આહા..હા..! જેમાં આમ પ્રસરેલી છે સાદડી. અનંત જ્ઞાન, દર્શન, આનંદ ત્રીછા આમ પથરેલા છે.

ભગવાન આત્મા આ શરીર, વાણી, મન, જડ, માટી, ધૂળ છે એ તો જુદી ચીજ છે. આ તો એનાથી જુદો છે. એમાં કર્મ છે એનાથી જુદી ચીજ છે આત્મા. પુણ્ય અને પાપના વિકલ્પ થાય બંધના, દુઃખના કારણ એનાથી એ જુદી ચીજ છે. એની વર્તમાન પર્યાય થાય વિકારી કે અવિકારી, એનાથી એ જુદી ચીજ છે. એ જુદી ચીજ કેવી છે? કે જેમાં અનંત સ્વભાવિક અનંતચતુષ્ટયરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ સ્વભાવ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** એમ. સ્વભાવ-અનંતચતુષ્ટસ્વરૂપ **'શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** ત્રિકાળી જ્ઞાયકનું ચેતવું એવો જે સ્વભાવભાવ તેને કારણનિયમ કહેવામાં

આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આ નવા માણસને તો શું લાગે? આ શું કહે છે? આ કઈ જાતનો ધર્મ હશે આ? આ જૈનધર્મ હશે આ? આપણે જૈનધર્મમાં તો ભાઈ! દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, કંદમૂળ ન ખાવા. અરે! એની તને ખબર નથી જૈનધર્મ કોને કહેવો એ. સમજાણું કાંઈ? જેમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે જૈનધર્મ અને એ ધર્મનું કારણ તે ત્રિકાળી વીતરાગ સ્વભાવ નિયમ તે એનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો! એ કારણનિયમની વાત કરી. ક્યાં ગયા ત્રિભુવનભાઈ ગયા? બેઠા છે. આ કારણનિયમ. તો કારણનિયમ હોય તો કાર્ય આવવું જોઈએ. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. વાત સાચી. એ કારણનિયમનો સ્વીકાર કરે એને કારણનિયમ છેને? નથી જે માનતા હોય એને કારણનિયમ ક્યાંથી આવ્યું? આહા..હા..! જેને પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આ ત્રિકાળ વસ્તુ છે, કારણનિયમ વસ્તુ છે એવો જેણે સ્વીકાર કરીને, સત્કાર કર્યો અને માન્યું એને કારણનિયમ છે. એના કારણનિયમમાં કાર્ય સમ્યગ્દર્શનનું થયા વિના રહે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** માન્યું એ જ કાર્યનિયમ થઈ ગયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ થઈ ગયુંને. કીધું. એ થઈ ગયું. આહા..હા..! માર્ગ ભારે ભાઈ! આવી વાતું! પડિક્કમણા કરવા, સામાયિક કરવી, પોષા કરવા, અપવાસ કરવા. લ્યો, એવો તો ધર્મ સાંભળ્યો હતો ભાઈ અમે. આ કઈ જાતનો ધર્મ? આ જૈનધર્મ આ. એ કારણનિયમ છે. કારણનિયમ કહો, સમજાણું? સ્વભાવિક જેની ઉત્પત્તિ નથી અને જેનો વ્યય નથી. સહજ પરમ નામ ઉત્કૃષ્ટ, પારિણામિક નામ સહજસ્વભાવભાવ એમાં રહેલ સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ. સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પુરુષાર્થ. એવું સ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ. તે શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે નિયમ કારણનિયમ છે. આટલા શબ્દમાં આવો અર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. ધંધા આડે નવરા કે દિ' હતા? બહારની પ્રવૃત્તિ ભાષણ કરવા ને આ કરવા લ્યો! આહા..હા..!

નિયમસાર. નિયમ એટલે મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એને સાર કેમ કહ્યો? કે વિભાવનું રત્નત્રય છે તેનો પરિહાર માટે નિયમસાર કહેવામાં આવ્યો છે. હવે એ નિયમસાર કાર્યનિયમસાર છે. તો એ કાર્યનિયમસારનું કારણ કોણ? આહા..હા..! કેવળજ્ઞાનરૂપી કાર્ય એનું એ કારણ કોણ? એમ કહે છે અહીં તો. કેવળજ્ઞાનરૂપી કાર્ય એનું કારણ મોક્ષનો માર્ગ એમ નહિ. એ કાર્યનું કારણ કોણ? કે ત્રિકાળી વસ્તુ કે જેમાં એવી અનંતી-અનંતી પર્યાયોનો સંગ્રહ, સ્વરૂપ, ગુણ જેમાં પડ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એવા '**શુદ્ધજ્ઞાન-ચેતના...**' નિર્મળ જ્ઞાન, આનંદ, શાંતિ, પુરુષાર્થ એવું જે ચેતનાભાવ, ચેતનારૂપ ત્રિકાળભાવ તે નિયમ નામ કારણનિયમ છે. કહો, સમજાણું કાંઈ? હવે કાર્યનિયમની

વાત ચાલે છે. જે આ મોક્ષમાર્ગ અહીં અધિકાર છે તે. આહા..હા..! કારણ કે આ નિયમ કાર્ય છે એ નિયમ પર્યાય થઈ, પણ એ પર્યાયમાં આખું તત્ત્વ ન હોય એ નિયમનું આખું તત્ત્વ ન હોય તો કારણ વિના કાર્ય આવે ક્યાંથી? આહા..હા..! હવે '**નિયમ (-કાર્યનિયમ) એટલે...**' હવે આ મોક્ષનો માર્ગ વર્તમાન પર્યાયરૂપ તે. વર્તમાન નિર્મળ પર્યાયરૂપ જે મોક્ષનો માર્ગ જે સુખનો પંથ, સુખને પંથે જવું એ શું? કાર્યનિયમ એટલે? નિશ્ચયથી નક્કી કરવાયોગ્ય. આહા..હા..! ઓલું કરવાયોગ્ય નથી, ઓલું તો ત્રિકાળ છે. પહેલો જે સહજ પારિણામિકભાવ છે એ તો ત્રિકાળ છે. હવે પર્યાયમાં કરવાયોગ્ય જે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(નક્કી) જે કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય...**' લ્યો! '**णियमेण य जं कज्जं**'નો અર્થ કર્યો. કરવાયોગ્ય એટલે પ્રયોજનસ્વરૂપ હોય '**તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.**' કહો, સમજાણું? નિયમથી કરવાલાયક પ્રયોજનસ્વરૂપ શું? કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. વર્તમાન સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ કરવાયોગ્ય તે પર્યાય છે. આહા..હા..! આ તો નવો માર્ગ કાઢ્યો એમ કહે. આ પર્યાય નવી નથી? ઓલી તો જૂની છે ત્રિકાળ જૂનું તત્ત્વ. કારણનિયમ છે એ તો જૂનું અનાદિ-અનંત પડ્યું છે એમ ને એમ અને જે કાર્ય થાય છે તે નવું છે. શેઠ! આહા..હા..!

**શ્રોતા** :- ધર્મ પણ અનાદિનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધર્મી અનાદિનો છે વસ્તુ અને ધર્મ છે તે વર્તમાન કાર્યરૂપ થાય છે. ત્રિકાળી વસ્તુ છે એ કાંઈ કરવાયોગ્ય નથી, એ તો છે જ એમ ને એમ. આહા..હા..!

'**(-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય...**' નક્કી કરવાયોગ્ય. આહા..હા..! પર્યાયમાં નક્કી કરવાયોગ્ય. ઓહો..હો..! '**પ્રયોજનરૂપ...**' વર્તમાન કાર્યનિયમ એટલે? વર્તમાન પર્યાયનો ભાવ કાર્યનિયમ એટલે? વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય નિયમ એટલે? ખરેખર કરવાયોગ્ય તે. આહા..હા..! '**પ્રયોજનસ્વરૂપ—હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.**' લ્યો! વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ વર્તમાન કાર્યરૂપે પર્યાય તે કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંસારના કાર્ય કરવાલાયક નથી, એ કરી શકતો નથી. એક વાત, કરી શકતો નથી. હવે પુણ્ય-પાપ અને મિથ્યાત્વનો ભાવ કરી શકે છે, પણ એ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? અને આ કરવાયોગ્ય છે તે કર્તવ્ય આ છે. આહા..હા..!

'**તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' પહેલું જ્ઞાન લીધું છેને. જ્ઞાન લીધું છે. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ લીધું છે. અહીંયાં પર્યાયનો અધિકાર છે તો પહેલું જાણે તો એની પ્રતીત અને સ્થિરતા એવી રીતે લીધું છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ લીધું. આહા..હા..! '**તે ત્રણમાંના...**' ત્રણ કોણ? જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એટલે? નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ દર્શન, નિર્વિકલ્પ ચારિત્ર. એટલે ત્રણે વીતરાગી પર્યાય. તે ત્રણે કરવાલાયક છે. કેમકે પ્રયોજનરૂપ છે માટે. આહા..હા..! એમાં પહેલું જ્ઞાનનું સ્વરૂપ.

સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ. વર્તમાન કાર્યરૂપ સમ્યગ્જ્ઞાન એનું સ્વરૂપ, વર્તમાન જ્ઞાનરૂપી કાર્ય તેનું સ્વરૂપ શું?

'(૧) **પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' આહા..હા..! જેને વીતરાગની વાણીને પણ અવલંબ્યા વિના. વીતરાગની પ્રતિમા અને મૂર્તિ પણ એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! એને અવલંબ્યા વિના. અને પરદ્રવ્યના અવલંબે થતી જ્ઞાનની પર્યાય એને પણ અવલંબ્યા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! જિનેશ્વર વીતરાગ પરમેશ્વર જેને સો ઇન્દ્રો પૂજે છે. એનો માર્ગ બાપુ! કોઈ અલૌકિક છે. આહા..હા..! એક અબજોપતિને ઘરે જાવું હોય તો રિત્સર ઠાઠમાઠ થઈને જાય કે સાધારણ એવા ચીથરા પહેરીને જતો હશે? આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ. એના માર્ગમાં પ્રવેશ કરવો છે, બાપુ! એ કોઈ અલૌકિક છે. આહા..હા..!

કહે છે સમ્યગ્જ્ઞાન કોને કહીએ? કે જે કાર્યનિયમ છે, જે મોક્ષના માર્ગરૂપે નિયમ છે જ્ઞાન. એ જ્ઞાન કેવું છે? કે એ '(૧) **પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' સર્વજ્ઞ પરમેશ્વરને પણ અવલંબ્યા વિના. એની વાણીનો પણ આશ્રય લીધા વિના. આહા..હા..! આ પાનાને વાંચીને થાય એનું પણ અવલંબન વિના. આવું છે. અરે! ભાઈ! તારો માર્ગ બાપા! તું કોણ છો એની મોટપની એને ખબર નથી. આહા..હા..! જેની પર્યાયને પણ અક્ષય-અમેય કહી છે. ચારિત્ર પાહુડ છે એની ગાથામાં આ મોક્ષમાર્ગ અને સમ્યગ્જ્ઞાન પર્યાય છેને તે અમેય અક્ષય-અક્ષય-અમેય. એ સમ્યગ્દર્શન છે એ પણ અક્ષય-અમેય છે. ક્ષય ન થાય અને મેય નામ મર્યાદા નથી એવી પર્યાયની તાકાત. આહા..હા..! ભગવાનનો સ્વભાવ તો ત્રિકાળ અમેય છે. પ્રભુ આત્માનો સ્વભાવ ત્રિકાળ અમેય-મર્યાદા વિનાની ચીજ છે. મર્યાદા નથી. જેનામાં એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... પણ તેને અવલંબે થયેલું સમ્યગ્જ્ઞાન એ પણ અક્ષય અને અમેય છે. આહા..હા..! અમેય સમજાય છે? મર્યાદા નહિ. મર્યાદા શું? ઓહો..હો..!

જેની વર્તમાન કાર્યનિયમરૂપી સમ્યગ્જ્ઞાન તે અક્ષય અને અમેય. ક્ષય ન થાય. આહા..હા..! અને એ પર્યાયની મર્યાદા નહિ એટલી અપરિમિત જેની શક્તિ છે. આહા..હા..! એ '**પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય...** ' આહા..હા..! સમસ્તપણે અંતર્મુખ. '**(-ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને...**' અંતર્મુખ છેને? '**યોગશક્તિમાંથી ઉપાદેય...**' '**ગ્રહણ કરવાયોગ્ય)...**' આહા..હા..! '**એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન...**' આહા..હા..! એવું જે નિજ પરમતત્ત્વ. એનું જ્ઞાન જાણવું તે જ્ઞાન છે. આહા..હા..! ચોપડાના જ્ઞાન અને તમારા ભણતરના જ્ઞાન એ બધા મીંડા છે કહે છે. આ વકીલાતના અને ડોક્ટરના. મોટા એમ.એ.ના પૂંછડા વળગાડે અને એલ.એલ.બી. પાંચ હજારનો પગાર અને દસ હજારનો પગાર મહિને. અમેરિકામાં જાયને અહીં વાણિયાનો છોકરો. વાણિયાનો છોકરો જાય મહિને દસ હજારનો પગાર ત્યારે અહીં એના મા-બાપ કહે આહા..હા..!

મારો છોકરો દસ હજારનો પગાર મહિને! હવે અમેરિકાના ભંગ્યા વિષ્ટા કાઢનારાનો દસ હજારનો પગાર હોય છે ત્યાં. શું છે પણ ત્યાં? એ મોટરુંમાં બેસીને આવે પાયખાના સાફ કરવા. એય..! ભગવાનજીભાઈ! અને અહીંનો છોકરો જ્યાં અમેરિકામાં જાય. ચાર-પાંચ વર્ષ ભણ્યો અને પછી દસ હજારનો પગાર થયો. આહા..હા..!

**શ્રોતા :-** ન્યાલ થઈ ગયા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન્યાલ થઈ ગયા? ધૂળેય નથી. ત્યાંના ભંગીયા ઓલું શું કહેવાય તમારે પાયખાનું. પાયખાનું સાફ કરવા મોટર લઈને આવે એનો દસ હજારનો પગાર મહિને હોય. એમાં છે શું ધૂળ તારી? આહા..હા..! સમજાણું કાંઈ? અને બહારમાં એવું લાગે હેં! અમારો દીકરો ત્યાં અમેરિકામાં દસ હજારનો પગાર છે અને આમ છે ને તેમ છે. હવે શું છે પણ હવે. આહા..હા..! અહીં તો કહે છે કે ત્રણલોકનો નાથ ભગવાન. આહા..હા..! એનું જે જ્ઞાન જોયું! '**નિજ પરમતત્ત્વનું...**' એટલે પરમાત્મા વીતરાગ પણ નહિ. વીતરાગને અવલંબે જ્ઞાન થાય એ જ્ઞાન નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! '**નિજ પરમતત્ત્વનું...**' પાછું '**પરિજ્ઞાન...**' જોયું? શબ્દ એવો વાપર્યો છે. '**પરિજ્ઞાન...**' પરમતત્ત્વનું યોગ છે તેવું પરમતત્ત્વનું પરિજ્ઞાન. જેવો જ્ઞાયકભાવ પૂર્ણ છે તેવું જ પરિજ્ઞાન, તેનું સમસ્ત પ્રકારે જ્ઞાન પર્યાયમાં આવ્યું. આહા..હા..!

ત્રિકાળી જ્ઞાયક જે શુદ્ધ ચેતના પરિણામસ્વરૂપ ભાવ એનું જ્ઞાન તેને પરિજ્ઞાન. આહા..હા..! સમસ્તપણે આખો આત્મા જેવો છે તેવો. એના અનંતગુણનું એકરૂપ જેવું છે તેવું. આહા..હા..! સમસ્ત પ્રકારે આખી જ્ઞાનની પર્યાયમાં આખો ભગવાન કેવડો છે તેનું અહીં જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન એને કહીએ. આહા..હા..! મોક્ષનો માર્ગ જે સમ્યગ્જ્ઞાન એ કાર્યનિયમ એને કહીએ કે જે નિજપરમતત્ત્વ એનું આખું જ્ઞાન. પૂરું છે આખું તત્ત્વ તેનું જ્ઞાન. જ્ઞાનની પર્યાયમાં આખા પૂર્ણનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા ભગવાનજીભાઈ! આફ્રિકામાં પણ ન મળે ને ધૂળમાંય ન મળે ક્યાંય. પૈસા આહા..હા..! સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ એ કાર્યનિયમ સમ્યગ્જ્ઞાન એને કહીએ કે જે પરદ્રવ્યના અવલંબન વિના ત્રિકાળી પરમાત્મસ્વરૂપ ભગવાન તેનું સમસ્ત જ્ઞાન જ્ઞાનમાં પર્યાયમાં આવ્યું. આખા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવ્યું. આ બાજુનું કાંઈ નહિ અને આ બાજુનું પૂરું. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આમાં ક્યાં? સાધારણ માણસને તો પત્તો ખાય નહિ. નવનીતભાઈ! આહા..હા..!

એને જ્ઞાન કહીએ કે જે મોક્ષના માર્ગનો એક અવયવ, એક ભાગ. ત્રણ થઈને મોક્ષનો માર્ગ છેને? જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ કાર્યનિયમ. એમાં જ્ઞાન એક સમ્યગ્જ્ઞાનનો એક અંશ એ કેવડો છે? કેવો છે? કે પરદ્રવ્યનું અવલંબન બિલકુલ નહિ અને સ્વદ્રવ્યનું જ્ઞાન પૂરું એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! આખો શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ જે નિયમ વસ્તુ

કારણનિયમ. એનું જ્ઞાન પૂરું, પરિજ્ઞાન, પૂરું જ્ઞાન એમાં આવે છે. દ્રવ્યનું ઓછું જ્ઞાન એ નહિ. પૂરું જ્ઞાન જેમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આને જ્ઞાન કહીએ. ચોપડા ભણ્યા અને વાતું કરતા આવડે માટે જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત-અનંત. ચાર બોલ લીધા. બાકી તો બધા અનંતગુણ છેને? પણ અહીંયાં તો ચાર બોલ ખાસ. સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાભાવ. તેનું એ નિજ પરમાત્માનું એ '**નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન તે જ્ઞાન છે.**' આહા..હા..! વસ્તુ જે આખી... અનંત ચતુષ્ટય તો મુખ્યપણે લીધા, પણ આખા અનંત-અનંત શક્તિવાળું તત્ત્વ, અનંતગુણ સ્વભાવરૂપ વસ્તુ એ કારણનિયમ છે. તેને જ્ઞાનની પર્યાયમાં પરના આશ્રય વિના પોતાનું પૂરું જ્ઞાન જ્ઞાનમાં થાય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! પર્યાયમાં પૂરું જ્ઞાન કેવળજ્ઞાન ભલે થાય એ અત્યારે અહીં નથી. અહીં તો જ્ઞાન જે થાય છે એમાં આખો આત્મા જેવો છે તેનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને જ્ઞાન કહીએ અને એને મોક્ષના માર્ગરૂપી કાર્યનિયમ કહીએ અને એ સુખની દશા સહિત ત્રિકાળ વસ્તુને પૂર્ણ જાણે એની સાથે આનંદ પ્રગટ થાય એને જ્ઞાન કાર્યનિયમ કહીએ. આહા..હા..! કહો, ત્રિભુવનભાઈ! આવી વાત છે. આહા..હા..! આવા કોઈ ચોપડા જાણે જાણ્યા, આ વાંચ્યું. થઈ ગયું જ્ઞાન. ભાઈ! એ જ્ઞાન બીજી ચીજ, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? અગિયાર અને બાર અંગ ભણે તોપણ કહે છે કે એ સ્વનું જ્ઞાન પૂરું જેમાં આવે એને અમે જ્ઞાન કહીએ છીએ. આહા..હા..! ભલે એ જ્ઞાનનો પર્યાય દ્રવ્યમાં પેસતો નથી. સમજાય છે? એ દ્રવ્ય છે તે જ્ઞાનને કાર્ય પર્યાયથી તો રહિત છે, કાર્યનિયમથી તો રહિત છે, છતાં તે કાર્યનિયમ સમ્યગ્જ્ઞાન જે કારણ શુદ્ધદ્રવ્ય છે એનું પૂરું જ્ઞાન ખ્યાલમાં આવી જાય છે. આહા..હા..! ડાહ્યાભાઈ! ગર્વ ઉતરી જાય એવું છે. આહા..હા..! એ પર્યાય પણ અક્ષય-અમેય છેને? એમ. ચારિત્ર અધિકારની. આહા..હા..! પર્યાય અક્ષય-અમેય. જ્ઞાનની પર્યાય જેને સમ્યગ્જ્ઞાન કહીએ એ અક્ષય છે અને મર્યાદા વિનાની છે. કેમ? કે એમાં આખો આત્મા જ્ઞાનમાં એ પર્યાયમાં જણાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિસામાનું વાક્ય છે. આહા..હા..! અરેરે! દુનિયાના મજુરો એને સાંભળવાનું મળે નહિ આવું. આ રળવાના મજૂરો પૈસાના. આહા..હા..! મોટા મજૂર. ઓલા મજૂર છે એ તો ૮ થી ૧૨ અને ૨ થી ૬. એય..! અને હવે તો બધી દગડાઈ થઈ ગઈ છે. હવે ૮ થી ૧૨ આવે એમાં એકાદ વાર દિશાએ જઈ આવે, એકાદ બે-વાર પેશાબ કરી આવે, વળી કોઈ ન હોય તો બીડી-બીડી જરી પીને બેસે. એમાંથી કલાક કાઢી નાખે. ત્રણ કલાક કામ કરે ૮ થી ૧૨માં. અને ૨ થી ૬ હોય એમાં પણ બધું સમજવા જેવું કરે છે. કાળ જ એવો થઈ ગયો મારો. નિતિપણાનું ધોરણ જ વયું ગયું. આહા..હા..! તોપણ અહીં કહે છે કે એ આઠ કલાક કામ કરે લ્યોને. અને આ મજૂર તો સવારે છથી ઉઠે તે રાતના દસ વાગ્યા સુધી, નવ વાગ્યા સુધી. આહા..હા..!

કીધું હતુંને અમે એકવાર અમે માલ લેવા ગયેલા દુકાનનો પાલેજથી. એ સાલ હશે ૬૪-૬૫. સંવત્ ૧૯૬૪-૬૫. અમારા ગામનો હતો. દુકાનદાર મગનલાલ. અહીંયાં આવ્યો હતો શ્વેતાંબર. તો એ આડતિયા હતા અમારે ત્યાં. અને ત્યાં માલ લેવા ગયેલા. ૬૫ની વાત હશે. ૬૫-૬૬. ઈ આહાર કરવા બેઠો હતો. એ પણ બેઠા હતા અને અમે પણ બેઠા હતા. ત્યાં ટોકરી વાગી બહાર.

**શ્રોતા** :- શેની ટોકરી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ટેલિફોનની. ઉભા થયા. પણ કીધું આ જેને માટે રળો છો એ ખાવા તો પામો. આને ખાવાનું સખ નથી. આત્મામાં તો સખ નથી, પણ ખાવામાં પણ સખ નથી. ટોકરી વાગી બહાર. રસોડામાં જમવા બેઠા હતા. પાતળું શરીર હતું, રૂપાળું શરીર. અરેરે! આને તો કીધું અહીં પણ સખ નથી. આહા..હા..! આખો દિ' હોળી મજૂરી-મજૂરી, મજુર. મોટા મજૂર. એને આ જ્ઞાન કાર્યનિયમ છે એને પ્રગટવું કઠણ પડે, બાપા! આહા..હા..! કારણસ્વરૂપ ભગવાન શ્રુતજ્ઞાન ચેતનાભાવ, શ્રુતજ્ઞાન ચેતનામાં અનંત ચાર ચતુષ્ટ આવ્યા અને એની અંદર બધા અનંતા ગુણ આવ્યા. આહા..હા..! મુખ્યપણે ચાર કીધા. એવો જે ભગવાન અનંતસ્વભાવનું રૂપ એકરૂપ કારણ ગણી તેને કાર્યનિયમના જ્ઞાનમાં આખું જ્ઞાન એને આવી જાય છે. ભલે મતિશ્રુત હોય, સમજાય છે કાંઈ? પણ એ વસ્તુનું તો આખું જ્ઞાન એમાં જણાય જાય છે. એને સમ્યગ્જ્ઞાન અને મોક્ષના માર્ગનો એક અંશ અને અવયવ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૩, રવિવાર, તા. ૦૪-૦૧-૧૯૭૬
## ગાથા-૩, પ્રવચન નં. ૧૪૩

જીવ અધિકાર, ત્રીજી ગાથા. ફરીને. એ ઝીણું છેને. આ બધા નવા આવ્યા છેને. .. સુધી તો આવી ગયું છે. અમારે શશીભાઈ ને આવ્યા છેને બધા. શું કહે છે?

**શ્રોતા** :- મારી ભાવના હતી. ફરી વખત કહો. સાંભળવાની બહુ ભાવના હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાછા રખડવા ગયા હતાને ત્યાં.

નિયમસાર. નિયમ એટલે મોક્ષનો માર્ગ. નિશ્ચયરત્નત્રય સ્વભાવરત્નત્રય છેને એનું નામ? સ્વભાવરત્નત્રય. છે પર્યાય. એટલે કે વ્યવહારરત્નત્રય જે વિકલ્પ રાગ છે એ કાંઈ સાચું રત્નત્રય નથી. સ્વભાવરત્નત્રય ત્રિકાળી જ્ઞાયકભાવ. સવારમાં આવ્યું હતુંને પરદ્રવ્યથી ભિન્ન

દેખો. એ જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વભાવ. એને આશ્રયે થયેલી સ્વભાવ રત્નત્રયદશા. છે એ પર્યાય સ્વભાવનો. ત્રિકાળ સ્વભાવ એને આશ્રયે થયેલી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એને સ્વભાવરત્નત્રય પર્યાયને કહે છે. સમજાણું કાંઈ? એ હવે વિશેષ કહે છે.

‘**જે સહજ પરમપારિણામિકભાવે સ્થિત,...**’ કોણ? કે ‘**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**’ ભગવાન આત્મા પરમપારિણામિક સ્વભાવ સહજ જેને કર્મના નિમિત્તની અપેક્ષા નથી અને નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર પર્યાયભાવ છે. એ પર્યાયભાવમાં ઉદયમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે. તેથી તે નિમિત્તની અપેક્ષાવાળા ભાવ એ આ નહિ. જેમાં નિમિત્તનો ભાવ અને નિમિત્તનો અભાવ એવી અપેક્ષા નથી એવો ‘**સહજ પરમપારિણામિકભાવે...**’ પરમ સહજ સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ એવા ભાવમાં સ્થિત છે. શું? હજી ધ્રુવની વાત ચાલે છે. આહા..હા..!

‘**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...**’ સ્વભાવરત્નત્રય કહેવું છેને પર્યાયમાં? તો અંતરમાં ‘**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**’ ત્રિકાળ છે ‘**તે નિયમ (કારણનિયમ)...**’ કહેવામાં આવે છે. ફરીને. હતા કે નહિ કાલે? .. ગયા હતા. પૂછ્યું હતું મેં ભાઈને. પ્રવિણભાઈને પૂછ્યું હતું હિંમતભાઈ નથી? કહે આવશે. જાય દુકાને સુંઘવા જાય પાછા જાય. શું કીધું? કે જેની પર્યાય એટલે અવસ્થામાં સ્વભાવરત્નત્રય નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે એનો સ્વભાવ ત્રિકાળી કોણ છે? વર્તમાન પ્રગટ થાય છે નિશ્ચય નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ ચારિત્ર, સ્થિરતા. એ સમાધિ સુખરૂપદશા. સ્વભાવિકરત્નત્રયના પરિણામ સુખરૂપ દશા. એનું કારણ કોણ? એ તો પર્યાય છે. એનું કારણ ત્રિકાળી નિયમ. મોક્ષમાર્ગ એ વર્તમાન કાર્યનિયમ અને ત્રિકાળી છે તે કારણનિયમ. એક પર્યાય છે અને એક દ્રવ્ય છે. એક ધ્રુવ છે અને એક અનિત્ય છે. એક શાશ્વત છે અને એક પલટતી છે. સમજાણું કાંઈ? રસિકભાઈ છેને? આવ્યા છે પાછા આજે.

‘**જે સહજ પરમપારિણામિકભાવે...**’ પાંચ ભાવ છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. એમાં ચાર છે એ પર્યાયસ્વરૂપ છે અને આ એક છે તે દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય નામ સહજ સ્વભાવભાવ ધ્રુવ, જેને આદિ નથી, અંત નથી, ઉત્પત્તિ નથી, નાશ નથી. પર્યાય તો ઉત્પન્ન પણ થાય અને બીજે ક્ષણે એનો નાશ થાય. ચાહે તો કેવળજ્ઞાન હોય તોપણ એક સમયે ઉત્પન્ન થાય, બીજે સમયે નાશ થાય. એ આ નહિ. આ તો ત્રિકાળી જેનું ઉપશમ પણ નથી, નાશ પણ નથી. કાયમ એકરૂપ સદૃશ્ય ધ્રુવ સામાન્ય અભેદ એવો જે પરમપારિણામિકભાવ. પરમપારિણામિક લીધું જોયું? કેમ કે પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય. આહા..હા..! પણ અહીંયાં તો પરમપારિણામિકભાવ જે ધ્યેય થઈને ઉપાદેય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞનો માર્ગ ભાઈ! એને અંદર પત્તો મળ્યો નથી.

બહુ સૂક્ષ્મ વાતું છે. આહા..હા..!

સ્વભાવિક સહજ નામ સહજ. સ્વભાવિક જ જેની સ્થિતિ છે. એવો '**પરમપારિણામિક ભાવે...**' એ આ પરમપારિણામિકમાં પરિણામિક શબ્દ છે એ પરિણામને સૂચવતો નથી. સમજાય છે કાંઈ? પરિણામ છે એ તો ઉત્પાદ-વ્યયવાળા છે અને આ પારિણામિકભાવ છે એ ઉત્પાદ-વ્યય વિનાનો નિરપેક્ષ ભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** આ બધું સમજવું પડે? ધર્મ આ રીતે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ધર્મ આ રીતે થાય. ત્રિકાળી સ્વભાવસ્વરૂપ છે તેનો આશ્રય લઈને દશા થાય તે ધર્મ થાય. શું થાય? અરેરે! અનાદિથી સત્ય વસ્તુ છે. કહ્યું હતુંને એ સવારમાં. વસ્તુ છે. કેમ ભાઈ આવ્યા નથી? નહિ આવ્યા હોય. જ્ઞાયકભાવ છે, ધ્રુવભાવ છે. એની અસ્તિ, એની હયાતી નહિ સ્વીકારીને એક સમયની પર્યાય કે રાગ કે પુણ્યનો ભાવ કે પુણ્યના ભાવનું ફળ આ પૈસા ધૂળ અને બહાર એ બધા છે એમ માન્યું એણે. આ છે એમ ન માન્યું. એથી એ છે જેની જીવતી જ્યોત ધ્રુવ એનો એણે અનાદર કર્યો એટલે કે એ નથી એટલે કે હિંસા કરી એણે. અને આ એક સમયની પર્યાય ને રાગ ને રાગના ફળ પુણ્યનું ફળ સંયોગી અનુકૂળ, પ્રતિકૂળ બધી ઈ છે એમ માન્યું. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ ન માન્યો એટલે એને ન માન્યો એટલે એ નથી. નથી એટલે એનું નામ હિંસા કે આ જીવતી જ્યોત છે એને ઠેકાણે નથી. આહા..હા..! મિથ્યાત્વભાવે જીવની હિંસા કરી એણે. પરની હિંસા તો કોણ કરી શકે છે? પરની દયા કોણ પાળી શકે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમપારિણામિકભાવે...**' એમાં પરિણામ ઉત્પાદ-વ્યયના ન લેવા. ઉત્પાદ-વ્યય છે એ પર્યાય છે. ચાહે તો કેવળજ્ઞાન હોય અને ક્ષાયિકભાવ હોય, એ પણ ઉપજે છે અને બીજે સમયે ભલે એવો ને એવો થાય પણ બીજે સમયે વ્યય થાય છે. આહા..હા..! એથી કહે છે કે એ પરિણામની અપેક્ષા વિનાનું સહજ પરમપારિણામિકભાવ. એમાં રહેલો. સ્થિત છેને સ્થિત? '**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...**' સ્વભાવ. અનંત જ્ઞાન. જ્ઞાન જેનો સ્વભાવ છે એની મર્યાદા ન હોય. સ્વભાવ છે તે અમર્યાદિત. આહા..હા..! એવો અનંતજ્ઞાન, જ્ઞાનસ્વભાવ, અનંતદર્શનસ્વભાવ ત્રિકાળ, અનંત આનંદસ્વભાવ ત્રિકાળ, અનંતવીર્ય પુરુષાર્થ સ્વભાવ ત્રિકાળ. એવો સ્વભાવ '**અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' એ આખું થઈને શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ પારિણામિકભાવે છે. એ આ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ એ પર્યાય નહિ, ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધજ્ઞાન-ચેતના...**' શુદ્ધજ્ઞાન-ચેતન. શુદ્ધજ્ઞાન ચેતન એની સાથે અનંતગુણ ભેગા આવી ગયા. શુદ્ધજ્ઞાન ચેતન પરિણામ એટલે પારિણામિકભાવે છે. આહા..હા..! આવું શીખવું પડે. ઓલું તો કાંઈ નહોતું. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા કરીને મિચ્છામી દુક્કડમ ધર્મ થઈ ગયો હતો

લ્યો. સામાયિક.. નહિ? ભગવાનની ભક્તિ કરે. ધૂળેય ધર્મ નથી સાંભળને. ધર્મની ચીજ ક્યાંથી ઉત્પન્ન થાય એ ચીજ કેવડી અને કેટલી છે? આહા..હા..! સ્વભાવ અનંત ચતુષ્ટયસ્વરૂપ પરમ પારિણામિકભાવમાં સ્થિત. એવી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. પરમસ્વભાવમાં સ્થિત. શુદ્ધ જ્ઞાનચેતનાસ્વભાવ. શુદ્ધજ્ઞાનચેતનાભાવ. શુદ્ધજ્ઞાનચેતના પારિણામિકભાવ. આહા..હા..! 'તે **નિયમ** (કારણ**નિયમ**) છે.' તેને કારણનિયમ કહેવામાં આવે છે. અહીંયાં ગ્રંથકાર મુનિરાજે પદ્મપ્રભમલધારિદેવે બતાવવું છે તો નિયમસાર. મોક્ષનો માર્ગ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ (કાર્ય)નિયમસાર બતાવવું છે. કાર્ય નિયમસાર. તો એ કાર્યનિયમસાર બતાવતા પહેલા કારણનિયમસાર બતાવે છે કે જેને આશ્રયે કાર્ય થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ... આવો.

આ શુદ્ધજ્ઞાનચેતના એ વર્તમાન પરિણામની વાત નથી. શુદ્ધજ્ઞાનચેતનસ્વરૂપ પારિણામિકભાવ. તે નિયમ. છેને? '**આ નિયમ તે કારણનિયમ છે,...** ' નીચે છે. '**કેમકે તે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ કાર્યનિયમનું કારણ છે.**' મોક્ષનો માર્ગ જે નિશ્ચયસમ્યગ્દર્શન, સત્યદર્શન, સત્યજ્ઞાન. અહીં જ્ઞાન લીધું છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એવું જે કાર્યનિયમ. પર્યાય એટલે કાર્ય. પર્યાય એટલે કાર્ય અને દ્રવ્ય એટલે કારણ. કાંતિભાઈ! આ ઝીણું બહુ. રસિકભાઈ! આવી વાતું છે આ. ઠીક પહોંચ્યા છે અહીં બધા થોડા-થોડા ખાસ. સાંભળે તો ખરા કે આ શું છે? આહા..હા..! વીતરાગમાર્ગ. કહે છે કે એ ત્રણ પર્યાય છે એ વીતરાગી પર્યાય છે અને તે સુખરૂપ પર્યાય છે. સમજાણું? તે કાર્ય પર્યાય એટલે કાર્ય છે. એનું કારણ અનંત આનંદસ્વરૂપ, અનંત જ્ઞાનસ્વરૂપ, અનંત દર્શનસ્વરૂપ, અનંત વીર્યસ્વરૂપ. એવું પરમસ્વભાવભાવમાં સ્થિત છે આ ભાવ. સ્વભાવ-અનંતચતુષ્ટય એવી શુદ્ધજ્ઞાનચેતના પરિણામ, શુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ એટલે ભાવ. તે ત્રિકાળી પરિણામમાં એ રહિત છે. આહા..હા..!

તેને કારણનિયમ કહે છે. કેમ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિયમસાર જે મોક્ષનો માર્ગ સત્ય એનું એ કારણ છે. સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિયમ અને સાર કહેશે. વ્યવહારનો, ભેદનો પરિહાર માટે. એવો જે મોક્ષનો માર્ગ, એનું કારણ કષાયની મંદતા પૂર્વ પર્યાય તે તેનું કારણ તે નહિ. આહા..હા..! એ મોક્ષનો જે માર્ગ. આહા..હા..! આનંદનો આનંદદાયક માર્ગ, નિર્વિકલ્પ સમાધિરૂપ માર્ગ, આહા..હા..! એનું કારણ પૂર્વની પર્યાય નહિ, રાગની મંદતા નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત પણ નહિ. આહા..હા..! એ કાર્યનિયમ એટલે પર્યાય મોક્ષનો માર્ગ એનું કારણ ત્રિકાળી પરમસ્વભાવમાં રહેલું અનંતચતુષ્ટયરૂપ શુદ્ધજ્ઞાન ચેતનભાવ, શુદ્ધ જ્ઞાનચેતનભાવ એ કાર્યનું એ કારણ છે. એ પર્યાયનું દ્રવ્ય કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણનિયમ કીધું.

હવે, કાર્યનિયમ. જે કારણમાંથી કાર્ય થાય. કારણથી કાર્ય થાય. એ કાર્ય હવે નિયમની વાત કરે છે. જેનાથી થાય એની પહેલી વાત કરી, હવે થાય એ શું ચીજ છે? આહા..હા..!

સમ્યગ્જ્ઞાન. જ્ઞાનથી લીધું છેને? ત્યારે સમ્યગ્જ્ઞાનની પર્યાય થાય એ કાર્ય. હવે એનું કારણ જે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળભાવ તે કારણ. સમ્યગ્દર્શન નિશ્ચય પર્યાય થાય જે મોક્ષનો માર્ગ તે કાર્ય. એનું કારણ ત્રિકાળી દૃષ્ટિ પડી છે અંદર સમ્યક્ શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ એ એનું કારણ છે. એને સમુચ્ચય કારણ લીધું. બાકી એક-એકનું કાર્યનું એક-એક કારણ આ છે. સમજાણું કાંઈ? અને સમ્યક્ચારિત્ર વર્તમાન વીતરાગ પર્યાય સ્થિરતાની પર્યાય કાર્યનિયમ, પર્યાયરૂપ કાર્ય એનું કારણ કે આત્માના સ્વભાવમાં અકષાયસ્વભાવ, ચારિત્રસ્વભાવ ત્રિકાળ છે તે તેનું કારણ છે. પણ અહીં સમ્મુચય લઈ લીધું છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન. સમ્યગ્જ્ઞાન કહી દીધું છે અહીં. સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર એવું કાર્ય પર્યાય એનું કારણ ત્રિકાળી અનંતચતુષ્ટયભાવ, એવી શુદ્ધજ્ઞાનચેતનાસ્વભાવ તે તેનું કારણ. એય..! શશીભાઈ! આવી વાત છે. આ તો કાલે ચાલ્યું હતું હોં. આજે તો ફરીવાર લીધું. કીધું આજે ઘણા નવા છેને. આહા..હા..!

અરે! આવો મર્ગ વીતરાગનો જૈન પરમેશ્વરનો એ ક્યાંય છે નહિ બીજે. સમજાણું કાંઈ? એ આ જૈન દિગંબર સનાતન ધર્મ સિવાય આ વાત બીજે ક્યાંય નથી. ભગવાનજીભાઈ! પછી આ શ્વેતાંબર ને સ્થાનકવાસી. બહુ આકરું લાગે, બાપુ! શું થાય? ભાઈ! સત્યની પ્રસિદ્ધિ તો જુદી છે. સમજાણું કાંઈ? સંતોએ એક-એક પંક્તિમાં દિગંબર મુનિઓએ માર્ગની પ્રસિદ્ધિ કરી છે અને સ્પષ્ટ વ્યક્તથી પ્રગટ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી સ્થિતિનું વર્ણન (કરતા) વાચક શબ્દો પણ બીજે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(કાર્યનિયમ) એટલે...**' પાઠ છેને? '**णियमेण य जं कज्जं**' પાઠ છેને? '**णियमेण य जं कज्जं**' પહેલું પદ છે. ત્રીજાનું. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવાલાયક છે. નિશ્ચયથી ખરેખર યથાર્થપણે કરવાલાયક છે તેને અહીંયાં નિયમસાર કહે છે. તેને મોક્ષનો માર્ગ, મોક્ષનો માર્ગ નિશ્ચય જે કરવાલાયક છે. સમજાણું કાંઈ? પુસ્તક છે, દેવજીભાઈ? ઠીક. એ હવે ત્યાં કાનાતળાવમાં અગ્રેસર છે. કીધું, આ સમજવું પડશે. બધું સમજીને એણે બધું .. પાડ્યું છે બધું. કાનાતળાવમાં એ અગ્રેસર છેને. આહા..હા..! કણબી ભેગા થઈને મંદિર બનાવ્યું છે લ્યો!

**શ્રોતા :-** આત્મા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા છે. આ કણબી, વાણિયો આત્મા ક્યાં છે? આત્મા તો આત્મા છે. આહા..હા..! અહીં તો આત્મા રાગ ને પુણ્ય ને દયાવાળો આત્મા ક્યાં છે? એ તો રાગ વિનાનો છે. આહા..હા..! એ તો ભગવાન આત્મા તો સહજસ્વભાવરૂપ કારણપ્રભુ, કારણજીવ, કારણનિયમ. આહા..હા..! એને કારણનિયમ કહો, કારણજીવ કહો, કારણ પરમાત્મા કહો. આહા..હા..! એમાંથી કાર્યપરમાત્મા એટલે કાર્યદશા. અહીં મોક્ષમાર્ગ છે હજી. એવી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સુખરૂપ, શાંતિરૂપ, સ્વચ્છતારૂપ, નિર્મળરૂપ, નિયમકાર્ય એ ત્રિકાળી કારણસ્વભાવમાંથી એ કાર્ય થાય છે. આહા..હા..!

'(કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય...' પહેલું પદ છે એ. '**णियमेण य जं कज्जं**' ભગવાન કુંદકુંદાચાર્યનું પહેલું પદ એ છે. ભાઈ! જે નિશ્ચયથી કરવાલાયક તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ છે. આહા..હા..! પરવસ્તુ કરી શકે એ તો ત્રણકાળમાં નથી. શરીર, વાણી, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એનું ત્રણકાળમાં કાંઈ કરી શકતો નથી. એ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને મિથ્યાત્વને કરે એ કાંઈ કર્તવ્ય કહેવાય? આહા..હા..! એ તો અનર્થની ઉત્પત્તિના કારણ એને કર્તવ્ય કેમ કહેવું? આહા..હા..! કર્તવ્ય તો એને કહીએ કે જે આનંદદાયક હોય, એ તો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર. જ્ઞાનથી લીધું છેને. સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્ર એ કર્તવ્ય છે, કરવાલાયક છે, એ સુખરૂપ છે, એ હિતરૂપ છે. આહા..હા..! એ આનંદદાયક કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? હીરાલાલજી! ઠીક બધા આવી ગયા છે છતાં અહીં. આ કાલે વંચાણું હતું હોં! ફરીને વંચાય છે આ. કાલે સવારે વંચાણું હતું. ફરીને લીધું તમારા બધા માટે. અહીં તો ફરીવાર લે તો કાંઈક નવું આવે અંદર. આહા..હા..!

કહે છે, પ્રભુ! તને સુખને પંથે જાવું હોય, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિને પંથે જાવું હોય તો એ કર્તવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. આત્માનું કર્તવ્ય તો એ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય એ પણ એનું કર્તવ્ય નહિ. આહા..હા..! આ ખૂબ નાખ્યું છે. પાછું બીજાનું આવ્યું ઓલા અમરચંદ. બીજાનું કરે એ આમ થાય, બીજાનું કરે એ આમ. શિષ્યને ગુરુ ન બનાવે તો એ ગુરુમાં ખામી. અરે! ભગવાન! શું તું કરે છો? અને શિષ્ય જો ગુરુ ન બને તો શિષ્યમાં ખામી. હવે એ તો ઠીક ભલે. પણ ગુરુ જો શિષ્યને ગુરુ ન બનાવે તો ગુરુમાં ખામી છે. આહા..હા..! અરે! પ્રભુ! શું તું કહે છે આ ભાઈ? કોણ બનાવે? કોને? આહા..હા..! આવી વાત, બાપા! જૈનધર્મને નામે ૨૫૦૦ વર્ષ ભગવાનના થયા. એને નામે આવું વીરયાતન કરીને આવા ગપ્પા મારે છે બધા. માણસ ભેગા કરોડો રૂપિયા ખર્ચે. જાણે ઓલો અબજપતિ ભેગો થયો. દુર્લભજીભાઈનો દીકરો છેલશંકર. છેલશંકર છેને દુર્લભજીભાઈના? એની પાસે ૬૦-૭૦ કરોડ રૂપિયા છે. નાના પાસે છે કાંઈક. ઘરે લઈ ગયા હતા એક ફેરી ત્યાં. પ્રેમ તો ખરો સૌને. વળી કાંઈક મહિમા પણ ખરો મહારાજના પગલા થાય છોકરો થયો છે અઢાર વર્ષે. એના નાના ભાઈને. એની પાસે ૪૦-૫૦ કરોડ હશે. આની પાસે ૬૦-૭૦ કરોડ, અબજ કહેવાય છે બે ભાઈઓ વચ્ચે. એને એ આમાં ભળ્યો છે. સ્થાનકવાસી છે ખરાને? સ્થાનકવાસી છે, ભાઈ! જયપુર. જયપુરને? જયપુર. છેલશંકર સ્થાનકવાસીના. અમરચંદ સ્થાનકવાસી એને મદદ કરનારા.

પ્રભુ! માર્ગ જ બાપા! આહા..હા..! કોને કરે? કોણ કરે, ભાઈ! એમ કે લોઢું, સોનું. પારસમણિ લોઢાને સોનું બનાવે. પણ પારસમણિ પારસમણિ ન બનાવે. એમ ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવે તો એ ગુરુ કહેવાય. અરે! અહીંયાં ક્યાં વાત છે? બાપા! કોણ બનાવે

ભાઈ! આહા..હા..! બંધ અધિકારમાં તો નથી આવ્યું? ભાઈ! કે હું બીજાને મોક્ષ કરાવું તો પ્રભુ એ શું છે? એના વીતરાગભાવ વિના એને મોક્ષ થાશે? તું વીતરાગભાવ કરાવી દઈશ એને? આવે છેને? એ જ સત્ છે. પોતે નિશ્ચયગુરુ થાય ત્યારે નિમિત્તના ગુરુને ઉપચાર આપવામાં આવે. આમ વાત છે. નિહાલભાઈમાં એ શબ્દ છે. આહા..હા..!

અહીં કહે છે એ કાર્યનિયમ છે એનું કારણ કોણ? કે ત્રિકાળી વસ્તુ. એનું કારણ કોઈ ગુરુ મળ્યા અને સારું સાંભળવા મળ્યું માટે એનું એ કારણ થાય એમ છે નહિ. આહા..હા..! એ કાર્યનિયમ એટલે? નક્કી જે કરવાયોગ્ય. આહા..હા..! અને એનો શબ્દ પ્રયોજનસ્વરૂપ. બે શબ્દ છે હોં. સંસ્કૃતમાં છે. સંસ્કૃતમાં છે. જુઓ છે? '**नियमेन च निश्चयेन यत्कार्यं प्रयोजनस्वरूपं**' સંસ્કૃતમાં છે. એટલે? નિશ્ચય સમ્યક્ નિશ્ચય જ્ઞાન અને દર્શન, ચારિત્ર એ જ નિશ્ચયથી કરવાલાયક છે. પર્યાય છેને? ધ્રુવને શું કરવું હોય? ધ્રુવ તો ત્રિકાળ છે. આહા..હા..! આ પર્યાય છે એ કરવાલાયક છે. સમજાણું કાંઈ? કેમ? એ પ્રયોજનસ્વરૂપ છે એ. આહા..હા..! કેમ .. એ શું થયું? કેટલા વાગ્યા? વાગ્યા કેટલા? એવું છે. અહીં તો કીધું દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ જ છે. વાગ્યા ઝાઝા. આહા..હા..!

શું કહે છે? ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે કે જે કાર્યનિયમ પર્યાયનું જે છે એ નિશ્ચય નામ સત્યજ્ઞાન, સત્યદર્શન અને સત્યચારિત્ર એ નિર્મળ અરાગી, વીતરાગી, કષાયરહિતની પરિણતિ છે. એ પરિણતિ એટલે પર્યાય છે. એ પર્યાય કર્તવ્ય કરવાલાયક છે. રસિકભાઈ! આ છોકરા-બોકરા કેળવવા, ભણાવવા એ કરવાલાયક ના પાડે છે અહીં. એ કરી શકતો નથી કાંઈ, લ્યો. રામજીભાઈ નથી? સુમનભાઈ નથી? કેળવીને મોટા કર્યા હશેને? ૮ હજારનો પગાર એ વિના થયો મફતનો? લોકો એમ કહે માણસો.

**શ્રોતા :-** તમે વર્ષોથી ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કોને કરે? આ રસિકભાઈનો છોકરો લ્યો, મોટો ત્યાં ક્યાંક કેટલા પૈસા લઈ આવ્યો? ચાર લાખ રૂપિયા લોટરીમાં. લોટરી-લોટરી હતી. ચાર લાખ કોક કહેતું હતું. અમારે ચંદુભાઈ કહે આપણને કાંઈ ખબર નહિ. કેટલા? પચાસ હજાર ડોલર. ડોલર-ડોલર.

**શ્રોતા :-** ડોલર એટલે ચાર લાખ રૂપિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ચાર લાખ. એ કાંઈક કહેતા હતા ભાઈ આપણને કોઈએ કહ્યું હોય એ સાંભળીને કહીએ. આપણને કાંઈ ખબર છે? પચાસ લાખ? પચાસ હજાર ડોલર ઠીક. એને ચાર લાખ કહેવાય. લોટરીમાં આવ્યા લોટરીમાં. પછી અહીં હજાર મોકલ્યા હતા એક હજાર. એ બધી લોટરી-બોટરી હેરાન કરવાની. શું કહ્યું?

**શ્રોતા :-** ફરીને બીજી લોટરી લાગે એટલા માટે મૂક્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી. એ તો કોઈ પૂર્વનું પુણ્ય હોય તો એ જાતનું દેખાય... દેખાય... દેખાય... એ પણ ધૂળમાં છેને. આહા..હા..! કર્તવ્ય તો આ છે. આહા..હા..! ઓહો..હો..! ભાઈ! તારે કર્તવ્ય અને પ્રયોજન હોય, પ્રયોજન જોડાવાનું કાર્ય હોય તો કર્તવ્ય આ એક છે હોં. આહા..હા..! સમ્યક્ સત્યજ્ઞાન એ કોને કહેવું? એ કહેશે. સત્યદર્શન, સમ્યક્ અને સત્ ચારિત્ર એ ત્રણ કરવાલાયક પ્રયોજનરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છોકરાને પરણાવવા અને ઠેકાણે નાખવા ને છોડીયું મોટી સાંઢડા જેવી થઈ હોય ૨૦-૨૦ વર્ષની એને ઠેકાણે પાડે તો પછી સખ થાય. એવું અહીં કાંઈ છે નહિ કહે. એ જ કહે છેને. ભાઈ .. કે છોડીયું ભાઈ ત્રણ-ચાર છોડીયું, ચાર છોકરા. એક ૨૦ની, એક ૨૫ની, એક ૩૦ની. વાતું કરે લોકો ઘણા. આમ ભણાવીએ છીએ અને ફલાણું. પછી ઠેકાણે પાડીએ તો ભાઈ આપણી એક ફરજ છેને બાપની? આહા..હા..! ભાઈ! તારું પ્રયોજન અને કર્તવ્ય હોય તો આ છે. આહા..હા..! ભાઈ! તારો નાથ અંદર પૂર્ણ બિરાજે છે એને કારણ બનાવીને કાર્યનું પ્રયોજન તારે કરવાલાયક તો આ છે. આહા..હા..! જાદવજીભાઈ! આહા..હા..!

'**(કાર્યનિયમ) એટલે નિશ્ચયથી...**' ખરેખર '**(નક્કી) જે કરવાયોગ્ય...**' નક્કી કરવાયોગ્ય. આહા..હા..! એવું '**પ્રયોજનસ્વરૂપ...**' પોતાને જોડાણ થઈને કરવાલાયક તો એ પર્યાય છે. આહા..હા..! '**તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.**' એ ખુલાસો કર્યો. કે શું કરવાલાયક અને પ્રયોજનરૂપ? કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. પર્યાય. હવે એ ત્રણમાનું દરેકનું સ્વરૂપ કહે છે. જ્ઞાન કોને કહેવું? દર્શન કોને કહેવું? ચારિત્ર કોને કહેવું? '**તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' ત્રણ એટલે? સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર. '**તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે : (૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' આહા..હા..! સમ્યગ્જ્ઞાન કોને કહેવું? '**પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' વીતરાગની વાણીને પણ અવલંબ્યા વિના. પરદ્રવ્ય છેને ઈ ભાઈ? આહા..હા..! પરદ્રવ્ય નામ આ શાસ્ત્રને અને શાસ્ત્રની વાણીને અવલંબ્યા વિના. આહા..હા..! કેમકે એ પરદ્રવ્ય છે. આહા..હા..!

'**નિઃશેષપણે...**' સંપૂર્ણપણે યોગશક્તિ નામ ઉપયોગમાંથી અંતર્મુખ થઈને. આહા..હા..! '**(ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ...**' સંપૂર્ણ એ નિઃશેષમાં ગયું. અંતર્મુખ એ થયું અને ઉપયોગને યોગશક્તિમાંથી લીધું. ઉપયોગરૂપી પૂર્ણ શક્તિ છે એમાંથી '**યોગશક્તિમાંથી ઉપાદેય...**' આહા..હા..! ઉપયોગને વર્તમાન જ્ઞાન, દર્શનના પરિણામને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ઉપાદેય તરીકે '**ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજપરમતત્ત્વ...**' આહા..હા..! શાસ્ત્ર વાંચે તો જ્ઞાન થાય, સાંભળે તો જ્ઞાન થાય એ કાંઈ વાત નથી લીધી. આહા..હા..! ભાઈ! સમ્યગ્જ્ઞાન એને ન કહેવાય. આહા..હા..! સમ્યગ્જ્ઞાન તો એને કહીએ કે જે સંપૂર્ણપણે ઉપયોગને અંતર્મુખ કરીને ગ્રહવાલાયક, પ્રગટ કરવાલાયક એવું જે નિજપરમતત્ત્વ. ગ્રહણ કરવાયોગ્ય એવું નિજપરમતત્ત્વ. નિજપરમતત્ત્વ. એનું પરિજ્ઞાન. અહીં સુધી કાલે આવ્યું હતું.

એટલે પૂર્ણ સ્વરૂપ ભગવાન એમાંથી ગ્રહવાલાયક, ઉપાદેય કરવાલાયક સમ્યગ્જ્ઞાન, પરીજ્ઞાન. એટલે? કે જે જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ ભગવાન પરમતત્ત્વનું જ્ઞાન થાય. પરમતત્ત્વને પર્યાય અડ્યા વિના જ્ઞાનમાં પૂર્ણનું જ્ઞાન થાય. શું કહ્યું એ? ફરીને. ભગવાન જે પરમતત્ત્વ છે. જ્ઞાયક જેને કારણનિયમ કહીએ, જેને કારણપરમાત્મા કહીએ, જેને કારણજીવ કહીએ, જેને પરમતત્ત્વ કહીએ એનું અહીં જ્ઞાન. એટલે જ્ઞાનની પર્યાયમાં પરિજ્ઞાન. એ જ્ઞાનમાં આખી વસ્તુ છે એનું જ્ઞાન થાય. પર્યાય એક સમયની, વસ્તુ ત્રિકાળ. આહા..હા..! જે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળ જ્ઞાન થાય, ત્રિકાળીનું જ્ઞાન થાય તે જ્ઞાનને પરિજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! શેઠ! છે પુસ્તક છેને? આહા..હા..! પણ એ વાત છે જ ક્યાં? એ કાનપુરમાં ક્યાંય વાત જ નથી. ભાઈ શું કહેવાય? અમરચંદ. અમરચંદ બધા ભેગા થઈને વાંચે છે. આહા..હા..! અરે! ભાઈ! આ ચીજ શું છે? આહા..હા..!

અંતર્મુખને ઉપયોગને કરી અને અંતરતત્ત્વ જે ગ્રહવાલાયક છે, જાણવાલાયક છે એને જ્ઞાનની પર્યાયમાં પરિજ્ઞાન. એ પૂર્ણસ્વરૂપ છે તેનું પર્યાયમાં જ્ઞાન થઈ જવું. આહા..હા..! આત્મજ્ઞાન બીજી ભાષાએ કહીએ તો. સમજાણું કાંઈ? તે જ્ઞાનની પર્યાયમાં આત્માનું જ્ઞાન. સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન ઓછું હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! જે જ્ઞાનનો પર્યાય કાર્યનિયમ છેને? તો કાર્ય એટલે પર્યાય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ પર્યાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. તે જ્ઞાનમાં પરિ નામ પૂર્ણ આત્મા આવવો જોઈએ. એ જ્ઞાનમાં પરિ એટલે સમસ્ત આખો આત્મા જ્ઞાનમાં થાય. આહા..હા..! આવે એટલે? પર્યાયમાં દ્રવ્ય ન આવે. આત્મા દ્રવ્ય છે એ પર્યાયમાં ન આવે, પણ દ્રવ્યનું પૂરું જ્ઞાન પર્યાયમાં આવે. આહા..હા..! ત્રિભુવનભાઈ! આવી વાતું છે. આહા..હા..!

જેને આત્મજ્ઞાનથી ઉપાડી છે વાત. આહા..હા..! એટલે? સમ્યગ્જ્ઞાન જે સુખરૂપ જ્ઞાન, જે મોક્ષનો માર્ગ જે જ્ઞાન, મોક્ષમાર્ગનો અવયવ એક આ. તે જ્ઞાન તેને કહીએ કે જે જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત-અનંત અપરિમિત શક્તિનો સાગર એ પર્યાયમાં તેનું જ્ઞાન થાય. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યનું પૂરું જ્ઞાન કરે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ડાહ્યા તારું ડહાપણ નહોતું કહ્યું એક ફેરી? ભાઈ નહિ? ઓલા હતાને વાંકાનેરના હતા. ડાહ્યાભાઈ ધોલસા. નાટક જોયું હતું અમે. ૬૪ની સાલની વાત છે. સંવત્ ૬૪. એક સાધુ આવ્યા હતા. અમે તો સ્થાનકવાસી .. એની સામે ધર્મશાળામાં રહ્યા. ગામમાં ગોત્યા. પછી વખત હતો અને પછી હું અને અમારા ફાવાભાઈ હતા. ફાવાભાઈ છેને? આ મનહરના બાપ. ફાવાભાઈ હતા. બેય .. ગયેલા. નવરા ચાલો ભાઈ નાટક જોવા જઈએ કીધું. એ ડાહ્યાભાઈ ધોલસાનું નાટક હતું. મીરાંબાઈનું હતું. પણ એ વખતે તો ભાઈ વૈરાગ્યના બહુ નાટક! અત્યારે તો આ ફિલ્મમાં ગજબ કરી નાખ્યા. આહા..હા..! એક બાઈ ઉઘાડી ઉભી હોય અને ચુંબન

કરીને આમ હાથ નાખે. અરર! આ સજ્જનતાને શોભે છે? આવા લક્ષણ અનીતિના એટલા વધી ગયા છે. એ વખતે તો વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... એમાં એ ડાહ્યાભાઈ હતા. બાર આનાની ટિકિટ લીધી હતી તે દિ'. તે દિ' હોં. એ ડાહ્યાભાઈ જ્યારે મરવા પડ્યા. .. પૈસા. અઠવાડિયામાં ત્રણ પાડતા અને એક-એક અઠવાડિયામાં પંદરસો રૂપિયા એક-એક .. એટલું માણસ. તે દિ' હોં ૬૪ની વાત છે આ. ઈ જ્યારે મરવા પડ્યા ત્યારે એક બોલ્યા. એલા ડાહ્યા! તારું ડહાપણ ત્યારે કહીએ. એ તો શાંતિથી મરણ દેહને છોડ તો. ઓલા નાટકબાટક તે બનાવ્યા બધા ધૂળ કરીને. અઠવાડિયામાં ત્રણવાર. એક રાતના પંદરસો લેતા તે દિ'. પંદરસો રૂપિયા એક રાતના. એટલું માણસ ભેગું થાતું. જોવા ગયા હતા. ચોપડી લીધી હતી. મીરાંબાઈનું નાટક જુઓ તો વૈરાગ્યની ધૂન ઉઠે. આવે તો ઉંઘ ન આવે. એવી એ શૈલી હતી.

મીરાંબાઈ કહે છે એના ધણીને 'સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' 'સાધુની સંગે હું તો ઘેલી' ઘેલી સમજો છો? પાગલ. પાગલ થઈ ગઈ. હવે હું રાણી તરીકે નહિ. આહા..! વૈરાગ્યમાં .. ભલે બિચારા તત્ત્વદષ્ટિ એવી હોય નહિ, પણ એવી શૈલી હતી. એ ડાહ્યાભાઈ મરવાટાણે બોલ્યા હતા. વાંકાનેરના. તમારા વૈષ્ણવ હતા. 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ ભાઈ! તું સમાધિ શાંતિથી મરણ થાય.' બાકી ડહાપણ-ડહાપણ દુનિયાના પૈસા કરોડો, લાખો, ઘણા લાખો કર્યા. આહા..હા..! ૬૪ની સાલમાં એટલી પેદાશ તે કેવી! આઠ દિ'માં તો સાડા ચાર હજાર. આઠ દિ'માં સાડા ચાર હજાર. ૬૪માં. આજ તો કેટલા વર્ષ થઈ ગયા. આહા..હા.. અહીંયાં કહે છે કે ડાહ્યા! તારું સમ્યગ્જ્ઞાન ત્યારે કહીએ કે તે જ્ઞાનમાં ભગવાન આખો જણાય તેને અમે જ્ઞાન કહીએ. આહા..હા..! હરિભાઈ! ત્યારે તારું ડહાપણ સમ્યગ્જ્ઞાન કહીએ. આહા..હા..! આટલા ચોપડા લખતા આવડે છે, આવું નામું લખતા આવડે છે. મોતી જેવા દાણા લખે છેને. નામા લખે. ધૂળમાં છે? એ તો જડની અવસ્થા. આહા..હા..! અને ક્ષયોપશમ મોટો હોય. આહા..હા..!

અહીં તો કહે છે તારી સમ્યગ્જ્ઞાનદશા ડહાપણ એને કહીએ આહા..હા..! કે જે જ્ઞાનની પર્યાયમાં આત્મા જ્ઞાનમાં આવે. જ્ઞાનમાં આવે હોં. આત્મા પર્યાયમાં ન આવે. આહા..હા..! બીજી ભાષા કરીને આત્મજ્ઞાન શબ્દ વાપર્યો. ભાઈ! ઈ આત્મજ્ઞાન એમ. પરિજ્ઞાનનો અર્થ આત્મજ્ઞાન. ભાઈ! આહા..હા..! શું સંતોની વાણી! કેવી ટૂંકા શબ્દોમાં કેટલું સમાડી દીધું છે! આહા..હા..! ભાઈ! એ '**પરદ્રવ્યને અવલંબ્યા વિના...**' હવે સ્વદ્રવ્યનું અવલંબન લેવું છેને? બાકી રાખ્યા વિનાનો અંતર્મુખ '**યોગશક્તિમાંથી ઉપાદેય એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન તે જ્ઞાન છે.**' તેને જ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાન મોક્ષના કારણરૂપે કાર્ય કહેવામાં આવે છે. મોક્ષના કારણરૂપે કાર્ય કહેવામાં આવે છે. કાર્યનિયમ છેને? આહા..હા..! શાંતિભાઈ! આવી વાતું છે, ભાઈ! બધા એમ.એ.ના ભણેલા અને ડોક્ટરોના એલ.એલ.બી. એ કાંઈ

જ્ઞાન નહિ, કહે છે આ. અરે! શાસ્ત્રને ભણ્યો હોય અગિયાર અંગ એ પણ જ્ઞાન નથી. આહા..હા..! સભાને રંજન કરતા આવડતી હોય આમ .. એ જ્ઞાન નહિ, બાપા! એ જ્ઞાન નહિ. આહા..હા..!

જ્ઞાન તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ગણધર અને ઈન્દ્રો એકાવતારી એક ભવ મોક્ષ જનારાની સભામાં એમ ફરમાવતા હતા એ સંત ફરમાવે છે. આહા..હા..! ભાઈ! કાર્યનિયમ, કાર્યજ્ઞાન, કારણજ્ઞાન ત્રિકાળ એ કારણનું પર્યાયમાં જ્ઞાન પૂરું આવે એને અમે જ્ઞાન કહીએ છીએ. આહા..હા..! ડાહ્યાભાઈ! આહા..હા..! આવી વાત ક્યાં બાપા છે? આહા..હા..! ભાઈ! પક્ષપાત છોડીને વિચાર કરે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કાર્યનિયમ, પણ મોક્ષનું એ કારણ છે અને એનું કારણ દ્રવ્ય છે. એ આવે છેને, ભાઈ! ઘણે ઠેકાણે આવે છે. મોક્ષના કારણનું કારણ. એ આવે છે બબ્બે. મોક્ષનું કારણ આ ઉપયોગ અને એનું કારણ ત્રિકાળ. આહા..હા..!

ભગવાન આખો પૂર્ણાનંદનો નાથ અનંત અપરિમિત શક્તિનો સાગર જેના જ્ઞાનમાં આખું જ્ઞાન પૂરું, પૂરાનું જ્ઞાન આવે પર્યાયમાં. સમજાણું કાંઈ? એને સમ્યગ્જ્ઞાન, મોક્ષના કારણરૂપ અને વર્તમાન કાર્યરૂપ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! હવે અહીંયાં તો થોડુંઘણું જ્યાં ભણે અને વાંચે ત્યાં એમ થઈ જાય કે ઓહો..હો..! અરે! સાંભળને બાપા! ભાઈ! આહા..હા..! અને કહેતા કાંઈક આવડે વ્યાખ્યાન-વ્યાખ્યાન દેતા. એટલે જ્ઞાન થઈ ગયું જાણે. અરે! ભાઈ! એ જ્ઞાન નથી, બાપા! જ્ઞાનમાં ભગવાન આવવો જોઈએ એમ કહે છે. જ્ઞાનમાં ભગવાનની પ્રતિષ્ઠા આવવી જોઈએ. આહા..હા..! ભગવાન એવો ભગવાન કારણપરમાત્મા, કારણજીવ, પરમપારિણામિકસ્વભાવમાં સ્થિત પૂર્ણ સ્વરૂપ તે જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞેય થઈને જ્ઞાન આવવું જોઈએ. આહા..હા..! કહો, આ બધા કારખાનાને કાઢે છેને હુશિયાર માણસને. .. ભાઈ જ્યોતિ ગયો? ગયો? બસ? કારખાનું ચલાવવા. એ કારખાનું છે કાંઈક નહિ? એવું છે કાંઈક. તને કારખાનું કહેતા હતા ... મામાને, તો ન રહ્યો એ. એના મામા પૈસાવાળા છે ત્યાં. આ કારખાનું સમજવા જેવું છે. આહા..હા..! એ જ કરવાલાયક કીધું, બાપા!

ત્રિકાળી કારણપરમસ્વભાવભાવ એવો પારિણામિકભાવ તેમાં શુદ્ધ ચેતનાજ્ઞાનરૂપ ભાવ પડ્યો છે ત્રિકાળ. આહા..હા..! તેનું જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થવું. ઓહો..હો..! એક સમયની પર્યાય અને ત્રિકાળીનું જ્ઞાન અને તે પરિણામ પરિણામીને અડ્યા વિના ફક્ત સન્મુખ થયો. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ કારણપરમાત્મા, ધ્રુવસ્વરૂપ એની પર્યાય સન્મુખ થયો તો એ પર્યાયનું પૂર્ણ જ્ઞાન આવ્યું. અવલંબાવીને કહ્યુંને? પરદ્રવ્યને અવલંબ્યા વિના. આહા..હા..! એટલે પરદ્રવ્યની સન્મુખતા છોડી દઈને અને સ્વદ્રવ્યની સન્મુખતા કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? એને પરિજ્ઞાન, એને કાર્યનિયમ, કાર્યજ્ઞાન. આને કાર્યજ્ઞાન અત્યારે હોં. ઓલું કાર્ય વળી ત્રિકાળી કારણ અને કેવળજ્ઞાન કાર્ય એ વળી પછી. આહા..હા..! સમજાણું કાંઈ? આટલું

તો કાલે આવ્યું હતું. નહિ? કાલે તો અહીં સુધી આવ્યું હતું. આ ફરીને આટલું આવ્યું.

હવે શ્રદ્ધા. હવે સમ્યગ્દર્શન. પહેલું જ્ઞાન આમાં લીધું. ઓલામાં પહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. '(૩) **ભગવાન પરમાત્માના...**' આહા..હા..! '**ભગવાન પરમાત્મા...**' પોતે હોં. એના '**સુખના અભિલાષી...**' પરમાત્મા ભગવાન પરમાત્મા, કારણપરમાત્મા. પોતે ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ, નિત્યાનંદ એવો જે ભગવાન પરમાત્મા એના સુખનો અભિલાષી. કારણ ભગવાન પરમાત્માના આનંદનો અભિલાષી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્ત્રીનો અભિલાષી, સુખનો, પૈસાનો અભિલાષી ને ઇન્દ્રપદનો અભિલાષીને. આહા..હા..! રાજાનો, ધૂળનો એ બધું છોડ, બાપા! આહા..હા..! ત્રિલોકનાથ જેમાં આનંદ અતીન્દ્રિય, અતીન્દ્રિય આનંદનો ભરચક પ્યાલો ભર્યો છે અંદર. આહા..હા..! એવો જે ભગવાન પરમાત્મા એના સુખનો અભિલાષી. આહા..હા..! ભાષા જુઓને. એની સન્મુખ થાવું છેને. આહા..હા..!

જેની બુદ્ધિ પરસુખમાંથી ઉડી ગઈ છે. આહા..હા..! ઇન્દ્રના ઇન્દ્રાસનો જે.. આ તો સ્ત્રીઓ શરીરની અહીં તો બે દિ' ન ખાય તો એં..એં.. થઈ જાય અને ઓલી તો હજારો વર્ષે આહાર, કંઠમાંથી ઝરે એવી ઇન્દ્રાણીઓના સુખ પણ જેને ઝેર જેવા દેખાય. આહા..હા..! અને પરમ ભગવાન આત્માના સુખનો અભિલાષી. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી '**જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું...**' શુદ્ધ અંતઃતત્ત્વ જે એના વિલાસનું ક્રિડામહેલ આનંદનું '**જન્મભૂમિસ્થાન...**' એને ઉત્પત્તિનું, ભૂમિનું સ્થાન '**જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' નિજ શુદ્ધ જીવ અસ્તિકાય ભાષા આખી નાખી જોયું! એકલું જીવ એમ ન લીધું. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે અસંખ્ય પ્રદેશી જીવ જોયો છે. એ નાખ્યું અહીં. તેથી જીવાસ્તિકાય શબ્દ વાપર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્દે પણ એ શબ્દ વાપર્યો છે ત્યાં. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન.' એ તો ચૈતન્યઘનમાં અસંખ્ય પ્રદેશ નાખ્યા છે. કારણ કે સર્વજ્ઞે જ આ કહ્યું છે, જોયું છે. બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પરમાત્માના આનંદનો '**અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' નિજ શુદ્ધ જીવ અસ્તિકાય. અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ જીવાસ્તિકાય. ક્ષેત્ર પણ બતાવ્યું. અસંખ્ય પ્રદેશ એનો દેશ છે. બીજે એવું ક્યાંય નથી સર્વજ્ઞ સિવાય. જીવના અસંખ્ય પ્રદેશને વેદાંત કે બીજે ક્યાંય આવું નથી. વેદાંત તો સર્વવ્યાપક કહે છે. આહા..હા..! અસ્તિકાય અને અસ્તિકાય એવો શબ્દ નથી. સમજાણું કાંઈ? ભગવાન પરમાત્માના સુખનો કામી એવા જીવને, આવા જીવને. જેને ઇન્દ્રના સુખ જોવે છે અને ભોગના સુખ જોવે છે. પુણ્ય કરવું છે અને પુણ્યથી ચક્રવર્તી પદ મળે એવા જીવને આ વસ્તુ ન હોઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ? દેવજીભાઈ! આહા..હા..!

'**નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' ભાષા. શુદ્ધ જીવાસ્તિકાય. એકલો જીવાસ્તિકાય નહિ, એકલો જીવ નહિ. જીવ અસ્તિ અસંખ્ય પ્રદેશી અને શુદ્ધ. આહા..હા..! '**તેનાથી ઊપજતું...**' એવો શુદ્ધ જીવાસ્તિકાયથી ઉપજતું '**પરમશ્રદ્ધાન...**' આહા..હા..! ત્રિકાળી શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. આહા..હા..! સમ્યગ્દર્શન કાર્ય છે અને કારણશુદ્ધજીવાસ્તિકાય તત્ત્વ છે. આહા..હા..! લ્યો આ ગાથા આવી. ક્યાં ગયા એય..! શશીભાઈ! આહા..હા..! '**જે પરમશ્રદ્ધાન...**' એ પરમસુખનો, આત્માના સુખનો અભિલાષી. ભગવાન પરમાત્મતત્ત્વના આનંદનો.. દુનિયા દુનિયા જાણે. એને ઘરે રહી દુનિયા. આહા..હા..! દુનિયા જાણે તો હું છું જ્ઞાની એમ કાંઈ છે ત્યાં? આહા..હા..!

**શ્રોતા** :- દુનિયાને .. ખબર પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દુનિયાને ખબર પડે, ન પડે એમાં અહીં શું છે? આહા..હા..!

**શ્રોતા** :- ચરણ સ્પર્શ કરે એનું નિહાલ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિહાલ થાય. ત્રણલોકના નાથની સર્વજ્ઞ સાક્ષાત્ પરમાત્મા, એની પૂજાઓ અનંતવાર કરી મણિરત્નના દીવે. પ્રભુ! એ તો શુભભાવ છે. આહા..હા..! ભગવાન પોતે કહે છે કે મારી તરફના લક્ષે તને રાગ થશે ભગવાન! તારા સન્મુખ જો તને તારો આત્મા ત્યાં જણાશે. આહા..હા..! એવી પરમશ્રદ્ધા તેને સમ્યગ્દર્શન કહે છે. જુઓ, આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૪, સોમવાર, તા. ૦૫-૦૧-૧૯૭૬
## ગાથા-૩, પ્રવચન નં. ૧૪૪

આ નિયમસાર. જીવ અધિકાર. ત્રીજી ગાથા. ફરીને જ્ઞાન. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. નિશ્ચય છે એ મોક્ષનો માર્ગ. એ નિયમસાર છે આ. હવે એને સમ્યગ્જ્ઞાન જે કીધું એનું શું સ્વરૂપ સમ્યગ્જ્ઞાન? તો એમ કીધું કે '**નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન તે જ્ઞાન છે.**' એનો અર્થ ઈ કે પરિપૂર્ણ વસ્તુ જે છે એવો જે આત્મા એ આત્માનું જ્ઞાન તે જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક સમયમાં પરિપૂર્ણ વસ્તુ છે એક પર્યાય વિનાની. એ પર્યાયમાં એનું જ્ઞાન થવું. આખો આત્મા પૂર્ણ જે છે એનું જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે. એ તો આવી ગયું છે.

હવે સમ્યગ્દર્શન. એ પણ પરિપૂર્ણ વસ્તુ જે છે આખી અખંડ. એની શ્રદ્ધા તેનું નામ

સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કેમકે એના વિશ્વાસમાં, પ્રતીતિમાં 'પરિપૂર્ણ છે' એમ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન સત્ય ન થાય. એથી કહ્યું કે '**ભગવાન પરમાત્માના સુખના અભિલાષી...**' એટલે જેને અતીન્દ્રિય આનંદની ભાવના છે. અતીન્દ્રિય આનંદની જેને અભિલાષ છે એ '**સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વ...**' પરિપૂર્ણ વસ્તુ. એના '**વિલાસનું જન્મભૂમિસ્થાન...**' એના આનંદનું જન્મભૂમિસ્થાન '**નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' એ પરિપૂર્ણ વસ્તુ લીધી. જ્ઞાનમાં પણ આત્મજ્ઞાન એટલે પરિપૂર્ણ આત્માનું જ્ઞાન, તેનું જ્ઞાન અને એમાં એકાગ્ર થતાં શક્તિમાંથી પર્યાયમાં વ્યક્તતા પ્રગટ થાય. એટલે મુદ્દાની રકમ આ છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું...**' વસ્તુ જે જીવ છે કાય અસંખ્ય પ્રદેશી અને અનંતગુણની પરિપૂર્ણ વસ્તુ. આહા..હા..! એ આત્મજ્ઞાન કહો તોપણ પરિપૂર્ણનું જ્ઞાન, સમ્યગ્દર્શન કહો તો પરિપૂર્ણની શ્રદ્ધા. આહા..હા..! '**જે પરમશ્રદ્ધાન તે જ દર્શન છે.**' આહા..હા..! આ અહિંસા-અહિંસા લોકો કરે છેને? અહિંસા. ભગવાનની અહિંસા એને એમ કે ગાંધીજીને અહિંસામાં મેળવે છે. આજે આવ્યું છે પુસ્તક આ. એમાં મેળવ્યું છે ઈ. એક માણેકચંદ કટારિયા છેને કોક? મહાવીરની અહિંસા ઈ છે કે જે આત્મા પરિપૂર્ણ અખંડ અભેદ ચીજ છે તેનો અંતર પ્રતીત અને વિશ્વાસ આવવો ત્યારે એને એ સમ્યગ્દર્શનરૂપી અહિંસા પ્રગટ થાય છે. મિથ્યાત્વભાવ છે તે હિંસા છે. પરને મારવો, ન મારવો એ અહીં પ્રશ્ન છે જ નહિ. પરને મારી શકે, જીવાડી શકે એ આત્મા છે જ નહિ. એ પોતામાં ને પોતામાં પરિપૂર્ણને માને નહિ અને એક સમયની પર્યાયને આત્મા માને તો તે મિથ્યાત્વરૂપી જીવની હિંસા છે. કેમકે પરિપૂર્ણ ભગવાન માહાત્મ્યસ્વરૂપ આખો એની એને કબુલાત, પ્રતીત અને એની સન્મુખ થઈને ન થઈ અને પર્યાયની સન્મુખ થઈને 'પર્યાય તેટલો તે હું' એને હિંસા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! મહાવીરની અહિંસા અને ગાંધીની લૌકિક ..ઘણા નામ નાખ્યા છે. કબીર ને ફલાણા ને ઢીંકણા. એ લૌકિક લાઈન છે બધી. આ તો અલૌકિક વસ્તુ જ એવી છે કે એ અખંડ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ જેને શાંતિ અને સુખ જોઈતું હોય એણે જ્યાં શાંતિ અને સુખથી ભરેલો પદાર્થ છે તેને એને જાણવું અને શ્રદ્ધવું જોશે. સમજાય છે કાંઈ? કહો, શાંતિભાઈ! આહા..હા..!

જેને આત્મામાં સુધારો કરવો હોય, પવિત્રતા પ્રગટ કરવી હોય. તો જ્યાં પવિત્રતા પરિપૂર્ણ છે તેનું જ્ઞાન અને પ્રતીત પહેલી શ્રદ્ધામાં લેવી પડશે. સમજાણું કાંઈ? આવી વાત છે. અખંડ અભેદ ચીજ પૂર્ણ છે એનું જ્ઞાન અને વિશ્વાસ એ સત્ય છે. એથી એ સત્ય જ્ઞાન છે અને એ શ્રદ્ધા સત્ય એટલે સમ્યગ્દર્શન છે. ડાહ્યાભાઈ! આહા..હા..! એને અને એને પર્યાય જેટલો માનવો, રાગ જેટલો માનવો એ જ મિથ્યાત્વ છે, એ જ હિંસા છે અને એ જ સત્યની વિરુદ્ધનું અસત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય એક સમયમાં પરિપૂર્ણ ભંડાર, ખજાનો

છે કે જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય નીકળે તોપણ એની પરિપૂર્ણતામાં ખામી, ખંડ ન થાય. આહા..હા..! આ તે કાંઈ વસ્તુ છે? ભાઈ! એ વસ્તુનો સ્વભાવ છે. એને અંતરમાં બેસવો જોઈએ. સમજાણું કાંઈ? આમ ભાષા એમ કરી છઠ્ઠી ગાથામાં 'જ્ઞાયક' જેમાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય નથી. અગિયારમામાં એમ કહ્યું ભૂતાર્થ, સત્યાર્થ વસ્તુ સત્યાર્થ ત્રિકાળ તે સમ્યગ્દર્શનનો આશ્રય અને તેનાથી સમ્યગ્દર્શન થાય. એનો અર્થ પૂર્ણ સત્ય છે તેની પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? અને પૂર્ણ સ્વરૂપ છે અરે! એનો વિશ્વાસ અને એ જ્ઞાન તે શું ચીજ છે, ભાઈ! સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન. એ તો પરિપૂર્ણ જેની કેવળજ્ઞાનની પર્યાયો પણ જેમાં શક્તિમાં અનંત-અનંતી શક્તિ પડી છે. એવા દર્શનની શક્તિ, એવી ચારિત્રની શક્તિ, એવી સ્વચ્છતાની, વીર્યતાની, કર્તાની, કર્મની, ઓહો..હો..! જેના ગુણો તો આકાશના પ્રદેશથી અનંતગુણા. એ એક-એક ગુણની પરિપૂર્ણતા. આહા..હા..!

સ્વભાવ છેને? ભાવ છેને? ભાવમાં અપરિમિતતા જ હોય. એને મર્યાદા હોઈ શકે જ નહિ. આહા..હા..! એવો જે આત્મા એક-એક શક્તિથી, અપરિમિત સ્વભાવથી ભરેલો એને અહીંયાં પૂર્ણ જ્ઞાનઘન કહીને જ્ઞાનની પ્રધાનતા કરીને પૂર્ણ ગુણઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું ટકવું અને જીવન જ એ એનું પૂર્ણ સ્વરૂપ છે. એ પૂર્ણ જીવન જેનું છે એને સ્વીકાર્યે સત્યદર્શન અને સત્‌જ્ઞાન થાય. આવી વાતુ બહુ ઝીણી, ભાઈ! આહા..હા..! એ વાત સર્વજ્ઞ સિવાય... તેથી કાલે આવ્યું હતુંને? સર્વજ્ઞની વાણીમાં જેવું કહ્યું છે તેવું... સમયસારમાં. આહા..હા..! એટલે કે એણે બધું પૂર્ણ જાણ્યું છે. એક-એક આત્મા પૂરો, એક-એક રજકણ પણ અનંતગુણથી પૂરો એવા અનંતા દ્રવ્યો તે એક-એક શક્તિના સાગરને પૂરા છે બધા. જડ જડપણે પૂરો, ચૈતન્ય ચૈતન્યના આનંદ આદિથી પૂરો. સમજાય છે કાંઈ? એવા પૂરા દ્રવ્યનું પૂરું જ્ઞાન સર્વજ્ઞને હોય છે. એથી સર્વજ્ઞે કહેલો ભગવાન આત્મા એ સર્વજ્ઞે કહેલો એ આત્મા એ પરિપૂર્ણ વસ્તુ છે. આહા..હા..!

ઓલામાં આવ્યું નહિ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ. પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા' સર્વજ્ઞ પરમાત્માને ભક્ત કહે, પ્રભુ! આપ સર્વજ્ઞ છો. પ્રભુ! આપ સૌ જગત દેખો છો. 'તુમ જાણગ રીતિ જે છે સૌ જગ દેખતા.' એમાં આત્માને આપે, સૌને દેખતા. આત્માને એવો દેખ્યો આ બધાને. બધા આત્મા હોં. અભવિનો હો કે ભવિનો હોય. આહા..હા..! અનંત સંસારની પર્યાયમાં હો પણ વસ્તુ જે છે આહા..હા..! એ તો નિજ સત્તાએ શુદ્ધ. પોતાના હોવાપણે પરિપૂર્ણ શુદ્ધ. એનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એથી પરિજ્ઞાન શબ્દ વાપર્યો છેને? પૂરા તત્ત્વનું, આખા તત્ત્વનું, એકરૂપ તત્ત્વનું જ્ઞાન તે આત્મા તે જ્ઞાન કહેવાય છે. તેથી આવે છેને પહેલા? જ્ઞાનની સમીપમાં આત્મા, દર્શનની સમીપમાં આત્મા. આહા..હા..! જ્ઞાનના સમીપમાં આત્મા, જ્ઞાનના સમીપમાં પર્યાય અને રાગ નહિ. આહા..હા..!

જેની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પરિપૂર્ણ તત્ત્વનું જ્ઞાન છે તે પર્યાયની સમીપમાં આત્મા છે. રાગ અને એક સમયની પર્યાયને માન્યો હતો ત્યાં આત્મા સમીપમાં નહોતો, દૂર હતો. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા તે ટીકા છેને. આ ત્રીજી ગાથા સાંભળવી છે. ક્યાં ગયા શશીભાઈ? આ ત્રીજી ગાથા આવી છે. આહા..હા..! ત્રીજી ગાથા છે આ. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. ત્રીજી ગાથા જ્ઞાન-દર્શન-ચારિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? શરત એટલી કે જેને આનંદની અભિલાષા છે, દુઃખ વિકલ્પ આદિ જે દુઃખ છે તેનાથી મુક્ત થવાની જેને ભાવના છે. સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાનનો વિકલ્પ હો તોપણ એ હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે એનાથી રહિત જે પરિપૂર્ણ વસ્તુ, પર્યાયને આમ સમીપમાં રાગને લે એ મિથ્યાત્વ છે અને એ હિંસા છે, મહાભગવાન સ્વરૂપ એનો અનાદર થઈ જાય છે. આહા..હા..! અને મહા ભગવાન પરમાત્મસ્વરૂપ એને જ્ઞાનમાં સમીપમાં લેતા એનો સત્કાર અને આદર થાય છે. એ આવડો છે એવું એના જ્ઞાનમાં ભાસે છે તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત સર્વજ્ઞ સિવાય બાપુ ક્યાં હોય? આહા..હા..! સમજાણું કાંઈ? વાડામાં પડ્યા સર્વજ્ઞ શું છે એની ખબર ન મળે. આહા..હા..! અને એ સર્વજ્ઞે આત્માને પૂર્ણ જોયો એવો જે જ્ઞાનની પર્યાય પૂર્ણને જાણે તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! પરના જાણવા એ જ્ઞાન નહિ, પર્યાયને જાણે એ પણ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જે ભગવાન પરિપૂર્ણ ચૈતન્યતત્ત્વ છે એનું જેને પૂરું જ્ઞાન પર્યાયમાં થાય. પર્યાય એક સમયની અને એમાં જ્ઞાન પરિપૂર્ણ ભગવાન આત્માનું. આહા..હા..! એ પર્યાયની તાકાત કેટલી? અક્ષય-અમેય કીધું છેને. આહા..હા..! પ્રભુ! આ તો વીતરાગ દરબારની વાતું છે. આહા..હા..! વીતરાગ... આહા..હા..! શું કહેવાય દીવાન? વીતરાગનો દરબાર છે આ. એમ આત્મા એક-એક શક્તિથી વીતરાગ દરબારનો સંગ્રહ છે એમાં. બધી શક્તિઓ વીતરાગસ્વરૂપે છે. સમજાય છે કાંઈ? એવી અનંતી શક્તિઓનો દરબાર છે ભગવાન આ તો. આહા..હા..! હવે આ દુનિયાની લક્ષ્મી-ફક્ષ્મી તો ક્યાંય રહી ગઈ ધૂળ. આહા..હા..!

અહીં તો પર્યાયના અંશને સ્વીકારે તોપણ મિથ્યા પર્યાયમૂઢા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધું પરિજ્ઞાન શબ્દ વાપર્યો છેને પહેલે ધડાકે. આહા..હા..! એટલે કે આત્મજ્ઞાન. શ્રદ્ધા એટલે આત્મશ્રદ્ધા. એમ આવે છેને? ટૂંકી ભાષામાં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આત્મા ... ઓહો..હો..! સમજાણું કાંઈ? આત્મપદાર્થ એક સમયમાં પરિપૂર્ણ શક્તિનો સંગ્રહનો ભંડાર પ્રભુ, પરિપૂર્ણ તત્ત્વ. આહા..હા..! જેમાં કેવળજ્ઞાનની પર્યાય પણ અનંતમે ભાગે. એક ગુણને એક ગુણને અનંતમે ભાગે જાય. આહા..હા..! સમજાણું કાંઈ? જેની સમ્યગ્દર્શનની પર્યાય એક શ્રદ્ધા ગુણને અનંતમે ભાગે એ પર્યાય આવે. આહા..હા..! જેની શાંતિ.... શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયસ્વભાવ ઉપશમરસથી ભરેલો શાંતરસથી એનું ચારિત્ર આવે ઈ પણ

અનંતમે ભાગે આવે, એક ગુણને અનંતમે ભાગે. અનંતાગુણ છે એની પર્યાય પરિપૂર્ણ થાય તોપણ એ અનંતાભાગે આવે. આહા..હા..! એવો જે ભગવાન પરિપૂર્ણ, ભાઈ! આ તો જ્ઞાનમાં બેસવાની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ બીજાનું કરી શકતો નથી, પરથી લેતો નથી, પરમાં ક્યાં પૂર્ણતા પોતાની છે ત્યાં? આહા..હા..! એ તો પર્યાયને ગણતો નથી અને પર્યાયને લેવું નથી અને પર્યાયને છોડવી નથી. આહા..હા..! ફક્ત પર્યાયને સન્મુખ કરવી એટલી વાત છે ત્યાં એને. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! ઠીક બધા આવ્યા છે ટાણે આમાં. આ હરખજમણ છે. આહા..હા..! આત્મા વીતરાગસ્વરૂપ જ છે. 'જિન સોહી હૈ આત્મા' આવે છેને સમયસાર નાટકમાં આવે, શ્રીમદ્‌માં આવે છે. 'જિન સોહી હૈ આત્મા' જિન અને જિનવરમાં ફેર નથી, વસ્તુમાં. આહા..હા..! એવો જે ભગવાન એક-એક જ્ઞાન જે શક્તિ છે એ વીતરાગી જ્ઞાન છે અંદર. દર્શન શ્રદ્ધા છે એ અંદર શક્તિ હોં! એ વીતરાગી દર્શન છે. સ્થિરતા ચારિત્ર, રમણતા એ શક્તિ હોં. એ વીતરાગ ચારિત્ર છે. આહા..હા..! એમાં એની સ્વચ્છતા, પ્રભુતા એ બધી વીતરાગ સ્વચ્છતા અને વીતરાગ પ્રભુતા ઈશ્વરતા છે. આહા..હા..! વીતરાગનો માર્ગ વીતરાગની શક્તિની પરિપૂર્ણતાની પ્રતીતથી ઉભો થાય છે. કાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! એ દિગંબર સંતોએ સ્પષ્ટ કરી નાખ્યો છે. સમજાણું કાંઈ? સહેલો કરીને બતાવ્યો છે આમાં. આહા..હા..! આમ હથેળીમાં જેમ આંબલા દેખે એમ એની જ્ઞાનનો પર્યાય આખો આવડો છે એમ જાણે. સમજાય છે કાંઈ? બીજું જાણપણું હો, ઓછું-વત્તું હોય એની સાથે કાંઈ લેવા-દેવા નથી. આહા..હા..! બીજાને સમજાવતા આવડે કે રાજી સભા કરતા આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! કારણ કે વિકલ્પ જ એની જાતમાં નથી પછી વિકલ્પને કરવો એ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! વાણી એના સ્વરૂપમાં નથી તો વાણી એ બોલે અને કરે ઈ એના સ્વરૂપમાં ક્યાં છે? આહા..હા..! એના સ્વરૂપમાં તો નિર્વિકલ્પતાની શક્તિઓનો સંગ્રહ પડ્યો છે. નિધાન નિધિ છે. આહા..હા..! અરે!

એક જંગલ ગયો હોય અને પાણીની આમ ધાર પડે અને જ્યાં ચરુ દેખે અને એ ચરુમાં કરોડ-કરોડનો એક હીરો એવા લાખ હીરા દેખે ત્યાં એમ થઈ જાય કે આહા..હા..! આ તો અનંત... અનંત... હીરા જેને અરૂપી ચૈતન્યઘનના અંદર પડ્યા છે. આહા..હા..! એમાં એકાગ્ર થતાં એને અનંત હીરાનો નાથ પોતે નજર પડે એને. આહા..હા..! એને રાજીપો કેટલો હોય એમાં? ઓલો આ રાજીપો એ તો રાગનો રાજીપો છે. સમજાણું કાંઈ? જેના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવો ભગવાન ભાસે એને આનંદ કેટલો આવતો હશે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અહીંથી શરૂ થાય છેને ત્રીજી ગાથાથી. પછી આગળ વિસ્તાર કરશે, પણ અહીંથી એની શરૂઆત થાય છે. આહા..હા..!

'**નિજ શુદ્ધ જીવાસ્તિકાય...**' આ જીવ અસ્તિકાય. ઓહો..હો..! એનું પહોળાપણું

અસંખ્ય પ્રદેશી પણ સાથે બતાવ્યું કે એવું સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ અને એનું અસ્તિપણું પૂર્ણ અનંતગુણવાળું જીવ છે એવું પણ બતાવ્યું. આહા..હા..! એવો શુદ્ધ જીવાસ્તિકાય. એનાથી ઉત્પન્ન થતું '**ઊપજતું જે પરમશ્રદ્ધાન તે જ દર્શન** છે.' આ તો એકાંત થઈ ગયું. 'જ' હોય નહિને? શ્રીમદ્‌માં આવે છેને કે મારા મહાવીરમાં 'જ' ન હોય. એ તો નિત્ય જ આત્મા છે, અનિત્ય જ છે એમ 'જ' ન હોય. અહીં તો 'જ' છે. આહા..હા..! ઓલામાં એમ કહ્યું હતુંને? '**જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન** (-જાણવું) **તે જ્ઞાન** છે.' અહીં 'જ' નાખ્યો. આ 'તે **જ દર્શન** છે.' સમજાણું કાંઈ? '**परमतत्त्वपरिज्ञानम् उपादेयं भवति। दर्शनमपि**' લ્યો, '**परमश्रद्धानमेव भवति**' ત્યાં જોર આપ્યું છે જરી. શ્રદ્ધા છેને. '**एव**' શબ્દ ત્યાં પડ્યો છે સંસ્કૃતમાં. આ તો મોટા મંત્રો છે. આહા..હા..! ગારૂડી જેમ કલમને મંતરીને સર્પ કરડ્યો હોય અને સર્પને પકડવા જાય છેને? એમ આ ગારૂડી સર્વજ્ઞ પરમાત્મા એની વાણી કલમ છે. એ વાણી અંદર નાખીને આત્માને જગાડે જાગ રે જાગ આત્મા. સૂવું અત્યારે નહિ પાલવે હવે! આહા..હા..! ઝેરને ઉતારી નાખ. 'એક સમયની પર્યાય અને રાગ છું' એ ઝેર છે, કહે છે. સમજાણું કાંઈ? અને પરિપૂર્ણને માનવું એ અમૃત છે. આહા..હા..! આચાર્યોએ કામ કર્યા છેને. આહા..હા..! જેના ઉપકારનો પાર નથી. આહા..હા..! બે બોલ થયા.

હવે ત્રીજું પણ પરિપૂર્ણમાં સ્થિરતા એમ લેવી છે. આહા..હા..! એક પરિપૂર્ણતાની શ્રદ્ધા, પરિપૂર્ણતાનું જ્ઞાન, એમાં સ્થિરતા એમ નહિ. શું કીધું ઈ? શ્રદ્ધા, જ્ઞાનમાં સ્થિરતા એમ નહિ. જુઓ, '(૩) **નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણ-પરમાત્મામાં અવિચળસ્થિતિ...**' એમ ન કીધું કે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. હવે એમાં પર્યાયમાં સ્થિરતા. કારણ કે ત્યાં પરિપૂર્ણ ત્રણેમાં લેવા છે આખા. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ ત્રિકાળ હોં. કારણ-પરમાત્મામાં આહા..હા..! કારણપરમાત્મા! જુઓ, ત્રિભુવનભાઈ! કારણપરમાત્માનો સ્વીકાર કરે ત્યારે એને કારણપરમાત્મા છે એમ થયું કહેવાય. એ તો તે દિ' પ્રશ્ન તો થાયને. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વરે પર્યાયમાં પૂર્ણ પર્યાયમાંથી, પૂર્ણમાંથી પૂર્ણ પર્યાય દરેકની પ્રગટ કરી છે. એવો જે પૂર્ણ સ્વરૂપ ભગવાન દર્શન-જ્ઞાનસ્વરૂપ. અનંતગુણ ભેગા આવી ગયા. ઉપયોગ મુખ્ય છેને? નિશ્ચય જ્ઞાન-દર્શનસ્વરૂપ 'આત્મક' એટલે. એવું કારણપરમાત્મા. કેવો કારણપરમાત્મા નિત્ય ધ્રુવ છે? કે નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. ઓલો તો આત્મા કારણપરમાત્મા. પણ એનું સ્વરૂપ કેવું છે અંદર સ્વભાવ? કે નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. આહા..હા..! એવા કારણપરમાત્મામાં '**કારણ-પરમાત્મામાં...**' આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ ત્રિકાળ. ઓલું જ્ઞાનદર્શનની વ્યાખ્યા કરી એ તો પર્યાયની વ્યાખ્યા થઈ. ત્રિકાળનું જ્ઞાન, ત્રિકાળની પ્રતીતિ, હવે ઈ જ્ઞાન-દર્શનપર્યાયમાં સ્થિરતા એ ન લીધી. એ તો જાણ્યું કે આ ત્રિકાળ છે, શ્રદ્ધયું કે એ ત્રિકાળ છે. હવે ઠરવું છે એ ત્રિકાળમાં ઠરવું

છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આ તો સાંભળ્યું નહોતું આવું બધું ક્યાંય. શાંતિભાઈ કહે અભૂતપૂર્વ છે કહે. આવો માર્ગ બાપા! શું થાય? આહા..! શું પરમેશ્વર પ્રભુ! તારી પરમેશ્વરતાની વાતું કેવળી ન કહી શક્યા. આહા..હા..! જેની પર્યાય સાધકની પર્યાય એને અક્ષય અને અમેય કહી. ગજબ કામ કર્યું છેને. એના શક્તિ અને ગુણની અક્ષય અને અમેયતાનું શું કહેવું? આહા..હા..! એ ગુણ કોઈ દિ' ક્ષય પામે નહિ અને એની મર્યાદાવાળો તે ગુણ થાય નહિ. અમર્યાદિત. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા માને, ન માને એની સાથે શું સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિજજ્ઞાનદર્શનસ્વરૂપ એવો કારણપરમાત્મા, એમાં કારણપરમાત્મામાં. '**અવિચળસ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.**' આહા..હા..! નગ્નપણું એ ચારિત્ર નહિ, પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ. આહા..હા..! પાંચ સમિતિ અને પાંચ ગુપ્તિ એ બધા વિકલ્પ છે એ તો ચારિત્ર નહિ. આહા..હા..! પરિપૂર્ણ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ અથવા એ કારણપરમાત્મા એમાં અવિચળસ્થિતિ, જે ચળે નહિ સ્થિર... સ્થિર... બિંબ થઈ જાય અંદરથી. આહા..હા..! '**અવિચળસ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.**' કહો, સમજાણું? '**अविचलस्थितिरेव**' ત્યાં '**एव**' શબ્દ છે. ઓલામાં '**एव**' નથી જરી જ્ઞાનમાં. ત્યાં પરિ નાખ્યું છેને. પરિ ત્યાં બતાવ્યું આ. પરિપૂર્ણ છું. પરિપૂર્ણ હું જ્ઞાન એમ. આહા..હા..! પરિપૂર્ણ ભગવાનની શ્રદ્ધા, પરિપૂર્ણ ભગવાનમાં સ્થિરતા. આહા..હા..! અરે! આવું સાંભળવું મળે નહિ. અરેરે! ક્યાં જાવું એને? ચોર્યાસીના અવતારમાં રખડે છે એ દુઃખી છે. આવું અંદરમાં વસ્તુ છે એને સાંભળવા મળે નહિ. એના જ્ઞાન ઉપર આવી વાત છે, આવો સ્વભાવ એ આવે નહિ. અરે! એને ક્યાં જાવું? શું કરવું? આહા..હા..! અને જેમાં ભવનો અભાવ ન થાય એ કોઈ ચીજ જ નથી. કેમકે વસ્તુમાં ભવ અને ભવનો ભાવ નથી. ભવનો ભાવ તો નથી, પણ વસ્તુમાં પર્યાય નથી. આહા..હા..! ભવના અભાવવાળી જે પર્યાય છે એ પણ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંતગુણનું પરિપૂર્ણરૂપ એમાં ભવ તો નથી, ભવનો ભાવ તો નથી, પણ એની વર્તમાન ભવના ભાવને જાણનારી પર્યાય ક્ષયોપશમ અવસ્થા આહા..હા..! એમાં નથી, એનો આશ્રય કરે તો ભવનો અભાવ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ગયું હતુંને ત્રીજી ગાથામાં એ? '**णियमेण य ज कज्जं**' એમાં આવ્યું હતુંને પહેલું પદ? નિયમથી કરવાલાયક હોય તો આ ત્રણ જ છે. નિશ્ચયથી કરવાલાયક કર્તવ્ય જો હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ કરવાલાયક વસ્તુનું ધ્યેય કોનામાં? કે પરિપૂર્ણ વસ્તુનું જ્ઞાન, પરિપૂર્ણ વસ્તુની શ્રદ્ધા, પરિપૂર્ણમાં સ્થિરતા આ કર્તવ્ય છે. આહા..હા..! ગજબ કામ કરે છે કે નહિ? કુંદકુંદાચાર્ય તો કેવળીના કેડાયતો. આહા..હા..! ભરતક્ષેત્રે તીર્થંકર જેવું કામ કર્યું છે એણે. ઓહો..હો..! લોકોને પક્ષમાં પડ્યા એને આકરું પડે જરી. પક્ષમાં બંધાણા હોય છેને. આહા..હા..! એ

તો કહે દિગંબરનો ધર્મ છે આ. અરે! પ્રભુ! એમ.. અરે! એમ કરી નાખે છે. એ તો દિગંબરના શાસ્ત્રમાં છે. અમારા શાસ્ત્રમાં તો પંચમહાવ્રત અને સંવર, નિર્જરા કીધી છે એમ કહે છે. આહા..હા..! એય..! એક આર્જિકા છે તે. પણ એ અમારા શાસ્ત્ર સાચા છે. અમારે એ માન્ય છે. એમાં મહાવ્રતને સંવર-નિર્જરા કીધા છે. તમારા શાસ્ત્રમાં કીધું. અમારે દિગંબરના શાસ્ત્ર માન્ય છે. એક આર્જિકા છે. વ્યાખ્યાની બહુ. એટલે ઈ આમ બોલી બચાવવા માટે. આહા..! અરે! ભગવાન! શું કરે છે તું, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

મિથ્યાત્વના ભાવમાં એણે પાપ બાંધ્યા. આહા..હા..! એના ફળ તરીકે દુઃખની ગતિ મળી અને દુઃખ તો એવા થયા નરક અને નિગોદમાં જોનારને આંસુની ધારા આવે, વેદનાનું તો શું કહેવું! એવા તે દુઃખો વિપરીત માન્યતાથી સહ્યા છે ફળમાં, ભાઈ! આહા..હા..! ઝેરના ઝાડ છે ઈ. ૧૪૮ પ્રકૃતિ કીધી છેને. આહા..હા..! ઝેરના ઝાડ. આહા..હા..! ૧૪૮ પ્રકૃતિ. સ્વર્ગ મળે તોપણ એ ઝેરના ઝાડનું ફળ.

**શ્રોતા** :- તીર્થંકરપદ પણ ઝેરનું ઝાડ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઝેરનું ઝાડ. કારણ કે એમાં તો સંયોગ મળે છે. આહા..હા..! આકરું લાગે તે. મગજમાં રાખ્યું હતું ઈ. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગની વાત છે, ભાઈ! આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ જેના સો ઇન્દ્રો તળિયા ચાટે. આહા..હા..! એની વાણીમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનું આવું સ્વરૂપ આવ્યું એ સંતો કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી પંચમહાવ્રતના પણ ઠેકાણા ન હોય ત્યાં અમે ચારિત્રવંત છીએ, અમે આવા છીએ, ભાઈ! એમાં તારે માટે તને નુકસાન છે, બાપુ! બીજો ભલે કહે તને તું સાધુ નથી, એથી કરીને તું અસાધુ થઈ જા એવો નથી. તારા ભાવમાં છે એ રીતે અસાધુ છે. આહા..હા..! સ્વરૂપને સાધે તે સાધુ. તો સ્વરૂપ કેવડું અને ક્યાં છે એની શ્રદ્ધા અને જ્ઞાનના ઠેકાણા નહિ એ સાધે ક્યાંથી? આહા..હા..! આ તો ચારિત્રની વ્યાખ્યા ચાલે છેને. કે સ્વરૂપ પરિપૂર્ણ એની શ્રદ્ધા અને જ્ઞાન થયા. હવે એને સાધવું છે. આહા..હા..! એમાં સ્થિરતા થાય ત્યારે એ સાધન છે. આહા..હા..!

'**નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક...**' આ પુનરુક્તિ આને લાગે નહિ હોં. ભાવના છેને. આહા..હા..! '**નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક...**' ત્યાં જ્ઞાન અને દર્શન લીધું છે હોં અંદર. ઓલામાં મોક્ષમાર્ગ, ઓલું જ્ઞાનદર્શન, અહીં જ્ઞાનદર્શન. '**કારણ-પરમાત્મામાં...**' ઓહો..હો..! પરિપૂર્ણ ધ્રુવસ્વરૂપ ભગવાનમાં અવિચળસ્થિતિ તે ચારિત્ર છે. આહા..હા..! એ અહિંસા છે. સ્વરૂપમાં સ્થિરતા તે અહિંસા છે. અસ્થિરતા રાગ થવો તે હિંસા છે. પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠવો એ પણ હિંસા છે. આહા..હા..! રાગ છેને એ? વિકલ્પ છે, આસ્રવ છે. આહા..! આ અઠ્યાવીશ મૂળગુણ છે દિગંબરના. સ્થાનકવાસી સત્યાવીશ કહે. એને તો ક્યાં હતું શ્વેતાંબરમાં સત્યાવીશ. એ પણ જુદાં અને આ જાત જુદી બેયની. પણ એ અઠ્યાવીશ મૂળગુણ એ આસ્રવ વિકલ્પ

છે. આહા..હા..! ત્યારે માણસ એમ કહે છે કેટલાક કે જુઓ, આ અઠ્યાવીશ મૂળગુણ એ સાધન છે, એ સાધન છે. એને આ સોનગઢવાળા એકાંત કહે છે. પણ આ ભગવાન શું કહે છે? જ્ઞાન-દર્શનસ્વરૂપ પૂર્ણ સ્વરૂપ, એમાં સ્થિરતા તેને જ ચારિત્ર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકાંત છે રે એકાંત છે. ભાઈ! એકાંતની ગાળો દેનાર બહુ સહેલા છે આ. આહા..હા..! ભાઈ! તને નુકસાન છે, બાપુ! આહા..હા..! લ્યો આ ત્રણની વ્યાખ્યા થઈ.

ત્રીજીમાં ત્રણની વ્યાખ્યા થઈ, એય..! શશીભાઈ! ત્રીજામાં ત્રીજી ગાથા. ત્રીજી ગાથા છે ટાકણે. અમારે દિલીપ પણ અહીં છે. બધાય છે અને અશ્વિન બધા છેને. ક્યો તમારો ઓલો? સ્વરૂપ. છેને સ્વરૂપ? અરે! ભગવાન! બાપુ! આ ક્યાં ભાઈ! આહા..હા..! ત્રણલોકનો નાથ બોલે છે અંદર કહે છે. આહા..હા..! ભરેલાને ભરેલો ન ભાળ અને ઉણો ભાળ ત્યાં સુધી તને પરમશ્રદ્ધા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભરેલા અનંતગુણનો નાથ પ્રભુ બિરાજે છે એને ભરેલો ન ભાળ અને અપૂર્ણ અને પર્યાય જેટલો ભાળ, બાપુ! તે તારી હિંસા કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું ભરેલું તત્ત્વ, પૂર્ણ તત્ત્વ એ એનું જીવન છે. જીવન એટલે ટકતું તત્ત્વ તે એનું જીવન છે. એને જીવ જીવ્યો કહેવામાં આવે છે. આ લોકો પોકારે છેને, ભગવાનની ઓલી જીવો અને જીવવા દો. અરે! ભગવાને એમ કહ્યું નથી સાંભળને.

અલિંગગ્રહણમાં તો એવું આવ્યું છે મન અને ઇન્દ્રિયથી જીવન તે જીવનું જીવન નથી. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને? એમાં એક બોલ છે. સમજાણું? ૧૩મો બોલ છે. મન અને ઇન્દ્રિયથી જીવવું એ જીવન જીવનું નહિ. આહા..હા..! આ જીવો અને જીવવા દ્યો રાડુ પાડે બધા. જુવાનિયા રાડુ પાડે છે ઓહો..હો..! નથી લખ્યું આ તત્ત્વાર્થસૂત્રમાં? પરોપકારિક બીજા આ અત્યારે '**परस्पर उपग्रहो जीवानां**' આવે છેને. હમણા ૨૫૦૦ વર્ષમાં ખૂબ ઓલું લોક ..નીચે નાખે. પરસ્પર જીવાનાં ઉપગ્રહો. આહા..હા..! એકબીજાને ઉપકાર કરવો. કોણ કરે, ભાઈ! એ તો નિમિત્તના કથન છે. આહા..હા..! અહીં તો ઉપકાર તું કર તારા ઉપર. આવો છે એને હીણો માન્યો એને પૂરો માન એ તે ઉપકાર કર્યો આત્માનો. આહા..હા..!

પર્યાયની દૃષ્ટિ થતાં પણ ભગવાન ખંડ-ખંડ થાય છે. એને ઠેકાણે પરને ન મારું એવો વિકલ્પ તે હિંસા છે. આ માર્ગ વીતરાગનો પરની સાથે શું સંબંધ છે? આહા..હા..! '**नास्ति सर्वोऽपि सम्बन्धः**' ૨૦૦ કળશ છે સમયસારનો. પરને શું સંબંધ? દ્રવ્ય સ્વતંત્ર પર્યાયે પરિણમી રહ્યો છે. એ પરદ્રવ્ય એની પર્યાયે પરિણમી રહ્યો. એમાં તારે અને એને સંબંધ શું છે? આહા..હા..!

'**આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...**' આ જે કીધું એ. આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા, આત્મ ચારિત્ર. બીજી ભાષાએ કહીએ તો પરિપૂર્ણનું જ્ઞાન, પરિપૂર્ણની શ્રદ્ધા અને પરિપૂર્ણમાં સ્થિરતા. સમજાણું કાંઈ? આહા..હા..! '**આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ...**' એટલે નિયમ '**નિર્વાણનું કારણ છે.**' આ નિયમ એ નિર્વાણનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ**

**જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...**' લ્યો, એ પર્યાયનું સ્વરૂપ કહ્યું. '**નિયમ...**' એટલે કે ત્રણ સ્વરૂપ તે નિયમ એમ. '**નિર્વાણનું કારણ છે.**' બગડો. એ શીતલપ્રસાદે નાખ્યું છે એ નાખ્યું છે નહિ? શીતલપ્રસાદે નાખ્યું નીચે આ ગાથામાં. '**કારણના જેવું જ કાર્ય થાય છે;...**' આ સૈદ્ધાંતિક. '**તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ...**' સ્વરૂપમાં સ્થિરતા સ્વરૂપમાં હોં. જ્ઞાનદર્શન પર્યાય પ્રગટી એમાં નહિ, સ્વરૂપમાં. '**સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંતકાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.**' જ્ઞાન, નિશ્ચય જ્ઞાનદર્શનસ્વરૂપ જે ભગવાન કારણપરમાત્મા એમાં સ્થિરતા... સ્થિરતા... સ્થિરતાનો અભ્યાસ એ પૂર્ણ સ્થિરતા થવાનું એ કારણ છે. સમજાણું કાંઈ? '**સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંતકાળ સુધી...**' ભવિષ્યમાં પૂર્ણ સ્થિરતા અનંતકાળ રહેશે. એવા '**સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.**' આહા..હા..! એ શું કહ્યું?

કે આ સ્વરૂપ જે ભગવાન કારણપરમાત્મા છે એનું જ્ઞાનપ્રતીતિ અને એ સ્વરૂપમાં સ્થિરતાનો અભ્યાસ, એ અનંતકાળ સ્થિર થાય તેનો એ કારણ ઉપાય છે આ. આહા..હા..! ભવિષ્યમાં અનંતકાળ સ્થિરતા રહેશે એને. સમજાણું કાંઈ? લ્યો! સિદ્ધમાં ચારિત્ર છે એમ થયું આ તો. સ્થિરતા છેને ક્યાં નથી? તે '**નિયમ નિર્વાણનું કારણ છે.**' શું કહ્યું ઈ? આ નિયમ જે છે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર—એ જે નિયમ છે એ સ્વરૂપની સ્થિરતાનો એ અભ્યાસ છે. એ ચારિત્રની. એ સ્થિરતાનો અભ્યાસ છે એ ભવિષ્યમાં અનંતકાળ સ્થિરતા રહેશે એનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આ ભગવાન થવાનો ઉપાય આ છે. આહા..હા..! શેઠ! ભગવાન આત્મા છેને બધા. આહા..હા..! ઢાંકી દીધો માળાએ ભગવાનને. રાગની રુચિમાં અને પર્યાયની રુચિમાં પરની સુખબુદ્ધિમાં ભગવાનને ઢાંકી દીધો. ઓલું આવે છેને નવ તત્ત્વમાં આચ્છાદન થયું એ આવે છે. એ તો ઓલી પર્યાયબુદ્ધિમાં આખું દ્રવ્ય ઢંકાઈ ગયું. કાલે આવશે. ... હા એ. પર્યાયના ભેદમાં એકરૂપ વસ્તુ ઢંકાઈ ગઈ. સમજાણું?

**શ્રોતા :–** .. ઢંકાઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઢંકાઈ ગઈ એટલે નજરે ન પડી. એ તો અગિયારમી ગાથામાં ન કહ્યું? કે જ્ઞાયકભાવ તીરોભાવ થઈ ગયો. રાગના પર્યાયબુદ્ધિમાં, મેલબુદ્ધિમાં કે ભેદબુદ્ધિમાં જ્ઞાયકભાવ તીરોભૂત થઈ ગયો અને જ્યાં એકાગ્ર થયો એટલે જ્ઞાયકભાવ પ્રગટ થયો આવિર્ભાવ. જ્ઞાયકભાવ તો છે ઈ છે. પર્યાયમાં જણાણો ત્યારે પ્રગટ થયું એમ કીધું, પર્યાયમાં ઢંકાણો ત્યારે ઢંકાઈ ગયો છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આવા અવસર, ભાઈ! વીતરાગની વાણી અને એનો ભાવ અંદર પક્કડમાં આવે એ અલૌકિક વસ્તુ છે. એ કાળની બલિહારી છે. આહા..હા..! બાકી તો બધું ઠીક હવે ચાલે બહાર. આહા..હા..!

'**આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...**' લ્યો એ પર્યાયને પણ સ્વરૂપ તો કહ્યું. નિર્મળ સ્વરૂપ

છેને એ? ત્રિકાળ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ ત્રણસ્વરૂપ. '**નિયમ નિર્વાણનું કારણ છે.**' આ નિયમ તે નિર્વાણ... નિયમસાર લેવો છેને? નિયમસાર. તો આ નિયમ. '**આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ તે નિર્વાણનું કારણ છે.**' હવે ઓલો સાર શબ્દ કેમ વાપર્યો એનો ખુલાસો છે. આ નિયમસાર નિયમની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? '**તે નિયમ શબ્દને વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ જોડવામાં આવ્યો છે.**' એમાં પણ વાંધા. એ વિપરીત એટલે વ્યવહારરત્નત્રય વિપરીત નહિ એમ. અર્થ કર્યો છે એવો આમાં. એમ નથી, બાપુ! આહા..હા..! ભગવાન! તને બચાવવાનો ઉપાય તો એ ત્રણ નિયમ એ જ છે. સમજાય છે કાંઈ? આ રાગ છે એ તો વિપરીતતા છે, વ્યવહારરત્નત્રય છેને નીચે ખુલાસો.

'**વિપરીત = વિરુદ્ધ. (વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને...**' છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ રાગ છે. પંચમહાવ્રતનો વિકલ્પ એ રાગ છે. શાસ્ત્રના તરફના ભણતરનો વિકલ્પ ઉઠવો વ્યભિચારી બુદ્ધિ એ રાગ છે. આહા..હા..! એય..! સમજાણું કાંઈ? વિપરીત. વ્યવહારરત્નત્રય વિકલ્પ તે વિપરીત. આહા..હા..! હવે ક્યાંય વ્યવહારને સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યું છે એનો અર્થ શું? પંચાસ્તિકાયમાં એમ કહ્યું છે. એય..! એ તો જોડે હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો કહે છે કે એ વ્યવહારના સાધનરહિત. કારણ કે એ વિપરીત છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય તે સ્વભાવથી વિપરીત છે. મોક્ષનો માર્ગ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર એનાથી આ વિપરીત છે. હવે વિપરીતથી અવિપરીત દશા પ્રગટ થાય? ઘણે ઠેકાણે લખાણ આવે બિચારા ઘોડા થઈ ગયા ઘોડા. જુઓ આમ છે. એકાંત કહે છે કે નિશ્ચયથી થાય, વ્યવહારસાધન નથી. ભગવાને તો સાધન કહ્યું છે.

જુઓ, પંચાસ્તિકાયમાં અર્થ કર્યો છે હિંમતભાઈએ બધો નીચે. લ્યો! પછી નીચે અર્થ કરીને ગોટાળો ઉઠાવ્યો, એમ માણસ કહે છે. એ તો સ્પષ્ટ કર્યું છે સમુકુ. એક કહે છે. એક જણો એમ કહેતો હતો કે પાઠમાં હતું, એનો નીચે અર્થ કરીને ગોટાળો કરી. બીજી ભાષા કરી છે. ખો દિયા. અર્થકો ખો દિયા. અરે! ભાઈ! એ તો અર્થનું સ્પષ્ટિકરણ કર્યું છે, ભાઈ! તારે ટૂંકી ભાષામાં ન સમજાય તો એનું સ્પષ્ટિકરણ કર્યું છે. આહા..હા..! આ શું કહે છે અહીં જુઓને. ટીકાકાર શું કહે છે? પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજ જેના મુખમાંથી પરમ આગમ ઝરે છે. પંચમહાવ્રતધારિ એમ બોલે છે કે મારા મુખમાંથી પરમ આગમ ઝરે છે. આહા..હા..! એ એમ કહે છે કે વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ જોડવામાં આવ્યો છે. એટલે નિશ્ચય જે ત્રિકાળીનું જ્ઞાન, ત્રિકાળીની શ્રદ્ધા અને ત્રિકાળીમાં સ્થિરતા તે એક જ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ છે, તે જ એ નિયમ છે. એને સાર કેમ કીધો? કે '**વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને—પરાશ્રિત ભાવોને—બાતલ કરીને...**' પરાશ્રિત બધા ભાવ વિકલ્પ છે એ. '**માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ—શુદ્ધરત્નત્રયનો જ...**' જ્ઞાનદર્શનચારિત્રનો જ

એટલે કે 'શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.)' સમજાણું કાંઈ? સાધન પહેલું હોય અને પછી સાધ્ય થાય એમ કહે છે ઘણા. આહા..હા..!

અરે! ભાઈ! મોક્ષમાર્ગ બે નથી. માર્ગ કહો કે કારણ કહો કે સાધન કહો. એમાં સાધન બે નથી. સાધન તો રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું સાધન કરવું એ એક જ સાધન છે. પ્રજ્ઞાછીણી કીધીને. પણ રાગ જોડે હોય છે એને વ્યવહારનો આરોપ કરીને કહેવામાં આવે છે. એ નિયમસારમાં એનો નિષેધ કર્યો છે. કે નિયમ જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના મુક્તિનું કારણ એમાં વ્યવહારનો નિષેધ છે. તેથી એને નિયમસાર કહેવામાં આવ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૫, મંગળવાર, તા. ૦૬-૦૧-૧૯૭૬
## ગાથા-૪, શ્લોક-૧૦-૧૧, પ્રવચન નં. ૧૪૫

નિયમસાર. ત્રીજી ગાથાનો કળશ.

(आर्या)

इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम्।
अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि।।१०।।

'શ્લોકાર્થ :- એ રીતે હું...' મુનિરાજ કહે છે. 'વિપરીત વિનાના...' એટલે કે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનાથી વિપરીત જે વિકલ્પ. એવું '**અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને...**' અનુત્તમ એટલે ઉત્તમ '**જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવું; સર્વોત્તમ' સર્વશ્રેષ્ઠ.**' '**રત્નત્રયનો આશ્રય કરીને...**' એટલે '**प्रपद्याहम्**' છેને? એ બે-ત્રણ વાર આવી ગયું છે આપણે પાછળ. અંગીકાર કરીને. પ્રાપ્ત કરીને. પ્રાપ્ત કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને એમ પ્રાપ્ત કરીને. '**મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા...**' પરમાનંદની પરિણતિ પૂર્ણ જે મુક્તિ એ રૂપી પરિણતિરૂપી સ્ત્રી એનાથી ઉત્પન્ન થતા '**અનંગ સુખને પ્રાપ્ત કરું છું.**' આહા..હા..! અતીન્દ્રિય અનંત સુખને વર્તમાન પ્રાપ્ત કરું છું અને પૂર્ણ પ્રાપ્ત થશે જ. આહા..હા..! નિશ્ચયરત્નત્રય તે જ સાચા રત્નત્રય છે. જેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભગવાન સમીપ વર્તે છે એટલે જેનો આશ્રય છે એવી જે નિર્વિકલ્પદશા એ વિકલ્પ વિનાની દશા છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ રાગ એ શાસ્ત્ર ભણવાનો રાગ. એને તો શબ્દશ્રુત કહ્યું છેને બંધ અધિકારમાં. શબ્દશ્રુત જ જેને કહ્યું છે. વ્યવહાર જ્ઞાન એટલે શબ્દશ્રુત એમ શબ્દ છે. આહા..હા..! આત્મા એમાં ન આવે. વ્યવહારજ્ઞાનને શબ્દશ્રુત કહ્યું. અને વ્યવહારશ્રદ્ધાને નવ તત્ત્વની શ્રદ્ધા એમ લીધું. ચારિત્રમાં નવ તત્ત્વ તે વ્યવહારશ્રદ્ધા.

શબ્દશ્રુત તે વ્યવહારજ્ઞાન. આહા..હા..! નવ તત્ત્વ તે વ્યવહારશ્રદ્ધા અને છકાયના જીવ તે વ્યવહારચારિત્ર. સમજાણું કાંઈ? બંધ અધિકાર છેને. ૨૭૭. ૨૭૬ એ. ૨૭૬ અને ૨૭૭.

એટલે કે શબ્દશ્રુત જે છે વાણી ભગવાનની. એનાથી થયું જ્ઞાન એને શબ્દશ્રુત કહે છે. એ આત્મશ્રુત અને આત્મજ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વ્યવહારવિકલ્પ થયો. અને સમ્યગ્દર્શન એટલે વ્યવહારસમ્યગ્દર્શન નવ તત્ત્વ. વ્યવહારસમ્યગ્દર્શન એટલે નવ તત્ત્વ. એટલે એની શ્રદ્ધા તે વિકલ્પ રાગ. આહા..હા..! અને ચારિત્ર વ્યવહાર એટલે છ કાયના જીવ કારણ કે એના ઉપર લક્ષ છેને? આહા..હા..! એવો જે વ્યવહાર ચારિત્ર, વ્યવહારદર્શન અને વ્યવહારજ્ઞાન એ નિશ્ચિય સ્વભાવથી વિપરીત છે. સમજાણું કાંઈ? કેમકે નિશ્ચયમાં ત્રણને સ્વનો આશ્રય છે અને વ્યવહારમાં ત્રણને પરનો આશ્રય છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ, ભાઈ! આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન કહે છે કે શબ્દશ્રુતનું જ્ઞાન છે. એય..! આહા..હા..! એ શબ્દશ્રુતનું જ્ઞાન તે વિકલ્પ છે. આહા..હા..! અને વ્યવહાર શ્રદ્ધા એટલે નવ તત્ત્વ બસ, નવ તત્ત્વ એ વ્યવહારશ્રદ્ધા. કારણ કે નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ છે એ છે. એનું લક્ષ નવ તત્ત્વ ઉપર છે એમ, ભેદ ઉપર છે. આહા..હા..! અને વ્યવહાર ચારિત્ર એટલે? છ કાયના જીવ એ વ્યવહારચારિત્ર. આહા..હા..! છ કાયના જીવ એ વ્યવહારચારિત્ર. કેમકે વ્યવહારચારિત્રનું લક્ષ છ કાય ઉપર છે. આહા..હા..! શાંતિભાઈ! સમજાય છે કે નહિ આમાં? એને બધું પહેલુંવહેલું છે. આહા..હા..!

એ હું સ્વ-આશ્રય જે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનો આત્મજ્ઞાન જે છે, આત્મજ્ઞાન છે, એનાથી શબ્દશ્રુતજ્ઞાન તે વિરુદ્ધ છે. એનો હું વ્યવહારનો પરિહાર કરું છું. આત્મદર્શન છે, વસ્તુ નિર્વિકલ્પ ચૈતન્ય એની પ્રતીતિ છે એ સમ્યગ્દર્શન અને નવ તત્ત્વની શ્રદ્ધા, શ્રદ્ધાનો આશ્રય નવતત્ત્વ છે એ વ્યવહારશ્રદ્ધા. એ બધો વિકલ્પ છે. અને ત્રિકાળી સ્વરૂપમાં અવિચળ સ્થિતિ એ ચારિત્ર છે. ત્યારે વ્યવહારચારિત્ર એ છકાયના જીવ એ વ્યવહારચારિત્ર. કેમકે રાગનું લક્ષ ત્યાં છે. આહા..હા..! શું કહ્યું સમજાણું આમાં?

**'એ રીતે હું વિપરીત વિનાના...'** એટલે કે સ્વચૈતન્યનો જેને આશ્રય છે એવું જે જ્ઞાન, સ્વચૈતન્ય જેના સમીપમાં છે એની પ્રતીત એવું જે સમ્યગ્દર્શન અને ત્રિકાળી પરમતત્ત્વ, પરમસ્વભાવભાવ એમાં સ્થિરતા તે ચારિત્ર. એ વ્યવહારથી વિરુદ્ધ છે અથવા આનાથી વ્યવહાર વિરુદ્ધ છે. કેમકે નિશ્ચયનો વિષય આત્મા આખો છે. અને વ્યવહારનો વિષય સામી ચીજ નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્જ્ઞાન એ આત્મજ્ઞાન. વ્યવહારજ્ઞાન એ શબ્દશ્રુતજ્ઞાન. આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શન એ આત્મા પૂર્ણ છે તેની પ્રતીતિ. એ આમ એનો આશ્રય ગયો. વ્યવહારસમકિત એ નવ તત્ત્વની શ્રદ્ધા અથવા વ્યવહારશ્રદ્ધા એટલે નવ તત્ત્વ. આહા..હા..! એકરૂપ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અને નિશ્ચયચારિત્ર એટલે ત્રિકાળી વસ્તુમાં અવિચળ રમણતા તે નિશ્ચયચારિત્ર. અને વ્યવહારચારિત્ર એટલે? છ કાયના

જીવ કે ત્યાં એનું લક્ષ છેને એટલે વ્યવહારચારિત્ર એને કીધું. ચંદુભાઈ! આહા..હા..!

એવા વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રના વિકલ્પ વિનાનું. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં ત્રિકાળીનું જ્ઞાન, ત્રિકાળીની શ્રદ્ધા અને ત્રિકાળીમાં સ્થિરતા. એવું જે અનુત્તમ રત્નત્રયને અંગીકાર કરીને. આહા..હા..! પ્રપઘમાં પાછળ આવ્યું હતું આપણે. બે-ત્રણવાર આવ્યું છે. તે દિ' કહ્યું હતું. અંગીકાર કરું છું, એમ છે. આશ્રય કરું છું એટલે અંગીકાર કરું છું. સમ્યગ્દર્શન નિશ્ચય, દર્શન અને ચારિત્ર એનો આશ્રય કરું છું એનો અર્થ અંગીકાર કરું છું. આશ્રય તો ત્રિકાળનો છે. સમજાણું કાંઈ? અરે! આવી વાત.

'**એ રીતે હું...**' આહા..હા..! '**વિપરીત વિનાના...**' સ્વના આશ્રયવાળી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, ત્રિકાળી ચીજનું જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર એનાથી વ્યવહારમાં પરનું વર્તમાન જ નિમિત્ત અને પર. શબ્દશ્રુતનું નિમિત્ત પર છે એ જ્ઞાનનું નિમિત્ત પર છે એટલે શબ્દશ્રુત. વ્યવહારશ્રદ્ધા નવ તત્ત્વથી વ્યવહારશ્રદ્ધા ભેદ છે તે. નિશ્ચયશ્રદ્ધા અભેદ છે, વ્યવહાર શ્રદ્ધા ભેદ છે. એ વિપરીત છે એને છોડું છું. આહા..હા..! સમજાણું કાંઈ? અને નિશ્ચયચારિત્ર એટલે ત્રિકાળી વસ્તુમાં સ્થિરતા. ત્રિકાળીમાં સ્થિરતા તે નિશ્ચયચારિત્ર અને છ કાયના જીવ ઉપર લક્ષ છે માટે છ કાયના જીવ તે વ્યવહારચારિત્ર. વર્તમાન. આ ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે શાંતિભાઈ! ઝીણું છે બધું. કોઈ દિ' આ સાંભળ્યું નહોતું. એ પહેલા દિ' કહેતા હતા કે અશ્રુત અભૂત છે. એમ કહ્યું હતું નહિ? અશ્રુતપૂર્વ અને અભૂતપૂર્વ. એટલો એને પ્રમોદ આવ્યોને. આવો માર્ગ, બાપા! ભાઈ! આહા..હા..!

ભગવાન ત્રિકાળી તત્ત્વ પ્રભુ પરમતત્ત્વ. એનું જ્ઞાન તે જ્ઞાન છે કેમકે તેમાં આત્મા આવ્યો છે. આહા..હા..! અને વ્યવહારજ્ઞાનમાં એ શબ્દશ્રુત તે વ્યવહારજ્ઞાન. કારણ કે એ જ્ઞાનમાં શબ્દશ્રુતનું નિમિત્ત હતું પરનું માટે શબ્દશ્રુત કીધું. આહા..હા..! શું શૈલી! ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ ત્રિકાળ ધ્રુવ. એની જે સમ્યગ્દર્શન નિશ્ચય છે એ કે જેમાં ત્રિકાળી તત્ત્વ આવ્યું છે અને આ વ્યવહારશ્રદ્ધામાં નવ તત્ત્વનું લક્ષ છે. એટલે વર્તમાન નવ તત્ત્વનો ભેદ છે ત્યાં લક્ષ છે એ વ્યવહાર થઈ ગયો, એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? અને સ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ. એવો પૂર્ણ સ્વભાવ એવો આત્મા તેમાં લીનતા. એ આત્મા ત્રિકાળી તેમાં લીનતા તે નિશ્ચય ચારિત્ર છે અને આ છ કાયના જીવની દયાનો વિકલ્પ તે છ કાય જીવ છે. એ તો છ કાય જીવ છે. આહા..હા..! એ ત્રણને હું છોડી દઈને. છે?

'**એ રીતે હું વિપરીત વિનાના (-વિકલ્પરહિત) અનુત્તમ...**' એના જેવું કોઈ ઉત્તમ નથી રત્નત્રયની અપેક્ષાએ હોં. એના જેવો ઉત્તમ તો આત્મા છે એનાથી (પણ ઉત્તમ). પણ ... સમજાણું કાંઈ? ઓલા વ્યવહારરત્નત્રયની અપેક્ષાએ આ અનુત્તમ છે એટલે આના જેવું કોઈ ઉત્તમ નથી. આહા..હા..! એ ત્રણનો આદર કરીને, અંગીકાર કરીને '**મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્‌ભવતા...**' આહા..હા..! મોક્ષ જે પૂર્ણાનંદનો લાભ. હવે કહેશેને એ? હવે જ

કહેશે, નહિ? મોક્ષ. પછી જ કહેશે ચોથીમાં. '**મહા આનંદનો લાભ તે મોક્ષ છે.**' ચોથીમાં પહેલી લીટી. મોક્ષ એટલે આ. શ્રીમદ્દે તો એમ કહ્યું 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' તો આ કહે કે પૂર્ણાનંદનો લાભ તે મોક્ષ. આનંદ સાથે વાત કરી. સમજાણું કાંઈ? આહા..હા..! મોક્ષમાં આનંદ આવ્યો હશે? આનંદ તો અહીં છે. ક્યાં ગયો? નથી? વયો ગયો હશે. મોક્ષમાં આનંદ હશે? અતીન્દ્રિય આનંદનો પૂર્ણ લાભ તેનું નામ મુક્તિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! હું રત્નત્રયને અંગીકાર કરીને. આહા..હા..! મુક્તિરૂપી પરિણતિ જે અનંત આનંદની દશા. એનાથી ઉદ્ભવતા અનંગ. અંગ વિનાનું, શરીર વિનાનું ઈન્દ્રિય વિનાનું. આત્મિક '**સુખને પ્રાપ્ત કરું છું.**' આહા..હા..! કહો, અઢી લીટીમાં તો કેટલું ભર્યું છે જુઓ, સમજાણું કાંઈ?

'**અનંગ...**' અનંગ સમજ્યાને? આત્મિક. અંગ એટલે શરીર, અનંગ એટલે આત્મા. આહા..હા..! ઉદ્ભવતા, ઉત્પન્ન થતાં અનંગ નામ આત્મિક સુખને હું પ્રાપ્ત કરું છું. આહા..હા..! મુક્તિનો માર્ગ એ મુક્તિનું કારણ છે એને હું પ્રાપ્ત કરું છું તો મુક્તિને જ પ્રાપ્ત કરું છું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ બાપુ વીતરાગ છે, ભાઈ! જેમાં વીતરાગી સમ્યક્ ઉત્પન્ન થાય, વીતરાગી જ્ઞાન ઉત્પન્ન થાય, વીતરાગી સ્થિરતા ઉત્પન્ન થાય તે રત્નત્રયને અંગીકાર કરી અને હું અનંગ સુખને, આત્મિક સુખને પ્રાપ્ત કરું છું. અનંગ સુખ એટલે અંગ વિનાનું સુખ, શરીર વિનાનું સુખ. એટલે આત્મિક સુખ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, એ દસમો કળશ થયો. એ ત્રીજી ગાથા પૂરી થઈ.

'**ટીકા :- રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.**' વ્યવહાર. નિશ્ચયરત્નત્રય કહ્યા હવે વ્યવહારરત્નત્રયનું સ્વરૂપ કહે છે.

**णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं।**
**एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होई।।४।।**

એ તો નિશ્ચયની વાત કીધી. પ્રત્યેકનું ભેદરૂપી કથન એટલે વ્યવહારસમકિત, વ્યવહાર જ્ઞાન અને વ્યવહારચારિત્ર. આહા..હા..!

**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**

પ્રરૂપણા છેને? પ્રત્યેક પ્રરૂપણા એમ છે. નિરૂપણ છે. આહા..હા..!

'**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો...**' શક્તિમાં તો અનંત આનંદ છે કહે છે, સત્ત્વમાં. સત્ત્વમાં તો અનંત આનંદ છે, પણ પર્યાયમાં સાક્ષાત્ મેળવાતો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ...**' આહા..હા..! અતીન્દ્રિય મહા આનંદનો લાભ '**તે મોક્ષ છે.**' જુઓ, મોક્ષની વ્યાખ્યા. સમજાણું કાંઈ? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' તો અહીં પણ આનંદને ભેગું લઈને શુદ્ધતા. પૂર્ણ આનંદની પ્રાપ્તિ તે મોક્ષ. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવું છે બધા ઠીક ભેગા

થયા હમણાં. આહા..હા..! આવો માર્ગ, બાપા! અરેરે! આ તો મોસમ છે આત્માની! આહા..હા..! દુનિયા-દુનિયા જાણે એને ઘરે. તારે ઘરમાં તું જાણે. આહા..હા..!

કહે છે, **'સમસ્ત કર્મના નાશથી...'** આ મુક્ત છેને એટલી અપેક્ષા બતાવી. મૂકાણો છે શેનાથી? કર્મથી, એમ. મળ્યું છે શું? સમજાણું કાંઈ? સમસ્ત કર્મનો નાશ વ્યય. **'મેળવાતો મહા આનંદનો લાભ...'** એ ઉત્પાદ. સાક્ષાત્ એટલે પર્યાયમાં પ્રાપ્તિ તે. શક્તિરૂપે તો ધ્રુવ છે મોક્ષ. આહા..હા..! દ્રવ્ય છે એ શક્તિરૂપ મોક્ષ જ છે એ. સમજાણું? ૩૨૦માં આવે છેને કે ભાઈ આ શક્તિરૂપ મોક્ષની વ્યાખ્યા નથી, આ વ્યક્તરૂપ મોક્ષની વ્યાખ્યા છે. ૩૨૦માં ભાઈ આવે છે. જયસેનાચાર્યની. એટલે કે જે ભગવાન આત્મા છે એ તો શક્તિરૂપે તો મોક્ષ જ છે. એ સ્વભાવ છે એ તો મુક્ત જ છે, પણ પર્યાયમાં પૂર્ણ કર્મનો વ્યય થઈને અથવા પૂર્ણ અશુદ્ધતાનો વ્યય થઈને પૂર્ણાનંદનો લાભ થાય તેને ઉત્પાદ થયેલો સાક્ષાત્ મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. ઓલા બિચારા કરતા સામાયિક, પોષા, પડિક્કમણા, ચોવિહાર, કંદમૂળ. એય..! શાંતિભાઈ! ભગવાનની મૂર્તિ પૂજા હંમેશા લ્યોને. જય નારાયણ ભગવાન. આ માર્ગ આખો બીજી જાતનો કાઢ્યો કહે. આહા..હા..! માર્ગ એવો જ છે, ભાઈ! એ બધા તો વિકલ્પની વાતું છે રાગની. એનો તો પરિહાર કીધો. આહા..હા..! હો, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એવો વિકલ્પ વ્યવહાર હો, પણ છે નિષેધ. હેયબુદ્ધિએ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાષા છેને. છે? **'मोक्षः साक्षादखिलकर्मप्रध्वंसने'** છેને? **'नासादितमहानन्दलाभः'** **'आसादित'** એટલે મેળવેલો. આહા..હા..! છેને? સંસ્કૃતમાં છે. **'आसादित'** મેળવેલો. પૂર્ણ મુક્ત આનંદસ્વરૂપ ભગવાન મોક્ષસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. એને આશ્રયે અશુદ્ધતા અને દુઃખની દશાનો સંપૂર્ણ નાશ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિનો લાભ. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે આવી ગયા. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ આવ્યાને? વ્યય—દુઃખ અને અશુદ્ધતાનો વ્યય, ધ્રુવ એને આશ્રયે કારણ કે એ મુક્તસ્વરૂપ છે એટલે. એને આશ્રયે પર્યાયમાં મેળવાતો ઉત્પાદરૂપી અનંત આનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ. આહા..હા..! ભગવાન! આહા..હા..! શું આચાર્યોએ. દિગંબર આચાર્યોએ કામ કર્યા છે. આહા..હા..! ટૂંકી ભાષામાં માલ એકલો છે. સમજાણું કાંઈ? એક લીટીમાં કેટલું કહ્યું જુઓ!

**શ્રોતા :-** ગાગરમાં સાગર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાગરમાં સાગર છે. આહા..હા..! ઓલું રાતે નહોતું કહ્યું? ઓલા કાકુભાઈ આવે છેને એ શેઠિયા લઈને આવે, ભાઈ! બારોટ ખરાને એટલે દર્શન કરવા આવે અને બોલે મારી પાસે. આ ભાગ્યશાળીઓ આવ્યા છે એમ બોલે. કાકુભાઈ હુશિયાર છે બારોટ પાલિતાણા. આવ્યા હતા. હમણા આવ્યા હતા. આમ પ્રેમ ઘણો છે એને. એની માએ પગલા કરાવ્યા હતા. પછી એમ માને બિચારા કે મહારાજના પગલાથી કેટલું મારી

માને સારું રહ્યું છે જુઓ, એમ તો બોલે. આ જરી બહારનું એવું દેખે. પણ એ એમ બોલે, આ ભાગ્યશાળીઓ એનું આ ચાલે છે... એનું આ ચાલે છે... એવું ... ધર્મશાળા હોય તો બોલે. મેં કીધું, ભાગ્યશાળી એ નહિ. આવી વાત જેને કાને પડે તે ભાગ્યશાળી છે. નવનીતભાઈ! બારોટ છેને. શેઠિયા આવે તો એને ૧૦૦-૨૦૦ રૂપિયા આપે. એ સાથે-સાથે રહે. જાત્રામાં સાથે રહે. નીચે ખાવા-પીવાનું ધ્યાન રાખે. વળી અહીં દર્શન ત્યાં કરાવે. હવે અહીં કરાવે છે કોકને. જુઓ તો ખરા સોનગઢમાં. પછી બોલે કે ભાગ્યશાળીઓ આવ્યા છે એમ કહે. શેઠ! મેં કીધું, ભાઈ! ભાગ્યશાળી તો અહીં સાંભળવા આવ્યા એ સાંભળનારા ભાગ્યશાળી છે. આહા..હા..! છે પાઠ છેને. સોભાગ્ય.. નથી?

**શ્રોતા** :- સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! સકળ જનતાને સાંભળવાનો લાભને એ સૌભાગ્ય છે. આહા..હા..! અંદરનો સૌભાગ્ય તો પૂર્ણ આનંદની પ્રાપ્તિ તે અંદરનું સૌભાગ્ય છે. સમજાણું કાંઈ?

‘**સમસ્ત કર્મના નાશથી...**’ એટલે ઓલો મોક્ષ શબ્દ છેને? મોક્ષ છેને? તો મૂકાવું આવેને પહેલું? મોક્ષ એટલે મૂકાય. શેનાથી? કે સમસ્ત કર્મનો નાશ એનાથી મૂકાય. એટલે અશુદ્ધતાને, અપૂર્ણતાનો સંપૂર્ણ નાશ અને ‘**સાક્ષાત્ મેળવાતો...**’ એટલે કે મોક્ષસ્વરૂપ તો છે પોતે, પણ પર્યાયમાં સાક્ષાત્ પ્રાપ્ત થતો મહા આનંદ એને મોક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! ‘મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ’ એમ આવ્યું છેને? ‘સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.’ નિર્ગ્રંથસ્વરૂપ પરમાત્માએ આ માર્ગ કહ્યો છે એવો બીજે ક્યાંય છે નહિ. વીતરાગ. આહા..હા..! ‘**મહા આનંદનો લાભ...**’ ભાષા છેને પાછી? આહા..હા..! પાઠમાં છે મહા આનંદ. મહા આનંદ. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આનંદ આવે, પણ એ મહા આનંદ જે પૂર્ણ છે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આમ તો ન કહ્યું પાંચમી ગાથામાં પ્રચુર સ્વસંવેદન. આચાર્યે, કુંદકુંદાચાર્ય મહારાજે કહ્યું કે હું મારા વૈભવથી કહીશ. મારો વૈભવ શું છે? કે પ્રચુર સ્વસંવેદન એવું વેદન. પ્રચુરસ્વસંવેદન એવું સંવેદન. આહા..હા..! મારો નિજવૈભવ પ્રચુર આનંદનું વેદન એવું જે સંવેદન એ મારો વૈભવ છે. અને ત્યાં પ્રચુર સ્વસંવેદનનું સંવેદન એ પણ પ્રચુર કહ્યું. એ ચોથા અને પાંચમાની અપેક્ષાએ. પણ મહા નહિ. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને, સાતમે આત્માનું અતીન્દ્રિય આનંદનું વેદન છે, પ્રચુર વેદન છે. આહા..હા..! સમકિતીમાં અલ્પ આનંદનું વેદન છે. ચોથે પાંચમેથી થોડો આનંદ વિશેષ છે, છઠ્ઠે વિશેષ છે, સાતમે વિશેષ પ્રચુર વેદન. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન-સંવેદન. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ. પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ એવું સંવેદન. આહા..હા..! એ તો સાધકમાં પણ હોય છે મુનિને. આ તો મહા આનંદનો લાભ આહા..હા..! મોક્ષને જાણવું પડશેને મોક્ષતત્ત્વ કોને કહેવું? મોક્ષતત્ત્વ કોને કહેવું? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મતત્ત્વ તો મુક્તસ્વરૂપ છે આત્મા ત્રિકાળી એ આત્મતત્ત્વ. હવે મોક્ષ કોને કહેવો? મહા આનંદની પ્રાપ્તિ ઉત્પાદ પર્યાયમાં તે ઉત્પાદ કેવો? કે વ્યય વિનાનો. આવે છેને, ભાઈ! પ્રવચનસાર. એ ઉત્પન્ન થયો એ વ્યય વિનાનો એટલે એનો વ્યય નહિ, ભલે એ તો એ પર્યાય ઉત્પન્ન થઈ એ બીજે સમયે વ્યય થશે, પણ એનો વ્યય એટલે કે એનો વ્યય થઈને હવે દુઃખ થાય એ નહિ બને. પ્રવચનસારમાં છે કે મોક્ષની પર્યાય ઉત્પાદ એ વ્યય વિનાનો ઉત્પાદ છે. અને સંસારનો વ્યય એ ઉત્પાદ વિનાનો વ્યય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મુક્તસ્વરૂપ ભગવાનના આશ્રયે મહા આનંદનો ઉત્પાદરૂપી લાભ તે મોક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહા આનંદનો લાભ એ ઉત્પાદ થયો અને એ ઉત્પાદ વ્યય વિનાનો ઉત્પાદ. એ ઉત્પાદનો વ્યય નહિ થાય એટલે? એ ઉત્પાદનો નાશ થઈને દુઃખ થાય એમ નહિ થાય. અને દુઃખનો જે વ્યય થયો એ ઉત્પાદ વિનાનો વ્યય છે. એ વ્યય હવે નાશ થયો એ દુઃખનો ઉત્પાદ થશે નહિ. આહા..હા..! જુઓને એ શૈલી તો જુઓ, ઓહો..હો..! ગજબ શૈલી! ઉંડા ઉતારીને ક્યાં લઈ જાય છેને. આહા..હા..!

‘**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો...**’ આસ્વાદ છેને? આસ્વાદ-આસ્વાદિત ‘**મહા આનંદનો લાભ તે મોક્ષ છે. તે મહા આનંદનો ઉપાય...**’ તે મહા આનંદના લાભનો ઉપાય ‘**પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.**’ ત્રણની વાત કરીને. ત્રીજી ગાથામાં કરી. કે આત્મજ્ઞાન તે જ્ઞાન. એ સમ્યગ્જ્ઞાનરત્ન. આત્મા ત્રિકાળીનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાનરત્ન. ત્રિકાળીની શ્રદ્ધા તે સમ્યગ્દર્શનરત્ન અને ત્રિકાળીમાં સ્થિરતા સમ્યક્ચારિત્રરત્ન. એ નિરુપચાર–ઉપચાર વિનાની વાત કીધી વ્યવહારને. એવું રત્નત્રયરૂપ. આહા..હા..! એવું જે નિરુપચાર રત્નત્રયપરિણતિ નિશ્ચય પર્યાય. આહા..હા..! ‘**મહા આનંદનો ઉપાય પૂર્વોક્ત...**’ પૂર્વે ત્રીજી ગાથામાં કહ્યું ‘**નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.**’ આહા..હા..! ‘**વળી (નિરુપચાર રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં અંતર્ભૂત રહેલાં) આ ત્રણનું—જ્ઞાન, દર્શન અને ચારિત્રનું—જુદું જુદું નિરૂપણ હોય છે.**’ વાસ્તવિક તો વ્યવહાર છે એનો. સમજાય છે? ભેદનું નિરૂપણ છે. ઓલો અભેદ છે એનાથી આ ભેદનું નિરૂપણ છે. ‘**ત્રણનું—જ્ઞાન, દર્શન અને ચારિત્રનું—જુદું જુદું...**’ કથન છે. આહા..હા..!

‘**કઈ રીતે? આ જ્ઞાન છે,...**’ વ્યવહાર હોં. ‘**આ દર્શન છે, આ ચારિત્ર છે–એમ ભેદ પાડીને. (આ શાસ્ત્રમાં) જે ગાથાસૂત્રો આગળ કહેવાશે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના લક્ષણ જણાશે.**’ વ્યવહારના. વ્યવહારના એટલે ભેદવાળું દર્શન, ભેદનું જ્ઞાન, ભેદવાળું ચારિત્ર એટલે વ્યવહાર. એના લક્ષણ હવેની ગાથાઓમાં કહેવાશે. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**(હવે, ચોથી ગાથાની ટૂકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :)**’

(मंदाक्रांता)

मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा।
ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव।
शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्
बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः।।११।।

'**શ્લોકાર્થ :- મુનિઓને મોક્ષનો ઉપાય...**' મોક્ષ કહ્યો માથે. મહા આનંદનો નાથ. એનો ઉપાય, એનું કારણ '**શુદ્ધરત્નત્રયાત્મક...**' એટલે '**(શુદ્ધરત્નત્રય-પરિણતિએ પરિણમેલો) આત્મા છે.**' શુદ્ધરત્નત્રયાત્મક આત્મા એમ છેને? આહા..હા..! '**(શુદ્ધરત્નત્રય-પરિણતિએ પરિણમેલો) આત્મા છે.**' આત્માનું સમ્યગ્જ્ઞાન, આત્માનું દર્શન અને આત્માનું ચારિત્ર--એવો ત્રણપણે પરિણમેલો આત્મા. '**જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...**' એ જ્ઞાન આત્મજ્ઞાન તે જ જ્ઞાન છે, એનાથી કોઈ બીજું જ્ઞાન નથી. આહા..હા..! એ શાસ્ત્રનું જે જ્ઞાન એ બીજું જ્ઞાન નથી એમ કહે છે. આહા..હા..! '**જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...**' એ જ્ઞાન આત્માનું જ્ઞાન, જેમાં આત્મજ્ઞાન એટલે આખો આત્મા જેને જ્ઞાનમાં જણાય તે જ્ઞાન. એનાથી અનેરું જ્ઞાન નથી. શાસ્ત્રનું જ્ઞાન અને શબ્દશ્રુતનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**દર્શન પણ આનાથી બીજું નથી...**' આત્મદર્શન વસ્તુ પૂર્ણ આનંદનો નાથ ભગવાન એની પ્રતીતિ, એના સિવાય અનેરું દર્શન નથી. એટલે વ્યવહારશ્રદ્ધા તે કાંઈ દર્શન નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વ્યવહાર-વ્યવહાર એવા મથે એકલા. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાશે. આ લખાણ રહ્યું પંચાસ્તિકાયમાં. લ્યો! ભાઈ! કઈ અપેક્ષા છે, બાપુ! એમ શાસ્ત્રના અર્થોને સમજવાની રીત હોય તો સમજે. એમ કહો લ્યો આ વ્યવહાર થયો, વ્યવહાર થયો શાસ્ત્રમાં કહ્યુંને. વ્યવહાર પહેલો, નિશ્ચય પછી, વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય. આહા..હા..! અને વ્યવહારથી નિશ્ચય ઉત્પન્ન થાય એવો શાસ્ત્રમાં પાઠ આવે લ્યો. જયસેનાચાર્યની ટીકામાં ઘણો. વ્યવહારશ્રદ્ધાથી નિશ્ચયસમકિત થાય. વ્યવહારજ્ઞાનથી નિશ્ચય જ્ઞાન થાય, વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર થાય. અહીં તો ના પાડે છે. આ જ્ઞાન સિવાય બીજું જ્ઞાન જ નથીને. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય હીરો પૂર્ણાનંદનો નાથ પ્રભુ! એનું જ્ઞાન તે જ્ઞાન, બીજું જ્ઞાન નહિ. આહા..હા..! શાસ્ત્રના ભણતર ને વિકલ્પને બધા એ જ્ઞાન નહિ. સુજાનમલજી!

**શ્રોતા :-** માન અને પ્રતિષ્ઠા તો ... પધારો... પધારો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન અને પ્રતિષ્ઠા શું છે, બાપા? આહા..હા..! 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' ભગવાનના શ્રીમુખે નીકળે કે 'આ ભવિ પ્રાણી ધર્મને માટે યોગ્ય છે.' હવે તારે કોનું નામ જોવે છે કહે છે? આનંદઘનજીમાં આવે છે. 'લહી

ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ત્રણલોકનો નાથ સર્વજ્ઞદેવની વાણીમાં આવે આહા..હા..! કે 'આ જ્ઞાની છે. આ જ્ઞાની મોક્ષના માર્ગમાં છે.' આહા..હા..! કોનું માન જોવે છે હવે તારે? મોટા મહાપુરુષો ઈન્દ્રો છે એ ભગવાનને પૂજે અને ભગવાન એમ કહે. અને 'કોણ અભવ્ય ત્રિભુવન...' ભગવાનની વાણીમાં એમ આવે કે 'આ લાયક નથી.' સંતોની વાણીમાં આવ્યું કે 'આ નાલાયક છે.' હવે તારે કોનું અપમાન જોવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ દુનિયા માને, ન માને એની સાથે શું સંબંધ છે? આહા..હા..!

**'જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...'** એટલે? આત્મપદાર્થનું જે જ્ઞાન, આત્મજ્ઞાન તે જ્ઞાન, એ સિવાય શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! હરીભાઈ! આ પુસ્તક તો હશે ઘરે. આહા..હા..! **'દર્શન પણ આનાથી બીજું નથી જ...'** આહા..હા..! મુનિરાજની ટીકા તો જુઓ! એની .. આત્મદર્શન પૂર્ણાનંદનો નાથ ભગવાન એની પ્રતીતિ નિર્વિકલ્પ તે દર્શન, એ સિવાય બીજું દર્શન નથી. વ્યવહારદર્શન એ દર્શન નથી. વ્યવહારદર્શન તો વિકલ્પ છે. વ્યવહારસમકિત કહો કે વિકલ્પ કહો એ તો... સમજાણું કાંઈ? એ દર્શન કેવું? આહા..હા..! દર્શનનો પર્યાય હોય એને દર્શન કહેવાય. આ દર્શન ક્યાં પર્યાય? એ તો રાગ છે. આત્મજ્ઞાનને જ્ઞાન કહેવાય. પરનું જ્ઞાન તો એ વિકલ્પ છે. વિકલ્પ છે એ આત્માનું ક્યાં સ્વરૂપ છે? આહા..હા..! સમજાણું કાંઈ? આત્મદર્શન તે દર્શન છે, બીજું દર્શન નથી. આહા..હા..! 'જ'. આહા..હા..! કેવી પદ્ધતિ છે જુઓ તો ખરા! સંતોની શૈલી તો આહા..હા..!

કહે છે, આત્મપદાર્થ વસ્તુ ભગવાન અનંત-અનંત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ એવું આત્માનું જ્ઞાન તે જ્ઞાન, બીજું જ્ઞાન કેવું વળી? આ અગિયાર અંગ ભણ્યો છે, આટલું આવડે છે, આટલું કહેતા. એ જ્ઞાન ક્યાં છે? જ્ઞાન ક્યાં છે? આહા..હા..! જ્ઞાનમાં તો જ્ઞેય આખો આત્મા આવે તેને જ્ઞાન કહીએ. જ્ઞાનમાં આ કટકા-કટકા આવે એ તો વિકલ્પ છે, એ જ્ઞાન કેવું? કહે. સમજાણું કાંઈ? એમ. **'દર્શન પણ...'** ઓલું જ્ઞાન કીધું ખરુંને. એ પણ બીજું નથી જ. આહા..હા..! ત્રિકાળી ભગવાનની પ્રતીતિરૂપી સમ્યગ્દર્શન એ દર્શન સિવાય બીજું દર્શન નથી. નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને આવું ન બેસેને એટલે પછી એ લોકો નિશ્ચયની-નિશ્ચયની વાત કરે છે એમ કહે. 'વ્યવહાર વસ્તુ નથી' એમ કહે છે અહીં તો. હેં ડાહ્યાભાઈ! ભગવાન! આહા..હા..! તારું જ્ઞાન તે જ્ઞાન, તારી શ્રદ્ધા તે શ્રદ્ધા. પરનું જ્ઞાન તે જ્ઞાન નથી. પરની શ્રદ્ધા તે શ્રદ્ધા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.'** આહા..હા..! ઓલામાં 'જ' નાખ્યો દર્શનમાં. બીજું દર્શન નથી જ. અને નવ તત્ત્વની શ્રદ્ધા વિકલ્પ એ વિકલ્પ એ દર્શનનો પર્યાય છે? એ તો રાગનો પર્યાય. એ દર્શન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માણસ શાસ્ત્ર રાખે પણ વાંચતો નથી અને વાંચે તો પાછી પોતાની દૃષ્ટિએ એનો અર્થ કરે. એમાં એનો અભિપ્રાય

શું છે એ નહિ. શાંતિભાઈ! આહા..હા..! ચારિત્ર પણ ચારિત્ર તો ત્રિલોકનાથ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપમાં એકાગ્રતા તે ચારિત્ર છે. આ ચારિત્રની સમીપમાં ભગવાન વર્તે છે અને રાગ છે ત્યાં આત્મા વર્તે એ તો નિમિત્ત વર્તે છે એનાથી તો બાહ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારચારિત્ર એ ચારિત્ર નથી. ગજબ કરી છેને વાત તે. સમજાણું કાંઈ? એ પંચમહાવ્રતના પરિણામ ને અઠ્યાવીશ મૂળગુણ ને કહે છે કે એ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શીલ-શીલ એટલે ચારિત્ર. સ્વભાવનું ચારિત્ર. સ્વભાવ છેને તેનું શીલ એટલે તેનું ચારિત્ર. ત્રિકાળી શીલસ્વરૂપ છે એની પર્યાયમાં તેનું શીલપણું, ચારિત્રપણું ત્રિકાળીના અવલંબને સ્થિર થાય તે ચારિત્ર. બીજું ચારિત્ર નથી. આહા..હા..! પણ બે પ્રકારે મોક્ષમાર્ગ કહ્યો છેને? ત્યાં ખુલાસો કર્યો છે ભાઈએ (ટોડરમલજીએ). કે બે પ્રકારનું કથન છે, બે પ્રકારનો મોક્ષમાર્ગ નથી. આ એનો વિરોધ કરે છે આ લોકો. રતનચંદજી. છેને રતનચંદજી બહુ ભણેલો છે વાંચન. નહિ, બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે, એમ કહે છે. ટોડરમલજી એમ કે બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. એય..! કાંતિભાઈ!

**શ્રોતા :-** એ કહે ટોડરમલજી ભ્રમમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટોડરમલજી ભ્રમમાં છે એમ ઈ કહે છે. આહા..હા..! એ તો વિકાસચંદજી એમ કહે છે. વિકાસચંદજી. ટોડરમલ ભૂલ્યા છે. ચોથે ગુણસ્થાને નિશ્ચયસમ્યગ્દર્શન, શ્રીમદ્ નિશ્ચયસમ્યગ્દર્શન એ ભૂલ્યા છે બધા. ચોથે ગુણસ્થાને સરાગસમકિત છે, નિશ્ચય સમકિત નહિ. આહા..હા..! ચેતનજી! એમના સહચારી હતા. સહચારી કહીએ છીએ હોં. એકફેરી નહિ વળાવા ગયા હતા ..ત્યાના. પાલિતાણાની સડકે. આમ દિશાએ જતા ... ઘણા વર્ષ થઈ ગયા. આહા..હા..! શું કથનની પદ્ધતિની રીત તો જુઓ! આહા..હા..! વ્યવહાર તે વસ્તુ જ નથી.

**શ્રોતા :-** .. અભાવ થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ કેવી? વસ્તુ એટલે? આ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ વસ્તુ પર્યાય એ વસ્તુ. આ વ્યવહાર એ વસ્તુ જ ક્યાં છે? એ તો રાગ પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ, મોક્ષને પામનારાઓએ...**' ધ્યાન રાખો જુઓ, પાઠ. આ કહ્યું કોણે કહે છે? અમે કહીએ છીએ એમ નહિ. આહા..હા..! એય..! '**આ, મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્મજ્ઞાન તે જ્ઞાન, બીજું જ્ઞાન નહિ. આત્મદર્શન તે દર્શન, બીજું દર્શન નહિ. આત્મચારિત્ર એ ચારિત્ર, બીજું ચારિત્ર નહિ. કોણે કહ્યું આ? આહા..હા..! '**આ, મોક્ષને પામનારાઓએ...**' અર્હંત ત્રિલોકનાથ જિનેન્દ્રદેવો પરમેશ્વર જિનેન્દ્રદેવે આ કહ્યું છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આ

કળશ તો જુઓ! એક-એક એની શૈલી તો જુઓ, આહા..હા..! '**આ, મોક્ષને પામનારાઓએ...**' એટલે કેવળીઓ એમ કહેવું મૂળ તો. કારણ કે કેવળી ભગવાન સિદ્ધ થયા પછી તો કાંઈ વાણી છે નહિ. કહેવું છે એમ કીધું છેને? મોક્ષ થઈ ગયો છે તેરમે. ભાવમોક્ષ થઈ ગયો છે. એ તો ચાર બાકી છે, દ્રવ્યમોક્ષ છે. એ મોક્ષને પામનારાઓએ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! આવી વાત પણ જેને ન મળે એ ક્યાં જાય અને શું થાય? આહા..હા..! અને વ્યવહાર-વ્યવહાર કરી કરીને એ વ્યવહાર પણ ક્યાં છે? નિશ્ચય હોય ત્યાં વ્યવહાર, પણ એ કોઈ વસ્તુ નથી, કહે છે. આહા..હા..! જે જ્ઞાન-દર્શન-ચારિત્રની વસ્તુ કહીએ છીએ. વસ્તુ એટલે મોક્ષમાર્ગ. માર્ગ એમ. આ ત્રણે માર્ગ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ, મોક્ષને પામનારાઓએ...**' એટલે એક વચન નથી અહીં તો. આહા..હા..! જિનેદન્દ્રદેવો, અનંત જિનેન્દ્રદેવો, અનંત પરમેશ્વર, અર્હંત પરમેશ્વર એમ. કારણ કે વાણીવાળો લેવું છેને અહીં તો? કહ્યું છે એમ લેવું છેને? સિદ્ધને ક્યાં કેવળ છે? વાણી તો છે નહિ. આહા..હા..! અનંત જિનેન્દ્રદેવોએ આ કહ્યું છે. કાંતિભાઈ! આહા..હા..! સમજાય છેને, ભાઈ! આહા..હા..! '**મોક્ષને પામનારાઓએ કહ્યું છે.**' આહા..હા..! અરે! '**આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે.**' આહા..હા..! ભગવંત અર્હંતોએ અનંત જિનેન્દ્રદેવોએ આત્મજ્ઞાન તે જ્ઞાન કહ્યું, આત્મદર્શન દર્શન કહ્યું, આત્મસ્થિરતા એ ચારિત્ર કહ્યું, અનેરી બીજી ચીજ છે જ નહિ. જ્ઞાન વ્યવહાર એ જ્ઞાન જ નથી, વ્યવહાર દર્શન એ દર્શન જ નથી, વ્યવહારચારિત્ર ચારિત્ર નથી. કારણ કે વ્યવહારચારિત્ર રાગ છે. વ્યવહારશ્રદ્ધા એ રાગ છે. વ્યવહારજ્ઞાન પણ રાગ છે. એ મોક્ષના માર્ગની પર્યાયની અપેક્ષાએ તો અવસ્તુ છે. ચંદુભાઈ! આહા..હા..!

અને જેણે આ જાણ્યું. આહા..હા..! એ '**જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી,...**' આહા..હા..! આવું જેને જ્ઞાન અને દર્શન, ચારિત્ર થાય એ માતાના ઉદરમાં ન આવે, એ મોક્ષ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો જે નિશ્ચયમોક્ષમાર્ગ આત્મદ્રવ્યનું જ્ઞાન, આત્મદ્રવ્યની શ્રદ્ધા અને આત્મદ્રવ્યમાં ચારિત્ર એ જ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. બીજું એનાથી જુદું જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી, એમ અર્હંત પરમેશ્વરોએ કહ્યું છે. એક અર્હંત નહિ એવા અર્હંતોએ. આહા..હા..! અને જેણે આ જાણ્યું. આહા..હા..! '**જે જીવ માતાના ઉદરમાં...**' હવે નહિ આવે હવે ઈ. આહા..હા..! એ તો મોક્ષ જશે. આહા..હા..! હવે ચાર ગતિ નથી, એમ કહે છે. આહા..હા..! માતાના ઉદરમાં નહિ આવે એટલે બધી એકેય ગતિ નથી, એમ કહે છે. આહા..હા..! આવું જેને અંતરમાં નિશ્ચયદર્શન, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર તે જ વસ્તુ એવું જેને જાણવામાં આવે યથાર્થ ભાન થઈને એ જીવ એ માતાના પેટમાં ફરીને નહિ આવે. આહા..હા..!

કહ્યું હતુંને એક ફેરી ઓલા ઘણા વર્ષની વાત છે. ૬૪-૬૫ની. ધ્રુવનું નાટક હતું. ધ્રુવ

નથી? 'ધ્રુવ અને પ્રહલાદ અવિચળ પદ' એવું અન્યમતિમાં આવે છે ધ્રુવ. ધ્રુવ તો એની મા મરી ગયેલી. એના બાપને આ જુનીનો દીકરો. અને પોતે પછી ત્યાગી થઈ ગયેલો ધ્રુવ. ભાવનગર નાટક હતું. ભાવનગર થિએટર છે મોટું ભાવનગરમાં. પછી લાકડાની હોય છેને બાવાને. આમ બેઠો હતો. એક હોય ઓલું. હેઠલું એક હોય અને બે બાજુ લાંબુ. એમાં ઈન્દ્રાણી ઉપરથી ઉતરી. એમાં લીલા પડદા રાખેને એટલે ઈન્દ્રાણી દિવ્ય. એટલે દોરી હોય એની ઉપર પાટલી ..લાકડાની એના ઉપરથી સડસડાટ ઉતરી બે બાજુથી. પછી ધ્રુવને, આ ધ્રુવ ભગવાન એને ઓલા ધ્રુવની વાત.. કહે છે. ધ્રુવના જેને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા એ ધ્રુવપણે મોક્ષને પ્રાપ્ત કરશે. એ ધ્રુવને સ્ત્રી-ઓલી દેવીયું કહે છે. મોટું થિએટર છે. કે જો અમારું શરીર તો જો, એય..! ધ્રુવ ઉંચું જોતો નથી તું. આ અમારું શરીર રૂપાળું સુંદર માખણના. આ કેળના ગર્ભ જેવા શરીર, આ કેળના જેવા પગ, આમ હરણી જેવી આંખ. એવું બોલતી હતી. તો ઓલો સાંભળતો હતો. પછી બહુ બોલી ગયા પછી બોલ્યો, હે માતા! મારે જો જન્મ લેવો હશે તો તારી કુખે લઈશ, બીજી વાત છે નહિ હવે હોં. બહુ નાટક એ લોકો વૈરાગી નાટક હતા. અત્યારે આ બધું. ભલે ઈશ્વર કર્તા તરીકે પણ વૈરાગ્યની વાત. આ તો ફિલ્મ અને ફિલ્મ મારીને. ફિલ્મ કરી નાખ્યું ફી. આ તો વૈરાગ્ય. ઓહો..હો..! મીરાંબાઈના નાટક ભરૂચમાં જોયું, અહીં આ જોયું. પણ વૈરાગ્ય... વૈરાગ્ય... છોકરો બેઠો છે ધ્રુવ રાજકુમાર દીક્ષા લીધી છે. દીક્ષા સાધુ થયો છે. બહુ જ્યારે કહ્યું. બહુ માણસ હતું. બાર-બાર આનાની ટિકિટ હતી. દરિયાકાંઠે આનીકોર છે. માતા! તારા શરીરના અવયવોને મેં સાંભળ્યા. શું કહું? બા! મારે અવતાર નહિ હોય તો તો થઈ રહ્યું, પણ કદાચિત્ એકાદ અવતાર હોય માતા! તારે પેટે આવીશ બીજું નહિ હોં. નવનીતભાઈ! આહા..હા..! એવા વૈરાગ્ય લોકો ભલે બીજી તત્ત્વની દષ્ટિ ભલે ન હોય, પણ વાતું બધી વૈરાગ્યની હતી. આહા..હા..!

અહીં કહે છે, આવું જે જાણે. આહા..હા..! એને ભવ ન હોય એને. એ માતાના પેટે ફરીને નહિ આવે. સમજાણું કાંઈ? એ જનેતા નહિ કરે હવે એ. આહા..હા..! એની ઉત્પત્તિ તો મોક્ષની થશે એમ કહે છે. જનેતાથી જન્મ થશે એ નહિ. આહા..હા..! **'તે ભવ્ય છે.'** છેલ્લો શબ્દ એમ છેને? **'स भव्यः'** એ મોક્ષને માટે તૈયાર લાયક છે એ જીવ. આહા..હા..! એ અગિયાર કળશ થયો. પાંચમી કહેવાશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ-૬, બુધવાર, તા. ૦૭-૦૧-૧૯૭૬**
**ગાથા-૫-૬, શ્લોક-૧૨, પ્રવચન નં. ૧૪૬**

.. પાંચમી ગાથા. આ વ્યવહારસમકિતના સ્વરૂપનું કથન છે.

अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।
ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो।।५।।
**રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.**

વ્યવહારસમકિત એટલે કે વિકલ્પ રાગ. જ્યાં નિશ્ચયસમ્યક્ આત્માનો હોય છે. પૂર્ણ આત્મા અખંડ આનંદનું તત્ત્વ ભગવાન સ્વરૂપ, એનું અંતરમાં જ્ઞાન, અનુભવ થઈને પ્રતીતિ થાય તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. એને વ્યવહારસમકિત આવું હોય એ વાત છે.

**શ્રોતા :-** એટલે? સમકિત વિનાને વ્યવહારસમકિત ન હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય વિના વ્યવહારસમકિત હોય નહિ, વ્યવહારાભાસ હોય. રાતે પ્રશ્ન કાંઈ નહોતો ઉઠ્યો? નવ તત્ત્વની શ્રદ્ધાનો કોણ કહેતું હતું? નવરંગભાઈ! નવ તત્ત્વની શ્રદ્ધાનો પર્યાયબુદ્ધિ. એ તો અગૃહીતમિથ્યાત્વ છે. અને આ પંથ જે નીકળ્યો છે એ તો ગૃહીતમિથ્યાત્વ છે. ઝીણી વાત, ભાઈ! માર્ગ એવો ઝીણો છે. પાંચમા અધ્યયનમાં ગૃહીત મિથ્યાત્વની વ્યાખ્યા કરી છે. ડાહ્યાભાઈ! મોક્ષમાર્ગમાં. અને સાતમામાં આ કરી છે. જૈનમાં જન્મ્યા સાચા જૈનદર્શન દિગંબર. એમાં પણ એનો મિથ્યાત્વ કેમ રહે છે? એની વાત ત્યાં છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! એટલે નવ તત્ત્વની પર્યાયબુદ્ધિવાળું મિથ્યાત્વ એ તો અગૃહીતમિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત જેને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થતા નથી એની શ્રદ્ધાને ગૃહીતમિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! માણસની સાથે મેળ ખાવો કઠણ બહુ. આહા..હા..!

એ અહીંયાં કહે છે કે '**વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.**' જે નિષેધ કરવાલાયક છે એ વાત પહેલી કહે છે. નિશ્ચયની પછી કહેશે. આમ તો વાત આવી ગઈ છે. ત્રીજી ગાથામાં આવી ગઈ ત્રીજી ગાથામાં. અખંડ પરમાત્મતત્ત્વનું, આત્મતત્ત્વનું, આત્મદ્રવ્યનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. અહીં કહે છે કે વ્યવહારશાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન એ વ્યવહાર એમ કહે છે. આગમ. અને અહીંયાં અખંડ પરમાત્મતત્ત્વની અખંડ આત્માની નિઃશંક પ્રતીતિ નિર્મળદશા એને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. એ વાત આવી ગઈ છે. અને અખંડ પરમાત્મતત્ત્વમાં અવિચળસ્થિતિ, રમણતા એને ચારિત્ર કહે છે. એ નિશ્ચય જ્યાં હોય છે ત્યાં વીતરાગતા

જ્યાં નથી એને આવું વ્યવહારસમકિત હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે આપ્તની વ્યાખ્યા કરે છે. પહેલો શબ્દ છેને? આપ્ત, આગમ અને તત્ત્વ. આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહારશ્રદ્ધા છે. આહા..હા..! એ વ્યવહારશ્રદ્ધા એટલે એ શુભવિકલ્પ રાગ છે. નિશ્ચયસમ્યગ્દર્શન છે ત્યાં એ રાગને વ્યવહારસમકિતનો આરોપ અપાય છે, એ સમકિતની પર્યાય નથી, એ તો રાગની છે. આહા..હા..! હવે આપ્ત કોને કહીએ? દેવ. **'આપ્ત એટલે શંકારહિત.'** બહુ ટૂંકું નાખ્યું. સમકિતનો ગુણ છેને જે નિઃશંક? તો અહીંયાં શંકારહિત. શંકા એટલે શું? **'સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).'** તે શંકા. સકળ મોહ મિથ્યાત્વ, રાગ અને દ્વેષ. આહા..હા..! એ શંકા એને કહેવામાં આવે છે. એ દોષથી રહિત, આપ્ત એ દોષથી રહિત સર્વજ્ઞ હોય છે. વીતરાગદેવ મોહથી અને રાગ-દ્વેષાદિ એનાથી રહિત હોય છે. પહેલા તો દેવ આવા હોય છે. નિશ્ચયસમ્યગ્દર્શનમાં વ્યવહારસમકિત એ નિમિત્ત છે અને વ્યવહારસમકિતમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે.

**શ્રોતા :-** આવો ભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમ છે. સહજ સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય એની અંતરમાં નિર્વિકલ્પ રાગના અવલંબન વિનાની ત્રિકાળના આશ્રયની પ્રતીતિ અનુભવમાં એને નિશ્ચયસમ્યક્ છે. પણ એમાં આવું વ્યવહારસમકિત નિમિત્ત હોય છે અને એ વ્યવહારસમકિતમાં નિમિત્ત દેવ, ગુરુ અને શાસ્ત્ર છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્ત હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત છેને ઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એટલે રાગ અને રાગને નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર છે, પરવસ્તુ. રાગ વ્યવહારસમકિત એ વિકલ્પ છે અને વિકલ્પને નિમિત્ત સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એ વિકલ્પ પણ નિશ્ચયસમકિતમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? આને આપ્ત કહીએ. જેને મોહ અને રાગ સકળ નાશ થઈ ગયા છે. એકલી જેને વીતરાગદશા અને કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ જેની દશા પ્રગટ થઈ છે એને આપ્ત નામ દેવ કહેવામાં આવે છે. હિતને માટે માનવામાં નિમિત્તરૂપે આવા આપ્ત હોય છે. એની પછી વ્યાખ્યા કરશે. હજી તો આટલી વાત કરી.

આગમ. **'આગમ એટલે આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી,...'** જોયું? આગમ એને કહીએ. સર્વજ્ઞ પરમેશ્વર મોહ અને રાગ-દ્વેષરહિત થયેલા એના મુખારવિંદથી તો મુખથી વ્યાખ્યા છે. બાકી એને આત્માના આખા પ્રદેશથી અવાજ ઉઠે છે. પણ લોકો ઈ સમજે છેને કે આ મુખથી વાત એટલે એ શબ્દે વાત કરી છે વ્યવહાર. **'આપ્તના મુખારવિંદ...'** મુખ અરવિંદ. મુખરૂપી કમળ એમાંથી નીકળેલી. **'સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં...'** આહા..હા..! સમસ્ત વસ્તુ. ત્રણકાળ, ત્રણલોકની જેટલી ચીજો દ્રવ્ય-ગુણ-પર્યાય એ વસ્તુના વિસ્તારથી **'વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી...'** વીતરાગની વાણી એને

આગમ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આગમમાં વાંધા ઉઠ્યા છે. બધે વાંધા ઉઠ્યા એને. એય..! આહા..હા..! ભાઈ! શું થાય? બધાને સરખું-સારું લાગે એવી કોઈ ચીજ નથી. આહા..હા..!

મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી કહ્યું કે એવો કોઈ ઉપદેશ નથી કે બધાને ઠીક લાગે. જે વસ્તુસ્થિતિ છે એવું સ્વરૂપનું કથન આવે ત્યારે જે ઉંધા પક્ષવાળા છે એને તો એવું લાગે કે આ તો અમારું ખોટું ઠરે છે. ભાઈ! દાખલો આપ્યો છે. મોક્ષમાર્ગપ્રકાશક. દારૂ પીનારને દારૂનું ઓલું કરે તો ખરાબ લાગે. વેશ્યાના વ્યસનીઓને વેશ્યાની વ્યાખ્યા કરે આમ છે તો એને.. એથી શું થાય? આહા..હા..! સત્ય વસ્તુ તો સત્ય તરીકે કહેવાય. એમાં અસત્યના માનનારને ન બેસે કે ઠીક ન લાગે એથી શું થાય? આહા..હા..! સર્વજ્ઞના મુખમાંથી નીકળેલી વાણી. કલ્પિત આગમ નામ છે એને આગમ કહેવાતા નથી, એમ કહે છે. એય..! કાંતિભાઈ!

**'સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવા...'** વસ્તુવિસ્તારનું અસ્તિત્વ છે જેવું તેને સ્થાપન કરવામાં **'સમર્થ એવી ચતુર વચનરચના.'** ચતુર વચનરચના દિવ્યધ્વનિ. એમાંથી આગમ રચાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો દિગંબરમાં છે આગમ તે જ આગમ કહેવાય છે. જેઠાભાઈ! ઓલા આગમ કહેવાતા નથી. એમ કે ભગવાનની વાણી નથી. આહા..હા..! અરે! પ્રભુ! નામ આપ્યું સર્વજ્ઞ ભગવાનનું અને બનાવ્યું છે કલ્પિત સાધુએ કલ્પિત. આહા..હા..! અરેરે! બીજાને દુઃખ થાય. શું થાય, ભાઈ! વસ્તુ તો આ છે. આહા..હા..! આપ્તની વ્યાખ્યા કરશે. હજી તો આપ્ત. બે થયા. બે થયા? ક્યા બે? આપ્ત અને આગમ. આપ્ત કોને કહીએ? મોહ અને રાગ-દ્વેષરહિત જેને સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગતા પૂર્ણ પ્રગટ થઈ છે એને આપ્ત ભગવાન દેવ કહીએ અને એના મુખારવિંદથી નીકળેલી વાણી સર્વવસ્તુના વિસ્તારને સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના તેને આગમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ તો આગમ એ લોકો પણ કહે છેને? લ્યો, પાલિતાણા નીચે આગમ છેને.

**શ્રોતા :-** આગમ મંદિર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આગમ મંદિર નથી? એ આગમ મંદિર જ નથી. ભગવાન! મોટું જાત્રાનું સ્થળ. લાખો માણસ આવે. આહા..હા..! કેટલો ખર્ચ કરીને કર્યું. અને આ હમણા કરવાના છે ત્યાં શંખેશ્વર. ૨૦ લાખ રૂપિયાનું. છાપામાં આવ્યું છે. શ્વેતાંબર અહીં એક સાધુ આવ્યા હતા. જોઈ ગયા હતા આ. એક મોટા સાધુ અહીં આવ્યા હતા. જોઈ ગયા હતા. મને મળ્યા હતા. આવ્યા હતા. અહીં તો બાપુ! કીધું અમારે તો કોઈ સાથે વિરોધ તો છે નહિ. ગમે તે આવો અમારે તો પ્રેમ છે. આત્મા તરીકે તો પ્રેમ છે. એ જોવા આવ્યા હતા. કેવી રીતે બન્યા છે. અમારે બનાવવું છે. એ શંખેશ્વરમાં હમણાં આગમ મંદિર ૨૦ લાખ નાખીને કરવાના છે. છાપામાં આવ્યું છે. બહુ વખાણ કર્યા છે... બહુ વખાણ કર્યા છે... એ આગમ મંદિર તે કેવું? ન ભૂતો ન ભવિષ્ય. એવું નથી, ન થાશે અને એવું કરવું છે.

અને જેને જોઈને જીવો કૃત્યકૃત્ય થઈ જાય. માણસ જેને માનતા હોય એ તો એમ જ કહેને. એવું બહુ લખાણ આવ્યું છે. એ સાધુ અહીં આવ્યા હતા. સ્વાધ્યાય મંદિરમાં આવ્યા હતા. એ પાછું જોવા ગયા છે ઓલું આ મશીન. આપણે આ મશીન છેને ત્યાં જોવા ગયા હતા. લોકોને આ કોણ કરે? રામજીભાઈએ કર્યું નથી અને વજુભાઈએ કર્યું નથી.

**શ્રોતા :-** વજુભાઈનું જ કામ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે કર્યું એ તો બે-ત્રણ મહિના સંતાઈ જતા ક્યાંક ..માં કાંપમા વયા જતા. પણ એ કોઈ કરે. આ તો એક નિમિત્ત કોણ છે એની વ્યાખ્યા છે. બાકી કોણ કરે, ભાઈ! લોકોએ ધાર્યું હતું આવું? ત્રણ લાખનું કરવું અને પાંચ લાખનો ખરડો થયો અને કરતાં-કરતાં દસ લાખ અને કરતાં છવ્વીસ લાખ. કોણ કરે? બાપુ! આ તો એવું થઈ ગયું. મને એમ અંદર થઈ જાય કે લોકો એમ દેખીને (માને કે) આ તો મઠ કર્યો મોટો. એય..! પોપટભાઈ! જગ્યા કરી જગ્યા એક. મઠવાળા અન્યમતિ નથી કરતા? એવું મઠમાં. શું કરીએ બાપુ! અહીં તો બેઠા હતા ત્યાં (આ બધું થઈ ગયું)! એય..! ભગવાનભાઈ!

**શ્રોતા :-** આ ધર્મનો મઠ હોય તો શું વાંધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મનો મઠ ઈ એમ નથી. અન્યમતિની જેમ આ વિસામાની જગ્યા. સમજ્યાને? જેમ આ વળી કેવી કહેવાય તમારા? લુહાણા. જલારામની જગ્યા. ગાદીપતી. એવું લોકો માને છે. આહા..હા..! કેમ થઈ ગયું છે અને કેમ થાય છે હવે એની તને ખબર ન હોય. આહા..હા..! અહીં તો પહેલું સ્વાધ્યાય મંદિર કર્યું ત્યારે મેં કહ્યું હતું, ભાઈ! જો કરો છો તમે, પણ હું રહું કે ન રહું એ મારો પ્રતિબંધ નથી. હા, ક્યારે મને અંતરથી કોઈ બીજી સ્થિતિ ઉભી થાય અને ચાલ્યો જાવ અહીંથી. માટે અહીં કરું માટે અહીં જ રહીશ એમ નથી. એવી સ્થિતિ!

આગમ તો એને કહીએ. આહા..હા..! આ આગમ. આ વાણી રચાણી છે એ તો સર્વજ્ઞની વાણી છે આ તો. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી. એને અનુસારે સંતોએ કેવળીને અનુસારે કર્યું છે. એ આવ્યુંને ભાઈ આપણને કે આગમનું જ્ઞાન થઈને શુદ્ધનયને અનુસારે. નીચે શ્રુતજ્ઞાની કે શ્રુતને અનુસારે પ્રત્યક્ષ દેખાતો નથી. એ આવ્યું હતુંને ભાઈ પહેલું? સર્વજ્ઞે કહ્યું છે એ અસંખ્ય પ્રદેશી અનંતગુણ એ પ્રત્યક્ષ ક્યાં એનામાં થાય છે? પણ સર્વજ્ઞે કહ્યું કે આવો આત્મા છે, એવું પરલક્ષી જ્ઞાનમાં 'આવો આત્મા' એમ સ્વલક્ષ કરાવ્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! તેથી એ પરોક્ષ છે. આગમથી આગમના વચનોથી જાણ્યું છે એમ આવ્યું હતુંને? અને ચિઠ્ઠીમાં પણ એમ બોલ આવે છે, ભાઈ! પાંચ બોલ આવે છેને ચિઠ્ઠીમાં? આગમ, અનુમાન બોલ નીચે. આહા..હા..! વાત તો એ છે. પ્રત્યક્ષ વસ્તુ તો કેવળજ્ઞાનમાં થાય. અવધિ, મનઃપર્યયમાં પણ આ વસ્તુ પ્રત્યક્ષ ન થાય. બીજી ચીજ પ્રત્યક્ષ થાય રૂપી. આહા..હા..! પણ પરોક્ષ પણ પ્રમાણ છેને? કાંઈ એ અપ્રમાણ

નથી. પ્રમાણના બે ભેદ—પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ છે. આહા..હા..! શુદ્ધનયને અનુસારે આખો પરિપૂર્ણ વસ્તુ એકરૂપ અભેદની પ્રતીતિ કરે તો શ્રુતજ્ઞાન જેમ પરોક્ષ છે તો એનો અંશ નય છે એ પણ પરોક્ષ છે. આહા..હા..! પણ છે યથાર્થ પ્રમાણ. પ્રમાણ છેને? પણ નયનો અંશ પણ પ્રમાણ. યથાર્થ પ્રમાણનો એક અંશ છે એ પ્રમાણ છે નય અપેક્ષાએ. આહા..હા..! બે વાત લીધી—એક આપ્ત આવા જોઈએ કે જેને મોહ અને રાગ-દ્વેષનો નાશ થયો હોય. આગમ એને કહીએ કે સર્વજ્ઞના મુખારવિંદથી વચનથી એને આગમ, પરમાગમ કહેવામાં આવે છે. અહીં ટૂંકી ભાષા છેને? '**अत्तागम**' એમ શબ્દ છે.

હવે તત્ત્વો. બે બોલ થયાને? આગમ, આપ્ત. હવે '**तच्चाणं**' તત્ત્વ-તત્ત્વ. ત્રીજો બોલ છે. '**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' અંતઃતત્ત્વરૂપ ભગવાન પૂર્ણસ્વરૂપ પરમાત્મા અને બહિઃતત્ત્વ પર્યાય. લ્યો! '**અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' ભાષા દેખો, પછી બહિઃતત્ત્વ લેશું. '**અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' પૂર્ણ-પૂર્ણ પરમાત્મ શુદ્ધ અખંડ આનંદ આત્મા પોતે હોં જે સમ્યગ્દર્શનનો વિષય નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય. એ વિષયને પણ '**અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' અને બહિઃતત્ત્વ. સાથે પર્યાયને ભેળવીને બેની શ્રદ્ધા કરે એને વ્યવહારસમકિત રાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અંતઃતત્ત્વ પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ એકરૂપ. એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રને ભેળવે કે નવને ભેળવે કે એક સમયની કોઈ પર્યાયને ભેળવે. પરમાત્મતત્ત્વ સાથે બહિઃતત્ત્વ છેને એ? સંવર, નિર્જરા, મોક્ષ એ પણ બહિઃતત્ત્વ છે. કાંતિભાઈ! આવી વાતું તે. આહા..હા..! ઓહો..હો..!

'**બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ...**' બહિઃતત્ત્વ નામ પર્યાયોનો ભાગ તે બહિઃતત્ત્વ છે અને અંતઃતત્ત્વ એ દ્રવ્યસ્વભાવ છે. દ્રવ્ય ત્રિકાળી પરમાત્મા ધ્રુવ એવા પરમાત્મતત્ત્વની સાથે પર્યાયને ભેળવીને શ્રદ્ધા કરે તો એ વ્યવહારસમકિત એ રાગ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... સમ્યગ્દર્શન... રાગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છેને. સમકિત કે દિ' હતું? વ્યવહારસમકિત તો રાગ છે. એ તો પહેલેથી કીધું નહિ? કહેતા આવ્યા છીએને. વ્યવહારસમકિત તો વિકલ્પ છે. નિશ્ચય સમકિત એ નિર્વિકલ્પ પ્રતીતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી ટીકા કરી છે જુઓને! આહા..હા..! અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ પોતે. જે સમ્યક્, નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય. અંતઃ પરમાત્મતત્ત્વ એ નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય. પંડિતજી! એની સાથે બહિઃતત્ત્વને ભેળવે તો વ્યવહારસમકિતનો વિષય થઈ ગયો. આહા..હા..!

**શ્રોતા :-** બે ભેદોવાળા.. એક ભેદ ને એક અભેદ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે કીધાને. બે ભેદ થયાને. બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ બે ભેદ.

**શ્રોતા :-** એક અભેદ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી. અભેદ અને ભેદ બે થયાને? તત્ત્વના બે ભેદ થયાને?

બહિઃતત્ત્વ, તત્ત્વો, બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ બે થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? બહિઃતત્ત્વ આમ અંતઃતત્ત્વથી ભિન્ન. અંતઃતત્ત્વ એટલે પરમાત્મતત્ત્વ પૂર્ણ ધ્રુવ એ અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ. અંતઃતત્ત્વ એટલે જ પરમાત્મતત્ત્વ અને બહિઃતત્ત્વ એટલે ધ્રુવ સિવાય કોઈપણ પર્યાયને ભેળવવી કે દેવ-ગુરુને ભેગા ભેળવવા એ પછી કહેશે નવમાં. પણ અહીં તો અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ. એની સાથે પરમાત્મા તો ધ્રુવ જ્ઞાયક એકરૂપ તે તત્ત્વ. એની સાથે પર્યાયને ભેળવવી. ચાહે તો નિર્મળને, ચાહે તો મલિન. એ સહિત આ બે ભેદવાળા શ્રદ્ધવા એને વ્યવહારસમકિત એટલે રાગ કહે છે. સમજાણું કાંઈ? એકલું અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એની અનુભવની પ્રતીતિ તે નિર્વિકલ્પ પ્રતીતિ છે. એટલે વીતરાગી પર્યાય છે એ. ત્યારે અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ અને બહિઃતત્ત્વની બે થઈને શ્રદ્ધા એ રાગ છે. ઓલો વીતરાગ છે તો આ રાગ છે. આહા..હા..!

**શ્રોતા :-** એમાં તો નિશ્ચયનયની શ્રદ્ધા અને વ્યવહારની શ્રદ્ધા બંનેની શ્રદ્ધા આવી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધી ક્યાં? ક્યાંથી વધી કહે છે લ્યો.. પ્રમાણમાં આવે છેને પ્રમાણમાં નથી આવતું? કે ભાઈ નિશ્ચય છે ત્રિકાળ. એની સાથે પર્યાયનું જ્ઞાન વધ્યું એટલે પ્રમાણ થયું. ડબલ થયું. માટે પ્રમાણ પૂજ્ય છે કે નહિ?-ના. બેનું જ્ઞાન થયું. એક તો ત્રિકાળીનું થયું, એક તો પર્યાયનું થયું. પ્રમાણ થયું. તો બેનું થયું તો પ્રમાણ તો નયથી તો વિષય વધી ગયું. બે થઈ ગયા અને ઓલું એકલું રહ્યું. ત્યારે કહે છે કે જેમાં બે થયા પણ પર્યાયનો નિષેધ નથી આવતો તે પૂજ્ય નથી. આહા..હા..! પર્યાયનો જેમાં નિષેધ આવે અને એકલું તત્ત્વ દૃષ્ટિમાં આવે એને (નિશ્ચય) સમકિત કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક ઈ.

અને બીજી વાત હવે. '**અથવા...**' એમ. એટલે ત્યાં લેવું કે '**બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે...**' તેની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. સમજાણું? પણ સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહાર છે. બરાબર વ્યવહાર હોય એને સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે અને એને વિકલ્પ ને રાગ કહેવામાં આવે છે. આહા..હા..! વસ્તુ તો આવી છે એમાં ક્યાં... '**અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...**' એ આસ્રવમાં પુણ્ય-પાપ સમાડી દીધા. '**એવા ભેદોને લીધે...**' જોયું? '**સાત પ્રકારનાં છે.**' ઓલા બે ભેદોવાળા છે. આ સાત પ્રકારના છે. આહા..હા..! ઓલામાં બે ભેદ હતાં. '**એવા ભેદોવાળાં...**' એમ હતુંને? અને આવા સાત '**એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે. તેમનું...**' એમાં ત્રણ આવી ગયા હવે. '**(-આપ્તનું, આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન** તે **વ્યવહારસમ્યક્ત્વ** છે.'

**શ્રોતા :-** .. સમ્યક્ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમ્યક્ એ વ્યવહાર છેને? વ્યવહારસમ્યક્ છેને? વ્યવહાર સાચો

છેને ઈ? ઓલા જે દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા એને તો વ્યવહાર પણ ખોટા છે. ખોટી શ્રદ્ધા, વ્યવહારે ખોટી શ્રદ્ધા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.'** આહા..હા..! સાચા આપ્ત વીતરાગ, સાચી વીતરાગની વાણી આગમ, અંતઃતત્ત્વ પરમાત્મ અને બહિઃતત્ત્વ અથવા જીવાદિ સાત તત્ત્વ. બે ભેદવાળા અને સાત ભેદવાળા એની થઈને તત્ત્વની શ્રદ્ધા થઈ. એટલે આપ્ત, આગમ અને તત્ત્વ એવા ત્રણેની શ્રદ્ધાને. આહા..હા..! સમ્યક્ત્વ શ્રદ્ધાન તે વ્યવહારસમકિત છે. આહા..હા..! આ તો નિશ્ચય હોય એને આવું હોય છે એમ જણાવવું છે. સમજાણું? હજી વ્યવહારના એકલા નિશ્ચય વિના વ્યવહારના પણ ઠેકાણા ન મળે. શાંતિભાઈ! આવો માર્ગ બાપા! આ તો પ્રભુ શું થાય? તારી પ્રભુતા પર્યાયબુદ્ધિમાં લૂંટાય છે એની એને ખબર નથી. ખોટા તત્ત્વની માન્યતામાં સ્વતત્ત્વ લૂંટાય છે. આહા..હા..! એને નુકસાન પહોંચાડે છે, દઝાડે છે-ચૈતન્યને દઝાડે છે, આહા..હા..! ઘાયલ કરે છે. ખોટા તત્ત્વ, ખોટા ગુરુ અને ખોટા આગમ—એની શ્રદ્ધા તો આત્માની શાંતિને દાઝ્ય કરે છે, પણ આ સાચી શ્રદ્ધા એનો વિકલ્પ એ પણ આત્માની શાંતિને દઝાડે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દાઝે છે, બળે છે પછી એમાં મંદ હો કે તીવ્ર હો એ બધું બાળે છે. એમાં કાંઈ પર્યાયમાં ફેર હોય થોડો. રસ્તો આત્માની શાંતિને બાળે છે. આહા..હા..! એથી કહ્યુંને નિયમસારમાં આવ્યું કે વ્યવહારરત્નત્રય એ કથનમાત્ર છે. કહેવામાત્ર એવું તો અનંતવાર કર્યું છે. આવ્યું છેને? આ તો નિશ્ચયસહિતવાળાને વ્યવહાર આવો હોય એ જણાવે છે. એકલા વ્યવહારની આ વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચય જેને અખંડ જ્ઞાયક આત્મા પૂર્ણ સ્વરૂપ એની અભેદદૃષ્ટિ અને અભેદનો નિર્વિકલ્પ અનુભવ, એમાં પ્રતીતિ એ તો નિશ્ચય છે. એવા જીવને પૂર્ણ વીતરાગ નથી એથી પરના લક્ષવાળી શ્રદ્ધા વ્યવહારે આવે છે. એ વ્યવહાર આશ્રયમાં આ હોય છે. સાચા આગમ, સાચા આપ્ત, સાચા આગમ અને અંતઃતત્ત્વ, બહિઃતત્ત્વ ભેદવાળી શ્રદ્ધા અને સાત તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા. એવો એને વિકલ્પ વચમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલામાં પણ આવ્યું હતું અષ્ટપાહુડમાં કે આ વ્યવહારશ્રદ્ધા. વ્યવહાર અને નિશ્ચય આ. બે પદમાં આવ્યું છે. આવે છેને. પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે આવો ..માં હોય છે. પણ તે આવો યથાર્થ આગમનો, યથાર્થ આપ્તનો અને યથાર્થ તત્ત્વનો. સર્વજ્ઞે કહ્યા એ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ પણ વિકલ્પ રાગ. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં જેને ભ્રમ પડે છે એ તો આખી વિપરીત દૃષ્ટિ છે. વ્યવહારમાં જેને હજી ભ્રમ છે એની તો નિશ્ચય દૃષ્ટિ ખોટી અને વ્યવહાર પણ ખોટો. આહા..હા..! જેને અંતરમાં જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ એકરૂપ નિશ્ચયસમકિત નથી એને તો આવું વ્યવહારસમકિત હોઈ શકે નહિ. પણ જેને હજી

નિશ્ચય વિના વ્યવહારમાં ગોટા ઉંધા છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, આગમ, નવ તત્ત્વ, અંતર, બહિઃતત્ત્વ શું છે એની કાંઈ ખબર ન મળે, ગોટા વાળે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પાંચમા અધ્યાયમાં એમ નાખ્યું. નવલચંદભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં અન્યમતમાં નાખ્યા. શ્વેતાંબર અને સ્થાનકવાસીને અન્યમતમાં નાખ્યા. એને જૈનમાં નાખીને ભૂલવાળા ન રાખ્યા. આવો માર્ગ, બાપા! એને જૈનમાં રાખીને ભૂલવાળા ન રાખ્યા. જૈન બહારવાળા ભૂલવાળા છે અન્યમતમાં. આ બધા વાડાવાળા શું... માર્ગ આ, બાપા! દુનિયા સાથે મેળ ખાય, ન ખાય. કોઈની સાથે વેર-વિરોધ તો છે નહિ. એ પણ આત્મા છે. પણ દૃષ્ટિની વિપરીતતા એને તો બરાબર જાણવી જોઈએ. એ પોતાને માટે છે. એને માટે .. નથી. એની પોતાની દૃષ્ટિમાં વિપરીતતા, માન્યતામાં ન આવી જાય એ માટે સત્ય વસ્તુ શું છે એની દૃષ્ટિ સાચી કરવી જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(હવે, પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :)**' લ્યો. '**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।**' હવે ઈ પાછા એમ કહે છે વ્યવહારસમકિત એ સમકિત છે. અને તેથી વ્યવહાર સમકિત એ સમકિત. એ સમકિતની પર્યાય છે? એ તો રાગની પર્યાય છે. આહા..હા..! માણસને પક્ષ બંધાઈ જાય છેને. અને .. ઘણા વર્ષે પછી એને એમાંથી નીકળવું... આહા..! આકરું પડે. શક્તિવાળો ભગવાન ત્રણલોકનો નાથ છે. એ શક્તિને સંભાળવા જાય ત્યાં બધું નીકળી જાય. એવું એ સામર્થ્યવાળું તત્ત્વ છે. આહા..હા..! જે આવા અનંત સામર્થ્યવાળા તત્ત્વનો અંતર અનુભવ કરવા જાય એનો મોહ નાશ થયા વિના રહે નહિ, એને ભ્રમણા રહે નહિ કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી તાકાતવાળું તત્ત્વ જ છે. એવડું તાકાતવાળું તત્ત્વ એણે માન્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કળશમાં નથી આવ્યું? ૧૬મા કળશમાં? ૧૬મો કળશ. ... ૧૬મી ગાથાનો કળશ છે.

**શ્રોતા :-** સર્વનો નાશ કરનારો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાશ કરનારો એ જ કહું છું. કળશ છે. આ તો આ મેળ ખાતા આવી ગયું મગજમાં ક્યાંકથી. છેને? જુઓ આ. '**सर्वभावान्तरध्वंसि स्वभावात्**' આહા..હા..! 'કારણ કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સર્વ અન્ય દ્રવ્યસ્વભાવો .. નિમિત્ત.. દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે.' એવો એનો સ્વભાવ જ છે. આહા..હા..! શું કીધું ઈ? 'શુદ્ધનિશ્ચયનયથી જોવામાં આવે તો પ્રગટ જ્ઞાયકતા જ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે.' એકસ્વરૂપ છે એક વાત. 'કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સર્વ અન્ય દ્રવ્યના સ્વભાવો અન્યના નિમિત્તથી થતાં દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે.' ભ્રાંતિ, ભ્રમ અને અસ્થિરતા નાશ થાય એવો એનો એક સ્વભાવ છે. આહા..હા..! એનું સ્વભાવનું સામર્થ્ય જ એટલું છે. આહા..હા..! પ્રતીતમાં આવતા એના સ્વભાવનું સામર્થ્ય આટલું છે. અને તેથી કહ્યુંને કે પ્રતીતમાં આવ્યું ત્યારે કહે આમાં ઠરીશ તો કર્મનો નાશ

થશે. એમ આવ્યુંને ભાઈ! ૧૭-૧૮. આહા..હા..! આવો જેનો સર્વભાવાંતર ધ્વંસિ... પોતાના સ્વભાવ સિવાય ભાવાંતરો એટલે અનેરા ભાવો. એનો તો નાશ કરવાનો એનો સ્વભાવ છે. એવડું અસ્તિત્વવાળું એ સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કોઈ વિભાવને ઉત્પન્ન કરે એવો તો એનો સ્વભાવ નથી. પર્યાયમાં ઉત્પન્ન થાય છે, પણ એનો સ્વભાવ જ ભાવાંતરનો નાશ કરવાનો સ્વભાવ છે. આહા..હા..! લે. ઓલામાં કહે કે વિકારનો નાશ કરે છે એ પણ વ્યવહારનો કર્તા છે. આત્મા રાગનો નાશ કરે છે એ પણ પરમાર્થે તેને .. લાગુ પડતો નથી. કથનમાત્ર વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ સ્વભાવ શક્તિવાનના તત્ત્વને જેણે અંતરમાં, દૃષ્ટિમાં લીધું એનો એવો સ્વભાવ છે કે ભાવાંતરનો હવે નાશ કરી નાખશે. આહા..હા..! ભાવાંતર રહેશે નહિ, નાશ કરશે એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વભાવાંતર છે. '**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैकककः।**' '**ज्योतिषैकककः**' એ જ્યોતિષ. ઓલો વિસર્ગ કીધો. '**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।**' નિર્મળ છે એ. વ્યવહારના ભેદ પડે છે કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. મેચક-મલિનતા છે. આહા..હા..! આ દિગંબર સંતોની વાણી તો જુઓ. જગાડીને ઉઠાડે એવી વાત છે. .. આહા..હા..! આવું સામર્થ્યવાળું તત્ત્વ તું આ ગુપ્ત કરીને બેઠો? શું છે આ? એય..! આહા..હા..! હવે એનો શ્લોક કહે છે. બધા ભભ્ભા.

(आर्या)

**भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।**
**तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवति।।१२।।**

આહા..હા..! '**શ્લોકાર્થ :- ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી?**' નિમિત્તથી છેને? વ્યવહારથી છે. સમજાણું કાંઈ? આહા..હા..! પછી આમાંથી કાઢે જુઓ, ભગવાન ભવના ભેદનો નાશ કરે છે પરદ્રવ્ય. એય..! વ્યવહાર છે.

નિમિત્તથી જ્ઞાન કરાવે છે. ભગવાન ભવના ભેદના છેદવામાં નિમિત્ત છે. છેદવામાં પોતે છે. કીધું સર્વભાવાંતર ધ્વંસિ. ભવના ભયને ભેદનારો એટલે સર્વ ધ્વંસિ તો કહ્યું હમણા. ભગવાન આત્મા સર્વ ભાવાંતરનો ધ્વંસિ-નાશ કરનારો છે. એવો જ ભગવાન આત્માનો સ્વભાવ છે. અરે! એને ભરોસો ક્યાં આવે છે માળાને? આવો હું ત્રણલોકનો નાથ જગતનો સાક્ષી. જગતનો સાક્ષી. આહા..હા..! એવું હું પરમાત્મતત્ત્વ છું કે જે વિભાવનો, ભાવાંતરનો નાશ કરવાવાળો એનો સ્વભાવ જ છે. આહા..હા..! અને પૂર્ણની ઉત્પત્તિ કરે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! એના સ્વભાવમાં કોઈ વિકાર કરવો કે એવો કોઈ સ્વભાવ નથી. આહા..હા..! એનો સ્વભાવ તો ભાવાંતરને નાશ કરવાનો અને પોતાના ભાવની પૂર્ણતાને જ ઉત્પન્ન કરનારો. આહા..હા..! સમજાણું કાંઈ? એને અંદરમાં એ વાત બેસવી જોઈએ હોં. એટલે અંતરમાં એની રુચિ થવી જોઈએ પરિણમન આહા..હા..! કે આવો ભાવ છે તે આ વસ્તુ.

**શ્રોતા :-** એ તો પ્રમોદ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમોદ થયો એ રુચિ થઈ ત્યાં. રુચિ અનુયાયી વીર્ય થયું. રુચિ અનુયાયી કરીને એને પ્રમોદ આવ્યો. આહા..હા..! નથી આવ્યું? .. હે જીવ! પ્રસન્ન થાઓ... પ્રસન્ન થાઓ. આવ્યું છે. કળશમાં આવ્યું છે. આહા..હા..! નિભ્રત પુરુષોને માટે કહેવામાં આવે. જેની ચિંતાનો નાશ થયો. એવા નિશ્ચિંત પુરુષને કહે છે કે પ્રસન્ન થા એકવાર હવે. આ તારું આત્મતત્ત્વ એવું ને એવું રહ્યું છે. ગમે તેટલા તે નારકીના ભવ કર્યા, ભાવ કર્યા, પણ વસ્તુ તો એવી ને એવી રહી છે. આહા..હા..! એકવાર પ્રસન્ન તો થા. આહા..હા..!

અરે! '**ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં...**' ભવસમુદ્રની મધ્યમાં પાછા હોં. પડખે ઉભો છે એ નહિ. આહા..હા..! ચક્કીની મધ્યમાં દાણો હોય એ તો પીસાઈ જાય. કોરે હજી નીકળે તો થોડો પીસાઈને બહાર નીકળી જાય. ચક્કી. ઘંટીમાં. આહા..હા..! કાં વચમાં રહી જાય એનો શું કહેવાય ઈ? ખીલો નહિ આ મોઢા આગળ. એમાં નાખેને દાણા? મોઢું-મોઢું. મોઢું હોયને એમાં રહી જાય તો પીસાય નહિ. છેવટે નીકળતા-નીકળતા આમ રહી ગયો હોય તો એકદમ નીકળી જાય, પણ વચમાં તો ભીંસાઈને ભુક્કો થઈ જાય. ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ ભવના ભયને ભેદનારા ભગવાન પ્રત્યે તને ભક્તિ નથી? આહા..હા..!

'**તો તું ભવસમુદ્રની મધ્યમાં...**' કાંઠે નહિ. આહા..હા..! ચોર્યાસી લાખના અવતારના મધ્યમાં પડ્યો બાપુ તું. ક્યાંય આરા નથી. આહા..હા..! આવી વાતું છે. ઓલું સ્ત્રીનું નહોતું આવ્યું, ભાઈ! ઓલા અઢાર હજાર વર્ણવ્યા છેને શિંલાગ.. અષ્ટપાહુડમાં. ત્યાં એ સ્ત્રી મુખ્ય ગણીને પછી એના ભેદ ગણ્યા છે. એ સવારે વાત હતીને. એ યાદ આવ્યું. એના અઢાર શિલાંગ.. આહા..હા..! અહીં તો પ્રકૃતિ જે વિકાર છે. સ્વભાવ છેને એનો? પ્રકૃતિ-પ્રકૃતિ વિકાર. એની સાથે એકત્વબુદ્ધિ હણાય જાય છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? મહાસામર્થ્યનો ધણી એવું આવે છેને? એ નિયમસારમાં આવે છે. આવો સામર્થ્યનો ધણી પણ અહીં હણાય જાય છે. એકલો મરે છે નહિ? એમાં આવે છે. એકલો મરે, એકલો જીવે. મહાસામર્થ્યનો ધણી એકલો છૂટી જાય છે. આહા..હા..! આમાંને? કેટલામાં? ૧૦૧. હા, એ ગાથા એવી છે. આ ૯૯ તો આવી. ૧૦૧. .. પ્રાપ્તવાળા જીવનું. આહા..હા..! આ શું કહે છે? આહા..હા..!

'**(જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે. સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ,...**' બધા ભેગા થાય કરોડોપતિ હોય માણસો. ઓહો..હો..! આ નહોતું કહ્યું તે દિ' એક ફેરી? બેચરભાઈને. કરોડપતિઓના કાકાના દીકરા મરતા હતા અમુલખ-અમુલખ. અમુલખ. બધા કરોડોપતિ બધા નાનાલાલભાઈના. છેલ્લી સ્થિતિ. જુવાન માણસ. નવી પરણેલો. બોલાવો મહારાજને. છેલ્લે પછી મહારાજને બોલાવો. ભીંસમાં એટલી બધી

ભીંસ હતી રાજકોટ. આખું કહળ્યું કુટુંબ ભેગું થયેલું. બેચરભાઈ ને નાનાલાલભાઈ ને મોહનભાઈ ને વહુરુ ને છોકરા. ઓલો લીધે જાય. વાત કરી. હાથમાં મોસંબી આપીને ઓલું શું કહેવાય તમારી કાચની? રકાબી નાખી, પણ હાથ ધ્રુજે. કારણ કે પકડાય નહિ. મરવાની તૈયારી આ બધું. શું કહેવાય આ બધું? ડબલ નિમોનિયા. ડબલ નિમોનિયા. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. બધા કરોડોપતિ ભાઈઓ નાનાલાલ જેવા મોટા અમીર માણસો ઉભા. શું કરે ત્યાં ધૂળ?

ઈ કહે છે હોં '**સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળ-પરાક્રમવાળા જીવનું એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે;...**' ફટ દઈને. આહા..હા..! એ બધા ફર્નિચર અને એ બધા પૈસાના પટારા, સોના, રૂપાના દાગીના બધા પડ્યા રહે એમ ને એમ. હાય.. હાય.. બાયુ સામું જોઈ રહે, બાયડી સામું જોયા કરે. એકલો ચાલ્યો જાય છે. '**મહાબળ-પરાક્રમવાળા જીવનું...**' છેને? આમાં પરાક્રમ કામ ન કર્યું. આહા..હા..! આચાર્યોની શૈલી એવી છે. ઓહો..હો..!

'**ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છો.**' એક તો ભવસમુદ્રની મધ્યમાં, એમાં રહેલો મગર, એના મુખમાં. આહા..હા..! થયું હતુંને કલકત્તા? કલકત્તા થયું હતું. ઘરના આખા માણસો હતા એ ફરવા ગયા હોડીમાં બેસીને. ઘરના બધા છોકરાઓ મા-બાપ બધા. એમાં એક છોકરો આઠ વર્ષનો કે દસ વર્ષનો હશે. એણે હોડીમાંથી પગ બહાર કાઢેલો. એમાં એક મગરમચ્છે પગ પકડ્યો. હોડીવાળો કહે, છોકરાને નાખી દ્યો નીચે, નહિતર આ હોડીઓ હમણા ખલાસ થશે. ઓલો મોટો મગરમચ્છ. પગ બહાર કાઢ્યો ઓલા લાકડા બહાર. શું કહેવાય તમારે હોડીયુંની બહાર. પકડ્યો મોટા મગરમચ્છે. આમ ખેંચ્યા ભેગો બધા ખલાસ. ઈ બાયે માએ હાથ જાલ્યો અને એકે બાપે હાથ જાલ્યો છોકરાનો. .. શું કરે? ઓલો નાવડિયો કહે હું નાખી દઈશ. આ મગરમચ્છે પગ પકડ્યો એ નહિ છોડે હવે. જો ખેંચ્યું જરી તો આ બાજુ ઢળી જશે. આખું નાવડીયું ત્યારે બધા જાશો. એ પછી મા બધા રોતા. કકળતા. માએ એક હાથ જાલ્યો, બાપે બીજો જાલ્યો. ઓલો રાડેરાડ પાડે. અરેરે! બાપા! અરેરે! એય..! લાલજીભાઈ! આવું છે આ. મા-બાપે ઉપાડીને નાખ્યો એને. શેઠ! આહા..હા..! આ આવ્યુંને મગર? મગરના મુખ ઉપર પગ પકડ્યો મારે. બહાર મૂક્યો પગ જરી આમ રાખીને બેઠો હતો. મગરમચ્છ મોટો હતો. નાવડીયાને ખબર પડી, ભાઈ! આ મગરમચ્છ પગ મૂકશે નહિ. પગ નીકાળવા જાશો તો હમણાં ખેંચશે. નાખી દ્યો છોકરાને. આહા..હા..! જેને પાળીપોષીને મોટો કર્યો એને હાથથી નાખી. રોતો, કકળતો નાખ્યો. શું કરે પણ બીજા એમાં એને? આહા..હા..! જેઠાભાઈ! આહા..હા..! અહીં કહે છે કે ભવસમુદ્રની... એક તો ભવસમુદ્ર, એનું મધ્ય, એમાં વળી મગરમચ્છ, આહા..હા..! એમાં વળી એનું મોઢું. આહા..હા..!

**'મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.'** ત્યાં મ-મા ત્રણ આવ્યા, ઓલા ભ-ભા આવ્યા. ત્રણ, ચાર, પાંચ અને છ. છેને? **'ભગવાન ભયને ભેદનારા ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની...'** પાંચ. પછી અહીં **'મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.'** એ ત્રણ મ-મા આવ્યા. આહા..હા..! આચાર્યની મુનિની શૈલી છેને. આહા..હા..!

હવે, આપ્તમાં અઢાર દોષ ન હોય એ વર્ણન છે છઠ્ઠી ગાથા. અઢાર દોષ.

छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।
सेदं खेद मदो रइ विम्हियणिद्दा जणुव्वेगो।।६।।

**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને;**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

આ ભગવાનને અઢાર દોષ ન હોય. આપ્ત આવા હોય એમ ખુલાસો કરે છે.

**'ટીકા :- આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.' '(૧) અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે (અર્થાત્ વિશિષ્ટ—ખાસ પ્રકારના-- અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી...'** એમ કહે. સાધારણ નહિ. **'ખાસ પ્રકારના-અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતી જે ખાવાની ઈચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે).'** આહા..હા..! પહેલું એ મૂક્યું. ભગવાનને ક્ષુધા ન હોય. હવે આ લોકો કહે ભગવાન આહાર કરે. ઓલા યશોવિજયે તો ત્યાં સુધી કીધું છે એનું એક પુસ્તક છે એમાં. કે આમાં શંકા કરશો નહિ કે આહાર કરે કે ન કરે. કરે જ. એમ લખ્યું છે. છેને ખબર છેને વાંચ્યું છેને બધું. શંકા કરશો નહિ. ભગવાનને આહાર હોય, આહાર વિના શરીર નભે નહિ. સંપ્રદાયની દૃષ્ટિ હતીને? ઈ છે એના પુસ્તકમાં છે. કોઈ આહાર ન કરે એમ કહે છે અને કોઈ આહાર કરે એમ કહે. આહાર કરે જ. શંકા કરશો નહિ. સંપ્રદાયની દૃષ્ટિ એવી આકરી છે. જેમાં જન્મ્યો હોય અને ૫૦-૫૦, ૬૦ વર્ષ રહ્યો હોય. એ છોડવું પડે. કુટુંબને છોડવા, બાયડીને છોડવી, ધણીને. બાયડી માને તો ધણીને છોડવો બધાને છોડીને એકલું થવું પડે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..!

શ્વેતાંબરમાં અરિહંતને ક્ષુધા કહે છે. આહાર લાવ્યા અને ખાધોને, ભગવાન મહાવીરને માટે રોગ થયો એમ કહ્યું. ભગવતીસૂત્રનો પાઠ બધા સૂત્ર, શાસ્ત્ર કલ્પીત બનાવેલું. ભગવાનને રોગ થયો છ મહિના સુધી. ગોશાળે નાખી તેજોલેશ્યા. પંદરમો શતકનો અધિકાર છે આખો. આખો વ્યાખ્યાનમાં વંચાઈ ગયો છે. ..માં વાંચ્યું હતું. તમારું ... તે દિ'. છેલ્લી ૮૮ની સાલની વાત છે. ભગવતી પૂરું કર્યું ત્યાં. પછી આખું ગામ જમાડ્યું. કોક હતું ખરું. જામનગરવાળા હશે. જામનગરવાળા હતા કોક. આખું ગામ જમાડ્યું. પણ તમારી સહેલી લાપસી .. એને બહુ. ગામ ચંગા જમાડ્યું હતું. ત્યાં ભગવતી પૂરું કર્યું જામનગરથી શરૂ કર્યું હતું. ૮૮ની

સાલ. પછી ત્યાંથી પૂરું થઈને .. શરૂ કર્યું. ત્યાં પૂરું કર્યું. ત્રણ વાર .. જમાડ્યા. આહા..હા..! પણ એમાં લખાણ આ બધા હોં.

'**અશાતાવેદનીય...**' તે ખાસ અશાતાવેદનીય એમ ભાષા છેને? '**વિશિષ્ટ—ખાસ પ્રકારની—અશાતાવેદનીય...**' એમ ખુલાસો કર્યો છેને. તેમના સંબંધી થતી શરીર અવસ્થા એ શરીર અવસ્થા ક્ષુધા છે જઠરની. '**તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું ખાવાની ઈચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે).**' એ ક્ષુધા ભગવાન અરિહંતને હોતી નથી. આહા..હા..! પહેલો જ વાંધો કાઢ્યો. આહા..હા..! શાતા કર્મ છે એમ છે. પણ એવી અશાતા ન હોય કે જેને ક્ષુધા લાગે. એમ છે. અશાતા છે એને. આવે છેને ગાથામાં થોડા રજકણો. પ્રતિકૂળ શરીરમાં આવે તો. એને ક્ષુધા લાગે એવી ચીજ ન થાય. સમજાણું? એવી એને અશાતા હોય નહિ. આહા..હા..!

શ્રીમદ્દે પાછળ શ્રાવકરત્નકરંડાચારના અઢાર દોષનું વર્ણન કર્યું છે પાછળ. પાછળ. એ લોકો કહે છે કે તર્જુમો કર્યો છે. પણ પોતાની શ્રદ્ધા ફેરવી નથીને એટલે શ્રીમદ્‌ને ઉડાવી દે છે. શ્રીમદ્દે પણ તર્જુમો કર્યો. પણ ત્યાં સ્પષ્ટ કરી નાખ્યું છે કે અઢાર દોષ કેવળીને હોઈ શકે નહિ. શ્રાવકરત્નકરંડચારમાં. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૭, ગુરુવાર, તા. ૦૮-૦૧-૧૯૭૬
## ગાથા-૬, પ્રવચન નં. ૧૪૭

નિયમસાર, જીવ અધિકાર ગાથા ૬ ચાલે છે. આપ્ત, આગમ અને તત્ત્વાર્થ એની શ્રદ્ધા એનું નામ વ્યવહારસમ્યગ્દર્શન કહે છે. એ વાત ચાલે છે. આપ્ત નામ પરમેશ્વર દેવાધિદેવ તીર્થંકર એ અઢારદોષરહિત હોય છે. એ આપ્ત. અને એની વાણી જે છે એ આગમ અને એમાં તત્ત્વ જે કહ્યું એ તત્ત્વાર્થ. એટલે આગમ, આપ્ત અને તત્ત્વાર્થ—ત્રણની શ્રદ્ધા એ વ્યવહારસમકિત નામ શુભવિકલ્પ છે. આહા..હા..! એ શુભવિકલ્પ પણ એ શુભવિકલ્પની અંદર નિશ્ચયસમકિત ગર્ભિત ગમન પરિણમન થાય તેને છે. સમજાણું કાંઈ? જેને વ્યવહાર સમકિતનો વિકલ્પ શુભરાગ છે. છે રાગ. દેવ, ગુરુ અને શાસ્ત્ર સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે જે દેવ, એના કહેલા ગુરુ અને એણે કહેલા શાસ્ત્ર, તત્ત્વ, એની યથાર્થ શ્રદ્ધા એનું નામ વિકલ્પ શુભરાગ છે. એને અહીંયાં વ્યવહારસમકિત કહેવામાં આવે છે અને એ વ્યવહારસમકિતમાં નિશ્ચયસમકિત ગર્ભિત રહે છે, એને વ્યવહાર કહે છે. આહા..હા..! એ હઠ વિનાનો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

જેને અંતર આત્મા જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એક સ્વભાવિક વસ્તુ એની અંતરમાં નિર્વિકલ્પ અનુભવ થઈને પ્રતીતિ થવી એનું નામ નિશ્ચયસમકિત. તો જેને વ્યવહારસમકિત થાય છે એને વિકલ્પ જે છે એની પાછળ નિશ્ચયસમકિત ગર્ભિત ગમનરૂપ રહે છે. એકલો વ્યવહાર તો અનંતવાર કર્યો. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય, વ્યવહાર કથનમાત્ર વ્યવહાર એ વસ્તુ નથી. એવો વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. એવો તો નવમી ગ્રૈવેયક ગયો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર આવું તો કર્યું છે. પણ આતમજ્ઞાન નિર્વિકલ્પ શુદ્ધ અભેદ દૃષ્ટિ, આનંદ અનુભવમાં આવવો એ કદી એણે કર્યું નથી. આહા..હા..! અને એ જ્યારે આવ્યો તો એને વ્યવહારસમકિતનો વિકલ્પ એને સહજ થાય છે. સમજાણું કાંઈ? એ ભૂમિકામાં વ્યવહારસમકિતનો રાગ ચાલુ થાય છે. આહા..હા..! હઠ નથી.

**શ્રોતા :-** રાગ અને પાછો સહજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહજ રાગ એ ભૂમિકાએ સહજ થાય છે. એ આપણે લખ્યું છેને નિશ્ચય નહિ? કે વ્રતાદિનો વિકલ્પ થાય છે, પણ એ સહજ થાય છે. હઠથી થાય છે એ તો મિથ્યાદૃષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? નીચે લખ્યું છેને ફૂટનોટમાં. છેને વસ્તુસ્થિતિ. પંચાસ્તિકાયમાં લખ્યું છે. આમાં રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું છેને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલજી. કે વ્યવહારસમકિતને નિશ્ચયસમકિત ગર્ભિત નિરંતર ગમનરૂપ પરિણમનરૂપ થાય છે. શું કહ્યું એ? છે એમાં? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એને વ્યવહાર કહે છે. ડાહ્યાભાઈ! આહા..હા..! અખંડ આનંદમૂર્તિ સહજસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ પૂર્ણ આનંદ પૂર્ણ જેમાં પર્યાયનો પણ સંબંધ નથી, આહા..હા..! એવી ચીજ પરમાત્મતત્ત્વ...

એ તો કાલે કહ્યું હતુંને? પાંચમી ગાથા નહિ? એ પાંચમી ગાથામાં આવી ગયું છે. પાંચમી છેને પાંચ? કાલે આવી ગયું. ત્યાં જ છે જુઓ, '**બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' આહા..હા..! પરમાત્મતત્ત્વ અખંડ જ્ઞાયકભાવ ધ્રુવ અને એની સાથે બહિઃતત્ત્વ પર્યાય. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય કે ચાહે તો વિકલ્પને જાણવાની પર્યાય હોય, પણ એ પર્યાય અને અંતરતત્ત્વ, પર્યાય નિર્મળ એ બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વ. એ પરમાત્મતત્ત્વ અને બહિઃતત્ત્વનો અંશ—બે ભેળવીને માને એને વ્યવહાર સમકિત કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વ્યવહાર એટલે રાગ. રાગ એટલે શુભ વિકલ્પ. આહા..હા..! એટલે સંસાર ખરેખર તો. આહા..હા..! ગજબ વાત છે. સમજાય છે કાંઈ? પણ જેને અંતર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા, પરમાત્મતત્ત્વરૂપ પૂર્ણ ભગવાનસ્વરૂપ આત્મા એની અંતરમાં સ્વભાવસન્મુખ થઈને સહજ સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. તેને નિશ્ચય કહે છે. અને એ વ્યવહારસમકિત નામ અંતઃતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ બેની શ્રદ્ધાનો વિકલ્પ એ વ્યવહાર. એ વ્યવહારસમકિતમાં નિશ્ચયસમકિત ગર્ભિત અંતર, નિરંતર, પરિણમન ગમનરૂપ રહે છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! માર્ગ એટલો વીતરાગનો

સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? એ વ્યવહારમાં નિશ્ચય ગર્ભિત થાય છે તો એને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કહ્યુંને અહીંયાં? બહિઃતત્ત્વ. પરમાત્મતત્ત્વ એકરૂપ સ્વરૂપ એ સિવાય આવા સંવર, નિર્જરા, દયા, દાનના વિકલ્પ એ બધી પર્યાયો બહિઃતત્ત્વ છે. બહિઃતત્ત્વ છે. જુઓ, ભાઈ ગુજરાતી આવી જાય છે. સમજાણું કાંઈ? સંવર, નિર્જરાની પર્યાય બેય બહિઃતત્ત્વ છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ બહિઃતત્ત્વ છે. આહા..હા..! કેમકે પર્યાય છે. અંતઃતત્ત્વ તો પરમાત્મતત્ત્વ પૂર્ણ એકરૂપ અખંડાનંદ પ્રભુ જેમાં પર્યાયની ભેળ નથી. આહા..હા..! આવી વાત છે, ભાઈ! એવા આત્માની એકલા પરમાત્મતત્ત્વની પ્રતીતિ અનુભવમાં સ્વભાવિક સહજ આત્માની પ્રતીતિ એ નિરંતર પરિણમનરૂપ, ગમનરૂપ એવા જીવને જે વ્યવહારસમકિત છે એમાં આ નિશ્ચયસમકિત ગર્ભિત પરિણમનરૂપ રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને વ્યવહારસમકિત વિકલ્પ છે, શુભરાગ છે, એ પણ સહજપણે, હઠપણે નથી થતું. એવી વાત કરે છે. સમજાણું કાંઈ? આ વ્રત કરવાનો કે તપ કરવાનો જે વિકલ્પ છે એ અજ્ઞાનીને તો હઠથી આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

જ્ઞાનીને તો અંદર વિકલ્પનો હઠ છે જ નહિ. વસ્તુની દૃષ્ટિમાં અનુભવ છે તો વિકલ્પ આવે એ હઠ વિના સહજ આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એને અહીંયાં વ્યવહાર સમ્યક્ એને કહે છે. એ વ્યવહારસમકિતમાં આપ્તની શ્રદ્ધા. આપ્ત કેવો છે? કે અઢારદોષથી રહિત. છે? ટીકા. છઠ્ઠી ગાથાની ટીકા. '**આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.**' '(૧) **અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે...**' એ તો સંસ્કૃત એટલું છે. પછી આ વધારે નાખ્યું છે. ક્યાંથી? અર્થાત્ કરીને. '(**અર્થાત્ વિશિષ્ટ--ખાસ પ્રકારના...**' આ તો સનાતન વીતરાગ જૈનદર્શન. સમજાણું કાંઈ? એમાં આપ્ત તીર્થંકર દેવાધિદેવ અરિહંત કેવા હોય છે? કે એને ક્ષુધા નથી થતી. ક્ષુધા લાગે અને આહાર લેવા જાય. એ ન લેવા જાય તો બીજા લેવા જાય એવો પાઠ છે એમાં. સિંહાણગારને મોકલ્યા હતા લેવા. ભગવતીમાં પંદરમો શતક છે ભગવતી શાસ્ત્ર. એમાં એમ છે. ક્ષુધા લાગી આહાર માટે.. રોગ. ક્ષુધા નહિ રોગ થયો. રોગ-રોગ. તો ગોશાળે તેજોલેશ્યા નાખી ભગવાન ઉપર. એ બધી ખોટી કલ્પના છે. એને રોગ થયો. તો એને રોગ માટે દવા દેવા ગયા. સાધુને મોકલ્યા. સાધુને કહ્યું ભગવાન! જાઓ. એ રેવતીબાઈને ત્યાં મારા માટે આહાર બનાવ્યો છે એ ન લેતા. એના ઘોડા માટે. ઘોડો સમજ્યાને? અશ્વ. અશ્વ માટે બનાવ્યું એ .. લાવજો. બધી કલ્પના છે. એય..! ભાઈ! કોઈ સંપ્રદાયના...

**શ્રોતા :-** એ વખતે શ્રાવકો મુનિઓ માટે બનાવતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં હતા જ મુનિઓ? વાત જ ખોટી છેને. કલ્પના. એ તો કલ્પના. ભગવાનને આહાર જ ક્યાં હતો ભગવાનને? એ કોઈ બનાવે અને એ વાત જ

ક્યાં હતી? અરે! શું થાય પણ હવે. બહુ ફેરફાર થઈ ગયો. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ ક્ષુધા ભગવાનને હોતી નથી. આહા..હા..! એ બોલ તો કાલે આવી ગયો હતો. '(૨) **અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (-વધારે તીવ્ર), મંદ, અથવા મંદતર પીડાથી ઊપજતી તે તૃષા છે (અર્થાત્ વિશિષ્ટ અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ તે તૃષા છે).**' એ તૃષા ભગવાનને હોતી નથી. અમૃતનો અનુભવ પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! પૂર્ણાનંદ અમૃતને પીવે છે. તો તૃષા શું છે? કાંતિભાઈ! આવી વાત છે. શ્વેતાંબરમાં તો બધું નાખ્યું છે. ક્ષુધા ને તૃષાને. ભાઈ! માર્ગ તો એણે ફેરવી નાખ્યો છે. ખરેખર તો શ્વેતાંબર અને સ્થાનકવાસી છે એને જૈન જ નથી કહેતા, અજૈન છે. એય..! હવે તો ૪૧ વર્ષ પૂરા અહીંયાં. આહા..હા..! અન્યમતિ કહે છે. મોક્ષમાર્ગનો પાંચમો અધ્યાય. એમાં અન્યમતિમાં શ્વેતાંબર અને સ્થાનકવાસીને નાખ્યા છે. જૈન જ નથી એ. કહો, જેઠાલાલભાઈ! આજે એણે ચોપડી પાંચ આપી દ્રવ્યદૃષ્ટિ. એક માગી. મેં કીધું ઈ તમે માગી. તમે માગી અને કોણ ન આપે? એક માગી તો રામજીભાઈ કહે કે પાંચ આપો. ત્યાં છેને ત્યાં નાઈરોબીમાં દ્રવ્યદૃષ્ટિપ્રકાશ વાંચે તો ખરા. એ તો ઘણા મુંબઈમાં વાંચે છે. ઘાટકોપર ઘણા અમારે. ક્યાં ગયા મણિભાઈને? આહા..હા..! મણિભાઈ છે એક ઘાટકોપર એક ભૂપતભાઈ છે. બહુ અભ્યાસ ઘણો. ઝીણવટથી આની ચર્ચા કરે છે હોં. છોકરાઓ નાની ઉંમરના છે. એ તો વસ્તુની સ્થિતિ વર્ણવી છે. નિહાલભાઈએ તો જે અંતરમાં વસ્તુ હતી એને બહારમાં શબ્દો દ્વારા કહી છે. એ વસ્તુ ઘરની નથી, વસ્તુની સ્થિતિ છે એ. એવી ઝીણી છે સાધારણ ન સમજે તો અજીર્ણ થઈ જાય એવું છે. અને એકલો બોલકો થઈ જાય તો પછી ઓલી વસ્તુ અંદર રહી જાય. એય..! ડાહ્યાભાઈ! કારણ કે અત્યારે અભ્યાસ ઘણો થઈ ગયો એ લોકોને. આ પુસ્તક બહાર પડ્યા. લોકોને ઘણો. નાની નાની ઉંમરના છોકરાઓને અભ્યાસ થઈ ગયો છે. પણ એમાં જો એકલો બોલકો થઈ જાય. બોલકો સમજ્યાને? ઓલી વસ્તુ પડી રહે અંદર. એ તો નુકસાન કરે એને. આહા..હા..! હઠાગ્રહમાં એ હઠાગ્રહમાં. આહા..હા..!

**શ્રોતા :-** એ અભ્યાસ કરે બહુ લાભનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાભનું કારણ. પોતાના માટે અભ્યાસ કરે તો.. કોઈને સમજાવા માટે અને કોઈને કહેવા માટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી તૃષા ભગવાનને હોતી નથી. આહા..હા..! તે પણ એ વ્યવહાર નથી હોતી એવા દેવને માનવા એ પણ શુભવિકલ્પ છે. વિકલ્પ છે. આહા..હા..! એ પણ પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! પણ એવું આવે છે. નિશ્ચયસમ્યગ્દર્શન અનુભવ થાય, નિર્વિકલ્પ સહજાત્મસ્વરૂપ પ્રભુ, એવા અનુભવના કાળે પણ એવી વસ્તુની યથાર્થ શ્રદ્ધા દેવની, વિકલ્પ આવે છે. છે હેય, પણ એ આવ્યા વિના

રહેતો નથી. એવી વાત છે, ભાઈ! આહા..હા..!

પછી '(૩) **આલોકનો ભય,...**' ભગવાનને હોતો નથી. '**પરલોકનો ભય, અરક્ષાભય, અગુપ્તિભય,...**' સમયસારમાં આવે છે એ બધું. '**મરણભય, વેદનાભય અને અકસ્માતભય એમ ભય સાત પ્રકારે છે.**' એ ભય ભગવાનને હોતા નથી. પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર એને ભય કેવો? નિર્ભય દશા પૂરી પ્રગટ થઈ. આહા..હા..! '(૪) **ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.**' એ ભગવાનને રોષ હોય નહિ. '(૫) **રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય છે;...**' રાગના બે પ્રકાર. '**દાન,...**' દેવાનો ભાવ એ શુભરાગ. ચાહે તો તીર્થંકર છદ્મસ્થ હોય અને એને દાન દેવાનો ભાવ એ શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? '**દાન, શીલ,...**' કાયાથી બ્રહ્મચર્ય પાળવું એ પણ એક શુભરાગ છે. સમજાણું કાંઈ? '**દાન, શીલ, ઉપવાસ...**' આ ઉપવાસનો ભાવ પણ શુભરાગ છે. આહા..હા..! જ્ઞાનીને એવો શુભવિકલ્પ આવે છે, પણ એ હઠ વિના આવે છે. સહજ થાય છે. હઠ નથી. અને અજ્ઞાનીને હઠ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય?

'**ઉપવાસ...**' હવે એ કહે છે કે ઉપવાસ નિર્જરા છે. ઉપવાસ તપસ્યા છે અને તપસ્યા નિર્જરા છે. તપસ્યા નિર્જરા આવે છેને એ? એ નહિ. એ તો શુભવિકલ્પ રાગ છે. આહા..હા..! '**ગુરુજનોની વૈયાવૃત્ત્ય...**' એ સંત સાચા મુનિ ધર્માત્મા વીતરાગી મુનિ એવા '**ગુરુજનોની વૈયાવૃત્ત્ય...**' એ પણ શુભભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય રાગ છે. પણ એવો ભાવ છદ્મસ્થ સમકિતીને નિશ્ચયસમ્યક્‌ની ભૂમિકામાં એવો શુભભાવ વ્યવહારસમકિતનો આવે છે. જૂઠા ગુરુ અને જૂઠા શાસ્ત્ર, જૂઠા દેવની શ્રદ્ધાનો વિકલ્પ જ્ઞાનીને થતો નથી. સમજાણું કાંઈ? જૈન પરમેશ્વર દેવ સિવાય અને ગુરુ નિર્ગ્રંથ સિવાય અને શાસ્ત્ર ભગવાનની વાણી અથવા અહિંસા એ સિવાય બીજામાં કોઈ ધર્મ નથી. એવી શ્રદ્ધા કરવી એ પણ વિકલ્પ છે.

'**વગેરેમાં ઉત્પન્ન થતો...**' '**વૈયાવૃત્ત્ય વગેરેમાં...**' આ સાંભળવાનો વિકલ્પ છે એ પણ રાગ છે. કથન કરવું એ પણ શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આદિ લીધુંને? '**વૈયાવૃત્ત્ય વગેરેમાં...**' સાંભળવું, સંભળાવવું, વાંચન કરવું એ બધો શુભરાગ છે, આહા..હા..! એ ધર્મ નથી, એ નિર્જરા નથી. આહા..હા..! '**પ્રશસ્ત રાગ છે...**' અને એ શુભરાગ છે. કહ્યુંને, '**દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ત્ય વગેરેમાં...**' સાંભળવું, શાસ્ત્ર લખવા એ પણ શુભરાગ છે. ટીકા કરવી એ પણ એક શુભરાગ છે. આહા..હા..! તો અમૃતચંદ્રાચાર્ય તો ત્રીજા શ્લોકમાં એમ કહે છે કે હું આ ટીકા કરતાં મારી આ અશુદ્ધતા નાશ થઈ જાઓ. ત્રીજા શ્લોકમાં છે. મુનિ છે, સાચા મુનિ, ભાવલિંગી ત્રણ કષાયનો અભાવ, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું અને પોણી સેકન્ડની અંદર નિંદ્રા. એટલી. છતા એ કહે છે કે મને પણ હજી કલુષિતતા છે. રાગના કષાયની મંદતા સંજ્વલન એની કલુષિતતા મારામાં

છે. એ ટીકા કરતા નાશ થઈ જાઓ. એનો અર્થ? ટીકા કરવામાં તો વિકલ્પ છે. એ વિકલ્પથી અશુદ્ધતા નાશ થતી નથી, પણ ટીકાને કાળે મારી દૃષ્ટિનું જોર સ્વભાવ ઉપર જશે એનાથી કલુષિતતાનો નાશ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહ્યું કે એ તો બધો શુભ રાગ છે. તો શુભરાગથી કલુષિતતા નાશ પામે છે? શુભરાગ પોતે કલુષ છે. પોતે સમજ્યાને? સ્વયં.

**'સ્ત્રી સંબંધી, રાજા સંબંધી,...'** આહા..હા..! રાગ. એ પાપ રાગ છે. આહા..હા..! **'રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી...'** આહાર, ભય અને મૈથુન સંજ્ઞા. **'વિકથા કહેવાના...'** એ પાપ રાગ છે. આહા..હા..! **'વિકથા કહેવાના ને સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે.'** સાંભળવામાં પણ કૌતૂહલ પરિણામ થવા એ પણ પાપરાગ છે. આહા..હા..! એ ભગવાનને રાગ હોય નહિ. પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈ રાગ હોતો નથી. વીતરાગ પરમાત્મા પરમદશા છે એ. **'(૬) ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે...'** ચાર પ્રકારના સાધુ છેને? **'શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણને ઋષિ છે'...'** ઋદ્ધિ-ઋદ્ધિ. આત્મજ્ઞાન સહિત અંદર ઋદ્ધિ પ્રગટે. **'અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે;...'** આહા..હા..! એનો અર્થ એ થયો કે કેવળજ્ઞાની મુનિ પ્રત્યે વાત્સલ્યતા એ પણ પ્રશસ્ત મોહ છે. આહા..હા..! પરદ્રવ્ય છેને? સિદ્ધાંત તો એમ કહ્યો **'परदव्वादो दुग्गइ'** મોક્ષ(પાહુડ)માં તો ભગવાન એમ કહે છે મોક્ષપાહુડમાં. **'परदव्वादो दुग्गइ'** જેટલો પરદ્રવ્ય તરફ લક્ષ જશે એ દુર્ગતિ નામ ચૈતન્યની ગતિ નથી. આહા..હા..! **'सदव्वा हु सुग्गइ होइ'** સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એને આશ્રયે જે પરિણતિ થાય એ સુગતિ નામ ચૈતન્યની ગતિ છે એ. આહા..હા..! આવો માર્ગ! સમજાણું કાંઈ? તીર્થંકર હોય કે સર્વજ્ઞ હોય કે મુનિ હોય કે શાસ્ત્ર હોય, પણ છે પરદ્રવ્યને? શાસ્ત્ર એ પરદ્રવ્ય છે. આહા..હા..! ગુરુ પરદ્રવ્ય છે, તીર્થંકર પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય ઉપર લક્ષ જવાથી કહે છે **'परदव्वादो दुग्गइ'** એ તો ચૈતન્યની ગતિ છોડીને રાગની ગતિ થશે અને એનાથી પુણ્યબંધ થાય એ સ્વર્ગાદિ મળે એ દુર્ગતિ છે. આહા..હા..!

**'ઉપશમક અથવા ક્ષપકશ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે; અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.'** એના પ્રત્યે વાત્સલ્ય, પ્રેમ થવો એ મોહ છે, પ્રશસ્ત મોહ છે. **'અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.'** એનો અર્થ? કેવળી ભગવાનને, તીર્થંકરને, કેવળી પરમાત્મા પ્રત્યે પણ મોહ નથી. આહા..હા..! આવ્યુંને એ? સર્વજ્ઞદેવને મોહ નથી થતો આપ્તપુરુષને. તો મોહ નથી થતો નામ? કેવળી ઉપર એને પ્રેમ નથી. રાગ નથીને. સાધુ, સાધ્વી કે સાચા અર્જિકા .. અથવા ચાર પ્રકારના સાધુ એના પ્રત્યે એને મોહ નથી. સર્વજ્ઞ પરમાત્માને ચાર સંઘ પ્રત્યે મોહ નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? એ મોહ એ રાગ છે.

'(૭) **ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન** (-**ચિંતા,** વિચાર) **પ્રશસ્ત છે અને તે સિવાયનું** (**આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન**) **અપ્રશસ્ત જ છે.**' બેય ધ્યાન ભગવાનને હોય નહિ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ભગવાનને હોતા નથી. '(૮) **તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર...**' શરીરની અવસ્થા જરા-જરા. '**તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત...**' વય-વય દેહની અવસ્થા. વૃદ્ધાવસ્થા થાય છેને જરા? એ જરા ભગવાનને હોય નહિ. આહા..હા..! શરીર પીળું પડી ગયું એવું આવે છે આમાં. ઓલું લખ્યું હતું. ભગવાનનું શરીર... અમરચંદજીએ લખ્યું હતું છેને આ સ્થાનકવાસી છે આમાં. શરીરનો ભગવાનને રોગ થયો તો શરીર પીળું પડી ગયું. પછી આહાર લઈ આવ્યા અને આહાર આવ્યા. આ અમરચંદજી નહિ? કવિ એય..! રસિકભાઈ! છેને રાજગ્રહી? અરે! ભગવાન! ભગવાનનું શરીર પીળું એ તો પરમૌદારિક શરીર. ભગવાન તીર્થંકરને તો જન્મથી પરમૌદારિક શરીર. ભગવાનને તો જન્મથી ક્ષુધા, તૃષા હોય છે, પણ રોગ ને પેશાબને જાડા એને ન હોય. જંગલ એને હોય નહિ પહેલેથી. તીર્થંકર જન્મથી જ એને ક્ષુધા-તૃષા હોય છે, પણ એને આહાર અને નિહાર. આહાર હોય છે નિહાર નહિ. રોગ નથી થતો. આહા..હા..! ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વર કોને કહે? આહા..હા..! સમજાણું કાંઈ? છેલ્લે સુધી એને જરા અવસ્થા નથી થતી. આહા..હા..! છેને? એ આવ્યું હતું નહિ હમણા, ભાઈ! એ આવ્યું હતું. પીળું શરીર પડી ગયું છે એટલું. એ અમરચંદજીએ લખ્યું છે. આહા..હા..!

એને પાછું ઓલું ભગવાને દીક્ષા લીધીને તો એને ઈન્દ્રે વસ્ત્ર આપ્યું. શ્વેતાંબરમાં એવું આવે છે. એક વસ્ત્ર આપ્યું વસ્ત્ર. ખંભે રાખ્યું. તો એના એક મામાનો ભાણેજ આવ્યો. મામાનો મિત્ર બ્રાહ્મણ. તો ભગવાને એને અર્ધફાલક દઈ દીધું. એ કેવી કરૂણા, એમ કહે! અરે! આ હોય નહિ માળા! ભગવાનને વસ્ત્ર કેવું? મુનિ વસ્ત્ર અહીં રાખે એવો શ્વેતાંબર શાસ્ત્રમાં પાઠ છે. અહીંયાં રાખે અર્ધફાલક એ કલ્પસૂત્રમાં છે હોં. મૂળપાઠમાં નહિ. કલ્પસૂત્રમાં, અડધું ફાડીને આપ્યું. અડધું-અડધું. અને અડધું પડી ગયું. બધી કલ્પના છે. અરે! ભાઈ! આકરું કામ બહુ. સંપ્રદાયમાં તો એ... કહો, બાબુભાઈ! આ ત્રણે શ્વેતાંબર છે. અજીતભાઈને. વીરચંદભાઈ એ સ્થાનકવાસી. એ વાત સાચી. ચેલા-ચેલા. આહા..હા..! અહીં તો કહે છે કે સ્થાનકવાસી ક્યાં અને શ્વેતાંબર. આ તો વસ્તુ આ છે. ..ભાઈ! આવી વાત છે, બાપા! આ કોઈ સંપ્રદાયની વાત નથી. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! કે દિગંબર સંપ્રદાયમાં આવા તીર્થંકર અને શ્વેતાંબરમાં તીર્થંકર આવા હોય. એય..!

આ બધું લખ્યું હતું કે મહાવીર જો વસ્ત્રસહિત આવ્યા હોય તો દિગંબર કહે છે અમે નહિ માનીએ તમને. શ્વેતાંબર કહે કે વસ્ત્રસહિત તમને માનશું. એવું નાખ્યું ભાઈ અમરચંદજીએ. ત્યાં ખર્ચે છેને રાજગૃહી વિરાયતન. એક અબજપતિ મળી ગયો છે. ગૃહસ્થ છે. છેલશંકર.

મોરબીના નહિ મોરબી? છેલશંકર ઝવેરી મોટો. ૫૦-૬૦ કરોડ રૂપિયા છે. નાનો ભાઈ છે એનો છોકરો છે એની પાસે ૪૦-૫૦ કરોડ. એક અબજ રૂપિયા. બે ભાઈઓ વચ્ચે એક અબજ. એય..! જેઠાલાલભાઈ! ત્યાં અમે ગયા હતાને. શું કહેવાય ઈ? જયપુર-જયપુર. આ પ્રસિદ્ધિ તો અમારી મોટી છેને બહારની? અમે સ્થાનકવાસી હતા અને અમારા ઉપર પ્રેમ. એટલે ઓલા નાનાલાલભાઈના દીકરાને ૧૮ વર્ષે છોકરો આવ્યો. એની પાસે ૪૦-૫૦ કરોડ છે. મોટા પાસે ૬૦-૭૦ એટલે અબજ રૂપિયા. આવ્યા અમારી પાસે. મહારાજ! અમારા ઘરે પગલા કરો. ઠીક અમારે શું? એ સ્થાનકવાસી ખરાને? ૧૮ વર્ષ સુધી દીકરો નહોતો. વનેચંદભાઈના દીકરાનો દીકરો થયો. ઓલો મોટો થયો. ગયા ત્યારે એક હજાર રૂપિયા મૂક્યા હતા એણે. દસ મિનિટ બેઠા હતા ત્યાં. જ્ઞાન ખાતે હજાર મૂક્યા. બધું કુટુંબ ભેગું થયું હતું. અહીં તો ભાઈ કીધું તમે આ સ્થાનકવાસી તરીકે પધારો તો અમે કાંઈ ના ન પાડીએ. અમારે કાંઈ એવું નથી. ભગવાનજીભાઈ! હવે ઈ ત્યાં પડ્યા છે આ. આ રાજ શું કહેવાય? વિરાયતન. અબજપતિ. આહા..હા..! જેને જયપુરમાં એની માના નામે ૩૫ લાખનું તો હોસ્પિટલ બનાવ્યું છે. જ્યાં અમે ઉતર્યા હતા પૂનમચંદ ગોદિકા. શેઠ! જોયાને પૂનમચંદ ગોદિકાને? ત્યાં ઉતર્યા હતા તો એની જોડે જ હતું એની મા. ત્યાં ૩૫ લાખની હોસ્પિટલ હતી. ૩૫ લાખ હતા. એવા તો કેટલાય. પૈસા ઘણાને. પણ એથી શું એ વસ્તુ? એ ત્યાં મદદ કરે છે. એ શું થયું એનો અર્થ? બહાર મકાન બનાવવા, મંદિર બનાવવા માટે હોસ્પિટલ બનાવવી એ ૨૫૦૦ વર્ષનો ભગવાનનો મહોત્સવ કહેવાય. એ શું? એ તો એક શુભરાગ હોય. સમજાય છેને? તે પણ મિથ્યાત્વસહિતનો શુભરાગ છે તેને. આ તો સમ્યગ્દૃષ્ટિને નિશ્ચય ભાન છે, 'શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા છું' એવું પરિણમન છે. એની સાથે આવો વિકલ્પ દેવ, ગુરુ અને સાચા શાસ્ત્રની શ્રદ્ધાનો હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, વય એને ન હોય.

શું કીધું ઈ? ભગવાનને કરોડ પૂર્વનું આયુષ્ય પણ વય-જરા અવસ્થા ન થાય. ન થાય એટલે ન હોય. ભાઈ ગુજરાતી આવી જાય કોઈવાર. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાનને કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. ભગવાન બિરાજે છે મહાવિદહમાં. પાંચસો ધનુષ ૨૦૦૮ મોટા ઉંચા અને કરોડપૂર્વનું આયુષ્ય. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવા-એવા કરોડ.

**શ્રોતા :-** કોઈ ભૂખ ન લાગે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો પહેલી જ ના પાડી કે ક્ષુધા નથી, તૃષા નથી. હવે અહીં કીધું કે એને જરા અવસ્થા નથી. જરા અવસ્થા હોતી નથી. આહા..હા..! હજી સાચા દેવની શ્રદ્ધાના ઠેકાણા ન મળે એને નિશ્ચય તો ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? જરા

અવસ્થા ભગવાનને હોય નહિ. કરોડપૂર્વનું આયુષ્ય હોય એવો ને એવો દેહ લાગે.

લ્યો, એ કેટલામું આવ્યું? આઠમું? એ આઠ આવ્યાને? હવે '(૯) **વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (-શરીર) સંબંધી પીડા...**' શરીરમાં રોગ. એ ભગવાનને છે નહિ. આહા..હા..! શ્વેતાંબરમાં તો ભગવાનને રોગ આવ્યો છ માસ સુધી. છ મહિના સુધી શું કહેવાય ઈ? પેચોટી. જાડા-જાડા રહ્યા. છ માસ સુધી જાડા. બિલકુલ જૂઠું. ભગવાનને જાડા કેવા? રોગ કેવો? પરમ ઔદારિક શરીર પહેલાથી. આહા..હા..! આ તો કેવળજ્ઞાન. જરા કીધુંને ત્યા. '**વાત, પિત્ત અને કફ...**' વાયુ, પિત્ત-ગરમી અને કફ. એની ત્રણની '**વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (-શરીર) સંબંધી પીડા તે જ રોગ છે.**' એ ભગવાનને રોગ હોતો નથી. આહા..હા..! એમાં આવે છે એ. તેજોલેશ્યા મૂકી એટલે એકદમ પિત્ત જોર થઈ ગયું, પિત્ત જોર શરીરમાં ભગવાનને. ઘણું વિપરીત થઈ ગયું, ઘણું વિપરીત થઈ ગયું જૈનધર્મને. એય..! પ્રેમચંદભાઈ! આ બધું શું ચાલે છે? આ તમારું. અહીં ઘણા સ્થાનકવાસી અને દેરાવાસી છે આમાં તો. પરદેશી તો કોક દિગંબર હોય. માર્ગ આવો છે, ભાઈ! વ્યવહારશ્રદ્ધામાં પણ આવા સાચા દેવ, સાચા ગુરુ કે જેને રોગ ન હોય, ક્ષુધા ન હોય, તૃષા ન હોય એવા દેવ એની એને માન્યતાનો શુભરાગ નિશ્ચય પરિણતિવાળાને આવો હોય છે. આહા..હા..!

શ્રીમદ્દે લખ્યું હતું આ હોં. ઓલું નવું પુસ્તક બનાવ્યું છેને? એમાં લખ્યું છે. અઢાર દોષ. એ રત્નકરંડશ્રાવકાચારમાં. અઢાર દોષસહિત ભગવાનનું લખ્યું છે. પણ એ લોકોએ શું? એ તો અનુવાદ કર્યો છે. એ અઢાર દોષ ન હોય એમ ક્યાં છે? માણસને પકડાય જાય છેને.

**શ્રોતા :-** અનુવાદ કર્યો એ વાત તો સાચી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુવાદ કર્યો, પણ અનુવાદ કર્યો પણ એ માનથી એમ થયું એ વખતે કે ભગવાનને રોગ હોય નહિ. ક્યાં ગયા ફુલચંદજી? ગયા? ઠીક. જેઠાભાઈ તો છેને? નાનો ઉપડી જાય એટલે મોટાને જાવું. સમજાણુંને શું છે આટલી બધી?

**શ્રોતા :-** મોટા ઉપર જવાબદારી વધારે હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટા ઉપર જવાબદારી વધારે હોય લ્યો. આહા..હા..! ભગવાનને વાત, પિત્ત અને કફ વિષમ થઈ જાય અને એનાથી શરીરમાં રોગ થાય, એવો રોગ ભગવાનને થતો નથી. આહા..હા..! એવી શ્રદ્ધા દેવની, એવા દેવની શ્રદ્ધા, સમ્યગ્દર્શન જેને નિશ્ચય છે એને શ્રદ્ધાનો વિકલ્પ એવો થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'(૧૦) **સાદિ-સનિધન,...**' આદિ છે અને સનિધન-અંત છે. એવા '**મૂર્ત ઇન્દ્રિયોવાળા, વિજાતીય નરનારકાદિ વિભાવવ્યંજનપર્યાયનો...**' શરીર '**જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.**' ભગવાનના શરીરનો નાશ થતો નથી. કારણ કે શરીરના નાશ પછી

ત્યાં તો કેવળી મોક્ષ થાય છે, એને નાશ કહેવામાં નથી આવતો. એ તો છૂટી ગયું. મૃત્યુ નથી. ભગવાનને મૃત્યુ ન હોય. આહા..હા..! '(૧૧) **અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.**' પસીનો. ભગવાનને પરસેવો ન હોય. આ બહુ મહનેત કરે તો પરસેવો ઉતરે છેને? પરસેવો એ તો નિરોગ શરીર મહા.. આહા..હા..! અરે! જેને જે પૂજનિક છે એવા ઈન્દ્રોને રોગ નથી. જે ઈન્દ્ર જેને પૂજે છે એ ઈન્દ્રોને રોગ નથી અને ભગવાનને રોગ? બહુ ગડબડ થઈ ગઈ છે. અરે! શાંતિભાઈ! સમજાણું કે નહિ? હવે આ બધી ગડબડ પ્રરૂપણા-પ્રરૂપણા કરવા જાય ત્યાં સંભાળ કરવા જેવું છે. સ્થાનકવાસીના અગ્રેસરમાં થઈ ઓલો ભાષણ કરે અને માન મળે તો જાય. હમણા કહે નથી જતો બાર મહિનાથી. એમ કહે છે.

**શ્રોતા :-** હવે તો અહીં આવી ગયા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યા છે પણ હવે જવાના છેને પાછા? એ અહીં ક્યાં સદાય રહેવાના છે? પણ હવે નહિ જાય એમ કહે છે. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો નિશ્ચયમાર્ગ તો અલૌકિક છે. એ તો ક્યાંય વિકલ્પથી પત્તો ખાય એમ છે નહિ. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ અખંડ અભેદ ચૈતન્યની મૂર્તિનો અનુભવ એ તો અલૌકિક વાત છે. એવા જીવને દેવની શ્રદ્ધા થાય છે વિકલ્પ જે સહજ એવો વિકલ્પ આવે છે. આહા..હા..! એને વ્યવહાર કહે છે અને એને પુણ્યબંધનું કારણ કહે છે. આહા..હા..! મૃત્યુ નથી થતું. આ પરસેવો નથી થતો.

'(૧૨) **અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.**' ભગવાનને ખેદ કેવો? પૂર્ણ ઈષ્ટ પ્રાપ્ત થયો અનંત આનંદ. આવ્યું હતુંને પ્રવચનસારમાં? ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો નાશ. પ્રવચનસારમાં આવ્યું. ભગવાનને અનિષ્ટનો નાશ થયો. અનિષ્ટ નામ રાગાદિ. ઈષ્ટની પ્રાપ્તિ થઈ. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ એ ઈષ્ટ છે. બહારની દુનિયામાં કોઈ ચીજ ઈષ્ટ છે નહિ. આહા..હા..! ભગવાનને ખેદ નથી થતો. '(૧૩) **સર્વ જનતાના (-જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે,...**' અભિમાન થાય છે એ ભગવાનને નથી હોતું. એવી કવિતા બનાવે. આહા..હા..! શાર્દુલવિક્રિડિત આમ હલતો. સિંહ જેમ હોય.. 'ભક્તામ્બર પ્રણિત મૌલી મણિ પ્રભાણામ.' ઓહો..હો..! કવિત્વશક્તિથી આમ સભાને તો હલાવી દે. એવી કવિત્વશક્તિનું અભિમાન. એ ભગવાનને હોતું નથી.

કહ્યું હતુંને એક છોડી છે ત્યાં. ક્યાં કીધું? આદર્શનગરમાં. જયપુર-જયપુર. એ હિન્દુસ્તાની છોકરી છે. બહારથી આવી છે એ. શું કહેવાય? મુલતાન. હા એ છોડી.. હમણા ગઈ સાલે અમે ત્યાં હતા. શું નામ કીધું? પદમપુરા. ત્યાં આવી હતી. પણ ભાષા. કંઠ એનો ઓહો..હો..!

તે દિ' ૧૬-૧૭ વર્ષની હશે અને અત્યારે ૨૦ વર્ષની હશે હજી. ત્યાં ગતસાલમાં અહીં પદમપુરા આવી હતી. ત્યાં તો આશ્રમ ગયા હતા એના શું કહેવાય ઈ? જયપુર. ... શું કહેવાય? આદર્શનગર. ત્યાં પાંચ-છ હજાર માણસ વ્યાખ્યાનમાં. ત્યાં વ્યાખ્યાન પૂરું થયું અને બોલી કંઠ તે કંઠ એનો! એ તો અવાજ નીકળે જાણે બધા થંભી જાય. પણ એ તો જડની પર્યાયમાં, આત્મામાં ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગની ધ્વનિ નીકળે આમ ઈન્દ્રો થંભી જાય, સિંહ અને હરણ થંભી જાય, ઉંદર અને સર્પ. એવી વાણીનું એને અભિમાન નથી. એ તો સહેજે વાણી દિવ્યધ્વનિથી. છેને?

'**કર્ણમાં અમૃત રેડતા...**' પ્રગટ કરનારા '**સહજ ચતુર કવિત્વને લીધે, સહજ (સુંદર) શરીરને લીધે,...**' બીજું એ. શરીર સુંદર રૂપાળું. .. આ તો ધૂળ-માટી છે. આહા..હા..! ભગવાનનું શરીર સુંદર. એક હજાર અને આઠ લક્ષણો. એનું અભિમાન એને હોતું નથી. '**સહજ કુળને લીધે,...**' સ્વભાવિક કુળ, ઉત્તમ કુળમાં જન્મ એનું અભિમાન નથી. '**સહજ બળને લીધે...**' બળ એટલું હોય એનું અભિમાન નથી. '**સહજ ઐશ્વર્યને લીધે...**' આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ એ મદ છે. આહા..હા..! એ જાતિ, મદ અને કૂળ કીધાને ઈ? એ મદ ભગવાનને હોતો નથી. આહા..હા..! નિર્માનપણે પરિણમવું અવિકારી પરિણમન દશા થઈ ગઈ એને મદ હોય નહિ. '(૧૪) **મનોજ્ઞ (મનપંસદ) વસ્તુઓમાં પરમપ્રીતિ તે જ રતિ છે.**' ભગવાનને રતિ નથી.

'(૧૫) **પરમસમરસીભાવની ભાવનારહિત જીવોને ક્યારે પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.**' ભગવાનને વિસ્મય છે નહિ. '(૧૬) **કેવળ શુભકર્મથી દેવપર્યાયમાં ઉત્પત્તિ,...**' કહો, સમજાણું? ... જન્મ છે નહિ. મૃત્યુ અને જન્મ નથી. આહા..હા..! અમૃતને વેદનારા પૂર્ણ ભગવાન એને જન્મ શું અને મૃત્યું શું? આ જન્મની વાત કરે છે. '**કેવળ શુભકર્મથી દેવપર્યાયમાં ઉત્પત્તિ,...**' તે જન્મ. '**કેવળ અશુભકર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ,...**' એ જન્મ. '**માયાથી તિર્યંચપર્યાયમાં જે ઉત્પત્તિ...**' એ જન્મ. '**અને શુભાશુભ મિશ્રકર્મથી મનુષ્યપર્યાયમાં જે ઉત્પત્તિ, તે જન્મ છે.**' એ ભગવાનને જન્મ છે નહિ. આહા..હા..! એની સાથે ગતિમાં ઉપજવાનું કારણ પણ બતાવ્યું છે. શુભકર્મથી દેવપર્યાય, અશુભથી નારકી પર્યાય, માયાથી તિર્યંચ શરીર, શુભાશુભથી મનુષ્ય પર્યાય. આહા..હા..! મનુષ્ય પર્યાયથી પણ આત્માને લાભ નથી થતો. કે ભાઈ મનુષ્યપણું મળ્યું તો સાંભળવા મળ્યું તો ધર્મ પામે તો એને મનુષ્યપણું છે એનો લાભ થયો? તો કહે ના, ના, બિલકુલ નહિ. આહા..હા..! સાંભળવાથી પણ લાભ નથી થતો, પછી વાત શું? આવે જુદી વાત છે. આવે, હોય તો એમાં શું છે? લાભ નથી થતો. સમ્યગ્દર્શન સાંભળવાથી પમાય. માર્ગ તો એવો ભાઈ છે. આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! આહા..હા..! સાંભળવાથી વિકલ્પ છે. એ તો ઈન્દ્રિય છે એમ કીધું શાસ્ત્રમાં. આ દ્રવ્ય ઈન્દ્રિય છે, ભાવ ઈન્દ્રિય

એક વિષયને જાણે છે ઇન્દ્રિય ક્ષયોપશમ અને ભાવેન્દ્રિય છે. અને એનો વિષય ભગવાન એ દ્રવ્ય ઇન્દ્રિય છે. ઇન્દ્રિયના વિષયને ઇન્દ્રિય કહી છે. આહા..હા..! ૩૧ ગાથા. જડેન્દ્રિય છે, ભાવેન્દ્રિય છે અને એનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધું ઇન્દ્રિય છે. એ ત્રણને જીતે તો જીતેન્દ્રિય કહેવામાં આવે છે. આહા..હા..! ત્રણથી આત્મા જિતેન્દ્રિય થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૧મી ગાથા છે. **'जो इंदिये जिणित्ता'** ઇન્દ્રિયને જીતીને અર્થાત્ દ્રવ્ય, ભાવ અને એનો વિષય. દેવ-ગુરુ-શાસ્ત્રથી આત્માને સમ્યગ્દર્શન થાય એમ નથી, એમ કહે છે. એય..! ડાહ્યાભાઈ! ભારે કામ! આ તો ..ના ભક્તોને તો એવું લાગે કે અરરર! આહા..હા..! આપણે ગુરુને પકડોને. ગુરુ તારી દેશે. તારી દેશે એવું છે? એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ગુરુ વિના જ્ઞાન નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ગુરુ વિના જ્ઞાન નહિ એ તો સમજવામાં નિમિત્તથી કથન છે. આત્મા વિના જ્ઞાન નથી. એ તો આપણે આવી ગયું નહિ? પરિજ્ઞાન. જ્ઞાન એને કહીએ. એ ત્રીજા શ્લોકમાં આવી ગયું. ભગવાન એને જ્ઞાન કહે છે કે જે જ્ઞાનમાં આખો આત્મા પૂર્ણ જ્ઞાનમાં જણાય એ પર્યાયને જ્ઞાન કહે છે. આહા..હા..! જે જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન પણ જ્ઞાન નથી. આહા..હા..! એ ત્રીજી ગાથામાં આવી ગયું. ત્રીજી. પરિજ્ઞાન. સમસ્ત પ્રકારે પૂર્ણ અખંડ આનંદસ્વરૂપ ભગવાન અનંતગુણના પિંડરૂપ એક વસ્તુ અખંડ. એવી પર્યાયમાં આખું તત્ત્વ, આત્માનું જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મજ્ઞાનનો અર્થ શું થયો? આખો આત્મા પૂર્ણ છે, અખંડ છે એનું જ્ઞાન થવું તે આત્મજ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન થવું, બીજાને સમજાવે માટે જ્ઞાન છે, એ કોઈ વસ્તુ નથી.

**શ્રોતા :-** જ્ઞાનની વ્યાખ્યા જ જુદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ભાઈ માર્ગ વીતરાગનો એવો છે. શું કીધું?

**શ્રોતા :-** જુદી નહિ, સાચી વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્ય જ આ છે. આહા..હા..! ભગવાન તો કહે કે અમારી સામું જોઈને તું અમને માને છો તો તને રાગ થશે. આ તો ઓલા ભાઈ કહે છેને ખતરગચ્છ. દેવચંદજી. ભગવાનની પૂજામાં આસ્રવ કાળ ઘટે, સંવર-વધે. એવું આવે છે. દેવચંદજી. ભગવાનની પૂજા અને ભગવાનના દર્શનથી આસ્રવ ટળે એ ખોટી વાત છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે એની ભક્તિ અનંતવાર કરી, તો એનાથી રાગ થયો. એ કોઈ ભગવાનની ભક્તિથી કોઈ આસ્રવ ઘટે છે અને સંવર વધે છે એમ ત્રણકાળમાં નથી. શાંતિભાઈ! આવો માર્ગ છે, ભાઈ! અરે! એને દૃષ્ટિમાં પણ ન આવે, એની રુચિમાં પણ બેસે. ક્યાં જાવું એને? આહા..હા..!

'(૧૭) **દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે**

**તે જ નિદ્રા છે.'** ભગવાનને નિદ્રા નથી હોતી. એ સાચા મુનિને પોણી સેકન્ડની નિદ્રા હોય છે. જૈનદર્શના ભાવલિંગી સંત જે કહેવામાં આવે છે એને તો એક પોણી સેકન્ડની અંદર નિદ્રા આવે છે. એક સેકન્ડ પણ નિદ્રા નહિ. આહા..હા..! એ પોણી સેકન્ડને અંતર્મુહૂર્ત કહે છે. અંતર્મુહૂર્તના અસંખ્ય ભેદ છેને? જેને ત્રણ કષાય ગયો ત્યાં નિદ્રા અલ્પ છે. જેને સર્વ કષાય ગયો તેને નિદ્રા છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન નિદ્રા લે એ છે નહિ. આહા..!

'(૧૮) **ઈષ્ટના વિયોગમાં વિક્લભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.'** એ ઉદ્વેગ ભગવાનને હોય નહિ. '**આ (અઢાર) મહા દોષોથી ત્રણલોક વ્યાપ્ત છે. વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.'** આવા દેવને દેવ કહેવામાં આવે છે. આહા..હા..! એને આપ્ત કહેવામાં આવે છે. એવા આપ્તની શ્રદ્ધા નિશ્ચયશ્રદ્ધા સહિતમાં શુભવિકલ્પથી કરવી એનું નામ વ્યવહારસમકિત છે. આહા..હા..! '**(વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી થાય?'** હવે થોડી શાતાનું છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૯, શનિવાર, તા. ૧૦-૦૧-૧૯૭૬
## ગાથા-૬-૭, કળશ-૧૩, પ્રવચન નં. ૧૪૮

નિયમસાર ચાલે છે. જીવ અધિકાર. મોક્ષનો માર્ગ. એમાં દેવની વ્યાખ્યા છે. દેવ અઢાર દોષરહિત હોય છે. વ્યવહારસમકિતની વાત છે પહેલી. જેને અંતર આત્મામાં શુદ્ધ અખંડ જ્ઞાયકભાવ, પૂર્ણ આત્મસ્વભાવ પ્રતીતમાં અનુભવ કરીને થયો હોય એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ નિશ્ચયસમ્યગ્દર્શન. એ વ્યવહારસમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા થાય એ વ્યવહારસમકિત નામ શુભરાગ કહેવામાં આવે છે. એ શુભરાગની પાછળ નિશ્ચય સમકિત ગર્ભિત ગમનરૂપ સાથે હોય છે, તો એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને વ્યવહાર સમ્યગ્દર્શન કહે, દેવ અઢાર દોષરહિત, ગુરુ નિર્ગ્રંથ, તપ ઈચ્છા નિરોધરૂપી તપ આદિ અને દયા ધર્મ. રાગની ઉત્પત્તિ ન થવી એવો અહિંસા ધર્મ. એની શ્રદ્ધા એ શુભરાગ વિકલ્પ છે. પણ એ વિકલ્પની પાછળ અંદર આત્મામાં શુદ્ધ અખંડ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ થઈને નિર્વિકલ્પ પ્રતીતિ દર્શન થવું એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? તો એ વ્યવહારસમકિતની પાછળ નિશ્ચયસમ્યગ્દર્શન ગર્ભિત છે એને વ્યવહાર કહે છે. આહા..હા..! જેને નિશ્ચયસમ્યગ્દર્શન નથી, તેને તો વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવતો નથી. એવી ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

તો અહીંયાં કહે છે, દેવની વ્યાખ્યા છેને? તો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એને ક્ષુધા, તૃષા, રોગ નથી થતો. જે ક્ષુધા, તૃષા, રોગ માને છે એ દેવના સ્વરૂપને જાણતા નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબર લોકો કહે છેને કે ભગવાનને રોગ થયો, ભગવાનને ક્ષુધા લાગી, તૃષા લાગી, આહાર લીધો, પાણી લીધું.. આવે છે. એ વાત ખોટી છે. સમજાણું કાંઈ? એ માટે આ વાત કરી છે કુંદકુંદાચાર્યે કે એને ક્ષુધા નથી હોતી. એ ભાવાર્થ છે પાછળ થોડો, જુઓ, '**વળી, તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીયકર્મોદય મધ્યે...**' ભગવાનને. અરિહંત દેવ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ. એને સમુદ્ર જેટલો શાતાવેદનીય ઉદય છે. બહુ જ શાતાવેદનીયનો ઉદય છે. '**મધ્યે બિંદુ જેટલો અશાતા-વેદનીયકર્મોદય વર્તે છે તે, મોહનીયકર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય?**' એને ક્ષુધા-તૃષા હોતી નથી. સમજાણું કાંઈ? જે ક્ષુધા-તૃષા માને એની વ્યવહાર દેવની શ્રદ્ધાના ઠેકાણા નથી. શાંતિભાઈ! ઝીણી વાત છે, ભાઈ! આ શ્વેતાંબર-દિગંબર બે ભાગ પડી ગયાને! પહેલા સનાતન જૈનદર્શન દિગંબરદર્શન એ સનાતન અનાદિ છે. એમાં આવા શ્વેતાંબર ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યા. બાર (વર્ષના) દુર્ભિક્ષ કાળમાં, પણ એ સત્ય માર્ગ નથી. ..મલજી! આહા..હા..! એમાં ભગવાનને રોગ કહે છે, ક્ષુધા કહે છે. એ વાત સત્ય નથી. કલ્પિત બનાવ્યું છે.

**શ્રોતા :-** શરીર હોય તો ક્ષુધા તો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ક્ષુધા લાગે નહિ. એ અશાતા-વેદનીયનો અંશ કહે છે જુઓ, એને શાતાવેદનીયનો તો સમુદ્ર છે. ઘણી શાતાવેદનીયનો ઉદય છે. '**મધ્યે બિંદુ જેટલો અશાતા-વેદનીયકર્મોદય વર્તે છે...**' જુઓ, એ અશાતાવેદનીયના અંશ રજકણ થોડા છે, પણ એ મોહનીયકર્મના અભાવમાં ક્ષુધા અને દુઃખ બિલકુલ નથી લાગતા. ભગવાન તો અનંત આનંદનું વેદન કરનારા છે. આહા..હા..! પૂર્ણ અનંત આનંદ. આનંદ તો બારમે ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. અનંત આનંદ તો તેરમે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એને અશાતાવેદનીય અશાતા થાય અને દુઃખ થાય એમ હોતું નથી. સમજાણું કાંઈ? એવી શ્રદ્ધા વ્યવહારનો ભાવ નિશ્ચયસમ્યગ્દષ્ટિને આવું હોય છે. એકલું સમ્યગ્દર્શન-નિશ્ચય વિના અંતરમાં અને વ્યવહાર એ તો વ્યવહારાભાસ પુણ્યબંધનું કારણ એટલું કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે અશાતા તો ઘણી થોડી. '**કારણ કે ગમે તેટલું આશાતાવેદનીયકર્મ હોય તોપણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ,...**' આહા..હા..! દુઃખ તો ત્યારે થાય કે જે આકુળતા નોકર્મના નિમિત્તથી આકુળતા થાય તો. નોકર્મ તો ભગવાનને છે નહિ. આહા..હા..! ઘણી ગડબડ થઈ ગઈ. બે સંપ્રદાય પડી ગયા. ભગવાન પછી ૬૦૦ વર્ષે. શ્વેતાંબર અને દિગંબર. શ્વેતાંબરમાંથી પછી આ સ્થાનકવાસી હજી ૫૦૦ વર્ષે પહેલા નીકળ્યા. એનાથી પછી હમણા ૨૦૦ વર્ષે તેરાપંથી-તુલસીપંથ નીકળ્યો. એ જૈનધર્મ

નથી. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાત છે. શ્વેતાંબર ધર્મને મોક્ષમાર્ગ પ્રકાશકમાં પાંચમા અધ્યાયમાં અન્યમતમાં નાખ્યો છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં અન્યમતમાં નાખ્યો છે. અન્ય મત છે, જૈનમત નથી. ઝીણી વાત છે, ભાઈ! કોઈને દુઃખ થાય એ માટે નથી. માર્ગ આવો છે. સમજાણું કાંઈ? તો એને.. શ્રીપાલજી! આહા..હા..!

**'મોહનીયકર્મના અભાવમાં...'** આહા..હા..! **'અહીં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (-અવિદ્યમાન જેવું) અશાતાવેદનીયકર્મ વર્તે છે ત્યાં ક્ષુધાતૃષાની લાગણી ક્યાંથી હોય?'** ભગવાનને ક્ષુધા અને તૃષાની વૃત્તિ છે નહિ. આ ઝઘડા ઉભા થયા બધા. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ નિર્મળ માર્ગ અનાદિથી ચાલ્યો આવે છે. તો દિગંબર ધર્મ એ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? એ તો અનાદિનો ચાલ્યો આવે છે. મહાવિદેહમાં એ જ માર્ગ છે. ભગવાન છે. બિરાજે છે સીમંધર ભગવાન મહાવિદેહમાં. આ એક જ માર્ગ છે. ત્યાં કોઈ બીજા માર્ગનું મંદિર અને બીજા માર્ગના સાધુ પણ નથી હોતા. એમ શ્વેતાંબર અને દિગંબર એવો ભેદ ત્યાં નથી. આ તો પંચમકાળમાં .. થઈ. ઝઘડા ઉભા થયા અરર! તો કહે છે કે ભાઈ! ભગવાન તો આવા હોય છે. એને ક્ષુધાતૃષા હોતી નથી.

**'ક્ષુધાતૃષાના સદ્‌ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે?'** ક્ષુધાતૃષાનું દુઃખ હોય તો અનંત સુખ અને અનંત વીર્ય ક્યાંથી સંભવે? **'આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી.'** કવલ-આહાર કહે છેને? ભગવાનને રોગ થયો, સાધુને આહાર લેવા મોકલ્યા. આહાર લાવ્યા અને ખાધો. પછી રોગ મટી ગયો. એવું ભગવતીસૂત્રના પંદરમાં શતકમાં છે. ભગવતીસૂત્ર છે એક ૧૬ હજાર શ્લોકનું. સવા લાખ ટીકા છે. એ તો અમે ૧૭વાર વાંચ્યું છે. ૧૭ સમજ્યા? ૧૦ અને ૭ હોં. ૭૦ નહિ. ૧૦ અને ૭. અમારે સત્તર કહે. આ ચીજ નહિ. સમજાણું કાંઈ? એમાં ભગવતીની મોટી મહિમા છે. સાધુ વાંચે તો સોનામહોર મૂકે એક-એક રૂપિયો એવી. પણ એમાં એવી ગડબડ છે. શાંતિભાઈ! અહીં તો ઘણા બધા શ્વેતાંબર છે. આ સ્થાનકવાસી છે. આહા..હા..! માર્ગ આવો છે, ભગવાન! આહા..! અંતર નિશ્ચયસ્વભાવનો જેને અનુભવ અને સમ્યગ્દર્શન થાય છે એ તો અપૂર્વ ચીજ. સાથે વ્યવહારનો વિકલ્પ પણ એવો આવે છે. અઢાર દોષરહિત દેવની શ્રદ્ધા એને થાય છે. સમજાણું કાંઈ? કવલાહાર પણ નથી હોતો. કવલ સમજ્યા આ કોળિયા. આપણે કોળિયો. હિન્દીમાં તો કવલ કહે છેને?

**'કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં,) સુગંધિત,...'** ભગવાનને એવા પરમાણુ આવે છે સુગંધિત **'સુરસવાળાં, સપ્તધાતુરહિત, પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્‌ગલો પ્રતિક્ષણ આવે છે...'** ભગવાનને. **'અને તેથી શરીરસ્થિતિ રહે છે.'** શરીરસ્થિતિ રહે છે. કોઈ કહે કે આહાર વિના શરીરસ્થિતિ

કેમ રહે? કે એવા પરમૌદારિક રજકણ આવે છે, તો એમાં રહે એમાં શું છે? આહા..હા..! **'વળી, પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિકર્મોને એવો સહજ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતાં નથી.'** સ્વેદ નામ પરસેવો. ભગવાનને જરા નહિ, શરીર જીર્ણ ન દેખાય. કરોડ પૂર્વ રહે તોપણ શરીર જીર્ણ ન થાય. રોગ નહિ અને પરસેવો નથી. પરસેવો. બહુ કામ કરે તો પરસેવો થાયને? એ ભગવાનને ન હોય.

**'વળી, કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભભાવો નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી; અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.'** એટલે જન્મ નહિ, મરણ નહિ, રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નથી. પાંચ મૂળ બાકી તેર બીજા. **'આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષરહિત છે.)' 'એ જ રીતે (અન્ય શાસ્ત્રમાં ગાતા દ્વારા) કહ્યું છે કે :-**
–'

सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ।
दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो।।

**'ગાથાર્થ :- તે ધર્મ છે જ્યાં દયા છે,...'** રાગની ઉત્પત્તિ નથી એવી આત્માની દયા એ દયા છે. વ્યવહારદયા પરને નહિ મારવાનો ભાવ એ વ્યવહારદયા. નિશ્ચયદયા તો ભગવાન એવી કહે છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કે ચાહે તો દયા, દાનનો વિકલ્પ ઉત્પન્ન થાય એ પણ હિંસા છે. આહા..હા..! પરને નહિ મારવાનો-બચાવવાનો ભાવ એ તો વિકલ્પ છે, રાગ છે. રાગને પુરુષાર્થસિદ્ધિમાં હિંસા કહી છે અમૃતચંદ્રાચાર્યે. આહા..હા..! પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ હિંસા છે. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! સર્વજ્ઞનો પંથ અલૌકિક છે. આહા..હા..! દયા જ્યાં ધર્મ **'તે ધર્મ છે જ્યાં દયા છે, તે તપ...'** તપ નામ મુનિપણું. મુનિપણું **'જ્યાં વિષયોનો નિગ્રહ છે,...'** પાંચેય ઇન્દ્રિયનો વિષય નિગ્રહ થઈને અણિન્દ્રિય દશા અંદરમાં પ્રગટે એનું નામ તપ નામ મુનિપણું કહેવામાં આવે છે. તપકલ્યાણક કહે છેને તપકલ્યાણક? તપકલ્યાણક એટલે દીક્ષા. દીક્ષા એટલે ચારિત્ર. એ તપ એને કહીએ કે પાંચ ઇન્દ્રિય તરફથી ખસીને વિષયોને પ્રાપ્ત થતો નથી, પણ અંદર પાંચ ઇન્દ્રિયથી હઠીને અણિન્દ્રિય સ્વભાવ ભગવાન આત્મામાં લીન થઈ જાય છે એને મુનિપણું કહે છે. મુનિપણું કહો કે તપ કહો. તપ દીક્ષા હોય છેને? તપકલ્યાણક. આહા..હા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રચુર સ્વસંવેદનને મુનિપણું કહે છે. આહા..હા..! એ તપ. પાંચમી ગાથામાં આવે છને. કુંદકુંદાચાર્યે કહ્યુંને? મને પ્રચુર સ્વસંવેદન ઉત્પન્ન થયો છે, એ મારો વૈભવ છે. આહા..હા..! આ શરીર ને કર્મ ને પૈસા ને લક્ષ્મી ધૂળ વૈભવ તો પર છે. ભગવાનનો વૈભવ આત્મા

આનંદસ્વરૂપ ભગવાન એની પ્રતીતિ જ્ઞાન થઈને સ્વસંવેદન. આત્માનું સ્વ પોતાના પ્રત્યક્ષ આનંદનું વેદન. આનંદનું પ્રચુર સ્વસંવેદન થવું એનું નામ મુનિપણું છે, એ તપ છે. છેને? '**જ્યાં વિષયોનો નિગ્રહ છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**તે દેવ છે જે અઢાર દોષરહિત છે;...**' માથે કહ્યું એ. દેવ એને કહીએ જેમાં અઢાર દોષ છે નહિ. '**આ બાબતમાં સંશય નથી.**' આ સંબંધમાં સંશય કરવાલાયક છે નહિ. આહા..હા..! હવે, વિદ્યાનંદસ્વામીનો દાખલો આપે છે. શ્લોક છેને ઉપર શ્લોક?

(मालिनी)

अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः
स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्।
इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धैः
न हि कृतमुपकारं साधवो विस्मरन्ति।।

વિદ્યાનંદી સ્વામી થયા છે. એ બ્રાહ્મણ હતા અને મુનિ થયા. ભાવલિંગી સંત થયા. એણે બનાવ્યું.

'**શ્લોકાર્થ :- ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...**' શું કહે છે. આત્માને જે મોક્ષ ઈષ્ટ છે એની ફળની સિદ્ધિ સમ્યગ્જ્ઞાનથી થાય છે. '**ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય...**' મોક્ષ ઈષ્ટ છે. એની પ્રાપ્તિનો ઉપાય સુબોધ છે. સુબોધ નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! '**(અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...**' જૈનદર્શનમાં ભગવાને કહ્યું પરમાગમ જે કહ્યું એ સુશાસ્ત્રથી સુબોધ થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** કુશાસ્ત્ર હોય તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહ્યુંને આ કુશાસ્ત્ર. શ્વેતાંબરનું શાસ્ત્ર કુશાસ્ત્ર... ભગવાન! કોઈને દુઃખ લાગે. શ્વેતાંબરમાં જ છે અહીં તો. કાઠિયાવાડમાં બધા શ્વેતાંબર છે. શ્વેતાંબરનું શાસ્ત્ર ભગવાન શાંતિની વાત છે અહીંયાં. એ કુશાસ્ત્ર છે, એ શાસ્ત્ર નથી.

**શ્રોતા :-** વ્યવહારથી જ્ઞાન જુઓ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજી વાત કહી. એ તો સુશાસ્ત્રથી સુબોધ થાય છે એ નિમિત્તથી કથન છે. એમ નથી કે અંતરમાં સમ્યગ્જ્ઞાન છે મોક્ષનો ઉપાય અને સમ્યગ્જ્ઞાનમાં સુશાસ્ત્રનું નિમિત્ત. સુશાસ્ત્રથી ઉત્પન્ન થાય છે એ તો વ્યહારથી કહેવું છે, પણ સર્વજ્ઞ ભગવાનની વાણી જે છે જે દિગંબરશાસ્ત્ર છે એ સુશાસ્ત્ર છે. આ પોણાચાર લખાયા છેને. જુઓ, એ પરમાગમ છે. વાણી છે. આખા હિન્દુસ્તનામાં પહેલું છે. એ કોતરાવ્યું છે. આ તો મશીનથી થયું છે. મશીનથી થયું છે આ પોણાચાર લાખ. ગીતા.. છે. પણ એ તો ટાંકણાથી. આ તો એવી પહેલીવાર છે. આ આગમ પરમાગમ છે. ભગવાનની વાણી છે. સમજાણું કાંઈ?

તો સમ્યગ્જ્ઞાનમાં સુશાસ્ત્ર નિમિત્ત થાય છે. કુશાસ્ત્રથી સમ્યગ્જ્ઞાન કદી થતું નથી. માંગીલાલજી!

આહા..હા..! સુશાસ્ત્ર ક્યા? એનો નિર્ણય કરવો પડશેને? આહા..હા..! રસીકભાઈ! આવી વાત છે, ભાઈ! હવે તો ૪૧ વર્ષ થયા અહીંયાં. વાત તો સ્પષ્ટ થશેને? હવે કાંઈ ગુપ્ત રાખવાની વાત નથી. ૪૧ વર્ષ થયા. ૪૦ અને ૧. આહા..હા..! માર્ગ તો આ છે. કુશાસ્ત્રથી સમ્યગ્દર્શન થાય નહિ, એમ કહે છે.

**શ્રોતા :-** સુશાસ્ત્રથી તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જ કહ્યુંને. સમ્યગ્જ્ઞાનમાં સુશાસ્ત્ર નિમિત્ત. સમ્યગ્જ્ઞાનમાં કુશાસ્ત્ર નિમિત્ત ન થાય. થાય છે તો પોતાથી, પણ એમાં સુશાસ્ત્ર નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો નિમિત્ત કોણ છે એ બતાવવું છેને? સુબોધ છે સમ્યગ્જ્ઞાન એ મોક્ષનો ઉપાય અને સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્ર એમાં નિમિત્ત. કુશાસ્ત્રથી કદી સમ્યગ્જ્ઞાન થતું નથી. સુશાસ્ત્રથી પણ થતું તો નથી, પણ પોતાના જ્ઞાનમાં ઉત્પન્ન થાય છે એમાં સુશાસ્ત્ર નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર એ બધા સુશાસ્ત્ર છે. સુશાસ્ત્ર. દિગંબર સંતોની વાણી છે. કેવળીના કેડાયતો છે. કેવળીના માર્ગે ચાલનારા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે સુબોધ મોક્ષનો ઉપાય છે. લ્યો! સુબોધ મોક્ષનો ઉપાય. ત્રણે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સુબોધ. સાચું જ્ઞાન થયું એમાં દર્શન ને બધું આવી ગયું. આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન થાય છે તો આત્માને આશ્રયે. એ શાસ્ત્ર સાંભળવામાં જે વિકલ્પ છે એમાં જ્ઞાનનો ખ્યાલ આવ્યો એ તો પરલક્ષી છે. પછી એનું લક્ષ છોડીને પોતાના ચૈતન્યનું લક્ષ કરીને જે જ્ઞાન થાય છે એને સુબોધ કહે છે. ભારે વાત, ભાઈ! આમ છે. અરે! ચોર્યાસીના અવતાર. અનંતકાળથી દુઃખી છે ઈ. દુઃખી છે, દુઃખી છે. આ કરોડોપતિ, અબજોપતિ પણ એ દુઃખી છે, દેવ દુઃખી, રાજા દુઃખી, શેઠિયા દુઃખી. આત્માના આનંદ વિના દુઃખી એકલો પ્રાણી છે. આકુળતાની અગ્નિમાં બળી રહ્યો છે. ઓહો..હો..! દાખલો આપ્યો છેને પંચાસ્તિકાયમાં નહિ? કે ચંદનનું લાકડું પણ અગ્નિ હોય તો બાળે, એમ શુભભાવથી પણ સ્વર્ગમાં અગ્નિ જેવા દુઃખ એને થશે. આહા..હા..! ચંદનનું લાકડું બળેલું હોય એ પણ બાળે, એમ શુભભાવથી સ્વર્ગ મળે તો ક્લેશ અને દુઃખ થશે. આહા..હા..! સ્વર્ગમાં દુઃખ થશે એમ કહે છે. એય..! ભગવાનજીભાઈ! તમારા પૈસાવાળા તો દુઃખી છે.

**શ્રોતા :-** નાખી દેવાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાખી કોણ દે? એના ક્યાં હતા તે નાખી દે અને રાખે? મેં રાખ્યા એટલી મમતા છે.

**શ્રોતા :-** તો પૈસાવાળા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પૈસાવાળાને મમતાવાળા કહેવાય. એવું છે, ભાઈ! એક પાઈ પણ જડ છે. એ જડ પોતાની કેમ થઈ? આત્મામાં રાગ પોતાનો નથી તો પરચીજ પોતામાં

ક્યાંથી આવી? આહા..હા..! પોતાની પર્યાયમાં શુભ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે છે એ પણ પોતાનો નથી, એ તો વિભાવ છે. નિશ્ચયથી ખરેખર તો એ પુદ્ગલ પરિણામ છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો વ્યવહારથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી કહેવામાં આવે છે કે એની પર્યાય એ તો. આહા..હા..!

ભગવાન ચિદાનંદસ્વરૂપ ભગવાનમાં તો એ રાગ છે જ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ છે એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! આવે, દુઃખ છે. આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે. એમાં એ રાગની રતિ ઉઠે છે એ આકુળતા છે, દુઃખ છે, આત્માની શાંતિ બળે છે. આહા..હા..! શુભરાગથી આત્માની શાંતિ બળે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...**' આહા..હા..! અને '**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...**' વીતરાગ સર્વજ્ઞદેવથી વાણી નીકળે છે દિવ્યધ્વનિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્વેતાંબર શાસ્ત્ર ભગવાનનું કહેલું છે જ નહિ. એ તો પાછળથી કલ્પીત બનાવ્યા. તો એનાથી જ્ઞાન થાય એમ છે નહિ. અને એ શાસ્ત્ર આપ્તના કહેલા નથી. ઝીણી વાત, ભાઈ! બહુ કઠણ પડે. અને '**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...**' આપ્ત નામ વીતરાગ સર્વજ્ઞદેવ. દિવ્યધ્વનિ ઉઠે છે ૐ. હોઠ બંધ, કંઠ હલે નહિ, આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે છે સર્વજ્ઞ ભગવાન અરિહંતને. તો એવા શાસ્ત્રની ઉત્પત્તિ તો ભગવાનથી છે જુઓ, નિમિત્ત છેને? વાણીમાં નિમિત્ત છે. આહા..હા..!

'**માટે તેમના પ્રસાદને લીધે...**' આહા..હા..! ભાષા જુઓ, '**પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...**' વ્યવહાર છે. નિશ્ચયથી તો પૂજવાયોગ્ય આત્મા છે, પણ વ્યવહારથી સર્વજ્ઞદેવ પૂજવાયોગ્ય છે. આહા..હા..! શુભભાવ છેને? શુભભાવ આવે છે. '**તેમના પ્રસાદને લીધે...**' આહા..હા..! '**આપ્ત પુરુષ બુધજનો...**' જ્ઞાનીજનો, સમકિતીજનો '**વડે પૂજવાયોગ્ય છે...**' આહા..હા..! '**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ...**' ભાષા જુઓ.

**શ્રોતા :-** .. રાગ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ ક્યાં છે? વાણી છેને. વાણી આવી. વાણીમાં શ્રુતજ્ઞાન થયું, શ્રુતજ્ઞાનથી મોક્ષ થયો. એ અપેક્ષાએ પરંપરાથી ભગવાનની કૃપા એમ કહેવામાં આવે છે. ભગવાનને ક્યાં રાગ છે? એ અકષાય કૃપા વીતરાગી કરૂણા. આવે છે, આદિપુરાણમાં આવે છે. ભગવાનની કરૂણા. એ કરૂણા કેવી? અકષાય કરૂણા. આ કરૂણા તો વિકલ્પ છે, રાગ છે. વીતરાગી કરૂણા આખી દુનિયા પ્રત્યે અકષાયભાવ. આહા..હા..!

કહે છે, '**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...**' શ્રીમદ્ પણ કહે છેને 'કરૂણા હમ પાવત હૈ તુમકી વહ વાત ભલે ગુરુગમકી.' એ કરૂણાનો અર્થ, પ્રભુ! તમારા જ્ઞાનમાં

મારી મુક્તિનું જ્ઞાન છે કે આ સમયે થશે તો એ જ તમારી મારા ઉપર કૃપા છે એમ. તમારા જ્ઞાનમાં એમ આવ્યું કે આ સમયે મારી મુક્તિ થશે. એ તમારા જ્ઞાનમાં છે. એ જ મારા ઉપર કૃપા છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગની અપેક્ષા કથન જાણવા જેવું છે, ભાઈ! આહા..હા..! આ માર્ગ તો સહજમાર્ગ છે. હઠમાર્ગ નથી, આ હઠ નથી. હઠનો માર્ગ હોતો જ નથી. આહા..હા..! કહે છે કે '**સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ** વડે...' સમકિતી વડે '**પૂજનીય છે,...**' આહા..હા..! '**કેમકે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.**' આહા..હા..! વ્યવહાર છેને. '**કરેલા ઉપકારને સાધુ...**' સત્પુરુષો–સજ્જન '**ભૂલતા નથી.**' પરમાત્માની વાણી, ગુરુની વાણી એના ઉપર ઉપકાર કરે છે તો એને પૂજનીક કહે છે. આહા..હા..! '**સાધુ પુરુષો (સજ્જનો)...**' આહા..હા..! જેનો પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ઉપકાર થયો એને પૂજે છે. કેમકે ઉપકારને ભૂલતા નથી. એ વિદ્યાનંદસ્વામીનો શ્લોક-શ્લોક. શ્લોકવાર્તિક છેને? શ્લોકવાર્તિકનો છે આ.

'**વળી, (છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ...**' આ મુનિ. '**સર્વજ્ઞ ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે) :—**' કેમકે પોતે બ્રહ્મચારી મુનિ છે, તો બ્રહ્મચારી નેમિનાથ ભગવાનને યાદ કર્યા છે. પદ્મપ્રભમલધારિદેવ બાળબ્રહ્મચારી છે, ભાવલિંગી સંત છે, જેના મુખથી પરમ આગમ ઝરે છે. અંદર બે-ત્રણ જગ્યાએ લખ્યું છે. પરમ આગમ ઝરે છે. શબ્દે-શબ્દે પરમ આગમ છે. સંત છે, ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગી મુનિ છે. આહા..હા..!

**શ્રોતા :-** આચાર્યોને હોયને. સાધુને હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું?

**શ્રોતા :-** પરમ આગમ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમ આગમ એ સાધુને હોય મુખમાંથી. મુનિ છે. આચાર્ય નથી. મુનિ છે એ તો.

**શ્રોતા :-** લોકો તો કહે છે કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને હવે અરે! સમકિતી હોય એના મુખમાંથી સત્ય વાત નીકળે. આ તો સંતપુરુષની વાત લેવી છે. આહા..હા..! સમ્યગ્દર્શનની વાણી જો ધર્મને માટે નીકળતી હોય તો એ પરમ આગમ જ છે. આહા..હા..! ત્યાં આપ્ત ગણ્યા. સમકિતીને આપ્ત ગણ્યા છે. ઓહો..હો..! પરમાત્મપુરાણ છેને પુરાણ? શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહ. અધ્યાત્મ પંચસંગ્રહ છેને દીપચંદજીનું? એમાં લખ્યું છે. સમકિતી પણ આપ્ત છે નીચલા દરજ્જાના. કેવળી... એમાં લખ્યું છે. અધ્યાત્મ પંચસંગ્રહ નામનું પુસ્તક છે. અહીંયાં છેને બધા દીપચંદજીનું. એમાં છે. લીટી પણ ત્યાં કરી હશે. બધું વાંચીને. ભાઈ! વારંવાર કાંઈ વંચાય? આહા..હા..! એ આ મુનિરાજ નેમિનાથ ભગવાનને યાદ કરીને સ્તુતિ કરે છે.

(मालिनी)

शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः
स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथः
पदनतवनमाली भव्यपद्मांशुमाली
दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः।।१३।।

નેમિનાથ ભગવાન કેવા છે? **'સો ઈન્દ્રોથી પૂજ્ય છે,...'** શ્વેતાંબરમાં ચોસઠ ઈન્દ્ર આવે છે. એ ચોસઠ ઈન્દ્રને પૂજે છે. આપણે દિગંબરમાં સો ઈન્દ્રો આવે છે. સમજાણું કાંઈ? અહીં તો એ લીધું સો ઈન્દ્રોથી પૂજ્ય ભગવાન નેમિનાથ. આહા..હા..! કહો, મહાવીર મૂકી, પાર્શ્વનાથને મૂકીને નેમિનાથને યાદ કર્યા. બ્રહ્મચારી છેને? ભગવાન બ્રહ્માચારી અને મુનિ પણ બ્રહ્મચારી. **'સો ઈન્દ્રોથી પૂજ્ય છે, જેમનું સદ્‌બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે,...'** સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય જેના વિશાળ, કેવળજ્ઞાન વિશાળ. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. અરે! એ કઈ ચીજ છે? આહા..હા..! સમજાણું કાંઈ? સંમતભદ્રાચાર્ય તો કહે છે કે પ્રભુ! તમે સર્વજ્ઞ છો એ અમે જાણી લીધું. કેમ? કે તમે દરેક દ્રવ્યની ઉત્પાદ-વ્યય-(ધ્રુવ) એક સમયમાં ત્રણ હોય છે. એવા અનંતના એક સમયમાં બધાના જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ જાણી લીધું તો આપ જ સર્વજ્ઞ છો. સંમતભદ્રાચાર. ૨૪ (તીર્થંકરની) સ્તુતિ કરી છેને. તમે તે દરેક દ્રવ્યનું એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ. સમય એક અને ભાગ ત્રણ. એવા અનંતા દ્રવ્યનો ભાગ એક સમયમાં જાણી લીધો. પ્રભુ! એ સર્વજ્ઞ તમે છો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમનું સદ્‌બોધરૂપી...'** ભાષા છેને? સમ્યગ્જ્ઞાનરૂપી, સત્યબોધ, સાચો બોધ, જ્ઞાન, કેવળજ્ઞાન. **'રાજ્ય વિશાળ છે,...'** આ રાજ! આહા..હા..! **'કામવિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે,...'** બ્રહ્મચારી છેને. લોકાંતિક દેવ છેને. એને દેવાંગના નથી હોતી. બ્રહ્મચારી છે લોકાંતિક દેવ. પાંચમો દેવલોક. **'કામવિજયી (લૌકાર્તિક) દેવોના જે નાથ છે,...'** આહા..હા..! એક તો બ્રહ્મચારી દેવ એમાં આપ સર્વજ્ઞ પરમાત્મા બ્રહ્માચારીના નાથ છો. આહા..હા..! **'દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે,...'** પહેલા ગુણ લીધો. પહેલા ઈન્દ્રોથી પૂજ્ય પુણ્ય લીધું, બીજું સદ્‌બોધી ગુણ લીધો, ત્રીજું કામવિયજીય દેવોના નાથ એ પણ પુણ્ય લીધું, ચોથે દુષ્ટ પાપોના સમૂહનો નાશ કર્યો એ ધર્મ લીધો, ગુણ લીધો. ગુણ અને પુણ્ય... ગુણ અને પુણ્ય... બે વાત સાથે લે છે.

**'દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે,...'** હવે પૂજ્ય પાછું આવ્યું. **'શ્રી કૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે,...'** શ્રી કૃષ્ણ વાસુદેવ જેના ચરણમાં નમન કરે છે નેમિનાથ ભગવાને. ... હતાને. રામ ભગવાન હતા શ્રી કૃષ્ણ. ગિરનાર ઉપર શ્રી કૃષ્ણ અને બળદેવ નેમિનાથ ભગવાનની દીક્ષામાં આવ્યા હતા. આ ગિરનાર. જૂનાગઢ. આહા..હા..!

સમજાણું કાંઈ? શ્રી કૃષ્ણ અને બળદેવ... આહા..હા..! **'ભવ્યકમળના જે સૂર્ય છે...'** ભવ્યરૂપી કમળના વિકાસમાં હે નાથ તમે સૂર્ય છો. સૂર્ય ઉગતા કમળ જેમ ખીલે છે, તેમ તમારા જ્ઞાનથી ભવ્યજીવો ખીલી જાય છે. આહા..હા..! ભવ્યરૂપી કમળને ખીલવામાં ભગવાન! તમે સૂર્ય સમાન છો. આહા..હા..!

**'(અર્થાત્ ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે), તે આનંદભૂમિ નેમિનાથ...'** આહા..હા..! એ આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન આનંદનું સ્થાન. આ ભગવાન આનંદનું સ્થાન છે. આત્મા પણ આનંદનું સ્થાન છે. એ આત્માની આનંદભૂમિ છે. વિકલ્પ અને દુઃખ ઉત્પન્ન થાય એ એની સત્યભૂમિ નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદથી ભરેલો 'સ્વયં જ્યોતિ સુખધામ' શ્રીમદ્‌માં આવે છે. સુખધામ. અતીન્દ્રિય આનંદનું સ્થાન ભગવાન .. છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'(-આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો.'** એવી ભાવના છેને? અમારો આત્મા પૂર્ણ શાશ્વતને પ્રાપ્ત હો એમ. ભગવાન ... આહા..હા..! વર્તમાન અમારી આનંદભૂમિનું ભાન થઈ સ્વસંવેદન આનંદ થયો છે. તો અમારો પૂર્ણ આનંદ અમને પ્રાપ્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવું મુનિરાજે નેમિનાથ ભગવાનને.. હવે એ તો હમણા થયા છે પંચમ આરામાં. પદ્મપ્રભમલધારિ. નેમિનાથ ભગવાન તો ક્યાંય ૮૫ હજાર વર્ષ પહેલાં. ૮૫ હજાર વર્ષ પહેલા. પણ કાળ ક્યાં? જેને સ્મરણ લેવું છે એને કાળ ક્યાં છે? ભગવાન જાણે સમવસરણમાં બિરાજતા હોય અને શ્રી કૃષ્ણ નમન કરતા હોય. એને યાદ કર્યાને? કેમકે ભગવાન તો અત્યારે મોક્ષ છે, પણ જ્યારે સમવસરણમાં બિરાજતા હતા અને સો ઈન્દ્રો પૂજતા હતા, કૃષ્ણ નમતા હતા એ કાળને યાદ કરીને નમન કર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છ ગાથા થઈ. સાતમી. એ પરમાત્મા અઢાર દોષરહિત છે. વિશેષ કહે છે.

णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो।
सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा।।७।।

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદ્દગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્‌વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

અન્વયાર્થ લઈએ. નિર્દોષ-દોષરહિત '(એવા)...' અઢાર છેને? અઢાર દોષથી રહિત. **'નિઃશેષ દોષથી જે રહિત છે...'** સર્વ દોષથી રહિત. **'કેવળજ્ઞાનાદિ પરમવૈભવથી જે સંયુક્ત છે...'** ભગવાન પાસે કેવળજ્ઞાનાદિનો વૈભવ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ, કેવળ વીર્ય એ આદિ વૈભવથી સંયુક્ત છે. આ વૈભવ છે. આ મકાન પાંચ-પાંચ લાખના મકાન અને ફર્નિચર અંદર પાંચ-દસ હજાર, લાખના એ ધૂળના સ્મશાનના વૈભવ છે. મૂકીને ચાલ્યા જશે ફૂ થઈને. આ તો આત્માનો વૈભવ સાથે રહેનારો છે. આહા..હા..!

**'કેવળજ્ઞાનાદિ પરમવૈભવથી જે સંયુક્ત છે...'** છેને? આ કુંદકુંદાચાર્યની વાણી છે.

'सः परमात्मा उच्यते' **'તે પરમાત્મા કહેવાય છે; તેનાથી વિપરીત...'** કોઈ પરમાત્મા ઈશ્વર કર્તા અને જગતનો કર્તા છે અને દોષવાળો છે અને આહારવાળો છે એ પરમાત્મા નથી, એમ કહે છે. આ પરમાત્મા છે. કહો, એ જગત બનાવે છે પરમાત્મા. પરમાત્માને ક્ષુધા લાગે અને રોગ થાય એ પરમાત્મા નથી. સમજાણું કાંઈ?

**'ટીકા :- આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.'** આ વ્યવહારશ્રદ્ધામાં આ હોય છે એ વાત જણાવે છે. વ્યવહારસમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે અને તે પણ અંતરમાં નિશ્ચયસમકિત ગર્ભિત ગમનરૂપ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! એવો માર્ગ ભાઈ! વીતરાગનો માર્ગ જિનેશ્વરદેવનો માર્ગ. એમાં એ દિગંબર માર્ગ એ જિનેશ્વરનો માર્ગ. આહા..હા..! એ માર્ગ અંતરમાં સમજવો, અનુભવ કરવો એ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્માના ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો—'** જુઓ, ભાષા આવી. કર્મ આત્માના ગુણનો ઘાત કરે છે, એ નિમિત્તથી કથન છે. કર્મ જડ શું કરે બિચારા? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' સ્તુતિમાં આવે છે. ..ભગવાનની સ્તુતિ. પૂજામાં આવે છે. 'કર્મ બિચારે કૌન?' એ તો જડ, માટી, ધૂળ છેને અજીવ. 'ભૂલ મેરી અધિકાઈ.' મારી ભૂલ મારાથી થાય છે. કર્મથી ભૂલ થઈ નથી. આહા..હા..! પણ ભૂલમાં નિમિત્ત કોણ એ યાદ કરાવ્યું છે. **'આત્માના ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો—જ્ઞાનાવરણીયકર્મ,...'** આહા..હા..! જ્ઞાનને આવરે એ જ્ઞાનાવરણીય. જુઓ, આ પાઠ છે શાસ્ત્રમાં. એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? ભાવજ્ઞાનાવરણીય. જ્ઞાનની હીનતા પરિણમન છે એ ભાવજ્ઞાનાવરણીય છે. આહા..હા..! બે ઘાતિ—ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ એવું આવ્યુંને ૧૬મી ગાથામાં? પ્રવચનસારમાં ૧૬મી ગાથામાં છે. દ્રવ્યઘાતિ અને ભાવઘાતિ. ભાવઘાતિ પોતાની પરિણતિ હીણી પરિણમે એ ભાવઘાતિકર્મ છે. એ તો પોતાનો છે. આહા..હા..! ૧૬મી ગાથામાં છે. ઘાતિ જડ અનેક ભાવ પોતાની પર્યાયથી હીન. પોતાના જ્ઞાનની હીણી દશા કરે છે તો જ્ઞાનાવરણીયકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન હીણું થાય છે એ તો નિમિત્તનું કથન છે. આહા..હા..! મોટી ગડબડ એમાં છે અત્યારે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાઈ જાય છે. લ્યો! એમ છે નહિ. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

**'દર્શનાવરણીયકર્મ,...'** આત્માના દર્શનને આવરણ કરનારો કર્મ એ તો નિમિત્તનું કથન છે. પોતાની દર્શન પરિણતિ છે એ હીણી કરે છે એ જ ભાવઘાતિ છે. **'અંતરાયકર્મ...'** આનંદ આદિ જ્ઞાનની હીણી પર્યાયમાં વિઘ્ન કરે છે પોતાની પર્યાય એ અતંરાય. એમાં નિમિત્ત કર્મ છે. **'મોહનીયકર્મ...'** પોતાના સ્વરૂપની સાવધાની છોડીને પરમાં સાવધાની કરે છે એ જ ભાવમોહ છે. દ્રવ્યકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવા અક્ષર એકલા વાંચે અને પછી... **'તેમનો નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી...'** ચાર કર્મમાં તો નિરવશેષપણે. કાંઈ પણ

બાકી રાખ્યા વિના નિરવશેષ. '**નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી** (-કાંઈ બાકી રાખ્યા **વિના નાશ કર્યો હોવાથી**) **જે નિઃશેષદોષરહિત છે...**' લ્યો, એ પહેલા શબ્દની વ્યાખ્યા કરી. નિઃશેષદોષરહિત.

'**અથવા પૂર્વ સૂત્રમાં કહેલા અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી જે નિઃશેષદોષરહિત કહેવામાં આવ્યા છે...**' ભગવાનને બિલકુલ દોષ નથી. સંપૂર્ણ આનંદની દશા આદિ પ્રગટ થઈ. આહા..હા..! પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દૃષ્ટા, અનંત ઈશ્વરતા, અનંતી સ્વચ્છતા પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગઈ ભગવાનને. સમજાણું કાંઈ? '**સકળવિમળ...**' બીજા શબ્દનો અર્થ. '**परमविभवजुदो**' છેને? '**(-સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન,...**' આહા..હા..! જેના જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જણાય છે. કોઈ કહે છેને એ રતનચંદજી કે ભવિષ્યની પર્યાય થશે ત્યારે... અહીંયાં તો વર્તમાન પર્યાયથી બધી પર્યાય દેખે છે. એનો આશ્રય લઈને. એમ નહિ. ત્રણકાળની પર્યાય ભગવાનને એક સમયે દેખે છે. ભવિષ્યની નથીને? તો નથી એ જ્યારે થશે એમ અહીં (વર્તમાનમાં) દેખે છે, થશે ત્યારે જણાય એમ નથી. આહા..હા..! કેવળજ્ઞાન કોને કહીએ?

એક સમયમાં અનાદિ-અનંત જેટલી પર્યાય ભૂતકાળમાં થઈ, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યમાં થશે. તો વર્તમાન પ્રત્યક્ષ દેખે છે. સમજાણું કાંઈ? એ રતનચંદજી કહે છે. એ રતનચંદજીને છેને મુખત્યાર? મુખત્યારને? એ એમ કહે છે. ખોટી વાત છે. છે? સકળ-વિમળ. પૂર્ણ નિર્મળ આમ પ્રત્યક્ષ. જેમ માટીમાંથી ઘડો થવાનો છેને? તો ઘડો થવાનો છે એ વર્તમાનમાં દેખાય કે ઘડો આવો. જ્ઞાનમાં પણ આવે છે કે નહિ કે આમાંથી ઘડો થશે. તો એ ઘડો બન્યો અને એવો બનશે એવું પ્રત્યક્ષ અંદર જણાય છે. સમજાણું કાંઈ? ભગવાનના જ્ઞાનની વાત શું કરવી? આહા..હા..! એક પળનો અસંખ્યમો ભાગ. એક સમય. એક પળ એનો અસંખ્યમો ભાગ એક સમય. આઠ પળની વિપળ અને ૬૦ વિપળની સેકન્ડ, ૬૦ સેકન્ડની મિનિટ. આહા..હા..! એક સમયમાં સકળ-વિમળ.

પૂર્ણ નિર્મળજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન. આહા..હા..! '**પરમવીતરાગાત્મક આનંદ...**' ભગવાનને કેવો આનંદ છે? પરમવીતરાગસ્વરૂપ આનંદ છે. આ ઈન્દ્રિયના વિષય, ભોગ એ તો રાગરૂપી દુઃખરૂપી આનંદ માને છે. એ તો દુઃખ છે. આહા..હા..! આ તો વીતરાગસ્વરૂપ આનંદ. અકષાયસ્વભાવરૂપ આનંદ. આહા..હા..! '**ઈત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે,...**' આ વૈભવ ભગવાનનો છે. એવો ભગવાન આત્માનો વૈભવ છે. સ્વભાવ અંદર એવો જ છે. ભગવાનને પ્રગટ થયો, અહીંયાં પ્રગટ કરવો છે, પણ છે તો એવો જ અંદર. આહા..હા..! પરમવતીરાગસ્વરૂપ. આત્મક છેને? '**આનંદ ઈત્યાદિ...**' ઈત્યાદિ એટલે અનંતવીર્ય, અનંત પ્રભુતા, સ્વચ્છતા, '**અનેક વૈભવથી સમૃદ્ધ છે, એવા જે પરમાત્મા— એટલે કે ત્રિકાળ**

**નિરાવરણ,...'** આહા..હા..! શું કહે છે? આવા પરમાત્મા થયા કેમ? આવા પરમાત્મા થયા કેમ? એવા પરમવૈભવથી ભગવાન એ પર્યાયમાં પ્રાપ્ત થયું તો એ પરમાત્મપદ થયું કેમ? કે **'ત્રિકાળ નિરાવરણ...'** જે આ ભગવાન કારણપરમાત્મા. આહા..હા..! આત્માનો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ નિરાવરણ છે. **'ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ... '** આહા..હા..! **'નિત્યાનંદ-એકસ્વરૂપ...' 'નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે...'** છેને? **'નિત્યાનંદ-એકસ્વરૂપ...'** આહા..હા..! **'નિજ કારણપરમાત્માની...'** જુઓ, આહા..હા..!

**શ્રોતા :-** અહીં કારણપરમાત્મા બધે ઠેકાણે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ગાથા. ત્રિકાળનિરાવરણ મારો દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા પર્યાય વિનાનો. રાગ-દ્વેષ વિનાનો તો છે જ, પણ પર્યાય વિનાનો.

**'ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ...'** આનંદમાં ભેદ નથી. એ તો નિત્ય આનંદ એક સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! **'નિજ કારણપરમાત્મા...'** પોતાનો કારણપરમાત્મા એની **'ભાવનાથી...'** લ્યો! પહેલું કહ્યું હતું સુબોધથી મુક્તિ થાય છે. એ નિમિત્તથી કથન હતું. આ તો કારણપરમાત્માની ભાવનાથી. આહા..હા..! પોતાનું નિજકારણ જે ત્રિકાળ દ્રવ્ય છે, ત્રિકાળ નિરાવરણ છે, નિત્યાનંદ એકસ્વરૂપ છે, ધ્રુવ એકરૂપ છે, સદૃશ્ય છે, સામાન્ય છે, અભેદ છે, પર્યાય વિનાનો છે. આહા..હા..! એની ભાવના, એની એકાગ્રતા. એવા ભાવની ભાવના. ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ એકસ્વરૂપ એવો પરમાત્મા, નિજ આત્મા એ ભાવ, એની ભાવના, એની એકાગ્રતા. આહા..હા..! એવો ઉત્પન્ન થયો કાર્યપરમાત્મા. જુઓ, આહા..હા..! કોઈ દયા, દાન ને વ્રત ને વિકલ્પથી પરમાત્મા થાય એમ નથી, એમ કહે છે. આહા..હા..!

**'ત્રિકાળ નિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ...'** એવો ભગવાન આત્મા નિજ-પોતાનું સ્વરૂપ કારણપરમાત્મા એની ભાવના એટલે એકાગ્રતા એ મોક્ષમાર્ગ. ત્રિકાળી મોક્ષસ્વરૂપ એવો ભગવાન આત્મા એની એકાગ્રતા એ મોક્ષમાર્ગ. એનાથી કાર્યપરમાત્મા મોક્ષ થાય છે. આહા..હા..! બહુ થોડી વાતમાં ઘણું સમાડી દીધું. **'તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે.'** એટલે પરમેશ્વર કેમ થયા એ વાત સાથે છે. આહા..હા..! સહજાનંદ પ્રભુ સ્વભાવિક કારણમૂર્તિ પ્રભુ. કારણ જીવ કહો, કારણપરમાત્મા કહો, એવું ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ ભગવાન એનું ધ્યેય બનાવીને અંદર એકાગ્ર થવું. ધ્યાનમાં ધ્યેય બનાવી એકાગ્ર થવું એનાથી પરમાત્મા કાર્યપરમાત્મા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૦, રવિવાર, તા. ૧૧-૦૧-૧૯૭૬
## ગાથા-૭, કળશ-૧૪, પ્રવચન નં. ૧૪૯

ગાથા. ટીકા ચાલે છેને? શું ચાલે છે? કે દેવ, ગુરુ અને શાસ્ત્ર—આપ્ત, આગમ અને તત્ત્વ એની યથાર્થ શ્રદ્ધા એને વ્યવહારસમકિત કહે છે. આપ્ત પરમાત્મા, આગમ પરમાત્માની કહેલી વાણી દિવ્યધ્વનિ અને એણે કહેલું તત્ત્વ એની શ્રદ્ધા એ વ્યવહારસમકિત નામ શુભરાગ છે. આહા..હા..! કોને? કે જેને અંતર આત્મા આનંદસ્વરૂપ કારણપરમાત્મા એની અંતરમાં નિશ્ચયસમ્યગ્દર્શન થયું હોય. ઝીણી વાત, ભાઈ! ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ભગવાન ધ્રુવ. ધ્રુવસ્વરૂપ, નિત્યાનંદસ્વરૂપ કારણપરમાત્મા એ નિત્યાનંદસ્વરૂપને કારણપરમાત્મા કહે છે. એની સ્વસન્મુખ થઈને સ્વભાવની સન્મુખ થઈને અને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને અંતર્મુખની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એ અનુભવમાં પ્રતીતિ કરવી એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે. ..મલજી! ભાઈ! આ છે. સમકિત આ છે. આહા..હા..!

એવું નિશ્ચયસમ્યગ્દર્શન વ્યવહારસમકિતના વિકલ્પ પાછળ અંદરમાં નિશ્ચયસમકિત ગર્ભિત, ગમનરૂપ પરિણમન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! અનંતકાળથી એ વાત એણે અંતરમાં કદી લીધી જ નથી. ક્રિયાકાંડ કર્યું-એવા વ્રત ને આવું તપ ને આ બાહ્યત્યાગને અનંતવાર કર્યું પણ એ તો રાગની ક્રિયા હોય કદાચિત્ રાગ મંદ તો એ પુણ્ય છે. આહા..હા..! ધર્મ નથી. ધર્મ તો જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એને કહે છે કે જે વસ્તુ આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે. અહીંયાં આવે છે જુઓ, પરમાત્મા કોને કહીએ? એ અપેક્ષાની વાત ચાલે છેને? દેવ કોને કહીએ? પંદર, અઢાર. અઢારમું પાનું છે. પહેલી લીટી છે.

**'એવા જે પરમાત્મા...'** છે. શબ્દ છેને? પરમાત્મા. એ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞપણું જેને પ્રગટ થયું એવો પરમાત્મા એ દેવ. તો એ પરમાત્મા થયો કેમ? આહા..હા..! એ કહ્યું જુઓ, **'ત્રિકાળનિરાવરણ,...'** જે આત્મદ્રવ્ય જે છે વસ્તુ છે વસ્તુ. પર્યાય એક સમયની પર્યાય અવસ્થા છે એનાથી રહિત જે દ્રવ્ય છે, પદાર્થ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. રાગનો સંબંધ તો એક સમયની પર્યાયની સાથે છે, ત્રિકાળમાં સંબંધ નથી, ત્રિકાળ આત્મા નિરાવરણ સ્વરૂપ છે. આહા..હા..! આ દરેક આત્મા એવો છે હોં. **'ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ...'** ભગવાન આત્મા નિત્ય આનંદ, શાશ્વત આનંદ, કાયમી આનંદ એવો એનો નિત્યાનંદ સ્વભાવ છે. આ કારણપરમાત્મા. **'એકસ્વરૂપ નિજ કારણપરમાત્મા...'** છે. એકસ્વરૂપે ધ્રુવ અતીન્દ્રિય આનંદનો પિંડ. આહા..હા..! જેમ હરણની નાભીમાં કસ્તુરી છે, પણ એને કસ્તુરીની કિંમત નથી. એમ આ ભગવાન આત્મા એક સમયની પર્યાયની

પાછળ આખો આનંદકંદ આત્મા પડેલો છે. સમજાણું કાંઈ? પણ હરણને જેમ નાભીમાં કસ્તુરીની કિંમત નથી. એમ અજ્ઞાનીને પોતાની એક સમયની પર્યાયમાં રુચિ અને દૃષ્ટિથી એ ત્રિકાળી આનંદકંદ શું છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાન, અનુભવ વિના આખી ક્રિયા બહુ કરી. વ્રત, તપ, ધ્યાન અનંતવાર એવું, પણ એ અનુભવ ચીજ અંતરમાં શું છે (એ કર્યું નહિ)! આહા..હા..!

એ કહે છે કે નિત્યાનંદસ્વરૂપ ભગવાન '**નિજ કારણપરમાત્મા...**' એ વિશેષણ એટલું આપ્યું કે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે, નિત્યાનંદ છે. નિરાવરણ પણ વસ્તુ કેવી છે? નિત્ય આનંદ છે, અતીન્દ્રિય આનંદ. આહા..હા..! અને એકસ્વરૂપ છે, એકરૂપ છે, ભેદ નથી એમાં. પર્યાય આદિનો ભેદ ત્રિકાળી કારણપરમાત્મામાં નથી. આહા..હા..! '**નિજ કારણપરમાત્માની...**' નિજ કારણપરમાત્મા જે નિરાવરણ, નિત્ય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની ભાવના. એની ભાવના. એ ત્રિકાળી નિત્યાનંદ ભગવાન આ આત્મા એની એકાગ્રતા. વર્તમાન પર્યાય એમાં એકાગ્રતા કરે છે એનું નામ ભાવના કહે છે. આહા..હા..! '**ત્રિકાળ નિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્મા...**' એ દ્રવ્ય, એ વસ્તુ, એ સ્વભાવ, એ શાશ્વત. એમાં ભાવના એ વર્તમાન પર્યાય છે, અવસ્થા. એમાં એકાગ્રતા થવી એનું નામ ભાવના છે. આહા..હા..! એનું નામ મોક્ષનો માર્ગ છે. '**નિજ કારણપરમાત્મામાં...**' અંતરમાં એકાગ્ર થવું, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી. એ એકાગ્ર એ ભાવના. એ ભાવના એ નિશ્ચયમોક્ષમાર્ગ છે, એ પર્યાય છે. આહા..હા..!

એવી '**ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા,...**' આહા..હા..! નીચે છે. નીચે છેને? નોટ છે નોટ. '**નિત્યાનંદ-એકસ્વરૂપ = નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા.**' નીચે નોટ છેને? '**(કારણપરમાત્મા ત્રણે કાળે આવરણરહિત છે અને નિત્ય આનંદ જ તેનું એક સ્વરૂપ છે. દરેક આત્મા...**' આહા..! અનંત આત્માઓ જે છે એ પ્રત્યેક આત્મા '**શક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય જ છે...**' શક્તિ એનો સ્વભાવ, એનું સત્ત્વ એ અપેક્ષાએ પ્રત્યેક આત્મા ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..! '**તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે;...**' બરાબર છે? દરેક આત્મા ચાહે તો અભવિનો આત્મા હોય. આહા..હા..! ધ્રુવ તરીકે તો કારણપરમાત્મા જ છે. આહા..હા..! કારણપરમાત્માનો અર્થ? જેનાથી કાર્યપરમાત્મદશા પ્રગટે. જેથી, જેમાંથી, જેના આશ્રયે કાર્યપરમાત્મા સર્વજ્ઞ અરિહંતદેવ થાય એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. આહા..હા..!

એક '**શક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય જ છે, તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે;...**' આહા..હા..! અનંત આત્માનો સ્વભાવ દરેકનો દ્રવ્યસ્વભાવ તો કારણપરમાત્મા જ છે. આહા..હા..! '**જે કારણપરમાત્માને ભાવે છે...**' કારણપરમાત્માને ભાવે છે. એ કારણપરમાત્માની ભાવના કરે છે. એ સન્મુખ થઈને એકાગ્રતા થાય '**તેનો**

**જ આશ્રય કરે છે,...'** 'ભાવે'ની વ્યાખ્યા કરી. ત્રિકાળ ભગવાન નિરાવરણ નિત્યાનંદસ્વરૂપ એની... શું કહ્યું એ? કે ભગવાન આત્મા શક્તિરૂપે, દ્રવ્યરૂપે, પદાર્થસ્વભાવે નિરાવરણ અને નિત્ય આનંદમય છે. તો પ્રત્યેક આત્મા શક્તિ અપેક્ષાએ નિરાવરણ અને નિત્ય આનંદમય જ છે. એની ભાવના કરવાથી, એમાં એકાગ્ર થતાં ધ્યાનમાં ધ્યેય બનાવીને, એ ત્રિકાળીને ધ્યાનમાં ધ્યેય બનાવીને જે કાર્યપરમાત્મા થાય છે આહા..હા..! એ કાર્યપરમાત્મા પણ નિરાવરણ અને પરમ આનંદમય થાય છે. શું કહ્યું સમજાણું કાંઈ? કે વસ્તુ જે વસ્તુ છે શક્તિરૂપ પદાર્થ ત્રિકાળ એ નિરાવરણ અને આનંદમય છે. તો એવા નિરાવરણ અને આનંદમયની દૃષ્ટિ અને એકાગ્રતા કરવાથી વ્યક્ત અપેક્ષાએ, પ્રગટ અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થઈ જાય છે. ભાષા તો સાદી છે પણ હવે શું થાય? સમજાણું કાંઈ?

જે ભગવાન શક્તિ અને વ્યક્તિ. શક્તિ એટલે એનો સ્વભાવ તત્ત્વ ત્રિકાળ. સત્ જે આત્મા. સત્ જે આત્મા એનું સત્ત્વ નિત્ય આનંદમય. સ્વભાવભાવ. સત્પણું. સત્નું સત્પણું. સત્ વસ્તુ એનું સત્પણું. અતીન્દ્રિય આનંદ અને નિરાવરણ ભાવ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? એની દૃષ્ટિ કરવાથી અર્થાત્ શ્રદ્ધામાં એ પૂર્ણાનંદનો સ્વીકાર કરવાથી અને પૂર્ણાનંદનું લક્ષ કરીને સ્વસંવેદન, સ્વ નામ પોતાનું પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થવું તે જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા કરવી તે ચારિત્ર. એ ત્રણેને સ્વરૂપની અપેક્ષાએ શક્તિનો આશ્રય લઈને ભાવે છે આ એને કાર્યપરમાત્મા થઈ જાય છે. જે શક્તિરૂપે નિરાવરણ અને આનંદમય છે એ વ્યક્તિરૂપે નિરાવરણ અને આનંદમય થઈ જાય છે. સમજાણું કાંઈ?

ત્રણ બોલ કહ્યા. ક્યા ત્રણ? કે એક તો એ વસ્તુ ભગવાન નિરાવરણ અને આનંદમય છે. પૂર્ણ આનંદમય, એકરૂપ આનંદ ત્રિકાળ. એક વાત. અને એની ભાવના કરવાથી એ પર્યાય છે. એમાં એકાગ્ર થવાથી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. એ ત્રિકાળનો આશ્રય કરનારી પર્યાયથી વ્યક્તરૂપ નિરાવરણ અને નિત્ય આનંદમય પરમાત્મા થઈ જાય છે. જેવી વસ્તુ છે એવી પર્યાય થઈ જાય છે. આહા..હા..! ..મલજી! સમજાય છે? આ તો સાદી ભાષા છે. વસ્તુ ભલે ઉંચી હોય. વસ્તુ તો છે ઈ છે, ભાઈ! આ તો ત્રિલોકનાથ, સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા એમ ફરમાવતા હતા. એ વાત છે. આહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે, '**वत्थु सहावो धम्मो**' જે વસ્તુ છે એનો સ્વભાવ નિત્ય આનંદમય ત્રિકાળ નિરાવરણ અનંત જ્ઞાયકભાવ એવી જે ચીજ છે શક્તિરૂપે, સત્ત્વરૂપે, સ્વભાવરૂપે, એની એકાગ્રતા કરવાથી એ ત્રિકાળી સ્વભાવમાં એકાગ્રતા ધ્યાનમાં ધ્યેય બનાવીને ત્રિકાળને એકાગ્ર થાય છે એ એકાગ્રતા એ મોક્ષમાર્ગની પર્યાય છે. મોક્ષમાર્ગની પર્યાય. એવી પર્યાયથી શક્તિ જે પૂર્ણ નિરાવરણ અને આનંદમય છે એ વ્યક્ત અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થશે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ વાત કહી. ત્રિકાળી સ્વરૂપ, એની ભાવના અને એનું કાર્ય પૂર્ણદશા થવી તે. સમજાય છે કાંઈ? આહા..હા..!

જુઓ, '**તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે.**' આહા..હા..! એ લીંડીપીપર નથી હોતી? લીંડીપીપરને શું કહે છે? છોટી પીપર કે જેને સોચઠ પહોર ઘૂંટવાથી ચોસઠ પહોરી તિખાશ પ્રગટે છે. કાળી હોય છેને એટલી નાની. લીંડીપીપર કહે છે અમારા કાઠિયાવાડમાં છોટીપીપર આટલી. ભલે આટલી હોય. કદે નાની હોય અને રંગે કાળી હોય, છતાં એમાં શક્તિ એવી છે કે ચોસઠ પહોરી શક્તિ અંદર પડી છે. ચોસઠ નામ રૂપિયે રૂપિયો. ચોસઠ પૈસા હતાને? એ તો હવે સો પૈસા થઈ ગયા. ચોસઠ પૈસાનો રૂપિયો હતોને? તો એટલી પીપરનો દાણો છે. અવગાહન નાનું છે. અવગાહન નામ પહોળી ઓછી છે. અવગાહન. પહોળી કહે છે? કદ. કદ નાનું છે અને રંગે કાળી છે. છતાં અંદરમાં સોળ પહોર નામ સોળ પૈસા નામ રૂપિયો. રૂપિયે રૂપિયો અંદર ચોસઠ પહોરી તિખાશ ભરી છે. કે જેને ચોસઠ પહોર ઘૂંટવાથી શક્તિમાંથી ચોસઠ પહોરી વ્યક્તિ થઈ જાય છે. બરાબર છે? અંદર છે એ આવે છેને? કૂવામાં હોય એ અવેડામાં આવે છે. અવેડાને શું કહે છે? હોજ. જે અંદરમાં છે એ હોજમાં આવે છે. એમ અંદરમાં શક્તિ છે. ભલે એ અવગાહન તરીકે કદમાં નાની હોય, પણ અંતરમાં શક્તિ તો એટલી અવગાહનમાં ચોસઠ પહોરી નામ રૂપિયે રૂપિયો પૂર્ણ તિખાશ અને પૂરો લીલો રંગ પડ્યો છે. પૂર્ણ તિખાસ અને પૂર્ણ લીલો રંગ પડ્યો છે. અને બહારમાં કાળી છે. અને કદમાં નાની છે અને બહારમાં તિખાશ અલ્પ છે અને અંદરમાં ચોસઠ પહોરી છે. તો એ શક્તિમાંથી ચોસઠ પહોરી ઘૂંટવાથી શક્તિમાંથી વ્યક્ત ચોસઠ રૂપિયે રૂપિયો બહારમાં તિખાસ અને લીલો રંગ પૂરો પ્રગટ થાય છે. બરાબર છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત છે.

એમ ભગવાન આત્મા દરેકનો આત્મા શક્તિમાં ચોસઠ પહોરી નામ રૂપિયે રૂપિયો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પડ્યું છે. એ પીપરમાં જેમ પૂરી તિખાશ અને પૂરો લીલો રંગ. લીલો છેને? લીલો રંગ એ બહાર આવે છેને. એમ ભગવાન આત્મામાં આહા..હા..! અંદર સ્વભાવમાં ચોસઠ પહોરી નામ રૂપિયે રૂપિયો નામ પૂર્ણ. ચોસઠ પહોર એટલે ચોસઠ પૈસા એટલે રૂપિયો. રૂપિયો એટલે પૂર્ણ. અંદરમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા એવી અનંત શક્તિ અંદર પડી છે. એને જેમ પીપરને ચોસઠ પહોર ઘૂંટવાથી રૂપિયો બહાર પ્રગટે છે તિખાશ અને લીલો રંગ. એમ ભગવાન આત્મામાં એકાગ્રતા હોવાથી આહા..હા..! એકાગ્રતા કરતાં-કરતાં શક્તિમાં જે ચોસઠ રૂપિયો, લીલો રંગ અને તિખાશ છે એમ આત્મામાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ છે. એ એકાગ્ર થવાથી શક્તિમાંથી વ્યક્તતા પ્રગટમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ થઈ જાય છે અને એને કાર્યપરમાત્મા કહે છે. આહા..હા..! ..લાલજી! આ તો સમજાય એવું છે, ભાઈ! ભાવ ઉંચા છે, પણ ભાષા સાદી છે. આહા..હા..! અરેરે! દેહદેવળમાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે. પરમાત્મા જ આત્મા છે. સ્વભાવ શક્તિરૂપ તો

પરમાત્મા જ છે. તેથી કહ્યુંને કારણપરમાત્મા! આહા..હા..! એને માહાત્મ્ય આવતું નથી. ક્યાં દયા, દાનના વિકલ્પનું માહાત્મ્ય, એક સમયની પર્યાય અને ક્ષયોપશમ હોય, તો ક્ષયોપશમ હોય તો એનું માહાત્મ્ય. એ તો એક સમયની પર્યાય, એમાં શું? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શક્તિમાં જે નિરાવરણ અને આનંદમય છે એ વ્યક્તિ અપેક્ષાએ તેથી **'શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.'** છેને નીચે નોટમાં? આહા..હા..! એ ચોસઠ પહોરી એ પૂર્ણ તિખાશ પડી છે એમાં શક્તિરૂપ એની વ્યક્તતા થઈ જાય છે. તો એ શક્તિ કારણ છે અને વ્યક્તિ પ્રગટ એ એનું કાર્ય છે. એમ ભગવાન આત્મામાં અપરિમિત અનંત જ્ઞાન, અપરિમિત અનંત આનંદ એવી અપરિમિત અનંત શક્તિઓ અંદર પડી છે. આહા..હા..! એવા ભગવાન કારણપરમાત્મામાં અંતર્મુખ એકાગ્ર થઈને ઘૂંટે છે, જેમ એ પીપરને ઘૂંટે છે તો વ્યક્ત થાય છે. આ અંદરમાં એકાગ્રતાને ઘૂંટે છે. આહા..હા..! શાંતિભાઈ! લ્યો, આવી વસ્તુ છે. તમારા ડોક્ટર-ફોક્ટરમાં ઈંજેક્શન દે અને ફલાણા દે એમાં ધૂળમાં કાંઈ છે નહિ. આ નિરોગતા થવાની તાકાત આત્મામાં છે, એમ કહે છે. રાગાદિ રોગ છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ તો રોગ છે. એનાથી રહિત થવાનું આ કારણ છે. આહા..હા..! આ ઈંજેક્શન છે એનું.

ત્રિકાળી ભગવાન આત્મામાં એકાગ્રતા કરવી અને ધ્યાનની ધ્રુવની ધૂન લગાવવી. આહા..હા..! ધ્રુવનું ધ્યાન કરીને ધ્યાન લગાવું એ ધ્યાનથી શક્તિમાં જે પૂર્ણ આનંદ અને નિરાવરણ છે એ વ્યક્ત પૂર્ણાનંદ થઈ જશે, એનું નામ કાર્યપરમાત્મા કહે છે. આહા..હા..! અરે! એને પોતાની વસ્તુ શું છે એની ખબર નથી. બસ, આ જરી પાંચ-પચ્ચીસ લાખ ધૂળ મળી તો હું મોટો થઈ ગયો. ધૂળ-ધૂળ કહીએ છીએ નાનાલાલજી! ..કાંઈક ઠીક મળી, દીકરો ઠીક મળ્યો, મકાન ઠીક થયું, આબરૂ મોટી થઈ હું જાણે મોટો થઈ ગયો. ભાઈ! એ મોટો નથી. આહા..હા..! એમાં તો નરદેહનો નાશ થાય છે, નરદેહ હારી જવાય છે. આહા..હા..! આ ભગવાન આત્મા નરનો નારાયણ થાય છે. આહા..હા..! પોતાના સ્વભાવમાં પૂર્ણસ્વરૂપ શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ શાંતિ. શાંતિ નામ ચારિત્ર વીતરાગતા અંતરમાં. એમાં વળતા પૂર્ણ આનંદમાંથી પર્યાય અને કાર્ય આનંદ થાય છે, જ્ઞાનમાંથી જ્ઞાન થાય છે, શાંતિમાંથી કાર્યચારિત્ર થાય છે, સ્વચ્છતામાંથી કાર્ય પૂર્ણ સ્વચ્છતા થાય છે, પ્રભુતામાંથી કાર્ય પ્રભુતા પૂર્ણ પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે, ભગવાન! એની ખબર વિના ક્રિયાકાંડ કરીને મરી જાય. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાનકાંડ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તનું કથન છે. કામ શું ધૂળ? એ પહેલી એવી સ્થિતિ હતી એનો અભાવ કરીને જ્ઞાનકાંડ પ્રગટ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આમ હોવાથી શક્તિરૂપ પરમાત્માને કારણપરમાત્મા કહેવામાં આવે છે અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. ઓહો..હો..! આટલી લીટીમાં તો ઘણું બધું ભરી દીધું છે. આહા..હા..!

માથે આવ્યું. **‘કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે.’** લ્યો! શક્તિમાંથી કારણપરમાત્મામાંથી એકાગ્રતાનું ધ્યાન કરતાં-કરતાં વ્યક્તિરૂપે, પ્રગટરૂપે પરમાત્મા થાય છે, તેને અર્હંત પરમેશ્વર કહે છે. આમ અર્હંત-અર્હંત કરે, પણ ખબર નથી કે અર્હંત કોણ? સમજાણું કાંઈ? **‘આ ભગવાન પરમેશ્વરના ગુણોથી...’** જુઓ, હવે વિપરીત એ પરમાત્મા નથી. આ પરમાત્મા. અને એની શ્રદ્ધામાં આ પરમાત્મા આવવો જોઈએ. વ્યવહારશ્રદ્ધા છે. વ્યવહારશ્રદ્ધા છે. નિશ્ચયશ્રદ્ધામાં ભગવાન આત્મા આવવો જોઈએ. વ્યવહાર શ્રદ્ધામાં આવો ભગવાન આવવો જોઈએ. આહા..હા..! ભાઈ! અહીંયાં તો મોક્ષના માર્ગની વાત છે. અહીં કોઈ પૈસા મળે ને ધૂળ મળે ને આ મળે એવી કોઈ વાત અહીંયાં નથી. આહા..હા..! આત્માની લક્ષ્મી કેમ પ્રગટે એ વાત છે અહીંયાં તો. આત્મા અનંત લક્ષ્મીનો પિંડ છે. ભગવાન કહે છેને? ભગ નામ લક્ષ્મી કહે છે. લક્ષ્મી. ભગનો અર્થ લક્ષ્મી થાય છે. ભગવાન-લક્ષ્મીવાન. તો આત્મા અનંત જ્ઞાનાદિ લક્ષ્મીવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આવી ભાષા તો અનંતવાર કરી છે. અગિયાર અંગ ભણ્યો તો એ વાત તો એમાં આવી હતી. અનંતવાર બોલતો પણ આવ્યો. આહા..હા..! એ કોઈ ચીજ નથી. આહા..હા..! અંતર ભગવાન પૂર્ણાનંદનો નિરાવરણ નાથ એમાં એકાગ્ર થવાથી પૂર્ણદશા પ્રાપ્ત-વ્યક્ત થાય એ પરમાત્મા અરિહંત ભગવાન કહે છે. એવા ગુણોથી રહિત, **‘આ ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત ગુણોવાળા બધા (દેવાભાસો),...’** છે. દેવ નહિ પણ દેવ જેવો આભાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **‘ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય...’** અમે દેવ છીએ, અમે પરમાત્મા છીએ, અમે ઈશ્વર અમે જગતના કર્તા છીએ, ફલાણું એવું. એ ભલે અભિમાન કરતો હોય પણ એ દેવ નથી. સમજાણું કાંઈ? જેને દિવ્યશક્તિ પડી છે એમાંથી દિવ્ય શક્તિ પ્રગટે એનું નામ પરમાત્મા છે. એનું નામ અર્હંત પરમેશ્વર છે. નમો અરિહંતાણં એને કહે છે. સમજ્યા વિના નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગોખે અનંતવાર કર્યું. આહા..હા..!

એ **‘ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય...’** હું દેવ છું. એમ આત્માના ભાન વિના અમે સમકિતી છીએ, અમે સાધુ છીએ. હોય. એનાથી બહુ બળતરા છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ **‘સંસારી છે.’** એવા ગુણ વિનાનો કોઈપણ આત્મા એ બધા સંસારી છે. આહા..હા..! **‘આમ (આ ગાથાનો) અર્થ છે.’** લ્યો! આ ગાથાનો એ અર્થ છે. આહા..હા..!

**‘એવી જ રીતે (ભગવાન) શ્રી કુંદકુંદાચાર્યદેવે (પ્રવચનસારની ગાથામાં) કહ્યું છે કે :—’** પ્રવચન પૃષ્ઠ-૮૮. ઉપર શ્લોક છે.

‘तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं।
तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो।।’

ભગવાન કુંદકુંદાચાર્ય. 'મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો' ત્રીજે નંબરે આવ્યા. પહેલા ભગવાન, બીજે ગણધર, ત્રીજા કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..! 'જૈન ધર્મોસ્તુ મંગલં.' ચોથે એ આવ્યું. એ કુંદકુંદાચાર્ય કહે છે કે '**તેજ (ભામંડળ)**,...' સર્વજ્ઞ પરમાત્મા હોય છે એને શરીરનું તેજ એટલું હોય છે કે ભા, ભા નામ પ્રકાશનું મંડળ. ભા-મંડળ. ભા નામ પ્રકાશ. આખા શરીરની આજુબાજુ પ્રકાશનું મંડળ થઈ જાય છે. એ પુણ્ય પ્રકૃતિ છે. '**દર્શન (કેવળદર્શન)**,...' એ ગુણ છે. દર્શન છેને? કેવળદર્શન. આહા..હા..! એ બહારના શરીરનું તેજ અને અંતરનું કેવળદર્શન. '**જ્ઞાન (કેવળજ્ઞાન)**,...' એ ગુણ આવ્યો. '**ૠદ્ધિ (સમવસરણાદિ વિભૂતિ)**,...' તીર્થંકરને તો સો ઈન્દ્ર પૂજે છે, સમવસરણ ૠદ્ધિ. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. અત્યારે પ્રભુ બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. મનુષ્ય ક્ષેત્રે. સીધા હોં અહીંયાં મનુષ્યમાં. વર્તમાન બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ભગવાનના દર્શન કરવા ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. આહા..હા..! એ કુંદકુંદાચાર્ય કહે છે કે ભગવાન કેવા છે? કે જેને ભામંડળ. શરીરની આજુબાજુ પ્રકાશનો પુંજ હોય છે આમ. પરમૌદારિક શરીર છેને? આહા..હા..!

'**દર્શન (કેવળદર્શન), જ્ઞાન (કેવળજ્ઞાન), ૠદ્ધિ (સમવસરણની વિભૂતિ)**,...' બાર જાતની સભા. વાઘ, નાગ અને સિંહ, ઈન્દ્રો અને ગણધરો જેની સભામાં બેઠા છે. વાઘ, સિંહ, નાગ, ઈન્દ્રો, ગણધરો. આહા..હા..! વર્તમાનમાં પ્રભુ બિરાજે છે આહા..હા..! મહાવિદેહ ક્ષેત્રમાં. એ યથાર્થ છે હોં. હંબક નથી. પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સમસ્ત અનાદિ વિભૂતિ છે ભગવાનને. આ તો બધા તીર્થંકરની વાત ચાલે છે. '**સૌખ્ય (અનંત અતીન્દ્રિય સુખ)**,...' છે ભગવાનને. અતીન્દ્રિય અનંત સુખ છે. એ કાલે આવ્યું હતું આપણે. એને ક્ષુધા લાગે છે અને આહાર લે છે એવું આવ્યું હતું. એમ છે નહિ. અનંત-અનંત આનંદ અમૃતનો સાગર અંદર ડોલે છે. જેમ સમુદ્રમાં પાણી ઉછળે છે, એમ આત્મામાંથી અનંત આનંદ ઉછળે છે. એવા અનંત આનંદના અનુભવમાં ક્ષુધા કેવી? એને આહાર કેવો? બહુ ગડબડ થઈ ગઈ છે. એય..!

.. ૩૨ સૂત્ર છપાવ્યા હતાને. તો એમાં એ છે. એ વખતે ખબર નહોતી. .. નરમ માણસ હતા. આવ્યા હતા અમારી પાસે. જામનગર. એક શેઠિયા બીજા હતા એનું નામ ભૂલી ગયા. .. અને ત્રીજા એક શેઠ મોટા હતા. સ્થાનકવાસી પાંચ-છ જણા મોટા-મોટા વિનંતી કરવા આવ્યા હતા. ૪૪ વર્ષ પહેલા. ૮૮ની સાલ. સંવત્ ૧૯૮૮. ૧૨ અને ૩૨. ૪૪ થયા. તો એ ..ચંદજી છેને ભાઈ એણે તો અમારી વાત સાંભળીને એવું બોલ્યા. માણસ બહુ ગંભીર હતો. કે ઓહો..હો..! આ મહારાજ કોઈ તત્ત્વની વાત જુદી કરે છે. આ શ્વેતાંબર શાસ્ત્રથી પણ જુદી વાત કરે છે. તો આ મહારાજ અહીં નહિ રહી શકે. સંપ્રદાયમાં નહિ

રહી શકે. તે દિ' કહ્યું હતું. વીરજીભાઈને કહ્યું હતું. ચીમનભાઈ! વીરજીભાઈને. આ વાત કાંઈક બીજી કરે છે. ચાલતી સંપ્રદાયથી ભિન્ન જાત કરે છે. એ વસ્તુ હતી, પણ બિચારા વયા ગયા પછી. વિનંતી કરવા આવ્યા હતા અજમેરમાં સ્થાનકવાસીની કોન્ફરન્સ ભરાવાની હતીને. બધા સાધુ ભેગા થવાના હતા ૮૯માં.

અહીં કહે છે કે ભગવાનને તો અનંત સુખ છે. આહા..હા..! એને દુઃખ થાય છે અને આહાર લે છે અને પાણી લે છે... સમજાણું કાંઈ? એ કહે છે કે '**(ઈન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું)...**' જેમ કૂતરાનું બચ્ચું બેઠું હોયને. શું કહે છે? પીલ્લા-પીલ્લા. અહીંયા અમારે કૂતરીના બચ્ચાને ગલુડીયું કહે છે. કાઠિયાવાડી ભાષા છે. ભગવાનના સમવસરણમાં આમ. વાઘ ને નાગ. એવી સમવસરણની ઋદ્ધિ ઈન્દ્રાદિક દાસપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**ઐશ્વર્ય,...**' એવું ઐશ્વર્ય છે '**અને (ત્રણલોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ)...**' શું કહે છે? ઊર્ધ્વ, મધ્ય અને અધો એના જે મુખ્ય મુખીયા છે. ઈન્દ્રો, શેઠિયાઓ, રાજા, નાગ, વાઘ એ '**(ત્રણલોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ)...**' એ અધિપતિઓના વલ્લભ ભગવાન છે. આહા..હા..! ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, છ ખંડના ધણી ચક્રવર્તી. દાસાનું દાસ થઈને સાંભળે છે. એવા ત્રણલોકના અધિપતિના પણ ભગવાન વલ્લભ છે. એને પરમાત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્માની વ્યાખ્યા કરે છે. '**ત્રિભુવન-પ્રધાનવલ્લભપણું—**' છેને? પાઠ છે. '**तिहुवणपहाणदइयं**' '**दइयं**' વલ્લભ. '**આવું જેમનું માહાત્મ્ય છે, તે અર્હંત છે.**' એને અરિહંત કહે છે. નમો અરિહંતાણં એ અરિહંત છે. સમજ્યા વિના એમ ને એમ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... આહા..હા..!

'**વળી એ જ રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (આત્મખ્યાતિના ૨૪મા શ્લોકમાં-કળશમાં) કહ્યું છે કે :—**' આ બાજુ.

(शार्दूलविक्रीडित)

'कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्त्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।'

એ સમયસારની .. '**શ્લોકાર્થ :- જેઓ કાન્તિથી દશે દિશાઓને ધુએ છે—**' એટલે શરીરમાંથી એવી કાન્તિ આવે છે કે પ્રકાશ-પ્રકાશ બહારમાં થઈ જાય છે. '**કાન્તિથી દશે દિશાઓને ધુએ છે...**' ધુએ સમજ્યા? જેમ અંધકારનો નાશ થઈ જાય છે, એમ અંધકારનો નાશ થઈને પ્રકાશ થાય છે. આહા..હા..! ભગવાનના શરીરનું તેજ એટલું છે. શરીરનું તેજ. અંતરની તો શું વાત કરવી? આહા..હા..! '**નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત**

**તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...'** આહા..હા..! શરીરની કાંતિનું તેજ. કાંતિ શબ્દ પડ્યો છેને? **'સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...'** સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જાય છે. એવું મણિરત્ન શરીર. પ્રકાશનો પુંજ શરીરનું. એમાં શરીરનું તેજ પણ ઢંકાઈ જાય છે. આ પરમાત્માનું પુણ્ય એટલું છે. પવિત્રતા તો અનંત છે પણ પુણ્ય પણ એટલું છે. પુણ્ય અને પવિત્રતામાં પુરા એને તીર્થંકર કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો હજી આવા પરમાત્માને શ્રદ્ધવા એ શુભરાગ વ્યવહારસમકિત છે. આથી ઉલટાને માનવા એ મિથ્યાત્વ છે. કુદેવને માનવા. આહા..હા..! સમજાણું કાંઈ? ઢાંકી દે છે.

**'જેઓ રૂપથી જનોના મન હરી લે છે,...'** એટલું સુંદર રૂપ છે કે ઈન્દ્ર પણ હજાર આંખથી દેખે. જન્મે છેને? ભગવાન જન્મે છે. ઈન્દ્રો આવે છે મેરુ પર્વત ઉપર લઈ જવા. તો બે આંખથી જોતા તૃપ્તિ નથી થતી, હજાર આંખ કરે છે. એટલું તો જન્મેલા બાળકનું તેજ. આ તો પરમાત્મા થયા પછીની વાત કરે છે. આહા..હા..! **'રૂપથી જનોના મન...'** મનુષ્યોનું મન રૂપથી હરી લે છે. આહા..હા..! **'જેઓ દિવ્યધ્વનિ વડે...'** આ બધી પુણ્યની વાત છે હોં. **'દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય...'** આહા..હા..! એવી દિવ્યધ્વનિ નીકળે છે કે લોકોને કાનમાં જાણે અમૃત પડતું હોય, અમૃત વરસતું હોય. આહા..હા..! નાનુલાલજી! આવી વાત છે, ભગવાન! આહા..હા..! આ તો અરિહંત પરમેશ્વર. આહા..હા..!

દિવ્યધ્વનિ. આહા..હા..! **'કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે...'** ઈ જાતનું રાગની મંદતાનું. **'અને જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,...'** એક હજાર અને આઠ તો શરીરમાં લક્ષણ છે. કમળ, હાથી, ચંદ્ર વગેરે-વગેરે શરીરમાં. શરીરના પગમાં, હાથમાં એવા ચિહ્નો હોય છે. **'એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.'** ભગવાન! એ વંદ્ય છે. તીર્થંકરને સૂરી કહી દીધા.

**'વળી (સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ...'** દિગંબર સંત છે. આ પદ્મપ્રભમલધારિદેવ એ **'શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છે.'**

(मालिनी)

जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त-
र्भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम्।
तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं
जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम्।।१४।।

**'શ્લોકાર્થ :- જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે...'** આહા..હા..! કમળમાં

ભમરો જેમ અંદર સમાઈ જાય '**તેમ જેમના જ્ઞાનકમળમાં આ જગત તેમ જ અજગત (-લોક તેમ જ અલોક) સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે...**' ભગવાનના જ્ઞાનમાં જગત નામ લોક અને અજગત નામ અલોક. ખાલી ભાગ છેને અનંત... અનંત... અનંત... '**જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે...**' તેમ ભગવાનના જ્ઞાનમાં લોકાલોક સમાઈ જાય છે. આહા..હા..! એનું જ્ઞાન. '**સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે...**' એમ. પ્રત્યક્ષરૂપે. અરિસામાં. અરિસો હોય છેને અરિસો? જે બહારની ચીજ છે એ તો અંદરમાં દેખાય છે. એ ચીજ નથી એ તો અરિસાની અવસ્થા છે. અરિસાની અવસ્થા છે. એ અવસ્થા છે. તેમ આત્મામાં જ્ઞાનપર્યાય લોકાલોક ભાસે છે, એ લોકાલોક નથી, એ તો આત્માની પર્યાય છે, સ્વચ્છ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એણે ભગવાન કેવા છે એ સાંભળ્યું નથી અને આ ભગવાન આત્મા કેવો છે એની ખબર નથી. આહા..હા..! અને દુનિયાના ડાહ્યા કહેવાય મોટા કાર્યવાહકો, ફલાણા, ઢીંકણા. આંધળે આંધળા છે. સમજાણું કાંઈ? નથી નિજ પરમાત્માની ખબર, નથી પરની. નાનુલાલજી! એવું છે, ભગવાન! આહા..હા..! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યું એ આડતિયા થઈને સંતો.. જગત પાસે જાહેર કરે છે. માલ તો ભગવાનનો છે. દિગંબર સંતો આડતિયા હોયને આડતિયા? ભગવાનનો માલ આ છે. આહા..હા..!

અરે! સાંભળવાનું મળે ક્યાંથી? ભાઈ! એ પોતે પરમાત્મા અંદર ત્રિલોકનાથ બિરાજે છે. આહા..હા..! પરમાત્મતત્ત્વ એ આત્મા છે. આહા..હા..! જેની પાસે કેવળજ્ઞાન અને આનંદની પર્યાય પણ બહિર્તત્ત્વ છે. આહા..હા..! શરીર, વાણી, કર્મ તો બહિર્તત્ત્વ ક્યાંય રહ્યા. આહા..હા..! ભગવાન પરમાત્મતત્ત્વ પરમસ્વરૂપ અનંત આનંદ આદિ પરમસ્વરૂપ અંતઃતત્ત્વ પરમાત્મા, પોતાનો આત્મા, એવો પરમાત્મા. અને સર્વજ્ઞપણું, કેવળજ્ઞાનપણું અનંત આનંદપણું, પર્યાય જે છે એ બહિર્તત્ત્વ છે. કેમકે પ્રગટ વ્યક્ત બહિર્તત્ત્વ છે. બાકી અંતઃતત્ત્વ એ અંતઃતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં શરીર, વાણી, મન, કર્મ તો છે જ નહિ, જેમાં પુણ્ય-પાપ, દયા, દાનનો વિકલ્પ પણ નથી, પણ જેમાં કેવળજ્ઞાનની પર્યાય બહિર્તત્ત્વ, અંતઃતત્ત્વમાં નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! ભાઈ! આ તો જિનેશ્વરદેવની વાતું, ભગવાન! પરમેશ્વર પરમાત્મા ઈ કોને કહે, ભાઈ! લોકોને ખબર નથી. વાડામાં પડ્યા. એમ ને એમ નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કરે. આહા..હા..!

**શ્રોતા :-** આત્મા છેને એ .. આવી જાય છે. આપ કહો છો કે કેવળજ્ઞાન બહિઃતત્ત્વ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વભાવ તે અંતઃતત્ત્વ છે, પ્રગટ થયું એ બહિર્તત્ત્વ છે. એ આવશે. ૩૮ ગાથામાં આવશે. ૩૮ ગાથા છેને? એ ૩૮માં છે. ૩૮ છે જુઓ. ૭૮. ૭૦ અને ૮. નીચે શ્લોક છે નીચે શ્લોક. ૮૦માં બે ઓછા પાના. એ નીચે શ્લોક છે.

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** છે? પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, કેવળજ્ઞાન તત્ત્વમાં પણ એક આ સાર તત્ત્વ ભગવાન ત્રિકાળી એ એક તત્ત્વ સાર છે. અને **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** કેવળજ્ઞાનની પર્યાય પણ નાશ પામનારી છે, એનાથી ભગવાન દૂર છે. આ તે કાંઈ વાત! આહા..હા..! શું કહે છે? શરીર, વાણી, મન આ તો ધૂળ પુદ્‌ગલ માટી, પૈસા, બાયડી, છોકરા એ તો ધૂળ અજીવ જડ પર, પણ ભગવાન આત્મા છે ત્રિકાળી વસ્તુ પ્રભુ, એમાં જે કેવળજ્ઞાનની પર્યાય છે પ્રગટ પર્યાય, એ પર્યાય બહિર્‌તત્ત્વ છે અને એનાથી ભગવાન અંતઃતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! કદી સાંભળ્યું જ નથી, નનુમલજી! બહારની વાતું બધી આ કરવું... આ કરવું... આહા..હા..! સાંભળવા આવ્યા એટલા ભાગ્યશાળી છેને. વસ્તુ એવી છે, ભગવાન! શું કરે? આહા..હા..!

શું કહ્યું? **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** કેવળજ્ઞાનની પર્યાય પણ નાશ પામનારી છેને. એક સમયની છેને? બીજે સમયે બીજી. એ પર્યાય નહિ, એવી, પણ એ નહિ. કેવળજ્ઞાન પણ એક સમય રહે છે. બીજે સમયે બીજું. કેમકે પર્યાય છે. બીજે સમયે બીજી એવી પણ એ નહિ. આ નાશ પામનારી પર્યાય. આહા..હા..! ભગવાન! એ પર્યાયથી દૂર ભિન્ન છે. .. વાત છે ત્યાં. **'દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનારો કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...'** ભગવાન તો શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ જ છે. શુદ્ધ જ્ઞાન પિંડ છે. **'સુખસાગરનું પૂર છે...'** આહા..હા..! સુખસાગર સ્વરૂપ છે. ભરતી આવે છેને ભરતી? એમાં સુખસાગરનું પૂર જ આત્મા છે. આહા..હા..! અને **'ક્લેશોદધિનો કિનારો છે,...'** ક્લેશરૂપી દરિયો એનો કિનારો અંત છે. **'તે સમયસાર જયવંત વર્તે છે.'** આહા..હા..! ભગવાન કારણપરમાત્મા ભાનમાં આવ્યો તો અમે કહીએ છીએ કે એ જયવંત વર્તે છે. એમ કહે છે. પર્યાયમાં ભાન થયું તો પર્યાય જાણનારી કહે છે કે એ જયવંત વર્તે છે, જાણનારી. જાણ્યું એને હોં. જાણ્યું નથી એને શું જયવંત વર્તે છે! એની ખબર નથી. જેની દૃષ્ટિમાં ચીજ આવી નથી. તો આ છે એ ક્યાંથી આવ્યું? આહા..હા..!

વર્તમાન જ્ઞાનની અવસ્થામાં, પર્યાયમાં આ પૂર્ણ વસ્તુ છે એવું ભાન થયું. એ કહે છે કે એવો આત્મા જયવંત વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આવો ઉપદેશ કેવો? કાંઈ કરવું તો આમાં આવતું નથી. વ્રત કરવા, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, બ્રહ્મચર્ય પાળવું. ભાઈ! એ તો બધી વાતું બહારની છે, ભાઈ! સાંભળને. એ ધર્મ નથી. આહા..હા..! આ લોકની સેવા કરવી. આ બધા કાર્યકરો ભેગા થઈને નથી સેવા કરતા? દુઃખીઓને કપડા આપે, તરસ્યાને પાણી, રહેવાને મકાન, ભૂખ્યાને આહાર. ધૂળેય નથી આપી શકતો સાંભળને. પરચીજને આપે કોણ અને દે કોણ? એવી વાત છે. આહા..હા..! તારી તને ખબર નથી. તું ક્યાં રહે છો? કેટલી મર્યાદામાં તારી સત્તા છે? અને મર્યાદાની બહાર

સત્તા જાતી નથી એને. આહા..હા..! એની સત્તામાં પર્યાય અને દ્રવ્ય-ગુણ બસ એટલી સત્તામાં રહે છે, બહાર જાતા નથી. આહા..હા..!

અહીંયાં તો પર્યાયને બહિર્દ્રવ્ય. આહા..હા..! .. નાશવાન. ગજબ વાત છે! શરીર નાશવાન, પૈસા નાશવાન. ધૂળ, બાયડી, છોકરા એ બધું ધૂળ-માટી છે. નાશવાન-નાશવાન. અહીંયાં તો પ્રભુ આત્માની પર્યાય કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે એવી એક સમયની પર્યાય છેને? તો પર્યાયનો કાળ એક સમય છે. બીજે સમયે એ રહેતી નથી. તો એ કારણે એને નાશવાન કહીને એનાથી ભગવાન દૂર વર્તે છે અંદરમાં. અવિનાશી દૂર વર્તે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવી વાતું છે આ. આ દુનિયાથી પારની બીજી વાતું છે આ. આહા..હા..! **'સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે—જણાય છે,...'** જ્ઞાનમાં લોકાલોક જણાય છે. **'તે નેમિનાથ તીર્થંકરભગવાનને...'** પદ્મપ્રભમલધારિદેવ મુનિ છેને. બ્રહ્મચારી છે. બાળબ્રહ્મચારી. એ તો બાળબ્રહ્મચારી તીર્થંકરને યાદ કર્યા.

**શ્રોતા :-** બાળબ્રહ્મચારી તો મહાવીર ભગવાન પણ હતા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ આ એમને નેમિનાથ વધારે. બહાર પ્રસિદ્ધિ વધારે છેને.

**'નેમિનાથ તીર્થંકરભગવાનને હું ખરેખર પૂજું છું...'** જુઓ, મુનિરાજ કહે છે કે હું નેમિનાથ ભગવાનને ખરેખર પૂજું છું. આહા..હા..! મારો આત્મા મને પૂજે છે અને વ્યવહારથી હું ખરેખર નેમિનાથ ભગવાનને પૂજું છું. **'કે જેથી ઊંચા તરંગોવાળા...'** આહા..હા..! સમુદ્રમાં તરંગ ઉઠે છેને બહુ તરંગ ઉઠે છે જુઓને. મધ દરિયામાં જાય અને આગબોટ જાય તો એટલા તરંગ ઉઠે તો જાણે આગબોટમાં પાણી ગરી જશે. આગબોટ સમજો છોને એ? શું કહે છે? આગબોટ નથી સમજતા? સ્ટીમર. મોટી સ્ટીમર લ્યો. ત્યાં મધદરિયે બહુ ઉછળે છે. તો જાણે અંદર પાણી ગરી જશે એમ લાગે. અહીં કહે છે કે **'જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (-દુસ્તર સંસારસમુદ્રને પણ) બે ભુજાઓથી તરી જાઉં.'** આહા..હા..! અનંત આનંદના નાથની પૂજા અને ભગવાનની પૂજા. બે ભુજાઓથી હું તરી જઈશ. સંસારથી હું પાર થઈ જઈશ અને હું મોક્ષમાં જઈશ. આહા..હા..! એવો નમસ્કાર ભાવનો ઉત્સાહ આવ્યો છે તો પોતાનો વંદ્યભાવ પ્રગટ થયો છે અને બહારમાં ભગવાને વંદ્યભાવ વ્યવહારે કહેવામાં આવ્યું છે. .. હું સંસારથી પાર થઈ જઈશ. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૧, સોમવાર, તા. ૧૨-૦૧-૧૯૭૬
## ગાથા-૮, પ્રવચન નં. ૧૫૦

નિયમસાર. ૭ ગાથા પૂરી થઈ. ૭માં તો આપ્ત-પુરુષનું વર્ણન કર્યું. સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય છે? અને કેમ પમાય? સર્વજ્ઞ પરમાત્મા પર્યાયમાં કેમ પમાય છે? એ .. કર્યું. ત્રિકાળ કારણપરમાત્મા એની ભાવના કરવાથી પૂર્ણ કાર્યપરમાત્મા આપ્ત અરિહંત સર્વજ્ઞ થાય છે. અહીંયાં આપ્ત, આગમ અને તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહારસમ્યગ્દર્શન છે એ વાત ચાલે છે. જેને અંતરમાં સ્વભાવ સહજ સ્વરૂપ પૂર્ણ કારણ ભગવાન પરમાત્મા પોતે સ્વયં. એની સન્મુખ થઈને, અનુભવ થઈને પ્રતીત, શ્રદ્ધા થવી એ નિશ્ચયસમ્યગ્દર્શન છે એ સત્યદર્શન છે. સાથે ઉપચાર, વ્યવહારસમ્યગ્દર્શનનો વિકલ્પ શુભરાગ થાય છે. એ શુભરાગને વ્યવહાર સમકિત કહે છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનની પર્યાય નથી, છે રાગની પર્યાય. આહા..હા..! પણ નિશ્ચયસમ્યગ્દર્શન એ વ્યવહારસમ્યગ્દર્શનને અંતર ગર્ભિત પરિણમન છે એને વ્યવહાર સમકિત કહે છે. એ વ્યવહારસમકિતમાં આ દેવ, ગુરુ અને શાસ્ત્ર અથવા દેવ, શાસ્ત્ર અને ગુરુ એ પરમતત્ત્વો. એની શ્રદ્ધા એને થાય છે એને શુભવિકલ્પ વ્યવહાર કહે છે. આપ્તની વ્યાખ્યા થઈ ગઈ.

હવે શાસ્ત્ર. આગમ કોને કહીએ? આઠમી ગાથા. 'तस्स' 'तस्स' નામ આપ્તનું આગમ. આપ્તના મુખથી નીકળેલું.

> तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं।
> आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था।।८।।
> પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપર નિર્દોષ જે,
> તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

એની ટીકા. એનો ગાથાર્થ. પહેલા ગાર્થાથ હોય છેને? અન્વયાર્થ. અન્વયાર્થ. **'तस्स मुहुग्गदवयणं'** 'तस्स' નામ. આપ્ત સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા **'તેમના મુખમાંથી નીકળેલી...'** છદ્મસ્થ અજ્ઞાની કહે એ નહિ. સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર પૂર્ણ આપ્ત નામ સર્વજ્ઞદશાને પ્રાપ્ત **'તેમના મુખમાંથી નીકળેલી...'** મુખમાંથી નીકલેળી એ તો લોકની અપેક્ષાએ કહ્યું. નહિતર એ ભગવાનની વાણી તો આખા આત્મપ્રદેશમાંથી નીકળે છે. હોઠ બંધ હોય છે ભગવાનને. કંઠ કંપે નહિ. આખા આત્મપ્રદેશમાંથી ૐ ધ્વનિ નીકળે છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં લોકો મુખથી સમજે છેને એ અપેક્ષાએ લીધું છે. આહા..હા..! **'મુખમાંથી નીકળેલી...'** સમજાણું કાંઈ? **'વાણી કે જે પૂર્વાપર દોષરહિત...'** છે. આગળ-પાછળ મળે નહિ એવી વાત નથી. આ પૂર્વાપર દોષરહિત. પહેલા કાંઈક કહે અને પછી કાંઈ કહે એવી વાત નથી.

સર્વજ્ઞ પરમાત્મા એની વાણી '(-આગળપાછળ વિરોધરહિત)...' છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલા એમ કહે .. નિમિત્ત છે. કેવળી ભગવાન છદ્મસ્થને પગે લાગે છે. એ પૂર્વાપર વિરોધ થઈ ગયો. સમજાણું કાંઈ? કેવળી સર્વજ્ઞ પરમાત્મા એના ગુરુને પગે લાગે છે. ન લાગે? ન લાગે. કેવળી ગુરુને પગે ન લાગે. કેવળી તો પૂરા થઈ ગયા છે. સર્વજ્ઞ પરમાત્માની તો પૂર્ણ દશા થઈ ગઈ છે. એ ગુરુને પગે લાગે એમ છે નહિ. એ તો વીતરાગ થયા.

**શ્રોતા :-** ગુરુનો વિનય ન કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિનય કરવો રહ્યો જ ક્યાં? પૂર્ણદશા થઈ ગઈ. સમજાણું કાંઈ? એ શ્રીમદ્‌માં આવે છે આત્મસિદ્ધિમાં. પણ એ તો શ્વેતાંબરની ઝલક છે. શ્રીમદ્ રાજચંદ્રમાં આત્મસિદ્ધિમાં આવે છે. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' પોતાના ગુરુ હોય સ્વંય છદ્મસ્થ હોય પણ એ કેવળીઓ (છદ્મસ્થ ગુરુનો) વિનય કરે, એવી વાત છે નહિ. સમજાણું કાંઈ? આત્મસિદ્ધિમાં એમ છે. શ્રીમદ્. એ પહેલા શ્વેતાંબરની ઝલક હતી એમાં. એ વાત સત્ય નથી. સર્વજ્ઞ પરમેશ્વર કોને? વંદ્યવંદકભાવ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. આહા..હા..!

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિને પણ ગૃહીતમિથ્યાત્વની ઝલક રહી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાગે જ નહિ એને. એ સહેજ એવો દોષ તો હતો. પછી પૂર્ણ.. આ તો વીતરાગવાણી. વીતરાગવાણીમાં એવું બનતું જ નથી. પહેલા કેવળજ્ઞાન થાય અને ગુરુને પગે લાગે અને એને રાગ નથી. એ કોઈ મેળ નથી ખાતો. રાગ વિના પરને વંદન કરવું બનતું નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અહીં કોઈ સંપ્રદાય નથી. અહીં તો વસ્તુની સ્થિતિ છે. કોઈ સંપ્રદાય બાંધવો છે એમ નથી. સર્વજ્ઞ પરમેશ્વર જે કહે છે એ વાણીમાં પૂર્વાપર વિરોધરહિત હોય છે વાણી. આહા..હા..! ચાહે તો પરમાત્મા મહાવિદેહના હોય કે ચાહે તો ભરતના તીર્થંકર હોય બધાની વાણી પૂર્વાપર દોષરહિત જ હોય છે. સમજાણું કાંઈ? એને અહીં આગમ કહે છે. આહા..હા..!

અને '**શુદ્ધ છે,...**' છે શુદ્ધ. બેય શુદ્ધ છે. રાગરહિત છે. રાગથી લાભ થાય એવી વાત વીતરાગવાણીમાં હોય નહિ. આહા..હા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન રાગરહિત પૂર્ણાનંદ એની પ્રાપ્તિ એના સ્વભાવને આશ્રયે થાય છે એવું ભગવાનની વાણીમાં આવે છે. ભગવાન એમ કહે કે મારાથી પણ તને સમ્યગ્દર્શન થાય એમ નથી. કેમકે ભગવાન પર છે અને પર ઉપર લક્ષ જશે તો રાગ થશે. વાત એવી છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે '**શુદ્ધ છે,...**' ભગવાનની વાણીમાં વિકલ્પથી રાગ થાય, લાભ થાય, શુભભાવથી ધર્મ થાય એ વાણી વીતરાગની નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુભભાવ કરતાં-કરતાં ધર્મ થશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બિલકુલ નથી. બરાબર એમ કહે છે. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. ભાઈ! લસણ હોય છેને, ભાઈ! લસણ નહિ લસણ? લસણ કહે છેને? આ ઢોકળામાં લસણ નાખે છેને. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. કેમ બને? એ તો ભાઈ સ્પષ્ટ કરવા માટે પૂછે છે. સમજાણું કાંઈ? રાગ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થશે અને નિશ્ચય થશે એ વાણી વીતરાગની નથી. આહા..હા..! એ શ્વેતાંબર આગમમાં તો પૂર્વાપર વિરોધ ઘણો છે.

**શ્રોતા :-** શ્વેતાંબર જેવા ભૂલ કેમ કરી ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભૂલ જાણીને પક્ષ ભિન્ન કર્યો. પોતાનો ધર્મ ચલાવવો હતો. બાર વર્ષનો દુકાળ પડ્યો. બાર વર્ષ દુકાળ પડ્યો. તો એમાં સાચા સાધુ હતા એ તો દક્ષિણમાં ચાલ્યા ગયા. દિગંબર સંત સાચા. પછી થોડા અહીંયાં રહ્યા એ શિથિલ થઈ ગયા, નભી શક્યા નહિ. બાર વર્ષનો દુકાળ. બાર વર્ષના દુકાળમાં અનાજ મળવું મુશ્કેલ પડે એવી સ્થિતિ થઈ. તો એવું કપડું થોડું પહેલા રાખ્યું. કપડુ સમજ્યા? અર્ધફાલક. પહેલા કટકો થોડો રાખ્યો અને એમ કરીને ભોજન કરવા જાતા હતા. કરતાં-કરતાં શાસ્ત્રમાં લખી નાખ્યું કે મુનિને વસ્ત્ર હોય.

**શ્રોતા :-** શાસ્ત્રમાં તો ઘણું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઘણા વસ્ત્ર, કાંઈ ઠેકાણા નથી. માર્ગ તો ભાઈ! વીતરાગ સર્વજ્ઞ કહે છે એ દિગંબર આગમ એ સત્ય છે. બીજું કોઈ આગમ સત્ય છે નહિ.

**શ્રોતા :-** સૌ પોતાના આગમ સાચા માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે દુનિયા તો કહે શું કરે? સત્ય જ આ છે. એવી વાત છે. અમે તો બધું જોયું છેને શ્વેતાંબરમાં? અમે શ્વેતાંબર હતા કે નહિ? ૪૫ વર્ષ તો એમાં રહ્યા. પિતાજીનો ધર્મ એ હતો. તો એમાં દીક્ષા તો લઈ લીધી. પછી થયું કે ઓહો! આ એ માર્ગ નથી. બીજો માર્ગ અંતરથી આવ્યો. આહા..હા..! માર્ગ બીજો છે, ભાઈ! કીધું આ નહિ. મોટા ભાઈએ દીક્ષા દીધી હતી. બહુ ૬૩ વર્ષ થયા. આજે એક મહીનો પૂરો થયો. માગશર સુદ ૯. ૭૦. ૭૦ સમજ્યા? ૭૦ તમારે. ૬૨ વર્ષને એક મહીનો થયો. એ વખતે ભાઈને કહ્યું કે માર્ગ આ નહિ, ભાઈ! ત્યારે દીક્ષા લીધી. મોટી દીક્ષા ધામધુમ. ૧૮૦૦ રૂપિયા ૬૩ વર્ષ પહેલા ખર્ચ્યા હતા ઘરે. ઘરે દીક્ષા લીધી હતી. ૬૩ વર્ષ પહેલાં. પછી ભાઈને કહ્યું કે માર્ગ આ નથી, ભાઈ! હું તો છોડી દઈશ. મને તો અંદર બીજો માર્ગ ભાસે. ભાઈ કહે કે મહારાજ! આબરૂ હતીને? અમારી તો સંપ્રદાયમાં આબરૂ ઘણી હતીને. મહારાજ! ધીમે-ધીમે છોડજો એમ કહ્યું. મોટાભાઈએ એમ કહ્યું. એની હાજરીમાં અમે છોડ્યું. ૮૭માં કહ્યું કે હું છોડી દઈશ. પછી ૯૧માં અહીં છોડ્યું. ૯૧ અહીંયાં ૪૧ વર્ષ થયા. ૪૦ અને ૧. સમજાણું કાંઈ? માર્ગ તો આ સનાતન સત્ય આ છે. એના સંપ્રદાયમાં જન્મ્યા

એને પણ ખબર નથી. આ તો પરમસત્ય વીતરાગ મુનિની વાણી. કુંદકુંદાચાર્યની વાણી એટલે સર્વજ્ઞની વાણી! આહા..હા..! શું કરે? લોકોને પક્ષ બંધાઈ ગયા.

શ્વેતાંબર નીકળ્યા. એક સાધુ છે શ્વેતાંબરના. તે અમારું વાંચે છે. વાંચે તો એની શ્રદ્ધામાં થોડો ફેર પડ્યો. એણે લખ્યું. મોટું પત્તું આવ્યું છે. એ કાંઈક છે. ક્યાંક છે નહિ? આમાં છે? પહેલા અર્ધફાલક હતા, એમ કહે. શ્વેતાંબર સાધુ છે હમણા કોઈ. અમને મળ્યા. અમે જૂનાગઢ જાત્રા કરવા ગયા હતાને તો ત્યાં મળવા આવ્યા હતા. આ વાંચીએ છીએ. પણ .. શ્રદ્ધા નથી. પણ એમ લીધું કે પહેલા અર્ધફાલક હતા. અર્ધફાલક સમજ્યા? વસ્ત્રનો ટૂકડો રાખતા હતા. નગ્નપણા ઉપર ઢાંકવા. પછી ૧૦૮ ઉપકરણ થઈ ગયા. એમાં લખ્યું છે. એ આવ્યા અમારી પાસે. ચોપડી છે. .. પત્ર. લાંબો છાપેલો છે. શું નામ એનું? ચંપકસાગર. ચંપકસાગર. મુંબઈ સમાચાર જુદું. એ તો દ્રવ્ય-ગુણ-પર્યાય. એ નહિ... એને.. ૧૦૮ ઉપકરણ થઈ ગયા. ઘડિયાળ, ચશ્મા, ફલાણા, કપડા, રજોણા.

અહીંયાં તો કુંદકુંદાચાર્ય તો કહે છે, એક વસ્ત્રનો કટકો રાખીને 'અમે મુનિ છીએ' એમ માને તો નિગોદમાં જશે. નાનુલાલજી! વાત તો એવી છે. વસ્તુસ્થિતિ એવી છે. આ કાયદો નિયમ વીતરાગનો નિયમ છે. સમજાણું કાંઈ? એવી વાત છે. કે જેને ત્રણ કષાયનો અભાવ હોય એને વસ્ત્ર લેવાનો વિકલ્પ ઉઠતો નથી. મણિલાલજી! તો એ આગમમાં પૂર્વાપર વિરોધ હોય એ આગમ નથી. આહા..હા..! અહીંયાં તો કહે કે કેવળજ્ઞાની થયા પછી કોઈનો વિનય કરતા નથી. એ તો પૂર્ણ થઈ ગયું. સમજાણું કાંઈ? અને શ્વેતાંબરમાં તો એવું છે કે શ્રીમદ્‌માં આવી ગયું જરી. દસવૈકાલિક સૂત્ર છે. .. એ બધું મોઢે કર્યુંને? શ્વેતાંબરના ૬ હજાર શ્લોક મોઢે હતા. અને ૭૧ હજાર શ્લોક ૧૭ વાર મેં વાંચ્યા બધા પુસ્તકો. ૧૭ એટલે ૧૦ અને ૭. તમારા ૭૦ એ નહિ. ૧૭. પણ એમાં એ ચીજ નથી. આ તો અલૌકિક ચીજ છે. અંતરને સ્પર્શી જાય એવી ચીજ છે આ. આહા..હા..! તો આગમ એને કહીએ કે જે પૂર્વાપર દોષરહિત અને શુદ્ધ હોય. સમજાણું કાંઈ? શું કરે? પ્રભુ! ઘણા પક્ષ પડી ગયા. આ શ્વેતાંબર નીકળ્યા, એમાંથી સ્થાનકવાસી નીકળ્યા. ... સ્થાનકવાસી હતાને?

**શ્રોતા** :- દિગંબર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ? દિગંબર હતાને .. પ્રસાદ. દિગંબર. એ તો ખબર છેને. એ વિનંતી કરવા આવ્યા હતાને ભાઈ સ્થાનકવાસી તરીકે. અજમેર ભરાણી હતી. અજમેરમાં કોન્ફરન્સ. .. પ્રસાદ સ્થાનકવાસી. તમે દિગંબર છો. એ તો પૂછયું હતું. પણ આ વસ્તુ નથી મળી એટલે શું કરે? આહા..હા..! આ તો અનાદિ ચીજ એમાં એના સસરાએ ૩૨ સૂત્ર બનાવ્યા છે. એક હજાર ... નહિ? એ વખતે પૈસા ઘણા હતા પચાસ હજાર કે... પણ અમારી પાસે આવ્યા હતા ૭૬ની સાલ. સંવત્ ૭૬ એ પહેલા .. ગયું હતું. આ ચીજ બીજી. આ દિગંબર શાસ્ત્ર તો પરમ આગમ છે. આ પરમ આગમ કોતરાયેલા છે પોણાચાર

લાખ. અને એ પણ મશીનથી કોતરાયેલા છે. એ હિન્દુસ્તાનમાં પહેલાવહેલા છે. મશીન જ પહેલાવહેલા આવ્યું. ત્યાં શું કહેવાય? ઈટાલી. એ ગૃહસ્થ છેને કરોડપતિ અહીંયાં સ્થાનકવાસી. ભૂપતલાલ, મોહનલાલ. બે કરોડ છે એની પાસે સ્થાનકવાસી. હવે દિગંબર થઈ ગયા. જોકે અહીંયાં તો ઘણા શ્વેતાંબરો દિગંબર થઈ ગયા. બે કરોડ રૂપિયા એની પાસે. એનો દીકરો ત્યાં ગયો હતો ઈટલી. તો ત્યાંથી મશીન લાવ્યા. છ દીકરા છે. અહીં આવે છે. ત્યાં આવ્યા આવી ગયા. અમે વઢવાણ જવાના છીએ. ત્રણ લાખનું મંદિર. એમાં ૫૦ હજાર આપ્યા એણે. બીજા ૫૦ લાખ એનું ત્રણ લાખનું મંદિર છે. પોપટભાઈ એ બધા ત્યાં છે. શેઠ આપણા પોપટભાઈ નહિ? પોપટભાઈ વોરા. એ તો શેઠ છે. અહીં આવે છેને. એનું મકાન છેને અહીં. તો એનો દીકરો ગયો હતો ઈટલી એ લઈ આવ્યો. ૨૯ હજારનો તો સંચો છે અને ૧૯ હજારનો .. છે અને ૨૦ હજાર લાવવાનો ખર્ચ થયો. ૬૯ હજાર. ૬૯ થયાને? ૭૦માં એક હજાર ઓછા. ૭૦માં. એ આવ્યું છે. ત્યાં છે. એ પહેલું વહેલું હિન્દુસ્તાનમાં છે. એ કોઈએ જોયું નથી. એનાથી આ બધું કોતરાણું છે. અહીંયાં અક્ષર કોતરવા માટે એક આવ્યા હતા. સોનું ભરવા. એ કહે કે અમે તો લાખો-કરોડો.. આવા અક્ષર ક્યાંથી આવ્યા? કહે. ભાઈ! આ તો કોતરેલા નથી. આ તો સંચાના છે. અને સોનાથી ૬૦ હજાર અક્ષર ભરવાના હતા. કીધું ભાઈ રહેવા દો. આ .. ગામડામાં આવી ગયા છે. અહીંયાં .. ૬૦ હજાર સોનામાં લખશે. ૧૫ હજાર કોતરી પછી બંધ કરી દીધું. સમજાણું? અક્ષર છેને ૧૫ હજાર સોનાના. આ ઉપરને? એ સોનાથી ભરેલા છે. એવા ૬૦ હજાર કરવાના હતા. કીધું નહિ. ના પાડી દીધી. ભાઈ! અમે કહેતા નથી કે તમે બનાવો, પણ ના પાડીએ કે એમ નહિ કરતા. ૬૦ હજાર એવા કરવાના હતા. ૧૫ હજાર કરીને બંધ કરી દીધા. ગામડામાં ... અહીં રહે. એમ કરતાં-કરતાં આખું મકાન બની ગયું.

માર્ગ તો આ વીતરાગનું આગમ છે એ જૈન દિગંબર આગમ છે. એ વીતરાગનું આગમ છે. જેમાં પૂર્વાપર વિરોધરહિત એકલી શુદ્ધ ચૈતન્યની વાત છે એમાં. આહા..હા..! મણિલાલજી! અહીંયાં કહે છે '**શુદ્ધ છે...**' આહા..હા..! '**તેને આગમ કહેલ છે;...**' જુઓ, છે? '**પૂર્વાપર દોષરહિત અને શુદ્ધ છે...**' તેને ભગવાનનું આગમ કહેલ છે '**અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે.**' લ્યો! એ આગમે કહ્યું શું? આગમ નીકળ્યું સર્વજ્ઞથી. અને કહ્યું શું? કે તત્ત્વાર્થ. સાત તત્ત્વ આદિ છે.

એ '**ટીકા :- આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.**' '**તે** (પૂર્વોક્ત) **પરમેશ્વરના મુખકમળમાંથી...**' 'तस्स' શબ્દ છેને પહેલો 'तस्स' એટલે. '(પૂર્વોક્ત) **પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાનો વિસ્તાર—**' ચતુર વચન (રચનાનો) વિસ્તાર ॐ ધ્વનિ. ॐ ધ્વનિ એમાં ગણધર શાસ્ત્ર રચે છે. ॐ. ભગવાનને તો ॐ ધ્વનિ જ નીકળે છે. હોઠ બંધ અને ॐ અવાજ દિવ્યધ્વનિ. એમાંથી શાસ્ત્ર રચે છે. કેવા શાસ્ત્ર? કે '**ચતુર**

**વચનરચાનાનો વિસ્તાર...'** છે. આહા..હા..! ચતુર વચનરચનાનો વિસ્તાર છે એમાં. આહા..હા..! આખું જ્ઞાન કેમ થાય? અને જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છે? એની ચતુરવચનરચનાનો એમાં વિસ્તાર છે. આહા..હા..! કાંતિભાઈ!

અને ''**પૂર્વાપર દોષરહિત**' છે.' એમાં પહેલા કાંઈક છે અને પછી કાંઈક છે એવી વાત છે નહિ. આહા..હા..! એમાં તો જુઓને એ દ્રૌપદિને પાંચ પતિ કહ્યા છે. એકકોર સતી કહેવી અને એકકોર પાંચ પતિ કહેવા, એ તો વિરોધ છે. નાનુમલજી! વિરોધ છે કે નહિ? એમ નથી. સતીને પાંચ પતિ કેવા? એવો પાઠ છે શાસ્ત્રમાં. દ્રૌપદિને પાંચ પતિ શ્વેતાંબરમાં. ખોટું છે. સતી કહેવી અને વળી પાંચ પતિ કહેવા. એક અર્જુન જ પતિ હતા એના. ધર્મરાજા, ભીમ તો પિતા તુલ્ય હતા અને સહદેવ એ તો પુત્રતુલ્ય છે. એ પાંચને શાસ્ત્રમાં પતિ ઠરાવ્યા છે. તો એ વિરોધ છે. પતિ કહેવા અને સતી કહેવી એ વાણી વીતરાગની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને ત્રણલોકના નાથ તીર્થંકર પુણ્યવંત કહેવા અને એને બે માતા-પિતા કહેવા. પહેલા ભગવાન બ્રાહ્મણીને કૂખે આવ્યા હતા. એવું એમાં લખ્યું છે. ૮૦ દિવસ રહ્યા ત્યાં. પછી સિદ્ધાર્થરાજા અને ત્રિશલા રાણીને કૂખે ઈન્દ્રે મૂક્યા તો બે માતા થઈ. એ વાત સત્ય છે નહિ. બે પિતા હોય? આહા..હા..! બે પિતા તો ગાળ છે. ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ જેને ઈન્દ્ર પૂજે એને બે માતા-પિતા કહેવા. સાંભળવાને લાયક નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં એમ છે. આહા..હા..! અરે! એ આગમ નથી અહીં તો એમ કહે છે. આગમ તો પૂર્વાપર દોષરહિત હોય છે. આહા..હા..!

'**અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી...**' ભગવાનને તો રાગ છે નહિ. '**પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી...**' એની વાણીમાં એમ ન આવે કે કોઈની હિંસા થાય તો લાભ થાય. યજ્ઞમાં હિંસા થાય, રાગમાં હિંસા થાય તો પણ આત્માને લાભ થાય. એવી વાણી ભગવાનની નથી. આહા..હા..! '**હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી શુદ્ધ છે તે—પરમાગમ કહેવામાં આવેલ છે.**' આહા..હા..! એને ભગવાને પરમાગમ કહ્યું છે. આ તો નામ પણ પરમાગમ છેને આ? આ મંદિરનું નામ જ પરમાગમ છે. આગમ મંદિર નથી, પરમાગમ મંદિર છે. વસ્તુ એવી છે, ભાઈ! આહા..હા..! જેના ઘરમાં છે એની એના અર્થની ખબર નથી. વાડામાં પડ્યા હોય. આહા..હા..!

પરમાગમ. '**તે પરમાગમે—કે જે (પરમાગમ) ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે,...**' આહા..હા..! પરમાગમ કેવું છે? ભવ્ય નામ લાયક પ્રાણીને '**કર્ણરૂપી અંજલિ...**' કાનરૂપી અંજલિ. જેમ પાણી પીવેને આમ? પાણી પીવે ત્યારે ... એવી કર્ણરૂપી અંજલિ. આહા..હા..! '**ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી)...**' ખોબાથી '**પીવાયોગ્ય અમૃત છે,...**' આહા..હા..! પરમાગમ સર્વજ્ઞનું નીકળેલું, કુંદકુંદાચાર્યે કહેલું એ પરમાગમ. આહા..હા..! '**ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી)...**' અંજલિથી

આમ. '**પીવાયોગ્ય અમૃત છે,...**' આહા..હા..! શ્રીમદ્‌માં આવ્યુંને? 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' આત્મસિદ્ધિમાં છે. વચનામૃત. સર્વજ્ઞના 'વચનામૃત પરમ શાંતરસમૂળ.' અકષાયભાવ વીતરાગભાવ પ્રગટમાં નિમિત્ત છે એવી એ ચીજ છે. પરમ શાંતરસમૂળ. શાંત, શાંતિ પ્રગટે. અંતરમાં શાંતરસ ભર્યો છે ભગવાન આત્મામાં એમાંથી શાંતરસ પ્રગટે એવી જિનવાણી અમૃત છે. જિનવાણીમાં એમ કહ્યું છે. આહા..હા..!

'**કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે,...**' આહા..હા..! '**જે મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે...**' પરમાગમ વીતરાગવાણી, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પૂજ્યપાદ સ્વામી કોઈપણ ગ્રંથ લ્યો. આદિ પુરાણ આદિ બધી વીતરાગની વાણી છે. સમજાણું કાંઈ? એ '**મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે (અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે),...**' એમ. મુક્તિસુંદરી, મોક્ષરૂપી સુંદરીના મુખનું દર્પણ. આમ દેખાયને દર્પણમાં? એમ '**(અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે),...**' આહા..હા..! એ તો મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે. જેમ મોક્ષ કેમ થાય? અને મોક્ષનું સ્વરૂપ કેવું? એ ભગવાન બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષની વ્યાખ્યા પણ આવી ગઈ છે. નહિ? પહેલા આવી ગઈને? આનંદનો લાભ. ક્યાં આવ્યું કેટલામું? ચોથી. ચોથી જુઓ. '**મહા આનંદનો લાભ...**' ચોથી ગાથા છે. ચાર-ચાર. છે? '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો...**' '**મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે.**' આહા..હા..! છે ભાઈ? મહા આનંદનો લાભ. એનું નામ મોક્ષ કહીએ. મોક્ષ મહા અતીન્દ્રિય મહા આનંદનો લાભ એ મોક્ષ. પૂર્ણ દુઃખનો નાશ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ તે મોક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે...**' એ પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે. એનું નામ મોક્ષ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય. અમૃત સાગર ભગવાન ભરેલો છે. એમાંથી પૂર્ણ અમૃતની પર્યાય પ્રગટ થાય એનું નામ મુક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આગમ બતાવે છે. આહા..હા..!

'**જે સંસારસમુદ્રના મહા વમળમાં...**' સંસારરૂપી સમુદ્રના મહાચક્રી વમળ-વમળ હોય છેને પાણીમાં? '**નિમગ્ન સમસ્ત ભવ્યજનોને...**' આહા..હા..! '**સંસારસમુદ્રના મહા વમળમાં...**' એમાં નિમગ્ન પ્રાણી '**ભવ્યજનોને હસ્તાવલંબન આપે છે,...**' હસ્તાવલંબમાં નિમિત્ત છે. પોતાના સ્વભાવની સન્મુખ પ્રાણી છે એને વીતરાગવાણી નિમિત્ત છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે પહેલા કહ્યુંને પાંચમી ગાથામાં. અમારો વૈભવ પરમાત્માની ઉપાસનાથી ઉત્પન્ન થયો છે. સમયસારની પાંચમી ગાથા છે. અમારો નિજ વૈભવ, આનંદનો વૈભવ. આહા..હા..! આ ધૂળના વૈભવ નહિ. ધૂળના માંસ, હાડકા. આ તો ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો વૈભવ. આહા..હા..! એ વૈભવ છે. બાકી બધા થોથા છે. પાંચ

કરોડ ને દસ કરોડ ને ધૂળ કરોડ. સમજાણું કાંઈ? કહો, આ વૈભવ છે, ભગવાનજીભાઈ! .. બેઠા છે જોડે. બેય કરોડપતિઓ છે બેય બૈઠા છે એ. પૈસાવાળા. પૈસાના ધણી તો જડના ધણી હોય. અહીંયાં તો મુક્તિરૂપી લક્ષ્મી. આહા..હા..!

**શ્રોતા :-** એના વિના ચાલે નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના વિના જ ચાલે છે. એ પ્રશ્ન થયો હતો ત્યાં દસની સાલમાં. બોટાદ. દસની સાલ ૨૨ વર્ષ થયા. સમઢિયાળા હતાને. હરજીવનભાઈએ પ્રશ્ન કર્યો હતો. હરજીવનભાઈએ પ્રશ્ન કર્યો હતો ૨૨ વર્ષ પહેલા. ગરાસ છે ઘરે જમીન. મહારાજ! તમે પૈસા-પૈસા, પણ પૈસા વિના કાંઈ ચાલે? એમ પૂછયું હતું. પૈસા વિના કાંઈ ચાલે છે? કીધું પૈસા વિના જ આત્માને ચાલે છે. કેમકે સ્વદ્રવ્યમાં અન્ય દ્રવ્યનો અભાવ છે. સ્વદ્રવ્યનું ટકવું એ પરદ્રવ્યના અભાવથી ટકવું છે. પરના કારણે ટકે એવી એ ચીજ છે નહિ. એ તે દિ' વાત થઈ હતી. ૨૨ વર્ષ પહેલાં. આ ૩૨ની સાલ છેને? ૨૨ વર્ષ પહેલા દસની સાલ. વેદી પ્રતિષ્ઠા હતીને મંદિરની બોટાદ. તે દિ'. આ ફેરી ત્યાં છે. વદ આઠમ ત્યાં છે. વર્ષગાંઠ છે વૈશાખ સુદ આઠમ.

પર વિના ચાલતું નથી. તો ભગવાન તો કહે છે કે પર વિના જ તું ટકેલો છે. તારાથી તું છો અને પરથી નથી. આ આંગળી આ આંગળીથી નથી. આ આંગળી આનાથી છે અને આ આંગળીથી નથી, તો આ આંગળી રહી છે. એમ એક ચીજ પરથી નથી, તો સ્વપણે રહી છે. બરાબર છે? આહા..હા..! રોટલા વિના શરીર ચાલે નહિ. ધૂળ વિના.. બધા વિના ચાલે છે, સાંભળને. આ તો રાગ વિના રહે છે, ભગવાન! રાગથી રહ્યો એમ પણ નથી. ભગવાન ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ રાગ વિના જ રહ્યો છે. આહા..હા..! તે નિર્મળાનંદનું અસ્તિત્વ છે. પર વિના ચાલે નહિ એ વાત આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**'ભવ્યજનોને હસ્તાવલંબન આપે છે,...'** નિમિત્ત છે એમ કહે છે. **'જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...'** આહા..હા..! પરમાગમ. **'શિખામણિ = ટોચ ઉપરનું રત્ન...'** છેને મણિરત્ન? **'ચુડામણી; કલગીનું રત્ન. (પરમાગમ સહજ વૈરાગ્યરૂપી...'** નીચે નોટ. **'મહેલના શિખામણી સમાન છે,...'** આહા..હા..! **'કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજવૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.)'** પરમાગમ પરપદાર્થથી ઉદાસીનતા કરાવે છે. સ્વપદાર્થના અસ્તિત્વનું ભાન કરાવે છે અને પરપદાર્થથી વૈરાગ્ય કરાવે છે. પરથી ભિન્ન તારી ચીજ છે, ભગવાન! આહા..હા..! તો એ ઉત્કૃષ્ટ વૈરાગ્ય બતાવે છે. આહા..હા..! **'પરમાગમનું તાત્પર્ય સહજવૈરાગ્ય...'** સહજવૈરાગ્ય. હઠ વૈરાગ્ય નહિ. આહા..હા..!

**શ્રોતા :-** હઠ વૈરાગ્ય હોય શકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ હઠ જ કરો છોને તમે. આહા..હા..! સમ્યગ્દર્શન વિના હઠ જ કરે છેને. હઠાગ્રહ છે ત્યાં સમ્યગ્દર્શન કેવું? આહા..હા..! સમજાણું કાંઈ? અનાદિનો એમ

કરે છે. આહા..હા..!

'**પરમાગમનું તાત્પર્ય સહજવૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.**' એટલે કે પરમાગમ પોતાનું પૂર્ણ સ્વરૂપ મુક્તિને તો બતાવે છે અને પરથી વિરક્ત પુણ્ય-પાપથી પણ વિરક્ત અને અન્ય સર્વ પદાર્થથી ઉદાસીનતા બતાવે છે. પરથી તારી ચીજ નથી. પરથી ખસી જા આહા..હા..! અને સ્વમાં જા અને પરથી ખસી જા. આહા..હા..! સમજાણું કાંઈ? પરથી ખસ, નિજમાં વસ ટૂંકું ટચ. ભગવાન એ બતાવે છે પરમાગમ. પરથી ખસ. એટલે અમારી ગુજરાતી ભાષામાં પરથી ખસ, અંતરમાં વસ, ટૂંકું ટચ. એ વીતરાગની મૂળ વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ અહીં તો. આહા..! પરથી .. વિકલ્પથી પણ .. એ પુણ્ય-પાપ અધિકારમાં છે. વૈરાગ્ય એને કહીએ કે શુભ-અશુભભાવથી પણ વિરક્ત હોય એનું નામ વૈરાગ્ય છે. આ ..વૈરાગ્ય જેવા બાયડી, છોકરા છોડીને સાધુ થઈ જાય એ વૈરાગ્ય નથી. આહા..હા..! જેમાં પૂર્ણાનંદનો નાથ અસ્તિતત્ત્વ દૃષ્ટિમાં આવ્યું એ બતાવે છે અને પરથી વિભાવથી ખસવું બતાવે છે, ઉદાસીન બતાવે છે. આહા..હા..!

'**પરમાગમનું તાત્પર્ય સહજવૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.**' આહા..હા..! પોતાના નિજસ્વરૂપમાં લીનતા કરવી અને પરથી પૂર્ણ વૈરાગ્ય નામ ખસવું. એ બતાવે છે ભગવાન-આગમ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની પૂર્ણ ચીજની અસ્તિપણે પ્રતીત કરવી અને પરથી વિરક્ત નામ રાગથી માંડીને બધી ચીજ એનાથી ખસીને વૈરાગ્ય કરવો. આહા..હા..! એનાથી ખસવું એ જ વૈરાગ્ય છે. આહા..હા..! ઓહો..! સમજાણું કાંઈ? જુઓ, શું કહે છે આ? આહા..હા..! પરથી વૈરાગ્ય કરાવે છે. વીતરાગ કહે છે કે અમારી વાણી... કે અમારા તરફથી પણ તમને ખસવાનું કહીએ છીએ. આહા..હા..! ભગવાનની સન્મુખ દેખે તો ભગવાન કહે કે અમારી સન્મુખ જોવું છોડી દે, તારી સન્મુખ થા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આપે એ તો .. છે એ તો શુભરાગ છે.

**શ્રોતા :-** શુભરાગથી કેટલો ધર્મ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ ધર્મ નથી. ભાઈ! માર્ગ તો એવો છે, ભગવાન! આ કોઈનો બનાવેલો એમ છે? વસ્તુની સ્થિતિ એમ છે. આહા..હા..! ભગવાને તો જેવી વસ્તુ છે એવું કહ્યું છે, એને કાંઈ બનાવ્યું નથી. ઈશ્વર જેમ બનાવે એમ કોઈ કહે એમ કોઈએ બનાવ્યા છે? બતાવ્યું છે. કે આ તારી ચીજ છે. પરથી ખસી જા. પરથી વૈરાગ્ય તારી ચીજ... પુણ્ય દયા, દાનના વિકલ્પથી પણ વૈરાગ્ય કર. આહા..હા..! એ પરમાગમ એ બતાવે છે. આહા..હા..! એવા પરમાગમની શ્રદ્ધા કરવી એ પણ રાગ છે. ... છેને? આહા..હા..! આવે, હોય, પણ છે તો રાગ. આ વ્યવહારસમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છેને? વ્યવહારમાં આપ્ત, આગમ અને તત્ત્વાર્થ—ત્રણેની શ્રદ્ધા એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**સહજવૈરાગ્યરૂપી મહેલ...**' મોટો મહેલ-મકાન. એનું શિખર, એનો શિખામણિ રત્ન. '**પરમાગમ સહજવૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે,...**' ભગવાનની વાણી એમ કહે છે કે અમારી વાણી અને અમે બધાથી તું ખસી જા. બધાથી વૈરાગ્ય કર, પરથી ઉદાસ થઈ જા. ઉદાસીન. પરથી ઉદાસ થઈને દ્રવ્યમાં આસન લગાવ. દ્રવ્ય વસ્તુ એવી છે એમાં આસન લગાવી દે. ઉદાસીન છેને? ઉત-આસન. પરથી ખસીને આસન લગાવી દે. એમ પરમાગમનો પોકાર છે. આમ કહે તેને પરમાગમ કહીએ. આહા..હા..! પરથી લાભ મનાવે અને રાગથી લાભ મનાવે એ આગમ નથી, એ પરમાગમ નથી. વીતરાગ ત્રણલોકના નાથની એ વાણી નથી. આહા..હા..! જુઓને કેટલું કહ્યું? પરથી ખસીને વૈરાગ્ય કર. તો ક્યાં જાવું? કે ત્રિકાળી ભગવાન અંદર પડ્યો છે ત્યાં જાવું. ઝીણું છે નાનુમલજી! વાત ઘણી ઝીણી, ભગવાન! વર્તમાનમાં તો ઘણી ગડબડ થઈ ગઈ છે. અમને તો ખબર છેને. સંપ્રદાય જોયો છે, બધું જોયું છે, બહુ જોયો છે. આહા..હા..! આ વાત મૂળ વાત પડી રહી અને ઉપરથી પાંદડા તોડ્યા પાંદડા. મૂળ સાજા. પાંદડા તોડ્યા. પાંદડા તો પંદર દિ'એ પાછા ઉગી જશે. પાંદડા સમજ્યા? પત્તા. પાંદડા તોડ્યા પણ મૂળ તો સાજું છે. ઉપરથી રાગ મંદ કરો અને વૈરાગ્ય કરો, દયા, દાન કરો એ તો બધા પાંદડા તોડ્યા છે. મૂળ જે મિથ્યાત્વ છે એનો તો નાશ કર્યો નથી. સમજાણું કાંઈ? મૂળ જે મિથ્યાત્વ છે એનો તો નાશ કર્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ પરમાગમ છે. આહા..હા..!

'**કદી નહિ જોયેલા (-અજાણ્યા,...**' અનાદિની મૂર્તિ ક્યાં જાણી છે? '**અનનુભૂત,...**' અનુભવમાં આવ્યું નથી. '**જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલો નથી એવા) મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે...**' આહા..હા..! પરથી વૈરાગ્ય કરાવે છે અને સ્વરૂપમાં ચરાવે છે મોક્ષ-મહેલનું પ્રથમ પગથીયું. સચ્ચિદાનંદસ્વરૂપ છે એમાં ચડાવે છે. ત્યાં જા. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! સમજાણું કાંઈ? '**કદી નહિ જોયેલા...**' મુક્તિ કદી જોઈ છે? એવા મુક્તિના મહેલની પ્રથમ સીઢી છે. સોપાન પહેલું. આહા..હા..! પગથિયા હોય છેને સોપાન? પહેલું પગથિયું છે એ. કેમકે મોક્ષનું કારણ મોક્ષમાર્ગ અને એનું નિમિત્ત પરમાગમ. કારણનું કારણ છે. મોક્ષ કાર્ય છે એનું કારણ મોક્ષમાર્ગ, વીતરાગી પર્યાય. એનું કારણ નિમિત્ત. વ્યવહાર છે. અરેરે! આવી વાત!

'**અને જે કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્તરાગરૂપ અંગારાઓ વડે શેકાતા સમસ્ત દીનજનોના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ સજળ મેઘ છે,...**' આહા..હા..! શું કહે છે? કામભોગ-ઇચ્છા અને ઇચ્છાને ભોગવવી. આહા..હા..! કામભોગ એટલે આ વિષય સ્ત્રી એકલી નહિ. ઇચ્છા અને ઇચ્છાને ભોગવવો બધા કામભોગ. આહા..હા..! એને '**ઉત્પન્ન થતા અપ્રશસ્તરાગરૂપ...**' જૂઠો રાગ એ જૂઠા રાગરૂપ '**અંગારાઓ વડે શેકાતા...**' પાપ

રાગથી શેકાતા જીવ છે. આહા..હા..! ઇચ્છા અને ઇચ્છાનો ભોગ એ પાપરાગ છે. એમાં પ્રાણી શેકાય છે, બળે છે. આહા..હા..! એવા પ્રાણીને '**શેકાતા સમસ્ત દીનજનોના...**' આહા..હા..! દીનજનો છે એ. આ સ્ત્રી લાવ, પૈસા લાવો, આ લાવો, ભિખારી છે. મોટો માગણ છે. માગણ કહે છે. માગે એ. ભિખારી મૂઢ માગણ છે મોટો. પૈસા લાવો, આબરૂ લાવો, ભોગ લાવો, સ્ત્રી લાવો, પુત્ર લાવો. પુત્રની સ્ત્રી વળી સાથે લાવો. મોટા માગણ ભિખારી છે.

કહ્યું હતુંને એકવાર અહીં, ભાવનગર દરબાર આવ્યા હતાને. તો ભાવનગર દરબાર છેને. કરોડનો તાલુકો છે. ભાવનગર આ. આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. નરમ માણસ હતા. કરોડનો તાલુકો છે. એક કરોડની ઉપજ. ભાવનગર છેને અહીં ૧૯ માઈલ. આવ્યા હતા તો કહ્યું કે દરબાર! એક મહિનામાં પાંચ હજાર રૂપિયા માગે એ નાનો માગણ છે, બહુ નાનો માગળ, લાખ માગે છે એ મોટો માગણ છે, પાંચ લાખ માગે એ મોટામાં મોટો ભિખારી છે. રાજા છે કૃષ્ણકુમાર. ગુજરી ગયા છે. અહીં તો કીધું માગણ છે લાવ... લાવ... લાવ... લાવ... લાવ... માગણ ભિખારી છે.

અહીં એ કહે છે જુઓ, '**સમસ્ત દીનજનોના...**' આહા..હા..! અપ્રશસ્તરાગના અંગારામાં સળગતા દીનજનો. ઓહો..હો..! '**મહાક્લેશનો નાશ કરવામાં...**' એ બધા ક્લેશ છે રાગના અંગારા. એનો '**નાશ કરવામાં સમર્થ સજ્ળ મેઘ છે,...**' સજ્ળ મેઘ છે. ખાલી વાદળા નથી. ખાલી વાદળા થાય એ નહિ. આ તો વરસતા વાદળો. આહા..હા..! '**દીનજનોના...**' '**અંગારાઓ વડે શેકાતા દીનજનોના મહાક્લેશનો...**' કિનારો લાવવામાં. '**નાશ કરવામાં સમર્થ સજળ મેઘ છે,...**' આહા..હા..! આ કોની વાત ચાલે છે? આ આગમ પરમાગમ એવું છે. વીતરાગની વાણી એવી હોવી જોઈએ. '**સમસ્ત સજળ (-પાણીભરેલું) વાદળું છે,...**' આહા..હા..! '**તેણે—ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થો કહ્યાં છે.**' લ્યો! એણે સાત તત્ત્વો કહ્યા અને નવ પદાર્થ કહ્યા. સાતમાં પુણ્ય-પાપમાં ને આસ્રવમાં અભેદ ગણ્યા, નવમાં પુણ્ય-પાપ ભિન્ન કર્યા, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. સાતમાં આસ્રવથી પુણ્ય-પાપને જુદા ન કરતા રાગ કહ્યા. સમજાણું કાંઈ? એ આગમે આ સાત તત્ત્વ અને નવ પદાર્થ કહ્યા. આહા..હા..! ભગવાનની વાણી અને વાણીમાં આગમ અને આગમમાં તત્ત્વાર્થ કહ્યા. ત્રણે આવી ગયા. આપ્ત, આગમ અને તત્ત્વાર્થ. ત્રણેની શ્રદ્ધા. સમજાણું કાંઈ? ભગવાને કહ્યા એ તત્ત્વની શ્રદ્ધા. અજ્ઞાનીઓ કહે છે કે એવો એક જ આત્મા છે, ફલાણો છે. આ પુદ્ગલ એકલા છે. આ સુધરેલ વિજ્ઞાનવાળા કહે છેને. જીવ છે એ .. પુદ્ગલ છે પુદ્ગલ. અહીંયાં તો ભગવાનના આગમમાં સાત તત્ત્વ—જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ પદાર્થ. એમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ કહ્યું. એ વીતરાગની વાણીમાં આ કહ્યું

તે સત્ય છે. આહા..હા..!

'**એવી જ રીતે** (આચાર્યદેવ) **શ્રી સંમતભદ્રસ્વામીએ** (રત્નકરંડશ્રાવકાચારમાં...' રત્નકરંડશ્રાવકાચાર છેને? '**૪૨મા શ્લોક દ્વારા**) **કહ્યું છે કે :—**' રત્નકરંડશ્રાવકાચાર છેને સ્વામી સંમતભદ્રનું.

(आर्या)

'अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात्।
निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः।।'

આગમ એને કહીએ કે એ આગમનું જ્ઞાન એને કહીએ. આહા..હા..! '**ન્યૂનતા વિના,...**' આગમ કહે એવી હીણી દશાનો બરાબર ભગવાન કહે એવું જ્ઞાન થાય એમાં. '**ન્યૂનતા વિના,...**' વિશેષ વિના. ભગવાન કહે એનાથી વિશેષ કહેવું, એનાથી રહિત છે. આહા..હા..! '**વિપરીત વિના...**' ઓછું, અધિક અને વિપરીત, ઓછું, વિશેષ અને વિપરીત ત્રણથી રહિત સમ્યગ્જ્ઞાન થાય છે. કાંઈપણ વીતરાગે કહ્યું એમાં ન્યૂનતા હોય તોપણ સમ્યગ્જ્ઞાન નથી, અધિક હોય એ સમ્યગ્જ્ઞાન નથી, વિપરીત હોય એ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો રત્નકરંડશ્રાવકાચારની ગાથા છે. સંમતભદ્ર છેને. સંમતભદ્ર આચાર્ય.

'**ન્યૂનતા વિના,...**' કમી નથી. વિપરીત, '**અધિકતા વિના, વિપરીતા વિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે...**' આહા..હા..! જેવો છે એવી વસ્તુ, વસ્તુની પર્યાય રાગ, જેવું વસ્તુનું સ્વરૂપ છે. '**યથાતથ વસ્તુસ્વરૂપને...**' યથા સત્ય. તથ છેને? યથાસત્ય '**વસ્તુસ્વરૂપને...**' દ્રવ્ય-ગુણ-પર્યાયને. '**નિઃસંદેહપણે જાણે છે...**' નિઃસંદેહપણે જાણે છે. '**તેને આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે.**' '**આગમવંતો; આગમના જાણનારઓ.**' એને આગમને જાણનારા એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા..! જેના જ્ઞાનમાં ભગવાને કહેલો આગમ એનાથી ન્યૂન પણ નહિ, અધિક પણ નહિ, વિપરીત પણ નહિ. ૧૬ રૂપિયા હોય તો ન્યૂમાં ૧૫-૧૪ ન્યૂન કહે છે. ૧૬ની કિંમતમાં અને ૧૭-૧૮ને અધિક કહે છે અને ૧૬થી વિપરીત. ૫ કે ૮ એ તો વિપરીત છે. એમ ભગવાનની વાણીથી ઓછું ન હોય, અધિક ન હોય, વિપરીત ન હોય. આહા..હા..! એવા જ્ઞાનને આગમવંતો-સિદ્ધાંતને જાણનારા આગમના જ્ઞાતાઓ એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા..! આ સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા. આ ૨૫ મિથ્યાત્વમાં આવે છે ભાઈ! આ શ્વેતાંબરમાં નહિ? ઓછું, અધિક અને વિપરીત. ૨૫ મિથ્યાત્વ શ્વેતાંબરમાં આવે છે. .. એમાં આવે છે. ઓછું, અધિક અને વિપરીત. આ ઓછું એટલે ન્યૂન, અધિક એટલે વિશેષ, વિપરીત એટલે ઉલટું. ભગવાને કહેલા આગમમાં નવ તત્ત્વ અને સાત તત્ત્વોમાં ન્યૂન નહિ, અધિક નહિ. જેમ છે તેમ. યથાતથ, યથાસત્ય. જેવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ છે તેવું યથાતથ જાણવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે. એમ આગમને જાણનારા એને સમ્યગ્જ્ઞાન કહે છે. લ્યો!

'(હવે, આઠમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા **જિનવાણીને-જિનાગમને વંદન કરે છે :)**' આ તો મુનિરાજ પોતે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ. દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા એની ટીકા છે આ. એ આગમને વંદન કરે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧૨, મંગળવાર, તા. ૧૩-૦૧-૧૯૭૬
## ગાથા-૯, કળશ-૧૫, પ્રવચન નં. ૧૫૧

નિયમસાર. જીવ અધિકાર, ૧૫મો કળશ છે.

(हरिणी)

ललितललितं शुद्धं निर्वाणकारणकारणं
निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।
भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं
प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः।।१५।।

આ આગમની વાત ચાલે છેને. શું ચાલે છે? આપ્ત પરમેશ્વર અને એનું વચનશાસ્ત્ર અને તત્ત્વાર્થ એની શ્રદ્ધા એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. છે તો વિકલ્પ રાગ, પણ નિશ્ચયસમકિત જેને અંતરમાં કારણસ્વભાવ ભગવાન એના અનુભવસહિત પ્રતીતિ થાય એવું નિશ્ચયસમકિત વ્યવહારસમકિતમાં ગર્ભિત રીતે ગમનરૂપ પરિણમન થાય છે, એને વ્યવહાર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા વ્યવહારની વાત ચાલે છે. પણ એ વ્યવહારમાં શુભરાગ છે, વિકલ્પ છે. પણ અંદરમાં ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ જ્ઞાયક આનંદઘન એવી ચીજના અંતર અનુભવમાં સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ રાગની અપેક્ષા વિના નિર્વિકલ્પ પ્રતીતિ થાય એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન નિશ્ચયમાં જ્યાં સુધી પૂર્ણતા, વીતરાગતા ન થાય ત્યાં સુધી વ્યવહારશ્રદ્ધા, આપ્ત ભગવાનની, વાણીની અને તત્ત્વાર્થની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે છે એને વ્યવહારસમકિત કહે છે. આહા..હા..!

તો કહે છે કે એ ભગવાનનું વચન કેવું છે? ભગવાન આપ્તની વ્યાખ્યા આવી ગઈ. આપ્ત કોને કહીએ એ વાત તો આવી ગઈ. હવે આ તો આગમની વાત ચાલે છે. '**(જિનવચન)**...' વીતરાગી વચન. ભગવાન પૂર્ણ વીતરાગસ્વરૂપ થયા અને સર્વજ્ઞદશા પ્રગટ થઈ એનું જે વચન. નિમિત્તથી કથન છે. વાણી કાંઈ એની નથી. વાણી તો જડની છે.

પણ નિમિત્તથી એનું જે જિનવચન કહે છે એ જિનવચન વ્યવહારથી કહેવામાં આવે છે, છે તો વાણી. વાણીમાં સ્વપર કથન કરવાની તાકાત છે, જાણવાની નહિ. સ્વપર જાણવાની તાકાત આત્મામાં છે અને વાણીમાં સ્વપર કથન કરવાની શક્તિ છે. વાણીમાં હોં વાણીને કારણે. એમાં ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એને નિમિત્ત કહેવામાં આવે છે. તો એને જિનવચન કહેવામાં આવ્યું. નહિતર વાણી તો જડ છે. પણ વીતરાગી જ્ઞાન થયા પછી વાણી નીકળી તો એમાં જ્ઞાન નિમિત્ત કહેવામાં આવ્યું છે. કંપન્ન નિમિત્ત છે.

એ '**(જિનવચન) લલિતમાં લલિત છે,...**' આહા..હા..! '**અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવાં;...**' નિમિત્તથી વાત છે. વીતરાગી વચન સાંભળવાથી તો અતિ પ્રસન્નતા ઉત્પન્ન થાય છે. શુભરાગરૂપી પ્રસન્નતા અને વાસ્તવિક ચૈતન્યની વાત સાંભળતા અંતર્મુખમાં દૃષ્ટિ કરવાથી આનંદની પ્રસન્નતા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**લલિતમાં લલિત છે,...**' '**અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવાં; અતિશય મનોહર.**' વાણી છે. દિવ્યધ્વનિ ભગવાનની ચાહે તો ભગવાન દિવ્યધ્વનિ કહેતા હોય કે ચાહે તો સંતો દિવ્યધ્વનિ દ્વારા જે ચીજ આવી એ કહેતા હોય. અતિ પ્રસન્ન મનોહર છે. આહા..હા..! '**જે શુદ્ધ છે,...**' રાગ-દોષરહિત, રાગ-દ્વેષરહિત છે. જિનવાણીમાં રાગનું સ્થાપન કે રાગથી લાભ એવું વાણીમાં આવતું નથી. વીતરાગ છેને? વીતરાગી વાણીમાં વીતરાગભાવનું સ્થાપન હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે આપણે. 'શુદ્ધ છે' ત્યાં ટીકામાં. '**પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી શુદ્ધ છે...**' ટીકામાં છે.

'**જે નિર્વાણના કારણનું કારણ છે,...**' આહા..હા..! મોક્ષ પરમાનંદનો લાભ, પરમ આનંદનો લાભ એવો મોક્ષ, એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું કારણ વીતરાગની વાણી નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો મોક્ષનું કારણ જે મોક્ષમાર્ગ એનું કારણ આત્મા છે. શું કહ્યું? નિર્વાણ જે પૂર્ણ આનંદનો લાભ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ એનું નામ મોક્ષ. એનું કારણ મોક્ષનો માર્ગ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું કારણ કારણપરમાત્મા આત્મા. આહા..હા..! તો નિમિત્તકારણ વીતરાગની વાણીને મોક્ષમાર્ગનું નિમિત્તકારણ. મોક્ષમાર્ગનું ઉપાદાન કોણ? દ્રવ્ય. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણ હોય તો કાર્ય આવવું જોઈએ, એવો પ્રશ્ન હતોને? એ કારણ તો બનાવે ત્યારેને? સ્વદ્રવ્યનો..ભાઈનો પ્રશ્ન હતોને. ત્રિભુવનભાઈ તમારા વારિયાજીનો. એય..! પુનાતર! એ વારિયાજી છેને તમારે? ત્રિભુવનભાઈ. એનો પ્રશ્ન હતો કે કારણપરમાત્મા છે તો કાર્ય કેમ નથી આવતું? વસ્તુ છે એ તો કારણપરમાત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. તો કારણ છે તો કાર્ય કેમ નથી આવતું? પણ કારણ છે એનો સ્વીકાર કર્યા વિના એ શ્રદ્ધામાં ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? કારણ ભગવાન જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે. પણ છે એની પ્રતીતિમાં, જ્ઞાનમાં આવ્યા વિના છે કોને? તો જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવે છે એને કારણનું કાર્ય અંશ આવ્યા વિના

રહે જ નહિ. નવરંગભાઈ! ઝીણી વાત, ભાઈ! આહા..હા..!

તો કહે છે કે અંતરમાં મોક્ષ જે માર્ગ છે એ મોક્ષનું કારણ છે. માર્ગ કહો કે કારણ કહો. એ કારણનું કારણ તો જિનવચન છે. અહીંયાં એ કહે કે મોક્ષમાર્ગનું કારણ તો કારણપરમાત્મા છે. કેમકે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય સત્ય છે એ તો ત્રિકાળને કારણે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પણ એમાં નિમિત્ત કારણ કોણ એ બતાવે છે. અજ્ઞાનીની કે અન્યમતિની વાણી નિમિત્ત નથી એટલું બતાવવા મોક્ષનું કારણ મોક્ષનો માર્ગ કારણ, એનું કારણ નિમિત્ત એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! છે નામ વ્યવહાર છે. વ્યવહાર છેને. નિશ્ચયથી તો પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદઘન ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ. એ મોક્ષમાર્ગનું કારણ તો એ છે. એ તો ઘણીવાર આવી ગયું. કારણપરમાત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનું પૂર્ણરૂપ એવો આત્મા જ સમ્યગ્દર્શનનું કારણ છે. '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ ૧૧મી ગાથા (જૈનદર્શન)નો પ્રાણ છે ૧૧મી ગાથા. જૈનદર્શન. સમ્યગ્દર્શન તો ભૂતાર્થ ત્રિકાળ ભગવાન એના આશ્રયે થાય છે. તો અહીંયાં કહ્યું કે જિનવચન સમકિતમાં નિમિત્ત છે મોક્ષમાર્ગમાં. એ તો વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? કઈ નયનું કથન છે એ સમજે નહિ તો ગડબડ ઉભી થાય.

અહીંયાં કહ્યું કે નિર્વાણને કારણ મોક્ષનો માર્ગ નિશ્ચય એનું કારણ વ્યવહારજિનવચન નિમિત્ત. શાંતિભાઈ! આહા..હા..! એ બે વાત થઈ. લલિતમાં લલિત એક વાત, શુદ્ધ બે, નિર્વાણના કારણનું કારણ ત્રણ. જિનવચન. '**સર્વ જીવોના કર્ણોને અમૃત છે,...**' સર્વ ભવ્યોને કર્ણ. અભવિ જીવને નહિ. આહા..હા..! સર્વ ભવ્યજીવ છે, લાયક છે, એવા જીવોના કર્ણોને કાનમાં અમૃત છે. વીતરાગ વાણી ભવ્ય જીવોને કાનમાં અમૃત પડે છે. આહા..હા..! એ વ્યવહાર છે. નિશ્ચય અમૃત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? નિશ્ચય પર્યાયમાં અમૃતનું કારણ તો ભગવાન આત્મા છે, પણ વ્યવહારકારણ જિનવચનને કહીને અમૃત કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે...**' આહા..હા..! ભવભવરૂપી અરણ્ય-જંગલ ભવ અને ભવ. ઓહો..હો..! એક પછી એક... એક પછી એક... એવા અનંત-અનંત ભવ કર્યા. ઓહો..હો..! એવા ભવભવરૂપી અરણ્ય. અરણ્ય. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત સંસારમાં એક-એક યોનિમાં અનંત અવતાર એવા ભવભવરૂપી અરણ્ય. મોટું વન છે. આહા..હા..! એ '**ઉગ્ર દાવાનળને...**' અરણ્યના ઉગ્ર દાવાનળને, ઉગ્ર અરણ્ય પાછું. આહા..હા..! એ દાવાનળને શાંત કરવામાં સંસારના જળ્યા-બળ્યા ભાવ છે એને શાંત કરવામાં ભગવાનની વાણી જડ છે. આ બધું નિમિત્તથી કથન છે. બાકી સંસારના દાવનળને શાંત કરવામાં ભગવાન ત્રિલોકનાથ આત્મા, એનો આશ્રય એને શાંત કરવામાં તાકાત છે. સમજાણું કાંઈ? પણ આ વ્યવહારકારણ કહેવામાં આવ્યું.

**'અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે,...'** આહા..હા..! જેણે આત્માના આનંદનો અનુભવ કર્યો. યોગ જેણે આત્મા ત્રિકાળમાં યોગ જોડી દીધો એવા સમકિતી, જ્ઞાની યોગીઓ. યોગ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એમાં જેણે વર્તમાન પર્યાય જોડી દીધી એનું નામ યોગ અને એનું નામ યોગી. આ બાવા-બાવા યોગી એ નહિ. આહા..હા..! નિજસ્વરૂપ પૂર્ણાનંદ જ્ઞાનઘન, આનંદકંદ પ્રભુ. આહા..હા..! એમાં જેની વર્તમાન પર્યાય નિર્મળ. નિર્મળાનંદની સાથે જોડી દીધી એ યોગ અને એને ધરનાર યોગી. એવા યોગીને વીતરાગની વાણી વંદ્ય છે. અજ્ઞાનીને તો વીતરાગની વાણીની કિંમત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાણી છે. આહા..હા..!

**'જે જૈન યોગીઓ...'** ભાષા એમ લીધી છેને? આહા..હા..! **'जिनयोगिभिः'** સંસ્કૃત ગાથામાં છે. **'वन्दे वन्द्यं सदा जिनयोगिभिः'** જિન યોગીઓ, જિન યોગીઓ વીતરાગી સંતો. આહા..હા..! જેનો વીતરાગભાવ સ્વભાવ છે એ વીતરાગભાવ પર્યાયમાં પ્રગટ થયો છે. આહા..હા..! એવા જિનયોગીઓને જિનવાણી વંદ્ય છે. જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી જિનવાણીને વ્યવહારથી વંદ્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે આ જિનભગવાનનાં સદ્વચનને...'** આ બધા વિશેષણ આપ્યા. આવા જિનવચન છે. **'તે આ જિનભગવાનનાં સદ્વચનને (સમ્યક્ જિનાગમને)...'** આહા..હા..! સમજાણું કાંઈ? એ શાસ્ત્ર જે જિનાગમ છે દિગંબર એ સમ્યક્ જિનાગમ છે. સમજાણું કાંઈ? નાનુમલજી! એના સસરાએ ૩૨ સૂત્ર નથી બનાવ્યા? ..પ્રસાદ. એના જમાઈ છે. પણ એને .. છે. વસ્તુ એવી છે, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિ જે દિગંબર ધર્મમાં ચાલી છે. કુંદકુંદાચાર્યે બનાવી. પહેલા બનાવી હતી. એ .. કુંદકુંદાચાર્યની મુખ્યતા છે. એ વાણી જિનવચન છે. આહા..હા..! ધર્માત્માને અંતર સ્વરૂપ તો વંદ્ય જ છે, પણ બાહ્યમાં જિનવચન પણ વંદ્ય વ્યવહારમાં કહેવામાં આવે છે. આહા..હા..! નિશ્ચય અને વ્યવહાર, નિશ્ચય અને વ્યવહાર બે જોડી દીધા. આહા..હા..! **'આ જિનભગવાનના સદ્વચનને (સમ્યક્ જિનાગમને) હું...'** મુનિરાજ કહે છે. પદ્મપ્રભમલધારિદેવ ટીકા કરનાર. યોગીઓને વંદ્ય એવો હું એને વંદન કરું છું. સમજાણું કાંઈ? જે જિનવચન યોગીઓ નામ ધર્માત્માને, ધર્માત્માને એ વચન વંદનિક છે તો હું પણ એને વંદન કરું છું, એમ કહે છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનીને **'હું પ્રતિદિન...'** પાછું એમ. પ્રતિદિન વંદન કરે તો નિર્વિકલ્પ કે દિ' થાતા હશે? એ તો વચન છે. મારું બહુમાન સ્વભાવમાં વર્તે છે તો વ્યવહારે વિકલ્પ એવો આવે છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! સમજાણું કાંઈ? **'પ્રતિદિન વંદન કરું છું.'** લ્યો, એ શ્લોક પૂરો થયો. એ ૮મી ગાથા પૂરી થઈ. ૯મી. હવે તચ્ચાણંની વાત આવી. પહેલી આપ્તની વ્યાખ્યા ગઈ, પછી જિનવાણી એટલે આગમ. આપ્ત, આગમ હવે તચ્ચાણં-તત્ત્વ. ત્રણ કહ્યા હતાને? આપ્ત, આગમ અને તત્ત્વાર્થ. એની

શ્રદ્ધા એ વ્યવહાર સમકિત. એમાં બે વાત આવી ગઈ. ત્રીજી વાત તત્ત્વાર્થની આવે છે. તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો એમાં કાંઈ ફેર છે નહિ.

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता।।९।।**

જોયું? તત્ત્વાર્થ કહ્યું. છે દ્રવ્ય પણ તત્ત્વાર્થ કહ્યું છે. નીચે હરિગીત છે. નીચે.

**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ,**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

'**ટીકા :- આહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં...**' ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે છ દ્રવ્ય જોયા છે. એવી કોઈ .. ને એમ છે નહિ. એ જીવ કહે કે પુદ્ગલ કહે. બહુ તો કાળ અને આકાશ કહે, પણ ધર્માસ્તિ અને અધર્માસ્તિ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. છ દ્રવ્ય ભગવાને જોયા છે. કેવળજ્ઞાની ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમેશ્વરે કેવળજ્ઞાનમાં જગતમાં છ દ્રવ્ય જોયા છે. છમાં અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ એવા છ દ્રવ્ય જોયા છે. એ કહે છે એ '**છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યા છે.**'

હવે જીવની વ્યાખ્યા લે છે. '**जीवा**' છેને પહેલું? સંસ્કૃત પાઠમાં પહેલો શબ્દ છે. દસ પ્રાણે જીવે એને જીવ કહે છે એવું સાધારણ સંગ્રહનયથી જીવને એમ કહીને એવી વાત કરી છે. કે જે સ્પર્શ ઇન્દ્રિય. આ સ્પર્શ. છેને? '**રસન,...**' જીભ. '**ઘ્રાણ,...**' નાક, '**ચક્ષુ,...**' આંખ '**શ્રોત્ર,...**' કાન, '**મન, વચન, કાય, આયુ અને શ્વોચ્છ્વાસ...**' આ દસ પ્રાણ. એ '**નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે,...**' આહા..હા..! સામાન્ય જીવની વાત કરે છે હોં. પછી ભેદ પાડીને કહેશે. '**દશ પ્રાણોથી જે જીવે છે, જીવશે...**' ભવિષ્યમાં દસ પ્રાણોથી જીવે છે. '**જીવે છે,...**' એ વર્તમાન. '**દશ પ્રાણોથી જે જીવે છે,...**' એ વર્તમાન. દસ પ્રાણથી '**જીવશે...**' એ ભવિષ્ય. '**અને પૂર્વે જીવતો હતો...**' ગયા કાળમાં. એ ત્રણકાળ આવી ગયા. સમજાણું કાંઈ? '**તે જીવ છે—આ સંગ્રહનય કહ્યો.**' સમુચ્ચય જીવ શબ્દ કહીને દસ પ્રાણથી પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય-દસથી જીવે છે, જીવશે જીવતો હતો. ત્રણકાળ લીધા. દસ પ્રાણથી ભવિષ્યમાં જીવશે. સમુચ્ચય લીધું છેને.

'**નિશ્ચયથી...**' આહા..હા..! આ તો સંગ્રહનય કહ્યો સમુચ્ચય.. હવે '**નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે...**' આહા..હા..! નિશ્ચયથી તો ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત સત્તા એટલે વીર્ય. એવા જે ત્રિકાળી ભાવપ્રાણ છે એનાથી જીવે તેને જીવ કહેવામાં આવે છે. આહા..હા..! '**નિશ્ચયથી ભાવપ્રાણ...**' અનંત આનંદ, અનંત જ્ઞાન, દર્શન, શાંતિ. એવો ત્રિકાળી સ્વભાવભાવ '**ધારણ કરવાને લીધે જીવ છે.**'

આહા..હા..! એને જીવ કહીએ. અનંત જ્ઞાન-દર્શન-આનંદ ધારણ કરનારો હોવાથી નિશ્ચયથી એને જીવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળી. ત્રિકાળીમાં પ્રતીત કરે છે એને ખ્યાલ આવે છે. શું કહ્યું એ? કે ભગવાન આત્મા અનાદિ-અનંત નિત્ય અનંત આનંદ, જ્ઞાનાદિથી જીવે છે. એ કોણ માને છે? જેણે પ્રતીતિ સમ્યક્માં થઈ એ કહે છે કે આ જીવ તો ભાવપ્રાણથી જીવે છે. આહા..હા..! બાબુભાઈ! એવી વાત છે. આહા..હા..! જેને ખ્યાલમાં આવી કે આ વસ્તુ અનંત બેહદ જ્ઞાન અપરિમિત દર્શન, અપરિમત આનંદ અને અપરિમિત વીર્ય આદિ ભાવપ્રાણ પ્રાણીના પ્રાણ. પ્રાણી જીવ એના પ્રાણ. આહા..હા..! એ પ્રાણી ભગવાન આત્મા એના પ્રાણ. એનાથી જીવે છે. છે?

'**ભાવપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે.**' આહા..હા..! જેને જ્ઞાનની પર્યાયમાં આ ભાવપ્રાણ ધારણ કરનાર છે એવો ભાસ થયો એને ભાવપ્રાણથી જીવે છે એવો અનુભવ થઈ ગયો. પરથી નહિ. જડથી, પરદ્રવ્યથી નથી. સમજાણું કાંઈ? હવે '**વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે.**' દ્રવ્યપ્રાણ આ દસ કહ્યાને. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા એવા દસ. વ્યવહાર નિમિત્ત છેને? તો એનાથી જીવે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! '**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી...**' આહા..હા..! કેટલા ભેદ પાડે છે? શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહાર '**કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે કાર્યશુદ્ધજીવ છે.**' આહા..હા..! શુદ્ધ-સદ્‌ભૂત. પવિત્ર છે અને પર્યાયમાં પોતામાં સદ્‌ભૂત છે, પણ વ્યવહાર છે, ભેદ છે. ત્રિકાળની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ ભેદ છે. કેવળજ્ઞાન સર્વજ્ઞ પર્યાય એ પણ ભેદ છે, વ્યવહાર છે. આહા..હા..!

'**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી...**' ઓલું તો પહેલા એકલો વ્યવહાર હતો. શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહાર. આહા..હા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન અનંત આનંદ જે ભગવાનને પ્રગટ્યો અરિહંતની પર્યાયમાં. એ '**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો...**' ગુણો નામ પર્યાય છે ત્યાં. એ શુદ્ધ પર્યાયનો આધાર હોવાને લીધે '**કાર્યશુદ્ધજીવ છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? નીચે કહેશે. કાર્યશુદ્ધ છેને? નીચે ખુલાસો છે જુઓ, '**દરેક જીવ...**' નોટ. '**શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે...**' પ્રત્યેક જીવ શક્તિ અપેક્ષાએ, સ્વભાવ અપેક્ષાએ શુદ્ધ છે. '**સહજજ્ઞાનાદિ સહિત છે...**' શુદ્ધની વ્યાખ્યા સ્વભાવિક જ્ઞાન-દર્શન-આનંદથી સહિત છે પ્રત્યેક જીવ. સ્વભાવિક જ્ઞાન-દર્શન-આનંદ આદિ સહિત છે. '**તેથી દરેક જીવ કારણશુદ્ધજીવ છે;...**' જેમ કારણપરમાત્મા કહ્યું હતું એ કાર્યપરમાત્માની અપેક્ષાએ કારણપરમાત્મા. અહીં કાર્યજીવની અપેક્ષાએ કારણજીવ. કાર્યજીવ કોણ? કેવળજ્ઞાનાદિ પ્રગટ થયો એ સદ્‌ભૂતવ્યવહાર એ કાર્યજીવ. આહા..હા..! પર્યાય છેને? પર્યાય કહો કે કાર્ય કહો. અને ત્રિકાળી વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ એ કારણજીવ. એ કારણજીવ. કારણજીવ. કારણપરમાત્મા કહ્યું, અહીંયાં કારણજીવ કહ્યો. પણ કારણજીવ છે એવી અંતરમાં પ્રતીતિ જ્ઞાન અનુભવમાં આવે

છે એને કારણજીવ કહેવામાં આવે છે. કારણજીવનું ભાન થયું તો કારણજીવ છે એમ આવ્યું. તો એટલું કાર્ય તો થયું. સમ્યગ્દર્શન-જ્ઞાન અંશ સ્વરૂપાચરણ. આ કારણ જીવ છે એવું દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું અને ત્રિકાળમાં જરી અંશ સ્થિર પણ થયો. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ જે છે એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને ત્રિકાળમાં સ્થિરતા. દર્શન, જ્ઞાનમાં સ્થિરતા નથી. ત્રિકાળ દર્શન-જ્ઞાનમાં સ્થિરતા. એ આવ્યું ત્યારે કારણજીવ છે એવું અનુભવમાં આવ્યું. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આવો ઝીણો. એ કરતા આ એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા, એ સહેલુંસટ હતું. આ મોંઘુ કરી નાખ્યું. એમ કેટલાક કહે છે. એ નહોતું, બાપા! એ સાચું નહોતું તારું. આહા..હા..! આ તો સચ્ચિદાનંદ પ્રભુ એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ભાવપ્રાણથી જીવનારો એવો ભગવાન કારણજીવ એ શક્તિ અપેક્ષાએ કારણશુદ્ધ જીવ છે. અને કારણશુદ્ધજીવને ભાવે છે. નીચે.

કારણશુદ્ધજીવમાં જેની એકાગ્રતા થાય છે આહા..હા..! એ મોક્ષમાર્ગ. '**કારણશુદ્ધ જીવને ભાવે છે...**' એની ભાવના કરે છે એ પર્યાય. આહા..હા..! ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, કારણશુદ્ધજીવ એની એકાગ્રતાની સન્મુખ થઈને એકાગ્રતા, ભાવની ભાવના કરે છે. ત્રિકાળી જ્ઞાયકભાવની ભાવના ભાવે છે '**તેનો જ આશ્રય કરે છે,...**' બીજી વ્યાખ્યા કરી. કારણશુદ્ધજીવ ત્રિકાળી ભગવાન એનો આશ્રય કરે છે, અવલંબન કરે છે '**તે વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ...**' એ પ્રગટ અપેક્ષાએ '**શુદ્ધ (-કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે...**' લ્યો! સમજાણું કાંઈ? અરે! આવી બધી વાતું ઝીણી. માર્ગ એવો ભાઈ! બહુ સૂક્ષ્મ છે. અપૂર્વ છેને. કદી અનંતકાળમાં ખ્યાલમાં લીધો નથી. સમજાણું કાંઈ? ભગવાન સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વ એ કારણશુદ્ધજીવની ભાવના કરતાં-કરતાં, આશ્રય કરે છે એ કાર્ય '**વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધજીવ' થાય છે.**' આ બાજુ નોટ. ''**કાર્યશુદ્ધજીવ' થાય છે.**' કાર્ય કહો કે પર્યાય કહો, કારણ કહો કે દ્રવ્ય કહો. સમજાણું કાંઈ?

ત્રિકાળી જ્ઞાયક પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ એ કારણજીવ એની સન્મુખ થઈને કારણજીવની ભાવના ભાવે છે, ભાવના કરે છે, એકાગ્રતા કરે છે એવો જીવ કાર્યશુદ્ધ થઈ જાય છે. આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ એ દશા એને પ્રાપ્ત થાય છે એ કાર્યશુદ્ધ થયું. પર્યાય કાર્યશુદ્ધ થઈ, પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ. આહા..હા..! કારણશુદ્ધ હતો એની એકાગ્રતાથી, સ્વસન્મુખની એક્તાથી કાર્યશુદ્ધજીવ થઈ ગયો એ પર્યાયશુદ્ધ થઈ ગઈ. શક્તિમાં જે દ્રવ્યશક્તિરૂપ હતી એની ભાવના કરતા પર્યાય શુદ્ધ થઈ ગઈ. પર્યાયશુદ્ધ કહો કે કાર્યશુદ્ધ કહો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, કાંતિભાઈ! ઝીણ વાતું, ભાઈ! ક્યાંય શ્વેતાંબરમાં સાંભળવા મળે એવું નથી. આ તો સત્ય વસ્તુ અનાદિ સનાતન ભગવાન. આહા..હા..! ઓહો..હો..! કહે છે. એક તો પહેલા કહ્યું કે વ્યવહારનયથી દશ પ્રાણથી જીવે એને જીવ કહ્યો. પછી નિશ્ચયથી ભાવપ્રાણથી જીવે છે, વ્યવહારથી દ્રવ્યપ્રાણથી જીવે છે. પછી? શુદ્ધસદ્ભૂતવ્યવહારથી

જીવે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન ભગવાનને થયું એ કાર્યશુદ્ધ થયો, પર્યાય શુદ્ધ થઈ, તો એ પર્યાય કાર્યશુદ્ધ થઈ ક્યાંથી? કે શક્તિમાં તો કારણશુદ્ધતા પડી છે. એ કારણશુદ્ધતાની ભાવનાથી કાર્યશુદ્ધ થઈ ગયો. દ્રવ્યની શુદ્ધતાની ભાવનાથી પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ, કાર્યની પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ. આહા..હા..! કેટલું યાદ રાખવું આમાં? યાદ કાંઈ નથી. વસ્તુસ્થિતિ જ આવી છે. અરે! પણ કોઈની સંભાવના કરી નથી. માની લીધું. સમજાણું? પણ અંદર સ્વરૂપ શું છે એનો અનુભવ ન કર્યો. અગિયાર અંગમાં આવ્યું. માનતા આવ્યા છેને. ભૂલી ક્યાં ગયા આમ છે ને આમ છે. સમજાણું કાંઈ? પણ વસ્તુસ્થિતિ જે છે એ તરફ સ્પર્શ કરીને કાર્યશુદ્ધ થઈ જવું એ કાર્યપરમાત્મા થયો. કાર્યપરમાત્મા કહો, પર્યાયપરમાત્મા કહો, કાર્યજીવ કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ટૂંકામાં સમજાવી દ્યોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ટૂંકામાં કીધુંને. ત્રિકાળી કારણશુદ્ધસ્વરૂપ ભગવાન બિરાજે છે. એ કારણશુદ્ધની પ્રતીતિ અને જ્ઞાન રમણતા કરવાથી કાર્યશુદ્ધ નામ પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ જાય છે, એને કાર્યજીવ કહેવામાં આવે છે. લ્યો! આહા..હા..! એને પૂરું રૂપ આવ્યા વિના શબ્દ અધૂરો રહી જાયને? આહા..હા..! ધર્મ કેમ થાય છે? અને ધર્મનું ફળ શું એ ત્રણે વાત આવી ગઈ. કે ત્રણકાળ, ત્રિલોકનો નાથ ભગવાન પૂર્ણ શુદ્ધ એક સમયમાં છે અહીંયાં એ કારણશુદ્ધજીવ છે. એની ભાવના કરવાથી, અંતર્મુખ, સન્મુખ થવાથી પર્યાયમાં પૂર્ણ કાર્યશુદ્ધ થઈ જાય એ કાર્યશુદ્ધજીવ કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. ત્રણે વાત સિદ્ધ કરી. મોક્ષનો માર્ગ જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો ભાવે છે અને પર્યાયમાં આવી ગયું. એનું કારણ ત્રિકાળી જીવ છે. આહા..હા..! માર્ગ એવો છે. બીજો શું છે?

એ ત્રિકાળી કારણ જે છે એ જ કારણપરમાત્મા છે, એ કારણ શુદ્ધ છે, કારણશુદ્ધ છે, એ કારણજીવ છે, એ કારણપરમાત્મા છે. એની એકાગ્રતાથી કાર્યપરમાત્મા, કાર્યશુદ્ધજીવ પર્યાય શુદ્ધ પૂર્ણ એને કાર્યજીવ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો ઉપાય પણ કહ્યો, ઉપાયનું કારણ પણ કહ્યું અને ઉપાયનું પછી ફળ પણ કહ્યું. આવી વાત છે, ભાઈ! એ ક્રિયાકાંડથી મળતું નથી એમ કહે છે.

**શ્રોતા :-** આ ભેદ પાડીને કહેવું એ ક્રિયાકાંડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ પાડીને એ તો સમજાવવું એ ભેદ છે, પણ સમજનાર છે તે ભેદ ઉપર લક્ષ નથી કરતો. ભેદ સમજાવે છે, પણ સમજનાર અને સમજાવનાર ભેદનો આશ્રય નહિ કરવો. આવ્યું છેને આઠમી ગાથા. ભેદથી સમજાવાય છે, પણ ભેદનો આશ્રય કરવો એમ નથી. આહા..હા..! બીજો શું ઉપાય ન મળેને. તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા, લ્યો! પણ કહે છે કે એ ભેદનું અનુસરણ ન કરવું, ત્રિકાળનું અનુસરણ કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ! બહુ અલૌકિક છે. એ તો સહજ વસ્તુ છે

એવી. સમજાણું કાંઈ? ત્રિકાળી સહજાત્મસ્વરૂપ ભગવાન એકાંત શુદ્ધ એ કારણપરમાત્મા. એ સહજ ભગવાનની પ્રતીતિ એ પણ સહજ છે. શ્રીમદ્‌માં આવે છેને 'પાંચે ઉતરથી થઈ સમાધાન સર્વાંગ, થાશે મોક્ષ ઉપાય અને સહજ પ્રતીત એ રીત.' આહા..હા..! એ સહજ છે. હઠ નથી ત્યાં. એ તો સહજસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? લ્યો, ત્યાં ... કહ્યુંને 'પાંચે ઉતરથી થઈ સમાધાન સર્વાંગ, થાશે મોક્ષ ઉપાયનો સહજ પ્રતીતિ રીત.' એની બીજી ભાષા છે સર્વાંગ. આત્મા વિશે પ્રતીત 'પાંચે ઉત્તરની થઈ આત્મા વિશે પ્રતીત, થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીતિ રીત.' આહા..હા..!

**શ્રોતા** :- સહજ પ્રાપ્ત થાય? પુરુષાર્થથી નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સહજનો અર્થ પુરુષાર્થ. સહજનો અર્થ હઠ નહિ એમ. સમજાણું કાંઈ? સહજાત્વસ્વરૂપ એ શબ્દ છે એ લોકોને. શ્રીમદ્‌નો મંત્ર એ છે. સહજાત્મસ્વરૂપ એ મંત્ર છે. શ્રીમદ્‌માં આપેને બીજા સાંભળતા હોય એને ખાનગી મંત્ર આપે. સહજાત્મસ્વરૂપ પરમગુરુ.

**શ્રોતા** :— ગોવર્ધનભાઈ એમ આપતા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધાય આપતા, બધાય આપતા. લલ્લુજી પણ આપતા બધાને. એ રિવાજ છે એની ખબર છે. સહજાત્મસ્વરૂપ સ્વભાવિક આત્મસ્વરૂપ જે ત્રિકાળ એ જ પરમગુરુ અને પરમદેવ છે. આહા..હા..!

અહીંયાં પણ એ જ નોટ. '**વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ (-કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે...**' વ્યક્તિ એટલે પ્રગટ. શક્તિ અપેક્ષાએ અપ્રગટ પર્યાયની અપેક્ષા અહીંયાં. વસ્તુ છે એ તો પ્રગટ જ છે. પણ પર્યાયમાં પ્રગટ નથી એ અપેક્ષાએ શક્તિ અપેક્ષાએ અપ્રગટ અને વ્યક્ત અપેક્ષાએ અહીં પ્રગટ. માર્ગ તો અંતરની સમજણથી છે, ભાઈ! એ કોઈ બહારની ક્રિયાકાંડથી મળતી નથી ચીજ એવી છે. સમજાણું કાંઈ? અહીં આવ્યું. '**શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...**' નોટમાં છેને? શક્તિમાંથી વ્યક્તિ થાય છે. શક્તિ છે એમાંથી પ્રગટ થાય છે. '**માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.**' આ તો સમજાય એવી વાત છે. નાનુમલજી!

એ પીપરનો દાખલો નહોતો દીધો? લીંડીપીપર. લીંડીપીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે. ચોસઠ પહોરી કહો, ચોસઠ પહોરી કહે છે રૂપિયો સોળ આના. હવે સો પૈસા થઈ ગયા. પહેલા ચોસઠ પૈસા હતાને, ભાઈ! હવે સો પૈસા. બધું ફરી ગયું. કીલો ને ફીલો ને કીલોમીટરને. આપણને તો યાદ પણ ન રહે. એ ચોસઠ પૈસા એટલે ચોસઠ પહોર. ચોસઠ પહોર ઘૂંટે તો શક્તિમાં ચોસઠ પહોરી હતી એ પર્યાયમાં ચોસઠ પહોરી પ્રગટ થઈ. છે એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં હતી એ બહાર આવી છે. ન હોય એ બહાર આવે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મામાં શક્તિ અપેક્ષાએ સોળ આના નામ રૂપિયો-રૂપિયો પૂર્ણ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ એવી શક્તિ અપેક્ષાએ પૂર્ણ ભર્યું છે. એ કારણજીવ કહે છે. એ

કારણપરમાત્મા કહે છે. વ્યક્તિ અપેક્ષાએ એ શક્તિમાં એકાગ્રતાના ઘૂંટણથી. જેમ શક્તિને ઘૂંટે છે પીપરને. પીપર કહે છેને? તો એમાં એવી ચોસઠ પહોરી શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ અંદરમાં છે એવી બહાર આવે છે. એમ ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, ચોસઠ નામ પૂર્ણ-પૂર્ણ રૂપિયે રૂપિયો પડ્યો જ છે. આહા..હા..! એની એકાગ્રતાથી અંતરની એકાગ્રતાના ઘૂંટણથી શક્તિમાંથી વ્યક્તિ નામ પ્રગટતા પૂર્ણ પરમાત્મા થાય છે. એને કાર્યજીવ કહે છે. આહા..હા..! પર્યાય જીવ. આહા..હા..! આ કરવાનું છે એમ કહે છે. આહા..હા..!

**'આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...'** શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને. **'કારણશુદ્ધજીવ કહેવાય છે.'** કારણશુદ્ધજીવ. **'શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધજીવ કહેવાય છે. (કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ...'** કારણશુદ્ધ કેમ કહ્યું? કે કારણશુદ્ધનો અર્થ કારણ અપેક્ષાએ શુદ્ધ **'અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.)'** એટલો તો ખુલાસો કર્યો છે.

અહીં સુધી આવ્યું છે ટીકામાં. **'શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર...'** એ કેવળજ્ઞાનને ગુણ કહ્યો છે. છે તો પર્યાય. **'શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે કાર્યશુદ્ધજીવ છે. અશુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે અશુદ્ધજીવ છે.'** એ શું કહે છે? પૂર્ણ કેવળજ્ઞાન થયું એ તો શુદ્ધ કાર્યજીવ છે. પણ નીચે મતિજ્ઞાનાદિ પર્યાય છે એ હજી અપૂર્ણ છેને? તો અશુદ્ધ કહ્યું. પણ છે પોતાની પર્યાયમાં માટે સદ્‌ભૂત છે, ભેદ પડ્યો માટે વ્યવહાર છે. **'મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે...'** આહા..હા..! કેવળજ્ઞાનાદિ કાર્યશુદ્ધજીવ કહ્યું તો એ સદ્‌ભૂત શુદ્ધ વ્યવહાર કહ્યો. શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર કહ્યો, પણ અહીંયાં અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર, અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. પોતામાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનાદિ છે એ અપૂર્ણ છે માટે અશુદ્ધ કહ્યું, પણ પોતાની પર્યાયમાં છે માટે સદ્‌ભૂત કહ્યું, પણ ભેદ પડે છે ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર કહ્યો. અશુદ્ધ. અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન એ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. શુદ્ધ છે અને પોતામાં છે અને તે પર્યાય ત્રિકાળની અપેક્ષાએ ભેદ છે માટે વ્યવહાર. મતિજ્ઞાનાદિ છે એ અપૂર્ણ છે માટે અશુદ્ધ, પણ છે પોતાની પર્યાયમાં માટે સદ્‌ભૂત, અશુદ્ધ વ્યવહાર ભેદ છે. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય ભેદ છે. તો અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. મૂળ તો અભ્યાસ ન મળેને. આ અંતરનો અભ્યાસ ઘટી ગયો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ. આ અભ્યાસ બહારથી... જે સમજવાની ચીજ છે એનો અભ્યાસ ખૂબ ઘટી ગયો. દ્રવ્ય કોને કહીએ? ગુણ કોને કહીએ? પર્યાય કોને કહીએ? કારણ કોને કહે? કાર્ય કોને કહે? જે મૂળ ચીજ છે એ તો સમજણમાં આવી નથી. જિંદગી ચાલી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં આવ્યું '**અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ...**' મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન છે પોતાની પર્યાય, પણ પૂર્ણ નથી માટે અશુદ્ધ અને પર્યાય છે તો વ્યવહાર. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય તો વ્યવહાર થયો. '**અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર...**' સમજાણું કાંઈ? એ જાણવાલાયક ચીજ છે. '**મતિજ્ઞાનાદિ વિભાવગુણો...**' જુઓ, એને વિભાવગુણ કહ્યો. ઓલાને શુદ્ધ ગુણ કહ્યો હતો. કેવળજ્ઞાનીને શુદ્ધગુણ કહ્યો હતો. છે તો પર્યાય. શુદ્ધ પર્યાય. આ પણ છે તો પર્યાય, પણ વિભાવપર્યાય આધાર. આહા..હા..! એક જીવની વ્યાખ્યા કરતા આટલી કરે છે. '**जीवो जीवा**' આહા..હા..! બહુ ઊંધા ગોટાળા ઉઠ્યા છેને એટલે બધાને સવળું સમજાવવામાં પડખાં કરવા પડે છે. શેઠિયાને નવરાશ મળે નહિ જાણે. માંડ-માંડ રળવામાંથી એમાંથી હોય. કલાક, બે કલાક જાય માથે જે કહેતા હોય એ જય નારાયણ. શેઠ! આહા..હા..! વખત મળે નહિ વખત. કાંતિભાઈ! આહા..હા..! આવો ભગવાન કહે. કેટલા પ્રકાર પાડ્યા એક જીવના. આહા..હા..!

**શ્રોતા :-** આ બધે ભેદો રાગ ઉત્પન્ન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ ઉત્પન્ન... જાણવાલાયક છે કે નહિ? વ્યવહાર પણ જાણવાલાયક છે કે નહિ? આદરવાલાયક ત્રિકાળી ચીજ, પણ વ્યવહાર છે એ જાણવાલાયક છે કે નહિ? કેવળજ્ઞાન એ વ્યવહાર છે. આહા..હા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. કહ્યુંને? વ્યવહાર છે, જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નથી, આદરણીય ત્રિકાળી ભગવાન. આહા..હા..! અને ઉત્પન્ન અપેક્ષાએ કેવળજ્ઞાન સંવર-નિર્જરા ઉપાદેય કહેવામાં આવે છે પ્રગટ કરવાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આસ્રવ અને બંધ તો હેયની અપેક્ષાએ જાણનાર છે. એમ. જાણ્યું તો એનું સ્વરૂપ છે કે નહિ? આહા..હા..!

'**અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર...**' કેવળજ્ઞાનમાં શુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર. એમ ફેર પાડ્યો છે બેમાં. પૂર્ણ શુદ્ધપર્યાયને શુદ્ધ સદ્ભૂત, અપૂર્ણ શુદ્ધ પર્યાયને અશુદ્ધ-સદ્ભૂત. બેય વ્યવહાર છે. આહા..હા..! અશુદ્ધ જીવ. અને '**શુદ્ધનિશ્ચયથી...**' આહા..હા..! '**સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે...**' એ ત્રિકાળી ગુણ લેવા. ઓલામાં પણ ગુણ તો લીધા હતા શુદ્ધ ગુણો પણ એ પર્યાય હતી અને આ તો શુદ્ધ નિશ્ચયથી. આહા..હા..! સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક ત્રિકાળી દર્શન, સ્વભાવિક ત્રિકાળી આનંદ. એવા '**પરમસ્વભાવગુણો...**' એ તો ગુણ જ છે. એનો '**આધાર હોવાને લીધે કારણશુદ્ધજીવ છે.**' માગીલાલજી! આ કેટલું યાદ રાખવું? એક જીવ શબ્દ પહેલો પડ્યો છે. આ એની બધી વ્યાખ્યા છે. આહા..હા..! '**શુદ્ધનિશ્ચયથી...**' ત્રિકાળ. કારણ કે એ તો સદ્ભૂત-વ્યવહાર હતો. કેવળજ્ઞાનાદિ અને મતિજ્ઞાનાદિ અશુદ્ધસદ્ભૂત હતું. આ તો ત્રિકાળી ભગવાન આત્મામાં શુદ્ધ નિશ્ચયથી સહજજ્ઞાન, સહજદર્શન, સહજ આનંદ આદિ '**પરમસ્વભાવગુણો...**' એ તો ગુણ છે. '**આધાર હોવાને લીધે કારણશુદ્ધજીવ છે.**' આહા..હા..!

હવે 'આ (જીવ) ચેતન છે;...' એ જીવ ચેતન છે. 'આના ચેતન ગુણો છે.' એના બધા ગુણને ચેતન કહેવામાં આવે છે. અપેક્ષાએ હોં. નહિતર તો ભગવાન આત્મામાં જાણન-દેખન જે ઉપયોગ છે એ જીવ છે અને એ સિવાય દર્શનજ્ઞાન આદિ છે એને ત્યાં ઉપયોગથી અન્ય કહીને અન્યત્વ કહ્યું છે. સપ્તભંગી ચાલી છે. ઉપયોગથી છે, અણુપયોગથી નથી એ ઉપયોગ. દર્શન-જ્ઞાન-વીર્ય છેને? એ ઉપયોગ નથી. ઉપયોગ તો જ્ઞાન-દર્શન એ છે અને એ જીવ છે. શ્રીમદ્‌માં તો એ પ્રશ્ન કર્યો છે, વીર્યને જીવ કહેવો કે અજીવ? એ છે તો જીવ. આ ચેતનની અપેક્ષાએ બધા ગુણને ચેતન કહ્યા, પણ એના બે ભાગ પાડવા હોય તો ઉપયોગને ચેતન કહ્યો અને બીજાને ચેતન નથી. આવી વાત છે, ભાઈ! ઝીણી વાત છે. સમજાય એવું છે હોં. ન સમજાય એવું નથી. ભાષા કાંઈ એવી આકરી નથી. સાદી ભાષામાં તત્ત્વ એવું છે. આહા..હા..!

'(જીવ) ચેતન છે; આના ચેતન ગુણો છે. આ અમૂર્ત છે;...' ભગવાન આત્મા અમૂર્ત છે. તો અમૂર્ત ગુણ છે એના. 'આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે.' જે શુદ્ધ છેને શુદ્ધ? એને તો શુદ્ધ ગુણ છે. 'આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે.' પર્યાય. ત્યાં ગુણ શબ્દે પર્યાય લેવી. 'પર્યાય પણ એ પ્રમાણે છે.' અશુદ્ધ અને શુદ્ધ એમ. એ ગુણ-પર્યાયની વ્યાખ્યા છેને પાઠમાં છેને ઈ? '**णाणागुणपज्जएहिं संजुत्ता**' ચોથું પદ છેને એની વ્યાખ્યા છે. '**जीवा णाणागुणपज्जएहिं संजुत्ता**' પછી '**पोग्गल णाणागुणपज्जएहिं संजुत्ता**' એમ લેશે. ટીકા કરી છેને આ ટીકાકાર. પછી એ જીવની વાત થઈ. હજી પુદ્‌ગલની કહેશે પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧૩, બુધવાર, તા. ૧૪-૦૧-૧૯૭૬
## ગાથા-૯-૧૦, કળશ-૧૬, પ્રવચન નં. ૧૫૨

આ નિયમસાર. જીવ અધિકાર ચાલે છે. જીવની વ્યાખ્યા આવી. છ દ્રવ્યના નામ આવ્યાને? નવમી ગાથા. એમાં છ દ્રવ્ય છે એને દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત શ્રદ્ધામાં લેવું એ વ્યવહારસમકિત કહેવામાં આવે છે. છ દ્રવ્ય અને એના ગુણ. છેને પાઠ? '**णाणागुणपज्जएहिं**' એનું યથાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન કરીને શ્રદ્ધા કરવી, પણ નિશ્ચયસમ્યગ્દર્શનસહિતની વાત છે. વ્યવહારસમ્યગ્દર્શન શુભરાગરૂપ છે તે સમ્યગ્દર્શન નથી, તેમ જ સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી, પણ અંતરમાં પૂર્ણ જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યનું અવલંબન લઈને જે પ્રતીતિ, જ્ઞાનના

અનુભવમાં થાય છે એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. એ ધર્મની પહેલી સીઢી. આહા..હા..! એને નિશ્ચયસમ્યગ્દર્શન જેને છે પરિણમનરૂપ, ગમનરૂપ નિરંતર પરિણમન. એવું અહીં જણાય છે.

જીવની વ્યાખ્યા કરી. હવે પુદ્ગલ આવ્યું પુદ્ગલ આજે. છે? પુદ્ગલ. ૨૩ પાને છે. **'વળી, જે ગલન-પૂરણસ્વભાવસહિત છે...'** શું કહે છે? આ શરીર, વાણી, મન, કર્મ, પૈસા, લક્ષ્મી, આબરૂ, આ જગતની ચીજ પુદ્ગલો જેટલા છે બધા ગલન-પૂરણસ્વભાવસહિત છે. **'(અર્થાત્ છૂટા પાડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે)...'** એ પરમાણુઓ એકઠા થાય છે અને ભિન્ન થાય છે એ પુદ્ગલનો સ્વભાવ છે. કોઈ ભેગા કરે અને છૂટા પાડે તો છૂટા પડે એમ નથી. સમજાણું કાંઈ? આ શરીરના રજકણો છે જુઓ એ ભેગા થાય છે એ તો પુદ્ગલના સ્વભાવને લીધે થયા છે અને ભિન્ન થઈ જાય છે તો પૂરણ-ગલન એનો સ્વભાવ છે તો છૂટા પડી જાય છે. આહા..હા..! લાડવા થાય છે લાડવા એ ભેગા થયા અને દાંતથી ભુક્કો થાય એમ નથી. એ ભુક્કો છૂટા પડવાનો એનો સ્વભાવ છે તો છૂટા પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોટલી છેને રોટલી એ પુદ્ગલના કણ એકઠા થયા તો રોટલી થઈ, હવે એના ટૂકડા થાય છે તો એના ગલનસ્વભાવને કારણે ટૂકડા થાય છે. આહા..હા..! દાંતથી ટૂકડા થાય છે કે હાથથી ટૂકડા થાય એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** કટકા કરીને ખાવું કે એમ ને એમ ખાવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ખાય? આહા..હા..!

જુઓ, બીજો શબ્દ આવે છેને? **'जीवा पोग्गलकाया'** મૂળગાથામાં. તો પુદ્ગલની વાત ચાલે છે. **'ગલન-પૂરણસ્વભાવસહિત છે...'** પરમાણુમાં છૂટા પડવું અને એકઠા થવાના સ્વભાવસહિત પુદ્ગલ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? રોટલી આદિ દાળ-ભાત આવે છેને અહીંયાં? એ તો એના કારણે અહીં આવે છે. લોકો નથી કહેતા? 'દાને દાનેવાલે પર ખાનેવાલા કા નામ હૈ.' એનો અર્થ શું? અમારે ગુજરાતીમાં એમ કહે કે ખાવાવાળાનું નામ છે. નામનો અર્થ? જે પરમાણુ અહીંયાં આવવાના છે એ આવશે અને નહિ આવવાના હોય એ નહિ આવે એ પુદ્ગલનો સ્વભાવ છે. શેઠ! એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મન, કર્મ, તેજસ શરીર કારણ એ પુદ્ગલ જૂના ભેગા થવા એ એનો સ્વભાવ છે. આત્માએ રાગ કર્યો તો કર્મ ભેગા થયા એમ નથી.

**શ્રોતા :-** તો વીતરાગભાવ થયો અને એકઠા થયા એમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ એમ છે જ નહિ. એ પુદ્ગલમાં ભેગા થવાનો અને છૂટા પડવાનો એ પુદ્ગલનો નિજ (સ્વભાવ છે). છે? આ તો શાસ્ત્ર સિદ્ધાંત છે. પૂરણગલન પૂરણસ્વભાવ સહિત છે. ગલન અને પૂરણસ્વભાવસહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર, વાણી, મન આદિ અને દાળ, ભાત, શાક આદિ કે મોસંબી એ બધાનો સ્વભાવ

ભેગા થવાનો અને છૂટા પડવાનો એનો સ્વભાવ છે. કોઈ લે તો ભેગા થાય અને તરણું હોય છે તરણું. એનો ટૂકડો કરે તો ટૂકડો થાય એમ નથી. એનો ટૂકડા થવાનો ગલનસ્વભાવ છે તો ટૂકડા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત ઝીણી, બાપુ! ભગવાને કહ્યું દ્રવ્ય અને દ્રવ્યનો સ્વભાવ કેવો છે એ અહીં ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તમારી દવા. આ ડોક્ટર છેને. ત્રીજા ક્યાં ગયા? ગયા ત્રીજા ઠીક જામનગર. એ દવા-દવાના જે રજકણ અહીં જવાના છે એ એને કારણે ત્યાં જાય છે, ઈંજેન્કશન કરે છે અને ડોક્ટર આમ કરે તો જાય એમ નથી, એમ કહે છે.

**શ્રોતા :-** તો પછી ડોક્ટરને ફી આપવી કે ન આપવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ફીના (પૈસાના) રજકણ ત્યાં જવાના હોય તો ગયા વિના રહે જ નહિ. એ ફીના પરમાણુ છેને? શું કહેવાય તમારે? નોટ. એ નોટ જવાની હશે તો જશે જ જશે. એને કારણે જશે. દેનારને કારણે જશે એમ નથી. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

શું કહે છે જુઓને, '**જે ગલન-પૂરણસ્વભાવસહિત છે...**' એ પુદ્‌ગલનો સ્વભાવ જ એવો છે. પુદ્‌ગલ. પૂ-જૂના, ગલ-ગળવું-છૂટા પડવાનો એનો સ્વભાવ છે. આહા..હા..! શ્રીમદ્ તો એકવાર એમ કહેતા હતા. શ્રીમદ્ રાજચંદ્ર પત્રમાં છે કે તરણાના બે ટૂકડા કરવાની શક્તિ અમારી નથી. તરણું હોય છેને? તરણું. એના બે ટૂકડા કરવાની શક્તિ અમારી નથી અર્થાત્ બે ટૂકડા અમે કરી શકતા નથી. પાઠમાં છે. ત્યારે લોકો એમ જાણે કે ઓહો..! પણ એ ટૂકડો થાય છે એ ગલન છે અને ભેગા થાય છે એ પૂરણ છે. એ એના સ્વભાવસહિત છે. પોતાના આત્માને કારણે અને આત્માને વિકલ્પ આવ્યો તો ગલન થાય છે (એમ નથી). દાઢ નીચે રોટલીનો ટૂકડો થાય છે તો એ ગલન-ટૂકડો થવાના સ્વભાવથી થાય છે, દાઢથી નહિ, હાથથી નહિ, ઈચ્છાથી નહિ. આવી વાત છે. આ રીતે પુદ્‌ગલનો સ્વભાવ છે એમ એની શ્રદ્ધામાં લેવું જોઈએ. ત્યારે હજી વ્યવહારશ્રદ્ધા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે ગલન-પૂરણસ્વભાવસહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે)...**' જુઓ, ભાષા તો બહુ ટૂંકી. આહા..હા..! આ પાના ભેગા થઈને બને છે એ એના કારણે છે. જીર્ણ થાય છે તો એને કારણે ગલન થાય છે. બહુ ધ્યાન રાખે તો રહે અને ધ્યાન ન રાખે તો છૂટી જાય એમ નથી. એ તો એને કારણે છે. આહા..હા..! '**તે પુદ્‌ગલ છે.**' છેને? '**ગલન-પૂરણસ્વભાવસહિત છે...**' સ્વભાવ ગલન પૂરણસ્વભાવસહિત છે. ભેગા થવું, છૂટા પડવું એ પુદ્‌ગલના સ્વભાવસહિત છે, એનો સ્વભાવ છે. આહા..હા..! પૈસા આવવા-જવા એ પુદ્‌ગલનો સ્વભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** ચોથા આરાની વાત છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણે કાળની વાત છે. શેઠ! આ તો કહે ચોથા આરાની વાત

હશે આ. શેઠને પૈસા ઘણા આવે છે કાનપુર જાય છે. ૫૦-૫૦ હજાર, ૨૫-૨૫ હજાર દરરોજ ઉઘરાણી આવે. કાનપુર જાય તો. એક મહિનામાં લાખ, બે-પાંચ લાખ લઈ આવે.

**શ્રોતા :-** કાગળના પાના આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ કાગળ એ જ અત્યારે નોટ છેને. એ આવવા અને જાવા એ પુદ્‌ગલના સ્વભાવને કારણે છે. કોઈને કારણે છે કે મેં લક્ષ્મી આપી એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા..! લક્ષ્મીના પરમાણુઓ જ્યાં જવાના હોય ત્યાં એ જશે અને ભેગા થવાના હોય તે ભેગા થશે, જીર્ણ નામ ગલન થવાનું હોય તો ગલન થશે. એ પુદ્‌ગલ. પુદ્-જૂના ભેગા થવા અને છૂટા પડવા એ પુદ્‌ગલના સ્વભાવસહિત છે. એનો સ્વભાવ છે. પર બીજા પ્રાણી એને પૂરણ ગલન કરે એમ છે નહિ. આ વસ્તુની શ્રદ્ધા પુદ્‌ગલ એને કહીએ. એવા સ્વભાવસહિત છે એવી શ્રદ્ધા કરવી. કોઈ દે-લઈ શકે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દેહ દે અને દેહ લે એવા તો દાખલા બન્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ લઈ જાતું નથી. એવા દાખલા બન્યા એ તો એને કારણે હોય. કોણ લઈ જાય અને કોણ દઈ જાય! આહા..હા..! સમજાણું કાંઈ? એ પુદ્‌ગલ શબ્દ એમ ભગવાન કહે છે. **'पोग्गल' 'पोग्गल'** છેને? **'पोग्गल'** પુદ્‌ગલ. પુદ્ નામ રજકણોનું ભેગા થવું અને રજકણોનું છૂટા પડવું એ સ્વભાવસહિત છે. એ પુદ્‌ગલનો એનો સ્વભાવ છે. કોઈ બીજા દઈ શકે, લઈ શકે એવી ચીજ છે જ નહિ. તો પુદ્‌ગલનો એવો સ્વભાવ છે એવી શ્રદ્ધા જેને હોય એને યથાર્થ શ્રદ્ધા કહેવામાં આવે છે. પણ 'હું પુદ્‌ગલ દઈ શકું છું અને લઈ શકું' એ શ્રદ્ધા ખોટી છે. આહા..હા..! આવો માર્ગ છે, ભગવાન!

**શ્રોતા :-** જીવ નથી કરતો પણ પુદ્‌ગલ તો પુદ્‌ગલનું કરે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્‌ગલ પુદ્‌ગલનું કરે છે. ... પુદ્‌ગલ નહિ. એક પુદ્‌ગલ બીજાનું નથી કરતા.

**શ્રોતા :-** મશીનથી શબ્દ લખાયાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ તો બધું સ્વયં ભિન્ન-ભિન્ન થાય છે.

**શ્રોતા :-** મશીનથી શબ્દ થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; બિલકુલ નહિ. મશીનથી થયા જ નથી. એ એને કારણે થયા છે. શેઠ! આ મશીન આવ્યુંને મશીન? એણે બનાવ્યું. એમ કે મશીને બનાવ્યા? કે ના. અનંત-અનંત પરમાણુ ભિન્ન-ભિન્ન પોતપોતાને કારણકાર્યપણે પરિણમે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન એમ કહે છે કે પુદ્‌ગલ જે જગતમાં છે એના સ્વભાવસહિત ગલન-પૂરણ છે એમ માને તો પુદ્‌ગલને માન્યા. પણ 'પુદ્‌ગલને હું દઈ શકું, લઈ શકું અને તોડું

શકું' એમ માને તો પુદ્‌ગલના સ્વભાવની ખબર નથી. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! આહા..હા..! એમ સંપ્રદાયમાં પણ બહુ ભ્રમ ચાલે છે. ખબર નથી તો 'હું આમ દઉં છું, આહાર મેં દીધો અને આહાર મેં લીધો' એ બધી ખોટી વાત છે. એ પુદ્‌ગલનો સ્વભાવ છે કે ત્યાં જાવું અને આવવું એ છૂટો પડવું પુદ્‌ગલનો સ્વભાવ છે.

**શ્રોતા :–** મુનિ મહારાજને આહાર આપવો કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ દે-લે? એ તો વિકલ્પ ઉઠે છે. ઝીણી વાત છે, ભાઈ! છ દ્રવ્યમાં જેનો જેટલો સ્વભાવ છે એવું જાણે તો એ દ્રવ્યને વ્યવહારે માન્યો કહેવાય. વ્યવહારશ્રદ્ધા છેને? આ તો વ્યવહારશ્રદ્ધાની વાત છે. સમજાણું કાંઈ? આ તો શાસ્ત્ર છે, સિદ્ધાંત છે. એક-એક શબ્દમાં ઘણો મર્મ ભરેલો છે. અહીં બળખો છે. બળખો સમજો છોને? કફ. તો કફ પોતાનાથી છૂટે છે આત્માની પર્યાયથી એમ નથી, એમ કહે છે. એનો છૂટવાનો સ્વભાવ છે તો છૂટે છે. સમજાણું કાંઈ? પૂરણ ગલન એનો સ્વભાવ છે. જો પૂરણ ગલન સ્વભાવસહિત છે તો એ બીજો કહે 'હું આ કરું' એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત.

બીજી વાત. '**આ (પુદ્‌ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;...**' એ શું કહે છે હવે? દરેકમાં મર્મ છે, ન્યાય છે. એ પુદ્‌ગલમાં શ્વેત છે એ તો પર્યાય છે. પરમાણુ છે આ. શ્વેત એ તો પર્યાય છે, એનો ગુણ તો રંગ છે. રજકણ જે છે આ પુદ્‌ગલ, પૈસા, લક્ષ્મી આ બધું એ પરમાણુમાં રંગ જે છે એ એનો ગુણ છે, પણ શ્વેતાદિ દશા છે એ તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પર્યાયથી લીધું છે. શ્વેતાદિ. રંગ ગુણની શ્વેતાદિ પર્યાય, કાળી પર્યાય, લીલી પર્યાય, સુગંધ પર્યાય, દુર્ગંધ પર્યાય છે? '**શ્વેતાદિ વર્ણોના...**' આવ્યું છે શેઠ! છે? આહા..હા..! ઓલી વસ્તુ શું કહે છે? કે દરેક પરમાણુ પુદ્‌ગલ જે જડ છે એમાં શ્વેત સફેદ. સફેદ પર્યાય. લ્યો આ પર્યાય સફેદ છેને. આ પર્યાય છે અને ગુણ તો એ પરમાણુમાં રંગ નામનો ગુણ છે. એ શ્વેતાદિ રંગગુણની પર્યાય છે, અવસ્થા છે. આહા..હા..! રજકણ જે છે એ દ્રવ્ય છે અને રજકણમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ ગુણ છે અને રંગની સફેદ, લીલી આદિ અવસ્થા એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ! આ તો. વીતરાગનો માર્ગ એવો સૂક્ષ્મ છે. એક-એક ચીજમાં મોટી મહત્તા છે એમાં. પુદ્‌ગલને એવું માને કે શ્વેતની પર્યાય મેં કરી. પણ એ શ્વેત તો એના રંગગુણની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્વેતાદિ...**' રંગગુણની શ્વેત પર્યાય, ગંધ ગુણની સુગંધ આદિ પર્યાય, સ્પર્શ આદિની ઠંડી-ઉની પર્યાય એમ લેવી. શ્વેતાદિ છેને? શ્વેતાદિ. ચંદુભાઈ! આ તો પર્યાયની વાત લીધી, છતાં વર્ણો લીધા. જુઓ, '**શ્વેતાદિ વર્ણોના...**' નહિતર વર્ણ તો રંગ છે એ તો ત્રિકાળી છે, પણ શ્વેત અવસ્થાને અહીંયાં વર્ણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આ રાતે પ્રશ્ન

નહોતો થયો મતિજ્ઞાનનો? કે મતિજ્ઞાનને ગુણ કેમ કહ્યો? તો એમ કહ્યુંને વિભાવગુણો કહ્યા. વિભાવગુણો. ત્યારે વિભાવગુણનો અર્થ શું? ગુણમાં વિભાવ હોય છે? એ પર્યાય વિભાવિક છે. મતિ, શ્રુત, અવધિ જે જ્ઞાન છે એ વિભાવિકપર્યાય છે. પર્યાયને અહીંયાં ગુણથી કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંત છે. કોઈપણ એક શબ્દ લ્યો એમાં મર્મ છે. આ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા..!

કહે છે '**શ્વેતાદિ વર્ણોના...**' વર્ણો લીધા જુઓ, શ્વેતાદિ પર્યાય શબ્દ ન લીધો. '**શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;...**' શ્વેતાદિ પર્યાયના આધારભૂત મૂર્ત પુદ્ગલ છે. મૂર્ત છે. મૂર્ત છેને રંગ, ગંધ, રસ, સ્પર્શવાળો? એ .. લાડવા, દાળ, ભાત, શાક, મોસંબી એ બધા શ્વેતાદિ પર્યાયનો આધારભૂત એ મૂર્ત દ્રવ્ય છે. મૂર્ત દ્રવ્ય છે, રૂપી દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આના મૂર્ત ગુણો છે.**' એના ગુણો મૂર્ત છે. પરમાણુના ગુણ જે છે રંગ, ગંધ, રસ, સ્પર્શ એ મૂર્ત છે. '**આ અચેતન છે; આના અચેતન ગુણો છે.**' એ અચેતનના અચેતન ગુણો છે બધા. પરમાણુ આ. આહા..હા..! હવે એ પુદ્ગલની વાત થઈ. હવે ધર્માસ્તિ-અધર્માસ્તિ. ધર્માસ્તિ-અધર્માસ્તિ ભગવાને બે દ્રવ્ય જોયા છે. એ વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય નથી. અન્યમતમાં એ દ્રવ્ય (નથી માનતા). કેમકે એમાં સર્વજ્ઞ નથી. આ તો સર્વજ્ઞ જેના પંથમાં છે એ સર્વજ્ઞે જ ધર્માસ્તિ-અધર્માસ્તિ જોયા છે. બે અરૂપી પદાર્થ છે—એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય. એના ક્યા ગુણ છે? એ નીચે લીધું છે.

'**સ્વભાવગતિક્રિયારૂપ અને વિભાવગતિક્રિયારૂપ પરિણત જીવ-પુદ્ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.**' નીચે ખુલાસો છે. નીચે નોટમાં છેને? એક-એક. '**ચૌદમા ગુણસ્થાનના અંતે...**' જ્યારે સિદ્ધ થાય છેને સિદ્ધ? છેલ્લે પૂર્ણ જ્ઞાન થયું પછી ચૌદમું ગુણસ્થાન પ્રગટ્યું. '**અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી...**' જીવનો એવો ઉર્ધ્વગમનસ્વભાવ છે. '**સ્વભાવથી લોકાંતે જાય...**' છે સિદ્ધ. ભગવાન સિદ્ધ ઉપર બિરાજે છેને. નમો સિદ્ધાણં. નમો અરિહંતાણં તો ભગવાન મહાવિદેહમાં બિરાજે છે અરિહંત. સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં. તીર્થંકર અહીંયાં હતા ત્યારે નમો અરિહંતાણ હતા. હવે તીર્થંકર એ નમો સિદ્ધાણંમાં ગયા. થોડો અભ્યાસ કરવો જોઈએ, શેઠ! થોડા હવે એણે પુસ્તકો લીધા છે. સારું કર્યું. થોડો-થોડો અભ્યાસ કરે. એ વિના આ સમજાતું નથી. આમ ઓઘે-ઓઘે માને એ સત્ય નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય...**' કોણ? સિદ્ધ. ચૌદમું ગુણસ્થાન પૂરું થયુંને જ્યારે મહાવીર આદિ ભગવાન મોક્ષ પધારે ત્યાં. તો દેહ છૂટી ગયો અને આત્મા એવો ઊર્ધ્વગમન ચાલ્યો ગયો. તો એ સ્વભાવગતિ છે. એ .. નથી. છે? '**ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે...**' ગમન કરે માટે વિભાવ છે એમ નથી, એમ કહે છે. અહીંથી આત્મા પૂર્ણ પરમાત્મા થઈને નીકળે છે. સિદ્ધ છે ત્યાં રહે છે. તો

અહીં ગતિ થઈ એ વિભાવિક નથી. ગતિ છે માટે વિભાવ છે, એમ નથી. એ સ્વભાવિક ગતિ છે. સમજાણું કાંઈ? એ કોઈ એમ કહે છે કે અહીંથી ગતિ કરે છેને ત્યાં સુધી વિભાવ છે. એમ નથી. ખોટું છે. આહા..હા..!

**શ્રોતા** :- જ્યોતમાં જ્યોત મળી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્યોતમાં જ્યોત ક્યાં મળે? પોતાના સ્વરૂપમાં રહે છે. સિદ્ધ અનંતા છે ત્યાં જાય છે. કાંઈ એક સિદ્ધમાં બીજા સિદ્ધ નથી મળતા! અહીં હજાર બત્તી હોય તો હજાર બત્તી. તો એક બત્તીનું અજવાળું બીજી બત્તીમાં ઘૂસી જાય છે? બિલકુલ નહિ. ભિન્ન-ભિન્ન બધાનો પ્રકાશ છે. આહા..હા..! વીતરાગમાર્ગ ભાઈ ઘણો ઝીણો! જેની વ્યવહારશ્રદ્ધાનો વિષય પણ ઝીણો. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધામાં એમ આવવું જોઈએ કે જેટલા પુદ્‌ગલો છે એ પોતાથી ભેગા થાય છે અને સ્વયં છૂટા પડે છે એવા સ્વભાવસહિત પુદ્‌ગલ છે. એ સ્વભાવ બીજો કરી શકે એમ છે નહિ. આહા..હા..!

અને અહીંયાં તો સ્વભાવગતિક્રિયારૂપ પરિણમન જીવ મોક્ષ જાય ત્યારે '**અને સંસાર અવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે...**' એક ભવમાંથી બીજા ભવમાં આત્મા જાય છેને? '**જીવની વિભાવગતિક્રિયા છે.**' કેમકે કર્મનું નિમિત્ત છે. '**એક છૂટો પરમાણુ ગતિ કરે તે...**' એક રજકણ છેને પોઈન્ટ છેલ્લો. આ તો ઘણા પરમાણુ ભેગા છે. છેલ્લો એક પોઈન્ટ જેના બે ભાગ ન થાય. એક પરમાણુ '**છૂટો પરમાણુ...**' પૃથક્ નામ જુદાં પરમાણુ '**ગતિ કરે તે...**' ગમન કરે છે '**તે પુદ્‌ગલની સ્વભાવગતિક્રિયા છે...**' આહા..હા..! એ પરમાણુની એકલા પરની અપેક્ષા વિના ગતિ કરે છે તો એ સ્વભાવગતિક્રિયા છે. એક પરમાણુ નીચે છે. ચૌદ રાજુલોક ચાલ્યા જાય એ સ્વભાવગતિ ક્રિયા છે. કેમકે સ્કંધ નથી, પિંડ નથી, એકલા સ્વતંત્ર દ્રવ્ય છે. એની ગતિને સ્વભાવગતિક્રિયા કહે છે. આહા..હા..!

'**છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્‌ગલની સ્વભાવગતિક્રિયા છે અને પુદ્‌ગલસ્કંધ ગમન કરે...**' છે આ શરીર. આમ-આમ. તો આ વિભાવ છે. ઘણા રજકણો ભેગા થયા છેને? તો એ વિભાવગતિ ક્રિયા છે. એ આત્માથી નથી ચાલતી. આમ શરીર ચાલે એ વિભાવગતિ ક્રિયાથી ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ! આ તો સંપ્રદાયમાં જન્મ્યા. અમે જૈન-જૈન. એટલે વાડામાં જૈન, થઈ રહ્યું. એમ નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જેવો દ્રવ્યનો સ્વભાવ સ્વતઃ જોયો છે એવું માને ત્યારે તો વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પુદ્‌ગલસ્કંધ ગમન કરે તે...**' છેને? એક પરમાણુ એકલો ગમન કરે એ સ્વભાવગતિ છે. '**પુદ્‌ગલસ્કંધ ગમન કરે...**' આ શરીર, વાણી, પત્થર ફેંકે એ ગતિ કરે છે એ એની વિભાવગતિ ક્રિયા છે. આ દડો નથી હોતો? દડો-દડો હોય છેને ગેંદ. શું કહેવાય? ગેંદ. અમારે દડો કહે છે. એ એની વિભાવગતિની ક્રિયાથી એમ થાય છે. બીજો એને (બેટથી) મારે અને જાય એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** વાત જ જુદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ભગવાને જોયો એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! છે?

'**પુદ્‌ગલસ્કંધ ગમન કરે...**' છે. આ વરસાદ વરસે છેને વરસાદ? આ વરસાદ. એ પુદ્‌ગલ સ્કંધ છે. અંદર એકેન્દ્રિય જીવ છે એ ભિન્ન. જે દેખાય છે એ તો સ્કંધ-શરીર છે. જેમ આ શરીર દેખાય છે (એનાથી) આત્મા તો ભિન્ન છે, એમ પાણીનો જીવ છે એ અંદર ભિન્ન છે. જે શરીર આમ ઉપરથી પડે છે એ પુદ્‌ગલની વિભાવિકક્રિયાથી નીચે પુદ્‌ગલ પડે છે. આહા..હા..! આવું તો કોઈ દિ' સાંભળ્યું ન હોય કેટલાક કહે. માર્ગ આવો છે. સાંભળતો ખરો તું! પુદ્‌ગલનો જેવો સ્વભાવ છે એ સ્વતઃ થાય છે એમ બરાબર યથાર્થ માને ત્યારે તો પુદ્‌ગલની વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે. એને નિશ્ચય શ્રદ્ધા તો આત્માની થાય એને વ્યવહારશ્રદ્ધા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલની (સ્કંધમાના દરેક પરમાણુની)...**' જુઓ, શું કહે છે? આ આંગળી છેને આંગળી? જુઓ, આમ ચાલે છેને? એ વિભાવિકગતિક્રિયા છે. સ્કંધ એકઠા છે એ તો વિભાવ કહ્યું, પણ એક પરમાણુ અંદર એ પણ વિભાવગતિક્રિયાવાળા છે. આમાં પરમાણુ છે. આ કાંઈ એક ચીજ નથી, આ તો અનંત રજકણનો પિંડ છે. અનંત પરમાણુ પોઈન્ટ. ટૂકડો કરતાં... કરતાં... કરતાં... છેલ્લો રહે એ એક પરમાણુ. તો એવા અનંત પરમાણુનો પિંડ છે તો એને વિભાવગતિક્રિયા કહી. કેમકે ભેગા થઈને થયા છેને? પણ છતાં એ સ્કંધમાં રજકણ જે છે એ પણ વિભાવગતિક્રિયા છે. એકલા છૂટા પરમાણુ છે એ સ્વભાવગતિ ક્રિયા છે. સ્કંધમાં જે પરમાણુ છે એ વિભાવગતિક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિભાવ શબ્દે બે પરમાણુ સાથે છે તો વિભાવ થયો. એક પરમાણુ ભિન્ન છે તો સ્વભાવ થયો. આહા..હા..! આવી વાતું, ભાઈ! આ તો બધી એક-એક. બીજા જીવના શરીરને હું મારી શકું એ ખોટી વાત છે કહે. એ શરીરને છૂટવાનો જ્યારે પુદ્‌ગલનો સ્વભાવ ત્યારે છૂટશે. સમજાણું કાંઈ? બીજો કહે કે હું શરીરની રક્ષા કરું. આ ડોક્ટર તો દવા કરે છેને, નહિ? એય..! નિરોગ બનાવે છે કે નહિ? ધૂળેય નથી બનાવતા.

**શ્રોતા :-** ..ના ટૂકડા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટૂકડા-ટૂકડા કોણ કરે? પુદ્‌ગલ. ગલ-ગલ એનો સ્વભાવ છે તો ટૂકડો થાય છે. પોતાથી ટૂકડો થાય એ માન્યતા મિથ્યાત્વ છે. વાત એવી છે, ભાઈ! આહા..હા..!

અહીં તો ખૂબી શું લીધી સમજાણું? આ જુઓને, અનંત પરમાણુ છેને અનંત રજકણ છે આ અનંત. આ વિભાવ છે. છૂટા પરમાણુ એકલા તે સ્વભાવ છે. એ એકલા સ્વભાવગતિ કરે છે. પણ એમાં (સ્કંધમાંના) એક-એક પરમાણુ છે એમાં પણ વિભાવગતિક્રિયા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'વિભાવગતિક્રિયા છે. આ સ્વાભાવિક તેમજ વિભાવિકગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.'** બસ એટલી વાત છે. ત્યાં ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે એક વસ્તુ. ચૌદ રાજલોક, ચૌદ બ્રહ્માંડ પ્રમાણે ધર્માસ્તિ નામનો અરૂપી એક પદાર્થ છે (એ) ભગવાને જોયો છે. એ સ્વભાવગતિ કે વિભાવગતિમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે. પોતાથી સ્વભાવગતિ કરે છે, પોતાથી વિભાવગતિ કરે છે, નિમિત્ત ધર્માસ્તિકાય છે. આહા..હા..! લ્યો, એ ત્યાં આવ્યું. અને **'જીવ-પુદ્ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.'**

હવે નીચે ત્યાં એમાં **'સ્વભાવસ્થિતિક્રિયા...'** હવે સ્વભાવની સ્થિતિ. આમ ગતિ હતી. **'સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું નિમિત્ત તે અધર્મ છે.'** અહીં નીચે છે લ્યો. નીચે બગડો છે નોટમાં બે-બે. **'સિદ્ધદશામાં જીવ સ્થિર રહે...'** છે. ભગવાન બિરાજે છે ત્યાં સ્થિર છે સિદ્ધ. સિદ્ધ ભગવાન. અનંત સિદ્ધ છે. એક સિદ્ધ છે ત્યાં અનંત છે. સ્થિર છે લોકાગ્ર. લોગમાં અગ્ર. એ **'સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિકસ્થિતિક્રિયા છે...'** સ્વભાવિકસ્થિતિક્રિયા. **'અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વિભાવિકસ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્ગલની સ્વભાવિકસ્થિતિક્રિયા છે...'** એકલા પરમાણુ. **'અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (-સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિકસ્થિતિક્રિયા છે.'** આહા..હા..! આ આમ રહે છે. આ પાનું લઈ લ્યો. આ સ્કંધ છેને? આમ રહે છે. એ એની વિભાવિકસ્થિતિક્રિયા છે. ઘણા ભેગા છેને? તો આ વૈભાવિકસ્થિતિક્રિયા છે. એવી વાત છે, શેઠ! આ ભગવાનનો માર્ગ ઝીણો છે. શેઠિયાઓને નવરાશ મળે નહિ. કારણ કે રળવું, ખાવું અને એમાં ઘૂંચાઈ જાય. કલાક સાંભળવા જાય. કેમ? માંગીલાલજી! આ તો વખત દેવો જોઈએ, ભાઈ! આવો માર્ગ વીતરાગનો (એ) અનંતકાળે સત્ય મળે છે. એને સમજવા માટે ટાઈમ આપવો જોઈએ. આહા..હા..! પોતાના હિતને માટે છેને? કાંઈ બીજા માટે છે એ? આહા..હા..!

શું કહ્યું? જુઓ, **'(-સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિકસ્થિતિક્રિયા છે.'** જુઓ, સમજાણું? આ આંગળીમાં પરમાણુ આમ ચાલે છે. તો આ સ્કંધ વિભાવિક છે. કેમકે એક પરમાણુ નથી. તો અનંત પરમાણુમાં વિભાવિકક્રિયા થાય છે. તો એક-એક પરમાણુ પણ અંદર વિભાવિકક્રિયાવાળા છે. એક-એક રજકણ છે એ વિભાવિકક્રિયાવાળા છે. તો સ્કંધમાં આવ્યો તો વિભાવિક થયોને? (-નહિ), એ સમયે વિભાવિકક્રિયા થવાને કારણે ત્યાં રહ્યો છે. ઝીણી વાત, ભગવાન! બહુ ગપ અત્યારે તો. નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે... શું થાય છે? નિમિત્ત તો છે એટલું. આહા..હા..! **'આ જીવ-પુદ્ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય...'** અધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. નીચે છેને અહીંયાં. નિમિત્ત તો અધર્માસ્તિકાય છે.

હવે વિભાવિક ઓલી બાજુ. એ બાજુ. ૨૪ પાનું. '(બાકીનાં) **પાંચ દ્રવ્યોને અવકાશદાન (-અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.'** આકાશ નામનો અરૂપી પદાર્થ છે. લોક અને અલોક સર્વવ્યાપક. એ પાંચ દ્રવ્યો. પાંચ દ્રવ્ય છેને આ ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, જીવ અને પુદ્‌ગલ. એને '**(-અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.**' આકાશ નામનો પદાર્થ લોકવ્યાપક છે. આહા..! ચૌદ બ્રહ્માંડ છે ત્યાં પણ અરૂપી આકાશ છે અને ખાલી ભાગ છે ત્યાં પણ આકાશ છે. અંત-અંત વિનાનું આકાશ. એટલો ચારે બાજુ આકાળ ચાલ્યો જ જાય છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત યોજન. ક્યાંય અંત નથી એવું આકાશ છે. આહા..હા..! અંત હોય તો પછી શું? એવી વાત છે. દેવામાં આકાશનો અંત નથી. સમજાણું કાંઈ? એ પાંચ દ્રવ્યને અવકાશ દેવામાં. નિમિત્ત છે.

'(બાકીનાં) **પાંચ દ્રવ્યોને વર્તતાનું નિમિત્ત તે કાળ છે.**' કાળ નામનો પદાર્થ છે. પાંચ પદાર્થ છે—જીવ, પુદ્‌ગલ એ વર્તે છે આમ પલટે છે, પલટે છે. પલટવામાં નિમિત્ત થવું એ કાળદ્રવ્યનું નિમિત્ત છે. પલટવું એ પોતાનો સ્વભાવ છે, પણ કાળદ્રવ્ય એમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! શ્વેતાંબર કાળદ્રવ્યને માનતા નથી. એ ઉપચાર માને છે. એમ નથી. કાળદ્રવ્ય એ વસ્તુ છે. સમજાણું કાંઈ? અમારે નારણભાઈ હતા એણે પ્રશ્ન કર્યો હતો. કહ્યું હતુંને હમણા? જામનગર ૮૮ની સાલ. ૮૮. ભાઈ પણ ૮૮માં આવ્યા હતા તમારા સસરા. ..પ્રસાદને એ. ૮૮. ૪૪ વર્ષ થયા. તો ત્યાં પહેલા પ્રશ્ન ઉઠ્યો હતો કે ભાઈ! આ શ્વેતાંબર કાળદ્રવ્યને નથી માનતા એનું કારણ શું? તો અમારા નારણભાઈ તર્કબાજી હતાને? કહ્યું હતુંને? કે સ્વકાળની પરિણતિ સ્વતઃ થાય છે એની એને ખબર નથી. સ્વકાળની પર્યાય પરથી ભિન્ન થઈ ગઈ. સ્વકાળ નિર્મળ એવી થઈ નથી તો એણે કાળદ્રવ્યને ઉડાવી દીધા. સ્વકાળની પરિણતિનું ભાન નથી એણે કાળ ઉડાવી દીધો. એય..! નવરંગભાઈ! શું કીધું સમજાણું?

**શ્રોતા** :- ફરીવાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફરીવાર. તે દિ' એ વાત. ભાઈ આજે નથી. એ દયાબહેન એ જ હશે. દયાબહેન તમારે બચુભાઈને ઘરે. બચુભાઈને ઘરેથી દયાબહેન છેને? એ તે દિ' ત્યાં આવ્યા હતા. પ્રશ્ન થયો હતો. ૮૮ની સાલની વાત છે. ૪૪ વર્ષ થયા. તો પ્રશ્ન થયો હતો કે કાળદ્રવ્ય શ્વેતાંબર નથી માનતા તો એનું કારણ શું? તો નારણભાઈ સાથે સાંજે ચર્ચા થઈ હતી કે સ્વકાળનો પુરુષાર્થ જે અનુભવ થાય એ થાય એને સ્વકાળ છે, અનુભવમાં આવ્યું એને પરકાળના નિમિત્તનું સાચું જ્ઞાન થાય છે. પણ જેને સ્વકાળનું પરિણમન નથી એ કાળ ઉડાવી દીધો. હિંમતભાઈ!

**શ્રોતા** :- પોતાનું જ ઉડાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાનું ઉડાડે. આહા..! ઝીણી વાત છે થોડી. આ તો ઘણા વર્ષથી અમારે ચાલે છેને. આહા..હા..!

શું કહ્યું એ? કે પોતાનો આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાયકસ્વભાવ છે, ચૈતન્ય આનંદકંદ છે એના સ્વકાળમાં એની પરિણતિ સમ્યગ્દર્શન થયું હોય તો મારા કાળમાં મારો કાળ પાકી ગયો અને મારા કાળમાં મારી દશા પલટી ગઈ એને બીજા કાળનું નિમિત્તનું સાચું જ્ઞાન છે. પણ જેના કાળની પરિણતિ બદલી નથી એને કાળ 'આ છે અને આ છે' એ રહ્યું નહિ એને. ઝીણી વાત આ તો. ભગવાનજીભાઈ! અમારે તો આ ધંધો છેકથી ચાલે છે દુકાન છોડ્યા પછી. દુકાન છોડે ૬૩ વર્ષ થયા, ૬૪ થયા. ૬૮. વૈશાખ. ૬૮ના વૈશાખે દુકાન છોડી. ૬૮. ૬૪ વર્ષ થયા ૬૪. ૬૦ અને ૪. તો ત્યાં પણ આ ચર્ચા ચાલતી હતી. અમારે સંસારમાં પણ થોડી-થોડી ચાલતી હતી. આહા..હા..!

કહ્યું નહિ એક એ ચર્ચા ચાલી હતી ૬૯ની સાલમાં. ઈશ્વરકર્તા છેને? તો કહે આ વસ્તુ છે અનાદિ-અનંત. તો અનાદિ-અનંત જાણે કેમ? આદિ હોય તો જાણે, અનાદિ-અનંતને કેમ જાણે? એવો પ્રશ્ન ઉઠ્યો.. ૬૯ની સાલ. સંવત્ ૧૯૬૯. ૭૦માં ઓછા. ૭૦ હોં. તે દિ' દૃષ્ટાંત આપ્યું હતું. છાપ મારે છેને શું કહે છે?

**શ્રોતા :-** મહોર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમ છાપ મારે છેને? કીધું એ જોયું? ક્યાંથી શરૂ થયું? .. આખું દેખાય છે? ક્યાંથી શરૂ થયું? છે ક્યાં એ? એમ અનાદિ જણાય છે. ક્યાંથી શરૂ થયું? છે નહિ ને. સમજાણું કાંઈ? આ તો સંસારમાં દીક્ષા લીધા પહેલા ચર્ચા થતી હતી. એ કાઠી હતા કાઠી. અમે ત્યાં ગઢડે રહેતા હતાને. જંગલમાં જાતા હતા તો બોલાવે. શરીર નાનું ઉંમર ૨૨ વર્ષની અને અમારા પિતાજીની બહુ પ્રસિદ્ધિ. પિતાજીના પિતાજીની ત્યાં ગઢડામાં બહુ પ્રસિદ્ધિ. ગૃહસ્થ મોટા. એટલે કે આ એક એમના દિકરાના દીકરા દીક્ષા લે છે. ઓહો..! અને રૂપાળું શરીર છે. તે દિ' ૨૨ વર્ષની ઉંમર. આ ક્યાં? બોલાવે. કે તમે કહો છો કે આત્મા શરીર પ્રમાણે એ તો અનિત્ય થઈ જાય છે. નિત્ય તો વ્યાપક હોય તો નિત્ય રહી શકે છે. એમ પ્રશ્ન કર્યો. કીધું એમ નથી. શરીર પ્રમાણે રહેવા છતાં પણ નિત્ય છે. આ પરમાણુ નિત્ય છે. પણ એ લોકોને બેસે નહિને. વ્યાપકને માનનારને વેદાંત. વેદાંત સર્વવ્યાપક એકને જ માને. આ બેને. સાંભળતા હતા. સાંભળે વૃદ્ધ હતા. વિક્રમખાચર હતા વિક્રમખાચર. કાઠી. કાઠી હતાને. ગરાસદાર. જમીનના... આ તો ઘણા વર્ષની વાત છે. ૬૩-૬૪ વર્ષ પહેલાં. ચીજ નહિ દેખતા... વાસણનું દૃષ્ટાંત હતું. એ કાંસાનું વાસણ હોય છેને? કાંસુ-કાંસાની થાળી. દેખાણી કે નહિ? ક્યાંથી શરૂ થઈ? ક્યાંથી શરૂ થઈ? ચક્કર છે. એમ અનાદિ-અનાદિ ચક્કર છે. જ્ઞાનમાં આવી ગયું જે છે એ. સમજાણું કાંઈ? ન્યાયથી સ્વભાવ કેવો છે એમ જાણીને માનવું. એમ ને એમ સમજ્યા વિના માને તો ક્યાંથી ટકે?

સમજાણું કાંઈ?

તો અહીં કહે છે જુઓ, પરમાણુ પણ વિભાવક્રિયાવાળો છે. આહા..હા..! છેને? આવશે. અહીં આવ્યું. '(બાકીના) **પાંચ દ્રવ્યોને વર્તતાનું નિમિત્ત તે કાળ છે.**' પાંચ દ્રવ્યો પરિણમે છે એમાં વર્તવું. શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે છે કે કાળ ન હોય તો પરિણમે નહિ. એ તો નિમિત્તને સિદ્ધ કરવાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? પાઠ એમ છેને? '**નિમિત્તને તે કાળ છે. (જીવ સિવાયના) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે;...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ અને આકાશમાં શુદ્ધ ગુણ છે. એની પર્યાય પણ શુદ્ધ જ છે. પર્યાય શુદ્ધ છે—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. જીવ અને પુદ્ગલ બેમાં વિભાવ અને સ્વભાવ છે. વિભાવ બેમાં જીવ અને પુદ્ગલ. ચારમાં વિભાવ નથી. સમજાય છે? આહા..હા..!

'**(હવે, નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે :)**' જુઓ, શ્રદ્ધાનું ફળ વર્ણવે છે. ૧૬-૧૬.

(मालिनी)

इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं
द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।
हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते
स भवति परमश्रीकामिनीकामरूपः।।१६।।

મુનિરાજનો શ્લોક છે. પદ્મપ્રભમલધારિદેવનો.

'**શ્લોકાર્થ :- એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી...**' છ દ્રવ્ય છેને? જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ છ દ્રવ્ય થયા. ભગવાને છ દ્રવ્ય જોયા છે કેવળજ્ઞાની પરમાત્મા જિનેન્દ્રદેવે. ત્રણકાળ, ત્રણલોક એમાં છ દ્રવ્ય જોયા છે. '**એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને—**' ષટ્દ્રવ્યસમૂહરૂપી '**કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે...**' એ છએ દ્રવ્ય ગુણ અને પર્યાયની શક્તિવાળા છે. સમજાણું કાંઈ? '**તેજના અંબારને લીધે...**' તેજનું અંબાર છેને? તેજનો પુંજ એવો. એમ દરેક દ્રવ્ય પોતાની શક્તિના તેજથી રહે છે. કોઈને કોઈનો આધાર નથી. '**તેજના અંબારને લીધે કિરણોવાળું છે...**' ગુણ-પર્યાયવાળો છે '**અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં...**' આ છ દ્રવ્ય તો વીતરાગ માર્ગમાં છે. જિનપતિ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ. સમજાણું કાંઈ? '**જિનપતિના માર્ગરૂપી સમુદ્ર...**' આહા..હા..! એની '**મધ્યમાં રહેલું છે.**' જૈનમાર્ગમાં છ દ્રવ્ય સ્થિત છે. બીજામાં એમ નથી. આહા..હા..!

'**જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ...**' જુઓ, છ દ્રવ્યને યથાર્થ સ્વભાવને માનનારા તીક્ષ્ણ બુદ્ધિવાળો, એમ કહે છે. આહા..હા..! આ તમારા સંસારના કામ કરે અને આ દવાખાના દેવા એ તીક્ષ્ણ બુદ્ધિવાળો નથી, એમ ના પાડે છે. '**તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં**

**(શોભા માટે) ધારણ કરે છે,...'** છ દ્રવ્ય છે એવા નિશ્ચયસમ્યગ્દર્શનસહિત વ્યવહાર સમકિત ધારણ કરે છે તે શોભે છે. આહા..હા..! છ દ્રવ્ય છે જગતમાં. ભગવાને કહ્યા એ અનંતગુણ પર્યાયવાળા છે. '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...**' પરમશ્રી એટલે લક્ષ્મી કેવળજ્ઞાન. મોક્ષરૂપી લક્ષ્મી. પરમશ્રી મોક્ષરૂપી લક્ષ્મી. એની જે પરિણતિ કામિની એટલે સ્ત્રી એટલે પરિણતિ અવસ્થા એનો વલ્લભ થાય છે. અર્થાત્ પૂર્ણ આનંદરૂપી પરિણતિ એને છોડશે નહિ. પૂર્ણ આનંદની પરિણતિ સાથે રહેશે. આહા..હા..!

**શ્રોતા :-** ...નામ શીખી લેવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ શીખી લેવા. એનું સ્વરૂપ શું છે? દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? પોતાની સ્થિતિથી સ્વતઃ કેમ રહે છે? એવું જાણવામાં લેવાનું છે. નામ તો અનંતવાર શીખ્યા. આહા..હા..! છ દ્રવ્ય તો ભગવાનમાં છે. શ્વેતાંબર એ પાંચ દ્રવ્યને માને છે. એ કાળદ્રવ્યને નથી માનતા. આ પાંચ દ્રવ્ય છેને એની પર્યાયને કાળ માને છે. ભિન્ન કાળદ્રવ્ય નથી માનતા. છ દ્રવ્ય છે ભગવાનના માર્ગમાં.

'**જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે તેને—જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે)...**' એ વ્યવહાર શોભા છેને વ્યવહારની શ્રદ્ધા એ? '**ધારણ કરે છે, તે પરુષ પરમશ્રીરૂપી કામિનીનો...**' પરમ આનંદરૂપી મુક્તિ, એરૂપી સ્ત્રી એનો વલ્લભ થાય છે. પૂર્ણ આનંદની પરિણતિ એનો વલ્લભ થાય છે. પૂર્ણાનંદની પરિણતિ એને છોડશે નહિ. પરમ આનંદ પરિણતિ થશે એને. નિશ્ચયસમ્યગ્દર્શનસહિત છ દ્રવ્યની શ્રદ્ધાવાળા પરમમુક્તિની પરિણતિને પ્રાપ્ત થશે એમ કહે છે. આહા..હા..! આવી વાતું! '**(અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે).**' મુક્તિલક્ષ્મીને વરે છે. સમજાણું કાંઈ? લ્યો, એ ૯ ગાથા થઈ. ૧૦મી. હવે ઉપયોગની સૂક્ષ્મ વ્યાખ્યા ચાલશે. પહેલા જીવ લીધો હતોને? તો જીવમાં ઉપયોગસ્વરૂપ કહ્યો. 'जीवो' તે ઉપોયગની વ્યાખ્યા કરે છે.

जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।
णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति।।१०।।

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.**' જીવનો ઉપયોગ જ્ઞાન-દર્શન, જાણવું-દેખવું એવો ઉપયોગ નામ આત્માનો વેપાર એનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! એ દ્રવ્યની વાત કરી, હવે એના ઉપયોગની વાત કરે છે. આહા..હા..! '**આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.**' શું કહ્યું? ભગવાન આત્મા એનો ચૈતન્યસ્વભાવ જે છે ચૈતન્યસ્વભાવ, એને અનુવર્તી-એને અનુસરણ

કરનારો '**પરિણામ તે ઉપયોગ છે.**' આત્મામાં જ્ઞાન-દર્શન જે ગુણ છે, ચૈતન્યગુણ. ચેતન દ્રવ્ય. જ્ઞાનદર્શનગુણ એને અનુસરનારા વર્તમાન જ્ઞાન-દર્શનના પરિણામ આ એને ઉપયોગ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સમાડી દીધા.

'**આત્માનો...**' એ દ્રવ્ય લીધું. '**ચૈતન્ય...**' એ ત્રિકાળી ગુણ લીધા. '**અનુવર્તી...**' એને અનુસરનારા એ પરિણામ પર્યાય લીધા. બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા જે છે એ વસ્તુ છે અને ચૈતન્ય એનો જાણન-દેખન એનો ત્રિકાળી ગુણ છે. એ ગુણને અનુસરીને પરિણામ છે. આ શરીર અને વાણી સાંભળે છે એનાથી ચૈતન્યના પરિણામ થાય એમ નથી. આ સાંભળે છેને? તો સાંભળવાથી ચૈતન્યના પરિણામ થાય એમ નથી. આહા..હા..! આ આત્મા પદાર્થ છે દેહથી ભિન્ન, એ તો કહ્યું. હવે એનો ચૈતન્ય શક્તિ સ્વભાવ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવ એવો છે આવ્યું હતુંને? એ ચૈતન્ય ત્રિકાળી એનો સ્વભાવ છે. એ ગુણને અનુસરીને થનારા જાણન-દેખન પરિણામ એ ઉપયોગ નામ પર્યાય છે. એમ કહીને એમ કહ્યું કે અંતરમાં જે જાણવા-દેખવાના પરિણામ જે થાય છે એ અંદર ચૈતન્યગુણને અનુસરીને થાય છે, સાંભળવાથી થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીને. '**આત્માનો...**' આત્મા એ દ્રવ્ય થયો વસ્તુ. '**ચૈતન્ય...**' એનો ત્રિકાળી ગુણ થયો. જ્ઞાન, દર્શન ચૈતન્ય એ ત્રિકાળી ગુણ. ચેતનનો ચૈતન્યગુણ, ચેતનનો ચૈતન્ય ગુણ, સાકરનો મીઠાશ ગુણ, એમ ચેતનનો ચૈતન્યગુણ. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ચૈતન્ય-અનુવર્તી...**' એને અનુસરીને. ગુણને અનુસરીને પર્યાય થાય છે. જાણવા-દેખવાનો પરિણામ ઉપયોગ એ ગુણને અનુસરીને થાય છે. નિમિત્તને અનુસરીને થાય છે એમ છે નહિ. આહા..હા..! લ્યો! આ તો સાંભળે છેને? તો સાંભળે છે તો શું? સાંભળે તો પરમાણુ ભાષા જડ છે. જડથી એના પરિણામ થાય છે? ઉપયોગ એને કહીએ અને ઉપયોગ નામ જાણવા-દેખવાની પર્યાય ઉપયોગ એને કહીએ કે જે દ્રવ્ય નામ આત્મા અને ચૈતન્ય એનો ગુણ એને અનુસરીને પરિણામ થાય એને ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા..! ચંદુભાઈ! કેમ થયું ઢીલું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના તમારે.. હતું. ફરીને. આત્માના ત્રણ પ્રકાર—દ્રવ્ય, ગુણ અને પર્યાય. જેમ સોનું છે સોનું. સુવર્ણ-સોનું. એ સુવર્ણ એ દ્રવ્ય; પીળાશ, ચીકાશ, વજન, શક્તિ એ ગુણ અને કુંડળ, કડા, વીંટી એ પર્યાય. ત્રણ થયાને? એમ ભગવાન આત્મા સુવર્ણ સમાન ત્રિકાળ તે દ્રવ્ય અને સુવર્ણમાં જેમ ચીકાશ અને વજન અને પીળાશ એ ગુણ એમ ચૈતન્ય આત્માનો ગુણ, જાણન-દેખન ત્રિકાળ ગુણ અને જેમ કુંડળ, કડા, વીંટી અવસ્થા-પર્યાય છે એમ ગુણને અનુસરીને વર્તમાન પર્યાય એ ઉપયોગ. આહા..હા..! વાંચવાથી નથી થતો, સાંભળવાથી નથી થતો, એમ કહે છે. આહા..હા..! આ તો બાપુ માર્ગ છે. એ સાધારણ વાત હોય તોપણ વીતરાગની વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વર દેવ. આહા..હા..! લોકોને

અભ્યાસ નથી. વાડામાં પડ્યા કલાક-બે કલાક આપે કોક દિ' સાંભળવા જાય એમાં. કેટલાક તો સાંભળવા પણ કોક દિ' જાય. એમાં આ ક્યાં સમજે? આ શું વસ્તુ છે?

**શ્રોતા :-** સંભળાવનારા જ કોઈ નથી મળ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદેય કહ્યુંને? આહા..હા..! આ તો સ્પષ્ટ વાત છે. બે ને બે ચાર જેવી વાત છે. કોઈ ન સમજાય એવી વસ્તુ નથી. આચાર્યે સમજાવવા કહ્યુંને? અને સમજનારને કહ્યુંને? જડને કહ્યું છે? સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટાંત નથી દેતા? તૃષા લાગી હોય તૃષા, તો ઘરમાં પાંચ હજારનો અશ્વ-ઘોડો હોય કે બે હજારનો બળદ હોય, એને કહે કે પાણી લાવ? કેમકે એ જાણે છે એ નહિ સમજે, પણ આઠ વર્ષની છોકરી હશે તો કહે બેટા! પાણી લાવ. ખ્યાલ આવ્યો કે એ સમજી શકે. બળદ અને ઘોડો નહિ સમજી શકે. આઠ વર્ષની છોકરીને કહે કે બેટા! પાણી લાવ. ક્યાં છે બાપુજી? પાણી તો ઉપર છે. પાણીયારું હોય છેને પાણીયારું? પાણીયારું કહે છે? નીચે પણ છેને. ખાડામાં પાણી રાખે છે. લાવ પાણી. એ આઠ વર્ષની છોકરી પણ સમજી શકે છે. તો સમજી શકે એને કહે છે. એમ અહીંયાં આચાર્ય મહારાજ અંદર આત્માને કહે છે. સમજ શક્તિવાળો છે એને કહે છે. આ શરીર-જડને નથી કહેતા. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ બિરાજે છેને. કહે છે કે એ ચેતન દ્રવ્યનું ગુણ જે છે ચૈતન્ય. એને અનુસરીને જે પરિણામ ઉપયોગ થાય છે એ જ્ઞાન, દર્શન પરિણામ એ ચૈતન્યને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે તો આત્માના ઉપયોગની પરિણતિની સાચી શ્રદ્ધા એને કહેવામાં આવે છે. એ પરિણતિ જે ઉપયોગ પર્યાય છે એ મારા ગુણને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થાય એમ છે નહિ. આહા..હા..! હજી વિશેષ છે, ભાઈ! ટાઈમ થઈ ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧૩, ગુરુવાર, તા. ૧૫-૦૧-૧૯૭૬
## ગાથા-૧૦, કળશ-૧૭, પ્રવચન નં. ૧૫૩

નિયમસાર, ગાથા-૧૦. આત્માનો સ્વભાવ એ ત્રિકાળ છે. એમાં પણ જ્ઞાન અને દર્શન ઉપયોગ ત્રિકાળ છે. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન, દર્શન ત્રિકાળી ધ્રુવ ઉપયોગ છે. એમાંથી વર્તમાન કાર્ય ઉપયોગ પ્રગટે છે. સમજાણું કાંઈ? એ ઉપયોગના બે પ્રકાર .. આનું વર્ણન કરશે. '**આત્માનો ચૈતન્ય-અનુવર્તી...**' આત્મા વસ્તુ એનો ચૈતન્ય સ્વભાવ, ગુણ, અનુવર્તી અનુસરીને વર્તનારા પરિણામ એ પર્યાય. વસ્તુ આત્મા એનો ચૈતન્ય ગુણ, સ્વભાવ એને

અનુસરીને પર્યાયમાં જે ઉપયોગ નામ પરિણામ થાય છે એને પરિણામરૂપ ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્માનો.. બહારમાં એમ લાગે કે જાણે આ સાંભળવાથી જ્ઞાનની પર્યાય આવતી હોય, વાંચવાથી આવતી હોય, તો એ ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માનો ચૈતન્ય સ્વભાવ, ત્રિકાળ શક્તિસ્વરૂપ એને અનુસરીને જ્ઞાન અને દર્શનના પરિણામ પર્યાય ઉત્પન્ન થાય છે. એ અંતરથી ઉત્પન્ન થાય છે, બહારથી ઉત્પન્ન થતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાય તો બહિર્તત્ત્વ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહિર્તત્ત્વ છે, પણ અંતરમાંથી બહિર્તત્ત્વ આવે છે. પર્યાય બહિર્તત્ત્વ છે એક અંશ છે માટે ભલે, પણ ઉત્પન્ન થાય છે ત્રિકાળીમાંથી. ઝીણી વાત છે ભાઈ!

કહેશે જુઓ, '**ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.**' આત્માનો ઉપયોગ કાયમી ધર્મ છે સ્વભાવ. ધર્મ એટલે સ્વભાવ અને આત્મા ધર્મી છે. ધર્મને ધરનારો, ધર્મ શબ્દે જાણન-દેખન ઉપયોગ એ અહીં લેવું છે. એમાં જાણન-દેખન એવો સ્વભાવ એ ધર્મ અને જીવ સ્વભાવી ધર્મી. આહા..હા..! '**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' દીપક ધર્મી, પ્રકાશ ધર્મ. સમજાણું કાંઈ? દીપક ધર્મી, પ્રકાશ ધર્મ. ધર્મ શબ્દે અહીં મોક્ષનો માર્ગ નહિ, એનો સ્વભાવ. આહા..હા..! દીપક પ્રકાશરૂપી ધર્મને ધરનારા અને પ્રકાશ એનો ધર્મ. ધર્મ એટલે આ મોક્ષના માર્ગની અહીં વાત નથી. ટકાવી રાખેલ ભાવ. ટકાવનાર ધર્મી અને ટકેલો ભાવ. આહા..હા..! આ તો મોક્ષમાર્ગનો અધિકાર છેને એટલે તો બધી પર્યાયની વાત સ્પષ્ટ કરી દીધી છે. કે જે જ્ઞાન, દર્શન, પરિણામ, પર્યાય. પરિણામ કહો કે પર્યાય કહો. જે આવે છે એ ક્યાંથી આવે છે? બહારથી આવે છે? અંતરમાંથી જ્ઞાન, દર્શનની પર્યાય પરિણમન થઈને અંતરમાંથી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...**' હવે ઉપયોગ કહ્યો પહેલા. એ ઉપયોગ ધર્મ છે. ધર્મ નામ ધારી-ટકાવી રાખેલ ભાવ. જીવ ટકાવી રાખનાર છે. '**જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...**' જાણન ઉપયોગ અને એક દેખન ઉપયોગ. '**(અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...**' સમજાણું કાંઈ? '**જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ).**' હવે '**તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે;...**' આહા..હા..! સ્વભાવજ્ઞાન અમૂર્ત-રંગ-ગંધ નથી એમાં. '**અવ્યાબાધ,...**' વિઘ્ન નથી એમાં. '**અતીન્દ્રિય અવિનાશી છે;...**' આહા..હા..! સ્વભાવજ્ઞાન અમૂર્ત. જ્ઞાનના

બે પ્રકાર કહ્યાને? પહેલા ઉપયોગના બે પ્રકાર જ્ઞાન અને દર્શન, પછી જ્ઞાનના બે પ્રકાર– –સ્વભાવજ્ઞાન, વિભાવજ્ઞાન. પછી સ્વભાવજ્ઞાનના બે પ્રકાર એ ચાલે છે. ઝીણી વાત છે થોડી, ભાઈ! પરિચય નથી આ તત્ત્વનો. બહારની ક્રિયાકાંડ અને પ્રવૃત્તિમાં રોકાઈ ગયો અને તત્ત્વ રહી ગયું. વસ્તુ રહી ગઈ. એકડા વિનાના મીંડા. આહા..હા..!

ભગવાન આત્મા અનંતગુણ સંપન્ન વસ્તુ છે. પણ એમાં ઉપયોગ નામનો સ્વભાવ પણ ત્રિકાળ છે અને એ ત્રિકાળ સ્વભાવોપયોગ છે એ કારણસ્વભાવોપયોગ છે. અને વર્તમાન કાર્ય આવે છે એ કાર્યસ્વભાવોપયોગ છે. આહા..હા..! જુઓ, '**સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન છે...**' કેવળજ્ઞાન થાય છે એ પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. ગુણ ત્રિકાળ છે. ઉત્પન્ન થાય છે એ પર્યાય ઉત્પન્ન થાય છે. ગુણ ઉત્પન્ન નથી થતા, ગુણ તો ત્રિકાળ રહે છે. એ કેવળજ્ઞાન પર્યાય છે તો કાર્ય છે. પર્યાય એ કાર્ય, કાર્ય એ પર્યાય. આહા..હા..! એ કેવળજ્ઞાન એ સકળવિમળ સર્વથા નિર્મળ એક કાર્યજ્ઞાન છે. આહા..હા..!

'**અને તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરૂપાધિક સહજજ્ઞાન છે.**' કેવળજ્ઞાનની પ્રાપ્તિ કાર્યરૂપ જે થઈ એનું કારણ આત્મામાં ત્રિકાળી નિરૂપાધિ... એ શબ્દ બધામાં લાગુ પાડવો. અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અવિનાશી. પર્યાયને પણ એ લાગુ પડે અને કારણને પણ એ લાગુ પડે છે. આહા..હા..! '**કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન છે...**' એનું કારણ. કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ, કેવળજ્ઞાનની ઉત્પત્તિરૂપી કાર્ય એ કાર્યનું કારણ. આહા..હા..! લ્યો! કેવળજ્ઞાન મોક્ષ એનું કારણ મોક્ષમાર્ગ. એમ કહેતા બીજું કહ્યું. મોક્ષમાર્ગ છે પૂર્વે કેવળજ્ઞાન થયા પહેલા મોક્ષમાર્ગ છે એનો તો વ્યય થાય છે અને ઉત્પાદ કેવળજ્ઞાનનો થાય છે. તો એ કેવળજ્ઞાનનું કારણ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય નથી, કારણ ઉપયોગ અંદર ત્રિકાળ છે. એની સંપદા ચૈતન્યની ઋદ્ધિ શું છે એની ખબર નથી. ચૈતન્યની વાત છોડીને બધી વાત.

**શ્રોતા :–** ઉપાદાનકારણ કે નિમિત્તકારણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેમ? એ નિમિત્ત-ફિમિત અહીં નથી. ઉપાદાનકારણ છે. એ તો પહેલું કહ્યું. મોક્ષમાર્ગ છે એ ખરેખર એ નિમિત્તકારણ છે. એનો અભાવ થાય છેને? આ તો ત્રિકાળી જ્ઞાનોપયોગ અંદર છે. આત્મામાં ચૈતન્યના પ્રકાશનું નૂર એના બે પ્રકાર—એક ત્રિકાળી જ્ઞાનોપયોગ અને એક કાર્ય કેવળજ્ઞાનોપયોગ. એ કેવળજ્ઞાન ઉપયોગરૂપી કાર્ય પર્યાય છેને? પર્યાય કહો કે કાર્ય કહો. તો એ કાર્યનું કારણ આત્મામાં રહેલો '**પરમપારિણામિકભાવે...**' છે? એમાં સ્થિત '**ત્રિકાળનિરૂપાધિ...**' ત્રણે કાળે એ જ્ઞાન નિરાવરણ અને નિરૂપાધિ અંદર

આત્મામાં પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ એ ધર્મ, ભગવાન ધર્મી આત્મા. ધરનારો અને એ ચૈતન્ય, ચેતન આત્મા એનો ગુણ ચૈતન્ય. ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ પર્યાય એને ઉપયોગ કહે છે. એ ઉપયોગના બે પ્રકાર—જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના બે પ્રકાર—સ્વભાવજ્ઞાનોપયોગ, વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનના બે પ્રકાર. વાત તો એવી છે, ભાઈ! સ્વભાવજ્ઞાનોપયોગના બે પ્રકાર--એક કારણસ્વભાવજ્ઞાનોપયોગ, એક કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** છેડો આવી ગયો હવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે હવે એના ભાગ નહિ પડે એમ.

'**કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન છે...**' અરિહંત પરમાત્મા સર્વજ્ઞને જે કેવળજ્ઞાન થાય છે એ કાર્ય છે. પર્યાય છેને પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ તો ત્રિકાળી રહે છે. સમજાણું કાંઈ? એકવાર અમે ગયા હતાને એ? શું કહેવાય જંબુસ્વામીનું? મથુરા-મથુરા. ગયા હતાને મથુરા? વ્યાખ્યાન ચાલ્યું અને ઘણા પંડિત બેઠા હતા. પંડિત હતા. મથુરા ગયા હતા. તો આ આવ્યું. કેવળજ્ઞાન પણ પર્યાય છે, એક સમયે રહે છે, નાશવાન છે. ભડક્યા. પંડિત લોકો કહે, આ શું? એ કૈલાસચંદજીએ એને કહ્યું કે પણ સાંભળો તો ખરા શું કહે છે. ભાઈ હતાને? કૈલાસચંદજી હતા નહિ? મથુરા-મથુરા. જંબુસ્વામી ગયા. ત્યાં ગયાને? બધા મુખ્ય-મુખ્ય જે દિગંબર તીર્થ છે ત્યાં બધે ગયા છે. કેટલાક નાના રહી ગયા. બે વાર ગયા હતાને. ૯-૯ હજાર માઈલ. બે વાર ફર્યા. ત્રણ વાર કરી પછી ૯-૯ હજાર. તો ત્યાં, કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે અને બીજે સમયે એ પર્યાય રહેતી નથી. ભડક્યા.

મૂળ વાત એ છે કે કેવળજ્ઞાન એ પર્યાય છે. ઉત્પન્ન થાય છેને? ગુણ ઉત્પન્ન ન થાય. ગુણ તો ત્રિકાળ રહે છે. દ્રવ્યમાં, વસ્તુમાં જે ત્રિકાળ છે અને પર્યાય ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો પર્યાય છે એ ઉત્પાદ-વ્યયવાળી છે અને ગુણ છે એ ધ્રુવ છે. સમજાણું કાંઈ? તો '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'માં ત્રણે આવી ગયા. નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાય વ્યય થાય એ ઉત્પાદ-વ્યય અને કાયમ રહે તે ધ્રુવ. એમ આત્મામાં સ્વભાવજ્ઞાનોપયોગ બે પ્રકારના છે—એક કારણસ્વભાવજ્ઞાનોપયોગ, એક કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. બાપુ! આ તો અંતરની વાતું છે. આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધ પરમાત્માને આઠ ગુણ પ્રગટે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુણ નથી એ પર્યાય છે. એ ગુણ પર્યાય છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં ગુણ લખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લખ્યા છે એ ગુણ નામ પર્યાય. ગુણ પ્રગટ થાય છે? એ ગુણ તો ત્રિકાળ રહે છે. છેને એ ભાષા તો સમજાવવા માટે છે. અવગુણ નાશ પામીને

ગુણ થયા એનો અર્થ અવગુણની પર્યાયનો નાશ થઈને ગુણની પર્યાય ઉત્પન્ન થઈ. સિદ્ધ પોતે પર્યાય છે, સિદ્ધ ગુણ નથી. આહા..હા..! સંસાર અવસ્થા છે એમ સિદ્ધ પણ અવસ્થા છે. અવસ્થા કહો કે પર્યાય કહો. ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ છે. એમાં સંસાર-અવસ્થા એ પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે અને મોક્ષ પણ પર્યાય છે. આહા..હા..! આ સમજવું અંદર ધર્મ જેણે કરવો હોય એને અંદર દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે એ બતાવે છે. સમજાણું કાંઈ? ધર્મ જેમાં પડ્યો છે સ્વભાવ એની દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. આહા..હા..! ધર્મ કોઈ બહારની ક્રિયાકાંડ અને ભગવાનના દર્શન અને જાત્રા કરી અને ધર્મ થયો (એમ) ધર્મ ક્યાંય છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- સવારમાં તો ધર્મ કર્યો પૂજા કરીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો શુભભાવ. પૂજા-બુજામાં ધર્મ ક્યાં હતો? અને તે પછી આમ સ્વાહા. એ ક્રિયાનો કર્તા એ તો મિથ્યાત્વ છે. આ જડની ક્રિયા એ તો છે. ઝીણું છે, ભાઈ!

**શ્રોતા** :- ભગવાનની પૂજા કરે તો મિથ્યાદૃષ્ટિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૂજા કરે નહિ મિથ્યાત્વ, માને માટે મિથ્યાત્વ. માને કે આ દેહની ક્રિયા મેં કરી, આ મેં કરી. સ્વાહા. ચોખા મેં નાખ્યા એ તો જડની ક્રિયા છે.

**શ્રોતા** :- ભગવાનને ભૂખ્યા રાખવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભગવાન ક્યાં ભૂખ્યા છે? એ તો સ્થાપના નિક્ષેપ છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાન આત્મા એને જે ઉપયોગ નામ પરિણામ જે છે એ ઉપયોગની વ્યાખ્યા છે. હવે ઉપયોગની વ્યાખ્યામાં બે પ્રકાર લીધા. એક તો જાણન ઉપયોગ અને એક દેખન ઉપયોગ. જાણનમાં ભિન્ન-ભિન્ન કરીને જાણે અને દર્શનોપયોગમાં ભિન્ન કર્યા વિના જોવે. સામાન્ય બધું એક સાથે. હવે એ દર્શન અને જ્ઞાનોપયોગમાં જ્ઞાનોપયોગ જે છે એના બે પ્રકાર—સ્વભાવજ્ઞાનોપયો, વિભાવજ્ઞાનોપયોગ. હવે સ્વભાવજ્ઞાનોપયોગના બે પ્રકાર—એક ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાનોપયોગ અને વર્તમાન કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. સમજાણું કાંઈ?

તો પહેલા કહ્યું '**કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ...**' કેવળજ્ઞાનનું કારણ. આહા..હા..! '**પારિણામિકભાવે રહેલું...**' સ્વભાવભાવમાં સ્થિત ત્રિકાળ. નિત્યાનંદ ભગવાન નિત્ય છે એવો ઉપયોગ પણ અંદરમાં નિત્ય છે, ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમપારિણામિકભાવે...**' અર્થાત્ પર્યાય અવસ્થા સિવાય. કાયમની અંદર ચીજ જે એમાં સ્થિત ત્રિકાળ નિરાવરણનિરૂપાધિક. સ્વભાવિકજ્ઞાન જે ધ્રુવ છે એ ત્રિકાળ નિરૂપાધિક છે, એમાં કોઈ ઉપાધિ છે નહિ. આહા..હા..! એ '**સહજજ્ઞાન છે.**' ત્રિકાળી આત્મામાં, સ્વભાવભાવમાં રહેનારો ત્રિકાળી નિરાવરણ સહજજ્ઞાનોપયોગ એ કારણજ્ઞાનોપયોગ છે. સમજાણું કાંઈ? આ તો ભાઈ! ઝીણી તત્ત્વની વાત છે. સમજાણું

કાંઈ? આહા..હા..!

**'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે :...'** એ સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કહ્યાને તો સ્વભાવજ્ઞાનના બે પ્રકાર—એક કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન, કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન, કારણ સ્વભાવજ્ઞાન પરમસ્વભાવમાં સ્થિત છે. ત્રિકાળમાં રહેનારો નિરૂપાધિક નિરાવરણ ધ્રુવ જ્ઞાનોપયોગ એ કારણ ઉપયોગ છે. આહા..હા..! અને એમાંથી ઉત્પન્ન થતું કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એ પર્યાય છે અને પર્યાય માટે કાર્ય ઉપયોગ છે. સમજાણું કાંઈ? ભાષા તો સમજાય છે. સાદી છે. ભાવ ભાઈ! તો ભાવ તો હોય એવા હોયને. આહા..હા..! હવે કહે છે કે કારણકાર્ય ઉપયોગ સ્વભાવના બે ભેદ કહ્યા. રહ્યું વિભાવરૂપ જ્ઞાન. એ સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કહ્યાને? વિભાવજ્ઞાન રહ્યું. એ આગલી ગાથામાં આવી ગયું. પછી ૧૧, ૧૨ ગાથામાં એના ભેદ આવશે.

**'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ.' 'આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા (૧૧ ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.'** ૧૧-૧૨મી ગાથા. આહા..હા..! અહીંયાં તો એમ કહેવું છે કે કાર્ય કેવળજ્ઞાનરૂપી દશા પરમ આનંદની સાથે થનારી દશા એનું કારણ આત્મામાં ત્રિકાળ રહેનારો ઉપયોગ જાણન... જાણન... જાણન... ઉપયોગ કારણરૂપ ધ્રુવ, આત્મામાં રહેનારું કારણજ્ઞાનોપયોગ એમાંથી કાર્યજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન એ કારણમાંથી કાર્ય થાય છે. આહા..હા..! કોઈ વાણીથી નહિ, પરથી નહિ, ગુરુથી નહિ, વાંચનથી નહિ અને પૂર્વની પર્યાયથી પણ નહિ. આહા..હા..! આટલું બધું સમજવું મારે!

આત્મામાં પરમ આનંદરૂપી મોક્ષ. આવ્યું હતુંને? પરમ આનંદનો લાભ એ મોક્ષ. આવ્યું હતું પહેલા. પરમ અતીન્દ્રિય આનંદનો લાભ પર્યાયમાં એનું નામ મોક્ષ. એ મોક્ષમાં જે જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ છે એ કાર્યજ્ઞાનોપયોગ છે. મોક્ષમાં કેવળજ્ઞાન છેને? તો એ કેવળજ્ઞાન એ કાર્યોપયોગ જ્ઞાન છે. અને એનું કારણ આત્મામાં ધ્રુવમાં રહેલો જ્ઞાન શક્તિ, જ્ઞાનોપયોગ ત્રિકાળમાં રહેલા એ કારણ ઉપયોગ છે એમાંથી કાર્ય ઉપયોગ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** જો એમ હોય તો કારણ તો ત્રિકાળ છે, તો કાર્ય પણ ત્રિકાળ હોવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યુંને એ તો વાત થઈ ગઈ. વાત થઈ ગઈ પરમ દિ'. કાલે થઈ ગઈ. સ્વીકાર કરે ત્યારે કારણ છે કે સ્વીકાર વિના કારણ છે? સ્વીકાર કરે કે આ કારણ છે તો તો કાર્ય આવ્યા વિના રહે નહિ. એ તો વાત થઈ. પહેલા પ્રશ્ન થયો હતોને. એ ત્રિભુવનભાઈ છેને વારિયા? બે વર્ષ પહેલા પ્રશ્ન ઉઠ્યો હતો એને. કારણ એને કહીએ, પણ કારણ છે એની પ્રતીતિ સ્વભાવમાં આવ્યા વિના કારણ છે એ એને આવ્યું ક્યાંથી? જે કારણજ્ઞાનોપયોગ ત્રિકાળ છે પણ એ ત્રિકાળ જ્ઞાનોપયોગ છે એનું જ્ઞેય જ્ઞાનમાં આવ્યા વિના અને પ્રતીતમાં આવ્યા વિના છે એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** એને પરિણમનનું કામ છેને, પછી જ્ઞાનમાં આવવાનું શું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિણમન ક્યાંથી થયું? એ એનું કામ છે. પરિણમન પારિણામિકભાવમાં જ્ઞાનોપયોગ છે એમાંથી પરિણમન આવે છે.

**શ્રોતા** :- ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન છે તો જાણી લીધું બધું!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી જાણ્યું. નથી જાણ્યું. અગિયાર અંગ અને નવ પૂર્વે જાણ્યું તો શું થયું? એ જ્ઞાન છે જ નહિ. જ્ઞાન તો અંતરસ્વભાવમાં પડ્યો છે શક્તિરૂપ, સ્વભાવરૂપ. અંતરજ્ઞાન છે એ મોક્ષરૂપ છે. શક્તિરૂપ મોક્ષરૂપ છે. એની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન કાર્યોપયોગ થાય છે એને મોક્ષ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો અહીંયાં બધી એવી શૈલી છે. પ્રાયશ્ચિત્ત લીધું છે પ્રાયશ્ચિત્ત. પર્યાયમાં નિર્વિકારીદશારૂપ પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્ત અધિકાર છે? તો ત્યાં કહ્યું કે ત્રિકાળી દ્રવ્ય પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ છે. આહા..હા..! કારણકાર્ય. કાર્યમાં પ્રાયશ્ચિત્ત નિર્વિકારી દશા થઈ એ પ્રાયશ્ચિત્ત. તો કહે છે કે આત્મા પ્રાયશ્ચિત્ત. આત્મા એ પ્રાયશ્ચિત્ત એટલે જ્ઞાનવાળો સંપન્ન.. સ્વરૂપ છે એ પ્રાયશ્ચિત્ત. આહા..હા..! વીતરાગભાવ ઉત્પન્ન થાય છે એ તો પર્યાય, પણ આત્મામાં વીતરાગભાવ ત્રિકાળ છે એમાંથી વીતરાગભાવ ઉત્પન્ન થાય છે, તો આત્મા પણ વીતરાગસ્વભાવ છે તો વીતરાગકાર્ય થાય છે. આત્મા આનંદસ્વભાવ છે તો કાર્યમાં પર્યાયમાં અનંત આનંદ પ્રાપ્ત થાય છે. આહા..હા..! આત્માની પર્યાયમાં ચારિત્ર નામ રમણતા સ્થિરતા ઉત્પન્ન થાય છે, તો આત્મા ત્રિકાળ ચારિત્ર સંપન્ન છે. આત્મા પણ ચારિત્ર નામ સ્વરૂપની સ્થિરતા સંપન્ન જ અનાદિથી છે, એમાંથી કાર્યસ્થિરતા આવે છે. સમજાણું કાંઈ? 'જિન સોહી હૈ આત્મા.' જિનસ્વરૂપી ભગવાન આત્મા એમાથી જિનપર્યાય, વીતરાગપર્યાય ઉત્પન્ન થાય છે. જે પર્યાયમાં ભાવ આવે છે એ કારણમાં ન હોય તો કાર્યમાં આવે ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ તો કહે છે કે એ તો કાર્ય થયું. એનું કારણ? કે વીતરાગ સ્વભાવ આત્મા છે એ એનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત અહીંયાં લે છે કે કાર્ય એમાં કેવળજ્ઞાન છે. પ્રગટ થયું. તો એમાં એનું કારણ શું? કે ત્રિકાળી ઉપયોગ આત્મામાં, જ્ઞાનોપયોગ શક્તિ, ત્રિકાળ નિરાવરણ નિરૂપાધિક સહજજ્ઞાન પારિણામિકભાવમાં, સહજભાવમાં પડ્યું છે. આહા..હા..! ચંદુભાઈ! આવો છે આ માર્ગ. આહા..હા..! આ તો હાડકા, માંસ, જડ, માટી છે. અંદરમાં કર્મ એ પણ અજીવ, જડ, માટી છે. માટી નથી કહેતા? ખીલા-ખીલા. ખીલાને શું કહે છે? ચુક-ચુક હોય છેને લોઢાની. લોઢાની ચુક. લોઢું વાગે છેને તો કોઈ કહે કે મારી માટી પાકણી છે, ભાઈ! પાણી ન અડાડતા. કહે છે? મારી માટી પાકણી છે. એટલે લોઢું વાગ્યું હોય તો પાણી ન અડાડવું. તો મારી માટી પાકણી છે તો શું થયું? આ તો માટી છે. કહે છે? શું ભાષા છે તમારી?

**શ્રોતા** :- મટ્ટી પકણી છે. પાંવમેં જબ કીલ લગ જાયે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, મારી માટી પાકણી છે. કહે છે માટી અને વળી માને છે

મારી. આહા..હા..! આ તો માટી, ધૂળ જગતની ચીજ જડ છે. આહા..હા..! એનાથી ભગવાન આત્મા ભિન્ન છે. અને એમાં તો પુણ્ય-પાપનો વિકલ્પ પણ એમાં નથી. એમાં જે જ્ઞાનોપયોગ કાર્યરૂપ પરિણમે છે એનું કારણરૂપ જ્ઞાનોપયોગ ત્રિકાળ છે. આહા..હા..! રાગ ઉત્પન્ન થાય છે એનું કારણ કે કાર્ય આત્મામાં નથી. ૭૨ ગાથામાં ન આવ્યું ૭૨? આત્મા કારણ નથી અને કાર્ય નથી. બહુ ચર્ચા ચાલી હતી ત્યાં સમ્મેદશિખર સભામાં. એક કલાક, બે-ત્રણ કલાક ચાલી. ૭૨ ગાથામાં છે સમયસાર કે આત્મા કોઈનું કારણ નથી, રાગનું કારણ નથી અને રાગનું કાર્ય નથી. રાગ મંદ છે તો અહીંયાં સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું અને આત્માનું ભાન થયું એમ નથી. સમજાણું કાંઈ? રાગ છે, પુણ્ય-પાપના ભાવ છે એ આકુળતા છે. ત્યાં ૭૨માં કહ્યું. પુણ્ય-પાપના ભાવ છે એ આકુળતા છે. ભગવાન આત્મા એ આકુળતાનું કારણ પણ નથી. જુઓ, પુણ્ય-પાપનું કારણ પણ નથી અને પુણ્ય-પાપનું કાર્ય પણ નથી. કે રાગ મંદ છે તો જ્ઞાનાનંદ થયું એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો માર્ગ, બાપા! જુદી જાત છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્મેદશિખરમાં ઘણું ચાલ્યું હતુ. આસ્રવો આકુળતાને ઉપજાવનારા હોવાથી દુઃખનું કારણ છે. શું કહે છે? કે શુભ-અશુભભાવ ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો વિકલ્પ ભાવ. એ આકુળતાને ઉપજાવનારા હોવાથી. એવી વાત છે, ભગવાન! એ દુઃખનું કારણ છે. કોણ?-એ શુભ-અશુભભાવ. શુભભાવ ભગવાનની ભક્તિનો, ભગવાનના સ્મરણનો, ભગવાનના નામનો, પૂજાનો (ભાવ) એ આકુળતા રાગ છે. એ આસ્રવ છે. આસ્રવ સમજ્યા? જે પરિણામથી નવું આવરણ આવે એ આસ્રવ. વહાણ હોયને વહાણ? વહાણમાં કાણું હોય તો અંદર પાણી આવે. એમ આત્મામાં શુભ અને અશુભભાવ થાય એ કાણું છે. એમાંથી કર્મ આવે છે. એ કારણે પુણ્ય-પાપને આસ્રવ કહેવામાં આવે છે. આસ્રવ. મર્યાદા. આ એટલે મર્યાદા. સ્રવ એટલે આવવું. આવરણ કહેવામાં આવે છે. એ કારણે શુભ અને અશુભભાવ, પંચમહાવ્રતનો ભાવ, અવ્રતનો ભાવ એ અશુભ, મહાવ્રતનો ભાવ શુભ—બેય આસ્રવ છે. આહા..હા..! એ આસ્રવો આકુળતાને ઉપજાવનારા દુઃખનું કારણ. ભગવાન આત્મા જુઓ, આત્માને ભગવાન કહીને બોલાવ્યા છે ટીકામાં. આહા..હા..! ભગવાન આત્મા. સંસ્કૃત ટીકામાં છે હોં ભગવાન આત્મા. એ '**સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે.**' એ પુણ્ય-પાપ આકુળતાનું કારણ ભગવાન આત્મા નથી. આહા..હા..! પર્યાયમાં ઉત્પન્ન થાય છે. દ્રવ્યમાં અને દ્રવ્યના ગુણમાં એ કોઈ કારણ છે નહિ. આહા..હા..! આવું ઝીણું પડે માણસ ક્યાં સાંભળે છે! ઝીણી વાત છે, ભગવાન! ભાઈ! તારી ચીજ અનંત આનંદ, અનંત જ્ઞાન અને અનંત શાંતિની સંપદાથી ભરેલી છે અંદર. જો અંતરમાં શાંતિ અને આનંદ ન હોય તો કાર્યમાં આનંદ અને શાંતિ આવશે ક્યાંથી? સમજાણું?

તો કહ્યું, કોઈનું કારણ નથી. શું કહે છે? આત્મા ભગવાન આનંદસ્વરૂપ શુદ્ધ એ કોઈ રાગ કારણથી આ કાર્ય ઉત્પન્ન થયું અથવા કોઈનું કારણ નથી. રાગનું કારણ નથી અને રાગથી આત્મામાં ધર્મ થયો એ કાર્ય નથી. રાગથી આત્મામાં ધર્મ થતો જ નથી. આહા..હા..! આવે છે શુભભાવ અશુભથી બચવા, અશુભથી બચવા, પણ એ ધર્મ નથી.

**શ્રોતા** :- અશુભ અટક્યો એટલો ધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અટક્યો એ ધર્મ ક્યાં? અટક્યો છે જ ક્યાં? મિથ્યાત્વ છેને. ત્યાં ધર્મ માને છે તો મિથ્યાત્વ છે. ક્યાંય અટક્યો જ નથી. જ્ઞાની બચ્યો છે એ શુભ આવ્યું તો એટલું. ત્યાં એ પણ છેને અશુભવંચનાર્થે. શુભભાવ જ્ઞાનીને આવે છે શા કારણે? અશુભવંચનાર્થ-અશુભને છોડવા, અશુભ છોડતા શુભ આવે છે, પણ છે તો આસ્રવ. આહા..હા..! છે? આમાં તો ઘણું છે. કારણકાર્ય નથી. પુણ્ય, દયા, દાન, વ્રતના પરિણામ તો કારણ આત્મામાં નથી કે આત્મામાંથી વ્રતના પરિણામ ઉત્પન્ન થાય એ નથી. કારણ કે આત્મામાં વિકાર નથી. દ્રવ્ય, ગુણ તો નિર્મળાનંદ છે. તો એ વિકારી પરિણામનું કારણ નથી. અને વિકારી પરિણામ થયા તો અહીંયાં રાગની મંદતા થઈ તો અહીંયાં ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. આહા..હા..! હવે ઓલા કોઈ ઠેકાણે નાખેને. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. સાધ્ય-સાધન આવે છેને? ત્યાં વળગે. એ તો સાધનનું જ્ઞાન કરાવ્યું છે. સાધન-ફાધન કેવું? સમજાણું કાંઈ? અહીં તો સાધનનો નિષધ કરે છે. કે રાગની મંદતા કારણ અને આત્મા એનું કાર્ય આનંદનું થયું સમકિત એમ છે નહિ. આહા..હા..! ત્યારે પંચાસ્તિકાયમાં એમ કહ્યું કે ભિન્ન સાધ-સાધ્યભાવ. એય..! છે? ત્યારે પછી કાઢી કેમ નાખો છો છે ત્યારે? એય..! નવરંગભાઈ! છે એટલે ત્યાં લખાણમાં છે એમ. આહા..હા..!

**શ્રોતા** :- સુખેથી મોક્ષની પ્રાપ્તિ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પંચાસ્તિકાયમાં લખે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહા..હા..! શને-શને આવે છેને? એ તો અંતર આત્માનું ભાન થયું છે. રાગના આશ્રય વિના ત્રિકાળી ચિદાનંદસ્વરૂપ એનું જ્ઞાન-શ્રદ્ધાન થયું છે, સ્થિરતા પણ થોડી થઈ છે, એને જે શુભભાવ આવે છે એમાં અશુભ નથી અને પછી શુભ ટાળશે એ કારણે શુભ ક્રમે-ક્રમે પરંપરા મોક્ષનું કારણ છે એમ કહ્યું. શુભ બંધનું જ કારણ છે. આહા..હા..!

અહીંયાં જુઓને પુણ્ય અને પુણ્યના પરિણામ આત્માનું કાર્ય નથી અને પુણ્ય પરિણામથી આત્મામાં કાર્ય થતું નથી. આહા..હા..! પુણ્ય પરિણામનું કારણ આત્મા નથી અને પુણ્ય પરિણામ કારણ થઈને આત્મામાં ધર્મ થાય એમ નથી.

**શ્રોતા** :- પુણ્ય અભાવરૂપ કારણ તો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભાવ તો એમાં શું થયું? અભાવનું કારણ શું? એ ન થયું. કારણ ન થયું. આહા..હા..! એ આ ભાઈએ રાતે વાત કરી હતી કે આપણને તો કાંઈ

ખબર ન મળે. ત્યાં ઓલા કરે છેને ધુપ-બુપ દે છે. અગરબત્તી. હવે એવું ન દે તો શું? અમારે ક્યાં.. અમને ખબર પણ ન હોય. અગરબત્તીનો ભાઈ કહે છેને ધુપ-ધુપ. એ ભાઈ કહેતા હતા. આપણને કાંઈ ખબર નથી. ઓલા જંગલી બીલાડાની વિષ્ટાની બને છે એમ કહે છે. આપણને કાંઈ ખબર નથી. આપણે એમાં પડતા નથી. એ તો લોકો... ખરેખર તો એ અગરબત્તી અને બગરબત્તી એ કરવાલાયક નથી. જીવ મરી જાય. બત્તી કરીને બત્તી. બેટરી કહીએ. ઓલામાં જીવ મરે. અહીંયાં તો જેમ બને તેમ જીવ ન મરે એવો માર્ગ છે. દીવાસળી કરે તો ફુદા મરે. ઝીણા ફુદા સમજ્યા? તો એ અગરબત્તી અને ધુપ કરવાનું કારણ શું? એમાં પણ અગ્નિ થાય અને જીવ મરે.

**શ્રોતા :-** ભગવાનના મંદિરમાં સુગંધ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુગંધ તો અંદરથી આવે છે. આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્ર થવાથી સુગંધ તો ત્યાંથી આવે છે. લોકોને બહારની મહિમા બહુ ગરી ગઈ છેને. જુઓ, ટોડરમલજીના શિષ્ય હતાને? દીકરા હતાને ગુમાન.. ટોડરમલના. ટોડરમલના દીકરા ગુમાન. એમાં તો ત્યાં એમ છે. ત્યાં જયપુર છેને? જયપુરમાં મંદિર. જયપુર મંદર જોયું છેને, બધા ગયા હતા, બધું જોયું છે.

તો ગોખલામાં. ગોખલા સમજ્યા? એમાં પ્રતિમા રાખી છે. ભગવાનને સ્નાન પણ નહિ, અગરબત્તી પણ નહિ. કાંઈ નહિ. એવો એક માર્ગ છે. ઓલા એક આવે છેને. એ પણ માર્ગના પ્રેમી છેને ભાઈ નહિ જુવાન. કોમલચંદજી. કોમલચંદજી છે ગૃહસ્થ. એ ગુમાન.. ભગવાનની મૂર્તિને પાણી પણ ન અડાડે. આ લોકો તો વીસપંથી તો શું ત્યાં લગાવે? ફુલ લગાવે, કેસર લગાવે, માળા પહેરાવે એવું તો હોય નહિ હોં. એ તો રાગ છે. આ તો સાફ કરવા પાણી છે. એવું આવ્યું છે. પણ એમાં તો કાચના બારણા બંધ રાખે છે. એમાં પ્રતિમા હોય ભક્તિ માટે બસ. ત્યાં જયપુરમાં મંદિર છે. છેને. ગયા હતાને. બધું જોયું છે. એ તો જેમ બને તેમ બહારની ક્રિયામાં હિંસા ન થાય એવું હોવું જોઈએ. એવી વાત છે, ભાઈ!

અહીં તો કહેવું છે કે જે જ્ઞાનોપયોગ છે, સ્વભાવ જ્ઞાનોપયોગ, વિભાવ જ્ઞાનોપયોગની વ્યાખ્યા ૧૧-૧૨ ગાથામાં આવશે. સ્વભાવ જ્ઞાનોપયોગ બે પ્રકારના—એક ત્રિકાળી સ્વભાવ જ્ઞાનોપયોગ એક વર્તમાન કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કેવળજ્ઞાન છે. તો કેવળજ્ઞાનનું કારણ શું? કે ત્રિકાળી આત્મામાં એક જ્ઞાનોપયોગ ધ્રુવ પડ્યો છે. પરમસ્વભાવભાવ, પરમપારિણામિકભાવ. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ નહિ. કેવળજ્ઞાન છે એ ક્ષાયિકભાવ છે. એ ક્ષાયિકભાવનું કારણ અંદર પારિણામિકભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને કેવળજ્ઞાન પરમ આનંદનો લાભ લેવો હોય તો એ લાભ ક્યાંથી આવ્યો? વાણિયા દિવાળીમાં નથી લખતા? લાભ સવાયા. આપણે આ વાણિયા લખેને લાભ સવાયા. બારણા ઉપર.

લાભ સવાયા તો ક્યાંથી લાભ સવાયા? બહારના લાભનો? મોક્ષના લાભ સવાયા એનો લાભ છે. અને મોક્ષના લાભનું કારણ અંતરમાં જ્ઞાનોપયોગ પડ્યો છે એમાં દૃષ્ટિ દેવાથી કાર્ય આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો પડે છે માણસને. શું કરે? ભગવાન! માર્ગ ભગવાને એવો કહ્યો છે. આહા..હા..! અને એવો જ છે. આહા..હા..!

'ભાવાર્થ :-' ટીકામાં કહ્યું હતુંને? એનો ભાવાર્થ કહે છે. **'ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે.'** ચૈતન્યના અનુવિધાયી-અનુસરીને પહેલા એમ શબ્દ હતો સંસ્કૃતમાં. છેને? અનુવર્તિ હતું. એ અનુવર્તિ, ચૈતન્ય અનુવર્તિ સંસ્કૃતમાં છે. અનુવિધાન પછી લીધું છે. **'ચૈતન્યાનુવિધાયી...'** એટલે કે ભગવાન આત્મામાં ચૈતન્યસ્વભાવ જે જ્ઞાન-દર્શન ત્રિકાળ છે એને અનુસરીને થનારા પરિણામ એ ઉપયોગ છે. પરિણામ કહો કે પર્યાય કહો એ ઉપયોગ છે. આહા..હા..! **'ઉપયોગ બે પ્રકારના છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ.'** ઉપયોગના બે ભેદ છેને? આમ તો ઉપયોગના બાર ભેદ છેને? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન. સમજાણું કાંઈ? તો અહીંયાં ઉપયોગના બે ભેદ પાડ્યયા—જ્ઞાન અને દર્શન.

**'જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ).'** નીચે નોટ. **'સહજજ્ઞાનોપયોગ...'** એ શું કહે છે? ઉપજવું નહિ. વસ્તુમાં સહજ ભગવાન આત્મામાં સહજસ્વભાવજ્ઞાનોપયોગ **'પરમપારિણામિકભાવે સ્થિત છે...'** પરમસ્વભાવભાવમાં સહજજ્ઞાનોપયોગ સ્થિર છે, ધ્રુવ છે. પરમપારિણામિકભાવનો અર્થ.. ભાવના પાંચ પ્રકાર છે. રાગ-દ્વેષાદિ છે એને ઉદયભાવ કહેવામાં આવે છે અને જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય અને ચોખ્ખું પાણી થાય એવો ઉપશમભાવ છે. એ ઉપશમભાવ એ પર્યાય છે, ક્ષયોપશમ પણ પર્યાય છે, ક્ષાયિક પણ પર્યાય છે. અને એ પર્યાયનું કારણ જે ત્રિકાળ છે એ પારિણામિકભાવમાં સ્થિત છે. સમજાણું કાંઈ? આમાં ધર્મ શું કરવો! ભાઈ! આત્માનો ધર્મ, ધર્મ નામ આત્માએ ધારી રાખેલી શક્તિઓ એનું નામ અહીંયાં ધર્મ. તો આત્મામાં જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, આનંદભાવ ધારી રાખેલો એ એનો ધર્મ છે. ધર્મ નામ સ્વભાવ. એ સ્વભાવમાં જ્ઞાનોપયોગ પણ સ્થિત છે. આહા..હા..! એનો આશ્રય કરવાથી, એમાં એકાગ્ર થવાથી જે કાર્ય થાય એ કાર્ય ઉપયોગ છે. એ ધર્મ ત્રિકાળ કારણ છે, ધર્મ શબ્દે ગુણ અને આ પર્યાય ઉત્પન્ન થઈ એ કાર્ય છે. આહા..હા..!

જુઓ, અહીંયાં છેને? **'સહજજ્ઞાનોપયોગ પરમપારિણામિકભાવે સ્થિત છે તેમ જ ત્રણે કાળે ઉપાધિરહિત છે;...'** એને સ્વરૂપપ્રત્યક્ષ કહેશે. એ નિયમસારની નવી ભાષા છે. બીજે ક્યાંય નથી. આત્મામાં ત્રિકાળી જે જ્ઞાન એને સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. સ્વરૂપ પ્રત્યક્ષ. સ્વરૂપમાં પ્રત્યક્ષ છે. આહા..હા..! એમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે. આહા..હા..! આવી

વાતું છે, ભાઈ! મૂળ તત્ત્વની એટલી ગંભીરતા, સૂક્ષ્મતા છે કે એને પરિચય અને અભ્યાસ વિના એ વાત ખ્યાલમાં નથી આવતી એવી ચીજ છે. આહા..હા..! આમ તો આત્માના ભાન વિના અનંતવાર બધી ક્રિયાઓ કરી. પુણ્ય કર્યા, દયા, દાન, વ્રત, પ્રાયશ્ચિત્ત, જાવજીવનું બ્રહ્મચર્ય પાળ્યું એમાં શું થયું? એ તો શુભરાગ છે. બ્રહ્મચર્ય બ્રહ્માનંદ ભગવાન બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય અણિન્દ્રિય આનંદસ્વભાવ, સહજાત્મસ્વભાવ એનો આશ્રય લીધા વિના કદી ધર્મ થતો નથી. કહો, માંગીલાલજી! આહા..હા..! આ તો ધમાધમ. મોટા ગજરથ ચલાવે, લાખ, બે લાખ ખર્ચે તો થઈ જાય ધર્મધુરંધર. શું કહેવાય એને? સંઘવી–સંઘવી. સંઘવીની પદવી આપે છે. સંઘવી. અમારે અહીંયાં સંઘવી કહે છે. કાઠિયાવાડમાં સંઘવી. હવે બે લાખ ખર્ચે... કાંઈ અત્યારે માલ ન મળે. અત્યારે મોંઘવારી કેટલી? લોકો કહે, પ્રતિમા છે, ભગવાન છે. હવે એમાં કેટલા ગજરથ અને લાખ બે લાખ ખર્ચવા નિરર્થક છે. સમજાણું કાંઈ? અને ઓલાને પદવી લેવી હોય અને એવો પંડિત મળે. ચલાવો ગજરથ, હાથી જોડો.

**શ્રોતા** :- ધર્મની પ્રભાવના તો થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ ધર્મની પ્રભાવના ક્યાંથી? ... ભગવાન! ન હોય ત્યાં, પ્રતિમા આદિ મંદિર ન હોય ત્યાં નવા કરવા પડે, પણ હવે ઢગલાબંધ તીર્થમાં પડ્યા છે શું કહેવાય એ? ત્રિકમગઢ, પપોરાજી ને આહારાજી ગયા હતાને. બધા ગયા હતાને અમે બધું જોયું છે. હવે ઢગલાના ઢગલા કરે. ત્યાં દિગંબર ઘર તો છે નહિ. હજી નવું બનાવે છે.

**શ્રોતા** :- એનાથી ધર્મ થાય તો બનાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી ધર્મ. એના માન માટે કરે છે તો પાપ બાંધે છે.

**શ્રોતા** :- મંદિર બાંધે એમાં પાપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, બહાર પડવા માટે કરે છે. અમે મોટા સંઘવી છીએ. એ તો અભિમાન છે, પણ રાગની મંદતા હોય કદાચિત્ તો પુણ્ય થશે, ધર્મ ત્રણકાળમાં નથી. લાખ મંદિર બનાવે અને અબજો રૂપિયા ખર્ચે. અહીં તો એવી વાત છે, ભગવાન! આહા..હા..! પૈસાની–ધૂળની કિંમત શું છે?

કહ્યું નહિ એકવાર. ૮૧ની સાલ. ૮૧-૮૧. ૫૧ વર્ષ થયા. તો અમે લીંબડી ગયા હતા લીંબડી. લીંબડી છેને? દરબાર છે. દસ લાખની ઉપજ છે. તો દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. આ તો ૮૧ની વાત છે. ૫૧ વર્ષ પહેલાં. દરબાર અત્યારે ગુજરી ગયા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. તો એને ફરીને આવવાનો ભાવ હશે. પણ અમે તો કોઈને દરબાર હોય કે ન હોય. અમે તો ટાઈમ થઈ ગયો પછી ચાલ્યા ગયા. તો ત્યાં આગળ એક ગૃહસ્થ શેઠ હતા. તો એણે ૬૦ હજાર રૂપિયા ખર્ચીને એ વખતે કાંઈક પાઠશાળા બનાવી હશે. ભાઈ મોહનલાલ લગડી, લગડીવાળા. મોહનલાલ લગડીવાળા. આ સાયલા.. પ્રેમ છે હવે અહીંનો. ઓલાને પૈસાનો .. અમે ૬૦ હજાર ખર્ચ્યા. પછી એકવાર મારી પાસે આવ્યા. અમે જંગલમાં

બેઠા હતા. લીંબડીથી દૂર અંકેવાળિયા છેને. બે ગાઉ બહાર બેઠા હતા. અમારી લાઈન એવી હતીને કે અમે ગામમાં પછી જ જઈએ. આહાર-પાણી તૈયાર થઈ ગયા હોય પછી જઈએ. નહિતર જઈને બનાવે તો એ અમે લઈએ નહિ. ગામમાં નવ સાડા નવ થઈ જાય. ભાત દાળ થઈ ગયા હોય. લોટની શું કહેવાય? રોટલી બનાવવાની તૈયારી થઈ ગઈ હોય ત્યારે જતા. એ વિના જઈએ નહિ. બહાર બેસીએ. કારણ કે ગામમાં જઈએ તો બનાવે મારા પાછા. એટલે બહાર અમે બેઠા હતા અને શેઠ આવ્યા. મોહનલાલ. મહારાજ! આ પૈસાવાળાનું, ધનવાળાનું ધર્મમાં કેટલું? એમ પૂછ્યું. શું કીધું? પૈસાવાળાનું એમ કાંઈક પૂછ્યું હતું. સ્થાન-સ્થાન. એનું સ્થાન કેટલું? પૈસાવાળાનું કીધું. મેં કીધું પૈસાવાળાનું સ્થાન ધર્મમાં બિલકુલ નહિ. ઓલા ૬૦ હજાર ખર્ચ્યા હતાને. એ જાણે કે મહારાજ કાંઈક કહે. ધૂળેય નથી તારા. ૬૦ હજાર શું લાખ, કરોડ ખર્ચને. હવે એ કરોડ ક્યાં ચીજ તારી હતી? એ તો જડ છે. સમજાણું કાંઈ? જડને મેં કર્યું અને મેં દીધું એ તો મિથ્યાત્વ અભિમાન છે.

**શ્રોતા :-** રૂપિયા પણ ગયા અને મિથ્યાત્વ આવ્યું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રૂપિયા ક્યાં હતા એના બાપના? એના ક્યાં હતા? અહીં તો ભાઈ એવી વાત છે. એ ધર્મનું સ્થાન છે? કીધું નહિ, પૈસાવાળાનું સ્થાન નથી. પૈસાનું શું છે અહીં? અહીં તો આત્માનું જ્ઞાન અને આનંદનું કામ એ કામ છે. સમજાણું કાંઈ? માંગીલાલજી! પૈસાવાળા તો ઘણા આવે છે.

અહીંયાં તો જ્ઞાનોપયોગ જે ત્રિકાળી છે. આહા..હા..! એને સ્વભાવજ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવ ઉપયોગ વર્તમાન પ્રગટે તે કેવળજ્ઞાનોપયોગ. '**કારણસ્વભાવજ્ઞાનોપયોગ...**' એ બે. એ આવી ગયા. '**વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારના છે : (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ...**' એ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય છે એ સમ્યગ્જ્ઞાન વિભાવ ઉપયોગ છે. ચાર જ્ઞાનની પર્યાય છેને? મતિ, શ્રુત, અવધિ એ અપૂર્ણ છે. અને કર્મનું એમાં નિમિત્ત છે. '**સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ...**' ઓહો..હો..! છે? '**(અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો...**' જુઓ, સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ. એ '**(સુમતિજ્ઞાનોપયોગ, સુશ્રુતજ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ)...**' એ ચારને સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ કહ્યા. કેવળજ્ઞાન એ સ્વભાવજ્ઞાનોપયોગ, આ ચાર જ્ઞાન એ વિભાવજ્ઞાનોપયોગ. અપૂર્ણ છેને? આહા..હા..! સમજાણું કાંઈ?

એ ચાર ભેદ છે—સુમતિ, સુશ્રુત, સુવધિ, મનઃપર્યય. '**હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે :...**' પછી કહેશે. '**(૧) કુમતિજ્ઞાનોપયોગ,...**' એ કેવળ વિભાવજ્ઞાન છે. ઓલું સમ્યક્ વિભાવજ્ઞાન છે. સમ્યક્ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિ, મનઃપર્યય સાચા હોં. એ સમ્યક્જ્ઞાન વિભાવ ઉપયોગ

છે. અને એકલા વિભાવ, જ્ઞાનીનો એ કેવળ વિભાવજ્ઞાનોપયોગ છે. અજ્ઞાનમાં મતિ, શ્રુત અને વિભંગ હોય છેને? આહા..હા..! '(૧) **કુમતિજ્ઞાનોપયોગ,** (૨) **કુશ્રુતજ્ઞાનોપયોગ અને વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.**' એ ઉપયોગના ભેદ કહ્યા.

'(હવે, **દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે** :)'

(मालिनी)

**अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा**
**परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।**

'**શ્લોકાર્થ :- જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...**' જિનેન્દ્રના મુખથી નીકળેલું કથન '**સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ...**' હવે કરવું શું છે? એમ કહે છે. એ જાણવામાં આવે છે તો જાણો. '**પરભાવોને પરિહરી...**' આહા..હા..! પરભાવોનો ત્યાગ કરીને '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...**' આહા..હા..! પોતાના નિજ જ્ઞાનાનંદ સ્વરૂપમાં રહે એ '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે...**' આમ ઉંડા-ઉંડા જઈએને. ગુજરાતીમાં ઉંડું-ઉંડું. ઉંડા-ઉંડા ઉતરવું. અહીં ગંભીર કહ્યું છે.

ભગવાન આત્મા કહે છે કે જિનેન્દ્ર (દ્વારા) કહેલા ઉપયોગના (ભેદને) જાણીને પોતાની પર્યાયને ઉંડે-ઉંડે દ્રવ્યસન્મુખ લઈ જવી. આહા..હા..! છે? '**શીઘ્ર ચૈતન્યમચમત્કારમાત્ર તત્ત્વ...**' બસ, આ આત્મા. શીઘ્ર ચૈતન્યચમત્કાર આત્મામાં પેસી જાય છે, ઉંડો ઉતરી જાય છે. અંદરમાં ધ્રુવમાં પેસી જાય છે. ભાષા કઠણ છે. આપણે ગુજરાતીમાં ઉંડા-ઉંડા ઉતરે એમ છે. છે? ગુજરાતી છે? ઉંડા ઉતરે. અહીંયાં એ કહ્યું છે. ઉંડો ઉતરી જાય છે. ભગવાન પૂર્ણ સ્વરૂપ જ્ઞાનનો ભેદ જાણીને ધ્રુવસ્વભાવમાં આખી પર્યાય ઉપર છે એ ધ્રુવની ઉપર છે આખા પ્રદેશમાં. અસંખ્ય પ્રદેશમાં. ઉપર સમજ્યા? અહીં આમ નહિ. એ તો અહીં પ્રદેશ છે અંદરમાં એમાં ઉપર છે પર્યાય. સમજાણું કાંઈ? ઉપર એટલે? આ અસંખ્ય પ્રદેશમાં અહીંયાં ઉપર એમ નહિ. જ્યાં જ્યાં પ્રદેશ છે ત્યાં ઉપર પર્યાય છે. તો ત્યાંથી ઉંડા-ઉંડા ઉતરવું. પર્યાયને છોડીને અંદર ધ્રુવમાં જાવું.

'**તે પુરુષપરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે. (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**' એ મોક્ષમાં જાય એમ કહે છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ અંતર આત્માના ધ્રુવમાં ઉતરવાથી પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ થાય છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૪, શુક્રવાર, તા. ૧૬-૦૧-૧૯૭૬
## ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૧૫૪

નિયમસાર, જીવ અધિકાર, ૧૧ અને ૧૨ ગાથા. જ્ઞાનના ભેદોનું કથન છે. આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે. ભાષા આવી ગઈ. ત્રિકાળી જ્ઞાનરૂપ છે. એનું જ્ઞાન અને જ્ઞાન .. થયો. જ્ઞાનનો ભેદ પર્યાયમાં કેવળજ્ઞાનાદિ એને બતાવે છે. ૧૧-૧૨.

केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।
सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव।।१२।।

**અસહાય, ઈંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન--એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**
**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

'**ટીકા :- અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.**' પહેલી વાત એ કરે છે કે કેવળજ્ઞાન, આત્માનું કેવળજ્ઞાન ત્રિકાળ અંતરમાં જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા એના જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ. એનો જે જ્ઞાનરૂપભાવ કારણજ્ઞાન એને આશ્રયે ઉત્પન્ન થતું કેવળજ્ઞાન અને એને આશ્રયે ઉત્પન્ન થતું મતિ, અવધિ આદિ એના ભેદોનું વર્ણન છે. પહેલું કેવળજ્ઞાનનું વર્ણન છે. '**ઉપાધિ વિનાના...**' ભગવાન કેવળજ્ઞાન આત્માને પ્રાપ્ત થાય છે એ તો ઉપાધિ વિનાનું છે. એમાં કોઈ ઉપાધિ નથી. '**ઉપાધિ વિનાના સ્વરૂપવાળું...**' જ્ઞાન છે. કેવળજ્ઞાન હોં. પ્રગટ કેવળજ્ઞાનની વાત ચાલે છે. '**કેવળ છે,...**' એકલું જ્ઞાન છે, શુદ્ધ છે, મિલાવટ રહિત નિર્ભેળ છે, એમાં ભેળ નથી. આત્માની કેવળજ્ઞાન પર્યાય એવી નિર્મળ ઉપાધિરહિત શુદ્ધ એકલી મિલાવટ રહિત શુદ્ધ છે. આ કેવળજ્ઞાન, પર્યાય કેવળજ્ઞાન, કાર્ય કેવળજ્ઞાન. આહા..હા..! '**આવરણ વિનાના સ્વરૂપવાળું...**' કેવળજ્ઞાનમાં કોઈ આવરણ છે નહિ. પૂર્ણ નિરાવરણ છે. એ કારણથી કેવળજ્ઞાન ક્રમથી જાણવું એ એમાં નથી. કેવળજ્ઞાન ક્રમે જાણે—પહેલા આમ, પછી આમ થાય એમ નથી. ક્રમ વિનાનું, ઇન્દ્રિય વિનાનું. અંતર કેવળજ્ઞાન ક્રમથી જણાયા વિનાનું છે અને ઇન્દ્રિયથી જાણવા રહિત છે.

'**અને (દેશ-કાળાદિ) વ્યવધાનરહિત છે,...**' એને કોઈ ક્ષેત્રમાં કાળની મર્યાદા નથી. ક્ષેત્રકાળ વિઘ્ન નથી કરતા. ત્રણકાળ, ત્રણલોકને નિરૂપધિ કેવળજ્ઞાનથી કર્મ અને ઇન્દ્રિરહિત

ભગવાન આત્મામાં કેવળજ્ઞાન થાય છે એ જ્ઞાનનું એવું સ્વરૂપ છે. આહા..! સાધારણ તો કેવળી-કેવળી કહે, પણ કેવળજ્ઞાન. છે? **'એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી...'** ક્રમની વ્યાખ્યા કરી. પહેલા આવું જાણે અને પછી બીજું અને પછી ત્રીજું એમ છે નહિ. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું એક સમયની પર્યાયમાં જાણવાનો સ્વભાવ કેવળજ્ઞાનનો છે. સમજાણું કાંઈ?

**'(-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી)...'** એટલે? ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થાય છે. વ્યાપતું હોવાથીનો અર્થ એ પરમાં વ્યાપત નથી થતું, પણ પરસંબંધી પોતાના પૂર્ણ જ્ઞાનમાં કેવળજ્ઞાન વ્યાપ્ત છે. તેથી **'અસહાય છે,...'** એ કારણે કેવળજ્ઞાન ઇન્દ્રિયો અને બીજા પદાર્થોના સહાયરહિત છે-નિઃસહાય છે. આહા..હા..! **'તે કાર્યસ્વભાવજ્ઞાન છે.'** કાર્યસ્વભાવજ્ઞાન છે એટલે કેવળજ્ઞાન પર્યાય થઈને? પર્યાય પ્રગટ છે તો કાર્યસ્વભાવજ્ઞાન છે. **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** હવે ઝીણી વાત લીધી. ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ જે કારણરૂપ છે, જેને આશ્રયે કાર્ય કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! પોતાના સ્વભાવમાં કારણજ્ઞાન ત્રિકાળ છે. એના આશ્રયે કાર્યકેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ભાષા સાધારણ છે. બહુ માલ પડ્યો છે. આહા..હા..! આત્મામાં કારણજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન. આહા..હા..!

**શ્રોતા :-** એ જ્ઞાન ગુણરૂપ કે બીજા કોઈરૂપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણરૂપ. ગુણરૂપ. કાર્યના કારણરૂપ કહે છેને. આત્મામાં એક ગુણરૂપ જ્ઞાન ત્રિકાળ કેવળજ્ઞાનરૂપી કાર્યનું કારણ અને એ કારણના અવલંબનથી કાર્ય કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એ કહે છે કે ચાર જ્ઞાન પહેલા ઉત્પન્ન થાય છે એનાથી પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. કેવળજ્ઞાનનું ઉત્પન્ન થવું ત્રિકાળી જ્ઞાયક કારણ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** આહા..હા..! કારણજ્ઞાન કોણ? આત્મ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો છે એને અહીંયાં કારણજ્ઞાન કહેવામાં આવે છે. કારણજ્ઞાન અને કાર્યજ્ઞાનને ક્યાંય સાંભળ્યું ન હોય બીજે. સમજાણું કાંઈ? ભગવાન અરિહંતને કેવળજ્ઞાન જે થાય છે એ કેવળજ્ઞાનને કાર્યકેવળજ્ઞાન કહે છે. અને એ કેવળજ્ઞાનના કાર્યનું કારણ અંતર આત્મામાં જ્ઞાનસ્વરૂપ પૂર્ણ ભર્યું છે એ કારણજ્ઞાન છે. એ કારણમાંથી કાર્ય આવે છે. સમજાણું કાંઈ? કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવાથી કેવળજ્ઞાન થાય છે?-નહિ? એ તો રાગ છે, વિકલ્પ છે. અહીંયાં તો મતિશ્રુતજ્ઞાનાદિ સમ્યક્ ઉત્પન્ન થયા હોય એનાથી પણ કેવળજ્ઞાન થાય એમ નથી.

**શ્રોતા :-** એ કેવળજ્ઞાનને બોલાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલાવે છે મતિજ્ઞાન. ધવલમાં પાઠ છે. ભગવાન આત્મા આનંદ

જ્ઞાનસ્વરૂપ એનું જ્ઞાન થવાથી મતિ અને શ્રુતજ્ઞાન જે ઉત્પન્ન થયા સમ્યક્ હોં, એ મતિશ્રુત જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવેનો અર્થ? 'આવો કેવળજ્ઞાન આવો.' એવો પાઠ છે. ધવલમાં પાઠ છે. આહા..હા..! કોઈને માર્ગ પૂછવો હોય તો કહેને ભાઈ કે અહીં આવો. માર્ગ ક્યાં છે? પૂછે છે કે નહિ? રસ્તો ક્યાંથી નીકળે છે? અમે અજાણ્યા છીએ. એમ મતિજ્ઞાન આત્માનું સહજ કારણસ્વભાવજ્ઞાન એના અવલંબને જે મતિશ્રુતજ્ઞાન થયું એ મતિ અને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. અર્થાત્ જેમ ચંદ્રમામાં બીજ ઉગ છેને? બીજ-બીજ. દુજ કહે છેને? બીજ ઉગી એ પુમને લાવે જ છે. પૂનમને લાવે જ છે. એ બીજ પુનમને બોલાવે છે. આવો... આવો... ચંદુભાઈ! આવી વાતું છે. આહા..હા..! બીજ ઉગે છે. આપણે બીજ કહે છેને? તો બીજ ઉગે એની પૂમન થાય જ થાય. સમજાણું કાંઈ? લ્યો, કાલે પુનમ છે. એમ ભગવાન આત્મા અંતર જ્ઞાનાનંદ કારણસ્વભાવરૂપ પડ્યો છે એનું સ્વરૂપગ્રાહી જ્ઞાન હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મોક્ષના માર્ગરૂપી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અલ્પજ્ઞાન છે એ કેવળજ્ઞાન પૂર્ણ છે એને બોલાવે છે. 'આવો અલ્પકાળમાં મને કેવળજ્ઞાન પ્રગટ થાઓ.' બોલાવે એવો પાઠ છે.

**શ્રોતા :-** દીકરો બાપને બોલાવેને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દીકરો શું પણ માર્ગમાં કહે છેને કે રસ્તામાં ચાલતા-ચાલતા ભૂલ પડી હોય તો બોલાવે છેને કે બતાવવો ભાઈ! ..માં માણસ થયો હોય. શું કહેવાય? .. આવો-આવો જુઓ, આ માર્ગ છે. આ માર્ગ અમને બતાવો. અહીં આવો, અહીં આવો એમ કહે.

**શ્રોતા :-** શ્રુતજ્ઞાને માર્ગ બતાવ્યો છ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મતિજ્ઞાન કહે છે કે કેવળજ્ઞાન આવો. એનો અર્થ કે જેને આત્માનું સ્વરૂપગ્રાહી મતિજ્ઞાન થયું એને કેવળજ્ઞાન થશે, થશે અને થશે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજા શાસ્ત્રનું જ્ઞાન થાય કે ન થાય એની સાથે સંબંધ નથી. પોતાનું જ્ઞાનસ્વરૂપ ભગવાન ઝીણી વાત છે, ભાઈ!

એ કહ્યુંને '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' તેવું નામ? કાર્યજ્ઞાન જેવું છે. અસહાય, ઈન્દ્રિયરહિત, કર્મથી જણાયા વિનાનું અને દેશકાળનું વિઘ્ન નથી એમાં એવું અંદર જ્ઞાન છે આત્મામાં. આહા..હા..! એ પણ એવું જ અસહાય. આહા..હા..! કેવું છે? તેવું જ. કાર્યજ્ઞાન જેવું જ આત્માનું જ્ઞાન અંદર છે. '**શાથી? નિજ પરમાત્મામાં રહેલાં...**' છે. આહા..હા..! નિજ આત્મામાં વિદ્યમાન છે એવું '**સહજદર્શન,...**' શું કહે છે? આત્મામાં અંદર સહજદર્શન પડ્યું છે. સ્વભાવિક દર્શન ત્રિકાળ પડ્યું છે અને '**સહજચારિત્ર,...**' આહા..હા..! ભગવાન આત્મામાં સ્વભાવિકચારિત્રશક્તિ પડી છે. સ્વભાવિકચારિત્રગુણ, પર્યાય એ ચારિત્ર નથી. અંદર સ્વરૂપમાં સહજચારિત્રસ્વરૂપ ત્રિકાળ પડ્યું છે. આહા..હા..!

'**સહજદર્શન,...**' પરમાત્મા નામ આત્મા. પોતાનો પરમ આત્મા, પરમસ્વરૂપ જે ધ્રુવસ્વરૂપ નિત્યસ્વરૂપ એમાં વિદ્યમાન સહજદર્શન છે, સ્વભાવિક ચારિત્ર ત્રિકાળમાં છે. ત્રિકાળમાં સ્વભાવિક શાંતિ પૂર્ણ પડી છે. આહા..હા..! '**સહજસુખ...**' છે. આત્મામાં સ્વભાવિક આનંદ પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુખ નથી વિષયમાં, સુખ નથી લક્ષ્મીમાં, સુખ નથી આબરૂમાં. આહા..હા..!

**શ્રોતા :-** સારા ગુરુ મળે એમાં તો સુખ ખરું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાંથી કાંઈ મળે એવું નથી. ત્યાં છે અંદરમાં ત્યાંથી મળે એવું છે. અંદરમાં સહજસુખ ભર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આવું બતાવે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જાણનાર પોતે બતાવે પોતાને. પોતે નામ સ્વયં. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો અંદરમાં એમ કહેવું હતું કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળ. એનું જેને જ્ઞાન થાય છે એ જ્ઞાન પરપદાર્થને પોતાથી ભિન્ન છે એમ એ જ્ઞાન જાણે છે. સ્વરૂપગ્રાહી જ્ઞાન વિના પરનું યથાર્થ જ્ઞાન થતું નથી. નવરંગભાઈ! એ દૃષ્ટાંત આપ્યું છેને એમાં કળશટીકામાં. કળશમાં આવે છે. ૬૦મો કળશ છે. કે આ શાક કહે છેને શાક? શું કહે છે? સબ્જી. શાકમાં મીઠું છે. લવણ. તો લવણ ખારું છે અને શાક ખારું નથી. એનું જ્ઞાન કોને થાય છે? અજ્ઞાની માને એ નહિ. એ જ્ઞાન યથાર્થ નથી. જેને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એવું અંતરમાં જ્ઞાન થયું હોય એ શાક અને લવણ. શાક કહે છેને અને લવણ. બેનું સાચું ભિન્ન જ્ઞાન એને થાય છે. ચંદુભાઈ! શું કીધું ઈ? હજી આ લવણ ખારું છે અને શાક ખારું નથી એનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનવાળાને વ્યવહારનું આવું જ્ઞાન થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્મજ્ઞાન ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને આત્મજ્ઞાન હોય એને પરનું યથાર્થ ભિન્ન જ્ઞાન થાય છે. આહા..હા..! પાણી ઠંડુ છે અને અગ્નિના નિમિત્તે ઉનું થયું. એ ઉષ્ણતા અને શીતળતાનું જ્ઞાન જેને સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું હોય, અંતર જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માનું ભાન થયું હોય એને એ ઠંડા અને ગરમનું સાચું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઠંડું-ગરમ પરવસ્તુ છે, તો પરવસ્તુનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? કે જે પોતાના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન થયું હોય. ચંદુભાઈ! આવી વાતું છે. આહા..હા..! કળશમાં છે. બતાવ્યું હતું? એય..! નવરંગભાઈ! એ દવાનું જ્ઞાન પણ 'આ દવા ઠીક અને આ દવા ઠીક નહિ' એ જ્ઞાન કેમ થાય? સ્વરૂપગ્રાહી જ્ઞાનીને જ પરનું યથાર્થ જ્ઞાન થાય છે. જેને સ્વનું યથાર્થ જ્ઞાન થયું એને પરનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાન યથાર્થ થાય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. લોકોને બહારથી સ્થૂળ મળ્યો છે. મૂળ ચીજ જ નથી મળી. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી કારણરૂપ જ્ઞાન જે છે એના આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થાય છે એ મોક્ષના માર્ગનો માર્ગ છે. માર્ગ નામ ત્રણ પ્રકાર છેને? દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં એ જ્ઞાનભાવ છે એમ. અને એ જ્ઞાન પોતાના કારણજ્ઞાનમાંથી ઉત્પન્ન થયું છે એ કારણે આ જ્ઞાન યથાર્થ છે અને એ જ્ઞાન રાગને પણ જાણે કે આ રાગ છે અને હું શુદ્ધ છું એવું ભેદજ્ઞાન યથાર્થ જ્ઞાનીને જ એનું ભેદજ્ઞાન થાય છે. આહા..હા..! શું કહ્યું સમજાણું? ઝીણો માર્ગ છે, ભાઈ! આહા..હા..! જ્યાં મારામાં આનંદ છે એવું જેને અંતરનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં આ રાગ દુઃખરૂપ છે, ઈન્દ્રિય શરીર આદિ પર છે, એને યથાર્થ જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દેહ પર છે અને કર્મ પર છે અને રાગ ઉત્પન્ન થાય છે દયા, દાન, વિકલ્પ શુભભાવ એ પર છે એનું યથાર્થ જ્ઞાન કોને થાય છે? આહા..હા..! કે જેને જ્ઞાનમય ભગવાન આત્મા એ સન્મુખ થઈને જ્ઞાન કર્યું એને રાગ ભિન્ન છે, શરીર ભિન્ન છે એવું વાસ્તવિક જ્ઞાન એને થાય છે. આહા..હા..! અરે! આ તો કેવળજ્ઞાનની વાતું બાપા! કેવળજ્ઞાન કોને કહેવું? તો લોકો અમથા માને નમો અરિહંતાણં, ... કેવળ કોને કહેવું? આહા..હા..!

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને સ્પર્શ્યા વિના. સ્પર્શ્યા વિના. ત્રણકાળ, ત્રણલોક છે એને અડ્યા વિના કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! અને એક સમયમાં, સેકન્ડમાં અસંખ્ય સમય જાય છે. એના એક સમયમાં આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થાય છે. એ કહ્યુંને ૮૦ ગાથામાં 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।' જે કોઈ અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણે એ પોતાના આત્માને જાણે. હું પણ આવો છું એમ મેળવે. આહા..હા..! સમજાણું કાંઈ? 'जो जाणदि अरहंतं' અરિહંતનું દ્રવ્ય નામ આત્મા, ગુણ નામ અંદર શક્તિ ત્રિકાળ અને પર્યાય નામ વર્તમાન અવસ્થા કેવળજ્ઞાનાદિ એને જે બરાબર જાણે છે. વિકલ્પ છે પહેલા, પછી પોતાના સ્વરૂપમાં મેળવે છે કે 'હું પણ જેવું એનું દ્રવ્ય છે એવું દ્રવ્ય મારું છું, એના ગુણ છે એવા ગુણ મને છે અને કેવળજ્ઞાનની પર્યાય મારામાં પ્રગટ થવાની શક્તિ મારી છે.' એવી અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યગ્દર્શન થાય છે. કેવળજ્ઞાનની પર્યાયને મેળવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધી વાતું ઝીણી ભારે ભાઈ આવું. કાંઈક કરવું હોય અને આ કરે .. પૂજા કરવી, ભક્તિ કરવી, આ કરવું. શૂન્ય પડી જાય. ધૂળેય નથી એમાં. આવે, થાય એ વાત જુદી છે, પણ એ તો હેય છે. આહા..હા..!

પોતાનો ભગવાન આત્મા અનંત... અનંત... અનંત... જેની શક્તિ, જેની શક્તિનું સામર્થ્ય. એક-એક ગુણની શક્તિનું સામર્થ્ય અનંત છે. ક્ષેત્રમાં ભલે નાનું હોય એની સાથે સંબંધ નથી. સ્વભાવની સામર્થ્યતા એક-એક આત્મામાં, એક-એક જ્ઞાનનું અનંત સામર્થ્ય છે. એ કારણ જ્ઞાનને અવલંબીને જે કાંઈ મતિશ્રુતજ્ઞાન પહેલા થાય છે એને ધર્મ કહે છે. અને મતિશ્રુતજ્ઞાનનો

વ્યય થઈને કેવળજ્ઞાન થાય છે એ કારણજ્ઞાનમાંથી કેવળજ્ઞાન થાય છે, મતિશ્રુતમાંથી નહિ. મતિશ્રુતનો તો અભાવ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**નિજપરમાત્મામાં રહેલાં...**' શું? '**સહજદર્શન,...**' ત્રિકાળ. '**સહજચારિત્ર,...**' ત્રિકાળ, '**સહજસુખ...**' ત્રિકાળ. '**સહજપરમચિત્શક્તિરૂપ...**' વીર્ય. '**સહજપરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારનાં...**' આહા..હા..! અંતરનું કારણજ્ઞાન, અંતરનું ધ્રુવજ્ઞાન '**સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ, સહજપરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' શક્તિ હોં. સમજાણું કાંઈ? શું કહ્યું એ? આહા..હા..! ભગવાન આત્મામાં જે સહજકારણજ્ઞાન છે ધ્રુવ એના આશ્રયે કાર્યજ્ઞાન કેવળ થાય છે, પણ એ સહજજ્ઞાન છે કેવું? કે પોતામાં રહેનારું સહજદર્શન ત્રિકાળ, સહજસુખ, સહજવીર્ય અને સહજચારિત્ર. આહા..હા..! એને યુગપદ્ '**નિજકારણસમયસારનાં...**' એનું નામ નિજકારણસયમસાર કહ્યું. કોને? એ '**નિજપરમાત્મામાં રહેલા સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ, સહજપરચિત્શક્તિરૂપ નિજકારણસમયસારનાં સ્વરૂપોને...** ' આહા..હા..! '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' ધ્રુવ જ્ઞાન હોં. ધ્રુવજ્ઞાન જે છે સ્વરૂપપ્રત્યક્ષ. એ જ્ઞાન આત્મામાં વિદ્યમાન દર્શન, સુખ, ચારિત્ર, વીર્ય એવું કારણસમયસાર એને જ્ઞાન, કારણજ્ઞાન યુગપદ્ જાણવામાં સમર્થ છે. આહા..હા..! વિશ્વાસ ક્યાં છે લોકોને કે આ ચીજ શું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહથી ભિન્ન પ્રભુ, રાગથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન. એવા સ્વભાવમાં પડેલું જ્ઞાન, ત્રિકાળી કારણજ્ઞાન, જેમાંથી કાર્યજ્ઞાન પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એ કારણજ્ઞાન કેવું છે? કે અંદરમાં પરમાત્મસ્વરૂપમાં વિદ્યમાન દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય એ કારણસમયસારને અંદર રહેલું કારણજ્ઞાન યુગપદ્ જાણવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન યથાર્થ થતું નથી. ઈ કાંઈ કાંઈ બોલે એ પરનું જ્ઞાન નથી. આહા..હા..! આ મેં ઈન્દ્રિયથી જાણ્યું, એ ચીજ છે તો મારામાં જ્ઞાન થયું એવી ગડબડી રહી જાય છે એને. આહા..! ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ સર્વજ્ઞ પરમેશ્વર જે કેવળજ્ઞાન પામ્યા તો કહે છે કે એ કેવળજ્ઞાન તો કાર્યજ્ઞાન છે. પર્યાય કહો કે કાર્ય કહો. એ કાર્યજ્ઞાનનું કારણ કોણ? કે ત્રિકાળી આત્મામાં પડેલું જ્ઞાન જે જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન સહજદર્શન, સહજસ્વરૂપ, સહજચારિત્ર, સહજવીર્ય એવા કારણસમયસારને જે અંતર પડેલું જ્ઞાન કારણસમયસારને જાણવામાં સમર્થ છે.

અંદર આત્મા જે બિરાજે છે ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ. એમાં એ જ્ઞાન છે એને અહીંયાં કારણજ્ઞાન કહેવામાં આવ્યું છે. કેમકે એને કારણે કાર્યજ્ઞાન કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, પણ એ જ્ઞાન કેવું છે અંતરમાં? કે જે પરમાત્મસ્વરૂપ પોતાનું છે એમાં રહેનારું દર્શન, એમાં રહેનારો આનંદ, રહેનાર ચારિત્ર ચિત્શક્તિ, વીર્ય એવા કારણસમયસારને ધ્રુવ સમયસારને ધ્રુવજ્ઞાન

જાણવામાં યુગપદ્ સમર્થ છે. આહા..હા..! આવી વાત છે. આ વસ્તુનો અભ્યાસ ઘટી ગયો. મૂળ તત્ત્વનો દ્રવ્ય, ગુણ અને પર્યાય ઈ જે મૂળ એકડા છે એની ખબર ન મળે ને એમ ને એમ ઉપરથી ચાલ્યું જાય. સત્ય દૃષ્ટિ રહી ગઈ. આહા..હા..!

**શ્રોતા :-** ધ્રુવ ધ્રુવને જાણે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, જાણવાની શક્તિ છે, કાર્યરૂપ નહિ. ધ્રુવમાં રહેલું જ્ઞાન, ધ્રુવમાં રહેલું દર્શન, ચારિત્ર, સુખને એક સાથે જાણવાની શક્તિ એને જાણે છે એમ કહેવામાં આવે છે.

'**નિજકારણસમયસારનાં સ્વરૂપોને...**' આહા..હા..! નિજકારણજ્ઞાન ત્રિકાળ, નિજ કારણસમયસારને કે જેમાં દર્શન, ચારિત્ર આદિ પડ્યા છે. એવા નિજકારણસમયસારને '**યુગપદ્ જાણવાને સમર્થ...**' જાણવાની તાકાત છે એની. આહા..હા..! આવું કારણજ્ઞાન '**સમર્થ હોવાથી તેવું જ છે.**' આહા..હા..! અરેરે! એક બોલ પણ યથાર્થ સમજેને. શાસ્ત્રમાં પાઠ છે. જયસેનાચાર્યની ટીકામાં. એક ભાવ બરાબર સમજે તો બધા ભાવો સમજાય જાય છે. એક ભાવ પણ યથાર્થ સમજાય તો બધા ભાવ સમજાઈ જાય. એક ભાવ યથાર્થ સમજ્યા વિના એમ ને એમ અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણીને છોડી દીધા. આહા..હા..! કેવી વાત કરી! જુઓ, આવી બીજે વાત નથી. બીજા શાસ્ત્રમાં આવી વાત નથી. બીજા એટલે આપણા દિગંબર શાસ્ત્રો. એટલી સ્પષ્ટ વાત અહીં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા કોતરાઈ ગઈ છે અહીંયાં. આ ટીકા બધી મશીનથી કોતરાઈ ગઈ છે. આહા..હા..! અંદરમાં કોતરવું એ વાત કરે છે. આહા..હા..!

આત્મા અરૂપી પદાર્થ તત્ત્વ છે. એમાં ત્રિકાળી જ્ઞાન જે છે એને અહીં કારણજ્ઞાન, જેવું કાર્યજ્ઞાન કેવળજ્ઞાન છે એવું જ કારણજ્ઞાન એમ કહ્યું. જેવું કાર્યજ્ઞાન એવું કારણજ્ઞાન એમ કહ્યું છે. આહા..હા..! છેને જુઓને. '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' એમ છેને? જુઓને પહેલા શરૂઆત ત્યાંથી કરી. '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' કેવું? કાર્યજ્ઞાન જેવું. કેવળજ્ઞાન જે ભગવાનને પ્રગટ્યું એ પર્યાયનું કાર્ય છે. પર્યાયનું કાર્ય છે એવું દ્રવ્યનું કારણજ્ઞાન એવું જ છે. આહા..હા..! વિશ્વાસ નથી. એને વિશ્વાસ આવવો જોઈએ. પૂર્ણજ્ઞાનઘન ભગવાન એકલા ચૈતન્યનો પૂંજ. આહા..હા..! એમાં જેમ કારણજ્ઞાન પડ્યું છે એ કારણજ્ઞાનની સાથે કારણસમયસારસ્વરૂપ ભગવાન એમાં સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, સ્વભાવિકસુખ, વીર્ય-ચતુષ્ટ લીધા. સ્વચતુષ્ટ શક્તિરૂપ અંદર પડી છે એને કારણજ્ઞાન જાણવામાં, કાર્યજ્ઞાન જેમ જાણે એમ જ જાણે છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો આત્મામાં સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે. જે કેવળજ્ઞાન થયું એ પર્યાયરૂપ સર્વજ્ઞાન થયું. અંદરમાં સર્વજ્ઞાન પડ્યું છે. એ જેવું કાર્ય છે એવું સર્વજ્ઞાનનું કારણ છે. આહા..હા..! જ્ઞ સ્વભાવી ભગવાન. સ્વભાવ જ્ઞ અને સ્વભાવી આત્મા. જ્ઞ સ્વભાવી આત્મા એને જો

જ્ઞની પૂર્ણતા લગાવી દો તો સર્વજ્ઞસ્વભાવી આત્મા. કારણ કે જ્ઞ છે એ પૂર્ણ સ્વભાવ છે, એમાં અપૂર્ણતા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ. સ્વભાવ જ્ઞ, જાણનાર સ્વભાવ ત્રિકાળ હોં. હવે જાણનાર સ્વભાવ એમાં અપૂર્ણતા અને વિપરીતતા નથી. એ કારણે જાણનાર સ્વભાવ જ્ઞ સ્વભાવી સર્વજ્ઞ સ્વભાવી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીપાલજી! આવી વાતું છે ભાઈ! આ. એ જ્ઞ સ્વભાવી આત્મા વસ્તુ જ્ઞ જેનો જાણનસ્વભાવ છે. જાણન જેનો સ્વભાવ એ જાણન સ્વભાવમાં પરિપૂર્ણતા છે. કારણ કે સ્વભાવ છે એમાં અપૂર્ણતા કે વિપરીતતા હોય નહિ. તો એવો જ્ઞ-સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ એ કારણજ્ઞાન. આહા..હા..! આવો ઉપદેશ અને આ કઈ જાતનો ઉપદેશ? ઓલું તો... ભાઈ! માર્ગ આવો. ભાઈ! વીતરાગનો માર્ગ આવો છે.

એ સર્વજ્ઞસ્વભાવ એને અહીંયાં કારણજ્ઞાન કહ્યું અને એ કારણજ્ઞાન જેમ સર્વજ્ઞપર્યાય બધાને જાણે છે એમ કારણજ્ઞાન સર્વજ્ઞ જ્ઞાન થયુંને? સર્વજ્ઞ જ્ઞાન. તો એ પણ અંદરમાં દર્શન, આનંદ બધાને જાણે છે. આહા..હા..! બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે. ઓહો..હો..! મુનિરાજની ટીકા છે. દિગંબર સંત જંગલમાં રહેતા હતા. સિદ્ધ સાથે વાત કરતા હતા. જાણતા હતા વાત કરતા એટલે. આહા..હા..! અહીંયાં તો કહે છે કે અલ્પજ્ઞાન કોઈ શાસ્ત્રનું પણ હોય, નવ પૂર્વ સુધી હોય તોપણ એને અભિમાન હોય કે મને જ્ઞાન છે તો એ મિથ્યાદૃષ્ટિ છે કહે. કેમ કે કેવળજ્ઞાનરૂપી કાર્ય જ્યાં નથી અને તેનું કારણ જ્ઞાનરૂપ પરિપૂર્ણ છે એની પ્રતીતિ એને નથી, એથી એવું અલ્પજ્ઞાનમાં એને અભિમાન થઈ જાય છે. નવરંગભાઈ! ફરીને. ફરીને આપણે ન્યાં ક્યાં. આહા..હા..!

જ્ઞાનની વર્તમાન પર્યાયમાં નવ પૂર્વ સુધીનું જ્ઞાન થઈ જાય અને આ તો પાંચ, પચાસ હજાર, પાંચ, દસ લાખનું શાસ્ત્રજ્ઞાન થયું તો એને એમ થાય કે ઓહો..હો..! ભાઈ! તને જ્ઞાનનું અભિમાન થયું. એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેમ? કે એનાથી અનંતગુણી કાર્યપર્યાય છે કેવળજ્ઞાનની એની તને કિંમત નથી અને કેવળજ્ઞાન કાર્યનું કારણ જે છે એ તો મહાન અનંત-અનંત કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ છે. એનું જે માહાત્મ્ય હોય તો અલ્પજ્ઞાનમાં તને અભિમાન થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્મામાં કારણજ્ઞાન જે ત્રિકાળ છે એ સર્વજ્ઞ સ્વભાવ છે, જેને સર્વજ્ઞશક્તિ કહી છે. ૪૭માં આવ્યું આપણે. ૪૭ શક્તિમાં એવું કહ્યું છે. એ શક્તિ છે એ સર્વજ્ઞ શક્તિ તે કારણજ્ઞાન છે. આહા..હા..! એ કારણજ્ઞાનની એટલી તાકાત કે જેવું કેવળજ્ઞાન કાર્ય છે એવું અહીં જ્ઞાન જાણે છે. ફક્ત એ કાર્યરૂપ છે, આ કારણરૂપ છે; તો અંદર કારણરૂપ જે જ્ઞાન છે ધ્રુવ એ અંતરમાં રહેનારું દર્શન, ચારિત્ર, સુખ અને વીર્ય. એને એક સમયમાં યુગપદ્ છેને? યુગપદ્ શબ્દ છે જુઓ, આહા..હા..!

અંતર સ્વરૂપમાં જ્ઞાન એવી તાકાતવાળું છે. સ્વરૂપમાં ધ્રુવ હોં. કે સ્વરૂપમાં રહ્યું દર્શન,

સુખ અને આનંદ, વીર્ય આદિ એને એક સમયમાં યુગપદ્ સાથે જાણવાની શક્તિ રાખે છે. આહા..હા..! શક્તિ હોય. આહા..હા..! એની જેને શ્રદ્ધા હોય એને કેવળજ્ઞાન વિના એની પર્યાયમાં અધૂરું માને છે. હું તો પામર છું. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મારું પૂર્ણજ્ઞાન અંતર! આ વર્તમાન પર્યાયના જ્ઞાનની કેટલી કિંમત! એને અભિમાન નથી થતું. સમજાણું કાંઈ? બીજા તો થોડા શાસ્ત્ર ભણે, પાંચ-પચ્ચીસ, પચાસ હજાર, લાખ, બે લાખ શ્લોક લ્યોને. 'મેં આમ જાણ્યું, હું આમ જાણું છું' એનું અભિમાન મિથ્યા છે. એને કેવળજ્ઞાન કાર્યજ્ઞાન અને એનું કારણ અંદર શક્તિ જ્ઞાન એની પ્રતીતિ એને નથી. આહા..હા..! બરાબર છે? આહા..હા..! ભગવાન બિરાજે છે, ભાઈ! આહા..હા..! દેહદેવળમાં પરમાત્મા આ હાડકા, ચામડા, પુણ્ય અને પાપ રાગ એનાથી ભિન્ન ભગવાન અંદર ચૈતન્ય બિરાજે છે. એ ચૈતન્યમાં કારણજ્ઞાન કેવું છે? કે જેવું કાર્યજ્ઞાન યુગપદ્ ઇન્દ્રિય વિના, ક્રમ વિના અને અસહાય એક સાથે બધાને જાણે છે, એવું કારણજ્ઞાન એવું જ છે કે જે કારણજ્ઞાન અંતરમાં કારણરૂપ ત્રિકાળદર્શન, ત્રિકાળ આનંદ છે એને એક સમયમાં યુગપદ્ જાણવાની તાકાત રાખે છે. અરેરે! સમજાણું કાંઈ? '**આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**' લ્યો! આ પ્રકારે શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધજ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે :**' મતિશ્રુત આદિ છે એ શુદ્ધાશુદ્ધ છે. પૂર્ણ શુદ્ધ નથી તેમ અશુદ્ધ નથી. કાંઈક શુદ્ધ અને કાંઈક અશુદ્ધ. મતિશ્રુતજ્ઞાનાદિ, અવધિ આદિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ...**' કેટલા પ્રકાર છે એ કહેવામાં આવે છે. આહા..હા..! '**ઉપલબ્ધિ...**' છે? '**ભાવના અને ઉપયોગથી...**' એ ત્રણ પ્રકાર. નીચે છે. બગડો-બગડો. '**મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ.**' ત્રણની વ્યાખ્યા. '**મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (-પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે;...**' એ મતિજ્ઞાનનો ભેદ એ ઉપલબ્ધિ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! છેને માથે શુદ્ધાશુદ્ધ? એ બધાને લાગુ પાડવો. આહા..હા..! '**જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે;...**' એ પંચાસ્તિકાયની વાત લીધી. પંચાસ્તિકાય નથી? જયસેનાચાર્યની ટીકામાં. ત્યાંથી લીધું છે. ટીકામાં આવ્યું ખરુંને. જે જાણેલી વાત છે એનું વારંવાર-વારંવાર ચિંતન કરવું. સમજાણું કાંઈ? એ ભાવના. એ ભાવના પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..!

**શ્રોતા :-** કઈ રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમકે જેટલી શુદ્ધ છે એટલી શુદ્ધ છે, પણ હજી કર્મનું નિમિત્ત છેને? એટલી અપેક્ષા. (જ્ઞાન) ઓછું છેને ઓછું? એ અપેક્ષાએ અશુદ્ધ છે. આહા..હા..! કેવળજ્ઞાન શુદ્ધ છે, ત્રિકાળી, ત્રણકાળને જાણનારું અને એનું કારણજ્ઞાન શુદ્ધ છે એ પૂર્ણ સ્વરૂપમાં પડ્યું છે. આ જે જ્ઞાન, મતિજ્ઞાનની ઉપલબ્ધિ ભાવના અને ઉપયોગ.

'ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. **મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે...'** ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે હોં. પોતાની ઉપાદાનશક્તિ તો પોતાથી છે. કોઈ એમ કહે છેને કે મતિજ્ઞાનાવરણીયના ઉઘાડથી એટલી શક્તિ પ્રગટી. એમ નથી. એ તો નિમિત્તની વાત છે. પોતાની પર્યાયમાં પરપદાર્થની ગ્રહણશક્તિ છે, વિકાસરૂપ પોતાના પુરુષાર્થથી પ્રગટી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છેને, જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાણું છે. એમ નથી. પોતાની જ્ઞાનની પરિણતિ ન્યુન પરિણમન પોતાથી થાય છે તો જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કહે છેને ઈ. કાનજીસ્વામી એમ કહે છે કે પોતાની યોગ્યતાથી જ્ઞાન થાય છે. એ પ્રશ્ન ચાલ્યો છે. વાત તો એવી છે. પણ એ માનતા નથી એટલે એને વિરોધી લાગી. સમજાણું કાંઈ? અહીં તો જુઓ, શું કહ્યું? કે '**મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે...**' મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે. ઉપાદાન ક્ષયોપશમ તો પોતાની પર્યાયથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! '**મતિજ્ઞાનવરણનો ક્ષયોપશમ...**' એનો ઉઘાડ. એ તો નિમિત્ત છે. '**એવી અર્થગ્રહણશક્તિ...**' પોતાથી ઉત્પન્ન થઈ છે. અર્થગ્રહણ પદાર્થને જાણવાની શક્તિ એનું નામ ઉપલબ્ધિ. એ પણ શુદ્ધાશુદ્ધ છે. એ શુદ્ધાશુદ્ધ ઉપર છે એ બધામાં લગાવવું. આહા..હા..!

'**જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે;...**' એ પણ પોતાના પુરુષાર્થની કમીથી એટલો વિકાસ છે. '**આ કાળું છે, આ પીળું છે ઈત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર તે ઉપયોગ છે.**' આહા..હા..! પણ મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્ત અને વિકાસ પોતાથી થયો એ મતિજ્ઞાનના ક્ષયોપશમને શુદ્ધાશુદ્ધ કહેવામાં આવ્યું છે. પૂર્ણ શુદ્ધ નથી, પૂર્ણ અશુદ્ધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અવગ્રહાદિ ભેદથી...**' એ મતિજ્ઞાનના ભેદ કીધાને એ? અને '**અવગ્રહ, ઈહા, અવાય...**' નીચે છે. '**મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ,...**' અવગ્રહ શું? કોઈ ચીજ છે એને પહેલા જાણવાની શરૂઆત, પછી વિચારણા, પછી નિર્ણય અને ધારણા. એવા ભેદ મોક્ષશાસ્ત્રમાં વિશેષ લીધું છે. '**અવગ્રહાદિ ભેદથી...**' સમજાણું કાંઈ? ભેદ. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય આદિ ભેદ પડે છે. ઓલામાં લીધું છે કે જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અંશ શુદ્ધ છે એને શુદ્ધ કહીએ. એમ લેવું છે. શું? મોક્ષમાર્ગપ્રકાશક. મોક્ષમાર્ગપ્રકાશકમાં. એનો સ્વભાવ છેને એમ કહે. એ અપેક્ષિત વાત લીધી છે. અહીં તો કહે છે કે એ શુદ્ધાશુદ્ધ છે. અપૂર્ણતા બતાવવી છે અને શુદ્ધ પ્રગટ છે એ બતાવવું છે. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે કે ભાઈ જેટલો ક્ષયોપશમનો અંશ છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ અંશ સ્વભાવ એ ક્ષયોપશમ ક્યાંથી બંધનું કારણ થયું? એ અપેક્ષાએ. છતાં અહીંયાં કહે છે કે જેટલો એ ક્ષયોપશમ અંશ પ્રગટ થયો–

ઉપલબ્ધિરૂપ, ભાવનારૂપ કે ઉપયોગરૂપ-એ શુદ્ધાશુદ્ધ છે. તદ્દન શુદ્ધ નથી, તદ્દન અશુદ્ધ નથી.

એ એમ છે કે અજ્ઞાન એ બંધનું કારણ છે અજ્ઞાન. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર જાણવું છે. તો અજ્ઞાનમાં પરને જાણે છે અને સ્વને નથી જાણતા માટે એ જ્ઞાનનો દોષ છે. એ બંધનું કારણ છે. ... સમજાણું કાંઈ? આ તો અમારે ઘણા વર્ષ પહેલા બધી ચર્ચાઓ ઘણી ચાલતી હતીને? એમાં દામોદર શેઠ સાથે ચર્ચા થઈ હતી. ભાઈ! આ બાજુમાં તો પૈસાવાળા તો એ જ હતાને. દસ લાખ રૂપિયા ૬૦ વર્ષ પહેલાં. દસ લાખ. એમાં એની ચર્ચા ચાલતી હતી કે જુઓ, દારૂ પીવે છે એનું જ્ઞાન તો ઘેલછા કરી દે છે કે નહિ? પાગલ. દારૂ પર છે, પણ પોતાને પાગલ બનાવે છે કે નહિ? કીધું નહિ. બીલકુલ જૂઠી વાત છે. પાગલ પોતાથી થયો છે. એ પંચાધ્યાયમાં શબ્દ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો પહેલેથી બધી ચર્ચા ચાલતી હતીને આ તો સ્વતંત્ર. આત્મામાં જે જ્ઞાનની પર્યાયમાં દારૂ પીવાથી જે ઘેલછા જોવામાં આવે છે એ દારૂને કારણે નથી. ઘેલછાની પર્યાયમાં ઉત્પત્તિ પોતાથી થઈ છે. સમજાણું કાંઈ? સત્યને સત્યપણે સમજવું જોઈએ. આડુઅવળું સમજે, ઓછું, અધિક, વિપરીત (એ ન ચાલે). એ આવી ગયું આપણે શ્રાવકરત્નકરંડાચારમાં કળશ. કે જે જ્ઞાનમાં ન્યૂન સમજે યથાર્થથી, વિપરીત સમજે અને અધિક સમજે એ મિથ્યાજ્ઞાન છે. જેવું છે એવું એ પ્રકારે સમજવું એ સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? ભેદવાળું જ્ઞાન.

'બહુ, બહુવિધ વગેરે ભેદ...' છે. છેને નીચે? મોક્ષશાસ્ત્ર લેવું. '**મતિજ્ઞાન** બાર ભેદવાળું છે **: બહુ, એક, બહુવિધ,...**' એ બધો વિસ્તાર છે. '**એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ.**' '**લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.**' એ મતિજ્ઞાનની વાત અહીં લીધી. હવે શ્રુતજ્ઞાન. એ લબ્ધિ અને ભાવનાથી બે. '**દેશ, સર્વ અને પરમના ભેદથી...**' એ મનઃપર્યાય. લબ્ધિ અને ભાવના શું? એ ઉપયોગ જ છે. લબ્ધિ અને લબ્ધિ એનો ઉઘાડ, ભાવના ઉપયોગ. વર્તમાન વેપાર. એ નથી લીધું બીજું ન લીધું. મતિમાં અવગ્રહાદિ લીધું.

**શ્રોતા :-** ભાવના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભાવના એ ઉપયોગ છે અહીં ઉઘાડ. લબ્ધ ઉઘાડ અને ઉપયોગરૂપ ભાવ બેય. એવા '**ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. દેશ, સર્વ અને પરમના ભેદથી...**' અવધિના ભેદ. પણ એ શ્રુતજ્ઞાન કહ્યું એ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! બાર અંગનું જ્ઞાન ઉત્પન્ન થાય તોપણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! બાર અંગનું જ્ઞાન શ્રુતજ્ઞાન શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! ઉપર આવી ગયું. '**(નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે :**' આહા..હા..! અને એક વાત તો એવી છે કે બાર અંગ તો શુદ્ધાશુદ્ધ છે, પણ બાર અંગમાં જે કહ્યું છે એ સ્થૂળ વ્યાખ્યાન છે. સ્થૂળ કહ્યું એવો પાઠ પંચાધ્યાયમાં છે. સૂક્ષ્મ-સૂક્ષ્મ વાત તો ઘણી રહી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલું ભગવાનને

જણાયું એના અનંતમા ભાગે કથનમાં આવે છે. આહા..હા..! એના અનંતમાં ભાગે કે અમુક ભાગે ગણધર ધારણ કરે છે અને એના અમુક ભાગની રચના કરે છે. એવી શક્તિ છે. આહા..હા..! એમાં જ્ઞાનના ગુણની મહિમા અને જ્ઞાનની પૂર્ણતાની મહિમા જણાવે છે. આહા..હા..! બાર-બાર અંગ જેને કહીએ. આહા..હા..! એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. આહા..હા..! એવા-એવા છત્રીસ હજાર, બોતેર હજાર ડબલ. આચારાંગ, સૂયગડાંગ. એ બાર અંગનું જ્ઞાન પણ અલ્પ છે, એ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અવધિજ્ઞાન...'** અવધિજ્ઞાન છેને? રૂપીને જાણે. **'દેશાવધિ,...'** થોડું જાણે, **'સર્વાવધિ,...'** બધું જાણે, **'પરમાવધિ...'** એકદમ મુનિને થાય છે અને પછી કેવળજ્ઞાન થાય છે. **'એવા ત્રણ ભેદોને લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.'** સર્વ અવધિ-સર્વાવધિ લોકાલોક બધાને. લોકને તો જાણે પણ એથી અસંખ્ય ગુણા લોક હોય તો જાણે એવી પરમાવધિમાં શક્તિ છે. પ્રત્યક્ષ જોયું છે. એ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! શું કહ્યું આમાં? શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે. કાર્યજ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ, એ શુદ્ધ છે, કારણજ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ એ પરમશુદ્ધ છે અને આ ક્ષયોપશમ આ ભાવ છે એ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! એવી વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એવી વાત ક્યાંય છે નહિ. અજ્ઞાનીએ જોયું-જાણ્યું નથી અને ધર્મના નામે બધા કથન કરી દીધા. સમજાણું કાંઈ? અરે! આવી શુદ્ધાશુદ્ધ અને આવી સ્પષ્ટતા શ્વેતાંબરમાં પણ નથી. સમજાણું કાંઈ? ન્યાયથી જુઓ તો એક એક શબ્દમાં અંદર તુલના કરી છે.

એક બાજુ કાર્યજ્ઞાન પૂર્ણ બતાવ્યું. એક બાજુ કાર્યજ્ઞાન જેવું કારણજ્ઞાન બતાવ્યું. કારણજ્ઞાન એ શુદ્ધ છે. હવે મતિશ્રુત આદિના ભેદ એ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કારણજ્ઞાન છે એ અપેક્ષાએ શુદ્ધ છે, અપૂર્ણ છે એ અપેક્ષાએ અશુદ્ધ છે. આહા..હા..! એ અવધિજ્ઞાનના ભેદ થયા. વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૧, રવિવાર, તા. ૧૮-૦૧-૧૯૭૬
## ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૧૫૫

૧૧-૧૨ ગાથા, નિયમસાર. અહીંયાં સુધી આવી ગયું છે અવધિજ્ઞાન સુધી. શું કહ્યું? પહેલા થોડું આવી ગયું છે કે જે કેવળજ્ઞાન છે કાર્યજ્ઞાન પર્યાયમાં જે કાર્ય ઉત્પન્ન થાય છે એ કેવળજ્ઞાન-કાર્યજ્ઞાન અને અંતરમાં જે ત્રિકાળી જ્ઞાન છે એ કારણજ્ઞાન. ત્રિકાળી આત્માનો

જ્ઞાનસ્વભાવ ચિદ્દવિલાસ ધ્રુવજ્ઞાન જે છે એ કારણજ્ઞાન અને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થાય છે તે કાર્યજ્ઞાન. જ્ઞાનના ભેદનું કથન છેને. પછી શુદ્ધાશુદ્ધજ્ઞાનનો ભેદ. એ ચાલે છે. એમાં આ આવ્યું કે મતિ અને શ્રુતજ્ઞાન પણ શુદ્ધાશુદ્ધ છે. અવધિ પણ શુદ્ધાશુદ્ધ છે. ત્યાં સુધી આવ્યું છે. સમજાણું કાંઈ? આ તો જ્ઞાનના અધિકારમાં ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે ભગવાન ધ્રુવ એ મોક્ષનું મૂળ કારણ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં અનંત-અનંત અપરિમિત જ્ઞાનશક્તિરૂપ સ્વભાવ છે, એ મોક્ષનું મૂળ કારણ એ છે. આહા..હા..! વચ્ચે આ ચાર જ્ઞાન ત્રણ અજ્ઞાન વગેરે એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને અહીં સુધી આવ્યું આપણે અવધિ સુધી.

હવે મનઃપર્યયની વાત છે. '**ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.**' છે? '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને...**' શું કહે છે હવે? આહા..હા..! સમ્યગ્દષ્ટિ ધર્મી, ધર્મની શરૂઆતવાળો ધર્મી કોને કહીએ? કે જે પરમભાવમાં સ્થિત છે. આહા..હા..! પરમભાવ જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ. આહા..હા..! એમાં જેની દૃષ્ટિ છે અને સ્થિર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને...**' વ્યાખ્યા જુઓને ટૂંકી કેવી કરી છે! સમ્યગ્દષ્ટિ કોને કહીએ? ધર્મની શરૂઆતવાળો જીવ કોને કહીએ? કે જે પરમભાવ પરમસ્વભાવભાવ ધ્રુવ જ્ઞાયકભાવ એમાં જે સ્થિત છે, દૃષ્ટિ ત્યાં લગાવી છે. આહા..હા..!

**શ્રોતા** :- પરમપારિણામિકભાવમાં અને આમાં શું ફેર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બે એક જ છે. પરમપારિણામિકભાવ પણ અહીંયાં જ્ઞાનભાવ લેવો છે. પરમપારિણામિક તો એ પરમાણુમાં પણ પરમપારિણામિક છે, પણ અહીંયાં જ્ઞાન પરમપારિણામિકભાવ. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞનો માર્ગ, ભાઈ! અપૂર્વ માર્ગ છે. એ આત્મા જે વસ્તુ છે પદાર્થ. એમાં જે પરમપારિણામિકભાવસ્વભાવરૂપ જ્ઞાન છે એ સહજજ્ઞાન કારણજ્ઞાન કહેવામાં આવે છે, એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દષ્ટિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અનંત-અનંત જેમાં જ્ઞાન છે અને અનંત-અનંત બળ છે અને જેમાં અનંત-અનંત સુખ છે અને અનંત-અનંત જેમાં વીર્ય છે. એવી શક્તિવંત જે સહજજ્ઞાન આહા..હા..! એમાં જેની દૃષ્ટિ પડી છે એ પરમભાવમાં સમ્યગ્દષ્ટિ સ્થિત છે. આહા..હા..! રાગમાં નહિ, નિમિત્તમાં નહિ, પર્યાય વર્તમાન છે એમાં નહિ. આહા..હા..!

સમ્યગ્દષ્ટિ-સત્યદષ્ટિ એને કહીએ કે જે આત્મામાં પરમજ્ઞાનભાવ ત્રિકાળભાવ છે એમાં જેની દૃષ્ટિ લાગી છે. સમ્યગ્દષ્ટિ-સત્યદષ્ટિ. તો ત્રિકાળ જ્ઞાનભાવમાં જેની સ્થિતિ છે એને સમ્યગ્દષ્ટિ કહે છે. આહા..હા..! કહો, નવરંગભાઈ! આવું ભારે આકરું આવું. માર્ગ ઈ છે, ભાઈ! ભગવાન એક સમયની વર્તમાન પર્યાય પ્રગટ અવસ્થાથી ભિન્ન અંદર તત્ત્વ દળ આત્મા વસ્તુ છે. આહા..હા..! એમાં જે જ્ઞાનભાવ ધ્રુવરૂપ છે એમાં સમ્યગ્દષ્ટિ સ્થિત છે.

આહા..હા..! છે?

'**પરમભાવમાં સ્થિત...**' સમ્યગ્દૃષ્ટિ નિમિત્તમાં નહિ, વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં સ્થિત નથી. આહા..હા..! વર્તમાન ચાર જ્ઞાનાદિ ઉત્પન્ન થયા હોય કે મતિશ્રુત આદિ. એમાં પણ સ્થિત નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! આ તો સર્વજ્ઞનો પંથ છે. તો સર્વજ્ઞના પંથનો અર્થ? કહ્યું હતું એકવાર કે આત્મા જ્ઞ સ્વભાવી છે. જ્ઞ સ્વભાવી કહો કે પૂર્ણ જ્ઞ સ્વભાવી કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો. આહા..હા..! આત્મા. આ જડબડ ક્યાંય દૂર રહ્યા. એ વસ્તુ જે ભગવાન આત્મા છે એ જ્ઞસ્વભાવી. વસ્તુ સ્વભાવી, પણ એનો સ્વભાવ જ્ઞ છે, જાણવું સ્વભાવ છે. હવે જાણવાના સ્વભાવમાં પરિપૂર્ણતા લગાવવી હોય તો એ સર્વજ્ઞ સ્વભાવી છે. કારણ કે જાણનસ્વભાવ અપૂર્ણ અને વિપરીત હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પરમભાવમાં. આહા..હા..! '**સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિની પરમભાવમાં પડી છે. આહા..હા..! ચંદુભાઈ! આવું મોંઘુ છે આ. પર્યાય છે, રાગ છે, નિમિત્ત પરદ્રવ્ય છે, પણ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પરમભાવમાં સ્થિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ એટલે લોકોને...

**શ્રોતા :-** દૃષ્ટિ તો પર્યાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય છે પરમભાવમાં સ્થિત.

..ભગવાન ચૈતન્ય હીરલો. આહા..હા..! ચૈતન્ય હીરો જેમ હીરામાં જેમ પાસા હોય છેને? પાસા હોય છેને, એમ ભગવાન આત્મામાં અનંતગુણના પાસા છે. એ ક્ષેત્ર નાનું છે એમ ન જુઓ, સમજાણું કાંઈ? એમાં અનંત-અનંત ગુણ પડ્યા છે. એમાં જ્ઞાનગુણ એ પ્રધાનગુણ છે. તો પરમભાવ જે સ્વભાવભાવ જે પર્યાય નથી, રાગ નથી, નિમિત્ત નથી એવો પરમસ્વભાવભાવ એવો જ્ઞાયકભાવ, એવો જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞસ્વભાવભાવ આહા..હા..! એમાં જેની સ્થિતિ છે, એમાં જેની રુચિથી સ્થિતિ થઈ ગઈ છે, એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. **નનુમલજી!** બહુ ઝીણી વાત, ભગવાન! આ માર્ગ એવો છે. અત્યારે તો એવો ચાલ્યો છે. આ ક્રિયા કરે ને વ્રત કરે. આ મૂળ વસ્તુ ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..!

મહાભગવાન પૂર્ણાનંદનો નાથ જેની શક્તિમાં અનંત-અનંત અપરિમિત જ્ઞાનસ્વભાવ પડ્યો છે એવા પરમભાવમાં જ્ઞાની સમકિતી સ્થિત છે. આહા..હા..! એની દૃષ્ટિનો વિષય જે પરમભાવ છે એમાં સ્થિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે? ભાષા સાદી છે, ભાવ ભલે ઉંચા હોય. માર્ગ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? પરમભાવમાં શરૂઆત જ મંગળિક દ્વારા કરી. આહા..હા..! કાલે કહ્યું હતુંને એ મહાબળેશ્વર લોકો જાય છેને? આ શેઠિયાઓ પૈસાવાળા હોય, નવરા હોય એ ત્યાં ફરવા જાય. મહાબળેશ્વર તો આ આત્મા છે. મહાબળનો ઈશ્વર-ધણી. આહા..હા..! અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન એવી પ્રભુત્વશક્તિ પડી છે એમાં. પ્રભુ નામની શક્તિ છે ઈશ્વર. આહા..હા..! કેવી છે એ શક્તિ? કે અખંડિત પ્રતાપથી

સ્વતંત્રપણે શોભાયમાન ભગવાન આત્મા (એનો) એક ગુણ જ એવો છે. એવા અનંતગુણથી અખંડિત પ્રતાપવંત સ્વતંત્રથી શોભાયમાન એવો જ્ઞાનગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ જ્ઞાનગુણ જે ત્રિકાળી પરમભાવ છે એમાં સમ્યગ્દષ્ટિ સ્થિત છે. આહા..હા..! આ સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા. દેવ-ગુરુ-ધર્મને માને અને નવતત્ત્વના ભેદને માને એ સમકિત નથી. સમજાણું કાંઈ? એ વિદ્યાનંદજીએ દિલ્હીમાં પ્રશ્ન કર્યો હતો. પંડિતજી! એ વિદ્યાનંદજી હતાને? તમે હતાને? દિલ્હી નહિ? દિલ્હી. એ વિદ્યાનંદજી પાસે ગયા હતા. તો બધાને બહાર કાઢીને અંદર અમે બે-ત્રણ રહ્યા. એ અને ઓલા જિનેન્દ્રવર્ણી અને હું. તો એણે પ્રશ્ન કર્યો. ૧૫૫ ગાથા સમયસારની છે. એમાં છેને '**जीवादीसद्दहणं सम्मत्तं**' એ પ્રશ્ન કર્યો. એ એના '**जीवादीसद्दहणं सम्मत्तं**' કીધું એવા '**जीवादीसद्दहणं सम्मत्तं**'નો અર્થ એવો છે. જીવાદિ એવા નહિ. જ્ઞાનનું પરિણમન થવું એમ પાઠમાં છે. ૧૫૫ સમયસારમાં છે. જીવાદિ નવ તત્ત્વરૂપ અભેદ એક આત્મા એની અંતરની શ્રદ્ધા થઈને જ્ઞાનરૂપ પરિણમન એટલે સ્વભાવરૂપ પરિણમન, રાગરૂપ પરિણમન નથી, એ સ્વભાવરૂપ પરિણમનને સમ્યગ્દર્શન કહે છે. ૧૫૫ ગાથા છે. જીવાદિ નવ તત્ત્વ માને એટલે સમકિત થઈ ગયું જાવ. એમ નથી. ૧૫૫ છેને? કેટલામું છે આ?

જુઓ, આ પ્રશ્ન હતો. '**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' એટલે કે પરિણમવું તે સમ્યગ્દર્શન છે. આમ જીવાદિ નવ તત્ત્વને માનીએ એમ નહિ. એ જેવો એનો સ્વભાવ છે એવું શ્રદ્ધામાં જ્ઞાનનું પરિણમન થવું. આહા..હા..! ઝીણી વાતું બહુ. છે? '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...**' એનું નામ સમ્યગ્દર્શન છે. પંડિતજી! આ તો બહારથી એમ કે જીવાદિ માનીએ સમ્યગ્દર્શન. એમ નથી. આહા..હા..! એના આત્મામાં ત્રિકાળી જે જ્ઞાન છે એમાં એકાગ્ર થઈને જ્ઞાનનું પરિણમન, શુદ્ધનું પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! ત્રણેની વ્યાખ્યા છે. '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે; રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે.**' ત્રણની વ્યાખ્યા ચાલી હતી ત્યાં. ખાનગી ચાલી હતી. શાંતિપ્રસાદ શાહુ હતા. ભાઈ હતા ફુલચંદજી હતા, કૈલાસચંદજી હતા. બધાને બહાર મોકલી દીધા અને પછી ખાનગી પૂછયું. માર્ગ આ છે કીધું. બધા ધર્મ સરખા છે એ અહીંયાં નથી. સમજાણું કાંઈ? અને જૈનધર્મમાં પણ સમ્યગ્દર્શન નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે જ નહિ. આહા..હા..! એ તો વિકલ્પ છે. ભગવાન! વીતરાગનો મૂળ માર્ગ એ ઝીણો છે. તો મૂળ માર્ગ વિના એની શરૂઆત બીજેથી કરે તો એમાં સંસાર રહેશે. અહીં તો પરમાત્મા. પરમાત્મા કહે છે એ સંતો આડતિયા થઈને કહે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીનો માલ એ આચાર્યો, મુનિઓ માલ કહે છે

કે માલ આ છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'પરમભાવમાં સ્થિત...'** આહા..હા..! કેટલી ટૂંકી વાત! એવા **'સમ્યગ્દષ્ટિને...'** આહા..હા..! છે? **'આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.'** ચાર સમ્યક્ જ્ઞાન હોય છે. **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન...'** અને મનઃપર્યયજ્ઞાન એ પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમભાવ છે એ ત્રિકાળી ભાવ છે. સ્થિતપણું એ સમ્યગ્દષ્ટિ પર્યાય છે. એને આ ચાર જ્ઞાન થાય છે. જે પરમજ્ઞાનભાવમાં સ્થિત છે એને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ અને મનઃપર્યય હોય છે. આહા..હા..! શાસ્ત્રના લક્ષથી શાસ્ત્ર વાંચે અને જ્ઞાન થાય એ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન તો એને કહે છે પરમાત્મા ત્રિલોકનાથ કે ત્રિકાળી જ્ઞાનરસ સ્વરૂપ આત્મા એટલે જ્ઞાનરસસ્વરૂપ.

આ બરફની શું કહેવાય? પાટ. મુંબઈમાં હોય છેને. બરફની પાટું દસ-દસ મણની, પંદર-પંદર, વીસ-વીસ મણની. નવનીતભાઈ! ઓલા રસ્તામાં નીકળીએ તો પાટું નીકળતી હોય. બરફની પંદર-પંદર, વીસ-વીસમણની આમ ખુલ્લી પાટું લઈ જતા હોય. પાટું સમજ્યા? આવી મોટા દળ. એમ આત્મા જ્ઞાનમાં શાતરસનું દળ છે, જ્ઞાનની પાટ છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ અરૂપી છે એટલે એને કઈ રીતે કહેવું? પણ અરૂપી પણ જ્ઞાન અને આનંદનું મોટું દળ સમજાણું? શું કીધું બરફનું ઈ? પાટ. શીલા-શીલા. એ બરફની શીલા હોય છે વીસ-વીસ મણની બધી. ખટારામાં લઈ જતા હોય.

આ ભગવાન આત્મા અનંતજ્ઞાન, આનંદની શીલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા **'પરમભાવમાં સ્થિત...'** આહા..હા..! વાત તે આચાર્ય મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવની ટીકા છે આ. મુનિરાજ જંગલમાં વસતા હતા આનંદકંદમાં ઝૂલતા હતા. વિકલ્પ આવ્યો. અક્ષર-અક્ષરથી થઈ ગઈ. કહે છે કે **'પરમભાવમાં સ્થિત...'** મુનિપણ પરમભાવમાં સ્થિત, સમકિત દૃષ્ટિ પરમભાવમાં સ્થિત, શ્રાવક જે પંચમગુણસ્થાનમાં કહે છે એ પણ પરમભાવમાં સ્થિત હોય તો શ્રાવક છે, નહિતર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ બહારની ક્રિયા કરે, પડિક્કમણા કરે, પૂજા કરે, ભક્તિ કરે, વ્રત પાળે માટે શ્રાવક એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમભાવ. પર્યાય છેને એ પરમભાવ નથી. એ પર્યાય-પર્યાય. ચાર જ્ઞાનની લ્યો, કેવળજ્ઞાનની લ્યો, એ પરમભાવ નથી, એ પર્યાયભાવ છે, અપરમભાવ છે. આમાં આવે છે ઈ. અપરમભાવ છે. આહા..હા..! એ બારમી ગાથામાં પરમભાવ એ નહિ હોં. અહીંયાં તો પરમ જે ત્રિકાળી ધ્રુવ સ્વભાવભાવ, ચૈતન્યદળ, ચૈતન્ય શીલા અરૂપી ભગવાન આત્મા એ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એવી પરમભાવમાં જેની સ્થિતિ છે. આહા..હા..! એવા સમ્યગ્દષ્ટિને ચાર જ્ઞાન થાય છે. આહા..હા..! એટલામાં તો કેટલું કહ્યું! ઓહો..હો..! કે સમ્યગ્દષ્ટિ નિમિત્તમાં એનું લક્ષ નથી. વ્યવહારરત્નત્રયનો દયા, દાન આદિમાં ઉત્પન્ન થાય એમાં સ્થિત નથી અને એક સમયની પર્યાયમાં સ્થિત નથી પર્યાય પરમભાવમાં સ્થિત છે. આહા..હા..! માર્ગ તો જુઓ! આ દિગંબર

ધર્મ સિવાય આવી વાત ક્યાં છે નહિ. આ તો સનાતન જૈનદર્શન છે, ભાઈ! મૂળ અનાદિનું દર્શન જૈનદર્શન. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' એટલે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા પણ કરી અને સમ્યગ્દૃષ્ટિને આ ચાર જ્ઞાન હોય છે. છેને ચાર? એ ચાર સમ્યગ્જ્ઞાન થાય છે. નીચે છે. '**સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.**' નીચે નોટ છે. '**સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.**' બધાને નહિ. અને '**મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટસંયમધરોને—હોય છે.**' પણ એ ત્રણે મતિ, શ્રુત હોય, અવધિ હોય કે મનઃપર્યાય હોય, પણ એ જીવની દૃષ્ટિ તો એના પરમભાવમાં સ્થિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, ચંદુભાઈ! ચંદુભાઈ કહે આકરું. આ પર્યાયનું આમ આકરું. પણ આવું છે આ. એમ કે પર્યાયને આમ વાળવી-વાળવી. વાત સાચી. બીજું બધું સાખી લેવું, ધારી લેવું એ તો સહેલું છે. મૂળ તો આ છે. વર્તમાન પર્યાયને ત્રિકાળી ભાવમાં સ્થિર કરવી એ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચાર જ્ઞાન એને હોય છે. જોયું!

'**મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન...**' હોય છે. એ મતિજ્ઞાનને '**કુમતિજ્ઞાન,...**' કહે છે. શ્રુતજ્ઞાનને '**કુશ્રુતજ્ઞાન,...**' કહે છે. અવધિને '**વિભંગજ્ઞાન...**' કહે છે. ત્રણેના નામાંતર લીધા. '**એવા નામાંતરોને પામે છે.**' મિથ્યાદૃષ્ટિ નામ જેને આત્મા પરમભાવસ્વરૂપ એમાં સ્થિત નથી અને રાગમાં પુણ્યની પર્યાયમાં સ્થિત છે એવા અજ્ઞાનીને કુમતિ, કુશ્રુત, કુઅવધિ હોય છે. પહેલા નામ આમ લીધા કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મિથ્યાદૃષ્ટિને, પણ એ મતિજ્ઞાનને કુમતિ કહીએ, શ્રુતને કુશ્રુત કહીએ, અવધિને વિભંગ કહીએ. લ્યો! આહા..હા..! એક વાત. હમણા કહી તે. ઈ આ ત્રણ અજ્ઞાન પણ શુદ્ધાશુદ્ધ છે. શુદ્ધાશુદ્ધ છે. આપણે શુદ્ધાશુદ્ધનો ભેદ ચાલે છે. '**(નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે :**' છે પહેલી લીટી? પરમ દિ' ચાલી ગયું છે. આહા..હા..! એ શુદ્ધનો અર્થ જેટલો ક્ષયોપશમ છેને. એ અપેક્ષાએ શુદ્ધ કહ્યું, પણ અપૂર્ણ છે, વિપરીત છે તો અશુદ્ધ કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આ શુદ્ધાશુદ્ધનો ભેદ ચાલે છે, તો એ આવ્યું કે નહિ?

**શ્રોતા :-** શુદ્ધ, શુદ્ધાશુદ્ધ અને અશુદ્ધ—એમ ત્રણ ભેદ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એમ નહિ; શુદ્ધ સર્વજ્ઞપદ. સર્વજ્ઞ પર્યાય એ શુદ્ધ અને એ સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અશુદ્ધ-શુદ્ધાશુદ્ધ એમ. સમજાણું કાંઈ? ક્ષયોપશમનો એટલો વિકાસ તો છેને? સ્વભાવ ગણ્યો છેને? મોક્ષમાર્ગપ્રકાશકમાં ગણ્યું છેને? કે જ્ઞાનનો જેટલો ક્ષયોપશમ એ તો સ્વભાવ જ છે. એ સ્વભાવ બંધનું કારણ નથી, એની વિપરીતતા બંધનું કારણ છે. આહા..હા..! ભારે ભાઈ માર્ગ!

**'અહીં (ઉપર કહેલા જ્ઞાનોને વિષે)...'** ઉપર કહ્યું હતું કારણજ્ઞાન એ. **'કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે.'** આ અરિહંતને જે કેવળજ્ઞાન થાય છે એ સકળપ્રત્યક્ષ છે. છે? '(સંપૂર્ણપ્રત્યક્ષ) છે.' ઓહો..હો..! નિયમસારની શૈલી જ જુદી જાતની. પહેલું **'અહીં (ઉપર કહેલા જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન,...'** પહેલો શબ્દ હજી. **'શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.'** આહા..હા..! શું કહે છે? આ બધા જ્ઞાનના ભેદો કહ્યા કારણજ્ઞાન, કાર્યજ્ઞાન, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન, કુમતિ, કુશ્રુત, વિભંગજ્ઞાન એમાં જે ત્રિકાળી સહજજ્ઞાન છે એ શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ. શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, જે ઓલા પરમભાવ કહ્યો હતો એ. **'પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી,...'** આહા..હા..! સ્વભાવિકજ્ઞાન, ત્રિકાળીજ્ઞાન એ અંતઃતત્ત્વરૂપ, પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી એ સ્વરૂપપ્રત્યક્ષ છે. એ ધ્રુવ-ધ્રુવ જ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું. આહા..હા..! કેમકે કેવળજ્ઞાન પ્રત્યક્ષ એક પર્યાય પ્રગટે છે તો એ ત્રિકાળી સ્વરૂપપ્રત્યક્ષમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહ્યું? ફરીને.

**'(ઉપર કહેલા જ્ઞાનોને વિષે)...'** ભેદ જેટલા કહ્યાને? કારણજ્ઞાન, કાર્યજ્ઞાન, શુદ્ધાશુદ્ધજ્ઞાન મિથ્યાદષ્ટિનું કે સમ્યગ્દષ્ટિનું. એ જ્ઞાનમાં સહજજ્ઞાન, સ્વભાવિકજ્ઞાન, પર્યાય વિનાનું જ્ઞાન, અંદર ધ્રુવસ્વરૂપ ભગવાનમાં જે જ્ઞાન છે એ **'શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...'** શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ **'પરમતત્ત્વમાં...'** સહજજ્ઞાન **'વ્યાપક હોવાથી સ્વરૂપ્રત્યક્ષ છે.'** આહા..હા..! પર્યાય? ગુણ.

**શ્રોતા :-** કારણશુદ્ધ પર્યાયની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ. અત્યારે એ વાત નથી. એ પછી આવશે.

અહીંયાં તો ભગવાન આત્મામાં જે સહજ ત્રિકાળી જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનસ્વભાવ જે વસ્તુ આત્મા એનો જ્ઞાનસ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ એ જ્ઞાન સહજજ્ઞાન એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. પૂર્ણ બધું શુદ્ધ અંતઃતત્ત્વ. પૂર્ણ શુદ્ધ અનંતગુણનું રૂપ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એવું પરમતત્ત્વ. એમાં એ સહજજ્ઞાન, સ્વભાવિકજ્ઞાન કે અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી બધામાં પ્રસરેલું છે. ટીકા કરી છેને! સહજજ્ઞાન, ધ્રુવજ્ઞાન, નિત્યાનંદ પ્રભુ એવું નિત્યજ્ઞાન જેની આદિ નથી, અંત નથી એની કોઈથી ઉત્પત્તિ નથી એવું ત્રિકાળી **'સહજજ્ઞાન શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...'** એમ. એવું સહજજ્ઞાન શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વ. શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વ. એમાં સહજજ્ઞાન **'વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે.'** આહા..હા..! કેટલાકે તો એ સાંભળ્યું પણ નહિ હોય કે સ્વરૂપપ્રત્યક્ષ શું હશે? કેવળજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન. આહા..હા..! એ તો બધી પર્યાયની વાતું છે કેવળજ્ઞાન એ. આ તો અંતરસ્વરૂપ ખાણ, નિધાન જ્ઞાનનું નિધાન. આહા..હા..!

અનંત-અનંત પરમસ્વભાવભાવજ્ઞાન એ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, આખા અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં એ સહજજ્ઞાન વ્યાપક હોવાથી-પ્રસરેલ હોવાથી એને સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! આવો ઉપદેશ કઈ જાતનો? વીતરાગનો માર્ગ

આવો છે, બાપા! આહા..હા..!

**શ્રોતા :-** આવું સ્વરૂપપ્રત્યક્ષ બીજે ક્યાંય કહ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંય નથી. એવું નથી આવતું. અહીં જ આવે છે. ખાસ-ખાસ બોલ કેટલા લખ્યા છે. આમાં જ છે અહીંયાં. આ પર્યાયનો અધિકાર છેને મોક્ષમાર્ગનો નિયમસાર એટલે પર્યાયના અધિકારમાં કારણપર્યાય પણ આમાં આવી. બીજે ન આવી, સમજાય છે? અને એ કારણપર્યાયની સાથે જે ત્રિકાળ જ્ઞાન છે એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવ્યું. આહા..હા..! કાર્યનું કારણ, કેવળજ્ઞાનરૂપી મોક્ષની પર્યાય એનું કારણ ત્રિકાળીજ્ઞાન. એ અહીંયાં જ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

ભગવાન આત્મામાં જે જ્ઞાનસ્વભાવભાવ છે એ ત્રિકાળી ધ્રુવપ્રવાહ, જ્ઞાનનો સાગર છે એ. આ એક-એક આત્માની વાત ચાલે છે હોં. બધા આત્મા ભિન્ન-ભિન્ન છે. વીતરાગનો માર્ગ એટલો સૂક્ષ્મ. લોકોને જૈનને નામે અજૈનપણું મળ્યું છે. અજૈનની વાતું મળી અને માન્યું છે કે જૈન. નનુમલજી! આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ. એમાંથી મુનિરાજ જ્ઞાનનું કથન કરે છે. આહા..હા..!

કહે છે, '**સહજજ્ઞાન,...**' ઉપર કહ્યું હતુંને પરમભાવ એ આખો પરમભાવ ત્રિકાળી બધું. આ એકલું જ્ઞાન. '**સહજજ્ઞાન,...**' સ્વભાવિકજ્ઞાન પ્રગટરૂપ પર્યાય વિનાનું જ્ઞાન. સમજાણું કાંઈ? નિધાન ભગવાન આત્માનું જ્ઞાન. એ '**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...**' પૂર્ણ જે શુદ્ધ-અંતઃતત્ત્વ અનંતગુણનો પિંડ જે છે એવું જે પરમતત્ત્વમાં એ સહજજ્ઞાન વ્યાપક છે. બધું વ્યાપક છે. વિભુત્વશક્તિ છેને એમાં? તો એ ગુણ બધામાં વ્યાપક છે. વિભુત્વશક્તિ. આહા..હા..! ૪૭ શક્તિમાં આવે છે વિભુત્વશક્તિ. એક સહજગુણ અંતઃતત્ત્વસ્વરૂપ પૂર્ણ એવું જે અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વ. પર્યાયો છે એ ચાહે તો કેવળજ્ઞાન હોય તોપણ અપરમતત્ત્વ છે. ચાર ભાવ છેને ઈ? એક ક્ષાયિકભાવ છેને. ચારભાવને અપરમભાવ કહ્યા છે અને ત્રિકાળી ભાવને પરમભાવ કહ્યો છે. આહા..હા..!

ફરીને. રાગ-દ્વેષાદિ ઉદયભાવ, જ્ઞાનનો ક્ષયોપશમભાવ, સમકિતનો ઉપશમભાવ, જ્ઞાનનો કેવળજ્ઞાનભાવ—એ ચારેયભાવને અપરમભાવ કહ્યો છે. આમાં આગળ આવી ગયું નિયમસારમાં. છેને. બધું ચાલી ગયું છે. અહીં તો ઘણીવાર ચાલ્યું છેને. આહા..હા..! અને એક ત્રિકાળીભાવને જ પરમભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સહજજ્ઞાન '**(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...**' ભેદોમા એક સહજજ્ઞાન જે છે એ શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ એ જ છે. એમાં જ સહજજ્ઞાન વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે. નીચે. '**સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ;...**' ત્રિકાળી સ્વરૂપથી પ્રત્યક્ષ જ છે અંદર. સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ. ઓલા કાર્યની અપેક્ષાએ લીધું હતુંને એ? સ્વભાવથી પ્રત્યક્ષ. સ્વભાવથી પ્રત્યક્ષ છે. આહા..હા..! ત્રિકાળી સ્વભાવથી સ્વરૂપપ્રત્યક્ષ છે એ. આહા..હા..! એ આ ભાવ નિયમસારની ગાથા સિવાય બીજે

ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? અને હજી કારણપર્યાય આવશે. એ પણ આમાં છે, બીજે છે નહિ. આહા..હા..!

'**સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ;...**' કાયમ. સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ. સ્વભાવથી પ્રત્યક્ષ. એ સ્વરૂપપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકળ-પ્રત્યક્ષ. ભગવાનને કેવળજ્ઞાન થાય છે. કેવળીને, જિનેન્દ્રને, અરિહંતને એ કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે. રૂપી અવધિ. '**(અવધિજ્ઞાનનો વિષય-સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)...**' સંપૂર્ણમાં નથી. રૂપીમાં. '**એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે. તેના અનંતમાં ભાગમાં વસ્તુના અંશનું ગ્રાહક (-જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ...**' કહેવામાં આવે છે. પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ કરે છેને મતિશ્રુત? એ અપેક્ષાએ એને પરોક્ષ કહેવામાં આવે છે, પણ પૂર્ણ નથી જાણતા પ્રત્યક્ષ એ અપેક્ષાએ પરોક્ષ કહે છે.

'**વળી વિશેષ એ છે...**' ખાસ વાત તો એ છે કે, એમ. વિશેષ કહે છેને? ખાસ વાત એ છે કે. આહા..હા..! સંતોની લહેરી તો જુઓ, દશા. આહા..હા..! '**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...**' લ્યો! ખાસ વાત એ છે કે આ જ્ઞાનોના ભેદમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ કારણ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન મોક્ષનું કારણ છે. આહા..હા..! ચાર જ્ઞાન એ મોક્ષનું કારણ એને અહીં ગણવામાં આવતું નથી. ત્રિકાળ જ્ઞાન એ મોક્ષનું કારણ છે. આહા..હા..! મોક્ષના કારણનું કારણ. મોક્ષનું કારણ મતિશ્રુતજ્ઞાન એનું કારણ પરમભાવ ત્રિકાળીજ્ઞાન. આહા..હા..! અરે! આવી ચીજ ક્યાં મળે, ભાઈ! વીતરાગમાર્ગ સિવાય! આહા..હા..! જેણે અમૃત રેડ્યા છે એકલા. લ્યો, ક્યાં કીધું આ? કૈલાસભાઈ બેઠા છે ત્યાં. ભાઈ ત્યાં બેઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** મોક્ષના કારણનું કારણ આગમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ; એ વ્યવહારકારણ. શું ભાઈએ કહ્યું? આવ્યું હતુંને પહેલું? કે આગમ છે એ મોક્ષના કારણનું કારણ છે. મોક્ષનું કારણ સમ્યગ્જ્ઞાન આદિ, એનું કારણ નિમિત્ત આગમ. અહીં બીજી વાત છે કે જે ખરેખર મોક્ષ જે છે એનું કારણ જે છે એ મતિશ્રુતજ્ઞાન, પણ એનું કારણ મૂળ સહજજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન નિત્યાનંદ પ્રભુ સ્વભાવિકજ્ઞાન, જ્ઞાન શબ્દે આત્મા જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ છે, સહજજ્ઞાન છે, જ્ઞ સ્વભાવ છે, સર્વજ્ઞસ્વભાવ છે, જ્ઞાનભાવ પરમતત્ત્વરૂપભાવ એ છે. આહા..હા..! અરે! એની શું વાત! આહા..! એ ભગવાને શબ્દોથી કહ્યું, પણ એનો માલ તો પાછળ રહી ગયો. આહા..હા..! બાર અંગમાં પણ સ્થૂળ કથન છે. પંચાધ્યાયમાં આવે છે, પંડિતજી! પંચાધ્યાયમાં આવે છે કે બાર અંગમાં પણ સ્થૂળ કથન છે. બાર અંગમાં સ્થૂળ કથન છે. ઘણી ઝીણી વાત રહી ગઈ છે. પંચાધ્યાયમાં છે. પંડિતજીએ પંચાધ્યાય

કર્યું છેને? આહા..હા..! એ બધા જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષ પરમાનંદરૂપી પરમ આનંદના લાભરૂપી મોક્ષ. પરમ અતીન્દ્રિય આનંદના લાભરૂપી મોક્ષ એનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે. 'જ છે' એમ નક્કી. એકાંત કરી નાખ્યું. સમ્યક્ એકાંત જ છે એ. આહા..હા..! ભાઈ! અનંત સંસારનો અંત લાવીને અનંત આનંદની પ્રાપ્તિ થાય એ વસ્તુ કેવી હોય? સમજાણું કાંઈ?

તો કહે છે કે સહજજ્ઞાન '**મોક્ષનું મૂળ નિજપરતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...**' મોક્ષનું કારણ છે. એક વાત. કે વ્યવહારરત્નત્રય દયા, દાન, વ્રત, ભક્તિ તો મોક્ષનું કારણ નથી. એ તો સ્થૂળ રીતે બંધનું કારણ છે અને પર્યાયમાં જેટલા સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ ઉત્પન્ન થયા એ મોક્ષનું કારણ કહ્યું એ પર્યાય તો ઉપાય અને ઉપેયની અપેક્ષાએ કહ્યું, પણ એ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને એના ફળરૂપ કેવળજ્ઞાન એનું મૂળ કારણ ત્રિકાળી જ્ઞાન છે. આહા..હા..! દ્રવ્ય ઉપર જોર છે અહીંયાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવું એક સહજજ્ઞાન જ છે;...**' એમ છેને? એક સહજજ્ઞાન જ છે. કથંચિત્ ત્રિકાળી જ્ઞાન અને કથંચિત્ વર્તમાન જ્ઞાન એમ કેમ ન કહ્યું? એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમ જ સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' આહા..હા..! એ ત્રિકાળી જ્ઞાન, જ્ઞાનનું નૂરનું તેજ જે સ્વરૂપ ભગવાન ધ્રુવ એ સહજજ્ઞાન '**પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' આહા..હા..! એ તો સહજસ્વભાવરૂપ છે. એવા પારિણામિકભાવરૂપ. એ ક્ષાયિકભાવરૂપ, ઉપશમરૂપ નહિ. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવ છે. આ તો પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે. આહા..હા..! નિયમસાર તે એ '**સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' ભવ્યજીવનો પરમસ્વભાવ છે. અભવ્યનો પણ છે, પણ પ્રગટ થતો નથી માટે ના પાડી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું એટલે માણસને (આકરી લાગે!). ભવ્ય જીવનો પરમસ્વભાવ છે એ તો.

'**સહજજ્ઞાન...**' પરમપારિણામિકભાવમાં. સમજાણું કાંઈ? '**સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' આહા..હા..! એ તો પરમસ્વભાવ જ જીવનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહજજ્ઞાન સિવાય...**' સ્વભાવિક ત્રિકાળ જ્ઞાનથી અન્ય '**બીજું કાંઈ ઉપાદેય નથી.**' મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન ઉપાદેય નથી એમ કહ્યું, લ્યો! એ તો મોક્ષમાર્ગમાં લીધું છેને સંવર તે ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ ઉપાદેય. એ પ્રગટ કરવાની અપેક્ષાએ. પ્રગટ કરવાની અપેક્ષાએ. પણ એ પ્રગટનું કારણ છે એ ત્રિકાળ છે એ ઉપાદેય છે એ. આહા..હા..!

**શ્રોતા :-** સાક્ષાત્ મોક્ષનું મૂળ સહજજ્ઞાન. એ ઉપાદાનની ત્રિકાળી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપાદાન ત્રિકાળી, પર્યાય નહિ. પરિણમે એ પર્યાય નથી.

અહીં તો ત્રિકાળી છે એ ઉપાદેય. ધ્રુવ ક્યાં પરિણમે છે? પરિણમે એ તો પર્યાય થઈ. આહા..હા..! એને ઉપાદેય તરીકે સ્વીકાર થયો એ જ પર્યાયનું પરિણમન થઈ ગયું. 'ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ એ ઉપાદેય છે' એવો આદરણીય ભાવ થયો એ જ પર્યાય થઈ. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. એમાં પણ દિગંબરધર્મ એટલે સનાતન અનાદિ-અનાદિ... અનંત તીર્થંકરો એ જે કહ્યું એ માર્ગ છે.

**શ્રોતા** :- સહેલો કરીને બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ સહેલો કરીને બતાવીએ છીએ, નહિ?

**શ્રોતા** :- કારણ બતાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા પણ શી રીતે બતાવીયે? કોળિયો કરીને બતાવ્યું, પણ હવે કોળિયો ચાવવો તો એને પડે કે નહિ?

**શ્રોતા** :- દાંત ન હોય તો ચાવે કેવી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દાંત ન હોય તોપણ માખણ ચવાય. શીરો હોય એને દાંતની જરૂર નથી. શીરો શું કહે? હલવો.

**શ્રોતા** :- નિહાલભાઈ કહે છેને અમને તો ગુરુદેવ મળી ગયા એટલે તૈયાર બનાવેલો હલવો મળી ગયો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! ભારે વાત આવી હોં. આહા..હા..!

'**સહજજ્ઞાન સિવાય...**' આહા..હા..! ભગવાન પૂર્ણાનંદમાં સહજજ્ઞાન પરમતત્ત્વ પડ્યું છે, એના '**સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' આહા..હા..! કેટલું જોર છે! આહા..હા..! કેવળજ્ઞાન એ ઉપાદેય નથી, એમ કહે છે. કેમકે પર્યાય છે. મતિશ્રુતજ્ઞાન, બાર અંગનું જ્ઞાન પણ ઉપાદેય નથી. કેમકે એ પર્યાય છે. આહા..હા..! અમૃત રેડ્યા છે અમૃત! આહા..હા..! '**સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' હવે. '**આ સહજચિદ્વિલાસરૂપે...**' એ ત્રિકાળી. ત્રિકાળી '**સહજચિદ્વિલાસરૂપ...**' એવી વસ્તુ. એ '**સદા સહજપરમવીતરાગ સુખામૃત,...**'ની સાથે. '**સદા સહજપરમવીતરાગ સુખામૃત,...**' એમાં સાથે છે. છેને? '**સહજચિદ્વિલાસરૂપ...**' સહિત છે. આત્મા એવો જે સહજચિદ્વિલાસ છે એ '**સદા સહજ પરમવીતરાગસુખામૃત,...**' સહિત છે. આહા..હા..! સહજચિદ્વિલાસરૂપ સ્વભાવિકજ્ઞાન સમજણ... સમજણ... સમજ... સમજ... સમજ... જ્ઞાન... જ્ઞાનનો પિંડ ત્રિકાળ એ સહજચિદ્વાલાસરૂપ સદા સહજપરમવીતરાગ સુખામૃત. સ્વભાવિક સદા પરમવીતરાગરૂપી આનંદનું અમૃત એનાથી આત્મા સનાથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા આત્માને એમ કહે છે.

'**સહજચિદ્વિલાસરૂપે સદા સહજપરમવીતરાગ સુખામૃત,...**' સદા સુખ અમૃત, અતીન્દ્રિય અમૃત. આહા..હા..! કાલે કહ્યું હતુંને? બપોરે નહિ? 'ગગન મંડળમેં અધ બીચ કૂઆ જહાં અમી કા વાસા.' અધબીચ કૂવો છે આત્મા. 'ગગન મંડળમેં ગૌઆ...' એ છે

બીજું સાથે. 'ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વીરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા.' છાશ સમજ્યા? મઠો. 'ગગન મંડળમેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા.' ભગવાનની વાણી નીકળી દિવ્યધ્વનિ. એ 'માખણ થા સો વીરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા! અબધુ સો જોગી રે ગુરુ મેરે ઈન પદ કા કરે રે નિવેડા! જોગી રે ગુરુ મેરા. ગગન મંડળમાં અધબીચ કૂઆ' આત્મા અધબીચ કૂવો છે જુઓ. 'વહા અની કા વાસા.' ત્યાં અમૃત ભર્યા છે. 'સુગુરા હોવે સો ભર ભર પીવે સંતો, નુગુરા જાવે પ્યાસા. અબધુ સો જોગી રે ગુરુ મેરા.' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો મસ્તીની વાતું છે. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મામાં જે '**સહજચિદ્વિલાસરૂપે સદા સહજપરમવીતરાગ સુખામૃત,...**' સાથે આત્મા રહે છે. '(૨) **અપ્રતિહત નિરાવરણ પરમચિત્શક્તિનું રૂપ,...**' વીર્ય. જેનું દળ અપ્રતિહત પાછો ફરે નહિ. નિરાવરણ પરમબળ ચિત્શક્તિરૂપ. જ્ઞાનશક્તિરૂપ બળ. ત્રિકાળની વાત ચાલે છે બધી. '(૩) **સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ...**' આહા..હા..! '**સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ...**' ચળે નહિ એવું. '**સ્થિતિરૂપ સહજપરમચારિત્ર,...**' ત્રિકાળી હોં ત્રિકાળી. આહા..હા..! ચારિત્ર પિંડ ત્રિકાળ છે. આ ચારિત્ર પર્યાય નથી. એમ છે કે જ્ઞાનની પર્યાય કેવળજ્ઞાન થાય છે તો એનો ચિદ્‌વિલાસ ત્રિકાળી જ્ઞાન કારણ છે. શ્રદ્ધાની પર્યાય ઉત્પન્ન થાય છે સમ્યગ્દર્શનની તો ત્રિકાળી દર્શન ત્રિકાળી શ્રદ્ધા એનું કારણ છે. ત્રિકાળી શ્રદ્ધા શક્તિ એ કારણ છે. આવશે હમણા. અને પર્યાયમાં ચારિત્ર ઉત્પન્ન થાય છે એ ત્રિકાળી અવિચળ ચારિત્રરૂપ શક્તિમાંથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્થિતિ સહજ પરમચારિત્ર ત્રિકાળ, ત્રિકાળ ચારિત્ર હોં વીતરાગભાવ. આહા..હા..! ભગવાન આત્મામાં ત્રિકાળ વીતરાગભાવ જ પડ્યો છે. ચારિત્રસ્વરૂપ જ ભગવાન છે. પર્યાયમાં પ્રગટ થાય છે એ ચારિત્રના સ્વભાવમાંથી ચારિત્ર પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે શ્રદ્ધા કહે. જુઓ શ્રદ્ધા. '(૪) **ત્રણે કાળે અવિચ્છિન્ન** (અતૂટક) **હોવાથી સદા નિકટ એવી પરમચૈતન્યરૂપની શ્રદ્ધા...**' આહા..હા..! ત્રિકાળની વાત છે આ. ભાષા તો જુઓ, '**ત્રણે કાળે અવિચ્છિન્ન હોવાથી...**' કોણ? અંદર શ્રદ્ધા. ધ્રુવ હોં ત્રિકાળ. '**સદા નિકટ એવી...**' નિકટ અંદર શ્રદ્ધા પડી છે અનંતગુણની પાસે. આહા..હા..! '**પરમચૈતન્યરૂપી શ્રદ્ધા...**' આહા..હા..! '**પરમચૈતન્યરૂપની શ્રદ્ધા...**' પર્યાયની વાત નથી અહીંયાં. ત્રિકાળની વાત છે. આહા..હા..! આજ તો બધું સારું આવ્યું. પંડિતજી આવ્યાને બરાબર.

**શ્રોતા :-** ચંદુભાઈ ચમત્કાર કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચંદુભાઈનું નિદાન બહુ એવું છે. અમે તો ઘણા વર્ષથી જાણીએ છીએને.

અહીંયાં કહે છે. આહા..હા..! સહજચિદ્વિલાસરૂપ ભગવાન એને વીતરાગસુખામૃતરૂપ .. એવો આત્મા. સહજ અવિચળ ચારિત્રરૂપ આત્મા ત્રિકાળ હોં અને સહજ ચિત્શક્તિરૂપ વીર્ય. જ્ઞાનની શક્તિરૂપ ત્રિકાળ વીર્ય. એની સાથે અંદર આત્મા છે. આ તો આવ્યું બહુ. અને '**ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ...**' ત્રિકાળ શ્રદ્ધાની વાત છે. '**એવી પરમચૈતન્યરૂપની શ્રદ્ધા...**' પરમચૈતન્યરૂપની શ્રદ્ધા ત્રિકાળમાં ત્રિકાળની હોં. આહા..હા..! એ ત્રિકાળ અવિચ્છિન્ન દરેકની ભિન્ન-ભિન્ન વ્યાખ્યા કરે છે. શ્રદ્ધામાં ત્રિકાળ અવિચ્છિન્ન લીધું. ત્રિકાળ તૂટ ન પડે એવું. ત્રિકાળ ચૈતન્યની નિકટ-અંદર રહે. સર્વગુણમાં નિકટ-નજીક રહે એવી ચૈતન્યરૂપ એની શ્રદ્ધા. આહા..હા..! '**એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી...**' આ સ્વભાવ-અનંતચતુષ્ટયથી. એ ચાર સ્વભાવ ત્રિકાળ લીધા. આહા..હા..! '**જે સનાથ છે...**' જે આત્મા સનાથ છે. આહા..! એનાથી રક્ષિત છે. આહા..! સહજચિદ્વિલાસરૂપ આત્મા એ અનંત સુખામૃત અને અંતર વીર્ય ચિત્શક્તિરૂપ અને અંતર અવિચળ ચારિત્રરૂપ અને ત્રિકાળ અત્રુટ એવી ચૈતન્યની નિકટમાં રહેલી અંદર શ્રદ્ધા. એવા અનંતચતુષ્ટય ધ્રુવ એનાથી આત્મા સનાથ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ છે...** ' જુઓ, '**એવા આત્માને...**' આહા..હા..! '**અનાથ મુક્તિસુંદરીના નાથને—ભાવવો...**' આહા..હા..! મુક્તિસુંદરી અનાથ છે, એનો નાથ આત્મા, એને ભાવવો જોઈએ. એવો ત્રિકાળી અનંતચતુષ્ટય જે આત્મા છે એ સનાથ છે, મુક્તિસુંદરી અનાથ છે ... એવા સનાથ આત્માની ભાવના કરવાથી મુક્તિસુંદરી પ્રગટે છે. વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)



દૃષ્ટિનાં નિધાન
ગુરુ કહાન - દૃષ્ટિ મહાન
કહાન દેશના
પાહુડ-દોહા
બોધિ-સમાધિ-નિધાન
ભાગવત શાસ્ત્ર
પરમ-પારિણામિકભાવ